સમયસાર રહસ્ય

ભાગ – ૧૨



ॐ

श्री सिद्ध परमात्मने नमः।

સમયસાર રહસ્ય

ભાગ–૧૨

અધ્યાત્મ યુગપુરુષ પરમ પૂજય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસાર પરમાગમ ઉપરના ૧૭મી વખતના
૨૦૬ થી ૨૩૬ ગાથાના સ્વાનુભવ મુદ્રિત ૩૧ અક્ષરશઃ પ્રવચનો

પ્રકાશક
શ્રી કુંદકુંદ–કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ
શ્રી કુંદકુંદ–કહાન પારમાર્થિક ટ્રસ્ટ

વીર સંવત	વિક્રમ સંવત	ઈ.સ.
૨૫૫૦	૨૦૮૦	૨૦૨૪

પ્રકાશન

શ્રી જંબુદ્વીપ દિગંબર જિનબિંબ પંચકલ્યાણક
પ્રતિષ્ઠા મહોત્સવ, તા. ૨૫-૧-૨૦૨૪

પ્રાપ્તિ સ્થાન

(૧) શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,
કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વિ. એલ. મહેતા માર્ગ,
વિલેપાર્લા (વેસ્ટ), મુંબઈ.

(૨) શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ,
૧૭૩/૧૭૫, બેંક ઑફ બરોડાની ઉપર,
મુંબાદેવી, મુંબઈ-૪૦૦૦૦૨.

લેસર ટાઈપ સેટિંગ
પૂજા ઈમ્પ્રેશન્સ
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક
અજય ઑફસેટ
મો. ૯૮૨૫૪૭૭૭૪૫

પ્રકાશકીય

મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમો ગણી
મંગલં કુંદકુંદાર્યો જૈન ધર્મોસ્તુ મંગલં

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રી મહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવડાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરથી ઉદઘાટિત વિશુદ્ધ જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, અષ્ટપાહુડ એ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે કે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી આ નિજ વૈભવ પ્રાપ્ત થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં નિજ સમયસારરૂપ પરમાત્મતત્ત્વને પ્રકાશિત કરવાનું રહસ્ય ભર્યું છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર રહસ્ય**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે

લખાયેલા છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન રહસ્યયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું હતું એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો 'પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.'

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમ જ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૭મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટને થઈ કે પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેથી તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના

વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૭મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૭મી વખતના કુલ ૫૯૬ પ્રવચનો છે, જે લગભગ ૨૫ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર રહસ્ય ભાગ-૧૨ પૂજ્ય ગુરુદેવશ્રી તથા ભગવતી માતાને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી રજનીભાઈ દોશી, હિંમતનગર, દ્વારા કરી આપવામાં આવેલ છે તથા પ્રુફ રીડીંગમાં શ્રી હસમુખભાઈ શાહ, હિંમતનગરનો સહયોગ મળેલ છે તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી કુંદકુંદ-કહાન તીર્થ સુરક્ષા ટ્રસ્ટ, મુંબઈ
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

અહોભાગ્ય!

પરમ પૂજ્ય વીતરાગી જિનેન્દ્ર ભગવંતોની વાણીમાં પ્રવાહિત આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન તેમની પરંપરામાં થયેલ વીતરાગી સંતોની પરંપરાથી આજે પણ આપણને સુલભ છે. વીતરાગી નિર્ગ્રંથ સંતોની પરંપરામાં કળિકાળ સર્વજ્ઞ શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોપરી છે. મંગલાચરણમાં શાસનનાયક ભગવાન મહાવીર તથા ગૌતમ ગણધર પછી તુરંત સ્મરણ કરવામાં આવતા આચાર્ય કુંદકુંદ આજે જૈનધર્મના આધાર સ્તંભ ગણવામાં આવે છે. વિદેહક્ષેત્રે સ્થિત જીવંતસ્વામી સીમંધર પરમાત્માના સાક્ષાત્ દર્શન અને દિવ્યધ્વનિ શ્રવણનું સૌભાગ્ય પ્રાપ્ત થયું તે તેઓશ્રીની વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિ છે. તેમની લેખનીથી ૮૪ પાહુડની રચના થઈ, જેમાંથી અમુક વર્તમાનમાં ઉપલબ્ધ છે. ગ્રંથાધિરાજ સમયસાર, આચાર્યદેવની નિષ્કારણ કરુણાનો અદ્‌ભુત પ્રસાદ છે. તેઓશ્રીએ આ ગ્રંથ અત્યંત અપ્રતિબુદ્ધ અજ્ઞાની જીવોના હિતાર્થે રચ્યો છે.

વર્તમાન યુગમાં જ્યારે ધર્મનું વાસ્તવિક સ્વરૂપ આત્મજ્ઞાનશૂન્ય કોરા ક્રિયાકાંડમાં આચ્છાદિત થયું હતું અને આત્મધર્મ પ્રાયઃ લુપ્ત થઈ ગયો હતો, એવા વિષમકાળમાં જિનશાસનને જીવંત સ્વરૂપ પ્રદર્શિત કરવા માટે એકપુરુષનું અવતરણ થયું. જેમના દિવ્યવચનો અને અંતર્બાહ્ય વ્યક્તિત્વથી મૂળ જિનશાસનનું સ્વરૂપ આ શતાબ્દિમાં પ્રસિદ્ધિને પ્રાપ્ત થયું. તે યુગપુરુષ છે, પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. જેમણે ૪૫ વર્ષો સુધી અનવરત પોતાની દિવ્યવાણીથી આચાર્ય ભગવંતોના રહસ્યોને ઉદઘાટિત કર્યા.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવન પરિવર્તનમાં શ્રી સમયસારજીનું અવિસ્મરણીય યોગદાન રહ્યું છે, જે સર્વવિદિત છે. તેથી જિનાગમના અનેક ગ્રંથોના દોહન-પ્રવચન સાથે જ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર ઉપર ૧૯ વાર સભામાં પ્રવચન થયા. જેમાં આપણા સદ્‌ભાગ્યથી ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯મી વારના પ્રવચનો સી.ડી.માં ઉપલબ્ધ છે.

હું જ્યારે પણ કોઈપણ ગાથાનો સ્વાધ્યાય કરું છું કે કરાવું છું ત્યારે સમયસારની તે ગાથા ઉપર અલગ અલગ વારના પ્રવચનો અવશ્ય સાંભળુ છું અને તેનાથી મને વિશેષ લાભ થતો રહ્યો છે.

અત્યાર સુધી ગુજરાતીમાં શબ્દશઃ પ્રવચનોનું પ્રકાશન કાર્ય આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા, રાજકોટ સંભાળી રહ્યા હતા. પરંતુ તેમના અચાનક દેહપરિવર્તનના કારણે આ કાર્યનું

દાયિત્વ મેં સંભાળવાનો નિશ્ચય કર્યો. જેના ફળસ્વરૂપે શ્રી સમયસારજી ઉપર ૧૭મી વારના પ્રવચન '**સમયસાર રહસ્ય**'નો બારમો ભાગ મુમુક્ષુઓને સાદર સમર્પિત છે. આ પવિત્ર ગ્રંથનું કાર્ય કરવાનો મને જે અદ્‌ભુત લાભ મળ્યો તે મારું અહોભાગ્ય જ છે, પરંતુ આપ પણ મનોયોગપૂર્વક સી.ડી. પ્રવચન સાંભળતા સાંભળતા આ ગ્રંથનો ઉપયોગ કરશો તો નિશ્ચિતરૂપે લાભાન્વિત થશો.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસારના ૧૭મી વારના પ્રવચનો સંગ્રહીત છે. મને જીવનમાં આવા લાભ પ્રાપ્ત થતા રહે તથા મુમુક્ષુ સમાજને આ પ્રયાસ આત્મહિતનું કારણ થાય તેવી ભાવના છે.

રજનીભાઈ મીઠાલાલ દોશી
હિંમતનગર (ગુજરાત)

અનુક્રમણિકા

પ્રવચન નં.	તારીખ	શ્લોક/ગાથા	પૃ.સં.
૩૫૩	૩૦-૦૩-૧૯૭૩	ગાથા-૨૦૬, શ્લોક-૧૪૩	૦૦૧
૩૫૪	૩૧-૦૩-૧૯૭૩	ગાથા-૨૦૬, શ્લોક-૧૪૪	૦૧૮
૩૫૫	૦૧-૦૪-૧૯૭૩	ગાથા-૨૦૭, શ્લોક-૧૪૪	૦૩૨
૩૫૬	૦૨-૦૪-૧૯૭૩	ગાથા-૨૦૮-૨૦૯	૦૪૬
૩૫૭	૦૩-૦૪-૧૯૭૩	ગાથા-૨૦૯-૨૧૦, શ્લોક-૧૪૫	૦૫૮
૩૫૮	૦૪-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૦-૨૧૧	૦૭૩
૩૫૯	૦૫-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૨-૨૧૩	૦૮૨
૩૬૦	૦૬-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૪	૦૯૭
૩૬૧	૦૭-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૪-૨૧૫ શ્લોક-૧૪૫	૧૦૯
૩૬૨	૦૮-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૬	૧૨૬
૩૬૩	૦૯-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૬-૨૧૭, શ્લોક-૧૪૭	૧૩૮
૩૬૪	૧૦-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૭, શ્લોક-૧૪૮	૧૫૪
૩૬૫	૧૧-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૮-૨૧૯, શ્લોક-૧૪૮-૧૪૯	૧૬૪
૩૬૬	૧૨-૦૪-૧૯૭૩	ગાથા-૨૧૮-૨૧૯, શ્લોક-૧૫૦	૧૭૯
૩૬૭	૧૩-૦૪-૧૯૭૩	ગાથા-૨૨૦ થી ૨૨૩	૧૯૫
૩૬૮	૧૪-૦૪-૧૯૭૩	ગાથા-૨૨૦ થી ૨૨૩, શ્લોક-૧૫૧	૨૧૦
૩૬૯	૧૫-૦૪-૧૯૭૩	શ્લોક-૧૫૧-૧૫૨	૨૨૪
૩૭૦	૧૬-૦૪-૧૯૭૨	શ્લોક-૧૫૨, ગાથા-૨૨૪ થી ૨૨૭	૨૩૮
૩૭૧	૧૭-૦૪-૧૯૭૩	શ્લોક-૧૫૩	૨૫૬
૩૭૨	૧૮-૦૪-૧૯૭૩	ગાથા-૨૨૮, શ્લોક-૧૫૪-૧૫૫	૨૭૨
૩૭૩	૧૯-૦૪-૧૯૭૩	શ્લોક-૧૫૫-૧૫૬	૨૮૬

૩૭૪	૨૦-૦૪-૧૯૭૩	શ્લોક-૧૫૬-૧૫૭	૨૯૯
૩૭૫	૨૧-૦૪-૧૯૭૩	શ્લોક-૧૫૭ થી ૧૫૯	૩૧૩
૩૭૬	૨૨-૦૪-૧૯૭૩	ગાથા-૨૨૯	૩૩૦
૩૭૭	૨૩-૦૪-૧૯૭૩	ગાથા-૨૨૯, શ્લોક-૧૬૧	૩૪૩
૩૭૮	૧૫-૦૫-૧૯૭૩	ગાથા-૨૨૯ થી ૨૩૧	૩૫૪
૩૭૯	૧૬-૦૫-૧૯૭૩	ગાથા-૨૩૨-૨૩૩	૩૬૯
૩૮૦	૧૭-૦૫-૧૯૭૩	ગાથા-૨૩૪-૨૩૫	૩૮૪
૩૮૧	૧૮-૦૫-૧૯૭૩	ગાથા-૨૩૬	૪૦૦
૩૮૨	૧૯-૦૫-૧૯૭૩	ગાથા-૨૩૬, શ્લોક-૧૬૨	૪૧૫
૩૮૩	૨૦-૦૫-૧૯૭૩	શ્લોક-૧૬૨-૧૬૩	૪૨૯

શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

ॐ
सहज चिदानंद.

।।श्री परमात्मने नमः।।

समयसार रहस्य

(અધ્યાત્મયુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
શ્રી સમયસારજી પરમાગમ ઉપર ચાલેલા ૧૭મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)
(ભાગ-૧૨)

શ્લોક-૧૪૩

(द्रुतविलम्बित)
पदमिदं ननु कर्मदुरासदं
सहजबोधकलासुलभं किल।
तत इदं निजबोधकलाबलात्
कलयितुं यततां सततं जगत्।।१४३।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [इदं पदम्] આ (જ્ઞાનસ્વરૂપ) પદ [ननु कर्मदुरासदं] કર્મથી ખરેખર [1]દુરાસદ છે અને [सहज-बोध-कला-सुलभं किल] સહજ જ્ઞાનની કળા વડે ખરેખર સુલભ છે; [ततः] માટે [निज-बोध-कला-बलात्] નિજજ્ઞાનની કળાના બળથી [इदं कलयितुं] આ

---

૧. દુરાસદ = દુષ્પ્રાપ્ય; ન જીતી શકાય એવું.

પદને [૨]અભ્યાસવાને [जगत् सततं यततां] જગત સતત પ્રયત્ન કરો.

ભાવાર્થ :- સર્વ કર્મને છોડાવીને જ્ઞાનકળાના બળ વડે જ જ્ઞાનનો અભ્યાસ કરવાનો આચાર્યદેવે ઉપદેશ કર્યો છે. જ્ઞાનની 'કળા' કહેવાથી એમ સૂચન થાય છે કે :- જ્યાં સુધી પૂર્ણ કળા (કેવળજ્ઞાન) પ્રગટ ન થાય ત્યાં સુધી જ્ઞાન હીનકળાસ્વરૂપ-મતિજ્ઞાનાદિરૂપ છે; જ્ઞાનની તે કળાના આલંબન વડે જ્ઞાનનો અભ્યાસ કરવાથી કેવળજ્ઞાન અર્થાત્ પૂર્ણ કળા પ્રગટે છે. ૧૪૩.

ફાગણ વદ-૧૧, શુક્રવાર, તા. 30-03-૧૯૭૩
ગાથા-૨૦૬, કળશ-૧૪૩, પ્રવચન-૩૫૩

આ સમયસાર નિર્જરા અધિકાર ૧૪૩ કળશ છે.

(द्रुतविलम्बित)

पदमिदं ननु कर्मदुरासदं
सहजबोधकलासुलभं किल।
तत इदं निजबोधकलाबलात्
कलयितुं यततां सततं जगत्।।१४३।।

આ આત્મા જ્ઞાનસ્વરૂપી વસ્તુ છે. એમાં રાગ-દ્વેષ, પુણ્ય-પાપ આદિ છે નહિ. એવું જે જ્ઞાન એટલે સમજણનો પિંડ. એકલો પ્રજ્ઞાબ્રહ્મ એવું જે આત્મસ્વરૂપ 'આ (જ્ઞાનસ્વરૂપ) પદ કર્મથી ખરેખર દુરાસદ છે...' ક્રિયાકાંડના પરિણામથી તેની પ્રાપ્તિ થતી નથી. ક્રિયાકાંડના પ્રકાર ત્રણ છે—દયા, દાન, વ્રતાદિની તપની ક્રિયા એક વિકલ્પ છે, રાગ છે. અને ભક્તિનો ભાવ પરમેશ્વરનો, પંચ પરમેશ્વરનો એ પણ એક રાગ છે. અને ગુણ-ગુણીનો ભેદ એવો એક વિકલ્પ એ ત્રણ પ્રકારનો જે રાગ એ ક્રિયા દ્વારા આત્માની પ્રાપ્તિ થતી નથી. કહો, સમજાણું કાંઈ?

'આ (જ્ઞાનસ્વરૂપ) પદ...' આ પદ. નિર્મળ જ્ઞાનસ્વભાવ એ પ્રત્યક્ષ મતિ અને શ્રુતજ્ઞાનથી પ્રત્યક્ષ થાય એવું એ પદ. **'ननु कर्मदुरासदं' 'કર્મથી ખરેખર દુરાસદ છે...'** દુષ્પ્રાપ્ય છે. લાખ, કરોડ ક્રિયા કરે વ્રતની, તપની, ભક્તિની એનાથી આત્માની પ્રાપ્તિ અપ્રાપ્ય છે. એનાથી મળતી નથી. ભારે આકરું કામ! શ્રીમદ્માં એક પત્ર આવે છે એવો કે ભાઈ!

---

૨. 'અહીં અભ્યાસવાને' એવા અર્થને બદલે 'અનુભવવાને', 'પ્રાપ્ત કરવાને' એમ અર્થ પણ થાય છે.

વ્યવહારથી પ્રાપ્તિ થાય એમ અધ્યાત્મ ના પાડે છે પણ... એવો પત્ર આવે છે એક. આમ બહુ એ વખતે લોકો એવા હોય. .. લોકો પોતાની કલ્પનાથી શાસ્ત્ર વાંચે અને જે સાધન છે એને ઉડાવી દે છે. એવું છે. આહા..હા..! અહીં તો વાત વસ્તુનું સ્વરૂપ આવું છે. અમે ગયા હતા મકાન મુંબઈ, ભાઈ! એનું મકાન છેને જોવા.

મુમુક્ષુ :- મોટું મકાન છે.

ઉત્તર :- મોટું મકાન છે. છ લાખ રૂપિયાનું કર્યું છે. ગયા હતા. જોયું છે. મેં કીધું બાર વાગે આવશે ત્યારે .. એ સહાય ..મંત્રી. ખેતાણી. દુર્લભજી ખેતાણી. મેં કીધું કોણ હશે? હવે એને કાંઈ બિચારાને ખબર નહિ. રજનીશને ભગવાન ઈ માને છે. અને એકકોર શ્રીમદ્. ક્યાં શ્રીમદ્ અને ક્યાં આ! આહા..હા..! એને કહ્યું હશે મહારાજ આવ્યા છે. તો આવ્યા હતા. પાછળ બેઠા. પહેલા તો ઓળખ્યા નહિ દુર્લભજી કોણ કીધું. ક્યાં રહો છો? કહે વળિયા. અરે..! આ તો ..ના ફઈના દીકરા. કાંઈ ખબર નહિ. એટલું કહ્યું બધા હતા. એક, બે, ત્રણ જણા બેઠા હતા. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી પણ આત્મા પ્રાપ્ત થયો નથી. વસ્તુ તો આવી છે. આત્મા એવી ચીજ છે કે જેને પરદ્રવ્યની અપેક્ષા નથી. વસ્તુ જ એવી છે.

મુમુક્ષુ :- આમ હતું.

ઉત્તર :- આમ છે. ... બે, ત્રણ જણા હતા. એક કાંઈક મોટા કર્તાહર્તા અને એક આ બે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોક હતું. .. પગે લાગ્યા. જોયું આમ બધું. મોટી .. મકાન મોટું છે અને...

મુમુક્ષુ :- આપણા મંદિર મોટું

ઉત્તર :- ફોટો મોટો છે. શ્રીમદ્નો આખો. બાપુ! માર્ગ કીધું જુદી વાત છે. એ આત્મા પ્રાપ્તિ પરદ્રવ્યને આશ્રયે થતી નથી. વસ્તુ એવી છે. લોકોને શુષ્ક જેવું લાગે. ઈ અહીં કહે છે જુઓને શું કહે છે?

ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ. જ્ઞાનસ્વરૂપનું વર્ણન છેને વધારે? કારણકે રાગથી ભિન્ન બતાવવું છેને? એવો જે જ્ઞાનસ્વભાવી વસ્તુ એ કર્મથી તો પ્રાપ્ય નહિ. કોઈપણ ક્રિયાકાંડના વિકલ્પથી, કોઈપણ ક્રિયાકાંડના વિકલ્પથી. પંચ મહાવ્રતથી, તપસ્યના ભાવથી, ગુણગુણીના ભેદથી, મનના સંગથી એ પ્રાપ્ત થાય એવી ચીજ નથી. વસ્તુ જ એવી છે ત્યાં. લોકોને આકરું લાગે. ભગવાનજીભાઈ! આકરું લાગે. ભક્તિથી, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિથી આત્મા ન મળે. આકરી વાત બાપા!

મુમુક્ષુ :- દેવ-ગુરુ ના પાડે...

ઉત્તર :- તો શું કહે? વસ્તુનું સ્વરૂપ જ એવું છે ત્યાં. ઈ પોતે કહે છે કે ૭૬મી ગાથામાં કહ્યું હતું .. ઠેકાણે. ૧૭૦ પંચાસ્તિકાય. નવ તત્ત્વની શ્રદ્ધા, તીર્થંકર કહે મારી શ્રદ્ધા અને આ પરમાગમની શ્રદ્ધા આગમની. જ્યાં સુધી રાગ રહેશે ત્યાં સુધી મુક્તિ નથી. આકરી વાત છે. વીતરાગ માર્ગ પોતે વીતરાગસ્વરૂપ જ છે. શક્તિએ વીતરાગ સ્વરૂપ છે. વ્યક્તિએ પરમાત્મા અરિહંત આદિ થયા ઈ. બેમાં કાંઈ ફેર નથી. તો એ શક્તિવંત પ્રભુ પરના રાગની ક્રિયા અને કષાયની મંદતાના આચરણને છ-છ મહિનાના અપવાસનું આચરણ કે બબ્બે મહિનાના સંથારાનું આચરણ એનાથી આ આત્મા પ્રાપ્ત થાય ઈ આત્માની જાત જ એ નથી. કહો, ચેતનજી! શું કરે આમાં તો? બધી વાતની ખબર હોય એમ કે આહા..હા..! ત્યારે એને એમ કહે કે હવે એ આમ કરતાં-કરતાં થાશે. કરતાં-કરતાં થાશે તો રાગથી કરતાં-કરતાં થાશે? આકરું લાગે માણસને હોં! એવો પણ આત્મા વસ્તુ જ્ઞાનસ્વરૂપ જ છે જ્યાં. એક સમયનો વિકલ્પ અને સંસાર છે એ વસ્તુમાં નથી.

મુમુક્ષુ :- સવારે ઈ તો ચાલે છે.

ઉત્તર :- હા, ચાલે છે ઈ. અંદર વસ્તુ કેવી વસ્તુમાં? વસ્તુ છેને. અને આ વસેલા અનંત-અનંત શુદ્ધ નિર્મળ ગુણ છેને? અનંત-અનંત શુદ્ધ નિર્મળ ગુણનો પિંડ છે એ તો. એ તો એની દૃષ્ટિ અને એની રમણતા દ્વારા જ પ્રાપ્ત થાય. ક્રિયાકાંડ દ્વારા કોઈ દિ' ન થાય. ભાઈ! એ વસ્તુના સ્વરૂપમાં જ નથી. શું થાય? એય..! છોટુંભાઈ! આવું છે. આહા..હા..! ત્યારે વચમાં શું કરવા આવું કરો છો? એમ કહે. ભાઈ! એટલો રાગ હોય છે, વિકલ્પ હોય છે વિનયનો, ભક્તિનો, આચરણનો, તપનો ઈ હોય બાકી એનાથી ચૈતન્યની શાંતિની પ્રાપ્તિ થાય એમ નથી. એની જાતથી પ્રાપ્તિ થાય. એના રાગની ક્રિયા તો કજાત છે. આહા..હા..! આકરું કામ ભારે લાગે માણસને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. પડી ગયું છે. એક તો મંદિર બનાવે, એકકોર આ ભક્તિના મોટા-મોટા ચાર-પાંચ તો મંદિર મુંબઈમાં. પાંચ-પાંચ લાખના મોટા શું કહેવાય? .. પાંચ લાખનું, આ દાદરમાં પાંચ લાખનું, ઘાટકોપર મોટા-મોટા મંદિરો ચોવીસ તીર્થંકરોના. ઓહો..હો..! હજી તો વધારતા જાય છે. વાડી વધારવી છે ને ઢીકણું વધારવું ઘાટકોપર ને શું કહેવાય? મલાડને. ઘાટકોપને. હવે ઈ બધું થવાકાળે થાય છે. એનો વિકલ્પ પણ હોય છે.

મુમુક્ષુ :- નામ દઈને કર્યા કરો છો. એનો જવાબ શું આપવો ઈ સમજાવોને.

ઉત્તર :- કોના નામે? કાંઈ કહેતા નથી.

મુમુક્ષુ :- દાન દઈને બધું કર્યા કરો. થાય નહિ... થાય નહિ... થાય નહિ... તો શું કરવા કર્યા કરો છો?

ઉત્તર :- એય..! પોપટભાઈ! શું છે આ બધું? તમારે .. શેઠિયાઓની જવાબદારી બધી છે. તો કરો છો શું કરવા આ બધું જુઓને. આ આખી ... ક્યાં જઈ આવ્યા? પાંચ-પાંચ મહિનાથી ભાઈના છોકરા. છોકરા મૂકી એની સગવડતામાં પડ્યા છે.

મુમુક્ષુ :- કરવું બધું અને કાંઈ થઈ શકે નહિ એમ કહેવું તો દુનિયા માને કોઈ દિ'?

ઉત્તર :- હા, પણ એમાં આટલી વાત તો કરીએ છીએને કહે. શું થાય? ભાઈ! એ તો વસ્તુ એવી જ છે કે જેને કોઈ વિકલ્પની અપેક્ષા નથી. એવો જે વસ્તુનો સ્વભાવ છે. જ્યારે પામે ત્યારે તે વસ્તુના સ્વભાવની સિદ્ધિથી પામશે. કોઈ રીતે રાગ ને વિકલ્પ ને ક્રિયાકાંડથી ત્રણ કાળમાં પામતો નથી. કહો, સમજાણું કાંઈ? લાખ ભક્તિ કરે ને આ કરે ને આ કરે. હો વચમાં, વચમાં હો પણ એ તો બંધનું કારણ છે.

મુમુક્ષુ :- આપ શું કરવા તો ભક્તિ કરવા ના પાડો છો?

ઉત્તર :- ના તો પાડીને હેય કહીએ છીએ.

મુમુક્ષુ :- હેય તો પણ કરશો મા.

ઉત્તર :- કરશો મા એટલે ઈ આવે છે અને એ આવ્યા વિના રહેતું નથી. વચ્ચે આવ્યા વિના રહેતું નથી. પણ એ જાણવાયોગ છે. આદરવાયોગ નથી. એવી વાત છે. કહો, પોપટભાઈ! શું કરવું આ? ૩૦-૩૦ હજારના સંચા લઈ આવ્યા. પાછું ... હોય તો અને કહે એનાથી કાંઈ ધર્મ નહિ, આવું કરે તો કાંઈ થાય નહિ. આ ભારે વાત!

મુમુક્ષુ - .. જવાય નહિ.

ઉત્તર :- પણ આ બધા કર્યા, આમાં કર્યા એનાથી કાંઈ એનાથી ધર્મ થાય. ૧૪-૧૪ લાખના મકાન. આરસપહાણ કેટલા જુઓ બારીયું પડી છે. ઓલો કહે કે પહેલા મોઢા આગળ દેખાવ તો કરો કહે એમ કીધું. આરસપહાણ ચારેકોર આરસપહાણ. નીચે આરસપહાણ. રવિવારે ત્યાં વ્યાખ્યાન વાંચવું પોપટભાઈને...

મુમુક્ષુ :- અમારે માટે છે પોપટભાઈને તો...

ઉત્તર :- ઈ પોપટભાઈ બધા તમારા તો કહે છેને. ઈ ક્યાં એના ઘરનું કહે છે. આહા..હા..! એવો વિકલ્પ હોય છે એ કાળે, પણ એથી સ્વભાવનો આશ્રય લીધા વિના એનાથી સંવર-નિર્જરા થાય એમ નથી. આવી વાત છે. કહો, ગીરધરભાઈ! હજી ગીરધરભાઈને કરવું બાકી છે મોટું. વચમાં એવો ભાવ હોય છે એટલી વાત છે.

મુમુક્ષુ :- પછી એને પણ ખબર પડે કે ભાવ કર્યે થાતું નથી.

ઉત્તર :- એને તો હજી મોટી જમીન લીધી છે. એને જ કરવું મોટું. એ પોપટભાઈ પોતે પક્ષપાત કરશેને. આહા..હા..! ભાઈ! બહારની પ્રવૃત્તિની ક્રિયા તે પરમાણુની કે જે પ્રકારે, જે કાળે, જે એનો સ્વકાળ છેને એ કાળે થાય. એમાં બીજા જીવનું એમાં શુભભાવ નિમિત્ત

કહેવાય, પણ એ શુભભાવ છે માટે આત્માનું સમ્યગ્દર્શન થાય એમ નથી. સમજાણું કાંઈ? જુઓને ભાષા ચોખ્ખી કેવી કરી છે! આહા..હા..!

ભગવાન **'इदं पदम्'** આ પદ આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ. ચિદ્‌ઘન. જ્ઞાનનો ઘન, જ્ઞાનનો વિજ્ઞાન પિંડ એવો પરમાત્મા પોતે. **'ननु कर्मदुरासदं'** કર્મ શબ્દે ક્રિયા. આ કર્મ એટલે કર્મ, કાંડ, ક્રિયા. વ્રતની અને તપની અને સંથારાની આ દાનની. એય..! છોટાભાઈ! ત્યારે તો કોઈ દાન કરશે નહિ આમ હશે તો. પણ એવો ભાવ આવ્યા વિના રહે નહિ. એય..! જેને આત્મા રાગથી પ્રાપ્ત ન થાય એવું જેને બેસે એને તૃષ્ણા પર ઉપરની ઘટી જાય. સમજાણું કાંઈ? તેથી ઘટે માટે આત્મા એનાથી પ્રાપ્ત થાય એમ નથી. આવો માર્ગ છે. કહો, સમજાણું કાંઈ? ગજબ છેને! **'इदं पदम्'** આ પરમાત્મા શુદ્ધ ચૈતન્યઘન આત્મા **'ननु'** નિશ્ચયથી **'कर्मदुरासदं'** કર્મથી તે દુરાસદ છે. આહા..હા..! ક્રિયાકાંડના પરિણામથી, શુભભાવથી એ પ્રાપ્ત નથી. એટલે વ્યવહાર શુભભાવ આવો સારો હોય તો એ સાધન થાય અને આ પ્રાપ્ત થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છેને આમાં જુઓને એમાં તો આ છે. ત્યાં પણ કરાવ્યું છેને ભગવાનજીભાઈએ? ..માં નહિ ત્યાં? ત્યાં .. હતા. માંદા હતા. સમજાણું કાંઈ? શ્રીમદ્‌ કરાવ્યું છેને? એ તો એક શુભભાવ હોય છે. ત્યારે એ ક્રિયાને કાળે એને કારણે. આ શુભભાવ થયો માટે ત્યાં થાય છે એમ નહિ. અને એ શુભભાવ છે માટે આ બાજુ લાભ થાય છે ભારે ગજબની વાતું! એ શુભભાવ છે માટે બહાર મંદિરો થાય છે એમ પણ નથી અને શુભભાવ થાય માટે આત્માની પ્રાપ્તિ થાય લાભની એમ પણ નથી.

મુમુક્ષુ :- આત્મા.. પછી કેમ મંદિર થયા? તે પહેલા કેમ નહોતા થયા?

ઉત્તર :- ઈ વખતે નહોતો એનો કાળ. એય..! એના સ્વકાળે થાય કે કાંઈ આડેઅવળે કાળે થાય?

મુમુક્ષુ :- .. ક્રિયામાં નહિ ...

ઉત્તર :- માગણી કરી છે ત્યાં ઓલાએ તો. સર્વોદયવાળાએ સ્વરૂપચંદભાઈએ. વર્ષોવર્ષ વર્ષગાંઠ ઉપર આવવું. આ માણસો આમ જુએ કે ઓહો..હો..! સાત-સાત, આઠ-આઠ હજાર. હશે દસ હજાર કહે છે પણ એ પછી... નજર ન પડે કાંઈ એટલું માણસ ખીચોખીચ. આહા..હા..! ભલેને ત્રણ વ્યાખ્યાન થયા ત્યાં. એકલું માણસ... માણસ... શું કહે છે પણ આ? આપણા સૌરાષ્ટ્રના મહારાજ છે. એમ કરીને સ્થાનકવાસી બધાય ઘણા આવે છે . અહીં ન આવી શકે ત્યાં ઘણા આવે. અહીં મોઢા આગળ ન બેસી શકે. પાછળ બેસે છેક આઘે.

મુમુક્ષુ - ભલે દિગંબરનો અભ્યાસ નથી પણ ઘણા...

ઉત્તર :- એમ કહે મહારાજ તો આપણા. એય..! કલકત્તામાં પણ સ્થાનકવાસી ઘણા.

પણ માર્ગ તો આ છે, ભાઈ! તારા સમીપે જવામાં રાગની ક્રિયા બિલકુલ કામ કરતી નથી. આહા..હા..! પંડીતજી! એવું એણે પ્રથમ જ્ઞાનમાં એણે નિર્ણય કરવો પડશે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં વિકલ્પસહિત પહેલો નિર્ણય કરે ભલે. પણ આહા..હા..! ઠીક નિર્ણય કર્યો માટે હવે વિકલ્પથી પ્રાપ્ત થાય. આહા..હા..! એય..! છગનભાઈ! શું કરવું આમાં બધું ત્યારે બધા થાય. તમે કાર્યકર્તાઓ બધા સારા કાર્ય કરે તો. સારા કાર્ય કરવા. કોણે કીધું નહિ સારા કાર્ય કરવા એમ? તારા ભાઈ. ચંદુલાલ. બોરીવલી ગયા હતાને ત્યાં. ત્યારે બહુ બોલતા. બોરીવલી ગયા હતાને. ત્યાં ત્રણ ભગવાનનો .. છેને. લાવો અહીં આવ્યા છે તો જોતા તો જઈએ. પૂજા પણ કરી ઘણાએ બેસીને. અને પાંચ હજાર રૂપિયા પણ થઈ ગયા. સૌ લખવા માંડ્યા ગોદિકા ૧૫૧, ફલાણા. પાંચ હજાર થયા અને એને આપ્યા. પછી એણે માગણી કરી કે અહીં તો વધારે જરૂર છે. આપણા માણસ ઘણા છે આટલા. મહારાજ આવ્યા છે. અમે આભાર માનીએ છીએ. ઓલાએ બીજાએ કહ્યું હોં ઓલો. આપણો છેને વકીલ. ચીમનલાલ. .. જાય બધે. હો..હા.. .. મહારાજનો .. કાનજીસ્વામી આવ્યા ફરી બોલો કહે. બોલે. અરે..! ભગવાન! ક્યાં વાત આ! અને આવા સારા કામ મેં કર્યા. ત્રણ વર્ષ બાકી છે આયુષ્યને ૭૫ વર્ષ. પણ સારા જેટલા થાય એટલા કરી લેવા છે. એય..! પોપટભાઈ! શું કહેવું કહે બાપા! આહા..હા..!

વીતરાગ સ્વરૂપ પ્રભુ એ વીતરાગભાવની પરિણતિથી જ પ્રાપ્ત થાય. આહા..હા..! એક શબ્દે પણ ગજબ કામ કર્યો છેને. આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! એમાં રાગને જ્યાં અપેક્ષા નથી. આહા..હા..! અને એ રાગ હોય તો અહીં થાય એ તો એને કલંક લગાડવા જેવું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા આહા..હા..! 'કર્મથી ખરેખર દુરાસદ છે...' એટલે ક્રિયાકાંડના ભાવથી શુભભાવથી. અહીં તો ક્રિયાકાંડ શુભભાવ લીધો છે હોં. અશુભની તો વાત પણ નથી. શુભભાવ ભક્તિનો લ્યો શાસ્ત્ર બનાવવાનો, રચવાનો, આ બધું કોતરવાનો. વાત તો કહે છે બધી ખુલાસો તો કરવો પડે કે નહિ? આહા..હા..! લ્યો! હવે રવિવારે મહોત્સવ કરવો છે પાછો પૂરું થાય એટલે. રામજીભાઈ કહેતા હતા. પોપટભાઈ તો કહે પણ રામજીભાઈ કહે. એ તો ભાવ એવો હોય છે. પણ એની મર્યાદા જાણવી જોઈએ. એની હદ પુણ્યબંધની છે. કારણ કે એ સંયોગી ભાવ છે.

મુમુક્ષુ :- તો તે પુણ્ય બાંધવા શું કરવા?

ઉત્તર :- બાપા! આવ્યા વિના રહે નહિ. બાંધે શું? જ્યાં સુધી વીતરાગ ન થાય તો આવ્યા વિના રહે તો વીતરાગ થઈ ગયો.

મુમુક્ષુ - પણ હેય માન્યા પછી બાંધ્યા?

ઉત્તર :- પણ હેય માનવા છતાં આવે. આહા..હા..! હેય માને તો છે એને હેય માને

કે નથી એને? થાય એને હેય માને. નથી થયા પહેલા હેય એને ક્યાંથી? એ તો શ્રદ્ધામાં આવ્યું પછી રાગ આવે એ હેય, પણ એ હેયનું આચરણ તો વર્તમાનમાં છે. રાગ થયો એ આદરણીય નથી એમ દૃષ્ટિ અહીં છે માટે એમ હેય તો ત્યારે કહેવાય. કહો, 'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાને.' અમારે હરિભાઈ કહે છે કે નહિ? 'ભાખ્યો શ્રી ભગવાન.' સમવસરણની મધ્યમાં. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! શાંતિની પ્રાપ્તિ તો કહે છે કે રાગના કારણે બિલકુલ નહિ થાય. શાંતિ એટલે ધર્મ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે શાંતિ છે. અકષાય પરિણામ છે. એ અકષાય પરિણામ કષાયની ક્રિયાના પરિણામથી અકષાય પરિણામ નહિ થાય. આહા..હા..! એ અકષાય ત્રિકાળી સ્વરૂપ વીતરાગ એને આશ્રયે પરિણામ થાય એ પરિણામ મોક્ષનું કારણ છે. આવું છે. જ્યારે માને ત્યારે આ માનવું પડશે.

'**सहज-बोध-कला-सुलभं किल**' હવે અસ્તિથી વાત કરે છે. આનાથી ન થાય. ત્યારે થાય શી રીતે હવે? સહજ બોધ નામ '**ज्ञानની કળા વડે ખરેખર સુલભ છે;...**' ઓલું દુરાસદ કીધું હતુંને એની સામે લીધું છે. સહજ જ્ઞાનની કળા. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન જે સ્વભાવને આશ્રયે પ્રગટે તે જ્ઞાનકળા છે. આહા..હા..! રાગની ક્રિયાથી પ્રાપ્તિ ચૈતન્યની નથી તો જ્ઞાનકળાથી એની પ્રાપ્તિ છે. જે નીચે સમ્યગ્દર્શનમાં મતિ અને શ્રુતજ્ઞાન રાગ અને મનના અવલંબન વિનાની જે જ્ઞાનની પરિણતિ એ સ્વભાવિક જ્ઞાનની કળા છે. આહા..હા..! પરિણતિ હોં વર્તમાન પ્રગટ. આહા..હા..! આમ સહજ શબ્દ પડ્યો છેને. સ્વભાવિક જ્ઞાનની કળા વડે. એ તો અંતર જ્ઞાનની, કીરણની પરિણતિ દ્વારા એ પ્રાપ્ત થાય એવો છે. જે આખું જ્ઞાનસ્વરૂપ છે એની વર્તમાનમાં એ જાતની પરિણતિ જ્ઞાનની પરિણતિ રાગની નહિ. એ જ્ઞાનની પરિણતિ દ્વારા પ્રાપ્ત થાય એવો છે. એનાથી સુલભ છે. આહા..હા..! અનુભવથી સુલભ છે એમ કહે છે. એ અનુભવથી જ પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

સહજ જ્ઞાન, સ્વભાવિક જ્ઞાનના અનુભવ વડે '**ખરેખર...**' '**किल**' છેને? '**किल सुलभं**' સુલભ છે. ભગવાન જ્ઞાનની પર્યાય દ્વારા જણાય અને પ્રાપ્ત થાય એવું સહજ છે. આહા..હા..! એ તો નિશ્ચયની વાત છે અહીંની. પણ પાછી બીજે ઠેકાણે વ્યવહારે પ્રાપ્ત થાય એમ કહ્યું છે કે નહિ? લ્યો એ વળી એ ચર્ચા કરે. પંચાસ્તિકાયમાં નથી નાખ્યું? હિમંતભાઈએ નથી નાખ્યું? ખુલાસો સાધન છે. લ્યો! ધોબી શું કીધું ધોબીનું? ... જીકે. પથ્થર ઉપર સાબુ નાખી જીકે આપ. ત્યારે મેલ નીકળે. એમ વ્યવહારે જ્યારે .. હળવે-હળવે વ્યવહાર બતાડતો જાય, રાગ ઘટાડતો જાય. આવે છે કે નહિ? એય..! ચેતનજી! હવે પછી અહીં ના પાડી અને ત્યાં હા? એક જ ઠેકાણે પકડવું? પણ ઈ આચાર્ય ત્યાં કહે છે કે એ જાતનો વિકલ્પ એ વખતે કેવો હોય છે એમ એને જણાવે છે. આ એટલી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'સહજ જ્ઞાનની કળા વડે...' સાધન કહ્યું છે લ્યો ઓલામાં દ્રવ્યસંગ્રહ, પરમાત્મપ્રકાશ. અહીં સાધન-સાધન વ્યવહાર સાધન કહે. આહા..હા..!

મુમુક્ષુ :- આમાં પણ કહે છે છેલ્લામાં.

ઉત્તર :- કહે. કહે તે શું છે? આ છોડીને કહે છે? આને તોડીને કહે છે? એને રાખીને વચ્ચે આવો ભાવ આવે છે. .. હોય એને નિમિત્ત તરીકે કહેવાય છે. નિમિત્ત તરીકે કહેવાય. નિમિત્તનો અર્થ એ કાંઈ કરતું નથી અને એનાથી થતું નથી. ત્યારે એને નિમિત્ત કહેવાય. આહા..હા..!

મુમુક્ષુ :- ઈ પાછી વ્યાખ્યા નડી.

ઉત્તર :- ઈ નડી. પણ નિમિત્તનો અર્થ શું? બીજી ચીજ છે એનો અર્થ ઈ થયો. એનાથી અહીં થાય તો નિમિત્ત ક્યાં રહ્યું? આહા..હા..!

મુમુક્ષુ - બે મિત્ર ભેગા થઈને કામ કરે.

ઉત્તર :- બે મિત્ર. મિત્ર જ કે દિ' હતા? ઈ આવે છેને ઓલું નહિ? પહેલા જયસેનાચાર્ય કહેતા. ઓલો કળશ મૈત્રી. પાછળ કળશમાં નહિ? અહીં તો કહે જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનની સ્થિરતા એની મૈત્રી છે. ત્યારે ઓલો કહે વ્યવહાર અને જ્ઞાનની, વ્યવહારથી મૈત્રી વ્યવહારથી. નિશ્ચયથી મૈત્રી નથી. જયચંદ પંડિતે એવો અર્થ કર્યો. લખાય વ્યવહાર. નિમિત્ત એવું હોય છેને એને જણાવા માટે કહે.

પણ અહીં તો કહે છે સહજ જ્ઞાનાનંદ પ્રભુ અંતર દૃષ્ટિ આપતા જે જ્ઞાનની સહજ લીલા અંદર કળા પ્રગટે. જેમ બીજની કળા પ્રગટે ચંદ્રની. '**સહજ જ્ઞાનની કળા વડે ખરેખર...**' '**કિલ**' એટલે નિશ્ચયથી '**સુલભ છે...**' એ ખરેખર સુલભ છે. આહા..હા..! બે પદે તો સ્પષ્ટ કરી નાખ્યું સત્ય. આમાંથી એમ ન આવ્યું? સાંભળવાથી પ્રાપ્ત નહિ થાય. એમ આવ્યું એમાં? સાંભળવામાં તો વિકલ્પ છે. અંતર જ્ઞાનની કળાથી પ્રાપ્ત થાય. બોલવાનો વિકલ્પ છે અને વિકલ્પમાં વખતે જ્ઞાન છે જાણવાનું, પણ એ જ્ઞાનની કળા નહિ. આહા..હા..! આમ ભગવાનની સમવસરણમાં બેઠો હોય, ભગવાનની સામું લક્ષ હોય અને વિકલ્પ ઉઠ્યો છે અને એ જાતના ક્ષયોપશમની પર્યાય તે કાળે પોતાથી થાય છે. સમજાણું કાંઈ? છતાં એ જ્ઞાનની પર્યાય એ જ્ઞાન કળા નહિ. આહા..હા..! એ તો પરાલંબી જ્ઞાન. એ જ્ઞાનની કળા નહિ.

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપી એવું જેને જ્ઞાનમાં જ્ઞેય બનાવ્યું એને જે જ્ઞાનની પરિણતિ શ્રદ્ધા, શાંતિ આદિ જે સ્થિરતા અનંતગુણની નિર્મળ દશા એવા જ્ઞાનની કળા વડે ખરેખર સુલભ છે. નિશ્ચયથી પ્રાપ્ત થાય છે એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ જાતની શ્રદ્ધાને પણ પાક્કી ન કરે તો થોથેથોથા નીકળશે. આવી વાત છે. એટલે એમ કહે

છે અનુભવથી જ પ્રાપ્ત છે એમ કહેવું. સ્વરૂપના અનુભવથી જ એની પ્રાપ્તિ છે. રાગની ક્રિયાના અનુભવથી એની પ્રાપ્તિ નથી. આહા..હા..!

'સહજ જ્ઞાનની કળા વડે નિશ્ચયથી સુલભ છે...' પછી સુલભ છે એમ કહે. સુલભ્ય-સહજે પ્રાપ્ત થાય એવી ચીજ છે. સમજાણું કાંઈ? ઓલામાં દુર્લભ હતુંને? દુરાસદ. સુલભ છે. એની જાતનો સમ્યગ્જ્ઞાનની કળાનો અંશ એના દ્વારા ભગવાન પ્રાપ્ત થાય એવી એ સુલભ ચીજ છે. આહા..હા..!

હવે અહીં મુનિરાજ તો પોકાર આમ કરે છે. અને વળી પોતે કહે કે હું સમયસાર વોચ્છામી-કહું છું. કોને માટે? ભવ્યજીવના હીતને માટે. લ્યો! પણ એમાં કહ્યું શું? આ કહ્યું. વોચ્છામી સમય પાહુડં ... શ્રુતકેવળીઓ અને કેવળીઓએ કહેલું કહીશ. કેવળીઓ અને શ્રુતકેવળીઓ આમ કહે છે. આ આમ કહે છે ઈ. સમજાણું કાંઈ? કે તારા સ્વભાવનું જ્ઞાન ત્રિકાળી શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન, ત્રિકાળી શુદ્ધની શ્રદ્ધા, ત્રિકાળી શુદ્ધમાં રમણતા જેને રાગની, નિમિત્તની અપેક્ષા નથી એવી કલા વડે સુલભ છે. આહા..હા..! ગર્વ ઉતરી જાય એવું છે બધો. કહો, સમજાણું આમાં? કહો, અમુલખભાઈ! લ્યો અમુલખભાઈએ મોટું મંદિર કરાવ્યું ત્યાં. કેટલા રૂપિયા. પોપટભાઈએ નાખ્યા કેટલા હજાર. કેટલા નાખ્યા? હવે આવું કેવું? કરે અને કહે કે ના. છોટાભાઈ! કહેવું કાંઈક અને કરવું કાંઈક. એમ. કહેવું કાંઈ અને કરવું કાંઈ. એમ. એમ કહે કે કહેવું એમ કે કરાય નહિ અને કરે પાછા ખરા. એય..! છોટુંભાઈ! શું હશે આ બધો ભ્રમ?

મુમુક્ષુ :- કાંઈક જાળ હોય છે.

ઉત્તર :- એ જાળ નથી, બાપુ! એ જાળમાંથી નીકળવાનો રસ્તો આ છે. આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ઘન એ શુદ્ધ પરિણતિ દ્વારા પ્રાપ્ત થાય કહે છે. શુભાશુભ પરિણતિ દ્વારા એ પ્રાપ્ત થાય નહિ. અહીં તો અશુભની વાત પણ કરી નથી. આહા..હા..! તે 'માટે...' આવું સ્વરૂપ હોવાને કારણે. એટલે વસ્તુની મર્યાદા આવી હોવાને કારણે. એમ. તત્ત્વ છેને? તે **'માટે...' 'નિજ-બોધ-કલા-બલાત્'** આહા..હા..! ગજબ વાત કરી છે. 'નિજજ્ઞાનની કળાના બળથી...' હે જગતના જીવો! આહા..હા..! **'इदं कलयितुं जगत् सततं यततां'** હે જગતના પ્રાણીઓ! પરમાત્માનો પોકાર. દિવ્યધ્વનિમાં હતું તે અહીં આવ્યું છે આ. આહા..હા..! **'નિજ જ્ઞાનની કળાના બળથી...'** મતિ અને શ્રુતજ્ઞાન નિર્મળ જે સમ્યક્ ચૈતન્યનું સ્વ અવલંબીને થયેલી પરિણતિ એના 'બળથી આ પદને અભ્યાસવાને...' અનુભવવાને, પ્રાપ્ત કરવાને. મેળવવાનો આ અર્થ છે એમ કહે છે. આ પદનો અભ્યાસ કરો, અનુભવ કરો. કહો, સમજાય છે કાંઈ?

આ પદનો અભ્યાસ. ઓહો..હો..! કેટલી વાત કરી જુઓ! વ્યવહારની ક્રિયા દ્વારા પ્રાપ્ત

હિ અને નિજ જ્ઞાનની કળાથી સુલભ છે. માટે આ કારણે ભગવાન આત્માનો પદ ચૈતન્યઘન, વિજ્ઞાનનો પુંજ પ્રભુ એવા પદને અભ્યાસવાને, એને અનુભવવાને, એને પ્રાપ્ત કરવાને '**जगत् सततं यततां**' આહા..હા..! હે જગત! જગતનો અર્થ જગતના જીવ. સાગમટે નોતરું છે. સાગમટે નોતરું આવે છેને આપણે. કંદોરાબંધ હોય. શું કહે ઓલા કન્યાને આપે? કન્યાને .. શું કહે છે એને? ગોરણી. એકલી કન્યાને જમાડે તો ગોરણી કહેવાય. એકલા આદમીને હોય કંદોરાબંધ. બધાને હોય તો સાગમટે. આહા..હા..! ભારે કળશ હોં! પ્રભુ! માર્ગ આવો છેને કહે છે. જ્યારે ક્રિયાકાંડથી પ્રાપ્ત ન થાય. જ્ઞાનકળાથી પ્રાપ્ત થાય તો એને કરોને હવે. આહા..હા..!

મુમુક્ષુ :- જે કુચી લાગુ પડે એ પાડોને.

ઉત્તર :- જે કુચી એ જ કામ આવે. બીજી કુચી આડી-અવળી કામ આવતી હશે.

હે જગતના પ્રાણી! એક વાત. સતત. નિરંતર. આહા..હા..! સ્વભાવની સન્મુખતાનો નિરંતર પ્રયત્ન કર એમ કહે છે. જોયું! આહા..હા..! '**सततं यततां**' યત્ન-પ્રયત્ન કરો. આહા..હા..! સ્વભાવ સન્મુખનો પ્રયત્ન કરો. જગતના પ્રાણી એ સિવાય એ પ્રાપ્ત થાય એવો નથી. આહા..હા..! દિશા બદલાવી નાખ કહે છે. આમ પરતરફના ક્રિયાકાંડ છે એને ફેરવી નાખ. અંતરના લક્ષે પરિણતિ જે થાય તે દિશાથી તે સ્વની દિશાથી તારી દશા ફરી જશે અને એ દશા દ્વારા દિશાની પ્રાપ્તિ થશે. સમજાણું કાંઈ? આહા..હા..!

'જગત સતત પ્રયત્ન કરો.' સોગાની તો એમ આવે પ્રયત્ન કરો. શું પ્રયત્ન શું કરું? મારે પ્રયત્ન કેવો? એ તો પુરુષાર્થનો પિંડ છે અને પ્રયત્ન કરવો છે એ તો અનંત પુરુષાર્થનો અનંતમો ભાગ છે. તો અહીં તો ઉપદેશના વાક્યમાં શું આવે? સમજાણું કાંઈ? જેને એ દ્રવ્ય સ્વભાવ પૂર્ણ અનંત પુંજનો પિંડ છે એમ બેઠું. એનો પુરુષાર્થ પર્યાયમાં થયા વિના રહે નહિ. એમ એ પુરુષાર્થ અનંતમા ભાગે છે એ તો. એ પુરુષાર્થ પર્યાય પુરુષાર્થ કરે છે એ જાતનો. તે સહજ છે. સમજાણું કાંઈ? દૃષ્ટિ જ્યાં અંતરમાં ગઈ એટલે એનું પરિણતિનું સ્વરૂપ સહજ એ જાતનું ઉભું થાય છે. એને પર્યાયને ફેરવવી છે કે આ પરિણતિ છે એને આમ પરિણતિ કરું એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? બહુ મૂક્યું છે ઓહો..હો..! '**जगत् सततं**' પ્રયત્ન કરો. પ્ર-યત્ન કરો. '**सततं यततां**' '**यततां**' યતિ. આ યતિ એ યતના. સ્વરૂપની યતના કરે તે યતિ. આ બધા યતિ કહેવાય બહારના. સ્વરૂપનું યતન કરે તે યતિ. એવા સતત યત્ના કરો. ઓહો..હો..!

ભાવાર્થ :-' અમૃત ચંદ્રાચાર્ય. મુનિ દિગંબર સંત. વનવાસી. જંગવાસી હતા. એ જગતને આ કહ્યું. '**ભાવાર્થ :- સર્વ કર્મને છોડાવીને...**' લ્યો, શુભક્રિયાના પરિણામને છોડાવીને એમ કહે છે. કર્મ શબ્દે ક્રિયા. એ દયા, દાન ને વ્રત ને તપ ને પૂજા ને ભક્તિના પરિણામને

છોડાવીને. એમ કહે છે. પણ છોડાવીને અશુભમાં જવા કહે છે? સર્વ કાર્યને છોડાવીને. કાર્ય એટલે રાગની ક્રિયા. આહા..હા..! **'જ્ઞાનકળાના બળ વડે જ...'** એ તો અંતરના જ્ઞાનની કળાના, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની કળા વડે જ. **'જ્ઞાનનો અભ્યાસ કરવાનો...'** જ્ઞાનનો અનુભવ કરવાનો, અંતર્મુખ અનુભવ કરવાનો **'આચાર્યદેવે ઉપદેશ કર્યો છે.'** ભગવાન અમૃત ચંદ્રાચાર્ય કુંદકુંદાચાર્યના હૃદયમાં જે છે એ કળશો, ગાથાઓ એનો ખુલાસો કર્યો છે.

'જ્ઞાનની 'કળા' કહેવાથી એમ સૂચન થાય છે...' એમાંથી એમ સૂચન દેખાય છે એમ કહે છે. **'કે :- જ્યાં સુધી પૂર્ણ કળા (કેવળજ્ઞાન) પ્રગટ ન થાય...'** જ્યાં સુધી પૂર્ણ-પૂર્ણ કળા પુનમની જેમ ચંદ્ર પૂરો ન થાય. **'ત્યાં સુધી જ્ઞાન હીનકળાસ્વરૂપ...'** પુનમ ન હોય ત્યારે બીજ, ત્રીજ, ચોથ, પાંચમનો ચંદ્ર એ હીનકળા છેને ઈ? એમ કેવળજ્ઞાન ન હોય ત્યાં સુધી મતિ, શ્રુતજ્ઞાન એ હીનકળા છે. એ **'મતિજ્ઞાનાદિરૂપ છે...'** એટલે એમ કહે છે કે મતિ-શ્રુતજ્ઞાન જે સ્વને અવલંબે થયું એના અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. રાગના અભ્યાસ દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત થતું નથી. વ્યવહારના કારણે નિશ્ચય કેવળજ્ઞાન થાય એમ નથી. કહો, સમજાણું? **'મતિજ્ઞાનાદિરૂપ...'** એટલે મતિજ્ઞાનાદિનો અર્થ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન બસ હોં પાછું. ત્યાં અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન કામ ન આવે ત્યાં. શું કીધું ઈ? મતિજ્ઞાનાદિ કહ્યુંને? આદિમાં શબ્દે શ્રુતજ્ઞાન. પછી અવધિ, મનઃપર્યય ત્યાં એનો અનુભવ થયે થાય એ નહિ. એ તો પરપદાર્થ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મતિજ્ઞાન સમ્યક્ શ્રુતજ્ઞાન એરૂપ જે હીનકળા એ **'જ્ઞાનની તે કળાના આલંબન વડે...'** એમ. વ્યવહારથી નાખ્યું છેને? આલંબન તો ત્રિકાળનું છે. પણ આ જ્ઞાનની કળા પ્રગટી એના આલંબન વડે જ્ઞાનનો અભ્યાસ કરવો. મતિ, શ્રુતજ્ઞાન સમ્યક્ સ્વસંવેદનથી પ્રગટ્યું છે એ વડે જ્ઞાનનો અભ્યાસ કરવો એમ. લક્ષ લઈને એને આ પ્રગટેલું જ્ઞાન એના દ્વારા 'અભ્યાસ કરવાથી કેવળજ્ઞાન અર્થાત્ પૂર્ણ કળા પ્રગટે છે.' લ્યો, આ દ્વારા કેવળજ્ઞાન એટલે સિદ્ધપદ થાય છે. ઓહો..! આ નિર્જરા અધિકાર છેને. કેટલા મંદિર બનાવ્યા નથી આવતું ઓલા તમારા શ્વેતાંબરમાં?

મુમુક્ષુ :- સંપતિ રાજાએ.

ઉત્તર :- સંપતિ રાજાએ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પછી દાંતણ કરે. કેટલા બે હજાર કે એવા કાંઈક કહેતા હતા. લાખો હશે. લાખો મંદિર બનાવ્યા લ્યો સંપ્રતિ રાજાએ. એને વખાણ્યા ઓલા સાધુ. કે ઓહો..હો..! પૂર્વભવમાં આવો હતો અને ફલાણો એ માર્યા હતા અંદર ઈતિહાસમાં. એ આમ હતો અને ઢીકણો હતો. ગપેગપ છે બધું. એય..! શ્વેતાંબરમાં એવું આવે છે. સંપ્રતિ રાજાએ લાખો

મંદિર બનાવ્યા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ એના .. કરે છે. એટલે આ તો બહુ.. મુનિ હતા તો એવો વિકલ્પ આવ્યો ઓલાને. આ તો બહુ .. રાજા હતા. ઈ વખતે કોણ હતું આચાર્ય? કે નહિ કોઈ? કોઈ હશે. આહા..હા..! અહીં તો કેવળજ્ઞાન પ્રગટ કરવા માટે કોણ હતું? કે આત્મા. મતિશ્રુત જ્ઞાન દ્વારા જે આત્માને જાણ્યો અને અનુભવ્યો એ જ જ્ઞાનની વૃદ્ધિ દ્વારા, આલંબન દ્વારા કરતા જ્ઞાન ઉભું કરતાં-કરતાં મતિજ્ઞાન, શ્રુતપાન પ્રગટ્યુંને? એ દ્વારા આ આત્મા છે એમ જે જાણ્યું. એ જ આત્મા મતિજ્ઞાનના અવલંબનથી જ્ઞાનનો અનુભવ કરતાં-કરતાં કેવળજ્ઞાન થાશે. આ વચ્ચે વ્યવહાર આવે, હોય, પણ એ કાંઈ કેવળજ્ઞાનનું કારણ નથી. આહા..હા..! આટલું તો સ્પષ્ટ કર્યું. પછી હવે એને કેટલું કરવું? સમજાણું કાંઈ?

એમ કે અધ્યાત્મથી પહેલા મુશ્કેલી માટે કોઈ અમુક આચાર્ય મૂકીને અમુક આચાર્યે ભક્તિનો માર્ગ કહ્યો છે. આવે છેને એક પત્ર? શ્રીમદ્માં આવે છે એક પત્ર. આ બાજુના પાને. એમ કે અમુક આચાર્ય અને અમુક વ્યક્તિ મૂકીને બાકી ભક્તિથી થાય છે એમ કહ્યું છે. એ તો વ્યવહારની વાતું કરી બધી. પણ એ તો બહારની ભક્તિ છે. એને અધ્યાત્મ લૂખું લાગેને એકલું. એવો પત્ર છે એક. છેને કળશ? લોકોને ઉભા રાખ્યા છે ઘણે ઠેકાણે. એમ જાણે કે આગળ વધશે આ એટલે ઉભા હશે અહીં. વાડાનો સંપ્રદાય છોડીને. બાકી અહીં તો કહે છે કે અંતરના સ્વભાવથી સાધન પ્રાપ્ત થાય છે. બીજી કોઈ રીતે વ્યવહારમાં ભક્તિ કરતાં-કરતાં સહેલું પડે કે એને આકરું ઓલું લાગે છે એટલે છે. એ સહેલો કહો કે માર્ગ કહો કે ... કહો. આ છે આનું આ છે.

જ્ઞાનમૂર્તિ ભગવાન જ્ઞાનસમજનો પિંડ એની સમજણની પરિણતિ દ્વારા જ કેવળજ્ઞાનની પરિણતિ પ્રગટ થાય છે. બીજો કોઈ રસ્તો અને ઉપાય છે નહિ. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' કહો, સમજાણું કાંઈ?

ગાથા-૨૦૬

किञ्च -

एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।
एतस्मिन् स्तो नित्यं सन्तुष्टो भव नित्यमेतस्मिन्।
एतेन भव तृप्तो भविष्यति तवोत्तमं सौख्यम्।।२०६।।

एतवानेव सत्य आत्मा यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्र एव नित्यमेव रतिमुपैहि। एतावत्येव सत्याशीः यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्रेणैव नित्यमेव सन्तोषमुपैहि। एतावदेव सत्यमनुभवनीयं यावदेतज्ज्ञानमिति निश्चित्य ज्ञानमात्रेणैव नित्यमेव तृप्तिमुपैहि। अथैवं तव नित्यमेवात्मरतस्य, आत्मसन्तुष्टस्य, आत्मतृप्तस्य च वाचामगोचरं सौख्यं भविष्यति। तत्तु तत्क्षण एव त्वमेव स्वयमेव द्रक्ष्यसि, *मा अन्यान् प्राक्षीः।

હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છે :-

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે. ૨૦૬.

ગાથાર્થ :- (હે ભવ્ય પ્રાણી !) તું [एतस्मिन्] આમાં (-જ્ઞાનમાં) [नित्यं] નિત્ય [रतः] રત અર્થાત્ પ્રીતિવાળો થા, [एतस्मिन्] આમાં [नित्यं] નિત્ય [सन्तुष्टः भव] સંતુષ્ટ થા અને [एतेन] આનાથી [तृप्तः भव] તૃપ્ત થા; (આમ કરવાથી) [तव] તને [उत्तमं सौख्यम्] ઉત્તમ સુખ [भविष्यति] થશે.

ટીકા :- (હે ભવ્ય !) એટલો જ સત્ય (-પરમાર્થસ્વરૂપ) આત્મા છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ (-પ્રીતિ, રુચિ) પામ; એટલું જ સત્ય કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ; એટલું જ સત્ય અનુભવનીય (અનુભવ કરવાયોગ્ય) છે જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ. એમ સદાય આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર એવું સુખ થશે; અને તે સુખ તે ક્ષણે જ તું જ

* मा अन्यान् प्राक्षीः (બીજાઓને ન પૂછ)નો પાઠાન્તર - माऽतिप्राक्षीः (અતિપ્રશ્નો ન કર)

સ્વયમેવ દેખશે, *બીજાઓને ન પૂછ. (તે સુખ પોતાને જ અનુભવગોચર છે, બીજાને શા માટે પૂછવું પડે ?)

ભાવાર્થ :- જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું, તેનાથી જ સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું એ પરમ ધ્યાન છે. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે, બીજાનો એમાં પ્રવેશ નથી.

ગાથા-૨૦૬ ઉપર પ્રવચન

'હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છે :-' લ્યો. ૨૦૬.

एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।
एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।

તું પામીશ ઉત્તમ સુખને એમ છેને એમાં? અને ઓલામાં શું છેલ્લે? છેલ્લી ગાથા? સુખરૂપ થઈ જઈશ. એમ છે. છેલ્લી ગાથામાં એમ છે. સુખરૂપ થઈ જઈશ. પામીશ કરતા છેલ્લો પરિણમી જશે. આહા..હા..! અહીં તો કહે છે સુખ .. થાશે.

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો ! ઉત્તમ થશે. ૨૦૬.

સાધક છેને? નિર્જરા કહેવી છેને? અહીંયાં તો પૂર્ણ બતાવવું છે. ૪૧૫. સુખરૂપ થઈ જઈશ. સુખ પામીશ એમ નથી ત્યાં. સુખરૂપ થઈ જઈશ.

'ટીકા :- (હે ભવ્ય !) એટલો જ સત્ય (-પરમાર્થસ્વરૂપ) આત્મા છે...' લ્યો ઠીક! સત્યાર્થ, ભૂતાર્થ. ૧૧મી ગાથામાં કીધુંને ભૂતાર્થ તે જ શુદ્ધનય છે. ઈ અહીં કહે છે કે સત્યાર્થ આત્મા એટલો જ સત્ય પરમાર્થસ્વરૂપ આત્મા છે જેને ભૂતાર્થ કહીને એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય એટલો જ સત્ય આત્મા છે. વળી સત્ય આત્મા ભાષા જુઓ, વળી આત્મામાં પણ અસત્ય આત્મા અને સત્ય આત્મા? પર્યાય છે એ અસત્ય આત્મા છે. ત્રિકાળની અપેક્ષાએ હોં. પર્યાય પર્યાય તરીકે સત્ય છે. પણ ત્રિકાળ મહાપ્રભુ જેમાં પર્યાયનો અભાવ છે એવો સત્ય એટલો જ સત્ય ઠીક. એકાંત કીધું અહીં તો. **'એટલો જ સત્ય...'** કે **'જેટલું આ જ્ઞાન છે...'** એ જ્ઞાનસ્વરૂપી જેટલું છે તેટલો જ એ સત્ય આત્મા છે. સમજાણું કાંઈ? એટલો જ સત્યાર્થ આત્મા છે, સાચો આત્મા છે કે જેટલું ઈ જ્ઞાન છે. ત્રિકાળ હોં.

'(હે ભવ્ય!)' ... કર્યું છેને? તું કર એનો અર્થ થયો કે નહિ? તને ઉત્તમ સુખ

થશે એમ કીધુંને? એટલે વ્યક્તિને કહે છેને કોકને. ભાઈ! આમાં તું આમ કર એમ કહે છે. હે આત્મા! આહા..હા..! તું આમ કર. શું કર? એટલો જ સાચો આત્મા છે એમ કહે છે. આહા..હા..! રાગ આત્મા નહિ, વ્યવહાર આત્મા નહિ, એક સમયની પર્યાય એ સાચો આત્મા નહિ. ભારે આકરું કામ ભાઈ! આવો. ઓલા શ્રીમદ્માં લખે છે કોઈને સમયસાર વાંચીને એક જ આત્મા છે એવી શ્રદ્ધા થઈ જાય છે. એવો પત્ર છે એક. ... આમાં ક્યાં કાંઈ.. આમાં આટલો અહીં જ્ઞાન જેટલો આત્મા છે. એ તો એક-એક આત્માની વાત કરી છે. અને પહેલેથી કીધું છે. '**वंदित्तु सव्व सिद्धे**' અનંતા સિદ્ધોને તો પહેલા વંદન કરે છે ત્યાં તો. સમજાણું કાંઈ?

'**एतस्मिन् नित्यं रतः**' એટલું છેને? '**एतस्मिन्**' શબ્દ છેને? એમાંથી એટલો સત્ય આત્મા કાઢ્યો. સમજાણું કાંઈ? '**एतस्मिन्**' છેને? હે પ્રાણી! આમાં જ્ઞાનમાં નિત્ય. ઈ પહેલું જ્ઞાનમાં આમાં. આમાં એટલે '**एतस्मिन्**' એટલે કે એટલો સત્ય આત્મા એમ. એટલો સાચો આત્મા છે અંદર કે જે જ્ઞાનસ્વરૂપ છે. આહા..હા..! કે જેટલું આ જ્ઞાન છે. સમજાણું? આમ બહારથી કહેને કે જેટલો સાકર છે એટલું ત્યાં ગળપણ છે એટલી સાકર છે. ગળપણ છે તે સાકર છે. એટલો જ આત્મા સાચો છે કે જે જ્ઞાન છે તેટલો આત્મા સાચો છે. સમજાણું કાંઈ? વળી આત્મામાં સત્ય આત્મા અને અસત્ય આત્મા! અરે..! ભાઈ! સ્યાદ્વાદની શૈલી!

હે પ્રાણી! તેટલો જ સાચો આત્મા છે કે જેટલું આ જ્ઞાન છે. બસ ઈ સામાન્ય જ્ઞાન હોં ત્રિકાળ. એ જ્ઞાન છે તેટલો જ સાચો આત્મા છે બસ. એની પર્યાયની અહીં વાત નથી. નિર્ણય કરનાર પર્યાય છે, પણ ઈ નિર્ણય એમ કરે છે એટલો આ આત્મા છે કે એકલું જ્ઞાન છે એટલો આત્મા સાચો છે. આહા..હા..! '**એમ નિશ્ચય કરીને...**' એવો નિર્ણય કરીને. '**ज्ञानमात्रमां ज सदाय रति (-प्रीति, रुचि) पाम;...**' લ્યો, એ જ્ઞાનસ્વરૂપમાં, જ્ઞાનમાત્રમાં જ. રાગ નહિ, વિકલ્પ નહિ. જ્ઞાનમાં. પર્યાય બતાવે છે હવે. '**ज्ञानमात्रमां ज सदाय रति...**' આ રતિ એટલે રુચિ અને એકાગ્રતાની વાત છે. ઓલી રતિ એટલે વિકલ્પ ને એ નથી. તેથી તો રતિનો અર્થ કર્યોને '**(-प्रीति, रुचि)...**' સદાય રુચિ પામ. એટલો જ સાચો આત્મા છે કે જેટલું એ જ્ઞાન છે. એટલે કે એટલો સાચો આત્મા સ્વભાવ છે. સ્વભાવવાન છે કે જેટલો એનો જ્ઞાન સ્વભાવ છે. એટલો એ આત્મા સાચો છે કે જેટલો એ જ્ઞાન છે. કહો, કાંતિભાઈ!

અને એ જ્ઞાનમાત્રમાં સદાય. સદાયનો અર્થ થયોને? ત્યાં સતત કહ્યું હતુંને? સદાય રતિ પામ. ત્યાં રુચિ કર, ત્યાં પ્રીતિ કર. પ્રભુની પ્રીતિ કર. આહા..હા..! જેટલો સત્ય આત્મા છે કે જેટલું જ્ઞાન છે. એટલો સાચો આત્મા છે કે જેટલું એ જ્ઞાનપિંડ, જ્ઞાન છે. એમાં

પ્રીતિ કર. આહા..હા..! પ્રીતિ એટલે રુચિ, રુચિ એટલે દૃષ્ટિ, દૃષ્ટિ એટલે પરિણતિ પર્યાય વર્તમાન. આહા..હા..! સમજાણું કાંઈ? સદાય એમાં રતિ પાછી એમ. નિરંતર સત્ય આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમાં જ તારી પ્રીતિ કર. આહા..હા..! રાગની પ્રીતિ નહિ, પર્યાયની પ્રીતિ નહિ. સમજાણું કાંઈ? આવો ધર્મનો માર્ગ ઝીણોને એટલે માણસ એમાં વળી ન શકે. સામાયિક કરવી, પોષા કરવા, આંબેલ કરે. જુઓને આંબેલનું આવે છેને આ? આ ચૈત્ર મહિનો આવશે. ઓળી આવશે. સ્થાનકવાસીમાં કરે. દેરાવાસીમાં તો હતું. આંબેલ કરે, ઓળી કરે જાણે ઓહો..! કેટલા લુખ્ખા આહાર કર્યા, આમ કર્યા અને ૨૫-૨૫ .. બનાવે ઢોકળાને.. આંબેલ કર્યા. ઘરે રોટલો અને દાળ માંડ ખાતો હોય અને ત્યાં ૨૫ ચીજ હોય બધી. અને આંબેલ કરી. તપસ્યા કરી તપસ્યા.

કહે છે કે ભાઈ! એ વાત છોડી દે વિકલ્પને. છોડીને કહ્યું હતુંને અંદર? આ વસ્તુ છે જે ભગવાન જ્ઞાનસમ. સાચો આત્મા જેટલું જ્ઞાન છે તેટલો સાચો આત્મા છે. '**એમાં જ સદાય...**' બીજું જ્ઞાનમાત્રમાં એટલે ઈ. જ્ઞાનમાત્ર શબ્દે આખો આત્મા છે ત્યાં. જ્ઞાન કીધુંને? આખો આત્મા જ્ઞાન છે એટલું વ્યાપક કીધુંને આખો? એમાં સદાય પ્રીતિ કર, રુચિ પામ. જુઓ, '**नित्यरत**' '**नित्यरत**' આવ્યુંને? બીજો બોલ હવે. '**एतस्मिन्**' એટલું જ સત્ય કલ્યાણ છે એમ. એટલું જ સાચું કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે. ત્રિકાળી સત્ય સ્વરૂપ જે છે એની પરિણતિ કરવી એ જ કલ્યાણ છે અથવા એ સત્ય કલ્યાણ એટલું જ સત્ય કલ્યાણ છે કે જેટલું આ જ્ઞાન છે ત્રિકાળ. ત્રિકાળ જેટલું સત્ય કલ્યાણ તેટલું એ જ્ઞાન છે. આહા..હા..! 'એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ (-પ્રીતિ, રુચિ) પામ;...' એ આ જ્ઞાનમાત્રથી આનંદને પામ એમ કહે છે. આહા..હા..! રાગની ક્રિયા તો દુઃખરૂપ છે. આહા..હા..! આ એટલો સત્ય આત્મા કલ્યાણ છે કે જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ જ્ઞાનસ્વરૂપી આખો વ્યાપક ભગવાન એમ નિર્ણય કરી આત્મામાં જ એટલે જ્ઞાનમાત્રથી જ. જ્ઞાનમાત્રથી જ, સ્વભાવમાત્રથી જ સદાય આનંદને પામ. સંતોષ શબ્દે આનંદને પામ ત્યાં. ત્યાં સંતોષ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? સંતોષ શબ્દે આ પૈસા ઓછા રાખે ઈ અહીં સંતોષ નથી.

મુમુક્ષુ :- સંતોષ એટલે સુખ.

ઉત્તર :- સુખ અહીં તો છે. સમ્યક્ પ્રકારનો આનંદ. આ આત્મા જેટલો સત્ય છે તેટલું કલ્યાણનું સ્વરૂપ છે એ જ્ઞાનસ્વરૂપ છે. એમાં ઠર તને આનંદ થશે. એટલો આનંદ આવશે કે આહા..હા..! જેમાંથી તને સંતોષ થશે ઓહો..હો..! આખી જગતથી ભિન્ન ચીજ ભગવાન જેમાં આનંદથી તૃપ્ત-તૃપ્ત થાય. એવો એ આત્મા છે. આ એને નિર્જરા થાય અને એને મોક્ષનું કારણ થાય. વિશેષ કહેશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ફાગણ વદ-૧૨, શનિવાર, તા. ૩૧-૦૩-૧૯૭૩
ગાથા-૨૦૬, કળશ-૧૪૪, પ્રવચન-૩૫૪

નિર્જરા અધિકાર. બે બોલ ચાલ્યા છે. ફરીને જુઓ, '**(હે ભવ્ય !) એટલો જ સત્ય (-પરમાર્થસ્વરૂપ) આત્મા છે જેટલું આ જ્ઞાન છે...**' જે જ્ઞાનસ્વભાવ છે એટલો આત્મા છે. પુણ્ય-પાપના વિકલ્પ આદિ વસ્તુ આત્મામાં નથી. એ સત્યસ્વરૂપ છે '**એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ (-પ્રીતિ, રુચિ) પામ;...**' શાંતિ અને મુક્તિ જોતી હોય તો. એ જ્ઞાનસ્વભાવમાં જ રતિ પામ. ત્યાં રુચિ કર. શુદ્ધ ચૈતન્યઘન વિજ્ઞાનઘન એની પ્રીતિ, એની રુચિ એમાં રતિ. એટલે કે એમાં લીનતા પામ. એ ધર્મ છે. તે નિર્જરાનું કારણ છે. '**એટલું જ સત્ય કલ્યાણ છે...**' સાચું કલ્યાણસ્વરૂપ જ એટલું છે. કે જે જ્ઞાનસ્વરૂપ છે, જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાયકભાવ છે એ જ કલ્યાણ છે.

'**જેટલું આ જ્ઞાન છે-એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ;...**' ઝીણી વાત છે. નિર્જરાનો અધિકાર છેને. એને ધર્મ થાય. આત્મા જ્ઞાનસ્વભાવ એટલો જ પોતે છે એમ કલ્યાણ એટલું જ છે, કલ્યાણ સ્વરૂપ જ છે. એવા જ્ઞાનમાં લીનતા કર, સદાય એમાં શાંતિનું વેદન કર. એમાં તને આનંદ આવશે અને એનું નામ ધર્મ અને નિર્જરા છે. આહા..હા..! સમજાણું કાંઈ? દ્રવ્યસંગ્રહમાં અને આ પરમાત્મપ્રકાશમાં બહુ આવે વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય ને વ્યવહાર પહેલું આવે અને પછી થાય ઈ બધા વ્યવહારના કથન છે. વસ્તુ તો આ છે. અંતર્મુખ થઈને જ્ઞાનસ્વભાવી વસ્તુ એનાથી સંતોષ પામ. તને આનંદ થશે. તને શુદ્ધતા વધશે, અશુદ્ધતા ટળશે અને મોક્ષના માર્ગની પ્રાપ્તિ તને થશે. આહા..હા..! બે તો આવી ગયું છે.

'**એટલું જ સત્ય અનુભવનીય (અનુભવ કરવાયોગ્ય) છે...**' સાચું અનુભવવા, કરવાલાયક તો એ જ એકલું જ્ઞાનસ્વરૂપ તે જ છે. કહો, સમજાણું? વ્યવહારરત્નત્રયનો રાગ પણ વેદવાલાયક અને અનુભવવા લાયક નથી એમ કહે છે. '**એટલું જ સત્ય...**' અનુભવવાલાયક છે કે '**જેટલું આ જ્ઞાન છે...**' જ્ઞાનસ્વભાવ તેટલો આત્મા. એ જ અનુભવવા, જ્ઞાનસ્વભાવ આત્મા અનુભવવા લાયક છે. આહા..હા..! સંપ્રદાયની ચાલતી રૂઢિવાળાને એવું લાગે આ. કે આ શું કહે છે? આવો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય... પણ એ નિશ્ચય એટલે સાચું અને એ જ સત્ય. આહા..હા..! સત્યાર્થ ભગવાન આત્મા દ્રવ્ય સ્વભાવ એકલો જ્ઞાનપુંજ

પ્રભુ એ જ્ઞાનપુંજની એકલી લીનતા એટલે કે એ અનુભવવા લાયક તે જ્ઞાનપુંજ છે. કહો, સમજાણું કાંઈ?

'**એટલું જ સત્ય અનુભવનીય (અનુભવ કરવાયોગ્ય) છે જેટલું આ જ્ઞાન છે- એમ નિશ્ચય કરીને...**' એમ પાછું. સમ્યક્ નિર્ણય કરીને ઉપરાંત સ્થિરતા છેને આ? સમ્યગ્દર્શનનો આ રીતે નિર્ણય કરીને કે આ વસ્તુ પોતે જ્ઞાનમાત્ર જ છે અને એ જ અનુભવ કરવાલાયક છે. એવો સત્યાર્થ સમ્યગ્દર્શનનો નિર્ણય કરીને જે '**જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ.**' એ તને જ્ઞાન આત્મા જ્ઞાનસ્વભાવ એમાં તૃપ્તિ પામ. તૃપ્તિ તને થશે. આનંદ તને થશે. સમજાણું કાંઈ? કહો, પોપટભાઈ! અહીંયાં તૃપ્તિ થાય એવું છે કહે. બહારમાં ધૂળમાં ક્યાંય નથી એમ કહે છે. આહા..!

મુમુક્ષુ :- આકુળતા છે.

ઉત્તર :- આકુળતા છે. આહા..હા..! વ્યવહાર શ્રદ્ધાન આદિ એ પણ આકુળતા છે. શુભરાગ છેને ઈ? વ્યવહારરત્નત્રય એટલે શુભરાગ. એ અનુભવવા લાયક નથી. એકલો જ્ઞાનસ્વભાવ સાચું, સત્ય આ સત્ય જ્ઞાનસ્વભાવ. સત્ જ્ઞાનસ્વભાવ એ જ અનુભવવા લાયક છે. આહા..હા..! આ તો ધીરાનું કામ છે, ભાઈ! આ કાંઈ બહારથી કાંઈ જાવા નાખે પ્રગટે એવી એ ચીજ નથી. જેટલું ઈ જ્ઞાન એમ '**જ્ઞાનમાત્રથી જ સદાય તૃપ્તિ પામ.**' આહા..હા..! સદાય એમાં એકાકાર થા એમ કહે છે. રાગમાં એકાકારપણું છોડી દે એમ ન લીધું. આમાં એકાગ્ર થા એટલે રાગનું એકાગ્રપણું છૂટી જાય. આહા..હા..! એટલો સત્ય છે આત્મા કે જેટલું જ્ઞાન, એટલું જ કલ્યાણ છે આત્મા કે જેટલું જ્ઞાન, એટલો અનુભવવા લાયક છે કે જેટલું જ્ઞાન. ત્રણ બોલ લીધા. આહા..હા..! ત્યારે પછી આ વ્યવહાર દયા, દાન, વ્રત ને ભક્તિ કે દિ' કરવું?

મુમુક્ષુ :- કોઈ દિ' નહિ.

ઉત્તર :- એ તો વિકલ્પ છે, ભાઈ! તને ખબર નથી. એ તો રાગ છે. રાગ ઈ સત્ય વસ્તુ નથી. રાગ ઈ કલ્યાણ નથી. રાગ એ અનુભવવા લાયક નથી. એવી વાતું ભારે ઝીણી.

'**એમ સદાય આત્મામાં રત,...**' ભાઈ! તારે આત્માનું કલ્યાણ કરવું હોય તે કલ્યાણમૂર્તિ આત્મા એમાં લીન થા. આહા..હા..! કલ્યાણ એટલે ઉપદ્રવ રહિત. એમાં કોઈ જાતનો ઉપદ્રવ નથી. નિરૂપદ્રવ્ય તત્ત્વ આખું ભગવાન છે. આહા..હા..! એમ નિર્ણય તો કર કહે છે. આહા..હા..! નિર્ણય કરીને એમાં લીન થા, એમાં સંતુષ્ટ પામ, એમાં તૃપ્તિ કર. કહો, સમજાણું આમાં. આ વ્યવહારના બધા આ ખોખા ક્યાં ગયા આ બધા? એય..! શ્રીપાલજી! આ તો આવો ધર્મ છે. વ્રત કરવા ને તપસ્યા કરવીને, આંબેલ આવે છેને આ જુઓને ચૈત્ર સુદ નોમથી આંબેલ આવશે. આંબેલું કરવી અને પછી એય..! ધમાધમ તમારે. જાણે કે ઓહો..હો..!

શું જાણે નિર્જરા થઈ ગઈ.

કહે છે કે સ્વના અંગત. અંગત ચીજ જે સ્વ છે અંદરની. એના આશ્રય વિના, એના અનુભવ વિના ત્રણ કાળમાં ક્યાંય ધર્મ છે નહિ. સમજાણું કાંઈ? '**એમ સદાય આત્મામાં રત,...**' સદાય આત્મામાં રત. જ્ઞાનસ્વભાવ એવું જે સ્વરૂપ આત્માનું એ જ સાચું, એ જ કલ્યાણ અને એ અનુભવવાને લાયક એમાં સદા રત થા. આહા..હા..! '**આત્માથી સંતુષ્ટ...**' '**આત્મામાં રત, આત્માથી સંતુષ્ટ અને આત્માથી તૃપ્ત એવા તને વચનથી અગોચર એવું સુખ થશે;...**' આહા..હા..! આમાં એવું તને જ્ઞાન થશે વિશેષ એ ન આવ્યું. જ્ઞાન તો છે. આનંદનો લાભ થશે તને. વાત તો ઈ છેને. સુખ માટે છેને.

ભગવાન આત્મા પેલો કહે છે કે છે કેવો એવો નિર્ણય કર. નિર્ણય કરીને તેમાં રત થા, સંતોષ પામ, તૃપ્તિ થા. તો તને વચનથી અગમ્ય એવું અંતરમાં સુખ થશે. અને એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. શુદ્ધ ઉપયોગ થયો એ નિર્જરા. એમ કહે છે. અસ્તિથી.

મુમુક્ષુ :- નિર્જરાની વ્યાખ્યા

ઉત્તર :- એ જ વાત. શુદ્ધ ઉપયોગ તે નિર્જરા છે. અશુદ્ધતા ટળે એ તો નાસ્તિથી વાત છે. અશુદ્ધ ઉપયોગ. પુણ્ય અને પાપનો ઉપયોગ ઈ ખરેખર ઉપયોગ છે ઈ અચેતન ઉપયોગ છે. આહા..હા..! શુભ-અશુભ ઉપયોગ છે એ આસ્રવનો ઉપયોગ તે તો અચેતન ઉપયોગ છે. આ ભગવાન આત્મામાં રત થા, તૃપ્તિ કર, અનુભવવા લાયક એટલું છે એનો સંતોષ પામ. આહા..હા..! ગજબ વાત કરી છેને! ધર્મ કરનારો કેવડો કેમ છે? એને જાણ્યા વિના એમાં લીનતા શી રીતે થાય? આત્મા ધર્મ કરનાર. હવે ઈ આત્મા કેવો છે? કેવડો છે? શું છે? એની ખબર નહિ. ધર્મ ક્યાંથી થાય? ઈ માટે કહે છે. આત્મા આ જ્ઞાનસ્વરૂપ સત્ય છે. આત્મા સત્ય કલ્યાણમય છે. નિરૂપદ્રવ્ય જેમાં ઉપદ્રવ્ય ત્રણ કાળમાં નથી. આહા..હા..! અને જે અનુભવવાને લાયક છે. એ અનુભવવાને લાયક એવી ચીજ છે. એમ સદાય રસ, સંતુષ્ટ, તૃપ્ત.

'**એવા તને વચનથી અગોચર એવું સુખ થશે;...**' તને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવશે. એમ કહે છે. આહા..હા..! આનંદનો સ્વાદ વળી આ કેવો હશે? કેરીને સ્વાદ, દૂધપાકનો સ્વાદ એવો સ્વાદ હોય છે. આઈસક્રીમનો, જાંબુનો. જાંબુ જાંબુ નહિ? માવાના જાંબુ થાય છે કે નહિ? કાળા હોય ઉપર અને અંદર માવો હોય. હમણા ત્યાં આપ્યા હતાને ..માં. એમ બે જાંબુ અને કાંઈક બીજું એવું કાંઈક કહેતા હતા. તીથી હતીને ફાગણ વદ ત્રીજ. એ બિચારો પૂછે હોં કાંતિભાઈ. એક પ્રતિમા છે જોવા લઈ ગયા હતા. એ એમ કહે ત્યાં આપવી. બેંગ્લોર છે. મેં કીધું ભાઈ એ લોકોને પસંદ પડે. .. પાછી એ વાત પણ ભુલાઈ ગઈ. ત્યાં ૨૬ કલાક, ૨૭ કલાક રહ્યા. એમાં પાછા .. કીધું કે નહિ? .. એ વાત નહિ.

એ પાછી .. પ્રતિમા છે મોટી. આવડી મોટી. .. મોટો. એટલે પછી પાંચ લાખનું, છ લાખનું મંદિર કરે એને હવે આપણે કેમ કહેવાય કે તું આ... પણ એ ત્યાં .. રહ્યું છે. કારણ કે મને કીધું હતું કે આમાં... મેં કીધું મારું કામ નહિ. એમને પસંદ પડવું જોઈએ એટલું કહ્યું. પણ પાછા આવ્યા છેલ્લે. કાંઈ કહ્યું કે નહિ વાત એ યાદ જ નથી. પણ એ પ્રતિમા જરી છે .. લાવ્યા હતા. છે દિગંબર પ્રતિમા. શ્વેતાંબર મંદિરમાં મોઢા આગળ મૂકી છે. અહીં આવ્યા ..દાસ. ... પાંચ-છ લાખનું મંદિર કરવું એને જરી લાગે.

મુમુક્ષુ :- ...પસંદ

ઉત્તર :- પસંદ.. એમાં આપણે કેમ કહેવાય? પણ એ યાદ પણ નથી. એ તો એણે કહ્યું ત્યારે યાદ આવ્યું. એ લોકોને ઉત્સાહ ઘણો છે ત્યાં. જુગલરાજજીનો અને ઓલા કેવા? ભભુતમલ એને ઉત્સાહ ઘણો છે. ડર છે થોડો એના સમાજનો. ઓલાનો. આને નહિ. ભભુતમલ. ... અહીં ચોખ્ખું કહે. હવે શેના ડર? મૂકને સમાજ હવે. એ સમાજ શેનો? સત્ય માર્ગમાં વિરોધ કરે, વિઘ્ન કરે એ સમાજ કહેવાય? .. ઉત્સાહ ઘણો છે. પાંચ લાખ તો કહે છે. ૪૦ હજાર .. છ લાખ કે વધારે થશે. સ્વાધ્યાય મંદિર, મંદિર એનું નામ પણ કહેતા હતા હોં નહિ? .. કરશે. કહેતા હતા. આપણે ક્યાં ત્યાં પૂછવાના? કામ પણ શું છે? વાત કરતા હતા તો સાંભળીએ.

કહે છે. આહા..હા..! એ બધા શુભભાવ હોય ત્યારે આવી ચીજ બને. બનવાની હોય તો બને. અને ધર્મ તો તારે કરવો હોય તો આ ચીજ છે. આહા..હા..! જ્ઞાન... જ્ઞાન... જ્ઞાનસ્વરૂપ. એનું સ્વરૂપ અને એનો સ્વભાવ જ જ્ઞાયક છે. એમાં રત થા, એમાં સંતોષ થા. એમાં તૃપ્ત થા અંદર. તો તને સુખ થશે. તો ધર્મ થશે. બાકી લાખ એના મંદિર બનાવે. એય..! આપણે તો આ છે. લાખ કરોડ ખર્ચે રૂપિયા માટે એને ધર્મ થાય ત્રણ કાળમાં જરીએ નહિ. આહા..હા..! અને એમાં રાગની મંદતા કદાચિત કરે તોપણ એ ધર્મ નથી. ધર્મ તો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ એમાં અંતરમાં લીનતાને પામીને આનંદને પામે એનું નામ પરમાત્મા ધર્મ કહે છે. વીતરાગ માર્ગમાં તો એને ધર્મ કહે છે. બીજે તો ક્યાંય છે નહિ ધર્મ. સમજાણું કાંઈ? એ પાંચ મહાવ્રતના પરિણામ અને બાર વ્રતના ભાવને એ બધો ધર્મ નહિ.

મુમુક્ષુ :- નિશ્ચયે નહિ વ્યવહારે

ઉત્તર :- વ્યવહારે ધર્મ એટલે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર. એ જ કીધું છેને ભાઈએ નહિ? ટોડરમલ. ઐસા નહીં હૈ. એમ નથી. આહા..! એ તો જ્ઞાન કરાવવા. એ જ્ઞાન એનો અર્થ જ ઈ વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે એનો અર્થ શું થયો? કહ્યું છે એમાં એક ઠેકાણે કહ્યું એનો બધો ન્યાય લઈ લે ને. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ!

આવી વાતું છે જરી ભારે. પૈસાવાળાને એમ થાય કે આપણે પૈસા ખર્ચીએ માટે ધર્મ થઈ જાય.

મુમુક્ષુ :- ત્યાં બતાવીને પૈસા લખાવે. .. નહિ. એમ અમે ધર્મ ન કરીએ.

ઉત્તર :- એ તો ઈ છેને. કરોડ હોય એમાંથી બે-પાંચ લાખ ખર્ચે. પાંચ લાખ. દસ લાખ શું કરોડો ખર્ચી નાખે તોપણ ધર્મ ક્યાં હતો ત્યાં? આહા..હા..! અને એમાં રાગની કદાચિત્ મંદતા હોય, માન માટે પણ ન હોય. તોપણ એ ધર્મ નથી. એ તો રાગની મંદતા એક શુભભાવ પુણ્ય છે. મહાવ્રતના પરિણામ પુણ્ય છે તો વળી તારા આ પરિણામને શું કહેવું? આહા..હા..! જેને દુનિયા ધર્મ માને. અહિંસા, સત્ય, દત્ય, પરિગ્રહ, એ પંચ મહાવ્રત એ ધર્મ. ધૂળેય ધર્મ નથી. એ તો વિકલ્પની વૃત્તિ ઉઠે છે. રાગ છે. આમ પરને દુઃખ ન દઉં, પરની દયા પાળું એ બધી રાગની ક્રિયાઓ છે. એ ધર્મ નથી. આહા..હા..! ધર્મ તો પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ સમવસરણના મધ્યમાં એમ કહેતા એ વાત છે આ. ભાઈ! તારી ચીજ છેને પૂર્ણ સ્વભાવથી ભરેલી. એમાં અંતરમાં જા, એમાં એકાગ્ર થા, એમાં સંતોષ થા, .. થા. તો તને ધર્મ થાય. એટલે તને સુખ થશે. આહા..હા..! બહુ આકરી વાતું. પોપટભાઈ! પૈસામાં સુખ નહિ, મહાવ્રતના પરિણામમાં સુખ નહિ. તો હવે શું કરવું એને? પૈસામાં સુખ નહિ. પૈસા ખર્ચવાનો ભાવ કરે એમાં સુખ નહિ. મહાવ્રત પાળે એમાં સુખ નહિ. એવી વાત ભાઈ! એ તો આકુળતા છે, દુઃખ છે બધું.

ભગવાન આત્મા આનંદમૂર્તિ ચૈતન્ય સ્વભાવ એમાં અંતર્મુખ થઈને એકાગ્ર થાય એને આનંદ આવે એનું નામ ભગવાન ધર્મ કહે છે. આવી વ્યાખ્યા ભારે આકરી છોટુંભાઈ! આહા..હા..! એક તો વાત બેસે નહિ. આ તે શું કહે છે? આ તે ગાંડા છે આ તે? શાસ્ત્રનું આવું કહેવું હશે? તો આ શું કોણ કહે છે આ? આહા..હા..! ભાઈ! તને વસ્તુની ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ સર્વજ્ઞ અને વીતરાગ થયા એ ક્યાંથી થયા? કોઈ એવી રાગની ક્રિયાથી થયા એ? જ્યાં એ સ્વભાવ પડ્યો છે અંદર એમાં એકાગ્ર થયા, એમાંથી આવ્યું. સર્વજ્ઞ અને વીતરાગપણું. એ સુખરૂપ દશા પૂર્ણ થઈ ગઈ. એનું સાધન અહીંયાં નિર્જરા એટલે શુદ્ધ ઉપયોગ તે નિર્જરા છે એમ કહે છે. આહા..હા..! જગતથી ઉંધું છે, ભાઈ! પરમેશ્વર તો કહે છે કે મારા માર્ગને... સંપ્રદાયમાં ભાઈ કહેતા એમ. કોઈની સાથે મેળવીશ નહિ હોં. ન લોયસ્સ એસણં ચરિ. તે દિ' કહેતા સંપ્રદાયમાં. હજારો માણસ બોટાદમાં. નો લોયસ્સ. લોકના કથન સાથે મારા માર્ગને મેળવીશ નહિ. આહા..હા..! મેળ નહિ ખાય. દુનિયા જે રીતે માને અને કહે છે એવો માર્ગ આ નથી. આહા..હા..! ભાઈ! તું ચીજ આનંદ અને શાંતિથી ભરેલું તારું તત્ત્વ છે. એ શાંતિ અને આનંદમાં એકાગ્ર થા તો તને શાંતિ અને આનંદ થાય. એનું નામ વીતરાગ પરિણતિ, એનું નામ ધર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અગોચર એવું સુખ થશે; અને તે સુખ તે ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે,...**' જોયું? દેખે કહ્યું છે. તને આનંદ દેખાય છે અંદરમાં એમ કહે છે. આહા..હા..! અતીન્દ્રિય આનંદ અંદર આવવો જોઈએ. એ વિના ધર્મબર્મ છે નહિ. સમજાણું કાંઈ? '**એવું સુખ થશે; અને તે સુખ તે ક્ષણે જ તું જ સ્વયમેવ દેખશે,...**' ભાષા કેટલી જોયું? તને અંતરમાં અતીન્દ્રિય આનંદનો નાથ ભગવાન પોતે છે. એમાં તારી સન્મુખતા થઈને જે તને આનંદ આવશે એ સુખને તે ક્ષણે તું સ્વયમેવ દેખીશ. એટલે તને જ અનુભવમાં આવશે. આહા..હા..! '**બીજાઓને ન પૂછ.**' આહા..હા..! અર્થ કર્યો છેને અંદર? '**मा अन्यान् प्राक्षीः**' સંસ્કૃત છે. '**मा अन्यान् प्राक्षीः**' '**બીજાઓને ન પૂછ.**' '**એનો પાઠાન્તર**' '**माऽतिप्राक्षीः**' '**(અતિપ્રશ્નો ન કર)**' આહા..હા..! વિશેષ પ્રશ્નો ન કર. આનંદનો નાથ આત્મા અંદર બિરાજે છે. એમાં તું જાને ભાઈ! રાગથી દૂર થઈને સમીપમાં, પ્રભુની સમીપે જા. તને પરમેશ્વરનો ત્યાં ભેટો થશે. આહા..હા..! અનાદિકાળથી દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામને ધર્મ માન્યો એને વિકારના ભેટા થયા. આહા..હા..!

પરમાત્મપ્રકાશમાં આવે છે. તને ત્યાં પરમેશ્વર મળશે હોં. એમ કહે છે. એક ગાથા છે. ભાઈ! પરમેશ્વર તને મળશે અંદર. આહા..હા..! બીજો પરમેશ્વર ઈશ્વર નહિ હોં. આહા..હા..! પરમ ઈશ્વર શક્તિનું દળ પ્રભુ આત્મા. જિનસ્વરૂપ પરમેશ્વર પોતે. એના સમીપ જતા તને પરમેશ્વરનો ભેટો થશે. અને રાગથી વિરક્ત તું થઈશ. તને ખાત્રી થશે કે અહો..! મને ધર્મ થયો. મને ધર્મ થયો એમ તને ખાત્રી થઈ. કોઈને પૂછવું પડશે. કે ભગવાનને પૂછને કે ભાઈ મને ધર્મ થયો કે નહિ? આહા..હા..!

મુમુક્ષુ :- .. પૂછવાની જરૂર જ નથી.

ઉત્તર :- તને વેદનમાં આવશે પછી પૂછવું છે કોને કહે? આહા..હા..! આ તે વાત છેને. અનુભવ આત્માનો કરતા એ આનંદનો અનુભવ તને થશે અને તે બીજાને પૂછવું ન પડે કે હું ધર્મ પામ્યો કે નહિ? મને હવે ધર્મ પામ્યો માટે આનંદ થયો કે નહિ? એ પૂછવું નહિ પડે. આહા..હા..! આ વીતરાગમાર્ગ. ત્રિલોકનાથ તીર્થંકર કેવળીનો આ માર્ગ. આહા..હા..! લોકોએ કાંઈનો કાંઈ કલ્પી હેરાન-હેરાન થઈને જિંદગીયું .. કાઢે છે.

મુમુક્ષુ : ઉંધે રવાડે ચડી ગયા.

ઉત્તર :- ઉંધે રવાડે ચડી ગયા સાચી વાત છે. આહા..હા..!

કહે છે '**બીજાઓને ન પૂછ.**' '**(તે સુખ પોતાને જ અનુભવગોચર છે,...**' આહા..હા..! તને અંતરમાં પરમાત્મા પોતે જ પરમેશ્વર આત્મા છે એની એકાગ્રતાથી તને પરમાત્માનો ભેટો થશે અને પરમેશ્વરના ભેટામાં તને આનંદ આવશે. આહા..હા..! આ પુણ્ય અને પાપના વિકલ્પો રાગ એના ભેટાથી તો તું દુઃખી થયો છો, પ્રભુ! આહા..હા..! એ તો બધો અધર્મ

છે. આહા..હા..! મહાવ્રતના પરિણામ એ ચારિત્ર નહિ. એ અધર્મ છે, રાગ છે. કાળાકેરની વાતું. સમજાણું કાંઈ? કાળોકેર એટલે અજ્ઞાનને ટાળવાની વાતું આ છે. ભાવ આ છે. આહા..હા..!

'**બીજાઓને ન પૂછ. (તે સુખ પોતાને જ અનુભવગોચર છે, બીજાને શા માટે પૂછવું પડે?)**' હું એક ધર્મ પામ્યો કે નહિ? બીજાને પૂછવું પડે? સમજાણું કાંઈ? ભગવાન શાંતિનો સાગર પ્રભુ છેને. જ્યાં એ શાંતિ અને આનંદનો સાગર પરમાત્મા પોતે આત્મા પરમેશ્વર. એના સન્મુખ તે જોયું ત્યાં તને આનંદ આવશે. એની સામું જોયામાં તને આનંદ આવશે. આહા..હા..! અને એ આનંદને માટે બીજાને પૂછવું નહિ પડે. સમજાણું કાંઈ? સાકરનો સ્વાદ ખ્યાલમાં આવ્યો બીજાને પૂછવું પડે? કે આ સાકરનો સ્વાદ કેવો ભાઈ છે? કે તું જાણે છો એવો છે, વેદે છે એવો છે. સાકર એટલે મીઠાશનું જ્ઞાન. એને વેદે છેને ઈ? મીઠાને ક્યાં વેદે છે? એ તો જડ છે. આહા..હા..! એ સંબંધીનો રાગ થાય એને ઈ વેદે છે. મીઠી સાકર, મીઠો મેસુબ. આ મેસુબ-મેસુબ થાય છેને. મેસુર. આપણે મેસુબ કહે છે. હિન્દીમાં મેસુર કહે છે. કહે છે કે આ બદામના મેસુબ થાય છે લ્યો. હવે તો ક્યાં કરે બિચારા. ૪૫ રૂપિયાની શેર બદામ-બદામ. એક રૂપિયાની રૂપિયાભાર. એય..! બદામ એમ કોઈ કહેતું હતું. ૪૫ રૂપિયાની શેર. સત્તર આનાની રૂપિયાભાર. ગજબ છેને. તોય એને દે છે કહે. આહા..હા..! અહીં તો બદામનો મેસુબ તો આત્મા છે. એ અતીન્દ્રિય આનંદનો નાથ અંદરમાં એની સમીપ જતાં તને ધર્મ થાય ત્યાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એ બદામનો મેસુબ છે. આહા..હા..! મોંઘેરી ચીજું તને મોટી કિંમતે મળશે. અંદરમાં જવાથી મળશે. કાંઈ સોંઘી બહારથી મળશે નહિ. આહા..હા..! ભારે વાતું ભાઈ આ. સમજાણું કાંઈ? અરે..! ચાર ગતિમાં ચોર્યાસી થયો ભાઈ તને. એ સ્વર્ગમાં ગયો મહાવ્રત પાળીને એ પણ ત્યાં દુઃખીયા. સ્વર્ગમાં પણ દુઃખ છે. કષાયના અંગારે શેકાઈ જાય છે. ઈન્દ્રો ઈન્દ્રાણીના વિષયમાં શેકાઈ જાય છે. આહા..હા..! કારણ કે ત્યાં કષાયની જ્વાળા ઉઠે છે. ભગવાન તો શાંત સાગર છે. તારો સ્વભાવ તો ભગવાન સ્વરૂપે છે. અનંત આનંદ અને અનંત શાંતિ એ પરમાત્મા અરિહંતને પ્રગટી એવું જ તારું સ્વરૂપ અંદર છે. એ વ્યક્ત છે આ શક્તિ છે. આહા..હા..!

ઓલામાં એક ફેરી નહોતું કહ્યું? કાંઈક શેમાં આવે છે. એમ કે સર્વ જીવ શક્તિએ છે એ ઉપાદેય છે. પરમાત્મપ્રકાશમાં આવે છે. બધા ભગવાન શક્તિએ પરમેશ્વર છે. પછી બધા આત્માઓ ઉપાદેય છે આ અપેક્ષાએ. એમાંથી પાંચ પરમેષ્ઠી ઉપાદેય પાછું કહ્યું, એમાંથી અરિહંત અને સિદ્ધ ઉપાદેય છે, એમાંથી સિદ્ધ છે અને એનાથી તારો આત્મા તે ઉપાદેય એમ છેલ્લે કહ્યું. પરમાત્મપ્રકાશમાં. આ જુઓ ૨૨મી ગાથા છે મોક્ષમાર્ગની બીજા અધ્યાયમાં.

દ્રવ્યસંગ્રહ એની જ ટીકા છેને બધી. ઓહો..હો..! બધા ભગવાન આત્મા. અનંત આત્માઓ એ શક્તિએ પરમાત્મા જ છે. આહા..હા..! એનો સ્વભાવ અને સામર્થ્ય પરમાત્માનું જ છે. અરિહંત અને સિદ્ધ પરમેશ્વર થયા એ વ્યક્ત પર્યાયમાં વ્યક્ત પ્રગટ થઈ ગયા. આ શક્તિએ પરમેશ્વર જ છે. એવો પરમેશ્વર એનો ભેટો કરને. આહા..હા..! આવા પુણ્ય અને પાપ રાંક, પામર દુઃખનો ભેટો કરીને તને શું સુખ છે એમાં? આહા..હા..! દિશા બદલાવી નાખને પ્રભુ! એમ કહે છે. આમ જે દિશા છે આ કરવું... આ કરવું... એમ અહીં જાને અંદરમાં. દરિયાને તળે મોતી પડ્યા છે. એમ આત્માને અંદર તળિયાનો અંદર આનંદ છે. ત્યાં જાને ભાઈ! તને આનંદ થશે. ત્યારે તને ધર્મ થશે, ત્યારે તને ખાત્રી થશે કે હવે સિદ્ધપદ પામવાની મારી તૈયારી થઈ ગઈ. સમજાણું કાંઈ? આવી વાત છે આ. આ પૈસા-બૈસાની લક્ષ્મીની તો એમાં કાંઈ કિંમત જ નહિ. નહિ? માણસ આ પૈસાવાળા હોય એ મંદિર કરાવે, વરઘોડા કાઢે, બે-પાંચ લાખ ખર્ચે. તો પૈસાવાળાથી ધર્મ શોભે કે કાંઈ નિર્ધનથી શોભતો હશે? ધૂળેય નથી હવે સાંભળને હવે તારા પૈસાથી ધર્મ શોભતા હશે? ધર્મ તો અંદરની દૃષ્ટિથી શોભે છે. આહા..હા..! એય..! આ એક જણો કહેતો હતો પૈસા. ઘણા વર્ષની વાત નહિ? ઓલા કેશવલાલ ડગલી-ડગલી. જુઓને છાલિયા પરામાં કેશવલાલ. ડગલી-ડગલી .. એ ૮૧માં

મુમુક્ષુ :- કેશવલાલ મુળચંદ.

ઉત્તર :- હા એ. ઈ આવ્યા હતા. .. બેઠા હતા. મહારાજ! આ પૈસાવાળાનું ધર્મમાં સ્થાન ખરું કાંઈ? ત્યારે કાંઈક પચાસ હજાર ખર્ચ્યા હતા. પાઠશાળા બનાવી. ૮૧ની વાત છે. ગૃહસ્થ માણસ. તે દિ' હોં. ૮૧માં. કેટલા વર્ષ થયા? એમ પૂછયું એણે. કીધું પૈસાનું સ્થાન ધર્મમાં નથી. એમ કે પૈસાવાળા હોય તો ધર્મશાળા બનાવે, પાઠશાળા બનાવે, અપસરા બનાવે, મંદિર બનાવે, વરઘોડા કાઢે. એય..! શ્રીપાલજી! કીધું પૈસાવાળાનું સ્થાન ધર્મમાં નથી જરીએ. હાય... હાય.. આ તો...

અહીં તો અંતર આનંદસ્વરૂપને જે વેદે એના સ્થાન અહીં ધર્મમાં છે. સમજાણું કાંઈ? આહા..! જુઓને ભગવાને શું કીધું અહીંયાં? બાપુ! તૃપ્તિનું સ્થાન તો તારામાં છેને. સંતોષનું સ્થાન તો તારામાં છેને. રતિ પામવાને યોગ્ય તો તું છો. આહા..હા..! પણ ઈ પોતે કોણ છે એની ખબર ન મળે. આત્મા એટલે શું? બસ આ વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે, દયા કરે એ આત્મા. ભગવાન કહે છે કે એ રાગને કરે એ આત્મા નહિ. પંડિતજી! બહુ ફેર પણ હોં. આહા..હા..! અહીં તો આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સ્વરૂપે એની જ્ઞાનની દશાને ત્યાં વાળતા પરમેશ્વરનો ભેટો તને થયો. સાક્ષાત્કાર થશે. આ આત્મા એમ તને ખ્યાલમાં આવશે. તેથી તને આનંદ થશે. એને નિર્જરા થશે. સમજાણું કાંઈ? એમ કે અપવાસ કરે અને મરી જાય. હજાર-હજાર અપવાસ, લાખ અપવાસ અને કરોડ અપવાસ. ધૂળમાંય નથી

ત્યાં નિર્જરા. સમજાણું કાંઈ? આહા..હા..! બહુ પ્રશ્ન કરવા રહેવા દે કહે છે. બીજો પાઠાન્તર છેને? '**माऽतिप्राक्षीः**' વધારે પૂછવું છોડી દે અને જ્યાં છે ત્યાં જા. આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું,...**' જ્ઞાન એટલે આ શાસ્ત્રનું જ્ઞાન એ નહિ. અંદર જ્ઞાનસ્વભાવ એવો આત્મા. જ્ઞાન જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણવું... એવો જે આત્મા. એવા જ્ઞાનસ્વભાવમાં આત્મામાં લીન થવું જ્ઞાનમાત્ર આત્મા એમ. એમાં લીન થવું. બહુ લૂખું લાગે ભાઈ માણસને હોં. ઓલું તો પૈસા ખર્ચે આમ થાય. સામાયિક કરે, પોષા કરે, પડિક્કમણા કરે, દયા પલાવે લ્યો. દયા પળાવો કહે જાઓ. લઈને માગી ખાવ. એ દયા પળી. ધૂળેય દયા નથી સાંભળને મારા. સમજાણું કાંઈ? દયા તો એને ભગવાન કહે છે કે જેવો આત્મા છે તેને તે રીતે સ્વીકાર તો તેની દયા કરી કહેવાય. જેવો છે એનાથી વિરુદ્ધ માન તો હિંસા કરી કહેવાય. આહા..હા..! સમજાણું કાંઈ? કરોડોપતિઓ માણસ હોય પૈસા કેટલા દસ-દસ લાખ, પચ્ચીસ લાખ ખર્ચે લ્યો. શોભા થાય કે નહિ બહારની? ૩૫ લાખનું મકાન કર્યું જયપુરમાં. દુર્લભજી ઝવેરી. અબજોપતિ છે. અબજ રૂપિયા.

મુમુક્ષુ :- આપ વખાણ કરો છો

ઉત્તર :- એક અબજ હોં. આમ અમે ઉતર્યા હતાને ગોદિકાને ત્યાં એક સામે. કીધું આ મકાન આવડું મોટું કોનું? એ સંતોકબાનું દુર્લભજીની વહુના નામનું. ૩૫ લાખ ખર્ચીને કર્યું છે. ...ગોદિકાની સામે જ છે મકાન. ગયા હતા એને ઘરે ગયા હતા. જ્ઞાન ખાતે હજાર મૂક્યા હતા. પાંચ મિનિટ બેઠા. અબજપતિ માણસ અબજપતિ. બે ભાઈઓ છે. એકને ૫૦-૬૦ કરોડ છે અને એકને.. બે મોટા ભાઈ ગુજરી ગયા. એનો છોકરો ઠીક છે. આ જરી છેલશંકરને રૂપિયા ઝાઝા છે. ઉપજ છે. અરેરે..! શેના ઉપજ બાપા!

અહીં તો અંતરની લક્ષ્મી અનંત આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભગવાન એ લક્ષ્મીની જેને પ્રાપ્તિ, દૃષ્ટિ કરીને થઈ એ બાદશાહ અને એ લક્ષ્મીવંત છે. બાકી બધા ભિખારા છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એ જ્ઞાનસ્વરૂપી ભગવાન જ્ઞાનસ્વભાવ છે એનો. એમાં લીન થવું. '**તેનાથી જ સંતુષ્ટ થવું...**' ત્યાં સંતોષાઈ જા. આહા..હા..! '**અને તેનાથી જ તૃપ્ત થવું એ પરમ ધ્યાન છે.**' એનું નામ પરમધ્યાન. નમો અરિહંતાણંનું ધ્યાન કરો, ફલાણાનું ધ્યાન કરો એ બધો તો વિકલ્પ છે, રાગ છે. આવો ભગવાન આત્મા એને ધ્યેય બનાવીને ધ્યાન કરવું. ધ્યાનનો વિષય તે પૂર્ણાનંદ સ્વરૂપ એનું ધ્યાન કરવું. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે. '**તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે...**' આહા..હા..! ધ્યાન કરે અને અંદર શૂન્ય થઈ જાય લ્યો. ઓલો રજનીશ કહે છેને રજનીશ? મુંબઈમાં બહુ ચાલે છે. શૂન્ય થઈ જાઓ... શૂન્ય થઈ જાઓ... શૂન્ય થઈ જાય તો જડ થઈ જશે.

અહીં તો અસ્તિ તત્ત્વ આવો આત્મા અસંખ્ય પ્રદેશી આટલા ક્ષેત્રમાં. અનંતગુણનું દળ

એ અસ્તિ સિદ્ધ કર્યા વિના સત્તા આટલી છે, જ્ઞાનમાત્ર ભગવાન, જ્ઞાનમાત્ર કલ્યાણ, જ્ઞાનમાત્ર તૃપ્તિનું કારણ અનુભવવું. એવી અસ્તિ તત્ત્વની દૃષ્ટિ પડતા એને વિકલ્પની એકતા તુટી જાય એનું નામ શૂન્ય થવું કહેવામાં આવે છે. વસ્તુ શું છે એની ખબર વિના વિકલ્પ તોડી નાખો. અજ્ઞાન જડ થઈ જશે. સમજાણું કાંઈ? મોટું ચાલે છે ભાઈ દુનિયામાં. એના પણ ગ્રાહક હોય છે. આજે ૩૧મી તારીખ થઈ? કેટલામી થઈ? આજે ઓલો આવવાનો ત્યાં રાજકોટ સાંઈબાબો. કાંઈ ન મળે. જડ જેવું ખાતું.

મુમુક્ષુ :- બધાયના ગ્રાહક હોયને.

ઉત્તર :- સૌના ગ્રાહક હોય સૌના ગ્રાહક. આહા..! એમાં જૈનના નામ ધરાવનારા પણ ભાન ન મળે અને જ્યાં ત્યા ફર્યા કરે. આહા..હા..! જેને ઘરે પંચ પરમેષ્ઠી અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ કોણ ચીજ છે ખબર ન મળે. જ્યાં ત્યાં ભટક્યા કરે અહીંથી મળશે... અહીંથી મળશે... અહીં તો કહે પાંચ પરમેષ્ઠીથી પણ નહિ મળે લે. તારો પરમેશ્વર તું છો. પરમ સામર્થ્ય અને ઈશ્વરનો ધણી તો તું પૂર્ણ છો. પુરુષાર્થ જે કરે છે એ તો અનંતમા ભાગમાં પુરુષાર્થ છે. એ તો પુરુષાર્થ અને ઈશ્વરનો પિંડ પોતે છે. એવો આત્મા છે એમાં તૃપ્ત થા. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે. આહા..હા..!

'**અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**' આને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય. સમજાણું કાંઈ? '**થોડા જ કાળમાં...**' જેને આવા આનંદનો અનુભવ સમ્યગ્દર્શન, સમ્યગ્દર્શન થતાં એને આનંદનો અનુભવ થાય. એને સમ્યગ્દર્શન કહીએ અને ભગવાન સાચા દેવ સાચા માનો એ સમ્યગ્દર્શન. ધૂળેય નથી એ સમ્યગ્દર્શન સાંભળને. સાચું દર્શન અને સત્ય દર્શન થયું તો સત્યનો જ્યાં આશ્રય થયો, સત્યને પ્રતીતમાં લીધું તો સત્યમાંથી આનંદના અંકુરા આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? અગમ-નિગમની વાતું કરવી. અગમ-ગમ્ય થઈ શકે છે. આહા..હા..! આ તો સંસાર દાવાનળને શાંત કરવો હોય એને માટે વાત છે. ઝળહળ અગ્નિ કષાયથી બળી રહી છે. ચોર્યાસીના અવતારમાં મિથ્યાત્વને કારણે ઝળહળ અગ્નિ બળી રહી છે. અહીં તો પરને માને કુદેવ, કુગુરુ અને મિથ્યાત્વ, પણ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા માને એનો શુભભાવ, એનાથી ધર્મ માને એનું નામ મિથ્યાત્વ. અહીંયાં તો આત્મા જેટલો જેવડો ત્રિકાળ છે એટલો ન માનતા એની એક સમયની અવસ્થાવાળો માને એ પણ મિથ્યાત્વ. આહા..હા..! ભારે મિથ્યાત્વની વ્યાખ્યા!

કહે છે જેને અંતર સ્વરૂપ ભગવાન આત્મા. એનું જ્ઞાન થયું આત્મજ્ઞાન. એને આનંદનો અનુભવાય છે એને. આહા..હા..! '**અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.**' ત્યારે કેવળજ્ઞાન કેવું? કે જ્ઞાન અને આનંદના સ્વરૂપવાળી પૂર્ણ દશા એનું નામ કેવળજ્ઞાન. કેવળજ્ઞાન થાય અને અતીન્દ્રિય આનંદ ન થાય એ કેવળજ્ઞાન નહિ. આહા..હા..!

'**આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે,...**' અનુભવનાર અનુભવને જાણે છે. આહા..હા..! '**બીજાનો એમાં પ્રવેશ નથી.**' બીજા એને જાણી શકતા નથી. બીજાનો પ્રવેશ નથી. આમ તો છેને અલિંગગ્રહણમાં નહિ? બીજાઓ દ્વારા અનુમાનથી પણ જણાય એવો નથી. ભગવાન આત્મા એવો છે બીજાઓ દ્વારા અનુભવથી જણાય એવો આત્મા નથી. બીજાઓ દ્વારા જણાય અનુમાનથી અને પોતે એકલો અનુમાન જ કરે પરનું એવો આત્મા જ નથી. આહા..હા..! ભારે વાતું, ભાઈ!

ઓલા એમ કહે ભાઈ આ .. હોયને પૈસા ખર્ચવા દાનાદિ એમાં પુણ્ય છે. પણ આ સામાયિક, પોષા, પડિક્કમણા, અપવાસ કરવા. સામાયિક, પોષા, પડિક્કમણા એ સંવર છે અને અપવાસ કરવા એ નિર્જરા છે. એય..! કામદાર! અને પૈસા ખર્ચવા દાનમાં એ પુણ્ય છે. બધી વાતું ખોટી છે. એય..! સારી સામાયિક તારા ઘરે રહી. સમ્યગ્દર્શન વિના સામાયિક કેવી? જ્યાં અખંડાનંદ પ્રભુ પૂર્ણ આનંદની સત્તાના સ્વીકારના અનુભવ વિના એમાં ઠરવું ક્યાંથી આવ્યું? એને પ્રૌષધ એટલે એને પોષવો. ગુણની પુષ્ટિ કરવી. પણ ગુણી કોણ છે એને જાણ્યા વિના ગુણની પુષ્ટિ કરે કોણ? આહા..હા..! પડિક્કમણું. ક્યાંથી પડિક્કમણું? મિથ્યાત્વનું પ્રતિક્રમણ નથી એક સમયની પર્યાય રાગવાળો છે, મિથ્યાત્વ છે એનાથી હઠ્યો નથી એને પડિક્કમણા કેવા?

મુમુક્ષુ :- એટલે મીઠાશ આવે ને ..

ઉત્તર :- એક સાથે થાય. પણ મિથ્યાત્વનું થાય ત્યારે એક સાથે થાય. આહા..હા..! પરથી દૃષ્ટિ હઠાવી અને સ્વમાં દૃષ્ટિ મૂકે ત્યારે બધા પાંચેયનું પડિક્કમણું થઈ ગયું ત્યાં. આહા..હા..! કારણ કે વિકાર છેને એ વિકાર મારામાં નથી. ભારે વાતું ભાઈ આવી. માર્ગ તો આવો છે. બીજો સહેલો કરીને કોઈ બતાવશે તો છેતરાઈ જશે. સમજાણું કાંઈ? છેતરાતો આવે છે અને છેતરાઈ જશે પાછો એમાં. '**આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે, બીજાનો એમાં પ્રવેશ નથી.**' લ્યો, આહા..હા..!

શ્લોક-૧૪૪

(उपजाति)

अचिन्त्यशक्तिः स्वयमेव देव-
श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।

सर्वार्थसिद्धात्मतया विधते
ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१४४।।

હવે જ્ઞાનાનુભવના મહિમાનું અને આગળની ગાથાની સૂચનાનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यस्मात्] કારણ કે [एषः] આ (જ્ઞાની) [स्वयम् एव] પોતે જ [अचिन्त्यशक्तिः देवः] અચિંત્ય શક્તિવાળો દેવ છે અને [चिन्मात्र-चिन्तामणिः] ચિન્માત્ર ચિંતામણિ છે (અર્થાત્ ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે), માટે [सर्व-अर्थ-सिद्ध-आत्मतया] જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે એવા સ્વરૂપે હોવાથી [ज्ञानी] જ્ઞાની [अन्यस्य परिग्रहेण] અન્યના પરિગ્રહથી [किम् विधत्ते] શું કરે ? (કાંઈ જ કરવાનું નથી.)

ભાવાર્થ :- આ જ્ઞાનમૂર્તિ આત્મા પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે અને પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે; માટે જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે ? અર્થાત્ કાંઈ જ સાધ્ય નથી. આમ નિશ્ચયનયનો ઉપદેશ છે. ૧૪૪.

કળશ-૧૪૪ ઉપર પ્રવચન

'**હવે જ્ઞાનાનુભવના મહિમાનું...**' આત્માનો અનુભવ કહો કે જ્ઞાનનો અનુભવ કહો. કારણ કે આત્મા જ્ઞાન સ્વભાવ જ છે ઈ. એની '**મહિમાનું અને આગળની ગાથાની સૂચનાનું કાવ્ય કહે છે :-**' ૧૪૪ કળશ.

(उपजाति)

अचिन्त्यशक्तिः स्वयमेव देव-
श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
सर्वार्थसिद्धात्मतया विधते
ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१४४।।

ટીકા. એનો '**શ્લોકાર્થ :- કારણ કે...**' '**यस्मात्**' છેને શબ્દ? '**કારણ કે...**' '**एषः**' '**આ (જ્ઞાની)...**' પ્રભુ આત્મા. જ્ઞાની એટલે જ્ઞાનનો ધરનાર જ્ઞાનસ્વભાવી એવો આત્મા. '**स्वयम् एव**' '**પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે...**' આહા..હા..! પોતે જ અચિંત્ય દિવ્ય શક્તિનો ધરનાર દેવ પરમેશ્વર છે. અરે..! રાંકને કેમ બેસે આવું? જેની બુદ્ધિ હજી પુણ્યમાં પડી છે, પાપમાં પડી છે. સમજાય છે કાંઈ? કયે ગજે માપ કરે આવું? કહે છે

આ ધર્મી આત્મા એટલે જ્ઞાની આત્મા એટલે જ્ઞાનસ્વભાવવાળો આત્મા. સ્વયમેવ '**પોતે જ...**' '**स्वयम् एव**' એમ શબ્દ છે. '**પોતે જ...**' '**अचिन्त्यशक्तिः देवः**' આહા..હા..! જેની શક્તિની ચિંતવના વિકલ્પથી ન થાય એવી એ ચીજ છે. '**अचिन्त्यशक्तिः**' '**स्वयम् एव**' '**देवः**' આહા..હા..! પોતે દેવ છે. અરિહંતદેવ તો પર રહ્યા. સમજાણું કાંઈ?

ધર્મી આત્મા. ધર્મી એટલે? જીવ હોં. ઓલો ધર્મ કરનારનો પ્રશ્ન નથી. એ ધર્મી જીવ એટલે જ્ઞાની જીવ. '**પોતે જ...**' '**अचिन्त्यशक्तिः देवः**' ચિંતવવામાં ન આવે એવા સામર્થ્યવાળો દેવ છે. આહા..હા..! જેમાં અનંત પુરુષાર્થ પડ્યો છે. અનંત જ્ઞાન છે, અનંત આનંદ છે, અનંત સ્વચ્છતા છે, અનંતી જેની એક-એક શક્તિની પ્રભુતા છે. અનંત શક્તિ છે એમાં એક-એક શક્તિની અનંત પ્રભુતા છે. આહા..હા..! શક્તિ એટલે સમજાય છે? ગુણ. જ્ઞાનગુણ, દર્શનગુણ, આનંદ ગુણ, અસ્તિત્વ ગુણ, વસ્તુત્વ ગુણ, પ્રમેયત્વ ગુણ, જીવત્વ ગુણ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિ ગુણ. વગેરે આનંદગુણ એવા અનંતગુણ એક આત્મામાં, અનંત શક્તિ એક-એક આત્મામાં. ઈ એક-એક શક્તિમાં અનંતી પ્રભુતા છે. આહા..હા..! એ સ્વયમેવ અચિંત્ય શક્તિવાળો દેવ છે. એની શક્તિ અને એના સામર્થ્યનું શું કહેવું? એમ કહે છે. એ કોઈ વિકલ્પની ચિંતવનાથી એનું પાર પડે અને સમજાય એ ચીજ છે નહિ. આહા..હા..!

આ પોકાર તો બે હજાર વર્ષથી કુંદકુંદાચાર્ય કરતા આવે છે અને અનંત કાળથી પરમેશ્વર તો આ જ કહેતા આવ્યા છે. તીર્થંકરો જગત પાસે જાહેર આ રીતે કરતા આવ્યા છે. પણ જગતે ધ્યાન આપ્યા નહિ. આહા..હા..! આ પ્રમાણે ભગવાને તો જાહેર કર્યું છે દિવ્યધ્વનિમાં. ભાઈ! તું અચિંત્ય દેવ શક્તિ છોને. આહા..હા..! '**अने चिन्मात्र चिंतामणि...**' ચિન્માત્ર ચિંતામણિ. ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે. જેમ કોઈ ચિંતામણિ રત્ન મળે દેવ અધિષ્ઠિત. પછી ચિંતે એવું એને દેખાય, મળે. મકાન, પૈસા, આબરૂ, ખોરાક ઈ બધું. અરે..! એ તો ધૂળનું ચિંતામણિ રત્ન. આ તો ચૈતન્ય ચિંતામણિ રત્ન. જેટલો એમાં એકાગ્ર થાય એટલું અંદર રત્ન ઝરે. શાંતિ અને આનંદ ઝરે એવો ભગવાન ચિંતામણિ રત્ન છે. ધૂળના ચિંતામણિ રત્નની આગળ આની કાંઈ.. એની ભગવાન પાસે કિંમત નથી. આહા..હા..!

અચિંત્ય શક્તિવાળો પ્રભુ આત્મા છે અને એ ચનિત્માત્ર ચિંતામણિ. જ્ઞાનમાત્ર ચિંતામણિ. ચૈતન્ય ચમત્કાર એ વસ્તુ છે. જેમાં એકાગ્ર થતાં સમ્યક્ મતિ-શ્રુત પ્રગટે જેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન પ્રગટે એવો એ ચૈતન્ય ચમત્કારિ પ્રભુ આત્મા છે. આહા..હા..! હવે અહીંયાં એને બીડી વિના ચાલે નહિ, ફલાણા વિના ચાલે નહિ, એને કહે કે આવો તારો આત્મા. આહા..હા..! કેટલી જરૂરિયાતો છે લ્યો! ભગવાનજીભાઈ! ફલાણી જરૂરિયાત આ વિના ચાલે નહિ... ચાલે નહિ... કેટલી જરૂરિયાત પડે ભાઈ! ધૂળેય નથી હવે સાંભળને. આહા..હા..! જરૂરિયાત તો આત્માને અંદર જાણવો અને અનુભવવો એની જરૂરિયાત છે. સમજાણું કાંઈ?

'**चिन्मात्र चिंतामणि...**' ઓહો..હો..! એકકોર દેવ કહ્યો અને એકકોર ચિંતામણિ કહ્યો. બે કહ્યું. આહા..હા..! 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં કહી શક્યા નહિ તે પણ શ્રી...' પૂર્ણ સ્વરૂપ આમ તો પૂર્ણ કહી શક્યા છે. પણ આમ એક એનું માહાત્મ્ય કરવા માટે છે. 'તે સ્વરૂપને અંતે શું કહે? અનુભવ ગમ્ય અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન.' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને અનુભવગમ્ય એ ચીજ છે. સમજાણું કાંઈ? એવો ચૈતન્ય ચિંતામણિ ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન જ છે. ઓલી રત્નની કિંમતું કરતા રાજી-રાજી થઈ જાય. આહા..હા..! આ શાંતિભાઈને ઘરે ઉતર્યા હતાને અહીંયાં મુંબઈ. લાવ્યા હીરો આવડો. મને પૂછયું કેટલી ભાઈ? મને એની કિંમત ખબરની પડે કે આટલા? આવડો હતો. કેટલી કિંમત છે? કહે દોઢ લાખની. દોઢ લાખ. આવડો હતો.

મુમુક્ષુ :- એકાદો અમને મોકલે કે નહિ?

ઉત્તર :- મોકલે કોણ? આપે કોણ ત્યાં? પણ આ ધૂળની કિંમત કરે આટલી અને આ ચૈતન્ય હીરાની નહિ? એમ કહેવું છે. હતો ધોળો એમાં જરીક કાંઈક પીળાશ હતી. નહિતર કહે દોઢ લાખનો હતો પણ અઢી લાખ, ત્રણ લાખની કિંમતનો છે. જરીક પીળી અંદર ઝાંય છે. એટલે દોઢ લાખની કિંમત. એક હીરાની દોઢ લાખ. આની શું કિંમત કરવી? આહા..હા..! અરે..! ધૂળની કિંમત નહિ? હેતુ તો એટલો એની કિંમતનો કે પ્રકાશ અને ટકતું તત્ત્વ. એટલે ટકે ઘણો કાળ. અને પ્રકાશ એથી એની કિંમત છેને બીજી કિંમત શું? તો આ ચૈતન્ય પ્રકાશ નિત્ય રહેનારો એની શું વાતું કરવી? આહા..હા..! ઓલો તો ઘણો કાળ રહે અને પ્રકાશ અહીં નાખે છેને? અહીં મોતીયુંમાં નાખે અને ચક-ચક થાય. મડદાને શણગારવા ધૂળને. ઓલો અમૃતનો સાગર ભગવાન જે પ્રકાશનું પૂર અને જે ત્રિકાળ ટકતું એની શું કિંમત કરવી કહે છે? એ અચિંત્ય ચિંતામણિ છે. એવું બધા પ્રયોજન જેના સિદ્ધ થઈ ગયા છે. એને જેણે જાણ્યું એને પરમાં સાવધાની, પરની પ્રતીતિ કે પરનું આચરણાનું એને શું કામ છે હવે? એની વિશેષ વાત આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ફાગણ વદ-૧૩, રવિવાર, તા. ૦૧-૦૪-૧૯૭૩
ગાથા-૨૦૭, કળશ-૧૪૪, પ્રવચન-૩૫૫

નિર્જરા અધિકાર. કારણ કે આ ધર્મી એવો જે આત્મા '**પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે...**' એથી કે ધર્મી જીવને સુખનું સાધન હોય તો એક જ આત્મદ્રવ્ય છે. સમજાણું કાંઈ? એ ચૈતન્ય રત્ન. સુખને માટે જોઈએ તો એક જ દ્રવ્યસ્વરૂપ છે. એ દેવ છે પોતે. ધર્મીની દૃષ્ટિ અચિંત્ય દેવ સ્વભાવ ઉપર કેમકે સુખની પ્રાપ્તિ ત્યાંથી થાય છે. એવું જે ચૈતન્ય રત્ન અચિંત્ય શક્તિવાળો દેવ અને ચિન્માત્ર ચિંતામણિ. એ સુખ માટે છે સાધન એ તો ચિન્માત્ર ચિંતામણિ છે. એમાં સુખ છે. સમજાણું કાંઈ? એવો જે ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન. એને '**માટે...**' '**सर्व-अर्थ-सिद्ध-आत्मतया**' જુઓ, જે કાંઈ સુખની પ્રાપ્તિ કરવી છે તેને માટે સર્વાર્થ સિદ્ધિ તો એ ચૈતન્ય રત્નથી થાય છે. એથી આ ધર્માત્મા '**જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે એવા સ્વરૂપે હોવાથી...**' એવા સ્વરૂપે છે. શું કીધું ઈ? કે અચિંત્યદેવ ચૈતન્ય ચિંતામણિ રત્ન એવું જેને દૃષ્ટિમાં અને અનુભવમાં આવ્યું છે એની સર્વાર્થ સુખની સિદ્ધિ તો એનાથી થાય છે એને. એને અન્યમાં અન્ય પરિગ્રહ એટલે અન્યમાં સાવધાનપણું, અન્યનું સ્મરણપણું, અન્યનું ગ્રહણપણું એ એને શું કામ છે કહે. સમજાણું કાંઈ? ઈ છેને?

'**ज्ञानी अन्यस्य परिग्रहेण किम् विधत्ते**' અન્યને પરિગ્રહ જ્યાં ચૈતન્યરત્ન અચિંત્ય દેવ. આત્માને તો સુખનું પ્રયોજન છે. એ પ્રયોજન સર્વસિદ્ધ તો આ ચૈતન્ય રત્નને આશ્રયે થાય છે. કહો, સમજાય છે કાંઈ? એથી એને પરમાં, પરમાંથી સુખ છે નહિ એટલે પરને પકડવાનું કોઈ કારણ નથી. કહો, ભગવાનજીભાઈ! ભારે કહે છે આ. અહીં તો કહે પર્યાયને પકડવું છે, પરમાં સાવધાનીની જરૂર છે. પોતાના સર્વ અર્થ સિદ્ધ સ્વરૂપે પોતાના ચૈતન્યના દ્રવ્યને આશ્રયે જ્યાં સુખનું પ્રયોજન સિદ્ધ થાય છે. સર્વસિદ્ધિ છે, સર્વકાર્ય સિદ્ધ છે ત્યાં. સમજાણું કાંઈ? એને પરમાં સાવધાનીપણું, પરને પકડવાપણું, પરમાં સ્મરણપણું, પરમાં .. એનું શું એને કામ છે? કહો, સમજાય છે કાંઈ?

ચૈતન્ય રત્ન માટે સર્વ અર્થ સિદ્ધ આત્મસ્વરૂપ એમ. સર્વ અર્થ પ્રયોજન છે એવું એ સ્વરૂપે હોવાથી. આત્મતયા. આનંદનું સાધન એક જ ચીજ છે અને એ તો પકડી છે. સમજાણું કાંઈ? પોતાનું જે પ્રયોજન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે સુખરૂપ છે એ તો ચૈતન્ય રત્નને આશ્રયે સર્વસિદ્ધિ થઈ છે. કહો, સમજાણું કાંઈ? '**सर्व अर्थ सिद्ध...**' અહીં તો બધા

અર્થ સહિત લઈ લીધા જાવ કહે. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય સુખ સાગર. ત્યાંથી જ સુખ આવે છે એ સિવાય કોઈ કારણ સુખનું છે જ નહિ. નિમિત્તમાં સુખ નથી, રાગમાં સુખ નથી. એક સમયની પર્યાયબુદ્ધિમાં પણ સુખની ઉત્પત્તિ નથી. સમજાણું કાંઈ? એથી ચૈતન્ય ભગવાન અચિંત્યદેવ અને રત્ન એવું જેણે અંતરમાં પકડ્યું એટલે આમ પક્કડ નથી એમ કહ્યું. અહીં પકડ્યું એટલે અહીં પક્કડની હવે જરૂર નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! .. તો ભર્યા છેને. આમ અસ્તિનાસ્તિ.

ધર્મી જીવને '**अन्यस्य परिग्रहेण**' અન્યની સાવધાની કે કોઈપણ રાગાદિ કે નિમિત્તનું પાલન કરવું પ્રતિપાદન કરવું કે રાખવું એ કાંઈ છે નહિ. આહા..હા..! '**अन्यना परिग्रहथी...**' '**किम् विधत्ते**' '**शुं करे?**' કાંઈ જ કરવાનું નથી. કહે છે કે એ વસ્તુ જે કૃત્ય-કૃત્ય છે. એને જેણે પકડી છે ઈ પર્યાયમાં પણ કૃત્ય-કૃત્ય થઈ ગયો હવે. સમજાણું કાંઈ? આનંદનો સાગર પરમાત્મા પોતે છે. અને આનંદની પ્રાપ્તિનું સાધન એક ચીજ છે આ. જીવને પ્રયોજન તો સુખનું છેને? સમ્યગ્દર્શનમાં એમ કહ્યુંને ભૂતાર્થને આશ્રયે સમ્યગ્દર્શન થાય. કેમકે પ્રયોજનની સિદ્ધિ ત્યાંથી થાય છે. સમજાણું કાંઈ? સત્યાર્થ પરમાત્મા પોતે વસ્તુ એને આશ્રયે પ્રયોજનની સિદ્ધિ થાય છે. માટે પ્રયોજનની સિદ્ધિ જેને આશ્રયે થાય તેને સત્ય કહેવું જોઈએ, તેને સત્ય કહ્યું છે, તે સત્ય છે એમ. આહા..હા..! લોકો જ્યાં-ત્યાં ભટક્યા કરે છેને અહીંથી અહીં અને અહીંથી અહીં.

મુમુક્ષુ :- અનાદિનું ચાલતું હશેને?

ઉત્તર :- અનાદિનું ચાલે છે. ચમત્કાર ને ફલાણું એ આ મોટો નાથ છે. આહા..હા..! ચૈતન્ય મહાચીજ જેના ઉપર નજર પડતા કહે છે કે નજરબંધી. આત્મા સાથે નજરને બાંધે વળી એથી ઓલા... એય..! આ જાદુગર કહે છેને. ઓલો કહેતો હતો હોં બિચારો કેલાલ. કે અમારે બાયડી, છોકરા કહીએ. જાદુગર-બાદુગરનો અર્થ બીજો કાંઈ નથી. આ તો બધી ચાલાકી છે. આજે પણ કોક કહેતું હતું નહિ? ઓલા ચુડાસમાનું નહિ? એ નહિ .. ગરાસિયો છે ઈ. ઈ એવું કરે છે જાદુગર.

મુમુક્ષુ :- ચાલાકી.

ઉત્તર :- ચાલાકી એ કરે છે. એના જેવું કરે છે બધા કે.લાલ. ઓલાની .. કે.લાલની. ઈ કહેતો હતો કે ભાઈ આમાં કાંઈ નથી. હાથચાલાકી છે. જાદુગર-ફાદુગર કાંઈ નહિ એમ કહેતો હતો બિચારો. જાદુ-બાદુ પણ નથી અહીં તો.

મુમુક્ષુ :- જાદુ જેવી ચીજ નથી.

ઉત્તર :- .. એ લોકોને જ્ઞાનમાં બહારમાં મહિમા આ મહાપ્રભુ મહા જાદુગર તો ચૈતન્ય છે. જેનો આશ્રય લેતા નિર્જરા કહેવી છેને અહીં તો. જેનો આશ્રય લેતા સર્વ અર્થ સિદ્ધ

થાય છે એથી એને અશુદ્ધતા ટળે છે અને શુદ્ધતા વધે છે. આહા..હા..! મંદ તો થતો જ નથી આમાં કાંઈ. ..ગણતરી ગણી નથી.

કહે છે. આહા..હા..! તે ધર્મીને '**अन्यस्य**' સ્વ સિવાય એમ કહે જોયું? સ્વ ચૈતન્યમૂર્તિ પ્રભુ એના સિવાય '**अन्यस्य परिग्रहेण**' એમ છેને શબ્દ? અન્યને પકડવાનું પ્રયોજન શું છે ત્યાં? આહા..હા..! સ્વ જ્યાં અચિંત્યદેવ ચૈતન્યરત્ન પ્રભુ ભગવાન સુખથી ચમકતો સૂર્ય પ્રભુ એવો જે ભગવાન આત્મા પોતાને પ્રયોજન તો આનંદ ને શાંતિ ને સુખનું છે. એને માટે તો આ પ્રયોજન અહીંથી સિદ્ધ થાય છે. સ્વથી સિદ્ધ પ્રયોજન સુખનું થાય છે. પછી એને અન્ય પરિગ્રહ શું છે? આહા..હા..! પુણ્યના વિકલ્પને પકડવું કે એક પર્યાયબુદ્ધિમાં આવવું એવું એને રહેતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! આવો ચૈતન્ય ચમત્કાર જાદુગર ભગવાન એને મૂકીને ક્યાંનો ક્યાં .. રસ્તે ચડી ગયા. એ બધા રખડાઉવને. રખડાઉને બધા ધર્મી માને છે. આહા..હા..!

અહીં તો કહે છે ભગવાન અચિંત્ય દેવ પોતે જ્યાં નજર કરતો નથી. જ્યાં પોતાનું શાંતિ અને સુખ એનું પ્રયોજન જેનાથી સિદ્ધ થાય ત્યાં તો જોતો નથી. અને બહારમાં ભટક્યા કરે પર્યાયમાં ને રાગમાં ને નિમિત્તમાં ને આમાં ને આમાં. એમાં તો ચાર ગતિના પ્રરિભ્રમણ ઉત્પન્ન થાય છે. આહા..હા..! આ ભાષા શું છે જોયું? કે '**स्वयम् एव**' દેવને રત્ન, એને સર્વ અર્થ સિદ્ધ આત્મસ્વરૂપ. એટલે કે એને સર્વ અર્થનું સિદ્ધ એવું સ્વરૂપે હોવાથી. વસ્તુ તો સર્વ સિદ્ધવાળી છે. પણ વસ્તુને પકડવાથી એની પર્યાયમાં સર્વ અર્થ સિદ્ધિ થઈ જાય છે. સમજાય છે કાંઈ? આ સર્વ અર્થમાં પૈસો આવતો હશે? એમાં ક્યાં પૈસાનું અહીં ક્યાં છે?

'**अन्यस्य परिग्रहेण किम् विधत्ते**' શું કામ છે એને? શું કરે ઈ? આહા..હા..! ભગવાનના ભેટા જ્યાં થયા એને બીજા સાથે ભેટાનું કામ શું છે? એમ કહે છે. એને બીજાને મેળવવું એવું એને કામ શું છે? આહા..હા..! આવી વાત છે. આહા..હા..! સમયસાર તો એક સાક્ષાત્ ભગવાન છે અત્યારે. વાણીરૂપે ભગવાન અને આ આત્મા સાક્ષાત્ સ્વરૂપે ભગવાન. આહા..હા..! '**अन्यना परिग्रहथी शुं करे?**' અન્યને પકડીને ધર્મી શું કરે? કેમકે જેને પકડ્યો છે ત્યાં આનંદની સર્વ અર્થ સિદ્ધિ થાય છે. એટલે કે જેને પકડ્યો છે એનાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની સિદ્ધિ થાય. અને ત્રણે સુખરૂપ છે. કહો, સમજાણું કાંઈ? તો '**अन्यस्य परिग्रहेण किम्**' તો બીજાને પકડવું કે બીજામાં ટકવું એને શું છે? '**(કાંઈ જ કરવાનું નથી.)**' કૃત્ય-કૃત્ય થઈ ગયો એમ કહે છે. આહા..હા..! જેને કરવાનું નથી એવી કૃત્ય-કૃત્ય એ વસ્તુ. ઈ કાંઈ કરે નહિ. એને જેણે પકડ્યો અને એનો અનુભવ અને દૃષ્ટિ ત્યાં પ્રસરી તો એની સર્વ અર્થ સિદ્ધિ થઈ કહે છે. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ કૃત્ય-કૃત્ય છે એમ કહે છે. આહા..હા..!

એને કોઈ કરવાનું કામ પરનું રહેતું નથી. આહા..હા..! આવું સ્વરૂપ છે એનું.

ભગવાન આનંદનો કંદ માખણ હોય તો એ વૃદ્ધ માણસને દાંત ન હોય તો ખાય લ્યો. એવી આ ચીજ છે કે વિકલ્પ ન હોય તોપણ અનુભવે આ ચીજ. આહા..હા..! ઓલામાં આવે છેને. તત્ત્વજ્ઞાનતરંગિણીમાં આવે છે. શ્લોકમાં આવે છે. એને નથી ધર્મનું કામ, એને નથી વિકલ્પનું કામ. આહા..હા..! એવો એક શ્લોક આવે મોટા. વ્યવહારથી બહુ નાખ્યું છે વિસ્તાર. એને શું કામ છે? આહા..હા..! મહાપ્રભુ મળ્યો જ્યાં, દેવ મળ્યો અને રત્ન મળ્યું દેવરૂપી. આહા..હા..! એને શું છે?

'**ભાવાર્થ :- આ જ્ઞાનમૂર્તિ આત્મા...**' એટલે આત્મા એટલે શું એમ. જ્ઞાનસ્વરૂપી. મૂર્તિ એટલે જ્ઞાનસ્વરૂપી. એકલો જાણકસ્વરૂપે આત્મા. '**આત્મા પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે...**' આબાળ-ગોપાળ શરીરમાં બિરાજે છે અને રાગની પાછળ પરમાત્મા પોતે બિરાજે છે. એવો '**અનંત શક્તિનો ધારક દેવ છે...**' અસ્તિ છે. '**અને પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી...**' ચિંતામણિ છેને. એટલે કે '**વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે;...**' વાંછિત એટલે સુખની પ્રાપ્તિની વાંછા છે. એ કાર્યની સિદ્ધિ કરનારો એ છે. સમજાણું કાંઈ? કહો, વાડીભાઈ! આવું કામ ભારે જીવને. ત્યારે ઓલી ક્રિયામાં તો આ ક્રિયા કરું તો આમ થાય ને આ ક્રિયા કરું તો ઓલો ભગવાન પડ્યો રહ્યો આખો એની સામું તો જો. આહા..હા..!

કહે છે એ '**ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે;...**' વાંછિત એટલે? જે કાંઈ સુખની ભાવના છે એ સિદ્ધિ કરનારો એ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? ૧૧મી ગાથામાં આવે છેને ભાઈ! ૧૧મી નહિ? કે ભાઈ આ ભૂતાર્થ આને કેમ કહ્યો? પર્યાય છે છતાં આને પ્રયોજન સિદ્ધિ ક્યાંથી થાય છે? એ વસ્તુ ભગવાન આખો સત્યાર્થ... સત્યાર્થ... પરમાર્થ... સત્ સાહેબ પોતે છે. ત્યાં એનો આશ્રય કરતાં પ્રયોજનની સિદ્ધિ થાય છે. એ પ્રયોજનની સિદ્ધિ માટે પર્યાય બધા પરિણામોને અસત્યાર્થ અને ભૂતાર્થ કહ્યા છે. આહા..હા..! એ પર્યાયને પકડવાનું પણ શું કામ છે અહીં? એમ કહે છે. સમજાણું કાંઈ?

'**માટે જ્ઞાનીને...**' એટલે હવે ધર્મીને. '**સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી...**' આહા..હા..! ચૈતન્ય ભગવાનના આશ્રયે પડ્યો છેને. એને તો બધા કાર્યના પ્રયોજન સિદ્ધ થઈ ગયા છે. આહા..હા..! બાહ્ય ભગવાનને મળવું એમાં તો હજી શુભરાગ આવે. આ તો અંદરમાં ભગવાનને મળે એને તો શુદ્ધતા અને આનંદ આવે. સમજાણું કાંઈ? અરે..! આખી હિન્દુસ્તાનની આ ચીજ હતી મૂળ. સમજાય છે? આત્મવિદ્યા, આત્મ આનંદ, આત્મજ્ઞાન જેને થયું એને તો કહે સર્વ પ્રયોજન સિદ્ધ થઈ ગયું. આહા..હા..! '**માટે જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી...**' કારણ આ. આ કારણે એમ.

'**તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે?**' લ્યો ઠીક! જ્યાં પ્રભુની સેવા કરવા તૈયાર થઈ ગયો છે અંદર. એને બીજાની સેવા કરવાનું પ્રયોજન શું છે હવે? આહા..હા..! જે આનંદની જરૂર હતી એ આનંદ તો આને લઈને પ્રયોજન સિદ્ધ થઈ ગયું. આહા..હા..! આબરૂ કે પૈસા કે ફલાણું જોતું એ કાંઈ ધર્મીનું પ્રયોજન નથી. આહા..હા..! કહે છે અન્ય પરિગ્રહને સેવવાથી શું સાધ્ય છે? એમાં સાધ્ય નામ પ્રાપ્તિ શું આત્માને થાય? આહા..હા..! ભગવાનની સેવા કરવાથી પ્રયોજન સિદ્ધ થાય એમ કહે છે. અહીં તો અન્ય પરિગ્રહના ભગવાનને સેવન કરવાથી શું થાય એમ કહે છે. ભગવાનની ભક્તિ કરવાથી પંચ પરમેષ્ઠીને સેવવાથી. આહા..હા..! '**શું સાધ્ય છે?**' એમ. એમાંથી તને સાધ્ય-ફળ શું મળે? '**અર્થાત્ કાંઈ જ સાધ્ય નથી. આમ નિશ્ચયનય...**' નામ યથાર્થદૃષ્ટિનો '**ઉપદેશ છે.**' હવે નિશ્ચયનો ઉપદેશ આ વળી કાંઈ નહિ. નિશ્ચય અને વ્યવહારનો બે ભિન્ન છે. સમજાણું કાંઈ?

ગાથા-૨૦૭

कुतो ज्ञानी परं न परिगृह्णातीति चेत् -

को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं।
अप्पाणमप्पणो परिगहं तु णियदं वियाणंतो।।२०७।।
को नाम भणेद्बुधः परद्रव्यं ममेदं भवति द्रव्यम्।
आत्मानमात्मनः परिग्रहं तु नियतं विजानन्।।२०७।।

यतो हि ज्ञानी, यो हि यस्य स्वो भावः स तस्य स्वः स तस्य स्वामी इति खरतरतत्त्वदृष्टय-वष्टम्भात्, आत्मानमात्मनः परिग्रहं तु नियमेन विजानाति, ततो न ममेदं स्वं, नाहमस्य स्वामी इति परद्रव्यं न परिगृह्णाति।

હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી ? તેનો ઉત્તર કહે છે :-

'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!
નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.

ગાથાર્થ :- [आत्मानम् तु] પોતાના આત્માને જ [नियतं] નિયમથી [आत्मनः परिग्रहं] પોતાનો પરિગ્રહ [विजानन्] જાણતો થકો [कः नाम बुधः] કયો જ્ઞાની [भणेत्] એમ કહે કે [इदं परद्रव्यं] આ પરદ્રવ્ય [मम द्रव्यम्] મારું દ્રવ્ય [भवति] છે?

ટીકા :- જે જેનો સ્વભાવ છે તે તેનું '[1]સ્વ' છે અને તે તેનો (સ્વ ભાવનો) સ્વામી છે-એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી 'આ મારું 'સ્વ' નથી, હું આનો સ્વામી નથી' એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી (અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી).

ભાવાર્થ :- લોકમાં એવી રીત છે કે સમજદાર ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી. તેવી જ રીતે પરમાર્થજ્ઞાની પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે, પરના ભાવને પોતાનો જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી. આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ-સેવન કરતો નથી.

ગાથા-૨૦૭ ઉપર પ્રવચન

'હવે પૂછે છે કે **જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી?**' '**अन्यस्य परिग्रहेण**' ના પાડીને. અન્યને પકડતો નથી. આને પકડ્યો તો આને પકડતો નથી. આહા..હા..! એને નિર્જરા થાય છે અને એ પરને કેમ ગ્રહતો નથી? પરિગ્રહ છેને? સ્વને જેણે ગ્રહ્યો છે એણે પરને ગ્રહવાનું શું કામ છે? એ કહે છે.

को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं।
अप्पाणमप्पणो परिगहं तु णियदं वियाणंतो।।२०७।।
'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!
નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.

'ટીકા :- **જે જેનો સ્વભાવ છે તે તેનું 'સ્વ' છે...**' ભગવાન આત્મા '**જે જેનો સ્વભાવ છે...**' સ્વ-ભાવ. '**તે તેનું 'સ્વ' છે...**' ભગવાન આત્માનો સ્વભાવ આનંદ અને જ્ઞાન. આહા..હા..! એ જેનું સ્વ છે. '**જે જેનો સ્વ...**' એટલે પોતાનો ભાવ તે તેનું સર્વસ્વ સ્વ છે. સ્વનો અર્થ કર્યો જુઓ, '**ધન;...**' જે જેનો સ્વભાવ છે તે તેનું

---

૧. સ્વ = ધન; મિલકત; માલિકીની ચીજ.

ધન છે. '**જે જેનો સ્વભાવ તે તેની...**' '**મિલકત;...**' છે. લ્યો આ મિલ્કત આવી તમારી. '**જે જેનો સ્વભાવ છે...**' તે તેની માલિકીની ચીજ છે. આનંદ સ્વરૂપ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એ સ્વ છે. સ્વનું છે. એ સ્વધન છે. ધર્મીનું સ્વધન આ છે. આહા..હા..! ચક્રવર્તીના રાજમાં પડ્યો દેખાય, પણ ધર્મીનું સ્વધન તો સ્વસ્વભાવ છે. સમજાણું કાંઈ? એ મિલ્કત છે એ જીવની. સ્વ આત્માનું જ્ઞાન આનંદ એ તો એની મિલ્કત પોતાની મિલ્કત છે અને માલિકીની ચીજ છે. ધણીયાતિ ચીજ છે ઈ. આહા..હા..! બહુ ગજબ વાત! અલૌકિક વાત! ટીકા તે પણ ટીકા છે. આહા..હા..!

એના વાચક શબ્દમાંથી એનું વાચ્ય કહે છે ભગવાન આત્માનો જે સ્વભાવ છે તે તેનું ધન છે. તે તેની માલિકીની ચીજ છે અને તે તેની મિલ્કત છે. કહો, આ તો તમારે સ્થાવર-જંગમ મિલ્કત કહે છેને. સ્થાવર મિલકત આટલી છે ને જંગમ મિલકત આટલી છે. એના ઉપર પછી આ રાજનું કાંઈક ચડે છેને.

મુમુક્ષુ :- આ મિલકત ઉપર

ઉત્તર :- આના ઉપર કાંઈ ન મળે. રાજા પણ .. બિચારા વેચી નાખો મકાન. કારણ કે મિલકત ગણે ને પાછા ઉપજ થોડીને દેવું પડે ઝાઝું. આહા..હા..! આ મિલકત અને માલિકીની ચીજ જ્ઞાનીને, ધર્મીને સ્વ-પોતાનું જે છે તે તેનો સ્વભાવનો સ્વામી છે. આહા..હા..! વસ્તુ જ્ઞાયકસ્વભાવ અને આનંદસ્વભાવ એ જીવનું સ્વધન અને માલિકીની મિલ્કત છે. માલિકીની મિલ્કત છે. એ એનો સ્વામી છે. ધર્મી જીવ તો આનંદ અને જ્ઞાયકભાવ તેનો સ્વામી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' આહા..હા..! એ સ્વામી છે સ્વનો એમ. '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિ...**' ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિના '**આલંબનથી...**' '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વ...**' સ્વભાવની '**દૃષ્ટિના આલંબનથી...**' આહા..હા..! ધર્મી '**આત્માને જ...**' આત્માને જ એટલે આત્મા ત્રિકાળી સ્વ છે, સ્વભાવવાળો એને જ. '**આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' એને જ પકડે છે એમ કહે છે. ગ્રહણ કરે છે. સમજાણું કાંઈ? આત્માનો પરિગ્રહ લ્યો એનો પરિગ્રહ સ્વ. આહા..હા..! સ્વ જ્ઞાયકભાવ, આનંદભાવ, અનંત ગુણના પવિત્ર ધામ એવો જે એનો સ્વભાવ નિજની મિલ્કત, માલિકીની ચીજ એનો સ્વામી છે, એને પોતે '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની...**' એને પકડેલો છે. એ પકડ્યો છે એ પરિગ્રહ છે. પરિ-સમસ્ત પ્રકારે ગ્રહણ-પકડ્યો છે. સમજાણું કાંઈ? ગ્રહણ કરવું આવે છેને છેલ્લામાં ૨૬માં? ધારવું એમ નહિ, ગ્રહણ કરવું. ઈ ચીજ જે અખંડ છે અભેદ એ સ્વ મિલ્કત છે અને સ્વધન છે. એને અવલંબે એને પકડવો. કોઈ રાગના, વિકલ્પના, વ્યવહારના અવલંબે

પકડવો એમ ન રહ્યું અહીં. આહા..હા..!

'**સૂક્ષ્મ તીક્ષ્ણ...**' સૂક્ષ્મ બુદ્ધિ અને તીખી-તીક્ષ્ણ બુદ્ધિ એનાથી તત્ત્વદૃષ્ટિ એ વસ્તુનો સ્વભાવ એની દૃષ્ટિ, એના આલંબનથી ધર્મી જીવ '**આત્માને જ...**' આ તો એકાંત થઈ ન જાય? સમજાય છે કાંઈ? ધર્મી જીવ એને કહીએ. પરમાત્મા તીર્થંકરદેવ કેવળી પરમેશ્વર એમ કહે છે કે ધર્મી એને કહીએ કે ધર્મ કરનાર એને કહીએ કે જે આત્મા સ્વ જ્ઞાન અને આનંદથી ભરેલો પદાર્થ છે પ્રભુ. એને જેણે સૂક્ષ્મ તત્ત્વદૃષ્ટિથી, આલંબનથી પકડ્યો છે. અંતર પકડ્યો અને અનુભવ કર્યો છે. આહા..હા..! એને ધર્મી કહીએ. કહો, સમજાણું કાંઈ? છેને? ભગવાન આત્મા એક સમયનો સંસાર અને વિકાર એક સમયનો છે. એ આખી ચીજ તો પૂર્ણ આનંદ અને જ્ઞાનથી શુદ્ધતાથી ભરેલી છે. અને તે આત્માનું સ્વધન છે. આ ધૂળ-બુળ એનું ધન નથી અને શરીર એનું નથી. રાગ પણ એનો નથી. આહા..હા..! એનું સ્વધન અંદર સિદ્ધ સમાન જે શુદ્ધ ચૈતન્ય ભગવાન પોતે છે અત્યારે. આહા..હા..!

એ '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી...**' એનું આલંબન છે એને. એનાથી આત્માને પકડ્યો છે. આહા..હા..! બહુ આકરી વાત. વીતરાગ માર્ગ એવો ઝીણો છે કે લોકોને વીતરાગને ઠેકાણે અન્ય માર્ગમાં પડ્યા અને માને છે એ વીતરાગનો માર્ગ છે. આહા..હા..! અહીં તો પરમાત્મા તીર્થંકરદેવ, અરિહંતદેવની વાણીમાં એમ આવ્યું કે ધર્મી કોને કહીએ? ધર્મ કરનાર કોને કહીએ? એણે શું કર્યું ધર્મ કર્યો એમાં? એમ. ધર્મ કર્યો એમાં એણે કર્યું શું? કે જે ત્રિકાળ આનંદમૂર્તિ પ્રભુ, ત્રિકાળ જ્ઞાયકસ્વભાવથી ભરેલો આત્મા એને પોતાનું સ્વધન માન્યું, એને માલિકીની ચીજ માની અને એ પોતાની મિલ્કત છે એમ માન્યું. આહા..હા..! એથી એણે પોતાના આત્માને જ. આત્માનો પરિગ્રહ એને જ પકડ્યો છે ઈ એનો પરિગ્રહ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મી જીવનો પરિગ્રહ શું? કે ત્રિકાળી આત્માને અનુભવવો અને પકડ્યો તે. આહા..હા..! એમ તીર્થંકરદેવ આમ સમવસરણમાં પ્રભુ કહે છે. એ વાણી અહીં આવી છે આ. આહા..હા..!

ભાઈ! તું કોણ છો? તું કેવો છો? કહે છે કે ભાઈ! તું તો આનંદ અને જ્ઞાનનો સાગર છો. આહા..હા..! એવી અનંતી-અનંતી ચૈતન્ય રત્નાકર સ્વભાવથી ભરેલો આત્મા છો. એ આત્માનો જે સ્વભાવ-સ્વસ્વભાવ ત્રિકાળી આનંદ, ત્રિકાળી જ્ઞાન, ત્રિકાળી શાંતિ, ત્રિકાળી સ્વચ્છતા, ત્રિકાળી પ્રભુતા. પ્રભુતાનું સ્વધન તો એ છે. આહા..હા..! આ ધૂળનું ધન નહિ, રાગનું નહિ અને એક સમયની પર્યાયનું ધન પરિગ્રહ પણ નહિ. આહા..હા..! કહો, પોપટભાઈ! શું કરવું આ બધા પૈસાવાળાને મોટા ઠરાવી દે. અહીં તો કહે તારું લક્ષ્મી ધન તો તારી પાસે છે. એવી લક્ષ્મી ક્યાંથી તારી આવી? એ તો ધૂળ, જડ છે.

મુમુક્ષુ :- એક કરતા હોય બે શું વાંધો? એક પોતે હોય...

ઉત્તર :- બરાબર છે. બે ઘોડે ચડે અને પછી બે ઘોડા આડાઅવળા થાય તો પડે નીચે. ઓલા સરઘસમાં છેને. સરઘસમાં કરે છે. સરઘસમાં બે ઘોડા એક પગ અહીં અને એક પગ અહીં. પછી ઘોડાને શીખવે તો સરખા ચાલે. નહિતર તો એક ઘોડો આમ ચાલે તો પડે નીચે.

મુમુક્ષુ :- બેયને સાચવતા આવડે.

ઉત્તર :- સાચવતા આવડ્યા, ધૂળેય ન આવડે. આહા..હા..! અહીં તો રાગનો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ એનો જે રાગ છે એનો ઈ જીવ સ્વામી નથી. એ જીવનું ધન નથી, માલિકીની ચીજ નથી. બહારની તો ક્યાં વાત કરવી? આહા..હા..! ભગવાનજીભાઈ! આવું સાંભળવું મળવું મુશ્કેલ થઈ ગયું. આહા..હા..! પરમાત્મા ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરોની વચમાં પ્રભુ આમ કહેતા હતા. ભાઈ! તું કોણ છો? તારામાં શું છે? તારામાં પૂર્ણ આનંદ, જ્ઞાન, સ્વચ્છતા, પ્રભુતા પૂર્ણ પરમેશ્વર ભર્યું છે. પરમ ઈશ્વરતા તારામાં પડી છે. આહા..હા..! એ તારી માલિકીની ચીજ છે. એનો તું માલિક છો અને એ તારું ધન છે. આહા..હા..!

એથી એવા ભગવાન આત્માને '**सूक्ष्म तीक्ष्ण तत्त्वदृष्टि...**'થી એમ કહ્યુંને? '**सूक्ष्म तीक्ष्ण...**' ઝીણી ભાવને પકડવાની દૃષ્ટિના આલંબનથી આત્માને પકડ્યો. આનું નામ સમ્યગ્જ્ઞદર્શન એનું નામ ધર્મ અને એનું નામ નિર્જરા. આહા..હા..! કહો, સમજાણું કાંઈ આ તો અપવાસ કર્યો બે, પાંચ, દસ ને વર્ષીતપ કર્યા તો થઈ ગઈ ધર્મની નિર્જરા. ધૂળેય નથી સાંભળને તને ખબર નથી. આત્મા કેવડો ક્યાં છે એની ખબર વિના ધર્મ કરનારો કેવડો છે? ધર્મ કરવું એ તો પર્યાય છે, પણ એ છે દ્રવ્ય કેવું? આહા..હા..! ઈ કહેશે આમાં જુઓ. અચિંત્ય ચિંતામણિ દેવ ભગવાન આત્મા છે અંદર રતન છે. આહા..હા..! એ તારું ધન છે, એ તારી લક્ષ્મી છે, એ જ તારું સ્વરૂપ છે, એનો તું સ્વામી છો. આહા..હા..! દયા, દાન, વ્રતના, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે એ તારું સ્વ નહિ અને એનો તું સ્વામી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ કેવો આ તો ભાઈ! એ માર્ગ જ એવો છે. આહા..હા..!

કહે છે '**तत्त्वदृष्टिना आलंबनथी...**' ભાષા કેવી કરી જોયું? એ તત્ત્વ '**सूक्ष्म तीक्ष्ण तत्त्वदृष्टिना...**' આધારથી '**आत्माने ज आत्मानो परिग्रह नियमथी जाणे छे,...**' એણે આત્માને પકડ્યો, ગ્રહણ કર્યો એ જ મારો પરિગ્રહ અને એ જ મારી માલિકીની ચીજ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મી બીજે બધેથી ઉઠી ગયો છે કહે છે. નિમિત્તથી, વિકલ્પથી અને એક સમયની પર્યાયથી ઉઠી ગયો છે. અને બેઠો છે ત્રિકાળ ધ્રુવસ્વભાવમાં એમ કહે છે. સમજાણું કાંઈ? એ આત્માનો પરિગ્રહ '**आत्माने ज आत्मानो परिग्रह नियमथी जाणे छे,...**' આહા..હા..! સમજાણું કાંઈ? ચક્રવર્તીનું રાજ હોય, ઈન્દ્રના ઈન્દ્રાસન

હોય દેવને, પણ એ સમ્યગ્દૃષ્ટિ જીવ એમ જાણે છે. આહા..હા..! મારી ચીજમાં તો પૂર્ણ આનંદ અને જ્ઞાનથી ભરેલો એ મારું સ્વ. આ નહિ... આ નહિ... સમજાણું કાંઈ? એને નિર્જરા થાય. અજ્ઞાનીને નિર્જરા કેવી? એ આત્મા કોણ છે? કેવડો છે એને તો પકડ્યો નથી. એને ધર્મ કેવો? સમજાણું કાંઈ?

કહે છે અમૃતચંદ્રાચાર્ય ટીકાકાર પોકાર કરે છે હવે. લ્યો, આ તો હજાર વર્ષ પહેલા મુનિ થયા. પંચમ આરામાં. કોઈ કહે કે આવી વાત તો વળી ચોથા આરાની હશે. પંચમ આરાના મુનિ એમ કહે છે. છોટુભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- અમૃત વરસાવ્યા છે.

ઉત્તર :- અમૃત વરસાવ્યા છે. આહા..હા..! ભાઈ! તને પાંચમો આરો, ચોથો આરો કોઈ લાગુ પડતો જ નથી. આહા..હા..! ઈ કાળને પકડવો ઈ ક્યાં ત્યાં તું છો? આહા..હા..! વિકલ્પને પકડવો એ તું નથી. આહા..હા..! કહો શ્રીપાલજી! આવી વાતું બહુ ભાઈ! વીતરાગમાર્ગના પંથડા વીતરાગ પરમાત્માનો પંથ અલૌકિક છે. પંથે ગયો એને પરમાત્મા થયા વિના છૂટકો નહિ એમ કહે છે. આહા..હા..! આ નિર્જરા પછી તો કેવળ થાય ને એમ કહે. આહા..!

'**આત્માને જ આત્માનો પરિગ્રહ...**' ધર્મી જીવ તો આત્માને, આવો જે સ્વભાવવાળો આત્મા એને જ પોતાનો પરિગ્રહ એટલે પકડવાલાયક ને ટકવાલાયક ને સ્વસ્વામીપણે કિંમત મારી આ ચીજ એ ધનનો એ ધર્મી સ્વામી છે. છતાં વળી બહારમાં દેખાય. હજારો ઈન્દ્રાણીઓ, કરોડો ઈન્દ્રાણીઓ ઈન્દ્ર બહારમાં બધું હોય ભલે એને ઘરે. ધર્મી પોતામાં એ કાંઈ છે એમ માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? 'પક્કડ પક્કડમેં ફેર હૈ.' અમારી એક છોડી હતી ત્યાં. ઈ કહેતી હતી. છોડી હતી ત્યાં. ...ની દીકરી હતી. બરવાળા. પોપટભાઈનો દીકરો પરણ્યો હતો.. છોડી એકલી હતી. મા મરી ગઈ હતી છોકરીની. નાની સાત વર્ષની. પછી એને ક્ષય થઈ ગયો. આહા..હા..! .. પછી .. 'પક્કડ પક્કડમેં ફેર હૈ.' એમ બોલતી. ભૂલી ગયા. મીંદડી જેમ બચ્ચાને પકડે અને મીંદડી જેમ એના ઉંદરને પકડે પક્કડ પક્કડમાં ફેર છે. ઉંદરને પકડે એ આમ ભીંસથી પકડે દાંત મારીને. અને એ જ મોઢામાં બચ્ચાને પકડે. સાત દિ' ફેરવે છેને? મોઢું પોલું રાખીને પકડે. એમ ધર્મીને રાગાદિ બધું દેખાય એ પકડ્યું નથી કહે છે. પોલમાં બીજી ચીજ છે એમ દેખે છે ઈ. આહા..હા..! અજ્ઞાનીને તો એ રાગ અને પરની પક્કડ છે. જેમ ઓલા ઉંદરને પકડે એમ એને પક્કડ છે. સમજાણું કાંઈ?

ધર્મી એને કહીએ. આહા..હા..! જેને '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી...**' જેણે આત્માને આત્માનો પરિગ્રહ પકડ્યો છે. આહા..હા..! એથી એને નિશ્ચયથી આત્માના સ્વભાવ છે એ જ એનો પરિગ્રહ છે. કહો, એ એની ચીજ છે. આહા..હા..! એ દયા, દાન અને

વ્રતના પરિણામ આવે એ પણ એની ચીજ નહિ. આહા..હા..! એ એનો સ્વભાવ નહિ, એનો એ સ્વામી નહિ. કહો, પંડિતજી! ભારે ધર્મ આવો! '**આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી...**' આ કારણે ''**આ મારું 'સ્વ' નથી,...**' આહા..હા..! રાગાદિનો વિકલ્પ જે ઉઠે એ પણ આ મારું સ્વ નથી. સ્વ જે ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદ અને જ્ઞાનનો નાથ પોતે એ મારું સ્વ છે એમ જે અંદર પકડ્યું અને અનુભવ્યું છે. એથી રાગનો વિકલ્પ વ્યવહારરત્નત્રયમાં હવે એ મારું સ્વ નથી. આહા..હા..!

''**આ મારુ...**' પાછું આમાં સિદ્ધ તો કર્યું એ છે બીજી ચીજ. એમ છે કીધુંને? આહા..હા..! એ પંચ મહાવ્રતના પરિણામ ઉઠે કે ભગવાનની ભક્તિ અને નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... એવો જે વિકલ્પ ઉઠે રાગ છે એ તો. ધર્મી એને જાણે છે કે આ રાગ એ મારી ચીજ નહિ. કહો, ભગવાનજીભાઈ! તો પછી પૈસા ક્યાંથી ગરી ગયા એના? આ બધા પૈસાવાળા એમ કહે છેને. એય..!

મુમુક્ષુ :- કોઈનું કાંઈ જોઈએ

ઉત્તર :- કોઈનું કાંઈ નથી. પોતે પોતામાં રહે છે. છે એ રહેશે. આહા..હા..! ઉઠાવગીરે મારું નથી એને પોતાનું માન્યું છે. અને જેણે દૃષ્ટિ ઉઠાવી દીધી છે પરથી ઈ કહે આ સ્વ મારું નહિ. એ સ્વ મારું નહિ. આ મારું સ્વ નહિ. આહા..હા..! ભગવાનની ભક્તિનો રાગ, પાંચ પરમેષ્ઠીના સ્મરણનો રાગ કે મહાવ્રતનો રાગ એ ધર્મી એમ જાણે છે કે ''**આ મારું 'સ્વ' નથી,...**' આહા..હા..! કહો, ગીરધરભાઈ! ત્યાં હતું ત્યાં? સાંભળ્યું ત્યાં? નાગરભાઈને બધા વયા ગયા બિચારા એમ ને એમ. આહા..હા..! આવી ચીજ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવ ત્રિલોકનાથ અરિહંતના માર્ગમાં છે આ. જેને એ માર્ગની ખબર નથી ત્યાં અરિહંતનો માર્ગ નથી. આહા..હા..!

'**તેથી 'આ મારું 'સ્વ' નથી, હું આનો સ્વામી નથી'...**' છે? જે મારું સ્વ નથી, મારું ધન જ નથી, મારી વસ્તુ જ નથી. રાગાદિ વ્યવહારનો વિકલ્પ જે ઉઠે છે એ મારી મિલ્કત જ નથી. આહા..હા..! એનો હું સ્વામી નથી, એ મારું સ્વધન જ નથી. આહા..હા..! પારકાનું ધન પોતામાં ખતવે એ તો જગતમાં લૌકિકમાં પણ મૂર્ખ કહેવાય. આહા..હા..! અહીં કહે છે પરમાત્મા કહે છે કે ધર્માત્મા એને કહીએ. આહા..હા..! કે આ મારું છે આ સ્વરૂપ. ચિદાનંદસ્વભાવ શુદ્ધ ચૈતન્યરૂપ એ સ્વ હું એની પક્કડ કરીને એ મારો પરિગ્રહ છે, મેં એને પરિ નામ સર્વથા પ્રકારે પકડ્યો છે, ગ્રહ્યો છે, જાણ્યો છે, અનુભવ્યો છે. આહા..હા..! અને આ વિકલ્પ જે ઉઠે એ મારું સ્વ નહિ, હું એનો સ્વામી નહિ. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ મારું સ્વ નહિ એમ કહે છે. કહો, વાડીભાઈ! મારું સ્વ અને હું એનો સ્વામી નહિ.

'**એમ જાણતો થકો...**' આહા..હા..! રાગના વિકલ્પથી પણ જ્યાં ભેદજ્ઞાન કર્યું છે

એને જુદા તરીકે જાણે છે એનો એ સ્વામી કેમ થાય? સમજાણું કાંઈ? એ હું નહિ અને એનો હું સ્વામી નહિ. વ્યવહાર જેટલો દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ ઉઠે એનો હું ધણી નહિ. ધણી થાય તો મિથ્યાદૃષ્ટિ છે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એમ જાણતો થકો...**' એમ. '**પરદ્રવ્યને પરિગ્રહતો નથી...**' એમ. રાગાદિમાં એકત્વ કરતો નથી. રાગાદિ વિકલ્પ હોય છે, પણ એ પોતાના સ્વભાવમાં તેને એકત્વ કરતો નથી. આહા..હા..! આવી ધર્મની ચીજ ભારે ભાઈ! વીતરાગમાર્ગનો પંથ. વીતરાગમાર્ગમાં તો વીતરાગતા જ પોતાની હોયને? કે રાગ પોતાનો હોય? આહા..હા..!

મુમુક્ષુ :- હજાર વાતોનો સાર આ એક છે.

ઉત્તર :- આહા..હા..!

'**(અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી).**' ધર્મી. આહા..હા..! બદામનો મેસુબ હોય અને એની થાય વિષ્ટા એને પોતાની માને? સંગ્રહે? આ બદામ તો મોંઘી કહેવાય. કોક કાલે કહેતું હતું. ૪૫ રૂપિયે શેર. ઓહો..! રૂપિયા ભારેય ન થઈ. કહો એવો મેસુબ ખાધો હોય અધશેર અને એની થાય વિષ્ટા સંગ્રહતો હશે ડબામાં? એમ વિકલ્પ છે એ તો. આહા..હા..! કહે છે કે એ ઓકી નાખેલી ચીજ છે. કાઢી નાખેલી ચીજ છે રાગ. એને પોતાનો સ્વભાવ માને અને સ્વામી થાય એ ધર્મી નહિ. એ મિથ્યાદૃષ્ટિ જૈન નહિ. એને જૈનની ખબર નથી. આહા..હા..! ધર્મી એના રાગના ભાવને પોતાનો જાણતો નથી. પોતાનું છે એમાં રાગ નથી, રાગ છે એમાં પોતાપણું નથી. આહા..હા..! પરિગ્રહ કરતો નથી. રાગને પોતામાં મેળવતો નથી, ભેળવતો નથી. આહા..હા..!

એક જણાએ જમણ કર્યું હતું. પછી લાડવામાં ઘી નાખ્યું સારું. પછી એને વિચાર થયો કે એણે ઘી નાખ્યું ઈ કરતા હું વધારે નાખું થોડું તો સારું કહેવાય મને બહારમાં. રાતે બે ડબા ઉપાડ્યા ઘીના. ઘીના ઠેકાણે હતા ઘાસતેલના. ઓલા કરેલું ખરું બીજા આપણા ભેગા થાયને માણસો. લાડવા વાળવામાં ભેગા થાયને. એણે કર્યું હતું. ચુરમાના લાડવામાં ઘી. અને ઓલો ઉઠીને પોતે પોતાની મેળાએ બે-ચાર ડબા લઈ અને મેળવ્યા અને બીજા માણસ ઘરમાં હતા એ લાડવા લઈને આવ્યા. સારા. પણ આવડત નહિ કે આ ડબા ઘાસતેલના છે કે ઘીના છે. સવારે જ્યાં ખાવા માંડ્યા. ઈ જાણે કે હવે વખાણ બહુ કરશે આ. લાડવામાં ઘી બહુ નાખ્યું છે. એમાં ખાવા બેઠ્યા. અરર..! એલા આ તો ઘી? આમાં તો ઘાસતેલ છે. હાય.. હાય.. આ શું? ભાન નહિ કે આમાં ઘાસતેલના ડબા છે કે ઘીના ડબાની ખબર ન મળે. એય..! સારું કરવા ગયો. એમ રાગને કરીને પોતાનું માને તો સારું કરવા ગયો. ઈ ઘાસતેલના ડબા નાખ્યા છે ઘીને ઠેકાણે. આહા..હા..! સમજાણું કાંઈ? શુભરાગ છેને? શુભરાગ છેને? પ્રશસ્ત રાગ છે કે નહિ? પ્રશસ્ત રાગ નથી? પંચાસ્તિકાયમાં કહ્યું પ્રશસ્ત

રાગ. એ તો અશુભની અપેક્ષાએ પ્રશસ્ત કહ્યો, બાકી છે ઝેર. આહા..હા..! ધર્મી ઝેરનો સ્વામી થાય નહિ. આહા..હા..!

'**લોકમાં એવી રીત છે કે સમજદાર ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી,...**' કોઈ સજ્જન માણસ હોય. પડ્યો હોય દાગીનો બહાર લ્યોને. .. દેખાણો કે આ દાગીનો. પણ આ દાગીનો આપણો નથી. આપણાથી લેવાય જ નહિ. કારણ કે જેનો ખોવાણો ઈ આ જગ્યાએ ખોવાણો છે. એ જગ્યો આવશે ત્યારે આપણે લઈ લઈએ તો પછી .. થાય? લે નહિ. '**ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી. તેવી જ રીતે પરમાર્થજ્ઞાની...**' ઓલો લૌકિક લેવું. '**પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે,...**' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાન અને આનંદથી ભરેલો પ્રભુ એ પોતાનો પરિગ્રહ એને જાણે ધર્મી. રાગ ને શરીર ને વાણી ને ધન ને ધૂળને, એ બાયડી-છોકરાનો સ્વામી સમકિતી થાય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

ધર્મી સ્ત્રી, કુટુંબ, પરિવારને સ્વ જાણતો જ નથી. તેથી તેનો સ્વામી થતો નથી. આહા..હા..! બહારમાં તો એમ કહેવાય કે આ પત્નીનો પતિ છે. અહીં ના પાડે છે કે ભગવાન ધર્મી જીવ હોય એ પરચીજનો સ્વામી થાય જ નહિ. ભાષામાં એમ આવે કોક પૂછે તો કે આ મારી પત્ની છે, પણ એ અદ્ધરથી બધી વાતું. સમજાણું કાંઈ? અહીં પૂછે નહિ? લોકમાં પૂછે કોકને કે આ છોકરા કોના? પાડોશીના છે. કોઈ પૂછે મારા છે એમ કહેવું .. અંદરમાં તો પોતાના માને છે. પરમે.. એમ લેવું. આહા..હા..!

અહીં ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા કહે છે કે જેને પોતાનું સ્વામીપણું સ્વનું જણાણું એ આ રાગ અને શરીરનો એ સ્વામી થતો નથી. આહા..હા..! મકાન હોય, પૈસા હોય, બાયડી, તો પાછો સમકિતી હોય એ બાયડી પરણે લ્યો. અંદરમાં એ રાગને પોતાનો માનતો નથી તો પરણે કોની સાથે? મારે ગજબ વાતું!

'**પરમાર્થજ્ઞાની પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે, પરના ભાવને પોતાનો જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી.**' આહા..હા..! ધર્મીને આત્મા જણાણો છે, અનુભવાણો છે એથી આત્માથી વિરુદ્ધ વિકલ્પ આદિને પણ પકડતો નથી. '**આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ-સેવન કરતો નથી.**' પરને ગ્રહી અથવા પરનું સેવન ધર્મી કરતો નથી. આહા..હા..! સ્ત્રીનું સેવન કરે, દાળ-ભાત સેવે, મોસંબી ખાય. અંતરમાં વિકલ્પને પરનો સ્વામી છે નહિ. પરનું સેવન પોતાને માનતો જ નથી. આહા..હા..! એ તો આત્માના આનંદનું સેવન એ મારું સ્વરૂપ એમ ધર્મી જાણે છે. એને નિર્જરા થાય. બાકી બધા અપવાસ કરીને મરી જાય લાખ અને કરોડ. આવું જ્યાં માન નથી તેને નિર્જરા ન થતાં મિથ્યાત્વનો બંધ થાય.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૦૮

अतोऽहमपि न तत् परिगृह्णामि –

मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।
णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।२०८।।
मम परिग्रहो यदि ततोऽहमजीवतां तु गच्छेयम्।
ज्ञातैवाहं यस्मात्तस्मात परिग्रहो मम।।२०८।।

यदि परद्रव्यमजीवमहं परिगृह्णीयां तदावश्यमेवाजीवो ममासौ स्वः स्यात्, अहमप्यवश्यमेवा-जीवस्यामुष्य स्वामी स्याम्। अजीवस्य तु यः स्वामी, स किलाजीव एव। एवमवशेनापि ममाजीवत्वमापद्येत। मम तु एको ज्ञायक एव भावः यः स्वः, अस्यैवाहं स्वामी; ततो मा भून्ममाजीवत्वं, ज्ञातैवाहं भविष्यामि, न परद्रव्यं परिगृह्णामि।

'માટે હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહું' એમ હવે (મોક્ષાભિલાષી જીવ) કહે છે :-

પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.

ગાથાર્થ :- [यदि] જો [परिग्रहः] પરદ્રવ્ય-પરિગ્રહ [मम] મારો હોય [ततः] તો [अहम्] હું [अजीवतां तु] અજીવપણાને [गच्छेयम्] પામું [यस्मात्] કારણ કે [अहं] હું તો [ज्ञाता एव] જ્ઞાતા જ છું [तस्मात्] તેથી [परिग्रहः] (પરદ્રવ્યરૂપ) પરિગ્રહ [मम न] મારો નથી.

ટીકા :- જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારું 'સ્વ' થાય, હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં; અને અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય. એ રીતે અવશે (લાચારીથી) પણ મને અજીવપણું આવી પડે. મારું તો એક જ્ઞાયક ભાવ જ જે 'સ્વ' છે, તેનો જ હું સ્વામી છું; માટે મને અજીવપણું ન હો, હું તો જ્ઞાતા જ રહીશ, પરદ્રવ્યને નહિ પરિગ્રહું.

ભાવાર્થ :- નિશ્ચયનયથી એ સિદ્ધાંત છે કે જીવનો ભાવ જીવ જ છે, તેની સાથે જીવને સ્વ-સ્વામી સંબંધ છે; અને અજીવનો ભાવ અજીવ જ છે, તેની સાથે અજીવને સ્વ-સ્વામી સંબંધ છે. જો જીવને અજીવનો પરિગ્રહ માનવામાં આવે તો જીવ અજીવપણાને પામે; માટે જીવને અજીવનો પરિગ્રહ પરમાર્થે માનવો તે મિથ્યાબુદ્ધિ છે. જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ. જ્ઞાની તો એમ માને છે કે પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી, હું તો જ્ઞાતા છું.

ફાગણ વદ-૧૪, સોમવાર, તા. ૦૨-૦૪-૧૯૭૩
ગાથા-૨૦૮-૨૦૯, પ્રવચન-૩૫૬

ગાથા. જ્ઞાની ૨૦૭માં આવ્યું. નિર્જરા અધિકાર છેને? કે જ્ઞાની પરદ્રવ્યને પોતાનું કરતો નથી. આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એને પોતાનું કરીને પરને પોતાનું કરતો નથી. ત્યારે જ્ઞાની કહે હું પણ પરદ્રવ્યને નહિ પકડું. એ ૨૦૮.

मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।
णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।२०८।।
પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.

એની '**ટીકા :- જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' ધર્માત્મા પોતાના સ્વભાવને ચૈતન્ય શુદ્ધ આનંદઘન પ્રભુ રાગાદિ પરવસ્તુ જે પરદ્રવ્ય છે એ મારા નથી. એને જ હું પરિગ્રહું-પકડું કે રાગ મારો છે તો હું જરૂર અજીવ બનું. '**તો અવશ્યમેવ તે અજીવ મારું 'સ્વ' થાય,...**' શું કહે છે? સ્વ અને પરની જુદાઈમાં જ્ઞાનીને હું તો આત્મા આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો દરિયો છું. મારામાં એ દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે એ પણ મારા નથી. એ તો અજીવ છે. અચેતન છે. ચેતન એને જો પોતાના ગ્રહે, માને તો ચેતન અચેતન થઈ જાય. સમજાણું કાંઈ?

'**જો અજીવ પરદ્રવ્યને...**' એ અજીવ પુણ્ય અને પાપના વિકલ્પથી માંડીને બધું અજીવ. જીવપણું નહિ એમાં. જીવનું જીવપણું નહિ. તો જ્ઞાન અને આનંદ આદિ સ્વભાવપણું એ જીવનું જીવપણું છે. એવી દષ્ટિવંતને કહે છે કે હું જો પરદ્રવ્યને પરિગ્રહું. શુભરાગનો વિકલ્પ જે પુણ્યનો ઉઠે એને પણ જો મારા માનું તો જીવપણું છૂટીને અજીવ થઈ જાય. આહા..હા..! લક્ષ્મી-લક્ષ્મી તો ક્યાંય રહી ગઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૂર વઈ ગઈ એટલે? એ મારી નથી. એ તો ક્યાંય .. રહી. આહા..હા..! લક્ષ્મી, શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, રાજપાટ બધું લ્યોને. એ તો ક્યાંય પડ્યા. એ તો બધા પર અજીવ છે. આ જીવ એમાં નથી. એ બધું અજીવ છે. આહા..હા..! પણ અહીંયાં તો વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઉઠે. દેવની શ્રદ્ધા, ગુરુની શ્રદ્ધા, શાસ્ત્ર ..નો આદિ વિકલ્પ

ઉઠે એ જીવપણું એમાં ક્યાં છે? આહા..હા..! હું જો એક અચેતન રાગને મારો માનું, રાગ અચેતન છે, અજીવ છે તો હું અજીવ થઈ જાવ. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરને આત્મબુદ્ધિ શરીર એ તો ક્યાંક રહી ગઈ. બહુ સ્થૂળ.

અહીંયાં તો ભગવાન આત્મા નિર્જરા કોને થાય એની વાત ચાલે છેને? ધર્મ કોને થાય? ચૈતન્ય સ્વરૂપી આત્મા આનંદનો સાગર હું છું. હું તો જ્ઞાતા-દ્રષ્ટા છું. જાણનાર-દેખનારની પર્યાયનો રચનાર એ પણ વ્યવહારનયથી છે. રચાય છે. હું એક જાણનાર-દેખનાર ઈ જાણવા-દેખવા આદિની પર્યાયની રચના પણ તે કાળે સ્વતઃ થાય છે. એમાં રાગના કણને પણ જો મારા માનું, એનું અસ્તિત્વ છે ઈ મારું અસ્તિત્વ છે, રાગની હયાતી એ મારામાં હયાતી છે. એમ માને તો એ જીવ જીવપણે રહેતો નથી. આ બધા મકાન-મકાન શું બે-બે લાખના મકાન આત્મા છે જ નહિ એમ કહે છે. એય..! આહા..હા..! આ તો સત્ય આવ્યું છે. પરમેશ્વર વીતરાગદેવે જે સત્ય જોયું અને જાણીને પ્રગટ કર્યું એ તો સત્ય આવું છે. કે એમાંથી તો પરિણતિ નિર્મળ ધારા વહે. એ કાંઈ રાગને વહે અને પોતાનું માને એવું ચૈતન્યમાં તો છે નહિ.

જાણનાર જાણનારને જાણે એમાં રાગાદિ દેખાય. દેખાય રાગની તે વખતની, તે પ્રકારની જ્ઞાનની પર્યાય જણાય છે. એમાં કહે છે કે રાગ જણાય અને એ રાગને હું મારો માનું. વ્યવહારરત્નત્રયનો શુભરાગ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રના ભણવાની વૃત્તિ એ બધી મારી ચીજ છે એમ જો માને તો હું અજીવ થઈ જાવ. આહા..હા..! આવો માર્ગ અંદર સમ્યગ્દર્શન વિના જેને ચારિત્ર અને આવી વીતરાગતા ક્યાંથી આવે? કારણ કે જ્યાં હજી પર રાગના કણને પણ શુભભાવ છે એ મારું આચરણ છે, મારે આચરણ કરવા જેવું છે એવું જ્યાં માન્યું છે ત્યાં તો એ અજીવ છે. આહા..હા..!

'જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...' અજીવ એટલે એકલા શરીર ને વાણી, મન જડ એમ નહિ. એ રાગનો વિકલ્પ છે ઈ અજીવ, અચેતન, જડ છે. અંતર દ્રષ્ટિના વલણમાં જ્યાં પરિણતિ નિર્મળ થાય છે ત્યાં મલિનનો વિકલ્પ પણ મારો છે એમ માને, તેમ પકડે, એકત્વ થાય એ રાગનું સેવન, સ્વભાવનું સેવન છોડીને એકલા રાગને જ વેદે, સેવે **'તો અવશ્યમેવ તે અજીવ મારું 'સ્વ' થાય,...'** તો અજીવ એ મારું સ્વધન થાય, મારી મિલકતની ચીજ એ થાય. મારી માલિકની ચીજ તો આનંદ અને જ્ઞાનાદિ શુદ્ધ સ્વભાવ એ મારું સ્વ, એ મારી માલિકીની ચીજ એનો હું માલિક. આહા..હા..! સમજાય છે કાંઈ? એ મારું સ્વધન છે. રાગનો વિકલ્પ ઉઠે એ પણ મારું સ્વ નહિ. એ તો અજીવ છે. આહા..હા..! એ અજીવની સાથે જો એકતા કરું, એમ માનું કે અજીવથી મને કલ્યાણ થશે, રાગના ભાવથી મારું કલ્યાણ થશે તો તો હું અજીવ થઈ જઈશ. કહો, ભગવાનજીભાઈ! ભારે આકરું! આહા..હા..!

જ્યાં સંસાર પરિભ્રમણનો અંત છે એવા અંતર તત્ત્વમાં રાગનું ઉત્પન્ન થવું એ પણ અજીવનું ઉત્પન્ન થવું છે. આહા..હા..! નિર્જરા છેને. અહીંયાં તો શુદ્ધનું ઉત્પન્ન થવું. વસ્તુ પરમાત્મસ્વરૂપ પોતે એને જ્યાં અંતર પકડ્યો એટલે કે એના તરફનું જ્યાં વલણ થયું ત્યાં તો શુદ્ધતાનું જ પરિણમન વહે છે. અશુદ્ધતાનો અંશ એ મારો નહિ. આહા..હા..! અહીં તો હજી કહે વ્યવહાર કરો અને કરતાં-કરતાં નિશ્ચય થાય. વિરુદ્ધ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

જો તું '**अवश्यमेव**' છેને? '**एवं**' અવશ્ય જરૂર જ. જરૂર તે અજીવ મારું સ્વ થાય. '**अवश्यमेव**' છેને જ? '**હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં;...**' બે વાત કરી. આહા..હા..! મારા ચૈતન્યઘન સ્વભાવમાં રાગનો કણ અને રજકણ એ મારામાં નહિ. મારામાં છે એ તો આનંદ ને જ્ઞાન ને શાંતિ ને જ્ઞાતા-દૃષ્ટા એ મારામાં. સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ એમ જાણે છે કે હું તો જાણનાર, દેખનાર એવું તત્ત્વ છુંને. જગત દૃશ્ય, .. દૃષ્ટા અને જ્ઞાતા એ પણ વ્યવહાર છે. સમજાય છે કાંઈ? રાગ જ્ઞેય, હું જ્ઞાતા, રાગ દૃશ્ય, હું દૃષ્ટા એ પણ વ્યવહાર છે. તો એ રાગનો કણ છે એ જો હું મારા તરીકે સ્વીકારું. એટલે કે જ્ઞાતા-દૃષ્ટામાં હું એને ભેળવું. આહા..હા..! તો તો અજીવ મારું સ્વ થાય. વાત તો ઘણી સીધી છે પણ હવે. આહા..હા..!

'**હું પણ...**' એ અજીવ મારું સ્વ થાય? એમ પહેલું કહ્યું. રાગાદિનો કણ ઉત્પન્ન થાય એ કાંઈ ભગવાન આત્માનો નથી. એ રાગ છે એ મારું છે એમ હોય તો મારું એ સ્વ થઈ જાય. એટલે અજીવ જીવનો થઈ જાય. અને હવે બીજો બોલ. '**હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં;...**' રાગ છે એ મારો છે એમ માનું તો રાગ મારું સ્વ થાય અને હું એનો સ્વામી થાઉં. આહા..હા..! આવું. '**હું પણ...**' પણ એટલે? ઈ મારું સ્વ થાય અને હું પણ એનો થઈ જાઉ. એનો થઈ જાઉ એટલે એનો સ્વામી થાવ. આહા..હા..! અસ્તિ-નાસ્તિ. આ અનેકાંત છે. રાગ પણ મારો છે અને સ્વભાવ પણ મારો છે એમ બે નહિ. આહા..હા..!

'**અને અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય.**' આહા..હા..! ભેંસનો સ્વામી તો પાડો હોય. ભેંસા. ભેંસનો સ્વામી માણસ હોય? તો કહે છેને કે અમારે એટલી ભેસું છે, અમારે આટલી ગાયું છે, અમારે આટલા દીકરા છે લ્યો. ખોટી વાત છે. આહા..હા..! અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય. આહા..હા..! એ રાગ મારું સ્વ થાય અને હું એનો સ્વામી થાઉં તો જરૂર એ રીતે અજીવ જ હોય. એ તો અજીવ જ રહ્યો, જીવ ન રહ્યો ત્યાં. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં તો એને મિથ્યાત્વનો બંધ પડે એમ કહે છે. નિર્જરા થાય નહિ. આહા..હા..! એ મહાવ્રતની, પરિણામની ક્રિયા એ પણ જો મારી તરીકે હું એને સ્વ તરીકે સ્વીકારું તો એ તો મારી ચીજ થઈ ગઈ અને મારી થઈ એટલે

હું એનો સ્વામી થયો. હું એનો સ્વામી થયો એટલે અજીવ થયો. રાગ પોતે અજીવ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! ભારે આકરી આવી વાતું. ઈ કરતા તો વ્રત પાળતા, ચોવિહાર કરતા ધર્મ થતો હતો લ્યો. આ વળી બીજો નીકળ્યો ધર્મ. ચોવિહાર કરવો છે એનો જે વિકલ્પ ઉઠે છે, ઉપવાસ કરવો એવો જે વિકલ્પ ઉઠે છે રાગ. એ રાગ છે એ મારામાં જો માનું તો મારું એ સ્વ થઈ ગયું. અને સ્વ થયું એટલે હું એનો ધણી થયો અને ધણી થયો એટલે હું અજીવ થયો. કેમકે અજીવનો સ્વામી તો અજીવ હોય. આહા..હા..! ગજબ વાત કરી છે. ૨૦૮.

'**એ રીતે અવશે (લાચારીથી) પણ...**' ભલે હું જીવ-અજીવ ન થાઉં એમ કોઈ માને પણ લાચારીથી પણ '**મને અજીવપણું આવી પડે.**' આહા..હા..! જરૂર રાગનો ભાવ એ આસ્રવભાવ, અજીવભાવ, અચેતનભાવ, અશુચિભાવ, જડભાવ. આહા..હા..! અજીવભાવ એને હું મારું માનું તો એ મારી ચીજ થઈ ગઈ, સ્વ થઈ, હું એનો સ્વામી થયો અને જે જેનો સ્વામી હોય તે અજીવનો સ્વામી અજીવ હોય. આહા..હા..! આવો ધર્મ છે લ્યો. પાછું એમ કહેવું, અંદરમાં માનવું અને વળી પાછું કહે કે આ વસ્તુ મારી છે એમ બોલવું. બોલવાની વાત જુદી થઈ ગઈ. બોલવાની ભાષા જુદી છે. એ ભાષાનો પણ ત્યાં સ્વામી છે જીવ. આહા..હા..! એકલું ચૈતન્યબિંબ જ્ઞાયકભાવ એ તો લોકાલોકને જાણનારો, લોકાલોકની હયાતીને લઈને નહિ. પોતાની સત્તાનો સ્વભાવ એવો છે કે પોતે સર્વજ્ઞ સ્વભાવી હોવાથી સર્વજ્ઞસ્વભાવરૂપે તવું એટલે જ્ઞાતા-દ્રષ્ટાપણે થવું. સર્વજ્ઞ એટલે સર્વને જાણવાપણે થવું એ તો એનું સ્વરૂપ છે. એમાં અટકતી રાગની વૃત્તિને પોતામાં ખતવવી, પોતાના સ્વભાવમાં અભ્યાસ વિભાવનો તાદાત્મ્ય અભ્યાસ થવો એ રાગ એ વિભાવ છે, વિભાવ એ અચેતન છે, અચેતન એ અજીવ છે, અજીવ એ જડ છે. એનો તાદાત્મ્ય અધ્યાસ એતો કહે છે કે અજીવ થઈ ગયો. ઓહો..હો..! ઈ વાત તો સાંભળે તો માણસને એમ થઈ જાય કે આ આવું કેવું છે? આવો ધર્મ કેવો? પંચ મહાવ્રત... આહા..હા..! મહાવ્રત પાળવા, અઠ્યાવીશ મૂળગુણ પાળવા એને તો ચારિત્ર કહ્યું શાસ્ત્રે વ્યવહાર.

મુમુક્ષુ :- વ્યવહારેને?

ઉત્તર :- પાળવા કહ્યુંને એને વ્યવહારનયે? પાળવા કહ્યું એટલે કે ત્યાં હોય છે એનું જ્ઞાન કરાવ્યું, પણ એને એકત્વબુદ્ધિ કરે કે ઈ મને ચારિત્ર છે અથવા એનાથી મને લાભ થાય છે એ તો અજીવ થઈ ગયો. આહા..હા..! એ અજીવથી જુદો જીવ અને જીવપણું ત્યાં ન રહ્યું. જીવ સ્વભાવવાન અને જીવપણું જ્ઞાન અને દર્શન અને આનંદપણું એ જીવપણું એ પણું ત્યાં ન રહ્યું, રાગપણું ત્યાં રહ્યું. આહા..હા..! ... કરવા જતા આમ એમાં આવે છે. એટલે માણસને પછી એવું લાગે આકરું. સોનગઢ આમ કહે છે. સોનગઢ પણ આ શાસ્ત્ર

કહે છે કે કોણ કહે છે? એય..! શાંતિભાઈ! સોનગઢ આમ કહે છે. સોનગઢ એટલે .. શાસ્ત્ર કહે જુઓને ખબર નથી? વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વસ્તુનું સ્વરૂપ ધર્મીનું, ધર્મીનું વસ્તુનું સ્વરૂપ. એ તો રાગથી ભિન્ન પોતાને અનુભવે છે, જાણે છે, માને છે. એ રાગને જેને સાધન કહ્યું શાસ્ત્રમાં વ્યવહાર. ઠીક! વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય નહિ? આવે છે કે નહિ પંચાસ્તિકાયમાં? આવે છેને. એને અહીં કહે છે કે એ સાધનને મારાથી સાધ્ય થાય એનાથી હું .. આહા..હા..! તો એ મારું સ્વ થઈ ગયું. એનાથી મને લાભ મળ્યોને? પોતાના સ્વભાવથી લાભ થાય એનાથી લાભ થયો એ તો પોતાનો સ્વભાવ થઈ ગયો. આહા..હા..! આવી વાત છે. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે શું અને એનો વિષય શું? આહા..હા..! એ તો અહીં ચાલે છે શુદ્ધોપયોગ. એમ તો એક સમયની પર્યાય પણ નહિ એમ આવે ત્યાં વળી શુદ્ધ ઉપયોગ આવે અને લાભ થાય. આહા..હા..!

કહે છે પણ જરૂર મને આ રીતે રાગ ને પુણ્ય ને એ શુભરાગના શુભભાવને, શુભ ઉપયોગને. હવે ઓલો કહે શુભ ઉપયોગ જ હોય પહેલા, ચોથામાં, છઠ્ઠામાં. અહીં કહે છે કે શુભ ઉપયોગને પોતાનો માને.. અરર..! કેટલો ફેર! અરે..! જૈનમાં આવીને તું આ. ત્રણ લોકના નાથનો સ્વામી ... છો. આહા..હા..! એમણે પ્રગટ કરીને જણાવ્યું જગતને કે આ સહેલું છે. તીર્થંકરદેવ, કેવળી ભગવાન જેણે જાણ્યું, જાણી એવી વાણી નીકળી. ભાઈ! તારી ચીજ તો શુદ્ધ આનંદ વિજ્ઞાનઘન એ તારી ચીજ છે. એ ચીજને પોતાની માને, અનુભવે તો તો એ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને છે એને નિર્જરામાં શુદ્ધતા વધે છે, અશુદ્ધતા ગળે છે, ટળે છે, કર્મ ગળે છે. એનું નામ નિર્જરા. પણ જે રાગને પોતાનું સ્વરૂપ જાણે એને સ્વ જાણે એનો સ્વામી થાય એ તો અજીવ થયો, એ તો મિથ્યાત્વભાવ થયો. એને નિર્જરા કેવી? લાખ અપવાસ કર્યા હોય અને કરોડ અપવાસ કરે. આહા..હા..! આવી ચીજ છે.

દોષનો ભાવ પણ મારો છે. આહા..હા..! એવી જેની માન્યતા એ દોષને સ્વ જાણ્યું, અશુદ્ધતાને સ્વ જાણ્યું અને એ અશુદ્ધતાનો સ્વામી થયો. સ્વામી થતા તે અજીવ થયો. લાચારીથી પણ એ અજીવ થયો. માન્યતામાં ભલે આ રાગ જુદો છે એમ ધારણા કરી હોય. સમજાણું કાંઈ? આહા..હા..! એમ કહે છે. રાગ અને વિકલ્પથી જુદો છે એમ ધારણા કરી હોય, પણ રાગને કાળે તેમાં બુદ્ધિ એકત્વ છે. કેમકે ત્યાં રાગના વિકલ્પ ઉપર તેની દૃષ્ટિ પડી છે. જેની દૃષ્ટિ ત્યાં પડી છે તે તે જ વાળો છે. રાગવાળો છે. આહા..હા..! એને નિર્જરા શી રીતે થાય? ભલે મુનિ વ્રત પાળે, પંચ મહાવ્રત પાળે, અઠ્ઠાવીશી મૂળગુણ પાળે, તોપણ એને નિર્જરા ક્યાંથી થાય? એને .. થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'પણ મને અજીવપણું આવી પડે.' આવી પડે એટલે આમ થાય તો આમ થાય એમ વિચાર કર્યો છે હોં. પાછું કોક કહે લ્યો મને અજીવપણું આવી પડ્યું હજી એને સમકિતીને

આવું ચાલતું હશે? આ તો સમજાવે તો શી રીતે સમજાવું? સમજાણું કાંઈ? ધર્મીને તો નિરંતર રાગથી ભિન્નપણાની પરિણતિ વહે છે. પણ અહીં સમજાવવું છેને એને. એથી સમજાવે છે કે આ રાગની .. થાય તો હું જો સ્વ મારી લક્ષ્મી છે એવું એ પણ સ્વ થઈ જાય અને હું એનો ધણી થાઉં અને ધણી થતાં અજીવ થાઉં. અજીવનો ધણી તો અજીવ હોય. આહા..હા..!

'**મારું તો એક જ્ઞાયક ભાવ જ જે 'સ્વ' છે,...**' જોયું? જ્ઞાયકભાવ ત્રિકાળ. આહા..હા..! '**મારું તો એક જ્ઞાયક...**' ભાષા 'એક' શબ્દ ઘણે ઠેકાણે આવે છે. શુદ્ધ એક... શુદ્ધ એક... '**એક જ્ઞાયક ભાવ જ...**' જાણનાર-દેખનાર ભાવ '**એક જ્ઞાયક ભાવ જ જે 'સ્વ' છે,...**' '**જ્ઞાયક ભાવ જ જે 'સ્વ' છે,...**' સમજાણું કાંઈ? પર્યાય એમાં ન લીધી. જ્ઞાયકભાવ જે સ્વ છે. એવું જે માન્યું અને જાણ્યું ત્યાં પર્યાય થઈ ગઈ નિર્મળ. સમજાણું કાંઈ? આ માર્ગ તો ચોથા આરાનો હશે. શેઠ કહે છે કેટલીવાર ભગવાનદાસ. ભગવાનદાસ છેને સાગરવાળા નહિ? બીડી. આ તો ચોથા આરાનું હશે. શેઠ કીધું આ પાંચમા આરાના સાધુ છે અને પાંચમા આરાના સાધુ જગતને કહે છે. એમ કે આવી વાતું ચોથે આરે હોય. પણ આરા-ફારા ક્યાં હતા આત્મામાં? ચોથો અને પાંચમો. સ્વકાળનો નિષેધ ન કીધો? ક્ષયોપશમભાવનું આવ્યું હતુંને સવારમાં? સ્વકાળ પર્યાય દ્રવ્યમાં ક્યાં છે? તો બહારનો પાંચમો આરો અને ચોથો આરો અને ધૂળનો આરો એ તો આત્મામાં છે જ ક્યાં? આહા..હા..! એની પર્યાયમાં નથી એ કાળ. આ તો એની પર્યાયમાં જે હતી ક્ષયોપશમદશા. કાળે થતી. એને કાળે થતી એ પણ દ્રવ્યમાં નથી. ઓલી તો એની પર્યાયમાં પણ નથી. ચોથો અને પાંચમો આરો આત્માની પર્યાયમાં છે? લક્ષ્મી આત્માની પર્યાયમાં છે? શરીર? મકાન? આહા..હા..!

'**તેનો જ હું સ્વામી છું;...**' કોનો? જ્ઞાયકભાવનો. સવળું લીધુંને હવે? હું '**તો એક જ્ઞાયક ભાવ જ જે 'સ્વ' છે,...**' ચૈતન્ય પ્રભુ, નિત્યાનંદ પ્રભુ એ જ મારું ધન છે, એ મારી લક્ષ્મી છે, એ મારી મિલ્કત છે, એ મિલ્કતનો હું સ્વામી છું. સમજાણું કાંઈ? ધર્મીની મિલ્કત એ સ્વધન આનંદ અને જ્ઞાનાદિ સ્વભાવ એ સ્વધન, સ્વલક્ષ્મી, સ્વ મિલ્કત અને એ સ્વમિલ્કતનો ધણી સ્વામી છે. આહા..હા..! બહારમાં તો મોટા રાજા હોય સમકિતી. .. આમ કરો ને તેમ કરો. અંતરની દૃષ્ટિ નિર્વિકલ્પતા એના આ બહારના માપે એનું માપ ન આવે. ઉપર જોનારાઓથી એના અંદરના માપ ન આવે. સમજાણું કાંઈ? કહે છે. ઓહો..હો..! ટીકા તે પણ ટીકા!

'**મારું તો એક જ્ઞાયક ભાવ જ...**' બધા 'જ' આવે છે. હવે શ્રીમદ્માં કહે 'જ' મારો મહાવીર ન કહે. કઈ અપેક્ષાએ? આત્મા નિત્ય જ છે, અનિત્ય જ છે, શુદ્ધ જ છે,

અશુદ્ધ જ છે એમ જ ન હોય. આ શુદ્ધ છે એ તો નિયતથી એકાંત શુદ્ધ જ છે. સમજાણું કાંઈ? પવિત્ર પૂર્ણ દ્રવ્ય છે તે એકાંતે પૂર્ણ દ્રવ્ય શુદ્ધ જ છે એમાં વળી કથંચિત્ શુદ્ધ છે અને કથંચિત્ અશુદ્ધ છે એમ આવે નહિ. એમ આવે. પૂર્ણ હું શુદ્ધ છું અને અશુદ્ધતા બિલકુલ મારામાં નથી. એમ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? તને અશુદ્ધતા જણાય, વેદાય એને જાણે. આહા..હા..! '**મારું તો એક જ્ઞાયક ભાવ જ જે 'સ્વ' છે, તેનો જ હું સ્વામી છું;...**' તેનો જ હું સ્વામી છું. આહા..હા..! વ્યવહારે બોલાય કે રાગ મારો છે, રાગ મારામાં .. થયો, આ મકાન મારા છે, આ દીકરા મારા છે એમ બોલાય. બોલાય એ પ્રમાણે માને તો મૂઢ છે. આહા..હા..! બોલવામાં આવે એમ માની લે. ખરેખર એ મારા જ છે. ભાયુ-ભાયુ જુદા પડે? એમ કહે છે. ડાંગે મારેલા પાણી જુદા પડે? ડાંગ પણ જુદે જુદા જ છે પાણીમાં. પાણીના રજકણે રજકણ જુદા છે. આહા..હા..! એમ માણસ... ભાયુને બહુ સંબંધ હોયને. ડાંગ લાકડી હોય ડાંગ સમજો છો? લાકડી મોટી. પાણીમાં મારે જળને. જળ જુદું રહે? એમ એમ કે ભાયુ-ભાયુ કાંઈ ભાઈ ડાંગે માર્યે પાણી જુદા પડે? પાણી જુદા પડે? પણ જુદા જ છે. જુદા પડેની વાત ક્યાં? આહા..હા..! અહીં કહે છે કે રાગ અને ભગવાન આત્મા બે જુદા જ છે. એમ જેણે જાણ્યું ઈ જ્ઞાયકનો સ્વામી થાય, રાગનો સ્વામી ન થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે મને અજીવપણું ન હો,...**' આહા..હા..! હું તો એક જાણનાર-દેખનાર જ્ઞાતા-દષ્ટાસ્વરૂપ. એમાં રાગનું કરવું અને રાગનું અસ્તિત્વ મારામાં છે એમ માનવું એ તો અજીવપણું છે. હું અજીવ નથી. '**માટે મને અજીવપણું ન હો,...**' રાગપણું મારામાં હો એમ નહિ, રાગપણું રાગમાં રહો. આહા..હા..! '**હું તો જ્ઞાતા જ રહીશ,...**' જ્ઞાતા જ રહીશ. સમજાવામાં શું આવે? જ્ઞાતા રહીશ એમ જ્ઞાતા કરવું પડે ત્યાં? એ જ્ઞાતાપણે જ છે. એ રીતે જ વસ્તુ છે. જાણવા-દેખવાપણે જ વસ્તુ પરિણમે છે. આહા..હા..! એને કર્મની નિર્જરા થાય છે. આવા ભાન વિના અપવાસ કરે, સંથારા કરે, આ વ્રત પાળે. મરી જાય તોપણ કાંઈ થાય નહિ. ક્લેશ કરો તો કરો. આહા..હા..! સમજાણું કાંઈ? જરીએ એને નિર્જરા, ધર્મ છે નહિ.

'**હું તો જ્ઞાતા જ રહીશ, પરદ્રવ્યને નહિ પરિગ્રહું.**' ઈ રાગને નહિ પકડું. આહા..હા..! રાગ મારો છે એમ અંતરમાં. એ મમ જે મારું છે એમ નહિ કરું હવે. મમ જે છે એ તો મારું મારા સ્વભાવમાં છે. આહા..હા..! '**પરદ્રવ્યને નહિ પરિગ્રહું.**' લ્યો, પાંચ લીટી થઈ. પાંચ લીટી છેને? પાંચમાં તો કેટલું ભરી દીધું છે. આહા..હા..! જ્ઞાનીને દોષ થાય છેને. દોષનું પ્રાયશ્ચિત લે છે એમ નથી કહેતા? અરે..! વ્યવહારની વાતું છે. દોષપણું જ મારા સ્વરૂપમાં નથી. છતાં પરિણમનમાં છે એ જ્ઞાન જાણે છે. જાણે છે. સમજાણું? પણ મારા ત્રિકાળમાં એ નથી.

મુમુક્ષુ :- ત્રિકાળમાં .. કર્મમાં તો છેને?

ઉત્તર :- આ તો પૂર્ણ નથી એટલે પરિણમન રાગનું આવે છેને. .. જરી. ૪૭ નય. ૪૭ નયમાં આવે છેને. એ જાણે છે. છે. જાણે છે. વેદે છે એ પણ છે બસ એટલું. આહા..હા..! જાણે છે કે હું .. છું. હું તો જાણનાર-દેખનાર જ છું. રાગનું પરિણમન અને રાગનું વેદવું જે થાય એનો તો હું . છું. એને કારણે જાણનાર-દેખનાર રહું છું એમ પણ નહિ. મારા કારણે જ હું જ્ઞાતા-દ્રષ્ટાપણે. કરવું છે જ્ઞાતાપણું એમ પણ નહિ. એ જ્ઞાતા-દ્રષ્ટાપણે જ પરિણમે છે. બહુ આકરી વાત! આ વાત ઝીણી પડેને એટલે માણસ બીજો રસ્તો કાંઈક લઈ લે. કોઈ રીતે કાંઈક સંતોષ થાયને. આહા..હા..! પણ મૂળ વસ્તુને પકડ્યા વિના એના સંસારના આરા આવે એવા નથી. આહા..હા..!

મહાપ્રભુ ચૈતન્ય મૂર્તિ જ્ઞાયકભાવ. જુઓને હું તો જ્ઞાયકભાવ છું એમ કીધુંને? છઠ્ઠી ગાથામાં એમ કહ્યુંને? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' જ્ઞાયકભાવ.. હું જ્ઞાયક છું. ચોથા પદમાં છે. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं**' '**एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव**' જાણવાની પર્યાય જે થઈ તે તે હું છું. આહા..હા..! એક ગાથામાં ઘણું બધું છે. છઠ્ઠી ગાથામાં જ આખો સમયસાર ભરી દીધો છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- નિશ્ચયનયથી એ સિદ્ધાંત છે...**' સાચી દ્રષ્ટિના સત્યથી જોતાં એવો નિર્ણય છે '**કે જીવનો ભાવ જીવ જ છે,...**' જીવનો ભાવ જીવ છે. જીવના ભાવમાં અજીવભાવ નથી. હવે આ બધા પૈસા મારા છે, શરીર મારું છે, છોકરા મારા છે એને ક્યાં નાખવા? નાખવા હતા ક્યા અને લાવવા હતા ક્યા? એ જ્યાં છે ત્યાં છે. આહા..હા..! એની સ્થિતિમાં એ છે. કાંઈ તારી સ્થિતિમાં એ છે? માન્યતા કરી છે કે આ મારા. છોડી દે એને. છે નહિ તારું. તારું હોય તો તારાથી જુદું કેમ રહે? અને તું કેમ જુદો રહે એનાથી? આહા..હા..!

મુમુક્ષુ :- એ ખરેખર જુદા

ઉત્તર :- આહા..હા..!

મુમુક્ષુ :- જેવા છે એવા.

ઉત્તર :- આમ છે.

મુમુક્ષુ :- એ વળગાડ વળગેલો ..

ઉત્તર :- વળગાડ માન્યો છેને. આહા..હા..! વળગાડ છે જ ક્યાં? આહા..હા..! ચૈતન્ય સ્વભાવ ભગવાન આત્મા એમાં રાગ અને દ્વેષાદિ નથી તો પરવસ્તુ તો પર્યાયમાં પણ નથી, આ તો પર્યાયમાં છે. વસ્તુ આ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલા તો બસ ભગવાન

છે બધા. ઓલો સાંઈબાબો ત્યાં ... આત્મા પોતે પરમાત્મસ્વરૂપ છે. વળી પાછો કહે બધા થઈને એક ભગવાન છે. લે! આહા..હા..! સાંઈબાબો છેને સાંઈબાબો? રાજકોટ આવ્યો છે. છે તો હિન્દુ પણ પૂર્વે મુસલમાન હતો એ આવ્યું હતું. મારું જીવન જ સંદેશ છે એમ કહે. જીવન એટલે શું? બ્રહ્મચારી છે અને સાદુ જીવન લાગેને. ત્યાં તો કહે ... સ્થાન રહેવાનું તો ઉંચું છે. ઠંડુ શું કહેવાય? એરકન્ડીશન. એવું બધું રાખ્યું છે. કોક કહેતું હતું. આહા..હા..! આ ઈશ્વરના અવતાર. વાણિયા જૈન થઈને પણ મુંડાવે મારા. આહા..હા..! જુઓને ગૃહસ્થ પુનમચંદ મરી ગયો તો કહે મારી પાસે આવી ગયો. પણ વાણિયા એટલું વિચારે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બહુ મારા .. આહા..હા..! મારી પાસે આવી ગયો. તો હવે ઈ શું કહે છે? કરોડપતિ મોટા. વાત કરતાં-કરતાં, બોલતા-બોલતા. હવે હું નિવૃત્ત છું, ભાઈને સોંપુ છું. છ ભાઈઓ છે. ચાર-પાંચ કરોડ રૂપિયા છે. પછી આ સ્થાનકવાસી જૈન હતા પહેલા. આમ છે. આમ કરતાં-કરતાં દેહ છૂટી ગયો. હવે હું જાવ છું. મારે કામમાં નિવૃત્તિ લેવી છે અને સાંઈબાબા પાસે જાવું છે. તમને બધાને સોંપુ છું એમ બોલતા બોલતા દેહ છૂટી ગયો. આહા..હા..! પહેલા તો રાખ્યો હોય... ઓલો જીવતો કરી દે તો કાંઈક. એટલે રાખ્યો થોડીવાર. ગુપ્ત રાખ્યો. ત્યાંથી સમાચાર શું કરવું અમારે આનું? ઈ જેમ થાતું હોય કરી નાખો હવે. હવે કેટલે દિ'એ કીધું એ મારી પાસે આવ્યો હતો. ત્યાં .. છે. તારી પાસે ક્યાંથી આવ્યો? આત્મા આવ્યો તારી પાસે? આ જૈનમાં પણ ગાંડાના કાંઈ ગામડા જુદા હશે? પાગલ દારૂ પીધેલા. આહા..હા..!

અહીં તો એક આત્મામાં વિકલ્પ ઉઠે ઈ પણ એનો નથી. એનો કર્તા નથી અને હું આ કરી દઉં, ભસ્મ કરી દઉં, ઢીંકણું કરું. ભસ્મ કાઢે છે આમ હાથમાંથી. રાખી હશે અંદર કાંઈક. આહા..હા..! પરમ દિ' નહિ? .. પરમ દિ' રાજકોટવાળા. સાડા ચારે આવ્યા. .. બહુ વિરોધ કર્યો લોકોએ. .. બહુ વિરોધ કર્યો. અરે..! જગત ક્યાં ભરમાય છે? જૈનમાં આવ્યા એને પણ ત્રણ લોકનો નાથ પરમેશ્વર એક સમયમાં પોતાની પર્યાયને જાણતા .. જણાય એવો .. તેવો સંપ્રદાય તરીકે પણ જેને મળ્યો એની એને ખબર ન મળે. આહા..હા..! એવો જ ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ જ આત્મા છે. એને રાગનું કરવું ઈ આંખથી રેતી જેમ ઉપાડવી. ચક્ષુથી રેતી-રેતી સમજ્યા? ... એમ રાગને કરવું એવું કામ છે. આહા..હા..! કહે છે કે આ પરને કરી દઉં. આમાંથી પ્રશ્ન કાઢેને .. ભાઈ પાછો કોકે પ્રશ્ન કર્યો કે ત્યારે આ .. છે તો .. ને ખાસ છ-છ મહિના .. કરી ઘો. ઈ ચમત્કારની હદ હોય છે એમ કહ્યું. ચમત્કારની મર્યાદા હોય. .. આહા..હા..! ગપેગપ મારે છેને. લોકો કેવા પણ!

આવો ત્રણ લોકનો નાથ ભગવાન પરમાત્મા પોતે. એની પાસે જ્યાં રાગની કિંમત નથી.

અરે..! એની પાસે એની પર્યાયમાં કેવળજ્ઞાન છે એની પણ કિંમત નથી. આહા..હા..! એને આવી આ ફલાણું કરી દઉં. અરેરે..! વીતરાગ માર્ગ ક્યાં પડ્યો રહ્યો? આહા..હા..!

કહે છે નિશ્ચયનય નામ સાચી દૃષ્ટિથી તો '**એ સિદ્ધાંત છે કે જીવનો ભાવ જીવ જ છે, તેની સાથે જીવને સ્વ-સ્વામી સંબંધ છે;...**' કેમકે એમાં સ્વસ્વામી સંબંધ નામનો આત્મામાં એક ગુણ છે. આત્મામાં સ્વ સ્વામીસંબંધ એવો એક ગુણ છે. જેથી તે ગુણનો ધરનાર એવો ભગવાન આત્મા જ્યાં દૃષ્ટિમાં, પ્રતીતમાં, અનુભવમાં આવ્યો એ જીવને તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ છે તે એનું સ્વ એનો એ સ્વામી. સમજાણું કાંઈ? સ્વસ્વામી સંબંધ. અહીં તો જ્ઞાયકભાવ સ્વ કીધું. પણ જ્ઞાયકભાવ સ્વ છે એવી શ્રદ્ધા, જ્ઞાન અને રમણતા થઈ એ પરિણતિ પણ એની સ્વમાં જાય છે હવે. અભેદ તરીકે. આહા..હા..! એ સ્વ શુદ્ધ છે એ મારું અને હું એનો સ્વામી. રાગ એ સ્વ અને એનો સ્વામી એવું છે નહિ. આહા..હા..!

આ ભવના ભાર ઉતારવાના ટાણા આવ્યા એને. એમાં ભવના ભાવ પાછા મોટા કર્યા. આહા..હા..! આવો મનુષ્ય દેહ ક્યાં છે એવી ક્ષયોપશમ યોગ્યતા પણ એને એવી મળી. હવે એમાં આ આત્મા છે ઈ જાણવા માટેનું એ જ્ઞાન છે. એ જ્ઞાન પરને જાણવા માટેનું એ જ્ઞાન છે? એ પરનું જ્ઞાન છે કે પરને જાણે? આહા..હા..! સ્વની પર્યાય પોતાને જાણે કે આ હું છું... આ હું છું... આહા..હા..! એ તરી ગયો ઈ. ભવને પાર આવી ગયો. સંસારને કિનારે આવી ગયો. હવે જરી એકાગ્ર થઈને પૂર્ણતા પ્રાપ્ત કરે એટલી વાત છે મોક્ષમાં. નિર્જરા છેને આ અધિકાર?

'**અને અજીવનો ભાવ અજીવ જ છે, તેની સાથે અજીવને સ્વ-સ્વામી સંબંધ છે.**' લ્યો, આહા..હા..! પુદ્ગલ દ્રવ્ય જેનો સ્વામી છે નથી આવતું? ૭૩. એ દયા, દન, વ્રતાદિના વ્યવહાર પરિણામ એનો પુદ્ગલ દ્રવ્ય સ્વામી છે કહે. આહા..હા..! જીવત્વ સ્વામી હોય તો બે એક થઈ જાય. તત્ત્વ જુદું છે. જાણનાર તત્ત્વ જુદું, રાગ તત્ત્વ જુદું, અજીવ તત્ત્વ જુદું. સાત તત્ત્વમાં ત્રણ જુદા પાડશે કે નહિ? આહા..હા..! કહે છે અને તેની સાથે અજીવને અજીવની સાથે સ્વસ્વામી સંબંધ છે. એટલે કે વિકાર તે અજીવ છે અને એ અજીવ કર્મ આદિ એની સાથે એને સંબંધ છે. મારી સાથે સંબંધ નથી. આહા..હા..! જુઓ આ ભેદજ્ઞાન. પરથી જુદું. સ્વથી એકત્વ એ અભેદજ્ઞાન.

'**જો જીવને અજીવનો પરિગ્રહ માનવામાં આવે...**' ભગવાન આત્માને જડનો પક્કડ, જડ પકડે એમ માનવામાં આવે, રાગ ને વિકલ્પ શરીર, વાણી, મનને જીવના છે એમ માનવામાં આવે. '**તો જીવ અજીવપણાને પામે;...**' ભગવાન પોતે અજીવપણે થયો. રાગપણે રહ્યો. અજીવપણે રહ્યો. અજીવપણે થયો, જીવપણું રહ્યું નહિ. એક ગાથા વાંચે તો કેટલું એમાં

તો. આહા..હા..! **'જીવ અજીવપણાને પામે; માટે જીવને અજીવનો પરિગ્રહ પરમાર્થે માનવો તે મિથ્યાબુદ્ધિ છે.'** મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! કેમકે જીવ અજીવનો નથી અને અજીવ જીવનો નથી. છતાં જીવને અજીવનો માનવો એ મિથ્યાદૃષ્ટિ છે. રાગ મારો છે અને રાગનો હું સ્વામી છું એ તો મિથ્યાદૃષ્ટિ છે કહે છે. મિથ્યા બુદ્ધિ એટલે અજ્ઞાની છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ.'** ધર્મીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ. કેમકે રાગથી જુદું પડ્યું એવું તત્ત્વનું જ્યાં જ્ઞાન-ભાન થયું એને રાગ સાથે એકત્વબુદ્ધિ જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! **'જ્ઞાની તો એમ માને છે કે પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી, હું તો જ્ઞાતા છું.'** ચાલતી ભાષામાં ટીકાનો અર્થ કર્યો.

ગાથા-૨૦૯

अयं च मे निश्चय :-

छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं।
जम्हा तम्हा गच्छदु तह वि हु ण परिग्गहो मज्झ।।२०९।।
छिद्यतां वा भिद्यतां वा नियतां वाथवा यातु विप्रलयम्।
यस्मात्तस्मात् गच्छतु तथापि खलु न परिग्रहो मम।।२०९।।

छिद्यतां वा, भिद्यतां वा, नीयतां वा, विप्रलयं यातु वा, यतस्ततो गच्छतु वा, तथापि न परद्रव्यं परिगृह्णामि; यतो न परद्रव्यं मम स्वं, नाहं परद्रव्यस्य स्वामी, परद्रव्यमेव परद्रव्यस्य स्वं, परद्रव्यमेव परद्रव्यस्व स्वामी, अहमेव मम स्वं, अहमेव मम स्वामी इति जानामि।

'વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે' એમ હવે કહે છે :-

છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.

ગાથાર્થ :- [छिद्यतां वा] છેદાઈ જાઓ, [भिद्यतां वा] અથવા ભેદાઈ જાઓ, [नीयतां वा] અથવા કોઈ લઈ જાઓ, [अथवा विप्रलयम् यातु] અથવા નષ્ટ થઈ જાઓ, [यस्मात् तस्मात् गच्छतु] અથવા તો ગમે તે રીતે જાઓ, [तथापि] તોપણ [खलु] ખરેખર [परिग्रहः]

પરિગ્રહ [मम न] મારો નથી.

ટીકા :- પરદ્રવ્ય છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ, અથવા ગમે તે રીતે જાઓ, તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું; કારણ કે 'પરદ્રવ્ય મારું સ્વ નથી,-હું પરદ્રવ્યનો સ્વામી નથી, પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,-પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે, હું જ મારું સ્વ છું,-હું જ મારો સ્વામી છું'-એમ હું જાણું છું.

ભાવાર્થ :- જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.

ગાથા-૨૦૯ ઉપર પ્રવચન

''વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે' એમ હવે કહે છે :-'

छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं।
जम्हा तम्हा गच्छदु तह वि हु ण परिग्गहो मज्झ।।२०९।।
છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.

આહા..હા..! મારું નથી પછી એનું છેદાવ કે ભેદાવ એ મારે શું? આબરૂ ને કીર્તિ ને પૈસા ને બાયડી ને છોકરા એ મારા નથી તો પછી છેદાવ તો મારે શું? એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- રાગ છેદાવ તોપણ મારે શું?

ઉત્તર :- રાગ છેદાવનો તો રાગ તો છેદાય જાય છે એ તો. આ રાગ ઉત્પન્ન થતો નથી એમ કહેવું હતુંને. આહા..હા..! ગમે તે થાવ રાગાદિનું. રાગથી માંડીને આખી દુનિયાનું. પોતા સિવાય પર. '**પરદ્રવ્ય છેદાઓ,...**' છેદાવ એટલે આમ કટકા થાવ. '**ભેદાઓ,...**' ટૂંકો થાવ. .. આદિ હોયને પછી આમ આવે ને તો ભેદાય. એ વસ્તુ મારા સિવાય પર. '**છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ,...**' શરીર, વાણી, મન, પૈસો, આબરૂ, કીર્તિ .. લઈ જાઓ. એમ કહે છે.

મુમુક્ષુ :- બીજી વસ્તુ ...

ઉત્તર :- લઈ જાઓ તો એને કાળે લઈ જાય એમાં તારે શું છે? તું શું કરે છે એનું? જે કાળે જાશે, જવાનું જ્યાં હોય ત્યાં જાય. હવે ઈ એને કાળે જાય એમાં તું શું કરી શકે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**કોઈ તેને લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ,...**' નાશ જ થઈ જાઓ. બિલકુલ નાશ થઈ જાઓ. આહા..હા..! '**અથવા ગમે તે રીતે જાઓ,...**' કોઈપણ રીતે સળગીને જાય, પાણીમાં પલળીને જાય દરિયામાં ડૂબીને જાય. આહા..હા..! જુઓ, શરીરનું પણ એમ ગમે તે થાઓ એમ કહે છે. અને ગમે તે થાઓ એટલે ઈ તો એને થવાને કાળે જ થાય. પણ એમાં મારે શું? એમ કહે છે. શરીરમાં રોગ હોય તો, ગળી જાઓ તો, પડી જાઓ તો, જીર્ણ થઈ જાઓ, ક્ષય થઈ જાઓ. '**લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ, અથવા ગમે તે રીતે જાઓ,...**' કોઈપણ રીતે જ્યાં પર છે એનું ગમે તે રીતે થાઓ. એમ. '**તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું;...**' પરદ્રવ્યને હું પકડતો નથી. આમ થાય તોપણ મને કાંઈ નથી. આમ કેમ થયું? પણ કેમ થયું? એમાં થવાનું હતું એ થયું, એ તો પરમાં થયું. તારે શું છે? આહા..હા..! તો પછી .. તાળા નહિ મારતો હોય દુકાને. મોટર-બોટર સાચવતો નહિ હોય. સાચવી શકે છે કોણ? આહા..હા..! આવું હોય તો પછી પૈસા નાખી દ્યો. તમારા નથી તો .. બેઠા આ લઈને... ચોર આવ્યા લઈ જવા દ્યો. પણ લઈ જાશે તો લઈ જશે. એમાં શું છે? એ રોક્યા રોકાય એવું છે? ભારે વાત!

મુમુક્ષુ :- બનારસીદાસનું..

ઉત્તર :- હા.

'**પરદ્રવ્યને નહિ પરિગ્રહું;...**' ગમે તેમ થાઓ પણ એ મારામાં થયું એમ હું નહિ માનું. મને એમ થયું એમ હું નહિ માનું એમ કહે છે. એમાં એનું થાવું હોય એ થાઓ. એવા જીવને કર્મની નિર્જરા અને શુદ્ધતા વધે છે. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ફાગણ વદ-૧૫, મંગળવાર, તા. ૦૩-૦૪-૧૯૭૩
ગાથા-૨૦૯-૨૧૦, કળશ-૧૪૫, પ્રવચન-૩૫૭

નિર્જરા અધિકાર ચાલે છે આ. ધર્મીને ધર્મ થાય કઈ રીતે? અને એને ધર્મ થતાં શુદ્ધિની વૃદ્ધિ થાય, અશુદ્ધિ ટળે અને કર્મ ગળે એને અહીંયાં નિર્જરા કહે છે. તો ધર્મી એમ જાણે

છે. ૨૦૯ ગાથા. ૨૦૯. હિન્દી છે હિન્દી? એની ટીકા. પ્રવચનસાર. સમયસાર. સમયસાર. ચરણાનુયોગ. .. જાણે છે કે '**परद्रव्य छेदाओ,...**' છેને ટીકા? શરીર, વાણી, પૈસા, આબરૂ, કીર્તિ, કુટુંબ, દીકરા, દીકરી, પત્ની છેદાઓ કે ભેદાઓ મારે એની સાથે કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :- એ તો મુનિની વાત છેને.

ઉત્તર :- સમકિતીની વાત છે. મુનિની ક્યાં વાત છે? સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે મારું ચૈતન્ય દ્રવ્ય જે જ્ઞાયક છે એમાં કોઈનો પ્રવેશ નથી. હું તો ચૈતન્ય જ્ઞાયકભાવ છું. ભલે પર્યાયથી જાણ્યું. હું છું તો શુદ્ધ ચૈતન્ય આનંદની મૂર્તિ હું તો છું, જ્ઞાયક છું. એમ જ્યાં પર્યાયથી પર્યાયમાં અનુભવ થયો એને અંદર આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે. એથી એને એમ થયું કે આ આત્માનો આનંદનો સ્વાદ એ આત્મા હું છું. પરદ્રવ્ય જે આત્મા સિવાય પર પછી પુણ્ય અને પાપના ભાવ હો કે કુટુંબ કે રાજ કે શરીર, વાણી, મન હોય એ છેદાઓ તો મારી ચીજ નથી એટલે છેદાઓ એનો કાંઈ હરખ-શોક એને હોતો નથી. કહો, આમ છે. એકનો એક દીકરો મરી જાય. સમકિતીને દીકરો હોય જ નહિ. પણ આમ મરી જાય તો એને શોક નથી એનો. એમ કહે છે. કેમકે એ પરદ્રવ્ય છે એ મારું છે જ નહિ એમ માન્યું છે. આહા..હા..!

'**परद्रव्य छेदाओ,...**' કટકા થાઓ એમ. '**अथवा भेदाओ,...**' ભુક્કો થાઓ. આહા..હા..! એકનો એક દીકરો હોય એને રેલની નીચે ચકદાય જાય. મારું કાંઈ ગયું જ નથી. મારું કોઈ ચકદાણું જ નથી. પોપટભાઈ! આવી વાતું છે આ. એને ધર્મ થાય અને એને નિર્જરા થાય. આહા..હા..! એક ફેરી કહ્યું હતુંને ત્યાં. એ ભાઈ હતાને ડોક્ટર આપણા જામનગરવાળા. જામનગરના ડોક્ટરની વાત છે. એ મોટા .. નહિ? ... એ અને એનો સાઢુ ... દફતરી. અઢી હજારનો પગાર હતો. ૯૦ની સાલની વાત છે. ૯૦ની સાલ. મહિનાનો અઢી હજારનો પગાર. પછી એ કહે કે બહુ વાંચ્યું છે એમ ... વાતું. એક દાખલો આપો તમે વાંચ્યાનો. તો તમે કઈ રીતે વાંચ્યું અને તમારી શું શ્રદ્ધા છે ઈ ખબર પડે. તો કહે એમાં એક આવ્યું હતું કે ધર્મી એવા હોય. ધર્મી હતો એના દીકરા હતા આદિ કુટુંબ અહીં દેશમાં, પોતે પરદેશમાં રહ્યો. એમાં એણે સાંભળ્યું કે મારો દીકરો મરી ગયો એમ સાંભળ્યું છે. તો ધર્મીને એવી શ્રદ્ધા હોય કે મારો દીકરો મરે નહિ. એવા ધર્મની ધર્મશ્રદ્ધાવાળા હોય કહે. એવું વાંચ્યું હતું. કીધું એ વાત ખોટી તમારી. આવડો મોટો અઢી હજારનો પગાર. ૯૦ની સાલની વાત છે હોં. કેટલા થયા? ૩૯ વર્ષ થયા. ૩૯ થયા. બેય હતા ...ભાઈ. અઢી-અઢીના પગારવાળા માસિક. ... બધા ઘણું વાંચ્યું છે. મેં કીધું શું? એક દાખલો આપો તમારા વાંચ્યાનું ફળ શું? જુઓ, મહારાજ! ધર્મી તો એવા હોય કે કુટુંબમાં દીકરો મરી જાય તો એને એમ થાય કે ના, ના ન મરે મારો દીકરો. અમારો દીકરો મરે નહિ. કીધું એ વાત

ખોટી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ વળી જુદી. એ તો પુણ્યને લઈને વાત છે. ઈ નહિ. એ તો પુણ્યની વાત છે. આ તો ધર્મની. એ બીજી વાત છે. એ તો પુણ્યની વાત છે. એને ધર્મને કાંઈ સંબંધ નથી. પુણ્યનો એ તો પુણ્યવંત પ્રાણીને એમ કાને પડ્યું કે .. બધા .. ઉડ્યા એમાંથી બે રહી ગયા છે. એથી તો જાણે કે મારું પુણ્ય છે. પુણ્ય છે એ ધર્મીને પ્રશ્ન ક્યાં છે એનો? ધર્મને અને એને કાંઈ સંબંધ નથી. આ તો ધર્મના સંબંધની વાત ચાલે છે. એટલે ઈ વાતને અહીં કાંઈ મેળ નથી.

મુમુક્ષુ :- અમે તો એમ માનતા હતા કે ધર્મીને કાંઈક...

ઉત્તર :- એ જ એને કીધું. બેય બેઠા હતા અઢી-અઢી હજારના પગારવાળા માસિક. એ વાતું તમારી ખોટી બધી. ધર્મીને દીકરો મારો છે એમ માન્યું નથી. એટલે ધર્મીને દીકરો હોય અને મરી જાય તો ઈ એમ માને કે નથી મરી ગયો. ... જીવતો હશે એ ધર્મીને ભાન જ નથી કીધું. પરદ્રવ્યની આયુષ્યની સ્થિતિ પૂરી થાય અને જાય એમાં ધર્મીને શું છે કીધું? નેમિચંદજી! આહા..હા..! પછી તો બિચારા નરમ માણસ. ગૌરીશંકર તો ત્યાં છેને મુંબઈ. એ બધા ડંફાસમાં મોટા વધી ગયેલા. .. પૈસા ને આહા..હા..! બાપુ! આવી ચીજ એમ ન હોય. એમ કે ધર્મીને એવી શ્રદ્ધા હોય છે કે મારા કુટુંબનું કોઈ માણસ મરે નહિ. પણ કુટુંબ જ એનું નથીને. અને મરી જાય એની પોતે મા ધર્માત્મા હોય છતાં દીકરો ૨૦ વર્ષનો હોય અને મરી જાય. એમાં એને શું છે? એટલો અશાતાનો ઉદય કહેવાય અને એટલું નિમિત્ત એને હોય, પણ એને જાણે છે કે ઈ મારી ચીજ જ ક્યાં હતી? ભગવાનજીભાઈ! એમ કહે છે. આબરૂ ગઈ. તમારી આબરૂ ગઈ. ધર્મી કહે અમારી આબરૂ ન જાય. એ વાત ખોટી છે. આબરૂ બહારની જાય. એની આબરૂ ન જાય. જે ચૈતન્ય સ્વરૂપે અનુભવ્યો છે એની જે પ્રશંસા અને અનુમોદન છે અંદર એ એનું ન જાય. પોપટભાઈ! આવી વાતું છે આ.

મુમુક્ષુ :- આવી વાત..

ઉત્તર :- હા. કહે અમારા દીકરા ન મરે. મરે શું? આખું કુટુંબ બળી જાય, ખલાસ થઈ જાય. એ એકલો રહી જાય તે શું છે? એકલો જ છે એમ માન્યું છે હું તો એકલો જ છું. રાગવાળો હું નથી તો વળી પ્રશ્ન કુટુંબવાળો ક્યાંથી આવ્યો? ધર્મની જવાબદારી શરતું આવી છે. એમ ને એમ અમે ધર્મ કરીએ છીએ એમ માને એ ધર્મ નથી. આહા..હા..! જેને વ્હાલામાં આખું કુટુંબ ખલાસ થઈ જાય. કુટુંબ જ ક્યાં મારું હતું? એ તો પરદ્રવ્ય છે. હા એને વખતે કોઈ રાગ આવે .. પણ એ કારણે નહિ. નબળાઈને કારણે. સમજાણું કાંઈ? અને મિથ્યાદૃષ્ટિએ પણ એવું હોય. કીધુંને ભાઈ ડોક્ટર નહિ? ચુડાનો ડોક્ટર સોભાગભાઈ

હતા. જુવાન માણસ મરી ગયો છોકરો હોં. ... પોતે માળા ગણે. માણસો આવે. સોભાગભાઈ હતા. એ આ ધારશીભાઈ.. ઓલા ગોંડલવાળા ધારશીભાઈ હશે. ધારશીભાઈને?

મુમુક્ષુ :- ધારશી ડોક્ટર?

ઉત્તર :- હા, આપણે એક ઓલો સાધુ ત્યાં રહેતો હતો ઈ ધારશીભાઈ. ઈ એનો કાકોજી થાય. સોભાગભાઈ. ... પહેલા એને ઘરે ગયા હતા. ૬૯-૬૯માં. દીક્ષા લીધા પહેલા ઈ ડોક્ટર. ઈ આમ ૨૦ વર્ષનો કે ૨૨ વર્ષનો. મરી ગયો હશે. જે માણસ આવે. ખબર છેને ભાઈ? ... આવે મડદું પડેલું આમ. બહાર રહેતા નહિ બહાર. માળા ગણે ભાઈ! ... અજ્ઞાની હોં. હોય વૈરાગ્ય... એથી એ જ્ઞાની છે એમ નથી. સમજાણું કાંઈ? ૬૯ની સાલની વાત છે. સંવત્ ૬૯. ૭૦ દીક્ષા પહેલાની વાત છે. ચુડા ગયા હતા. ગુલાબચંદજી હતા. એને લાવ્યા .. વાતું છે. પછી ત્યાં અંદર ઓહો..હો..! આશ્ચર્ય થઈ જાય માણસને. રોવે નહિ આંખમાંથી આંસુ નહિ. અહીં નહિ આપણા ભાઈ આ ભાવનગર. મુનશીભાઈ આવે છેને રવિવારે. કોઠારી. ૫૪ વર્ષની ઉંમર. પાંચ દીકરીયું, એક જ દીકરો. નેમિચંદભાઈ! અહીં આવે છે. .. મુમુક્ષુ છે. એક જ દીકરો ૧૮-૧૯ વર્ષની ઉંમર. પાંચ દીકરીયું. ૫૪ વર્ષની ઉંમર અને કાંઈક સાધારણ નાકમાં હશે. એ કહે કે લાવને કરી લઉં ડોક્ટરને કહે. ડોક્ટર કહે કરી નાખો જરી ઓપરેશન. હાલતો-ચાલતો. કાંઈ નહિ. કહે કરી નાખીએ. પછી કાંઈક કર્યું અંદર. શ્વાસ જ ઉપડ્યો. દેહ છૂટી ગયો. ૧૯-૨૦ વર્ષની ઉંમર. ..માં ચાલતો હતો. ડોક્ટર હેબતાઈ ગયો ડોક્ટર. અહીં આવે છે એનો બાપ. ડોક્ટર .. કહે વાલી કોણ કહે છે આનું. વાલી કહેને? મુંજાઓ નહિ ડોક્ટર! એનો બાપ કહે છે. મુંજાઓ નહિ. એ સમયની સ્થિતિ થવાની હતી તે થઈ છે. એક જ દીકરો. હવે કાંઈ નથી. પાંચ-છ છોડીયું. ૫૪ વર્ષની ઉંમર. અહીં આવે છે. રવિવાર હોયને આવે છે. ડોક્ટરને એમ કીધું. હાલતો-ચાલતો ૧૯-૨૦ વર્ષની ઉંમર. નાકમાં કાંઈક હશે. કરાવ્યું ઓપરેશન. .. ને ટાણે. કરી ત્યાં તો એ કર્યું કાંઈક સુંઘાડ્યું તો શ્વાસ જ ઉપડ્યો દેહ છૂટી ગયો. ડોક્ટર તો આમ.. મનસુખભાઈ કહે ડોક્ટર! હું એનો વાલી છું. .. આંખમાં આંસુ નહિ હોં. ભીની આંખ નહિ, ભીની નહિ, લીલી નહિ. એ ડોક્ટરને કહે મુંજાઓ નહિ... મુંજાઓ નહિ... એ સ્થિતિ એ સમયની એ જ પ્રકારે હતી અને થવાની હતી. એ માટે .. તમારાથી થયું છે. મુંજાશો નહિ. ડોક્ટર તો કહે ઓહો..હો..! કોણ છે કહે આ? હવે સાધારણ વૈરાગી ઈ જાતના પણ માણસ હોય. તો સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! ચાહે સો પરદ્રવ્યનું થાઓ. સિંહ ગળી જાઓ શરીરને. આહા..હા..!

'છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ,...' મારી ચીજ નથી પછી પ્રશ્ન શું? સમજાણું કાંઈ? ગામમાં ભંગીયાનું ઘર હોય હરિજનનું. ત્યાં સળગે. એથી આ બ્રાહ્મણને એમ થાતું હશે કે મારે ઘરે નુકસાન થયું? ભગવાનજીભાઈ! આવી ધર્મની

શરતું છે. ધર્મ એવો નથી કે આ સામાયિક કરી દે અને પોષા કરી દે તો થઈ ગયા ધર્મ. ધૂળમાંય ધર્મ નથી. એને ભાન ક્યાં છે હજી? આત્મા કોણ છે અને ક્યાં ઠરવું છે? એ ચીજનું અંદર ભાન થયું અને ઈ ભાનમાં હવે સાધકપણે ઠરે છે. એનો અધિકાર છેને અહીં તો. આહા..હા..! એને પરદ્રવ્ય આત્મા સિવાય શરીર, વાણી, મન, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, કુટુંબ, કબીલો, પત્ની જેને અર્ધાંગના જગત કહે એ મરવાની તૈયારી હોય આમ ૩૫ વર્ષની ઉંમર, પોતાની જરી ૪૦. અરે..! .. ગમે તે પરદ્રવ્યનું થાઓ મારે ને એને કાંઈ સંબંધ નથી. એનું નામ અંતર આત્માની દૃષ્ટિ સહિત શાંતિનું વેદન કહેવાય. આહા..હા..! કહો, ..ચંદભાઈ! માર્ગ આવો છે. આહા..હા..!

ગમે તે '**લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ,...**' બળી જાઓ, રાખ થઈ જાઓ લક્ષ્મીનું. આહા..હા..! આમ પાંચ-પાંચ હજારના સાડલા લાવ્યા હોય. ઘરમાં વહુ છ-આઠ-દસ હોય. પાંચ-પાંચ હજારના સાડલા અને અગ્નિ લાગી આમ. હો, થાઓ મારામાં કાંઈ છે નહિ. છગનભાઈ! મારી ચીજને કાંઈ અડતું નથી કોઈ ચીજ. મને નુકસાન નથી થયું. એ મારા માનું તો નુકસાન છે. આહા..હા..! આવી વાત છે, બાપુ! નબળાઈને લઈને રાગ-દ્વેષ થઈ જાય, પણ ઈ કારણે નહિ. ઈ અહીં વાત છે. સમજાણું કાંઈ? એ પ્રસંગ બન્યો માટે રાગ-દ્વેષ થયો એમ નહિ. આહા..હા..! કહો ગીરધરભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

'**અથવા ગમે તે રીતે જાઓ,...**' ગમે તે પ્રકારે જાઓ, ચોર ચોરી જાય, ઉંદર પાંચ-પાંચ હજારના સાડલા ચીરી ભુક્કો બનાવે. .. ગયા ઓલામાં આમ જ્યાં જોવે અરર..! આમ સરખું વાળીને મૂક્યું હતું. ઉંદરડા ગરી ગયા બે-ત્રણ. ઉંદર. અને આમ ઉંચું કરે ત્યાં ભુક્કો ઓય મારા! .. મારે કાંઈ નથી. મારું ગયું નથી, મારામાંથી આવ્યું નથી, મારાથી થયું નથી ત્યાં. પરદ્રવ્યને અને આત્માને કાંઈ સંબંધ નથી. પરનો તો જીવમાં અભાવ છે અને પરમાં આ જીવનો અભાવ છે, ભાઈ! આહા..હા..! '**તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું;...**' એટલે? કે છેદાઓ, ભેદાઓ, કોઈ લ જાઓ, નષ્ટ થઈ જાઓ, જાવ તોપણ આ મારા છે એમ મને મમતાનો અંશ છે નહિ. એને હું પકડીશ નહિ. આ મારા જાય છે, મારું થાય છે. કાંઈ છે નહિ મને. આહા..હા..! સમજાણું કાંઈ?

ઓલો દાખલો નથી આવતો? લક્ષ્મીની શું ઓલી બાઈનું? વિશલ્યા ચક્રવર્તીની દીકરી હતી વિશલ્યા. ઓલા ભવમાં હોં. વિશલ્યા સમજો છો? લક્ષ્મણ નહોતા? રામ અને લક્ષ્મણ. તો વિશલ્યા એક બાઈ હતી. લક્ષ્મણ ઉપર રાવણની વિદ્યા પડીને વિદ્યા લડાઈમાં? લક્ષ્મણ ઉપર શક્તિ. અસાધ્ય. હવે રામ મુંઝાણા. લાખો રાજાઓ, .. દેવતા આને શક્તિ પડી હવે.. સવાર પહેલા ન જાગે તો દેહ છૂટી જશે. .. કરવું શું? રામ મહાપુરુષ મોક્ષગામી છેલ્લું શરીર. તંબુમાં જઈને. અમે બોલતા ભાઈ ત્યાં પહેલા. 'ભાઈ મરે ભવ હારીએ. ભાઈ મરે ભવ

હારીએ, બહેનું મરે દિશા જાય, નાનપણમાં જેની મા મરે એની ચારેય દીશુના વા વાય.' એવું ત્યાં ગાતા પડિક્કમણા કરીને દુકાન ઉપર. પાલેજમાં પડિક્કમણા કરીએને... પછી અમે ગાઈએ. તો આપણે કાંઈક ધર્મ કર્યો. રામ બોલે છે કે આહા..! બીજા કોઈ કહે કે ભાઈ બાઈ એક છે. એક વિશલ્યા નામની કન્યા છે રાજાની દીકરી. એ ભરતરાજમાં છે. .. તમે અત્યારે ભરત રાજ એનો જ ભાઈ. ભરતના રાજમાં છે. માટે ભરતને હુકમ કરો. ઈ બાઈને અહીં લાવે છે અને એ બાઈનું સ્નાન કરીને પાણી આને છાંટો જીવીત થઈ. તરત ઝટ શક્તિ નીકળી જશે. આવે છે કે નહિ? ઈ બાઈ પૂર્વ ભવે ચક્રવર્તીની દીકરી હતી. એને કોઈ ઉતારી ગયેલું વિદ્યાધર પૂર્વ ભવમાં. વિદ્યાધરે જંગલમાં મૂકી દીધી. એમાં મોટો આવ્યો અજગર. અજગરે ગળી ગઈ. ગળ ગઈ. આટલું શરીર બાકી રહ્યું. એમાં એનો ચક્રવર્તી આવ્યો એનો બાપ ગોતતા ગોતતા શોધતા. .. અજગરને મારું. મારશો નહિ મેં સમાધિમરણ લીધું છે. બહાર નીકળું તોપણ હું ખાવાની, આહાર-પાણી કરવાની નથી. પિતાજી કાંઈ કરશો નહિ તમે. અડધું શરીર પેટમાં હતું અજગરના અને અડધું બહાર હતું આમ. ઓલો મારવા જાય છે. મારી નાખું આને. કાંઈ કરશો નહિ. મેં તો પ્રતિજ્ઞા લીધી છે. જાવ-જીવ આહાર-પાણી ન કરવા. શું કરશો તમે? એમ ને એમ. એ પુણ્ય બંધાઈ ગયું એ આ વિશલ્યા થઈ ગઈ કે જેને સ્નાન કરીને પાણી છાંટે તો શક્તિ ઉતરી જાય. આ પુણ્યનું કારણ છે. એ બાઈ જ્યાં અંદર લાવે છે હજી તો. ઘણા સાથે ઘાયલ શું કહેવાય ઈ? .. ઘણા. યોદ્ધાઓ ઘાયલ થયેલા ઘણા. ઈ જ્યાં ગરી અંદરમાં ત્યાં ઘાયલને સારું થવા માંડ્યું. એય..! ભગવાનજીભાઈ! અને લક્ષ્મણ પાસે જ્યાં આવી. પાણી છાંટ્યું ત્યાં ક્યાં ગયો રાવણ? કારણ કે ઓલાને મારવાનું હતું. લક્ષ્મણ પછી પરાણ્યા હતા એને. વાસુદેવ. ઈ પૂર્વના આ કારણે થાય. જુઓ ઓલી બાઈ એમ કહે કે મને કરશો નહિ કાંઈ. હું હવે શરીર જીવવાનું છે નહિ. પિતાજી ન કરો કાંઈ. મને બહાર કાઢીને પણ હું તો જીવવાની નથી. તો આ તો સમ્યગ્દષ્ટિ જીવ. આહા..હા..! સમજાણું કાંઈ? એ અજગર ગળે, એ સિંહ પકડે ગળામાં ગમે તે થાઓ મને કાંઈ છે નહિ.

'**परद्रव्यने नहि परिग्रहुं;...**' તો નહિ પરિગ્રહું એટલે? મારા છે એવો વિકલ્પ મને નહિ થાય હવે. આહા..હા..! આ દષ્ટિનું જોર છે. વાડીભાઈ! આહા..હા..! હવે કહે ધર્માત્મા હોય તો એને પુણ્ય હોય બધું, સામગ્રી હોય. અરે..! કાંઈ ધૂળેય ન હોય સાંભળને. સાતમી નરકનો નારકી હોય સમકિતી. અનાજનો દાણો ન હોય, પાણીનો બિંદુ ન હોય, સૂવાને ખાટલો ન હોય. ખાટલો શું ઓટલો પણ ન હોય. ખાટલા તો ક્યાંથી લાવે? ઓટલો જોઈએને. નરકમાં ક્યાં હતા? આહા..હા..! ઓઢવાને કપડું ન મળે. આહા..હા..! પણ આત્માના આનંદના સ્વાદી સમકિતી એને પ્રતિકૂળતા કાંઈ દેખાતી નથી. જરી કમજોરને લઈને વેદન આવી જાય

ઈ જાણે છે કે મારી કમજોરી છે. એ કારણે નહિ. બહારના કારણે મને આ રાગ થયો છે અને દેહ.. એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું; કારણ કે 'પરદ્રવ્ય મારું સ્વ નથી,...**' આહા..હા..! એ મારું સ્વરૂપ જ નથી. મારા સ્વરૂપને અને એને કાંઈ સંબંધ નથી. '**હું પરદ્રવ્યનો સ્વામી નથી,...**' હું કાંઈ એનો ધણી નથી. મારું સ્વ હોય તો એનો ધણી હોઉં. એ તો સ્વ મારું નથી. આહા..હા..! એવી દૃષ્ટિના જોરમાં '**પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,...**' અસ્તિ-નાસ્તિ લીધી. પહેલું નથી લીધું, હવે અસ્તિ લે છે. '**પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,...**' શરીર શરીરનું છે, વાણી વાણીની છે, સ્ત્રી સ્ત્રીની છે, પુત્ર પુત્રનો છે, આબરૂ આબરૂની છે, રાજ રાજનું છે.આહા..હા..! સમજાણું કાંઈ? એ પરદ્રવ્ય જ પરદ્રવ્યનો સ્વામી છે. એનું એ સ્વ છે, એનો એ સ્વામી છે. '**હું જ મારું સ્વ છું,...**' અસ્તિ લીધીને પાછી? '**હું જ મારું સ્વ છું,...**' મારું સ્વરૂપ જ્ઞાયકભાવ તે હું છું. '**હું જ મારો સ્વામી છું'-એમ હું જાણું છું.**' પર્યાયમાં. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.** ' પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી એમ. સમજાણું કાંઈ?

શ્લોક-૧૪૫

(वसन्ततिलका)

इत्थं परिग्रहमपास्य समस्तमेव
सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्
भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः।।१४५।।

હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છે :-

***શ્લોકાર્થ :- [इत्थं] આ રીતે [समस्तम् एव परिग्रहम्] સમસ્ત પરિગ્રહને [सामान्यतः] સામાન્યતઃ [अपास्य] છોડીને [अधुना] હવે [स्वपरयोः अविवेकहेतुम् अज्ञानम् उज्झितुमनाः अयं] સ્વ-પરના અવિવેકના કારણરૂપ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે એવો આ [भूयः] ફરીને [तम् एव] તેને જ (-પરિગ્રહને જ-) [विशेषात्] વિશેષતઃ [परिहर्तुम्] છોડવાને**

[प्रवृत्तः] પ્રવૃત્ત થયો છે.

ભાવાર્થ :- સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે. તે અજ્ઞાનને સમસ્તપણે છોડવા ઇચ્છતો જીવે પ્રથમ તો પરિગ્રહનો સામાન્યતઃ ત્યાગ કર્યો અને હવે (હવેની ગાથાઓમાં) તે પરિગ્રહને વિશેષતઃ (જુદાં જુદાં નામ લઈને) છોડે છે. ૧૪૫.

* આ કળશનો અર્થ આ પ્રમાણે પણ થાય છે :- [इत्थं] આ રીતે [स्वपरयोः अविवेकहेतुम् समस्तम् एव परिग्रहम्] સ્વ-પરના અવિવેકના કારણરૂપ સમસ્ત પરિગ્રહને [सामान्यतः] સામાન્યતઃ [अपास्य] છોડીને [अधुना] હેવ, [अज्ञानम् उज्झितुमनाः अयं] અજ્ઞાનને છોડવાનું જેનું મન છે એવો આ, [भूयः] ફરીને [तम् एव] તેને જ [विशेषात्] વિશેષતઃ [परिहर्तुम्] છોડવાને [प्रवृत्तः] પ્રવૃત્ત થયો છે.

કળશ-૧૪૫ ઉપર પ્રવચન

'હવે આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છે :-' ૧૪૫.

(वसन्ततिलका)

इत्थं परिग्रहमपास्य समस्तमेव
सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्
भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः।।१४५।।

નીચે '**શ્લોકાર્થ :- આ રીતે સમસ્ત પરિગ્રહને...**' પોતા સિવાયની બધી ચીજોને '**સામાન્યતઃ...**' સંક્ષેપમાં છોડીને, સામાન્યપણે કહ્યું. બધું રાગથી માંડીને પરચીજ બધી કોઈ મારી નથી. '**હવે...**' '**स्वपरयोः अविवेकहेतुम् अज्ञानम् उज्झितुमनाः अयं**' '**સ્વ-પરના અવિવેક...**' વહેંચણીનો અભાવ. એના '**કારણરૂપ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે...**' કર્મની સામગ્રી અને આત્મા બે ભિન્ન છે. એમાં એકત્વ માન્યતા તે અજ્ઞાન છે. એ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે. સમજાણું કાંઈ? '**એવો આ ફરીને...**' એટલે સામાન્યપણે કહ્યું કે આત્મા સ્વ આનંદકંદ પ્રભુ છે. એ મારો સ્વ અને ઈ એનો હું સ્વામી. રાગાદિ પરપદાર્થનો સ્વ તેનો તે સ્વામી. એમ બેની વહેંચણી સામાન્યપણે તો કરી, પણ પર્યાયદીઠ ભિન્ન-ભિન્ન. કોકને ક્રોધ, કોકને માન, કોકને માયા એવા પ્રકાર વિશેષ થાય એ પણ મારા નથી એમ

વિશેષપણે હવે અજ્ઞાનને છોડવાનું મન છે જેને. એટલે સ્વ અને પરની એકતા તોડવાનું જેને મન છે. એ વિશેષપણે પણ. '**विशेषात्**' છેને? '**ફરીને તેને જ (પરિગ્રહને જ-) વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે.**'

નીચે બીજો અર્થ છે... '**આ રીતે...**' '**स्वपरयोः अविवेकहेतुम् समस्तम् एव परिग्रहम्**' '**સ્વ-પરના અવિવેકના કારણરૂપ...**' બેની એકતાબુદ્ધિનું કારણ. એવું જે '**સમસ્ત પરિગ્રહ...**' પક્કડ છેને પક્કડ? '**सामान्यतः छोडीने हवे,...**' '**अज्ञानम् उज्झितुमनाः**' એ રાગાદિ અજ્ઞાન બધા ભાવો એને વિશેષ છોડવાનું જેનું મન છે એવો '**भूयः**' '**ફરીને તેને જ વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે.**' આહા..હા..! ધર્મી પોતાના આત્માને આ જ્ઞાયકસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ જાણે છે, અનુભવે છે. એને ધર્મી કહીએ. આમ ભક્તિ કરે ને વ્રત પાળે ને તપસ્યા કરે ને માટે ધર્મી છે એમ નથી. એ તો બધી રાગની ક્રિયાઓ છે. એનાથી ભિન્ન પડેલું તત્ત્વ તેને ભિન્નપણે રાગથી અનુભવીને આનંદના અનાકુળ શાંતિના વેદનથી, અનાકુળ શાંતિના વેદનથી ધર્મી સામાન્યપણે તો બધું પર છે એમ તો નિર્ણય થઈ ગયો, અનુભવ થઈ ગયો, પણ ક્ષણે-ક્ષણે ભિન્ન-ભિન્ન અવસ્થાઓમાં ભિન્ન-ભિન્ન જ્ઞેયો હોય રાગાદિ એના તરફથી પણ વલણ છોડીને સ્વભાવમાં સાધકમાં આવે છે. એને નિર્જરા થાય છે એમ કહે છે.

'**ભાવાર્થ :- સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે.**' ભગવાન આત્મા જ્ઞાયક આનંદસ્વરૂપ એ સ્વ અને રાગનો વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો એ પર. આહા..હા..! અહીં તો દયાના ભાવથી ધર્મ થાય, અપવાસના ભાવથી ધર્મ થાય. એ અપવાસ કરે એ તપ કહેવાય અને તપસ્યાથી નિર્જરા થાય. આવે છેને શાસ્ત્રમાં? પણ ઈ તપ જ ક્યાં હતું ધૂળ. અજ્ઞાનતપ છે, બાળતપ છે, મુર્ખાઈ ભરેલું તપ છે. જ્યાં હજી દેહ અને રાગની ક્રિયાથી ભિન્ન ભગવાન એના ભાન વિના તાર તપ અને વ્રત બધા અજ્ઞાનરૂપી પાડો ખાઈ ગયો, ગળી ગયો. શ્રીમદ્માં આવે છે. અજ્ઞાની કહેતા અમે આવા વ્રત પાળ્યા અને તપ કર્યા. .. એ અજ્ઞાનરૂપી પાડો એને ગળી ગયો, ખાઈ ગયો. આહા..હા..! આવે છેને. ભાઈ! તને ખબર નથી. વ્રત કોને કહેવા? તપ કોને કહેવા? સામાયિક કોને કહેવી? અંતરના રાગ અને વિકલ્પથી ભિન્ન પડી અને અભિન્ન અભેદ દૃષ્ટિ થઈ ચૈતન્યની. એમાં અંતરની શક્તિમાંથી વ્યક્તતા આનંદ અને શાંતિની આવે એને ધર્મી અને એને ધર્મ કહીએ. આહા..હા..! શરતું ભારે! એ તો જાત હોય એ પ્રમાણે આવેને?

કહે છે કે '**સ્વપરને એકરૂપ જાણવાનું...**' ચાહે તો એ વ્રતનો કે તપનો વિકલ્પ ઉઠે એને અને આત્માને એકરૂપ માનવા એ જ અજ્ઞાન છે. આહા..હા..! '**તે અજ્ઞાનને સમસ્તપણે છોડવા ઈચ્છતો જીવે...**' એ અજ્ઞાનને પૂર્ણ રીતે છોડવાને ઈચ્છતો જીવ '**પ્રથમ તો પરિગ્રહનો**

सामान्यतः त्याग कर्यो...' એટલે કે રાગથી માંડીને બધી ચીજ મારી નથી અને મારામાં છે તે હું છું એમ પહેલો અનુભવ થયો. હવે ક્ષણે ક્ષણે પાછી પર્યાય બદલતી જાય છેને? '**અને હવે (હવેની ગાથાઓમાં) તે પરિગ્રહને વિશેષતઃ...**' ક્રોધ પણ નહિ, માન પણ નહિ, માયા નહિ, લોભ નહિ, વિકાર નહિ, આ નહિ, મન નહિ, વાણી નહિ, દેહ નહિ, આહાર નહિ, પાણી નહિ. એમ જુદા-જુદા પ્રસંગે એવા નિમિત્તોનો વિકલ્પ હોય અને એ નિમિત્ત.. એ પણ હું નહિ. એ મારામાં નહિ. પણ સામાન્યપણે કાંઈક હોય કે નહિ? બધાને એક રીતે ન હોય ને પાછું? કોકને ક્રોધ, કોઈને માન, માયા, લોભ, શરીર, પાતળું, જાડું, કુટુંબ હો ન હો એવા ઘણા પ્રકાર હોય. તો જે કાળે જે પ્રકારનો સંયોગ દેખાય અને સંયોગને લક્ષે જે રાગાદિ થાય એ હું નહિ. આહા..હા..! એમ '**(જુદાં જુદાં નામ લઈને) છોડે છે.**'

ગાથા-૨૧૦

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं।
अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि।।२१०।।
अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छति धर्मम्।
अपरिग्रहस्तु धर्मस्य ज्ञायकस्तेन स भवति।।२१०।।

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया

अभावाद्धर्मं नेच्छति। तेन ज्ञानिनो धर्मपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावाद्धर्मस्य केवलं ज्ञायक एवायं स्यात्।

જ્ઞાનીને ધર્મનો (પુણ્યનો) પરિગ્રહ નથી એમ પ્રથમ કહે છે :-

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પુણ્યને,
તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.

ગાથાર્થ :- [अनिच्छः] અનિચ્છકને [अपरिग्रहः] અપરિગ્રહી [भणितः] કહ્યો છે [च] અને [ज्ञानी] જ્ઞાની [धर्मम्] ધર્મને (પુણ્યને) [न इच्छति] ઇચ્છતો નથી, [तेन] તેથી [सः] તે [धर्मस्य] ધર્મનો [अपरिग्रहः तु] પરિગ્રહી નથી, [ज्ञायकः] (ધર્મનો) જ્ઞાયક જ [भवति] છે.

ટીકા :- ઇચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમય ભાવછે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.

ગાથા-૨૧૦ ઉપર પ્રવચન

જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી લ્યો. શબ્દ ધર્મ વાપર્યો છે, પણ પુણ્ય. ધર્મ શબ્દ વાપર્યો છેને પાઠમાં. '**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं।**' પાઠ જ છેને ધર્મ શબ્દ. ત્યારે ઓલા ટીકા કરેને તમે એને પુણ્ય કેમ કહો છો? ધર્મ આચાર્યે કહ્યો છેને. પણ એને સ્પષ્ટ સમજાવવા માટે વ્યવહાર ધર્મ એટલે પુણ્ય. એમ કહે છે કે તમે એને પુણ્ય કેમ કહો છો? આચાર્યે તો એને ધર્મ કીધો છે. પણ ઈ ધર્મ એટલે શું? આહા..હા..! એને પરિગ્રહ કીધો છે. પુણ્યનો દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે છે રાગ છે ઈ તો. એ પુણ્ય છે. એ વ્યવહાર ધર્મ છે એ મારો સ્વભાવ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

નીચે હરિગીત.

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પુણ્યને,
તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.

લ્યો, તમે પુણ્ય કેમ કહ્યું? એય..! ઈ એમ કહે છે. હવે પુણ્ય ભાઈ કર્યું અર્થમાં જુઓને. પાપને અધર્મ કહ્યો છે, પુણ્યને ધર્મ કહ્યો વ્યવહારે. વ્યવહારના કથન છે. આહા..હા..!

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પુણ્યને,
તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.

પહેલો શબ્દ આ મૂક્યો. પાપ ને અનાજ ને પાણીને પછી મૂક્યા. વસ્ત્ર-પાત્ર તો મુનિને હોય નહિ. મુનિ પ્રધાન કથન છેને?

'**ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે.**' લ્યો, અહીં તો ઈચ્છા એ પરિગ્રહ છે. વૃત્તિ ઉઠે દયાની, દાનની, ભક્તિની, પૂજાની, વ્રતની, નામ સ્મરણાની એ ઈચ્છા એ પરિગ્રહ છે. એ આત્માની ચીજ નથી. '**ઈચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી.**' આહા..હા..! ઈચ્છાની ઈચ્છા નથી એને ઈચ્છા નથી એમ અહીં કહ્યું છે. સમજાણું કાંઈ? ઈચ્છા તો હોય એને કાળે, પણ ઈચ્છાની ઈચ્છા નથી. એની અહીં વાત લીધી છે. આહા..હા..! '**તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી. ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...**' એ વૃત્તિ જે ઉઠે છે રાગની એ તો અજ્ઞાનભાવ છે, જ્ઞાનભાવ નહિ, આત્મભાવ નહિ, સ્વભાવભાવ નહિ. આહા..હા..! ચાહે તો ભગવાનના નામસ્મરણની વૃત્તિ ઉઠે, પણ છે તો એ અજ્ઞાનભાવ. એટલે કે જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં જ્ઞાનનો અંશ એ રાગમાં નથી. એથી એને અજ્ઞાન કહ્યું. અજ્ઞાન એટલે મિથ્યાત્વ નહિ. એમાં ચૈતન્યના સ્વભાવનો અભાવ છે. એ ચૈતન્યના સ્વભાવનું એ કિરણ નહિ. સુરજનું કિરણ તો ધોળું-સફેદ હોય. કોલસાનું દેખાય ઈ સૂર્યનું કિરણ કહેવાય? એમ આત્મામાં જે કાંઈ ઈચ્છા નામની વૃત્તિ ઉત્પન્ન થાય એ બધો અજ્ઞાનમય ભાવ છે. એટલે એમાં જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા, જ્ઞાનભાવનો એમાં અભાવ છે. ઈચ્છા તો હોય છે મુનિનેપણ. એ ઈચ્છા નથી. આહા..હા..! ઈચ્છાની રુચિ નથી. રુચિ વિના નબળાઈથી જે ઉત્પન્ન થઈ એની ઈચ્છા નથી. આહા..હા..! ભારે કામ આકરું! જગતને એ રીતે મળ્યું બહારનુંને. એમાં આ વાત પકડવાનો બહુ પ્રયત્ન જોઈએ છીએ. અત્યારે આ બધા ડંફાસ વધી ગયા બહારનાને. અન્યમાં મોટા ડંફાસ, જૈનમાં મોટા ક્રિયાકાંડના ડંફાસ. શ્વેતાંબરમાં શું આ બધું ઉપધાન અને આ આંબેલ. જુઓને આજે આવી ચૈત્ર સુદ નોમથી આંબેલ. આંબેલુ કરશે. માણસો ભેગા. ઓહો..હો..! તપસ્યા કરી... તપસ્યા કરી... ધૂળમાંય તપસ્યા નથી સાંભળને મિથ્યાત્વ છે. આહા..હા..! આવી વાતું ભારે આકરી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, તો બધા .. થાય એમાં શું છે? એમાં શું? ધૂળમાં બધું ઘરે બેસે તો .. ત્યાં ... ચીજ હોય. ઢોકળા હોય ને ઓલું હોય ને ઢીંકણું. એક ફેરી જોયું હતું. .. ગયા હતા તો બરાબર તે દિ' ઓળી. કીધું મહારાજને ઓળી છે ત્યાં પધારજો. જોયું તો કેટલી ચીજો! ઓહો..હો..! ગારિયાધાર. ઘરે તો રોટલો અને દાળ ખાતો હોય. ઓળી શું .. આમાં? તપસ્યા કહેવાય અને મળે ખાવાનું બધું. ચણાનુંને? ચણાનું હોયને? રાજગરાનું હોય? તેલ-ઘી ન હોય.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ જુદું. આ તો પણ તેલ-ઘી ન હોય, બાકી બધું.

અહીં તો કહે છે કે પણ ઈ તો ઈચ્છા ઉત્પન્ન થઈ કે આ કરું એ જ અજ્ઞાનભાવ

છે. આહા..હા..! પરને છોડું અને રાગને કરું એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! અહીં તો બીજી રીતે કહ્યું છે. કે એ રાગનો ભાવ જે થયો એ તો પોતે જ્ઞાનસ્વભાવ ભગવાન એમાં નથી. માટે એને અજ્ઞાનમય ભાવ કહેવામાં આવે છે.

'**અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' રાગ મારો છે એવો જે અજ્ઞાનભાવ જ્ઞાનીને હોતો નથી. આહા..હા..! એ વ્રતનો વિકલ્પ ઉઠે એ મારો છે એવું જ્ઞાનીને એની પક્કડ છે નહિ. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! '**અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' એટલે? રાગની જે વૃત્તિઓ છે એ પોતે જ્ઞાનના સ્વભાવથી વિરુદ્ધભાવવાળું અજ્ઞાન છે. તેથી જ્ઞાનીને અજ્ઞાન હોતું નથી. એ જ્ઞાનીને એની પક્કડ જ હોતી નથી. આહા..હા..! એ રાગની સાથે ધર્મીને એકતાબુદ્ધિ હોતી નથી. એકતાબુદ્ધિ હોતી નથી તે એને અજ્ઞાનમયભાવ હોતો નથી એમ. આહા..હા..!

'**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' લ્યો, સમ્યગ્દર્શન થયું એથી આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. એના ભાનથી ધર્મીને તો જ્ઞાન અને આનંદના જ પરિણામ થાય છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' વળી અહીં કોઈ એમ કહે કે જુઓ, એમાં રાગભાવ છે જ નહિ. ૪૭ નયમાં લીધું. જ્ઞાનની પ્રધાનતાથી વર્ણવવું છેને ત્યાં? ત્યાં રાગનું વેદન છે ઈ જાણે છે કે છે આ. રાગ છે તે દોષ છે એમ જાણ્યું છે અને વેદન છે તેમ જાણે છે. સમજાણું? ખરેખર એ ભલે જ્ઞેય છે, પણ વેદન પર્યાયમાં છે. અસ્તિત્વમાં છે. એમ સંતો પણ જાણે છે. આહા..હા..! અહીં તો નિર્જરા અધિકાર લેવો છેને? ત્યાં તો વસ્તુની સ્થિતિ વર્ણવે છે. ત્યાં તો એમ પણ લીધું કર્તા, રાગનો કર્તા છે જીવ એમ કહે છે. રંગરેજનો દાખલો નથી? રંગરેજ જેમ રંગથી કપડાને રંગે એમ જીવને રાગથી રંગાયેલી પરિણતિ હોય છે. આહા..! અહીં કહે છે કે એ અજ્ઞાનભાવ જીવને હોતો નથી. ત્યાં તો એની પર્યાયમાં અંશે અંશ જે ભાવ છે એનું જ્ઞાન કરાવ્યું છે અને અહીં તો એને છે જ નહિ. નિર્જરા બતાવવી છેને. શ્રીપાલજી! ઈ વાતુંમાં બહુ ફેર છે. આહા..હા..!

'**અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ...**' જ્ઞાનમયનો અર્થ? અખંડ શુદ્ધ જ્ઞાયક છું એવી શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા. આનંદ આદિનું પરિણમન એ બધું જ્ઞાનમય છે. રાગમય નથી. સમજાણું કાંઈ? એકબાજુ એમ કહ્યું સમ્યગ્દૃષ્ટિને જ્ઞાનીને ભોગ નિર્જરાનો હેતુ છે. અને આમાં પણ આવે છે પહેલી ગાથા ગઈને. એમાં આવે છે હોં. આ પહેલું ન આવ્યું? કેટલામી? નિર્જરાને? એમાં ઉતાર્યું છે હોં. ઓલું છેને અચિંત્ય શક્તિ. અચિંત્ય શક્તિનો આવ્યોને કળશ? એમાં ઉતાર્યું ભાઈએ બનારસીદાસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એમાં બનારસીદાસ '**જિન્હકે હિયેમેં સત્ય સૂરજ ઉદોત ભયો,**'

આ તો હિન્દી. 'જિનકે હિયેમેં સત્ય સૂરજ' સમ્યગ્દર્શન પ્રગટ થયું. **'ફૈલી મતિ કરિન મિથ્યાત તમ નષ્ટ હૈ.'** મતિજ્ઞાન .. મિથ્યાત્વ નષ્ટ થયું. **'જિન્હકી સુદિષ્ટિમેં ન પરચૈ વિષમતાસૌં,'** જેની દૃષ્ટિમાં વિષમતાનો સ્પર્શ નથી. **'જિન્હકી સુદિષ્ટિમેં ન પરચૈ...' 'સમતાસૌં પ્રીતિ મમતાસૌં લષ્ટ પુષ્ટ હૈ.'** મમતાથી રહિત છે ધર્મી. **'જિન્હકે કટાક્ષમેં સહજ મોખપંથ સધૈ,'** જેની જ્ઞાનની ઉગ્રતાની કટાક્ષમાં મોક્ષપંથ સધે. **'મનકૌ નિરોધ જાકે તનકૌ ન કષ્ટ હૈ.'** હવે આવે જરી. **'તિન્હકે કરમકી કલોલૈ યહ હૈ સમાધિ,...'** કર્મનો કલોલ ઉઠે એ સમાધિ.

મુમુક્ષુ :- .. નિર્જરા છેને.

ઉત્તર :- નિર્જરા છેને. આ નિર્જરા અધિકાર છે.

'તિન્હકે કરમકી કલોલૈ યહ હૈ સમાધિ, ડોલૈ યહ જોગાસન...' શરીર ચાલે એ યોગાસન છે. એ ખરી જાય આ **'બોલૈ યહ મષ્ટ હૈ.'** બોલે એ મૌન છે. બોલે એ મૌન. બધું ફરી જાય છેને. આહા..હા..! સમજાણું કાંઈ? **'સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે,...'** અર્થમાં ત્યાં સુધી કહ્યું. કર્મને કલોલ કહ્યોને. કઈ અપેક્ષા છે? ઈ નિર્જરી જાય છે એ અપેક્ષાએ. બાકી જેટલી વિષયની વાસના છે, વાસના છે એ તો દુઃખ છે. સમજાણું કાંઈ? **'સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે.'** આસન .. કહે છે. હાલે-ચાલે પણ ઈ નિર્જરી જાય છેને? **'બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે.'** લ્યો, ખુલાસો કર્યો પાછો ભાવાર્થમાં. **'જે પરિણામ, સમાધિ, યોગ, આસન, મૌનનું છે તે જ પરિણામ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલનું છે, સમ્યક્ત્વનો આવો જ અટપટો મહિમા છે.'** એમ કર્યું છે. પણ ઈ અપેક્ષાથી સમજવું જોઈએને. જ્ઞાનીને નિર્જરા .. માટે ભોગ એ નિર્જરાનું કારણ છે એમ છે? એમ છે? એ તો દૃષ્ટિના જોરની અપેક્ષાએ વાત કરી છે. કે જેટલા અંશે રાગ છે એ તો દુઃખ છે, ઝેર છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાતું એવી છે. એ અચિંત્ય શક્તિમાં નાખ્યું છે દેવ.

મુમુક્ષુ :- અચિંત્યમાં.. નિર્જરા બતાવવા

ઉત્તર :- નિર્જરા બતાવે છે.

'તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા...' લ્યો, અજ્ઞાનભાવ ઇચ્છા. ઇચ્છાની ઇચ્છા નથી માટે ઇચ્છા નથી. પંચાધ્યાયમાં આવે છે. મુનિ તો કૃત્ય-કૃત્ય છે. ઇચ્છા ભલે હો, પણ એ તો કૃત્ય કૃત્ય જ છે. એવું આવે છે પંચાધ્યાય. દર્શન શુદ્ધિમાં. દર્શન શુદ્ધિની વ્યાખ્યા લીધીને. **'તેના અભાવને લીધે...'** એટલે ઇચ્છાના અભાવને લીધે **'જ્ઞાની ધર્મને ઇચ્છતો નથી;...'** પુણ્યને ઇચ્છતો જ નથી. વ્રતના પરિણામને જ્ઞાની ઇચ્છતો નથી.

પંચાધ્યાયમાં આવે છેને. આવે છે ઈ તો. એમાંથી જ કાઢ્યું છે. પરિણામ શુભરાગ છેને? એને કેમ ઈચ્છે? આવે ભલે અંદર. આહા..હા..!

સમાધિશતકમાં કહ્યું છેને કે પહેલું અશુભથી છૂટે. ..ના આવે. વૃત્તિ છૂટી અને શુદ્ધોપયોગમાં જાય. એવી શૈલી છે કે લોકોને... આહા..હા..! અહીં તો એકલો આખો .. ઉડી ગયો. ઈચ્છામાત્ર પુણ્યની ઈચ્છા. પુણ્ય જ પોતાનું નથી પછી ક્યાં વાત છે? આહા..હા..! વ્રતના પરિણામ દયા, દાનના, ભક્તિના, પૂજાના, પરોપકારના ભાવ બધા પુણ્ય છે. એની ઈચ્છા ધર્મીને હોતી નથી. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં એ આવે છે તો પછી આ અપવાસ આદિ કરે છેને. એમ કહે. ઈચ્છા નથી તો કેમ કરે છે? હવે એ તો અશુભથી બચવા એવો ભાવ એને આવે છે. ... છે. નિશ્ચયના સ્વભાવમાં તો ઈ પુણ્યને, ધર્મને ઈચ્છતો જ નથી. પુણ્યને ઝેર માને એને ઈચ્છે કેમ? પુણ્યને દુઃખદાયક માને એને ઈચ્છે કેમ?

સમ્યગ્દૃષ્ટિની દશામાં એની શરતું ઘણી ઉંચી હોય છે. કારણ કે એ સ્થિતિ જ એવી છે. બહારથી માપ કરે એ માપ થઈ શકે નહિ. સમજાણું કાંઈ? ધર્મી હોય સમકિતી ભગવાન લ્યોને ત્રણ જ્ઞાની ચક્રવર્તી શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. ક્ષાયિક સમકિતી. છન્નું હજાર પરણે. હવે એ કહે કે ઈચ્છા નથી. એનો અર્થ ઈ ઈચ્છા છે થઈ એ ઈચ્છા નથી. રુચિમાં એને પોસાણ નથી. આહા..હા..! એનો ધણી નથી. સ્વામી નથી એટલે એનો ધણી નથી. આહા..હા..!

'**ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને ઈચ્છતો નથી;...**' પુણ્યને ઈચ્છતો જ નથી. શુભભાવને ઈચ્છતો નથી. પુણ્ય શબ્દમાં ઈ બધું આવ્યું હોં શુભભાવ. અસંખ્ય પ્રકારના શુભભાવ. આહા..હા..! એની એને ભાવના હોય? ભાવના હોતી નથી. ભાવના તો સ્વભાવ સન્મુખની અંદરની ભાવના હોય છે. '**જ્ઞાની ધર્મને ઈચ્છતો નથી;...**' ધર્મ એટલે પુણ્ય. છેને પહેલા અર્થમાં આવી ગયું છે. ધર્મને-પુણ્યને. ઓલું શું કહ્યું? ..સમયસાર. દસ ગાથા... જુદા જુદા.. 'પરિગ્રહ રહિત છે. એટલે .. ધર્મકો નહિ ચાહતા' એમ શબ્દ છે. ધર્મસ્ય અપરિગ્રહ. ધર્મનો અપરિગ્રહ છે. અજ્ઞાનીને તો જ્ઞાન.. પછી ... આમાં તો એક શબ્દ ધર્મ.. અર્થમાં એ વાત છે. આમાં છે. શુદ્ધ ઉપયોગરૂપી ધર્મ-પુણ્ય બેય શબ્દ વાપર્યો છે. સ્વસંવેદન જ્ઞાની 'શુદ્ધોપયોગરૂપં નિશ્ચયધર્મ વિહાય' શુદ્ધ ઉપયોગરૂપી નિશ્ચયધર્મને છોડીને શુભોપયોગરૂપી ધર્મ એટલે પુણ્ય 'ન ઈચ્છંતિ.' જયસેનાચાર્યની ટીકામાં છે. જયસેનાચાર્યની ટીકામાં. એને ધર્મ અહીં વ્યવહાર કહ્યો. આહા..હા..!

'**માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.**' ધર્મ એટલે પુણ્ય. રાગને પકડતો નથી. મારા છે એમ ધર્મી માનતો જ નથી. આહા..હા..! વ્રતના પરિણામ પણ મારા એમ ધર્મી માનતો નથી. આકરું કામ ભારે! આવે વ્યવહારનયમાં તો એમ પણ કહે વ્યવહાર વ્રત પાળે, મહાવ્રત પાળે, મહાવ્રત અંગીકાર કરે લ્યો એવું આવે.

મુમુક્ષુ :- .. માગે અને

ઉત્તર :- માગે અને આપે. દ્રવ્યલિંગ અને ભાવલિંગ આપો એમ ગુરુને કહે. ...વ્યવહારની વાતું એવી છે. નિશ્ચયમાં એ વ્યવહારના વ્રતની ઇચ્છા ધર્મીને હોતી નથી. નેમિચંદજી! પુણ્ય છેને? એ પુણ્યની ઇચ્છા હોય તો તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આ મનુષ્યને સમયસારની .. વસ્તુ એવી લાગેને. જીરવવી કઠણ ભારે. અને કાં લઈ જાય સ્વચ્છંદમાં. પછી ધર્મીને ગમે તેવો રાગ હોય તો કાંઈ એને છે નહિ. એમ લઈ જાય, સ્વચ્છંદમાં લઈ જાય અને કાં એને એ વાત બેસે જ નહિ. પુણ્યરૂપી ધર્મની ઇચ્છા નહિ? હવે એ રાગ છે, બાપુ! એની ઇચ્છા ન હોય. એનો તો એ જાણનાર રહે છે. આહા..હા..!

'**જ્ઞાની ધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...**' સરવાળો લીધો. ધર્મીને તો જાણવાના સ્વભાવનો એક જ જ્ઞાયકભાવનો સદ્‌ભાવ છે. આહા..હા..! જાણવાના, દેખવાના, આનંદના સ્વભાવના સદ્‌ભાવને લીધે '**એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...**' લ્યો અહીં તો દૃષ્ટિમાં એકલો જ્ઞાયકભાવ છેને? એને લીધે '**આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.**' બહુ ખુલાસો કર્યો છે. પુણ્યના પરિણામનો કેવળ જ્ઞાયક છે એમ. એકલો જાણનાર છે. પોતાનો માનનાર નથી. એને નિર્જરા થાય છે. એને અશુદ્ધતા ટળે છે અને શુદ્ધતા વધે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧, બુધવાર, તા. ૦૪-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૦-૨૧૧, પ્રવચન-૩૫૮

૨૧૦ ગાથા થઈ. સમયસાર. એ શબ્દાર્થ છે આ બધા વાંધા ઉઠે એના. પુણ્યભાવ એ પુણ્યનો કેવળજ્ઞાયક જ છે. છે નીચે? પુણ્ય નામ જે શુભભાવ છે એને ધર્મી ઇચ્છતો નથી. એ તો રાગ છે. એ ચર્ચા થઈ હતી મોટી. પ્રેમચંદજી હતા. સાંભળ્યું હતું? .. બિચારા એ તો ... શાહુજી બધા. બાર હજાર માણસ હતું. ૭૮માં વૈશાખ સુદ બીજ ત્યાં કરી હતીને? ત્રીજનું હતું મંદિરનું ... પ્રતિષ્ઠા. પંચકલ્યાણક હતું. તો ગયા હતા. એણે કીધું કે ભાઈ અરિહંતની

ભક્તિ રાગ છે. ઓલો કહે કે નહિ. શુદ્ધની પાછળ તો પ્રકાશ છે.

મુમુક્ષુ :- એ તો રાગ આવી ગયો. .. કબુલ કર્યો. હવે પ્રકાશ સાબિત...

ઉત્તર :- પણ એનાથી આ ફળ થાય એમ. શુદ્ધ પ્રકાશનું એ શુદ્ધોપયોગ થાય એમ કહે છે. શું થાય? અરેરે..!

અહીં કહ્યુંને જુઓ '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની ધર્મને ઇચ્છતો નથી;...**' ધર્મી ધર્મને ઇચ્છતો નથી. ધર્મ એટલે શુભભાવ. એ તો પરવસ્તુ છે. '**માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.**' ધર્મીને રાગની પક્કડ નથી કે રાગ મારું સ્વરૂપ છે. એ વિભાવ છે. ખરેખર તો એ શુભભાવ અધર્મ છે. આહા..હા..! આકરું કામ ભારે. '**જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.**' નેમિચંદજી! છે? છેને? ક્યાં છે? '**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.**' ફેર છે ઈ પુસ્તક? ગુજરાતી છે? હિન્દી. અચ્છા.

મુમુક્ષુ :- ૧૧મી ગાથાનો શબ્દાર્થ.

ઉત્તર :- ના એ નહિ ૨૧૦. કાલે ચાલ્યુંને? અહીંયાં શુભભાવને ધર્મ કહ્યો છે. ધર્મીનો ધર્મ એટલે પુણ્ય. એ શુભ ઉપયોગ કહો કે પુણ્ય કહો. એ હેય છે. ધર્મીને એની પક્કડ નથી. પરજ્ઞેય છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એને ભગવાન કહે છે કે શુભોપયોગનો અપરાધ છે. સમજ્યા? તીર્થંકરગોત્ર બંધાયને શોડષકારણ ભાવના. શોડષકારણભાવના દર્શનવિશુદ્ધિ ભાવના ભાય. .. તીર્થંકર.. એ તો કહે છે કે શુભભાવ તો અપરાધ છે. અપરાધનું ફળ તીર્થંકરગોત્ર છે. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. સમજાણું કાંઈ? છે? પુરુષાર્થસિદ્ધિ ઉપાય છે. લ્યો, ૩૨૦ ગાથા છે. એ અમૃતચંદ્રાચાર્યે ટીકા કરી છેને? એ પણ અમૃતચંદ્રાચાર્યે દિગંબર મુનિએ કર્યું એમાં. ૨૨૦ હોં ૨૨૦. '**रत्नत्रयमिह हेतुर्निर्वाणस्यैव भवति नान्यस्य।**' આત્માનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એની શ્રદ્ધા એ સન્મુખ પરિણામ, એનું જ્ઞાન, વીતરાગ શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ જ્ઞાન અને નિર્વિકલ્પ પ્રતીતિ સમ્યગ્દર્શન અને સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર. એ ત્રણ ધર્મ નિર્વાણનું કારણ. મોક્ષનું કારણ થાય છે. '**અન્ય ગતિનું નહિ, અને જે રત્નત્રયમાં પુણ્યનો આસ્રવ થાય છે,...**' જે રત્નત્રય છે અને એમાં જે પુણ્યનો આસ્રવ થાય છે. છે? '**તે આ અપરાધ શુભોપયોગનો છે.**' પાઠ છે હોં. '**शुभोपयोगोऽयमपराधः**'

મુમુક્ષુ :- કેટલામી ગાથા? ૨૨૦?

ઉત્તર :- ૨૨૦-૨૨૦. આહા..! પુરુષાર્થસિદ્ધિ ઉપાય. આવી વાત છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય અને જે ભાવથી આહારક શરીર મળે આહારક મુનિને. આહારક શરીરને બંધ થાય છેને? એ ભાવ અપરાધ છે. રાગ છેને. શ્રદ્ધાના ઠેકાણા નહિ એને લાભ માને. મિથ્યાત્વ છે. જૈનપણું જ ક્યાં છે એને? જૈન તો રાગને પોતાનો માને નહિ, રાગ

રહિત પોતાના ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા એ મોક્ષનું કારણ છે. આહા..હા..! ભારે .. કઠણ પડે.

જુઓને લખ્યું છેને. '**આ લોકમાં રત્નત્રય મોક્ષનું જ કારણ છે,...**' પુરુષાર્થસિદ્ધિમાં. '**બીજી ગતિનું કારણ નથી. વળી રત્નત્રયના સદ્‌ભાવમાં જે શુભ પ્રકૃતિઓનો આસ્રવ થાય છે તે બધો શુભકષાય અને શુભયોગથી થાય છે, અર્થાત્ તે શુભોપયોગનો જ અપરાધ છે પણ રત્નત્રયનો નથી.**' કારણ કે પહેલું કહી ગયા હતાને? રત્નત્રય. '**येनांशेन सुदृष्टिस्तेनांशेनास्य बन्धनं नास्ति।**' જેટલું અંતર સ્વરૂપની દૃષ્ટિ સમ્યગ્દર્શન એનાથી બંધન નથી અને '**येनांशेन तु राग**' જેટલો રાગ છે એ બંધનું કારણ છે. કહો, સમજાણુ? પછી કહ્યુંને એની પાછળ. '**योगात्प्रदेशबन्धः स्थितिबन्धो भवति तु कषायात्।**' યોગથી પ્રદેશની પ્રકૃતિ અને કષાયથી સ્થિતિ અને અનુભાગ તો '**दर्शनबोधचरित्रं न योगरूपं कषायरूपं च।।२१५।।**' ગાથા.

મુમુક્ષુ :- સાધુ પદ...

ઉત્તર :- અંતર આત્મા શુદ્ધ ચૈતન્ય ભગવાન એની જે અંતર્મુખ થઈને પ્રતીતિ, અનુભવ કરીને થવી અને શુદ્ધાત્માનું લક્ષ, વીતરાગ શુદ્ધાત્માનું .. લક્ષણ એવું જે સમ્યગ્જ્ઞાન. જ્ઞાન એને કહીએ અને સ્વરૂપમાં રમણતા વીતરાગતા એ ચારિત્ર. એ ત્રણથી. એમ કહે છેને? એ ત્રણ કષાય અને યોગ નથી. યોગથી તો દ્રવ્યસંગ્રહમાં આવે છે. યોગથી પ્રકૃતિપ્રદેશાત. .. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ તો નિર્મળ છે. તો નિર્મળમાં યોગ અને કષાય ક્યાંથી આવ્યા? સમજાય છે કાંઈ? આહા..હા..! બહુ વિરુદ્ધ, ઘણું વિરુદ્ધ. અહીંયાં કહ્યું છે. '**સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌ચારિત્ર એ ત્રણે ન તો યોગરૂપ છે અને ન કષાયરૂપ પણ છે.**' હવે આટલું તો સ્પષ્ટ છે. કહો, વાડીભાઈ! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તો નિર્મળ વીતરાગી પર્યાય છે. અંતર સમ્યક્ આ. સમ્યક્ દેવ-ગુરુને માનવા એ તો વિકલ્પ રાગ છે. અંતર પૂર્ણ આનંદસ્વરૂપ આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એવી સત્તાનો શ્રદ્ધામાં જ્ઞાનસહિતમાં સ્વીકાર નિર્વિકલ્પ અને નિર્વિકલ્પ જ્ઞાન એટલે વીતરાગ પરિણતિરૂપ શુદ્ધાત્માનું લક્ષણ જ્ઞાન. એ લક્ષણ બાંધ્યું છે હોં પરમાત્મપ્રકાશ છે. જ્ઞાનની વ્યાખ્યા. શાસ્ત્રની વ્યાખ્યા, શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. શુદ્ધ વીતરાગી શુદ્ધાત્માનુભૂતિ લક્ષણ તે જ્ઞાન. આહા..હા..! વીતરાગ માર્ગ કાંઈ જુદી જાત અને ચાલે કાંઈક જુદી જાત. લોકોને ગોઠે નહિ આ તો. મિથ્યાત્વભાવને ધર્મ માનીને બેઠા છે. આહા..હા..!

કહે છે કે જે મોક્ષનો માર્ગ છે. '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' આવે છેને તત્ત્વાર્થસૂત્રમાં? તો એ નથી યોગરૂપ, એ નથી કષાયરૂપ અને યોગ અને કષાયને લઈને પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગ થાય છે. તો ચારેય એ તો નથી. માટે યોગ અને કષાય શુભોપયોગ

જે છે, શુભોપયોગ એ કષાયભાવ છે. યોગ સાથે કંપન્ન છે. બેનાથી પ્રકૃતિ પ્રદેશ અને સ્થિતિ અનુભાગ આવે. મોક્ષના માર્ગથી આવે નહિ. કહો, શાંતિભાઈ! આવું .. શું થાય? આ તો ચરણાનુયોગની ગાથા છે. ચરણાનુયોગનું પુસ્તક છે. શ્રાવકના બાર વ્રત. એમાં આ નાખ્યું છે. આહા..હા..! જુઓ, ૨૧૫. '**दर्शनबोधचरित्रं न योगरूपं कषायरूपं च।।**' યોગ અને કષાયથી બંધન થાય. ત્યારે મોક્ષનો માર્ગ છે એ યોગ અને કષાયરૂપ નથી. અને યોગ અને કષાયરૂપ છે એ મોક્ષમાર્ગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ૨૧૫થી એ બધી વાત લીધી છે હોં. .. જેટલું સમ્યગ્દર્શન અંદર છે તેટલું બંધનું કારણ નથી. જેટલો રાગ છે એ બંધનું કારણ છે અને સમ્યગ્જ્ઞાનમાં જેટલું વીતરાગી શુદ્ધાત્માનું જ્ઞાન છે એ બંધન નથી. જેટલો રાગભાગ છે ... આદિનો એ બંધનું કારણ છે. અંતર સ્વરૂપની રમણતા ચારિત્ર એ બંધનું કારણ નથી. રાગભાગ બાકી છે પુણ્યના એ બંધનું કારણ છે. આહા..હા..! અરે..! એ વાતને હજી તો વ્યવહારશ્રદ્ધા નહિ શું કરે? એને નિશ્ચય સમકિત થાય નહિ. સમકિત વીના જ્ઞાન અને ચારિત્ર હોય નહિ. એવી વાત છે. આકરી વાત. શિખરચંદજીને .. તે દિ' વિરોધી તત્ત્વનો. લોકો એ ક્રિયા કરે તો સારું લાગે. .. કરાવે, ભાષા બોલે .. ઠીક લાગે. આહા..હા..!

માટે ધર્મી '**धर्मनो केवळ ज्ञायक ज छे.**' એકલો જાણનાર પોતાને માનનાર નહિ પણ જાણનાર છે એમ કહે છે. શુભરાગ જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ કેવળ બંધનું કારણ છે અને તેનો ધર્મી તો જ્ઞાયક જ છે એને જાણે છે. એ વ્યવહાર છે. સમજાણું કાંઈ? ઈ પોતાને જાણે છે ત્યાં એ જાતની પર્યાય જાણે છે એટલે વ્યવહાર કીધો. એવી વાત છે.

ગાથા-૨૧૧

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदि अधम्मं।
अपरिग्गहो अधम्मस्स जागणो तेण सो होदि।।२११।।
अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छत्यधर्मम्।
अपरिग्रहोऽधर्मस्य ज्ञायकस्तेन स भवति।।२११।।

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावदधर्मं नेच्छति। तेन ज्ञानिनोऽधर्मपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावादधर्मस्य केवलं ज्ञायक एवायं स्यात्।

एवमेव चाधर्मपदपरिवर्तनेन रागद्वेषक्रोधमानमायालोभकर्ममनोवचनकायश्रोचक्षुर्घ्राण-रसनस्पर्शन-सूत्राणि षोडश व्याख्येयानिय। अनया दिशाऽन्यान्यप्यूह्यानि।

હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી એમ કહે છે :-

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પાપને,
તેથી ન પરિગ્રહી, પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.

ગાથાર્થ :- [अनिच्छः] અનિચ્છકને [अपरिग्रहः] અપરિગ્રહી [भणितः] કહ્યો છે [च] અને [ज्ञानी] જ્ઞાની [अधर्मम्] અધર્મને (પાપને) [न इच्छति] ઈચ્છતો નથી, [तेन] તેથી [सः] તે [अधर्मस्य..] અધર્મનો [अपरिग्रहः] પરિગ્રહી નથી, [ज्ञायकः] (અધર્મનો) જ્ઞાયક જ [भवति] છે.

ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી. ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અધર્મને ઈચ્છતો નથી; માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની) અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.

એ જ પ્રમાણે ગાથામાં 'અધર્મ' શબ્દ પલટીને તેની જગ્યાએ રાગ, દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, કર્મ, નોકર્મ, મન, વચન, કાય, શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન - એ સોળ શબ્દો મૂકી, સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.

ગાથા-૨૧૧ ઉપર પ્રવચન

હવે ધર્મીને અધર્મનો પરિગ્રહ નથી. પાપના પરિણામની પક્કડ નથી એને. આહા..હા..! સ્વામી નથીને એનો. છે ખરો. ચોથે-પાંચમે ગુણસ્થાને આર્તધ્યાન હોય, રૌદ્રધ્યાન હોય, રાગ

હોય. સમજાય છે? પક્કડ ક્યાં છે એને? એકત્વ ક્યાં છે? પૃથકત્વ છે. એટલે ધર્મી પાપને ઇચ્છતો નથી. ૨૧૧.

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदि अधम्मं।
अपरिग्गहो अधम्मस्स जागणो तेण सो होदि।।२११।।

નીચે હરિગીત.

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,
તેથી ન પરિગ્રહી, પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.

હવે એમાં એમ કોઈ કહે કે પાપને ઇચ્છે નહિ એટલે એના પરિણામમાં પાપ હોય જ નહિ. એમ નહિ અહીં તો પાપ હોય છતાં એની પક્કડ નથી. પોતાના ભાવમાં તેની એકત્વબુદ્ધિ નથી. આહા..હા..! ભારે ઝીણું પડે એને. હો..હા.. માણસને એવું લાગે. આ પંચ કલ્યાણક કરે, જાત્રા કાઢે એ બધો શુભભાવ ધર્મનું કારણ છે.

મુમુક્ષુ :- એટલા માટે તો આ બધું ... છે.

ઉત્તર :- એય..! કાલે કોક કહેતું હતું .. ત્યાં સમ્મેદશિખર જાશું. ભાઈ! ક્યાંય જાવું નથી મારે. અહીં ગયા હતા બેંગ્લોર તો .. છે. ઓલું બાહુબલ. અહીં આવ્યા હતા કહે જાવું છે? ક્યાંય જાવું નથી બાપા! જાય ક્યાં? આહા..હા..!

'**ટીકા :- ઇચ્છા પરિગ્રહ છે.**' વૃત્તિ ઉઠે ઇચ્છા એ પરિગ્રહ છે. '**તેને પરિગ્રહ નથી- જેને ઇચ્છા નથી.**' તેને પરિગ્રહ નથી એટલે કે તેને રાગની પક્કડ નથી કે જેને રાગની ઇચ્છા જ નથી. '**ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...**' આત્માના જ્ઞાનમયભાવથી ભિન્ન છે. આહા..હા..! '**અને અજ્ઞાનમય ભાવ... છે.**' એ રાગની વૃત્તિ પાપની આવે એ અજ્ઞાનમય ભાવ છે. એ જ્ઞાનમય, ચૈતન્યમય, ચૈતન્યની જાતનો ભાવ નથી. વિરોધજાતનો ભાવ છે. આહા..હા..! અજ્ઞાનમય. બેયને માટે એક જ શબ્દ વાપર્યા છે. શુભને માટે કે અશુભને. '**જ્ઞાનીને હોતો નથી.**' '**અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' આહા..હા..! આ કઈ અપેક્ષાએ કહેવાય છે એમ જાણવું જોઈએને? બાકી તો પરમાર્થ વચનિકામાં નથી આવતું ભાઈ? બનારસીદાસ. અશુદ્ધ વ્યવહાર, શુદ્ધાત્મ વ્યવહાર અને શુભ વ્યવહાર. પહેલાના પંડિત પણ મારા. કેવી વસ્તુસ્થિતિ! ચોથે ગુણસ્થાનેથી શુદ્ધભાવ, શુભ વ્યવહાર છે. જેટલી પરિણતિ શુદ્ધ છે તે શુદ્ધ છે અને બીજો રાગ એટલે શુભાશુભ અવસ્થા છે એ વ્યવહાર છે. શુદ્ધાશુદ્ધ અવસ્થા છે એ વ્યવહાર છે. મિથ્યાદષ્ટિને એકલો અશુદ્ધ. મિથ્યાત્વસહિતના પરિણામ શુભ હોય કે અશુભ હોય પણ એકલો અશુદ્ધ છે. એટલે અશુદ્ધ વ્યવહાર છે એનો. જ્ઞાનીનો, ધર્મીનો મિશ્ર વ્યવહાર છે. શુદ્ધ ચૈતન્યની શ્રદ્ધા, જ્ઞાનની રમણતા એટલી શુદ્ધતા. જેટલો રાગ છે એમ કે શુદ્ધાશુદ્ધ અવસ્થા છે અને કેવળીની એકલી શુદ્ધ અવસ્થા. વ્યવહાર

કેમકે યોગ સાથે છેને એથી એને શુદ્ધ અવસ્થા કીધી. પરમાર્થ વચનિકા બનારસીદા. આહા..હા..! પર્યાયમાં... એય..! ચેતનજી! આ શું કહ્યું?

અશુદ્ધ અવસ્થા છે એમ કહ્યું. અહીં ના પાડે છે. કઈ અપેક્ષાએ ના પાડે ... નિર્જરાનો અધિકાર છેને અહીંયાં? કઈ અપેક્ષાએ વાત છે? ત્યાં એમ કહે છે કે ધર્મીને છઠ્ઠે ગુણસ્થાને શુભાશુભભાવ હોય છે. પર્યાય હોં, ઓલી તો ત્રિકાળી તો .. આહા..હા..! એને જાણવું જોઈએ જેમ છે એમ જાણવું જોઈએ. આગ્રહ છોડે. આહા..હા..! એકલો શુદ્ધ વ્યવહાર છે. પર્યાય શુદ્ધ છે. સિદ્ધની પર્યાય અહીં ગણી નથી.

'**ઇચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' ઇચ્છા જ જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! રૌદ્રધ્યાન અને આર્તધ્યાન હોવા છતાં એની ઇચ્છા નથી, એની પક્કડ નથી. એ આવીને ઠરી જાય છે. ઈ અપેક્ષાએ વાત છે. .. સમજાણું કાંઈ? એમાં એમ આવ્યું છેને. ઉદય એ પ્રકારનો ન હોય, કેવળીને પણ ઉદય એ પ્રકારનો ન હોય. એમ ધર્મીને પણ અશુદ્ધતાના પરિણામ ઈ જાતના હોય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે. સમજાણું કાંઈ? પણ એની પક્કડ નથી, સ્વામી નથી, ધણી નથી. એની સાથે એકત્વબુદ્ધિ નથી છતાં એને શુદ્ધાશુદ્ધ વ્યવહાર એનામાં છે એમ કહેવાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! ચીજ છે એવી ચીજ છે એને .. આડાઅવળા .. આહા..હા..! વસ્તુ જ આવી જાત છે ત્યાં.

કહે છે એ અજ્ઞાનમયભાવ ધર્મીને હોતો નથી. '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' ધર્મીને તો ધર્મસ્વભાવ આત્મા આનંદ અને જ્ઞાન એ જાતની જ પર્યાયનું પરિણમન હોય છે. એ પર્યાયની વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ગયા ઠીક આ જ નથી આવ્યા. ગુજરી ગયા. એ તો સ્થિતિ એવી કાલે લાગતી હતી હોં. .. ઈ બધું એવું. એ બિચારા આમ.. આ બધું .. બહુ હતી. આમ થાતું હતું. એવું છે. આયુષ્ય .. ... સાંભળ્યું .. ... એમ કહે. .. એમ છે. કહો, સમજાણું કાંઈ? લઈને આવતા હશે ઓલામાંને?

મુમુક્ષુ :- એમ્બ્યુલન્સમાં.

ઉત્તર :- એમ્બ્યુલન્સમાં. ગુજરી ગયા હશે બપોરના.

'**જ્ઞાની અધર્મને ઇચ્છતો નથી; માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની) અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.**' ... '**એ જ પ્રમાણે ગાથામાં 'અધર્મ' શબ્દ પલટીને તેની જગ્યાએ રાગ,...**' મૂકો. રાગ અજ્ઞાનમયભાવ છે એને ધર્મી ઇચ્છતો નથી. '**દ્વેષ,...**' અજ્ઞાનમયભાવ છે એને

ઇચ્છતો નથી. એમ '**ક્રોધ, માન, માયા, લોભ, કર્મ,...**'ને ઇચ્છતો નથી. '**નોકર્મ,...**'ને ઇચ્છતો નથી. સારું કર્મ બંધાય. આહા..હા..! નિમિત્તને ઇચ્છતો નથી એમ કહે છે. લ્યો આ તો એ આવ્યું. દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે એને ઇચ્છતો નથી. કહો, છે? આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આ તો સ્પષ્ટિકરણ થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર એની ... કહો, આહા..હા..! ઇચ્છા થાય પણ ઇચ્છાની પક્કડ નથીને? સ્વામીપણું નથીને એ માટે કહે છે. બહુ ઝીણી વાત.

'**મન, વચન, કાય,...**' એ મનનો પરિગ્રહ નથી. આહા..હા..! ભાવમન સંકલ્પ-વિકલ્પ, દ્રવ્યમન પરમાણુની પર્યાય. આહા..હા..! બેય નથી. વાણીની પક્કડ નથી. આહા..હા..! વાણીનો પરિગ્રહ નથી. આમ વાણી કહેવી અને આમ બોલવીને. કોણ બોલે? આહા..હા..! '**કાયા,...**' એનો પરિગ્રહ નથી. પાંચ ઇન્દ્રિય '**શ્રોત્ર, ચક્ષુ, ઘ્રાણ, રસન અને સ્પર્શન - એ સોળ શબ્દો મૂકી, સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવાં.**' આટલું રાખીએ અત્યારે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૧૨

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे असणं।
अपरिग्गहो दु असणस्स जाणगो तेण सो होदि।।२१२।।
अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छत्यशनम्।
अपरिग्रहस्त्वशनस्य ज्ञायकस्तेन स भवति।।२१२।।

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावादशनं नेच्छति। तेन ज्ञानिनोऽशनपरिग्रहो नास्ति।

ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावादशनस्य केवलं ज्ञायक एवायं स्यात्।

હવે, જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી એમ કહે છે :-

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે અશનને,
તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.

ગાથાર્થ :- [अनिच्छः] અનિચ્છકને [अपरिग्रहः] અપરિગ્રહી [भणितः] કહ્યો છે [च] અને [ज्ञानी] જ્ઞાની [अशनम्] અશનને (ભોજનને) [न इच्छति] ઈચ્છતો નથી, [तेन] તેથી [सः] તે [अशनस्य] અશનનો [अपरिग्रहः तु] પરિગ્રહી નથી, [ज्ञायकः] (અશનનો જ્ઞાયક જ [भवति] છે.

ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી. ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અશનને ઈચ્છતો નથી; માટે જ્ઞાનીને અશનનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની) અશનનો કેવળ જ્ઞાયક જ છે.

ભાવાર્થ :- જ્ઞાનીને આહારની પણ ઈચ્છા નથી તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી. અહીં પ્રશ્ન થાય છે કે-આહાર તો મુનિ પણ કરે છે, તેમને ઈચ્છા છે કે નહિ ? ઈચ્છા વિના આહાર કેમ કરે ? તેનું સમાધાન :- અશાતાવેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે, વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી અને ચારિત્રમોહના ઉદયથી આહારગ્રહણની ઈચ્છા ઉત્પન્ન થાય છે. તે ઈચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે. રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે. ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા જ્ઞાનીને નથી અર્થાત્ તેને એમ ઈચ્છા નથી કે મારી આ ઈચ્છા સદા રહો. માટે તેને અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે. પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી માટે જ્ઞાની ઈચ્છાનો પણ જ્ઞાયક જ છે. આ પ્રમાણે શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું.

ચૈત્ર સુદ-૨, ગુરુવાર, તા. ૦૫-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૨-૨૧૩, પ્રવચન-૩૫૯

નિર્જરા અધિકાર. '**હવે, જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી એમ કહે છે :-** ' અહીંયાં આત્મા ચૈતન્યસ્વરૂપ, આનંદમૂર્તિ એનું જ્યાં અંતર વેદન અને ભાન થયું એથી એને આત્માના સ્વભાવ સિવાય કોઈ પરચીજની સાથે એને એકતાબુદ્ધિ હોતી નથી. નોકર્મને આવ્યુંને? અંદરમાં ભાવકર્મ, દ્રવ્યકર્મ અને નોકર્મ ત્રણેને ઈ પોતાના માનતો નથી. નોકર્મ શબ્દે નિમિત્તો બધા. એના પોતામાં એકત્વ નથી. કેમકે જ્ઞાનસ્વભાવ અને આનંદસ્વભાવની જ્યાં એકતા છે ત્યાં રાગાદિની એકતા હોતી નથી. એથી એને રાગનો, નોકર્મનો, કર્મનો પક્કડ નથી એટલે પરિગ્રહ નથી. હવે આહારનો પરિગ્રહ નથી. ખુલાસો કરશે.

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे असणं।
अपरिग्गहो दु असणस्स जाणगो तेण सो होदि।।२१२।।
અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે અશનને,
તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.

જેને જે સંબંધ હોય છે એની અહીં વાત કરી છે. કારણ કે રાગાદિ હોય છે પર્યાયમાં. કર્મ અને નોકર્મ પણ ચીજ હોય છે. લક્ષમાં આવે છે, પણ એનું એકત્વ કરતો નથી. એમાં આહારની વાત લે છે અહીંયાં. આહાર અને પાણી છે. વસ્ત્ર, પાત્ર તો છે નહિ એટલે એની વાત હોય જ નહિ. વળી વસ્ત્ર, પાત્ર રાખે અને પરિગ્રહ નથી. એ તો હોઈ શકે નહિ. મુનિની વાત છેને મુખ્યપણે? મુનિને વસ્ત્ર હોતા નથી, પાત્ર હોતા નથી. જે અસંગ.. આદિ હોય છે એનો પણ એને ઈચ્છા આવે એની ઈચ્છા હોતી નથી. એની ટીકા કહે છે.

'**ઈચ્છા પરિગ્રહ છે.**' ભગવાન આત્મા નિરિચ્છક વસ્તુ પૂર્ણ આનંદસ્વરૂપ એને પરની ઈચ્છા કેવી? કહે છે. અહીં તો સમ્યગ્દર્શન થતાં જ ઈચ્છા નથી એમ કહે છે. 'ક્યા ઈચ્છત ખોવે સબૈ ક્યા ઈચ્છત ખોવત સબૈ હૈ ઈચ્છા દુઃખ મોહ' એ ઈચ્છાનો પરિગ્રહ જ નથી જ્ઞાનીને. એનો અર્થ એવો નથી કે એને ઈચ્છાની વૃત્તિ અંદર છે જ નહિ. છે પણ પક્કડ નથી. આહા..હા..! જ્ઞાનસ્વભાવ અંતર્મુખમાં વલણવાળી પરિણતિ થઈ ગઈ છે એટલે બહિર્મુખની વૃત્તિની સાથે એનું એકત્વ પરિણમન નથી. એથી એની પક્કડ નથી. આહા..! આવો ધર્મ વસ્તુ છે.

મુમુક્ષુ :- ક્રિયા ક્યારે આ?

ઉત્તર :- ક્રિયા છે આ. અંતર આત્મા આનંદસ્વરૂપ અને જ્ઞાયક એમાં એકાગ્ર થવું એ એની ક્રિયા છે. આહા..હા..! આ કાંઈ રાગાદિની એની ક્રિયા નથી. એનું સ્વરૂપ જ નથી. જ્યાં જે પ્રકારે વીતરાગનો અધિકાર છેને અહીંયાં? ત્યાં તો એમ કહ્યું. જ્યાં વળી એમ આવે કે ભાઈ એના પરિણમનમાં વેદન છેને? ઈચ્છા થઈ એનું વેદન છેને? વેદન ન હોય તો વીતરાગ હોય. વેદન છે એને પણ જાણે છે, ઓળખીને એને અંતરદૃષ્ટિમાં તેનો ત્યાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ઈચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી.**' શેની ઈચ્છા હોય? પરમાનંદસ્વરૂપ ભગવાન આત્મા જ્યાં એને દૃષ્ટિમાં સ્વીકાર થઈ ગયો પ્રભુનો. આહા..હા..! એને હવે પરની ઈચ્છા અને પર માટે ઈચ્છા હોઈ શકે નહિ. આ જ્ઞાનમય, આનંદમય અવસ્થાવાળો થયો એને ઈચ્છા તો અજ્ઞાનમયભાવ છે. ભારે! એ અજ્ઞાનમયને લઈને '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' અજ્ઞાનમય નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવમાં અંતર આનંદના વેદનમાં એને જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે. જ્ઞાન, શ્રદ્ધા, શાંતિ એ બધા જ્ઞાનમય ભાવ છે. '**અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' રાગ એ તો અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે? એમાં ચૈતન્ય સ્વભાવની કણિકા પણ એમાં રાગમાં નથી. એથી રાગ તો અંધકાર, અચેતનસ્વરૂપ છે. એ ચેતનના વેદનમાં અચેતનની ઈચ્છા કેમ હોય? આવી વાત બહુ ઝીણી! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' સિદ્ધાંત કેવા કે '**ઈચ્છા તો અજ્ઞાનમયભાવ છે...**' રાગનો વિકલ્પ છે એ તો સ્વરૂપના સ્વભાવનો એમાં અભાવ છે. એ તો અજ્ઞાનમયભાવ છે. એથી જ્ઞાનીને અજ્ઞાનમયભાવ હોતો નથી. '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' અસ્તિ પાછું સિદ્ધ. જાણવાનો, દેખવાનો, શાંતિનો ઈ એના પરિણામ હોય છે. '**તેથી અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની અશનને ઈચ્છતો નથી;...**' એ આહારને ઈચ્છતો નથી. આહાર વહોરવા જાય દરરોજ. વહોરવા પણ જાતો નથી કહે છે લ્યો. પણ ક્યાંય જાતો જ નથી. છે ત્યાં છે. સમજાણું કાંઈ? એ તો જ્ઞાયકભાવમાં છે. એ ક્યાંય જાતો પણ નથી અને આવતો પણ નથી.

'**અશનને (ભોજનને) ઈચ્છતો નથી,...**' ઈચ્છા આહારની ઈચ્છા જ જ્ઞાનીને નથી. કહેશે ત્યાં. '**તેથી તે અશનનો પરિગ્રહી નથી,...**' જ્ઞાનમાં એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે હું તો એક જાણનાર-દેખનાર પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ એવી હયાતીની અનુભવની દશાને લઈને આ જ્ઞાની અશનનો કેવળ જ્ઞાયક છે. આહાર આવે અને વિકલ્પ ઉઠે એ બેયનો એક જ્ઞાયક જાણનાર છે. આહા..હા..! એકાંત જાણનારો થયો છે એમ કહે છે. કેવળ જાણે જ છે.

આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી ઈ કહેશેને. અહીં નિર્જરા બતાવી છેને. .. ઈચ્છા નથી. ઈચ્છા ખરી જાય છે. સમયસારમાં આવ્યુંને છેલ્લું. અહીં તો અહીં છેલ્લું આવે કે જ્ઞાનીને શરીર જ નથી, તો પછી આહાર ક્યાંથી? છેલ્લું આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહિ. છેલ્લે. આહારક. આહારક છેલ્લે ગાથા આવે છેને. એને આહાર જ નથી. આહા..હા..!

કહે છે '**અશનનો કેવળ જ્ઞાયક જ છે.**' ભાવાર્થ. આ પ્રશ્ન ઉઠ્યો હતો. જ્ઞાનીને આહારની પણ ઈચ્છા નથી તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી. ખુલાસો કર્યો. ધર્મીને આહારની પણ ઈચ્છા તો નથી. આનંદની ભાવના આગળ એને આહારની ઈચ્છા ક્યાંથી હોય? '**તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી.**' લ્યો, કરવું આવ્યું અહીં પાછું. થાય છે એનો ઈ જાણનાર રહે છે. '**અહીં પ્રશ્ન થાય છે કે-આહાર તો મુનિ પણ કરે છે,...**' પ્રશ્ન ઉદ્ભવે. સાધુ પણ આહાર તો કરે છે. સમકિતીને આહાર નહિ લે ભારે!

મુમુક્ષુ :- આહારે કરે મિથ્યાદૃષ્ટિને આહાર ક્યાં છે? ઈ માને છે.

ઉત્તર :- હા, પણ ઈચ્છાની એકતાબુદ્ધિ છેને? અને એકતાબુદ્ધિ દૃષ્ટિ ત્યાં પડી છે અને અહીં દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય ઉપર છે. ફેર આમ છેને? અજ્ઞાનીની દૃષ્ટિ રાગ અને પર્યાય ઉપર છે. જ્ઞાનીની દૃષ્ટિ એ દ્રવ્ય સ્વભાવ અને વીતરાગભાવ ઉપર અંદર છે. આહા..હા..! બહુ ફેર. એ આહાર તો મુનિ પણ કરે એમ કેમ લીધું? કે ભાઈ! તમે તો સમ્યગ્દૃષ્ટિ થયો એટલે અનશનનો પરિગ્રહ જ નથી એમ કહે છે. અને અહીં તો અમે તો આહાર તો મુનિપણ કરે છે એમ જોઈએ છીએ. છેને? '**આહાર તો મુનિ પણ કરે છે,...**' તમે કહો કે જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ થયો એટલે કાંઈ નથી હવે એને આહાર. આહારની ઈચ્છા પણ નથી. ઓહો..હો..!

'**આહાર તો મુનિ પણ કરે છે, તેમને ઈચ્છા છે કે નહિ? ઈચ્છા વિના આહાર કેમ કરે?**' આ પ્રશ્ન. '**તેનું સમાધાન :- અશાતાવેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે,...**' અશાતા વેદનીયના ઉદયથી નિમિત્ત ત્યાં કહે છે. '**જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે,...**' લ્યો, અસાતા વેદનીયના કર્મના ઉદયથી. અશાતાવેદનીયનો ઉદય પર અને જઠરાગ્ની પર. પણ અહીં સમજાવું છે એમાં શું સમજાવે એને? આહા..હા..! '**અશાતાવેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે, વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી...**' નથી એટલે કે એની નબળાઈ છે એમ. '**વીર્યાંતરાયના ઉદયથી...**'

એનો અર્થ કે એનો પુરુષાર્થ નબળો છે. '**તેની વેદના સહી શકાતી નથી અને ચારિત્રમોહના ઉદયથી આહારગ્રહણની ઇચ્છા ઉત્પન્ન થાય છે.**' ત્રણ વાત થઈ.

અશાતાના ઉદયથી જઠરાગ્નિમાં ક્ષુધા થાય. વીર્યાંતરાયના કારણે નિમિત્તથી. પોતાનું વીર્ય મંદ છે તેથી સહન થઈ શકે નહિ '**અને ચારિત્રમોહના ઉદયથી આહારગ્રહણની ઇચ્છા ઉત્પન્ન થાય છે. તે ઇચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે.**' ચાર બોલ લેશે સમાધાન માટે. ધર્મી તો રાગ ને ઇચ્છા ને કર્મનું કાર્ય મારું નહિ. મારું કાર્ય તો એને જાણવા-દેખવાનું કાર્ય છે. આહા..હા..! ઇચ્છાનું કાર્ય એ જ્ઞાનીનું છે નહિ. એ કર્મનું કાર્ય છે. આહા..હા..! જુઓ ત્યારે એ તો લોકો કહે છે કર્મના નિમિત્તે રાગ થાય. ઈ બીજી વાત છે. રાગ તો પોતાની નબળાઈથી જ થાય છે, પણ અહીંયાં રુચિ અને દૃષ્ટિ સ્વભાવ ઉપર પડી છે એથી રાગને રુચિથી કરવાનો ભાવ નથી. ત્યારે રાગ થાય છે ત્યારે એ કર્મનું કાર્ય છે એમ અહીં તો. નિમિત્તને આશ્રયે-વશે થયેલું કાર્ય નિમિત્તનું છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**કર્મના ઉદયનું કાર્ય જાણે છે.**' ઓહો..હો..!

'**રોગ સમાન જાણી...**' એને રોગ જાણે છે. રાગને રોગ જાણે છે. રાગમાં રાજીપો નથી. આહા..હા..! '**રોગ સમાન જાણી તેને મટાડવા ચાહે છે.**' મટાડવા ચાહે છે. એટલે પ્રયત્ન મટાડવા માટે છે એમ. રાખવા માટે નથી. ચાહે છે એમ.. વળી મટાડવાની ઇચ્છા કરે છેને. એનો અર્થ કે સ્વભાવ સન્મુખ થઈને એનો અભાવ કરવા પ્રયત્ન કરે છે. એને રાખવા પ્રયત્ન કરતો નથી. ભારે અધિકાર ઝીણો. આહા..હા..! ચૈતન્યના અમૃતના જેને સ્વાદ આવ્યા. ભગવાન શુદ્ધાત્માનુભૂતિનો જ્યાં આનંદ-અનુભવ આવ્યો કહે છે કે એને આનંદના સ્વાદ આગળ બીજી ઇચ્છા કેમ હોઈ શકે? સમજાણું કાંઈ? એને આહારની ઇચ્છા થાય, પણ એ ઇચ્છાની ઇચ્છા નથી અને ઇચ્છાનો જ્ઞાયક જ છે. કેમકે જેની વર્તમાન પર્યાય દ્રવ્ય ઉપર ગઈ છે એથી એનું પરિણમન તદ્દન શુદ્ધ છે. શુદ્ધમાં જ્ઞાતા-દૃષ્ટા તરીકે રાગના કાર્યને જાણે, પણ એ રાગનું કાર્ય મારું છે એમ જાણે નહિ. આહા..હા..! કહો, લડાઈમાં ઉભો હોય રાજકુમાર. ક્ષાયિક સમકિતી હોય. રાગનો ભાગ થાય, દ્વેષનો અંશ આવે, હથિયાર ઉપાડે, હથિયારને બાણ મારે એવું કરે એમ દેખાય. ભાષા એમ બોલે છે. મારે છેને બાણ. આહાર કરે છેને આ? તો બાણ મારે છેને, હથિયાર ઉપાડે છેને. બાપુ! એમ નથી. ઈ ઉપડતા હથિયારને .. એનો ઈ જાણનાર રહે છે. આવી વાતું અંતરની. ઈ બહારના માપે એનું માપ કરવા જાય તો થઈ શકે એવું નથી. કહો, સમજાણું આમાં?

લડાઈ કરે અને ઉભો અને કહે લડાઈ કરતો નથી, કરે અને કરતો નથી. અનાસક્તભાવે કરતો હશેને? ઓલા કહે છેને ગીતામાં અનાસક્તિએ કરવું. પણ અનાસક્તિની વ્યાખ્યા શું? કરવું એ છે જ નહિ ત્યાં વળી અનાસક્તિએ કરવું ઈ ક્યાંથી આવ્યું? આહા..હા..! આસક્તિ

ન કરવી અને આસક્તિ હોય એને ભગવાનને અર્પણ કરી દેવી. એમ નથી. એ રાગને કર્મને અર્પણ કરી દેવું એ મારું કાર્ય નથી. કહો, પંડિતજી! ભારે વાતું! જુઓ, જરી સમ્યગ્દર્શનની ભૂમિકા પ્રગટ્યા વિના એનું જ્ઞાતા-દ્રષ્ટાપણું શરૂ ન થાય. ત્યાં સુધી એને વ્રત ને તપ સાચા હોઈ શકે નહિ. એવી વાત. બાહ્ય ત્યાગ ઉપર ઘણું ગયું વજન. બાહ્ય ત્યાગ જ એમ કે સ્વરૂપના સાધન માટે કાર્યકારી છે. નહિતર એકાંત થઈ જાય છે એમ કહે છે. અહીં કહે છે કે આ એકાંત આમ થઈ જાય છે. રાગ અને રાગથી મળતી ચીજો એની બધાનું જ્ઞાનીને પક્કડ નથી. તે જ્ઞાતા ભિન્ન રહીને તેને જાણનારો રહે છે. આહા..હા.. રાગથી જુદું પડેલું તત્ત્વ જુદું રહીને જ રાગને જાણતો રહે છે. એથી એને મટાડવા ઈચ્છે રોગ જાણીને. બે.

'**ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા જ્ઞાનીને નથી...**' ત્રણ. '**ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા...**' એટલે આ ઠીક છે. આ ઠીક છે, કરવા જેવી છે એવી ઈચ્છા જ્ઞાનીને તેમ એમ ઈચ્છા નથી કે મારી આ ઈચ્છા સદા રહો. એમ ધર્મીને ઈચ્છા હોય નહિ. આહા..હા..! '**તેને એમ ઈચ્છા નથી કે મારી આ ઈચ્છા સદા રહો.**' આ ધર્મનો મર્મ છે આ. આહા..! વૃત્તિ ઉઠે, પણ એ વૃત્તિ ઉઠે એનો સ્વામી નથી અને એનો એ કર્તા પણ નથી તેમ તેનું કર્તવ્ય પોતામાં છે એમ સ્વીકારતો નથી. આહા..હા..! '**ઈચ્છા નથી કે મારી આ ઈચ્છા સદા રહો. માટે તેને અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે.**' ત્રણ થયું.

ચોથું. '**પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી...**' હવે આ કહ્યા પછી સ્વામીપણું નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? કર્મના ઉદયનું કાર્ય જાણે, રોગસમાન જાણી મટાડવા ઈચ્છા, ઈચ્છા પ્રત્યે ઈચ્છાને અનુરાગ ઈચ્છા નથી કે આ સદાય રહો અને એને જ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે. તેથી અજ્ઞાનમય રાગનો એને સ્વભાવમાં અભાવ છે. '**પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી...**' રાગનું ધણીપતું નથી. એને ધણીપતું પોતાના સ્વભાવનું છે. '**પરજન્ય ઈચ્છાનું...**' ભાષા દેખો પરજન્ય. પરથી ઉત્પન્ન થયેલી ઈચ્છા. માથે પહેલું કહ્યું હતું કે કર્મનું કાર્ય છે એમ. '**પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી માટે જ્ઞાની ઈચ્છાનો પણ જ્ઞાયક જ છે.**' તેથી એને નિર્જરા એટલે શુદ્ધિ થાય છે.

'**આ પ્રમાણે શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું.**' શુદ્ધનયની કથનની ઉપદેશથી આ જાણવું. પર્યાયનયમાં રાગાદિ છે, વેદન છે, પણ દ્રષ્ટિના જોરથી એને ખરી જાય છે માટે એને પક્કડ છે નહિ. આહા..હા..! ઈ આહારની વાત કરી. આવ્યા હતા નહિ ઓલા ..ભાઈ. બારોટ છે આપણા આમાં ... ઈ સાધુ માટે એણે કાંઈક ગોતી રાખ્યું. સવારમાં પહેલી .. એમ કે ભાષા ગોઠવી જેમ છરી. છરી એવું આમાં ગોતે છે. સવારમાં .. માણસો આમ ભેગા કરવા, એની વાતું કરવી. એવું કાંઈક ચાર-પાંચ-છ ગોતે છે. ક્યારે વિચારવું કે ધ્યાન કરવું કે એ તો કાંઈ કાર્ય રહ્યું નથી તમારે. આખો દિ' આ કરો કે .. આમ કરો,

ફલાણું આમ કરો, સાધુ .. સાધુ માટે. .. ઉતરેને. સાધુ ... ધ્યાન રાખતા. શું થયું છે આ? જૈનદર્શનમાં...

મુમુક્ષુ :- ઉદયકાળ. કળીકાળ આવ્યો છે.

ઉત્તર :- અરર..! સાધુ. ગાડામાં .. ઉતરે, પથરા ઉતરે સાધુ ધ્યાન રાખીને ઉભા. .. આકરી. આહા..હા..! બરાબર ન કામ કરે તો ઉતાવળે ધ્યાન રાખીને ઝટ કરાવે. ઝટ કરો. આહા..હા..! અહીં તો કહે છે કે ભાઈ! તને સાધુ તો કાંઈક જુદી જ જાત છે. એની વીતરાગતાની વાત શું કરવી? આહા..હા..! એને આહારની ઈચ્છા ઉત્પન્ન થાય એ દુઃખ લાગે છે.

મુમુક્ષુ :- ભઠ્ઠી હશે?

ઉત્તર :- ભઠ્ઠી છે. એય..! ચેતનજી!

મુમુક્ષુ :- ... રોગ સમાન લખ્યું છે.

ઉત્તર :- રોગ સમાન છે. ચંડાળણીના પુત્ર કીધા નહિ બેયને? શુભ અને અશુભ બેય ચંડાળણીના પુત્ર. વિભાવની પ્રસ્તુતી છે ઈ. સ્વભાવ નહિ ત્યાં. આહા..હા..! લોકોને શુભનું બહુ. પ્રેમ છેને શુભનો. માહાત્મ્ય શુદ્ધનો અનાદર કરી શુદ્ધમાં .. કરે છે. તને નુકસાન થાય છે ભાઈ! એની એને ખબર નથી. અને દૃષ્ટિમાં વિપર્યાસપણું છે. આહા..હા..! અહીં તો કહે છે ધર્મીને આહારની ઈચ્છા એ ઈચ્છાને અનુરાગ નથી. તેથી તેને ઈચ્છા અજ્ઞાનમય હોતી જ નથી. આહા..હા..! પરજન્ય છે તેનો એ સ્વામી નથી. એ અહીં શુદ્ધનયની મુખ્યતાથી કથન જાણવું. વ્યવહારનયથી જ્યારે કથન આવે ત્યારે એમ થાય ઓહો..! આ જાય છે, આહાર-પાણી લે છે. એમ બોલાયને? બોલાય શું?

મુમુક્ષુ :- વિધિ પ્રમાણે લે.

ઉત્તર :- વિધિ પ્રમાણે હોય તો લે, નહિતર નિષેધ કરે, ચાલ્યા જાય. લે કોણ અને દે કોણ? પરવસ્તુને લેવું-દેવું એ વ્યવહારનયના કથન છે. એમ હોતું નથી, પણ એ વખતે આહાર ગ્રહણ વખતે ઈચ્છાની નબળાઈની વૃત્તિ છે એમ દેખીને દે છે ને ખાય છે ને પીવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..!

ગાથા-૨૧૩

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे पाणं।
अपरिग्गहो दु पाणस्स जाणगो तेण सो होदि।।२१३।।
अपरिग्रहोऽनिच्छो भणितो ज्ञानी च नेच्छति पानम्।
अपरिग्रहस्तु पानस्य ज्ञायकस्तेन स भवति।।२१३।।

इच्छा परिग्रहः। तस्य परिग्रहो नास्ति यस्येच्छा नास्ति। इच्छा त्वज्ञानमयो भावः, अज्ञानमयो भावस्तु ज्ञानिनो नास्ति, ज्ञानिनो ज्ञानमय एव भावोऽस्ति। ततो ज्ञानी अज्ञानमयस्य भावस्य इच्छाया अभावात् पानं नेच्छति। तेन ज्ञानिनः पानपरिग्रहो नास्ति। ज्ञानमयस्यैकस्य ज्ञायकभावस्य भावात् केवलं पानकस्य ज्ञायक एवायं स्यात्।

હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો) પણ પરિગ્રહ નથી એમ કહે છે :-

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પાનને,
તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.

ગાથાર્થ :- [अनिच्छः] અનિચ્છકને [अपरिग्रहः] અપરિગ્રહી [भणितः] કહ્યો છે [च] અને [ज्ञानी] જ્ઞાની [पानम्] પાનને [न इच्छति] ઈચ્છતો નથી, [तेन] તેથી [सः] તે [पानस्य] પાનનો [अपरिग्रहः तु] પરિગ્રહી નથી, [ज्ञायकः] (પાનનો) જ્ઞાયક જ [भवति] છે.

ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી. ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની પાનને ઈચ્છતો નથી; માટે જ્ઞાનીને પાનનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની) પાનનો કેવળ જ્ઞાયક જ છે.

ભાવાર્થ :- આહારની ગાથાના ભાવાર્થ પ્રમાણે અહીં પણ સમજવું.

ગાથા-૨૧૩ ઉપર પ્રવચન

'**હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો) પણ પરિગ્રહ નથી એમ કહે છે :-**' પાણી વગેરે કીધું છેને? મોસંબીના પાણી, દુધિયા ઉનાળાના. તમારે દુધિયા નથી કરતા ઉનાળાના?

મુમુક્ષુ :- ઈ વખત ગયો.

ઉત્તર :- લે છે અત્યારે. દુધિયા પહેલા. બદામ ને પિસ્તા ને મરી આ લીલાધર કરતા પહેલા. સમઢિયાળા નાગરભાઈને નહિ? એ લીલાધર. એ બધા આવે ત્યારે .. હોય પાણીમાં નાખે કૂવામાં. કૂવામાં કોષ મૂકેને કોષ? કોષ સમજો છો? એમાં પાણી કાઢે. ભાષા સમજે છે. ઈ લીલાધર હોય છેને ભાંગ-ભાંગ. ભાંગ હોય છે. એ પાણીમાં નાખે કોષમાં અને કૂવામાં નાખે. એક રાત, બે રાત કૂવામાં પડી રહે. અને ઈ બહાર કાઢીને પછી એને ઘુંટે અને એમાં દૂધ ને બદામ ને પિસ્તા નાખે. એને દુધિયું કહેવાય એ. ઠંડુ-ઠંડુ. આહા..હા..! અરે..! ધર્મીને ચાની ઈચ્છા નથી, દૂધની ઈચ્છા નથી, મોસંબીની નથી. આહા..હા..! પાણી પીવાની જ ઇચ્છા નથીને. ભારે વાત ભાઈ! એ '**પણ પરિગ્રહ નથી એમ કહે છે :-**'

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे पाणं।
अपरिग्गहो दु पाणस्स जाणगो तेण सो होदि।।२१३।।

જોયું? ભગવાને કહ્યું છે એમ કહ્યુંને? આહા..હા..!

અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પાનને,
તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.

ઓહો..હો..! એક-એક ગાથાએ પાછી ટીકા સંકેલી નથી કે પૂર્વ કીધું એમ. એક-એકની ટીકા બનાવી છે. આહા..હા..! ૪૯ ગાથામાં નહિ? એક-એકના બોલ લીધા. દરેકના. પહેલા તો અમારે સંકેલવા પડ્યા હતા. પછી એકવાર થોડું કહીને નહિ? આચાર્યે એક-એક જુદી જુદી વાત કરી છે પાંચેય ઇન્દ્રિયની. આહા..હા..! ૪૯ ગાથા છે. ... આહા..હા..! સંતોની કરૂણા એનો વિકલ્પ છે. એનો ઈ જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ આત્મા .. વીતરાગી ભિન્ન અનાકુળ શાંતરસનો આનંદનો નાથ જ્યાં નજરે પડ્યો. આહા..હા..! હવે એની નજરને કોણ આકર્ષી શકે બીજો? સમજાય છે કાંઈ? ભગવાન અનાકુળ શાંતરસનો પિંડ એમાં જ્યાં અંતર દૃષ્ટિ પડી અને આકર્ષાઈ ગયો અંદરમાં. એવા સમકિતીને બીજો કોણ આકર્ષિ શકે? ઇન્દ્રાણીઓ હજાર આવે તોપણ આકર્ષે. ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..!

પરમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ એમ કહે છે. કહો, સુખબુદ્ધિ ઉડી ગઈ. આહા..હા..! અપ્સરાઓ આમ આવે આ લ્યો... આ લ્યો... અરે..! કોને આમંત્રે છો ભાઈ? મડદાને તું ખવરાવા માગે છો. આહા..હા..! રાગથી મરી ગયા છીએ અમે. અમારું જીવન રાગનું નથી. આહા..હા..! અમારું જીવન તો આનંદ અને જ્ઞાનના જીવનમાં રાગથી કાંઈક લાભ થાય, રાગથી મીઠાશ થાય એ .. ક્યાંથી આવે? આહા..હા..! સંસારમાં હો, આખી સુખબુદ્ધિ ચૌદ બ્રહ્માંડમાંથી ઉઠી ગઈ છે. સુખબુદ્ધિ ભગવાન આત્મામાં પડી છે. એને કહે છે કે પાણીનો પરિગ્રહ કેમ હોય? આહા..હા..!

'**ઈચ્છા પરિગ્રહ છે.**' ઈચ્છા જ પરિગ્રહ છે. '**તેને પરિગ્રહ નથી-જેને ઈચ્છા નથી. ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...**' એ તો રાગનો ભાવ એ અજ્ઞાનમય છે. આત્મામાં જ્ઞાનમયનો ભાવ નથી '**અને અજ્ઞાનમય ભાવ જ્ઞાનીને હોતો નથી,...**' વળી પાછું એમ કોઈ કહે કે અજ્ઞાનમયભાવ છે તો ઈચ્છા થઈ તો જ્ઞાન થઈ ગયું મિથ્યાદષ્ટિ સમકિતીને? એમ નથી. એ રાગનો ભાવમાં ચૈતન્યના શુદ્ધભાવનો અભાવ છે. એથી તેને અજ્ઞાનમય રાગને કહેવામાં આવે છે. આહા..હા..! વીતરાગમાર્ગ ઓહો..હો..! સમવસરણમાં ચાલતો હશે જ્યારે માર્ગ ઈન્દ્રોની ઉપસ્થિતિમાં, ગણધરોની હાજરીમાં ઈ આ વાણી છે. સમજાણું કાંઈ? આહા..હા..! ઓલા આવ્યા હતા ત્યાં બોટાદ છેને શું કહેવાય ઈ? બોટાદ નહિ આપણે ગયા હતા. .. ... પોલીસ અમે ગયા હતા ત્યાં. એનો ઉપરી આવ્યો હતો નહિ ગઢવી? અહીં એના અધ્યાપક આવ્યા હતા ... જુદા-જુદા ગામમાં. પણ એક બોલકો વધારે હતો ઈ બોલતો. અમે આ પણ શીખીએ છીએ એ પણ કાંઈક છેને જ્ઞાન. કીધું જ્ઞાન-ફ્યાન ધૂળેય નથી. પણ તો અમને શીખવવું પડશે તમારે. શીખવવું પડશે એટલે તમે આવો તો શીખવાય કે એમ ને એમ ઘરે જવાય? તમારા અધ્યાપકના ભણતરને બધા અજ્ઞાન છે કીધું. આહા..હા..! જે ભણતરથી સંસાર ભ્રમણ ટળે નહિ એ ભણતર શા કામના? આહા..હા..!

જ્ઞાનની અનુભૂતિ, આત્માની અનુભૂતિ, જન્મ-મરણના ભાવ અને જન્મ-મરણ જેમાં નથી. એનું જ્ઞાન તે જ્ઞાન કહેવાય. વીતરાગી શુદ્ધાત્માનુંભૂતિ લક્ષણ તે જ્ઞાન એમ કહ્યું. પરમાત્મપ્રકાશમાં એમ છે. રાગ વિનાની શુદ્ધ આત્માનો અનુભવ રાગ વિનાની એટલે એ તો વીતરાગી થઈ. શુદ્ધાત્માનો અનુભવ જેના જ્ઞાનના શુદ્ધાત્મા જણાણો છે. એ જ્ઞાનને જ્ઞાન કહીએ. કહો, સમજાણું કાંઈ? ભલે ધારણાની બુદ્ધિ થોડી હોય. સમજાય છે? ક્ષયોપશમ પરને જાણવા માટેનો બહુ અલ્પ હોય. શિવભૂતિને પાંચ પરિણતિ અને ત્રણ ગુપ્તિનું ભાવશ્રુત જ્ઞાન હતું. દ્રવ્યશ્રુત એકેય નહિ, જરીએ નહિ. આહા..હા..! શિવભૂતિ સાંભળ્યું છેને ભાઈ? માતુષ-મારૂષ. ગુરુએ કહ્યું. ભગવાને કહ્યું ગુરુએ મારૂષ-માતુષ. કોઈ ચીજથી સંતોષાઈશ નહિ, કોઈ ચીજથી દ્વેષ કરીશ નહિ. બસ રાગ-દ્વેષ ન કરીશ. મારૂષ-માતુષ. રૂષ એટલે રોષ ન

કરીશ, દ્વેષ ન કરીશ માતુષ. એટલું પણ યાદ ન રહ્યું. એટલું પણ યાદ ન રહ્યું. આહા..હા..! અંતરમાં ભાન હતું. આહા..હા..! બાઈ હતી એ અડદની દાળ છેને અડદની દાળ. પાણીમાં પલાળે છેને પછી ફોતરા કાઢે છે. ફોતરા કાઢતી હતી એમાં કોઈએ પૂછયું બહેન શું કરો છો? કે આ અડદ અને ફોતરા બે જુદા પાડીએ છીએ. ફોતરા ઉપરના છીલકા કાળા. કાળા હોય છે. પલળી ગયું હોય એટલે છુટું તો આમ જરીક આમ કરે ત્યાં પડે. આ .. છે. ઓહો..! રાગાદિ તો ફોતરા છે. ચાહે તો પુણ્યનો વિકલ્પ એ રાગ ફોતરા છે. હું તો અડદની દાળ જેવો સફેદ-ધોળો આનંદકંદ છું. એમ અંદર એકાગ્ર થયો તો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન. આહા..હા..! માતુષ અને મારૂષ એટલી પણ ધારણા ન રહી શકી. એ તો વાક્ય લૌકિક હતું. દ્રવ્યશ્રુતનું તો.. આહા..હા..!

ભગવાન આત્મા આનંદનો નાથ જ્યાં પૂર્ણાનંદ પ્રભુ એનો જ્યાં આશ્રય થયો, અવલંબન થયું, અનુભવમાં વેદન આનંદનું આવ્યું. બસ થઈ રહ્યું શું થયું એને? આહા..હા..! એ આનંદના વેદન આગળ એને રાગ તો કાળા નાગ જેવો દુઃખ લાગે છે. એને રાજીપો અને હરખ એમાં હોતો નથી. કે આજ તો દૂધપાક અને પૂરી છે. પતરવેલીયા છે. પતરવેલીયા સમજો છો? અળવી અળવી નથી આવતી અળવી વનસ્પતિ? આમ બરાબર.. અળવીના પાન. પછી લોટ. ચણાનો લોટ કહે છેને? શું કહે છે? બેસન. એ ચણાનું કરે છેને. પછી વાટા કરીને કટકા કરીને તળે છે. એનું નામ પતરેવેલીયા કહે છે. ભાઈ! પ્રભુ! શું કહે છે તું? આત્માના ધર્મીને આનંદ આગળ એ બધી વૃત્તિઓ તુચ્છ અને ઝેર જેવી દેખાય છે. આહા..હા..! હવે આ માપ બહારથી કેમ થાય? સમજાણું કાંઈ? એ બરાબર રોટલી ઉની ન હોય તો એમ પણ કહે કે આ બરાબર નથી. ફરીને કરો હજી. અંદરમાં કાંઈ નથી. અરેરે..! આ વાત કેવી? એય..! બોલે જડ અને ઈચ્છા રાગ. બેય અપવાદ છે. આહા..હા..! બોલે ઈ બીજો આત્મા નહિ. આહા..હા..! એવી વાતું છે. મૂળ દર્શનશુદ્ધિથી જ માર્ગ ઉપડે છે અને દર્શનશુદ્ધિનું સ્વરૂપ શું? અને એનું ધ્યેય શું? અને દર્શનશુદ્ધિ થતાં શું આચરણ કઈ જાતનું થાય અંદરનું? એની કિંમત નથી. બહારથી આ છોડ્યું કે આણે આમ લીધું ને આણે આમ કર્યું. મિથ્યાત્વભાવ છે બધો. આહા..હા..! પરનો ગ્રહણ-ત્યાગ માનવો એ જ મિથ્યાત્વભાવ છે. પરને ગ્રહણ કદી કર્યું નથી અને પરને છોડવું એવું કદી સ્વરૂપમાં છે નહિ. આહા..હા..! અંતરમાં રાગને છોડવું ઈ ક્યાં છે અંદર? એ તો સ્વરૂપનો આશ્રય થતાં રાગની ઉત્પત્તિ થતી નથી એને રાગ છોડ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! બહુ ફેર.

એ અજ્ઞાનમય ભાવ છે ઈચ્છા. '**अज्ञानमय भाव ज्ञानीने होतो नथी,...**' ટીકા. '**ज्ञानीने ज्ञानमय ज भाव होय छे;...**' ઓહો..હો..! '**तेथी अज्ञानमय भाव जे ईच्छा...**' વૃત્તિ થઈ, તૃષા લાગી જઠરમાં અશાતા વેદનીયને લઈને. સહનશક્તિ નહિ એટલે

વૃત્તિ થઈ લેવાની. ચારિત્રનો ઉદય એમાં નિમિત્ત છે. બધાને ઈ જાણનાર માને છે. બધાનો જાણનાર જાણે છે. જાણનાર જાણે છે કે આ મારામાં નથી. આહા..હા..! તટસ્થ રહીને દેખે છે. તટસ્થ સમજાય છે? આ નદી ચાલતી હોયને નદી? ત્યાં કાંઠે ઉભો હોયને માણસ કાંઠે? તો નદી ચાલતી હોય તો, કોઈ માણસ ડૂબતો હોય, કોઈ તરે એ બધાને દેખે છે. તટસ્થ માણસ દેખે છે. એમાં ડૂબકી નથી મારતો. આહા..હા..! બહુ ઝીણી વાતું ભાઈ આ. પહેલી દર્શનશુદ્ધિ એ જ માર્ગની શરૂઆત છે. એ માર્ગની શરૂઆતમાં આવું હોય છે. આ તો કરવું અને આનું કરવું અને આનું કરવું, આણે આમ કર્યું, આણે દેશસેવા કરી. આહા..હા..! કોણ કરે કોનું?

તે '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' ધર્મીને તો શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિનો અનુભવ વેદન છે, તેથી તે આત્મમય જ ભાવ. જ્ઞાનમય એટલે આત્મમય એમ. રાગાદિ અનાત્મમય છે. આહા..હા..! '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે; તેથી અજ્ઞાનમય ભાવ જે ઇચ્છા તેના અભાવને લીધે જ્ઞાની પાનને ઇચ્છતો નથી;...**' ઇચ્છતો નથી તો શું કરવા પીવે છે કહે? પીતો નથી ભાઈ! તને દેખાય છે. સમજાય છે? પહેલા જ અધિકારમાં લીધુંને? કે જ્ઞાની ઇન્દ્રિયોના ભોગને ભોગવતો છતાં એને નિર્જરા છે. એક બાજુ તમે કહો કે પરનું આત્મા ભોગવી શકે નહિ. વળી ગાથા આવી લીધી. ઉપભોગ ઇન્દ્રિયના ભોગવતા છતાં ધર્મીને નિર્જરા થાય છે. એટલે કે ઈ ભોગવતો છે ઈ તો કથન દુનિયા માને ઈ અપેક્ષાએ કહ્યું છે. ભોગવે શું? રાગને પણ ભોગવતો નથી નિશ્ચયથી તો. સમજાય છે? દૃષ્ટિની ભૂલની અપેક્ષાથી. રાગનું વેદન છે એમ જ્ઞાન જાણે. સમજાણું કાંઈ? એ વેદનનો ભાવ કોઈ બીજાનો નથી. આહા..હા..! પણ દોષ જોવે ભેગું વેદન જોવે છેને દોષનું? કારણ કે દોષ જોવે એમાં શું આવ્યું? પર્યાયમાં વેદન છે એ કહેવાય છે, પણ એને મુખ્ય ન કરતા દૃષ્ટિના જોરમાં સત્યના સાચાનું વેદન એનું અને રાગનું વેદન. અહીં તો નિર્જરા અધિકાર છેને? જ્ઞાન કરાવવું હોય ત્યારે બરાબર કણેકણનું જ્ઞાન કરાવે. આહા..હા..! સમજાય છે કાંઈ? ચૌદમા ગુણસ્થાને પણ અશુદ્ધભાવ કહે. લે. અહીં જ્યાં ચોથે ગુણસ્થાને ત્યાં કહે મુક્ત થઈ ગયો રાગથી અને પરથી. દૃષ્ટિની અપેક્ષાએ વાત છેને. સમજાણું કાંઈ? આહા..હા..!

'**માટે જ્ઞાનીને પાનનો પરિગ્રહ નથી.**' આહા..હા..! '**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...**' જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે... '**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...**' એમ. '**આ (જ્ઞાની) પાનનો કેવળ જ્ઞાયક જ છે.**' આહા..હા..! '**ભાવાર્થ :- આહારની ગાથાના ભાવાર્થ પ્રમાણે અહીં પણ સમજવું.**' આવ્યું હતુંને આહારમાં? કે અશાતાનો ઉદય હોય તો તૃષા દેખાય જઠરાગ્નિમાં અને સહન કરવાની શક્તિ ન હોય વીર્યાંતરના નિમિત્તમાં. નબળાઈને કારણે હોં. પણ ઈ નબળાઈનો પણ જ્ઞાતા છે.

આહા..હા..! એ સબળાઈની દૃષ્ટિના જોરે ઈ નબળાઈનો જ્ઞાતા છે. અને ચારિત્રમોહના ઉદયને લઈને પીવાની વૃત્તિ થાય. પણ એનો એ સ્વામી નથી. ચાર બોલ કહ્યા હતાને?

કર્મના ઉદયનું કાર્ય જાણે. એ પાણીની વૃત્તિ થાય એ કર્મના ઉદયનું કાર્ય જાણે. આહા..હા..! મટાડવા ચાહે, ઈચ્છાનો અનુરાગ જ્ઞાનીને નથી. તેથી મારી ઈચ્છા એમ સદા રહો એમ હોતું નથી. '**ઈચ્છાનો અભાવ છે. પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી...**' એ પાણીની ઈચ્છાનું પણ ધણીપતું નથી. ...

ગાથા-૨૧૪

एमादिए दु विविहे सव्वे भावे य णेच्छदे णाणी।
जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।।२१४।।
एवमादिकांस्तु विविधान् सर्वान् भावांश्च नेच्छति ज्ञानी।
ज्ञायकभावो नियतो निरालम्बस्तु सर्वत्र।।२१४।।

एवमादयोऽन्येऽपि बहुप्रकाराः परद्रव्यस्य ये स्वभावास्तान् सर्वानेव नेच्छति ज्ञानी, तेन ज्ञानिनः सर्वेषामपि परद्रव्यभावानां परिग्रहो नास्ति। इति सिद्धं ज्ञानिनोऽत्यन्तनिष्परिग्रहत्वम्। अथैवमयम शेषभावान्तरपरिग्रहशून्यत्वादुद्वान्तसमस्ताज्ञानः सर्वत्राप्यत्यन्तनिरालम्बो भूत्वा प्रतिनियतटङ्कोत्कीर्णैकज्ञायकभावः सन् साक्षाद्विज्ञानघनमात्मानमनुभवति।

એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઈચ્છતો નથી એમ હવે કહે છે :-

એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઈચ્છે સર્વને;
સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.

ગાથાર્થ :- [एवमादिकान् तु] ઇત્યાદિક [विविधान्] અનેક પ્રકારના [सर्वान् भावान् च] સર્વ ભાવોને [ज्ञानी] જ્ઞાની [न इच्छति] ઈચ્છતો નથી; [सर्वत्र निरालम्बः तु] સર્વત્ર (બધામાં) નિરાલંબ એવો તે [नियतः ज्ञायकभावः] નિશ્ચિત જ્ઞાયકભાવ જ છે.

ટીકા :- ઇત્યાદિક બીજા પણ ઘણા પ્રકારના જે પરદ્રવ્યના સ્વભાવો છે તે બધાયને

જ્ઞાની ઇચ્છતો નથી. તેથી જ્ઞાનીને સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી. એ રીતે જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.

હવે એ પ્રમાણે આ, સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે જેણે સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે એવો, સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને, નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો, સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.

ભાવાર્થ :- પુણ્ય, પાપ, અશન, પાન વગેરે સર્વ અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ નથી કારણ કે સર્વ પરભાવોને હેય જાણે ત્યારે તેની પ્રાપ્તિની ઇચ્છા થતી નથી. *

ગાથા-૨૧૪ ઉપર પ્રવચન

ગાથા ૨૧૪. '**એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઇચ્છતો નથી એમ હવે કહે છે :-**' જોયું, અહીં સંકેલી લીધું. કેમકે આને એમ ન કીધું કે વસ્ત્રનો પણ પરિગ્રહ નથી, પાત્રનો પરિગ્રહ નથી. મુનિ છેને એની પ્રધાનતામાં જે વસ્તુ હોય. આહાર, પાણી અને કોઈ વૃત્તિ ઉઠે. એટલા ભાવની વાત કરી. સમજાણું? નોકર્મમાં બધા નિમિત્તની વાત કરી, પણ પાછું આમાં એમ ન કર્યું કે ભાઈ એ વસ્ત્ર રાખે છતાં એને પરિગ્રહ નથી. લ્યો એક હમણા ઈ આવ્યો હતોને ત્યાં એક સાધુ દેરાવાસી નહિ? અનંતવીજય. ..નીતિવિજયનો સાધુ. પાત્રા મોઢા આગળ મૂકીને બેઠો. વ્યાખ્યાનમાં બેઠો. મોટી ઉંમરનો ૬૫-૭૦. મુંબઈ. પણ કે આ વસ્ત્ર રાખે અને જેમ દેહ રાખે એની મૂર્છા નથી એમ વસ્ત્ર રાખે તો મૂર્છા ન હોય. અરે..! મૂર્છા વિના વસ્ત્ર રાખવાનો ભાવ આવે જ નહિ. એ બધાનો સમભાવ કરો. અત્યારે સમન્વય કરો. આહા..હા..! દેરાવાસી સાધુ હતો શ્વેતાંબર. .. રેલમાં બેસે. ત્યાં આવ્યો વ્યાખ્યાનમાં ઘાટકોપર. પછી ત્યાં પણ આવ્યો હતો ઉતારો હતો ત્યાં. કીધું ભાઈ આ માર્ગ જુદા છે. અમારા માર્ગને કોઈની સાથે મેળ ખાય એવો નથી કીધું. વસ્ત્ર રાખવા અને મૂર્છા નથી એ વાત અહીં નથી, ભાઈ! વસ્ત્રની વૃત્તિ ઉઠી એ જ મૂર્છા છે. ઈ માટે તો આચાર્યે વસ્ત્રની વાત નાખી નહિ આમાં. આહાર-પાણીની હોય છે એટલે નાખી અને એ સિવાયના વગેરે એટલે એ પ્રકારના એને યોગ્ય જે ભાવો હોય એમાં લેવા. પણ આ વસ્ત્રને લેવાનો અને પાત્રને લેવાનો. નોકર-ચાકર રાખવાનો પગ દાબવા માટે, મોટર રાખવાનો

*** પ્રથમ, મોક્ષાભિલાષી સર્વ પરિગ્રહને છોડવા પ્રવૃત્ત થયો હતો; તેણે આ ગાથા સુધીમાં વ્યસ્ત પરિગ્રહભાવને છોડયો, એ રીતે સમસ્ત અજ્ઞાનને દૂર કર્યું અને જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવ્યો.**

એવો ભાવ હોતો હશે? મોટર-મોટર સાધુ. એને ભાવ હોય નહિ. ઈ વાત અહીં કરી જ નથી. ફક્ત આહાર-પાણીની વૃત્તિ ઉઠે છે અને રાગાદિની વૃત્તિ ક્રોધ, માનની વૃત્તિ હોય છે એટલી વાતું કરીને કે .. જ્ઞાયક છે એમ .. બસ. પણ આ પણ હોય છે, વસ્ત્ર હોય છેને મૂર્છા નથી, પાત્ર હોય ને મૂર્છા નથી. નોકર રાખે માણસ સાથે કામ કરાવવા એને મૂર્છા ન હોય એમ ન હોય. આહા..હા..!

એ તો નોકર્મની ઇચ્છા નથી તો નોકર્મનો જ્ઞાતા છે એમ નથી કહ્યું? તો પછી એમાં નિમિત્તપણું બાહ્ય નોકર રાખ્યો એ નિમિત્તમાં જાય અને એનો જ્ઞાતા છે તો? આહા..હા..! જેને ત્રણ કષાયનો અભાવ વીતરાગતા પ્રગટી છે એને... આહા..હા..! એ તો સ્મશાનમાં જેમ મડદું જાય છે એમ પોતે મરી ગયા છે. આહા..હા..! રાગથી મરી ગયા છે. જેના વીતરાગી જીવન ખીલી ગયા છે. સમજાણું કાંઈ? એ તે કાંઈ વાત છે બાપુ! એ પણ બહારની કોપી કરે કાંઈ મળે એવું છે? જેમાં વીતરાગી જીવન.. આહા..હા..! અકષાય પરિણામના જીવન જેના ખીલી ગયા, ખુલી ગયા એને એવા વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો ભાવ જ આવે નહિ. આ કહે કે ભાઈ! આવા ભાવ આવે તો ઈ પણ એક ભાવ આવે અને જ્ઞાતા રહે. એમ હોઈ શકે નહિ. ઈ આ માટે તો અહીં બંધ કરી દીધું. અન્ન-પાણી લઈને બધું બંધ કરી દીધું આમાં. સમજાણું? ત્યારે કહે ઔષધ આદિ હોયને? પણ ઈ ઔષધ બધું અન્નમાં જાય છે અને ઈ વખતે આહાર લે એમાં ઔષધ આદિ નાખે કોઈ.. હોય તો. એથી એને જુદું પાડ્યું નથી. સમજાણું કાંઈ?

૨૧૪.

एमादिए दु विविहे सव्वे भावे य णेच्छदे णाणी।
जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।।२१४।।

લ્યો, અહીં વજન છે. **'सव्वे भावे'**માં પછી આ નાખી દે તો? કહે ના એ નહિ.

મુમુક્ષુ :- એની ભૂમિકાને યોગ્ય

ઉત્તર :- ભૂમિકાને યોગ્ય જે ભાવ છે એની વાત છે. બહુ આ તો ખેંચાતાણ કરે તો માર્ગ ન રહે. અત્યારે આ સમન્વયનું બહુ ચાલ્યું છે. બધું સમન્વય કરો. આ પણ ઠીક છે અને આ પણ ઠીક છે. એય..! નેમિચંદજી!

મુમુક્ષુ :- પછી એને પૂછીએ તો એમ કહે ને તમારો ધર્મ .. અમારા ધર્મ...એમ.

ઉત્તર :- આહા..હા..! ઈ નહિ કહે. સમન્વય શેમાં થાય? કોઈ પ્રત્યે વિરોધ નહિ. દુનિયા ગમે તે જાતની દૃષ્ટિ હોય વિરોધ નહિ. કોઈ વ્યક્તિ પ્રત્યે વેર નહિ, વિષમભાવ નહિ. .. જગત છે. પણ દૃષ્ટિ જે છે એવી દૃષ્ટિથી વિરુદ્ધ જે હોય એની સાથે કોઈ રીતે શ્રદ્ધાનો મેળ ન ખાય. આહા..હા..! તેથી સત્ત્વેષુ મૈત્રી કીધી છેને? એક શ્લોક આવે છેને સામાયિકમાં?

સત્વેષુ મૈત્રી ... મધ્યસ્થ વર્તો. વિપરીત વર્તો. વિપરીતભાવ.. મધ્યસ્થભાવ છે. એમાં કોઈ વેર ન આવે તેમ તેનો સમન્વય કરીને એકતાબુદ્ધિ ન કરે. આહા..હા..! આવો માર્ગ હવે આ તો. આહા..હા..!

એ દેહ છૂટવાના ટાણા હોય કોની સામું જોવું એને? કોણ એને રાખે ત્યાં? ઈંજેક્શન મારે, આમ તેમ જોવે. હવે આમ કરી દઈશું અને હમણા આમ કરી દઈશું. ડોક્ટર પણ ફાંકા મારે. ફાંકા જૂઠા. કહેતો હતોને .. રામજીભાઈ કહેતા હતા. સો રૂપિયા લઈ ગયો પણ... ત્યારે સો રૂપિયા લઈ ગયો તો એમ કહ્યું .. હમણા? પ્રાણભાઈ આ પ્રાણચંદ ડોક્ટર જામનગર. એમ મટી જશે થોડુંક આ થાશે અને આમ થાશે તો મટી જશે. ઘરે આવ્યો ત્યાં તો મરી ગયો.. પણ ત્યાં કહેવાય કે મરી જઈશ હમણા? તો રૂપિયા કોણ આપે ત્યાં? આહા..હા..! એય..! ડોક્ટર પોતે કહેતા લ્યો. મોટો ડોક્ટર છેને જામનગર પ્રાણજીવનનો બાપ. પ્રાણજીવન માણેકચંદ નહિ માણેકચંદ. માણેકભાઈ તો આવતા એનો બાપ બહુ આવે. આહા..હા..! અરે..! આમ દેહ છૂટે, શ્વાસ .. કરે કોની સામું જોઈશ બાપુ! ક્યાં શરણ છે? કોણ ત્યાં આપી દે એવું છે? ભગવાનનું સ્મરણ કરો... ભગવાનનું સ્મરણ. તો ભગવાનનું સ્મરણ કરો તો એ રાગ છે. આહા..હા..!

અંતર ભગવાન ચિદાનંદ સ્વરૂપ વીતરાગમૂર્તિ એમાં દૃષ્ટિ દીધે તને મંગળ, શરણ અને ઉત્તમ છે. આહા..હા..! મરણને અંતે પણ આ, જીવનની મધ્ય પળમાં પણ આ અને ધર્મની શરૂઆતની પળમાં પણ આ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એ શરીર તણાય. શું થાય કહેવાય ઈ? આંચકી. આંચકી થાય. .. થાય, આંચકી થાય. આમ જોવે બધા. અરેરે..! પછી એને પણ થાય કે ઝટ છૂટી જાય તો સારું. છૂટીને ક્યાં જાશે? જે અશાતાના ઉદયનો સંયોગ છે ઈ કાંઈ બીજે જાશે તો વયો જાશે? આહા..હા..! એ સંયોગ અને સંયોગનો ભાવ બેય છોડી દે દૃષ્ટિમાંથી. આહા..હા..! એ વિના ક્યાંય શાંતિ નથી. આહા..હા..! એકલો હો કે બેકલામાં બેઠો હો, પણ એકલાને નજર રાખ. આહા..હા..! હું તો એક જ્ઞાયક ચૈતન્ય આત્મા છું, જગતનો દૃષ્ટા, જગતનો જ્ઞાતા, જગત દૃશ્ય અને જ્ઞેય છે. બીજું કોઈ મારે ને એને સંબંધ છે નહિ. આહા..હા..! આવી દૃષ્ટિ કર્યા વિના એને સત્યનું શરણ મળે એવું નથી. આહા..હા..! દુનિયા પાસે મનાવ્યું હશે બહારથી અને દુનિયા માને ઈ ત્યાં શરણ થાય છે મરતા? આહા..હા..! પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી બધું બહારમાં ચાલે, પણ જ્યાં ખસી ગયો પુણ્યનો ઉદય. આહા..હા..!

એક માણસ હતો ગામમાં કર્તાહર્તા. મરવા ટાણે આમ આંખમાંથી આંસુ ચાલ્યા જાય. હાય.. હાય.. જોવા આવે ઘણા માણસ. માણસ ગામનો કર્તાહર્તા એટલે. માણસો આવે જોવા તો આવેને. જોતા પણ એને તો આંખમાં આંસુ. આહા..હા..! ભાઈ! શું છે? કાંઈ

નહિ. શું કહેશો? એ દુઃખ વેદાય છે ઈ દુઃખની કોને ખબર? અરે..! મેં કાંઈ કર્યું નહિ. એમ કહેતો. ટાણા હતા ત્યારે મેં કાંઈ કર્યું નહિ. દુનિયાના આબરૂના વેગમાં મેં આ .. કરી જીવન પૂરું કર્યું. મારી માટે એક ક્ષણ મેં ન લીધી. આહા..હા..! આ દુનિયાની આબરૂ વધી, આ વધી એમાં એને આત્માને શું? કહો, ભગવાનજીભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- પોતાનું માન પોષ્યું.

ઉત્તર :- માન પોષ્યું. આંખમાંથી આંસુ જાય હોં. જોવા આવેને. અમારા ગામમાં આમ ધડાકાબંધ કામ કરતા અને આ અહીંથી હવે બોલાતું નથી. આંખ.. બાપુ! શરણ ચૈતન્ય અંદર છે. વિકલ્પ ને શરીર ને કર્મ વિનાની એ ચીજ છે એવો જ્યાં દૃષ્ટિમાં આવ્યો ભગવાન એને કહે કે હવે જ્ઞાયકપણું રહી ગયું બસ થઈ રહ્યું. ગમે તે વૃત્તિ હો, ગમે તે સંયોગ હો. એમાં એ જ્ઞાયકપણે રહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૩, શુક્રવાર, તા. ૦૬-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૪, પ્રવચન-૩૬૦

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

સમયસાર. નિર્જરા અધિકાર. ૨૧૪ ગાથા. '**એ રીતે બીજા પણ અનેક પ્રકારના પરજન્ય ભાવોને જ્ઞાની ઈચ્છતો નથી...**'

एमादिए दु विविहे सव्वे भावे य णेच्छदे णाणी।
जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।।२१४।।
એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઈચ્છે સર્વને;
સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.

'**ટીકા :-** ઈત્યાદિક...' ઈત્યાદિક એટલે પુણ્ય અને પાપ, આહાર અને પાણી ચાર

ગાથા ગઈને? આત્મા આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ધાતુ ધરનાર એ રાગાદિ સંસારને નહિ તરનાર. એવો આત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ થતાં એટલે કે સમ્યગ્દર્શન થતાં ધર્મીને ધર્મના ભાવના ધર્મી જીવની હોય છે. એ સિવાય બીજી ચીજની એને ઇચ્છા અને ભાવના હોતી નથી. આ વાત કરે છે. અજ્ઞાનીને આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એ દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો નથી. આવ્યો નથી. એ કારણે તેને પરની ઇચ્છા થાય છે. ધર્મીને તો અંતર આનંદસ્વરૂપની પ્રતીતિના અનુભવમાં આત્મા શુદ્ધ છે, આનંદ છે. એવી ચીજની પ્રતીતિ થઈ છે. અનુભવ કરીને. આહા..હા..! એને નિર્જરા થાય છે. કર્મ મંદ હોય, ઉદય આવે, સામગ્રી હોય છતાં ક્યાંય પોતાપણાની બુદ્ધિ નથી. સર્વત્ર પરદ્રવ્યથી નિરાલંબન. પોતાનો જ્ઞાયકભાવ એનો જ એક આનંદ. પાઠમાં નિરાલંબ કહ્યુંને? પાઠમાં પછી લીધું છે. જ્ઞાયક એક નિરાલંબ જ્ઞાયકભાવ. જ્ઞાયકભાવનું જ એક આલંબન છે.

'**ઇત્યાદિક બીજા પણ...**' પુણ્યરૂપી વ્યવહાર ધર્મ એની પણ ઇચ્છા ધર્મીને નથી. ભાવના નથી. એમાં એકપણું નથી, એનો સ્વામી નથી. આહા..હા..! એ કારણે '**ઇત્યાદિક બીજા પણ ઘણા પ્રકારના જે પરદ્રવ્યના સ્વભાવો છે...**' ચાહે તો ક્રોધ, માન, માયા, લોભ, વિષય, વાસના, વૃત્તિઓ અને એક ઘાતિકર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલો વિકાર અને અઘાતિ કર્મના નિમિત્તથી મળેલી સામગ્રી બેયમાં ધર્મીને સ્વામીપણું નથી. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવું ધર્મનું સ્વરૂપ ભારે. વીતરાગ જૈનધર્મ. '**પરદ્રવ્યના સ્વભાવો છે...**' એ તો. ચાહે તો અંદરમાં રાગ હોય, પુણ્ય-પાપના વિકલ્પ હોય કે વિષયની વાસનાની વૃત્તિ ઉત્પન્ન થાય. ધર્મીને એમાં મીઠાશ નથી. પોતાનું નિજસ્વરૂપ દૃષ્ટિમાં સ્વાદ આવ્યો છે તો પરના સ્વાદમાં એની ઝેર દૃષ્ટિ થઈ ગઈ. આહા..હા..!

'**જે પરદ્રવ્યના સ્વભાવો છે તે બધાયને જ્ઞાની ઇચ્છતો નથી.**' પોતાના આનંદની ભાવનામાં છે એ પરની ચાહનામાં ક્યાંથી આવે? આહા..હા..! '**તેથી જ્ઞાનીને સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી.**' એકત્વબુદ્ધિ ઉડી ગઈ છે. રાગથી અને સામગ્રીથી. બથામાંથી એકત્વબુદ્ધિ ઉડી ગઈ છે અને પોતાનો ચૈતન્યસ્વભાવ એમાં એકત્વબુદ્ધિ થઈ છે. કહો, પોપટભાઈ! આનું નામ ધર્મ છે. આહા..હા..! ભારે ભાઈ ધર્મની વ્યાખ્યા. ઓલા કહે સામાયિક કરો, પોષા કર્યા, પડિક્કમણા કર્યા, જાત્રા કરી, ભક્તિ સહિત ધર્મ થઈ ગયો. એ તો વિકલ્પ છે, ભાઈ! રાગ છે. પુણ્યબંધનું કારણ છે, અબંધ પરિણામ એ નથી. પોતાની ચીજ જે શુદ્ધ ચૈતન્યઘન એની જેને દૃષ્ટિમાં સ્વભાવનું સ્વામીપણું પ્રગટ્યું એને પરદ્રવ્યની, સ્વભાવની ચાહતા હોતી નથી. એ કારણે '**સમસ્ત પરદ્રવ્યના...**' એક સ્વદ્રવ્ય સિવાય સમસ્ત પરદ્રવ્ય. આહા..હા..! ધીરજની વાત છે જરી.

આ પરમાત્મા પોતે પૂર્ણ આનંદ એ આનંદનું ધામ સ્વયં જ્યોતિ સુખધામ. એનું આવું

અસ્તિત્વ છે, સત્તા છે, હોવાપણે છે એવું અંદરમાં ભાન થતાં એ હોવાપણાની ચીજમાં એકાગ્રતાની ભાવના હોય. પણ એ સિવાય બહારની ચીજની ભાવના જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! છ ખંડના રાજમાં દેખાય જ્ઞાની. છતાં એને રાગ અને રાગથી કર્મથી મળેલી સામગ્રી એનું એમાં સ્વામીપણું નથી. કહો, સમજાય છે કાંઈ? મારી ચીજ નથી એટલે એનું ધણીપતું નથી. ધણીપતું નથી એમાં. આહા..હા..!

'**એ રીતે જ્ઞાનીને...**' આ રીતે ધર્મીને દૃષ્ટિનું જ્યાં ભાન થયું સમ્યક્નું એ ચીજમાં '**અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.**' આહા..હા..! પોતાનો સૂક્ષ્મ વિકલ્પ જે પરમાત્મ તીર્થંકરગોત્ર બાંધે એ ભાવનો પણ પરિગ્રહ નથી. આહા..હા..! એમાં રાજીપો નથી, એમાં અકત્વબુદ્ધિ નથી. એ કારણે '**અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.**' દૃષ્ટિની અપેક્ષાએ. અનુભવની અપેક્ષાએ. સમજાણું કાંઈ? અસ્થિરતા હોય, પણ એની પક્કડ નથી તો એ અપેક્ષાએ નિષ્પરિગ્રહપણું અત્યંત કહ્યું. જેમ કે એ શુભ અને અશુભભાવ અને સ્વભાવમાં અત્યંત અભાવ. ત્રિકાળી સ્વભાવભાવ એમાં પુણ્ય-પાપના ભાવનો અત્યંત અભાવ. અત્યંત અભાવ છે એમાં છે નહિ અને આ આત્મા આનંદસ્વરૂપ છે એવું અનુભવમાં આવ્યું તો એ વસ્તુની દૃષ્ટિ અને વસ્તુના સ્વભાવમાં પરની ચાહના છે નહિ. અત્યંત નિષ્પરિગ્રહપણું થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ?

દૃષ્ટિની અપેક્ષાએ, અનુભવની અપેક્ષાએ. તદ્દન નિષ્પરિગ્રહ તો રાગનો પણ અભાવ થાય અને સ્થિરતામાં જામી ગયો હોય, નિર્વિકલ્પ સમાધિમાં, નિર્વિકલ્પ શાંતિમાં જમવટ થઈ ગયો હોય અંદરમાં. આહા..હા..! તો તો પર્યાયમાં રાગની અસ્થિરતા પણ નથી. એ તો અત્યંત નિષ્પરિગ્રહ પર્યાયમાં થઈ ગયો. આ તો દૃષ્ટિની અપેક્ષાએ તો નિષ્પરિગ્રહ છે. સમજાણું કાંઈ? ભાઈ! સ્વભાવમાં વિભાવનું કારણ હોય? .. નહિ ભાઈ! એ તો એ સમયમાં એ કષાયની મંદતાનું માપ કેટલું છે એ બતાવવું હોય તો સાધન કહેવામાં આવે છે. સાધન નથી એને સાધન કહ્યું. એ જ્ઞાન કરાવવા કહ્યું. એવી વાત કેમ બેસે? આમ બહારનું દેખાય બધું આ. આ સાધન કરે, મુનિપણાની ક્રિયા એમ કરવી જ પડશે, આવું ચારિત્ર લેવું જ પડશે. ચારિત્ર એટલે આ માનેલું એમ. એમ કહે છે માણસ. અરે..! ભાઈ! જેને અંતર આત્મા આનંદનો સ્વાદ આવ્યો ઈ તો એમાં ચારિત્ર લેવાની ભાવના એમાં સ્થિરતાની હોય છતાં પુરુષાર્થની નબળાઈને લઈને તીર્થંકર જેવા પણ કરોડો વર્ષ સુધી, અબજો વર્ષ સુધી ચારિત્ર વિના રહ્યા. રહ્યા કે નહિ? ઋષભદેવ ભગવાન લ્યો. ૮૩ લાખ પૂર્વ સુધી ગૃહસ્થાશ્રમમાં સાધુપણું નહિ તો ચારિત્ર નહિ. ચારિત્ર તો અંદરની રમણતા. એનું નામ ચારિત્ર છે કે પહેલી બહાર નગ્ન થઈ જાય અને અવ્રતની ક્રિયા એ ચારિત્ર છે? ... પણ કરે છે. એ ચારિત્ર નથી.

સ્વરૂપ આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા એનો સાક્ષાત્કાર જ્ઞાનમાં જ્ઞેય

પ્રત્યક્ષ થયો તો એમાં રમણતાની જ ભાવના હોય છે. છતાં નબળાઈને લઈને ચારિત્રમાં રમણતા ન હોય તો એથી એના સમ્યગ્દર્શન-જ્ઞાનમાં દોષ નથી. સમજાણું કાંઈ? એ તો ચારિત્રનો દોષ છે. .. ઓહો..હો..! રામચંદ્રજી જેવા સીતાજીને રાવણ લઈ ગયા. પછી રોવે. અહીંયાં પહાડને પૂછે, ઝાડને પૂછે. એક પત્ની બીજા સાધર્મી. અને પોતે સમકિતી. આહા..હા..! પણ એ રાગનો ભાગ છેને અસ્થિરતાનો. એ કારણે કાંઈ સમ્યગ્દર્શન ક્ષાયિક થાય તોપણ એવો ભાવ થાય ઈ સમ્યગ્દર્શનનો દોષ નથી. આહા..હા..! ઈ મૂળ પહેલી ચીજમાં જ આખો વાંધો છે. આ ત્યાગ કરો, આ વ્રત પાળો એ ચારિત્ર છે અને એ ચારિત્રથી મુક્તિ થશે. એ વાત પણ સત્ય નથી. આહા..હા..! અંદરમાં સ્વરૂપની દૃષ્ટિ થતાં સર્વ પ્રકારના વિકલ્પ અને સામગ્રીનો અંદરમાં નિષેધ થઈ ગયો. એ નિષ્પરિગ્રહપણું સમ્યગ્દર્શનમાં પ્રગટ છે. કહો, ભગવાનજીભાઈ! ભારે આવી વાતું! આહા..હા..!

મુમુક્ષુ :- દેખાય આમ દેખાતું નથી.

ઉત્તર :- દેખાય. ... માપ કરતા આવડતું નથી. કયે ગજે માપ કરવું સમકિતનું કે ચારિત્રનું. આહા..હા..! આગમની ક્રિયા આવે છેને પરમાર્થવચનિકામાં નહિ? આગમક્રિયા સુલભ છે. એમ માનીને ક્રિયા કરે અને માને. અધ્યાત્મનો વ્યવહાર પણ સૂક્ષ્મ છે. છ ખંડનું રાજ હોય, ઈન્દ્રના ઈન્દ્રાસનમાં બેઠા હોય, પણ સમ્યગ્દૃષ્ટિનો સ્વભાવ જે ત્રિકાળ છે એનો જે એને આશ્રય અને અવલંબન છે. એ કોઈ વિકલ્પ અને એનું આલંબનથી એટલે એને ઈ અપેક્ષાએ તો તદ્દન અત્યંત નિષ્પરિગ્રહ. જેવો વિકારનો ભાવ, સ્વભાવમાં નથી. અત્યંત અભાવ એવી જ્યાં દૃષ્ટિ થઈ તો દૃષ્ટિ અને અનુભવની અપેક્ષાએ તો પર રહે તો અત્યંત નિષ્પરિગ્રહ જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે વીતરાગનો. આહા..! દુનિયાને બેસે, ન બેસે એથી કાંઈ સત્ય બીજું થઈ જાય? સંખ્યા ન હોય, હોય એની સાથે.. લાખો માણસ આને માને તો ઈ સત્ય છે એવી ચીજ નથી. સત્ય તો સત્ય જ છે. એક માને પોતાને પછી બીજું માને, ન માને એની સાથે સંબંધ નથી. આહા..હા..!

અહીં તો કહે છે. '**એ રીતે...**' આ રીતે. કેમકે એ બધાને ઈચ્છતો નથી માટે. એમ કહ્યુંને? પરદ્રવ્યનો જેટલો સ્વભાવ છે રાગાદિ, પુણ્ય, દયા, દાન, આદિના ભાવ બધો પરદ્રવ્યનો સ્વભાવ છે. એ બધાને જ્ઞાની ઈચ્છતો નથી. ઈ ઝેર ભાવ છે એને કેમ ઈચ્છે? આહા..હા..! અને બહારની સામગ્રી તો એ ઝેરમાં નિમિત્ત છે. એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન એ કહેવામાં આવે છે. જુઓ, '**એ રીતે...**' બધાને ઈચ્છતો નથી આ કારણે એમ. '**સમસ્ત પરદ્રવ્યના ભાવોનો પરિગ્રહ નથી.**' પરદ્રવ્યની ચાહના, ભાવના નથી એ કારણે પરદ્રવ્યની પકડ નથી અને એ પ્રકારે જ્યારે પરિગ્રહ નથી તો '**એ રીતે જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.**' આહા..હા..! કહો, સમજાણું કાંઈ? અરે..! સંસાર તરવાના કાળ એને મનુષ્યભવ

એના આ સત્ય વાતને નહિ પકડે. આહા..હા..! દુનિયા કાંઈ શરણ નહિ આવે ત્યાં. અમે બધા માનતા હતા, અમે ધર્મી છીએ, વ્રતધારી છીએ, તપધારી છીએ. દુનિયા માનતી હતી. અમારો ધર્મ અમને શરણ થાય. એમ છે?

'**નિષ્પરિગ્રહ...**' ઈ આવું ગયું નહિ? આત્માને ધર્મીને આત્માનો પરિગ્રહ છે. આવી ગયું છે. સમજાણું કાંઈ? શેમાં આવ્યું હતું? ૨૦૭ ગાથા. બસ ઈ. '**આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' ૨૦૭. '**જે જેનો સ્વભાવ છે તે તેનું 'સ્વ' છે...**' જે જેનો સ્વભાવ છે તેનું સ્વ છે. '**અને તે તેનો (સ્વ ભાવનો) સ્વામી છે-એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના...**' આહા..હા..! '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની...**' જુઓ, અહીં આલંબન આવ્યું. '**(પોતાના) આત્માને જ...**' જુઓ આલંબન આવ્યું અહીં. ત્યાં નિરાલંબન કહ્યું હતું. '**આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' આહા..હા..! પરિગ્રહ નામ મારી ચીજ આત્મા શુદ્ધ ચિદાનંદ એ છે. સમજાણું કાંઈ?

અહીં કહ્યું '**એ રીતે જ્ઞાનીને અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.**' પર અપેક્ષાએ. પોતાનો આત્મા તો આલંબરૂપ છે પરિગ્રહરૂપ. પરિગ્રહ શબ્દે પક્કડરૂપ. આહા..હા..! મહાસત્તા, મહાપ્રભુ જે પરમાત્મસ્વરૂપ જ આત્મા શક્તિરૂપ એની જ્યાં અનુભવમાં પક્કડ થઈ, અનુભવમાં પક્કડ થઈ એ જ આત્માને પરિગ્રહ છે. આહા..હા..! એટલે આત્માની ચીજ એ જ છે એમ. આ રાગ વિકલ્પથી માનીને આખી દુનિયા એનું આલંબન ધર્મી છે નહિ. એ નિષ્પરિગ્રહ છે. આહા..હા..! '**અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.**' આ રીતે ભગવાન આત્માને આત્મા તરીકે જે વસ્તુ છે એમ જેના જ્ઞાનમાં આવ્યું, અનુભવમાં આવ્યું, દૃષ્ટિમાં આવ્યું એવા જીવને '**અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.**' પરપ્રત્યેની પરિગ્રહતા પક્કડ છે નહિ, સ્વામીપણું છે નહિ. આહા..હા..! આમ તો કહે નૃપતિ. જુઓ એને કહે પોતે હા ભાઈ અમે તો નૃપતિના નાથ છે. નૃપતિ-મનુષ્યનો પતિ રાજા. નૃપતિ કહે છેને નૃપતિ? નૃપેન્દ્ર. નૃપ એટલે મનુષ્યના ઈન્દ્ર. નૃપેન્દ્ર રાજે. દેવેન્દ્ર લ્યો. દેવના ઈન્દ્ર દેવેન્દ્ર. લોકો કહે કે દેવેન્દ્ર આ છે. તો સાંભળો. અંદરમાં માને નહિ. આહા..હા..! દેવેન્દ્ર, નરેન્દ્ર, અસુરેન્દ્ર. વૈમાનિકને શું કહેવું છે? ઈન્દ્ર. વિમાનિકના દેવ છે એ દેવ છે મોટા. એમ કે અર્ધલોકના સ્વામી. આહા..હા..! જ્યાં જન્મે સ્વર્ગમાં સમકિતી, રાગભાગ બાકી છે એટલે એનો અવતાર તો હોય. રાગ અને રાગના ફળનો નિષેધ કરતો ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મી જીવ તો રાગ અને રાગનું ફળ, બેયનો નિષેધ કરતો ત્યાં ઉપજ્યો છે. આહા..હા..! ઉપજ્યો નથી ખરેખર તો આત્મામાં જ છે ત્યાં. સમજાણું કાંઈ? દેવો એકદમ લાખો દેવો આવે. ખમ્મા અન્નદાતા એવા ધર્મ કર્યા, .. અમારા સ્વામી થયા. લ્યો, દેવ એમ કહે અમારા સ્વામી થયા. આ અંદર સ્વામી માને નહિ. ભારે વાત. કહેવામાત્ર નહિ એ વસ્તુનું સ્વરૂપ એવું છે. પોતાના

ચૈતન્યના સ્વામીપણે જ્યાં આનંદનું ધામ જ્યાં નજરે અનુભવમાં આવ્યો કઈ ચીજ મારી છે એમાં? ચાહે તો ચક્રવર્તીનું ઇન્દ્રનું રાજ હોય. મારું નથી... મારું નથી... મારું છે એ મારી પાસે ત્રિકાળ છે. એમ દેવો કહે જુઓ, દેવો એમ કહે, અન્નદાતા! દેવેન્દ્ર! ભગવાનનું મંદિર જ્યાં છે. દેવલોકમાં ઉપજેને .. ત્યાં ભગવાનનું મંદિર છે. જિનબિંબનું મંદિર. પૂજા કરવા ચાલો. લ્યો. આહા..હા..! અહીંથી દેહ છૂટીને જ્યાં જન્મે ત્યાં આમ ત્યાં સાંભળો હવે. કપડું ઢાંકેલું હોય એમાં એકદમ ૩૨ .. ઉભા થાય. આપ અમારા દેવેન્દ્ર છો, ઇન્દ્ર છો એમ કહે. ના પાડે? એય..! અંદરમાં નકાર છે. આહા..હા..!

ગુરુથી આત્મા .. લ્યો એમ કહે. પ્રભુ! સર્વસ્વ તમે મને આપ્યું. સમકિતી, મુનિ હોય એ પણ કહે. મુનિ હોય, પોતાના ગુરુ હોય. પ્રભુ! તમે મને સર્વસ્વ દીધું. સર્વ યોગ અમને દીધો. અંદરમાં ... પછી વિનયનું વાક્ય છે. એવો વિનય છે એ. સમજાણું કાંઈ? આહા..હા..! શ્રીમદ્માં તો કહે 'તે તો પ્રભુએ આપ્યો' આવે છેને ભાઈ! 'તે તો પ્રભુએ આપ્યો.' બોલે છે એમ. પણ અંદરમાં એમ છે. આ તો વિનયથી છે. મારો આત્મા તો મારાથી પ્રાપ્ત થાય છે. આહા..હા..! આવી તે કાંઈ માયા-કપટ હશે? એવો વિનયભાવ આવે. એવો વિકલ્પ હોય પણ પક્કડ નથી. આહા..હા..! એ વિકલ્પનું સ્વામી, ધણીપતું નથી એને. ઇ અપેક્ષાએ નિષ્પરિગ્રહ, અત્યંત નિષ્પરિગ્રહ કહ્યું. કહો, પંડિતજી! આહા..હા..! આવો માર્ગ વીતરાગ. વીતરાગ એમ કહે કે મારા સંબંધથી તને ધર્મ થાય એમ તું માનીશ નહિ. આહા..હા..! તારા સ્વભાવના સંબંધે તને ધર્મ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? એવો પરતંત્ર નથી આત્મા. સ્વતંત્ર પ્રભુ છે. આહા..હા..!

એકવાર આવ્યું હતુંને બહારની વાત કે નિમિત્તથી લાભ ન થાય એમ માનો તો ગુરુને ગુરુ તરીકે માનો છો શું કરવા? અને ગુરુ પાસે જાવ છો શું કરવા? એય..! આહા..હા..! ભાઈ! એમ કે તમે મનમાં તો કપટ રાખો છો. બહારથી એમ કહો કો આપના તરફથી મને લાભ થાય છે, અંદરમાં એમ માનો છો કે નિમિત્તથી કાંઈ લાભ થાય નહિ. એય..! છોટુભાઈ! એ બોલવાની પદ્ધતિ છે, ભાઈ! તને ખબર નથી. એમ ન હોય. ઘરડાના પુણ્ય ખાય છે નથી કહેતા? એય..! પોપટભાઈ! એ ઘરડના પુણ્ય આટલા હતા તમારા બાપ પાસે? બોલાય. પણ વિનયથી કહે. વડિલોના પુણ્ય છે. એય..! ભગવાનજીભાઈ! આ બેય જણા કરોડોપતિ બેઠા છે બેય. એ કોને લઈને છે? વડીલના પુણ્યને લઈને હશે?

મુમુક્ષુ :- તો બીજા કોના એના પોતાના પુણ્ય?

ઉત્તર :- પુણ્ય જ નથી એના. આહા..હા..! સ્યાદ્વાદ અનેકાંત માર્ગની પદ્ધતિ બોલે એમ કે પ્રભુ! આપનાથી મને આત્મા મળ્યો. આહા..હા..! અંદરમાં તો કપટ નથી. ઇ વિનય છે. આહા..હા..! અંદરમાં મારી ચીજ તો મારાથી પ્રાપ્ત થાય છે. આહા..હા..! મારી પર્યાયની

પણ દરકાર નથી મને. આત્માની દરકારથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? મારો ભગવાન પરમ સ્વરૂપ પરમબ્રહ્મ આત્મા એ પરમબ્રહ્મના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે. પર્યાયને આશ્રયે નહિ તો દેવ-ગુરુ તો ક્યાં રહ્યા? પણ વિનય શબ્દમાં એટલી વાત આવે છે ભાઈ! ઓલામાં લખ્યું છેને શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. ટીકા કરી કોકે. કોકેની ખબર છે. મિત્ર છેને એટલે. એકે ટીકા કરી શેઠિયાએ. અત્યારથી આવું શીખવવું છોકરાઓને શાસ્ત્રથી જ્ઞાન થાય નહિ? ત્યારે પહેલેથી જૂઠું શીખવવું? કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

વડોદરાની વાત. તે દિ' એ સાંભળેલી. તે દિ' એવું થઈ ગયું હતું. એ વખતે હોં. વડોદરામાં ઓલું નાટક જોયું હતું. ૬૪ની સાલની વાત છે. ૬૪. કેટલા વર્ષ થયા? ૬૫? ૬૦ અને ૫. ૬૫ વર્ષ થયા. એ નાટક હતું અનસુયાનું નાટક હતું. અનસુયા સતિ છેને? સતિ છે. તો મોટું નાટક. તો અમારે ત્યાં પાલેજથી .. માલ લેવા ગયા હતા. પહેલા માલ લીધો અને રાતે નવરા હતા. માટે જોવા ગયા. તો એમાં અનસુયા.. અનસુયાને પુત્ર થયો. પહેલા લાંબી વાત તો છે. ... ના પાડી. અપુત્રસ્ય ગતિ નાસ્તિ. પુત્ર વિનાના પ્રાણીને ગતિ નહિ મળે સ્વર્ગ. એય..! પોપટભાઈ! એવું માને છેને એ લોકો? એટલે ઓલી પડી ઉપરથી બિચારી નીચે. તો શું કરવું મારે? નીચે કોઈ હોય એને પતિ કર. તો નીચે આંધળો એક બ્રાહ્મણ હતો. આંધળો બ્રાહ્મણ. ... આબેહુબ કરેને એવો દેખાવ આંધળાનો. ઉપર જાતિ હતી સ્વર્ગમાં તો ત્યાંથી નીચે પડી. પુત્ર વિના નહિ. સમજ્યાને આવું કાંઈ નહોતું. પરણી એને થયું છોકરું. છોકરા ત્યાંથી લઈ આવ્યા હશે એકાદ-બે ગામના બાળક. બેટા! 'તુ નિર્વિકલ્પો હં' નિર્વિકલ્પ તું છે, ઉદાસીન છે. 'બુદ્ધોસિ શુદ્ધોસિ શુદ્ધોસિ' આપણે આવે છેને. આમાં પણ એવો પાઠ છેને.

મુમુક્ષુ :- સમયસારમાં એમ આવે છે.

ઉત્તર :- સમયસારમાં તો બંધમાં તો એમ આવે છે પણ આમાં આવ્યું.

મુમુક્ષુ :- પરમાત્મપ્રકાશમાં પણ આવે છે.

ઉત્તર :- બેયમાં આવ્યું છે. સમયસાર ક્યાં છે? જુઓને આ સમયસાર. .. ગાથા. 'તેન જ્ઞાનગુણ આલંબેન' સંસ્કૃત જયસેનાચાર્યમાં. 'યે પુરુષ ખ્યાતિ પૂજા લાભ... વિભાવરહિત.. સંઘ જગત્રયે કાલત્રયેપિ' ઈ શબ્દ અહીં આવ્યા છે પાછા. બંધમાં છે. સર્વવિશુદ્ધમાં છે, પરમાત્મપ્રકાશમાં છે. અહીં તો એક બીજા શબ્દનો અર્થ કરે છે. 'જગત્રયે' ત્રણ જગતમાં, ત્રણ કાળમાં 'મનોવચનકાયેકૃત્યકાર્યેત અનુમોતેચત વિષય સુખાનંદવાસ વાચ્છિંત મુક્ત્વા' વિષયની વાસનાના સુખથી જે મુક્ત છે ધર્મી તો. આહા..હા..! .. 'શુદ્ધાત્મભાવના... વીતરાગ પરમાનંદ સુખને વાસિતં' ધર્મી તો વીતરાગ પરમાનંદ સુખમાં વાસિતં. આઠ બોલ છે એમાં. એક વાસિતંમાં. ૧૫મી છેને? .. એ ૧૬મી છે. બરાબર છે. 'વાસિતં રંજિતં મૂર્છિતં પરિણત્વમં

તન્મયકૃત્વ, તન્મયત્વં, રતં, સંતુષ્ટં...' આટલા શબ્દો વાપર્યા. એની શૈલી છેને જયસેનાચાર્યની. આહા..હા..!

ધર્મી જીવ પોતાને. આહા..હા..! પહેલી શ્રદ્ધા ઈ જાતની શ્રદ્ધાને તો લે કે ચીજ તો એવી છે. એવી ચીજની પ્રાપ્તિ વિના સમ્યગ્દર્શન થતું નથી. આહા..હા..! કેવી ચીજ છે? કે 'જગત્રયે કાલત્રેય મનોવચનકાયે કૃતકાર્ય... વાસિતં ચિત્વં મુક્તવા.' આહા..હા..! 'શુદ્ધાત્મભાવના...' ભગવાન આત્મા શુદ્ધ આત્મા પવિત્રની એકાગ્રતાની ભાવનાથી 'વીતરાગ પરમાનંદ સુખેન વાસિતં.' આહા..હા..! પોતાની ચીજનું સુખ જે આનંદ છે તો એને વાસિતં એનો વાસ થઈ ગયો છે અંદર પર્યાયમાં. આહા..હા..! 'વાસિતં રંજિતં મૂર્છિતં' પોતાના આનંદમાં મૂર્છા થઈ ગઈ. આહા..હા..! 'પરિણિતં...' પરિણમન થયું. 'તન્મયં.' તન્મયં-તન્મયં આનંદમય થયો આત્મા. આહા..હા..! અને 'તૃપ્તં.' કૃત તો આવી ગયું છે આપણે. 'રતં..' એ પણ આવી ગયું છે. 'સંતુષ્ટં...' એ ત્રણે આવી ગયા પહેલા. 'તૃપ્તં, રતં, સંતુષ્ટં...' ત્યાં 'રતં, સંતુષ્ટં, તૃપ્તં...' એમ હતું ગાથામાં. ૨૦૩. ઈ અહીંયાં નાખ્યું જુઓ. 'તૃપ્તં રતં સંતુષ્ટં ચિત્વં કૃત્વા વર્તતે.' આહા..હા..! એ રીતે ધર્માત્મા પોતાની દૃષ્ટિમાં અખંડ આત્માના આનંદની વાસનામાં વસે છે. આહા..હા..! આ તો મારે નિશ્ચય-નિશ્ચય લાગે લોકોને. વસ્તુની સ્થિતિ એવી છે. સમજાણું કાંઈ?

પહેલા એના જ્ઞાનમાં પણ એ જાતની શ્રદ્ધામાં તો એ વાત એવી છે એવો તો નિર્ણય કરે વિકલ્પથી. સમજાણું કાંઈ? પછી વિકલ્પ તોડીને પરમાનંદ સ્વાદ ને વાસિત ને રંજિત ને મૂર્છિત ને તૃપ્ત એ બધું કહ્યું હતું. એને સર્વ પરિગ્રહથી રહિત થઈ ગયો ઈ. આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા. સર્વજ્ઞ ભગવાન જેમ જ્ઞાતા-દૃષ્ટા છે. એમ. જુઓને. ... કર્યો તે દિ' હોં. ભાવથી અને વિભાવનું નિમિત્ત સામગ્રીથી. મન, વચન, કાયા, કરણ, કરાવન, અનુમોદનથી વિરક્ત છે. આહા..હા..! અને પોતાના સ્વરૂપમાં રત છે. એમાં વિરક્ત છે, જ્ઞાનમાં રક્ત છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ!

'**અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.**' એ. એક તો આત્મામાં નિજ આત્મા નિયત, નિશ્ચય જે શુદ્ધ એનું જ એક આલંબન અને એનું જ એક પરિગ્રહ છે બસ. આહા..હા..! આ મારી મા છે અને આ મારો બાપ છે ને આ મારો દીકરો છે ને એ કહે પરિગ્રહ તુટી ગયો છે એમ કહે છે. અસ્થિરતાનો વિકલ્પ હોય પણ અસ્થિરતાની પક્કડ છૂટી ગઈ છે. અને અસ્થિરતા છૂટી જાય પછી મુનિ થઈ જાય. અંદર આનંદકંદમાં ઝુલનારા અતીન્દ્રિય આનંદ. તો એવા આનંદમાં ઝુલનારાની દશા નગ્ન થઈ જાય શરીરથી. વિકલ્પ ઉઠે તો અઠ્યાવીશ મૂળગુણ, પંચ મહાવ્રત એવો વિકલ્પ ઉઠે, પણ એનાથી પણ વિરક્ત જ છે. આહા..હા..! એવી વીતરાગ માર્ગની ચીજ. આહા..હા..! એ વીતરાગે એવું કહ્યું હોં. આવી ચીજ બીજે

ક્યાંય છે નહિ. ઈ કોક કાગળ લખે છેને આમ તમે કરનો ને આમ કરો. ફોટો છપાવો આમ કરો બધું. ઈ કાગળ મોટો આવ્યો છે. .. જૈન લાગે છે. આ રજનીશની જેમ બધા વિચારોનો તમે એમ કે ખુલાસો કરી નાખો. કોણ માને બાપા ખુલાસો?

મુમુક્ષુ :- ..ના ખુલાસા

ઉત્તર :- .. શું થાય? દુનિયાને બહારમાં ભભકા દેખે અને ભાષાની ચટાપટી હોય આમ. આહા..હા..! આચાર્ય રજનીશ. આચાર્ય એટલે ઓલો પ્રોફેસર. પ્રોફેસર હતો ત્યારે આચાર્ય કહેવાયને.

મુમુક્ષુ :- હવે ભગવાન.

ઉતર :- હવે ભગવાન થઈ ગયો. પણ અહીં આચાર્ય. એ જૈન છેને પોતે. એમ કે આ જૈનધર્મના .. પચ્ચીસ વર્ષ ક્યા ક્યા .. આપ એમાં ... આપના અનુયાયીઓ પણ એમ કે આ વાતને ઝીલે અને કરે એમ. અરે..! ભાઈ! કોણ કરે? આહા..હા..!

અહીં તો કહે છે કે બાહ્યની ચીજ કેમ ભજે? આ એની પરિગ્રહની પક્કડ છૂટી ગઈ. આહા..હા..! કે આવું હોવું જોઈએ, આવું હોવું જોઈએ. આવે છેને ઓલામાં ..માં નહિ ભાઈ! પ્રકરણ. ચરણાનું યોગનું પ્રકરણ. .. કોઈ કામ માથે લેવું એ તો શી રીતે લે? આહા..હા..!... એક કલાક ભાષણ દેવું પડશે. આ છોકરાઓની પ્રતિષ્ઠાની પરીક્ષામાં તમારે આવવું પડશે એ બોજો મુનિ માથે ન રાખે. આહા..હા..! ..જેવા લખે છેને કે ફલાણું અમારે કામ કરવું જોઈએ એ અમને તો નથી. લખે છે. એવું અમારે નથી. આહા..હા..! ... વાત કરવા જાઉં કે મને આમ થયું છે એવું મારી પ્રકૃતિમાં નથી. આવે છેને? એ .. લોકોને મહાન લાગે. ... નહિ? સ્તુતિ આવે છેને વાદીરાજની? એમાં પણ આવે છે. વાદીરાજ જેવો કોઈ કવિ નથી, વાદિરાજ નથી આવતું આમાં? ભલે બીજાએ કોઈએ કર્યું હોય પણ આવે છે. પણ આમાં સંમતભદ્રમાં આવે છે. મોટું નામ હોયને તો આમ .. રાખતા. .. સમજો છો? નગારા. મોટું નગારું. જો કોઈ વાદી માણસ આવે ધ્યાનમાં તો નગારું વગડાવે. કોઈને .. અને જૈન .. સાધુ હોય એમાં આવે છે. એ .. ભાઈ! જુગલકિશોરના ભગત હતા ઈ. જુગલકિશોર ... હું આવો છું એવું બાહ્યમાં લખાણ છે હોં એવું. હું જીતનાર છું, એક હું વાદી છું, એક આવો છું, હું આવો છું. એ તો એવું આવે રાગ. વિકલ્પ હોય તો શું થયું? એથી કરીને અભિમાન છે એમ ક્યાં છે ત્યાં? અને એ અભિમાનનો અંશ આવ્યો એનો એ તો જ્ઞાતા છે. આહા..હા..! પક્કડ ક્યાં છે ત્યાં? તીર્થંકર જેવાને આવ્યું નહિ ત્રણ જ્ઞાનના ધણી નેમિનાથ ભગવાન. સભા ભરી હતી મોટા. બધા વૃદ્ધો બેઠા હતા. તો સાંભળતા.. કરતા... કરતા... કરતા.. કે ઓહો..હો..! એમાં તો આ શ્રીકૃષ્ણ મોટા છે, એના પિતાજી વાસુદેવ મોટા છે એમ કરતાં-કરતાં વાસુદેવ... એમ કરતાં-કરતાં પાંડવો મોટા છે યોદ્ધામાં. પછી કોઈ કહે કે ભાઈ

એ ઠીક છે પણ આ નેમિનાથ ભગવાન મોટા છે યોદ્ધામાં. જુઓ બેઠા એ બોલતા નથી. ત્રણ જ્ઞાનના ધણી છે, તીર્થંકર છે. શરીરની શક્તિ પણ ઘણી છે. આત્માની શક્તિ તો ઠીક પણ શરીરની શક્તિ ઘણી છે. આમ કહ્યું. એટલે ભાઈ સારી રીતે .. પગ મૂક્યો નીચે. લ્યો ઉંચા કરો. તીર્થંકર જેવાને એવો વિકલ્પ આવ્યો. જાણે છે કે આવ્યો. જાણે છે પક્કડ નથી. ગજબ વાત છે. સમજાણું કાંઈ? ત્રણ જ્ઞાનના ધણી ક્ષાયિક સમકિતી નેમિનાથ ભગવાન. પાટ ઉપર બેઠા હતા સિહાંસનમાં. પગ નીચે રાખ્યા. શ્રીકૃષ્ણે કહ્યું ઉઠાવો. ન ઉઠાવે. .. આવે છેને નહિ ઓલામાં? આવે છેને. સિંહ કરતા આટલું બળ અને એના કરતાં તીર્થંકરનું બળ. આવે છે ઓલા અધ્યાત્મમાં. પંચસંગ્રહ અધ્યાત્મમાં ભાઈ! છેને દીપચંદજીનું કરેલું પંચસંગ્રહ. ત્યાં એમાં આવે છે. .. કરતા અનુભવ .. હાથી, હાથી કરતા સિંહનું-વાઘનું, વાઘ કરતા સિંહનું એમ કરતાં-કરતાં બળદેવ એના કરતા વાસુદેવનું એના કરતાં તીર્થંકરનું. એવું આવે છે. .. નારાયણ પણ એકવાર ભગવાન પાસે ... ગયા. શ્રી કૃષ્ણને નારાયણ કહેવાયને? આહા..હા..! એ પોતે બોલ્યા નથી. દુનિયા બોલતી .. ભગવાન બેઠા ઈ મોટો યોદ્ધો છે. ... શું દેખે? રૂક્ષ્મણી પાછું નહિ? સ્નાન કર્યુંને નેમિનાથ ભગવાને. સ્નાન કર્યું તો ધોતી કાઢી નાખી. શ્રી કૃષ્ણની રાણીને. .. પછી વસ્ત્ર ધોવા ... કહે છે .. અમારા વાસુદેવ કૃષ્ણ નાગ શૈયામાં સુનારા એ પણ અમને હુકમ નથી કરતા તો તમે કોણ હુકમ કરવાવાળા?

મુમુક્ષુ :- એમ જ છે.

ઉત્તર :- એમ છેને? ભગવાન ત્યાંથી નીકળ્યા. રૂક્ષ્મણી .. નીકળી અને નાગ શૈયાનું મકાન હતું મોટું. બંગલો. નાગ શૈયા સમજ્યા? નાગના શેષની શૈયા. ઓલી શું કહેવાય આપણે? પાટી હોય છેને. આ ઢોલિયાની પાટી. મોટી પાટી નથી હોતી? પાટીને શું કહે છે? પલંગમાં પાટી હોય છેને? એ ... પાટી. એ નાગની પાટી હતી. સુવાળું શરીર બહુ અને નાગ આમ ફેણ માંડીને ત્યાં જઈ.. ઉપર બેઠા. આ હતાને શું કહે .. ત્યાં ધમાધમ થયું બાર યોજનમાં. શ્રી કૃષ્ણે સાંભળ્યું કે આ શું થયું? પણ એ બધું છે પણ પરિગ્રહ નથી. આહા..હા..! એકલું અનુમાન કરે એવો આત્મા છે નહિ. આહા..હા..! અલિંગગ્રહણ છે. અલિંગગ્રહણના ૨૦ બોલ છેને એમાં છે. ચોથો બોલ છે એમાં.

બીજા વડે અનુમાનથી આત્મા જણાય એવો છે નહિ. જેને નિશ્ચય વેદન થયું એ બીજાને અનુમાનથી જાણી શકે છે. આહા..હા..! આપણે આવ્યું હતુંને ભાઈ નહિ આ? સૂત્રકાર ભગવાન સૂત્રકાર નિયમસાર. આજે જ કાલે આવ્યું હતું નહિ? ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે. એમ ત્રણ ઠેકાણે લખ્યું છે. બીજે ... આત્માના જાણનાર સૂત્રકાર. ત્રીજે ઠેકાણે છે ક્યાંક. ત્યાં ચિહ્ન કર્યા છે. ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે. આહા..હા..! મુનિઓ પણ મુનિને ૯૦૦ વર્ષ થયા પહેલાં એમ કહેતા. ખ્યાલમાં આવ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું

કાંઈ? કોઈ કહે કે સ્થિતિ છે કે નહિ? પરદ્રવ્યની કોણ જાણે? એય..! એવું છે બધું શું થાય? પુણ્ય પ્રકૃતિ અને ભાષા બાષા .. ૧૦-૧૦, ૨૦-૨૦ હજાર માણસ ભેગા થાય. ૨૦ હજાર, ૨૫ હજાર. લ્યો પણ એમાં .. શું થયું?

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે. ઓહો..હો..! ધર્મી એને કહીએ જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો છે. સ્વાદની આગળ બીજી ચીજની પક્કડ છે નહિ. સ્વાદમાં આત્માની પક્કડ થઈ ગઈ છે. આહા..હા..! શુદ્ધ પરમાત્મા આત્મા હું છું. શુદ્ધ છું. પર્યાય ફર્યાયનો ભેદ નથી જેમાં. આહા..હા..! હું જ્ઞાયકભાવ છું. એ તો મુનિ છે તો મુનિથી વાત કરી છે. બાકી તો છે .. અહીંયાં. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' પ્રમત્ત-અપ્રમત્ત પર્યાયમાં નથી. કોણ માને છે? એ પર્યાય ભલે માને, પણ પર્યાય એમ માને છે કે પ્રમત્ત-અપ્રમત્ત હું નથી. પ્રમત્ત એમ જાણે પર્યાય નિર્વિકલ્પ જ્ઞાયકોહં.. શુદ્ધોહં. હું શુદ્ધ છું. .. જ્ઞાયક શુદ્ધ. 'એવં ભણંતિ શુદ્ધં' એમ આવે છેને? આહા..હા..! ગજબ ટીકા. વસ્તુની સ્થિતિને એવી રીતે પ્રસિદ્ધ કરવાની ટીકા ગજબ! હું તો જ્ઞાયક છું. કોણ કહે છે આ? જાણે છે કોણ? પર્યાય એક તો કહે પર્યાય પોતામાં છે નહિ.

મુમુક્ષુ :- તો જાણવામાં શું આવે?

ઉત્તર :- ઈ જાણનારની પર્યાય એમ કહે છે. નહિ આ નહિ. ગુણસ્થાનમાં હું નથી. હું તો જ્ઞાયકભાવમાં છું એવો દૃષ્ટિવંત '**अत्यंत निष्परिग्रहपणुं सिद्ध थयुं.**' લ્યો, આહા..હા..! સમજાણું કાંઈ? જે વિકલ્પ ઉઠે છે એ તો દુઃખ છે. અને બહારની સામગ્રી તો જ્ઞેય છે અને એ જ્ઞેય પણ દુઃખમાં નિમિત્ત છે. નિમિત્ત છે હોં. નિમિત્ત બનાવે તો. નહિતર જ્ઞેય છે. બધાની પક્કડ છૂટી ગઈ એમ કહે છે અહીંયાં તો. આહા..હા..! આવે છેને ઓલામાં .. એક શ્લોક આવે છે નહિ? ... ઈ શ્લોક આવે છે કાંઈક? ઈ શ્લોક છે કે નહિ તપસી? પંડિતજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ એ નહિ. આ તો બે, ચાર, પાંચ શબ્દ આવે છેને. મને બોધિ હજો, મને આ હજો.

મુમુક્ષુ :- ..બોધિ લાભં...

ઉત્તર :- હા, પણ બીજો એક શબ્દ આવે છે એને. બોધિનો નામ હજો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ શ્લોકમાં. મોઢે એવું છેને. આહા..હા..! કાંઈ ઈચ્છતા નથી અને વળી આ શું? એ તો અંતરની શુદ્ધતાની ભાવનાની વાત છે. સમજાણું કાંઈ? આ તો એની વાત તો થાય. ગાથા તો આવી છે બધે. જ્ઞાની આમ માને. .. દુઃખનો ક્ષય હજો, કર્મનો ક્ષય

હજો, બોધિનો લાભ હજો. બોધિ એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે એમ. સમાધિ મરણ હજો. આવે છે પાઠ એ. .. આ હજો... આ હજો... ઈ ભાવના શુદ્ધતાની છે. અંતર જ્ઞાયકમાં એકાગ્રતાની ભાવનામાં એ બધા પ્રકાર છે. ત્યાં આવે છે. દસ .. એ શ્લોક આવે છે. પોતાના સ્વરૂપમાં શુદ્ધિ ઈ ભાવના છે. બોધિ લાભમાં તો દર્શન-જ્ઞાન-ચારિત્રની ભાવના, સમાધિ મરણ. એમાં પોતાના સ્વભાવની એકાગ્રતાની ભાવના છે. પરની ભાવના છે નહિ. સમજાણું કાંઈ?

'**હવે એ પ્રમાણે આ, સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે...**' આહા..હા..! '**જેણે સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે...**' રાગાદિ અજ્ઞાનભાવ એ દૃષ્ટિમાંથી છોડી દીધો છે. '**એવો, સર્વત્ર અત્યંત નિરાલંબ થઈને,...**' પાઠમાં છેને એ? '**जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।।**' સર્વત્ર નિરાલંબ, સર્વત્ર નિરાલંબન. આહા..હા..! જાણતા નથી કે મારી ભાવશક્તિ છે તો પર્યાય થાય છે. અભાવ શક્તિ છે તો પરના અભાવરૂપ કર્મ ક્ષય હજો એમ કીધુંને? છે. પણ ભાવનામાં એમ આવે. સમાધિ શાંત... શાંત... શાંત... શાંતિમાં ઝુલવું એ મારી સમાધિમરણ દશા. બાકી છે તો એની પર્યાય એ કાળે આવવાની છે એ કહે છે. સમજાણું કાંઈ? ભારે અટપટી વાતું!

'**સર્વત્ર અત્યંત નિરાલંબ...**' બે વાત. એક તો સર્વત્ર પોતાના ચિદાનંદ ભગવાન સિવાય બીજી કોઈ ચીજમાં સર્વત્ર નિરાલંબન. આહા..હા..! '**નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો,...**' નિયત નામ નિશ્ચય '**ટંકોત્કીર્ણ...**' જેવો છે એવો ધ્રુવભાવ '**એક જ્ઞાયકભાવ રહેતો...**' થકો. એ બધે ઠેકાણે .. ચાલે છે. એકરૂપ જ્ઞાયકભાવ રહેતો થકો, પર્યાયમાં એકરૂપ જ્ઞાયકભાવ રહેતો થકો '**સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.**' જુઓ, આહા..હા..! આ તો ગંભીર તત્ત્વ છે. શાસ્ત્ર ગંભીર, એના ભાવ ગંભીર. વસ્તુ આ તો ભગવાન સાક્ષાત્ પરમાત્માના મુખે નીકળેલી વાણી છે આ તો. ઈ સંતો એ જ કહે છે. સમજાણું કાંઈ? પણ છે તો ખરા કહે, પણ પર્યાયમાં સાક્ષાત્ કરીને અનુભવ કરે છે. આહા..હા..! ચીજ આ છે એવી છે. એને નિર્જરા થાય છે. એવી દશાવંતને શુદ્ધિની વૃદ્ધિ થાય છે, અશુદ્ધિનો નાશ થાય છે. કર્મ એને કારણે ગળવાની તૈયારી થઈ એ ગળી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ... લ્યો, આવ્યુંને એમાં? દુઃખ પહેલા ભાવ.. પછી કર્મફળ નિમિત્તનો અર્થ કરે છે. બોધિલાભો, દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા થાય પહેલા. એ તો આવેને. ભાવના બધે આવે છેને. .. લ્યો. આત્માનો અનુભવ કરે છે. આનંદસ્વરૂપ જ્ઞાયકભાવ એનો અનુભવ કરવો એ જ નિર્જરા છે. એ શુદ્ધિની વૃદ્ધિનું એ કારણ છે. બીજું કોઈ શુદ્ધિની વૃદ્ધિનું કારણ છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૪, શનિવાર, તા. ૦૭-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૪-૨૧૫, કળશ-૧૪૫, પ્રવચન-૩૬૧

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

આ સમયસાર નિર્જરા અધિકાર. એક ૨૧૪ ગાથાનો ભાવાર્થ છે. પુણ્ય-પાપના ભાવ જે થાય છેને. સમ્યગ્દૃષ્ટિને નબળાઈને લીધે જે શુભભાવ થાય છે અને અશુભભાવ થાય છે અને .. પામવાની ઈચ્છા છે. પણ એની ઈચ્છાની ઈચ્છા નથી. એટલે જ્ઞાની અહીં નિર્જરા છેને? પોતાનું નિજસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન વિજ્ઞાનઘનનો રસીલો પુરુષ એને પુણ્ય-પાપ, ..ની ઈચ્છા જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઈચ્છા થાય છે પણ ઈચ્છાની ઈચ્છા નથી એ કારણે ઈચ્છા નથી. રાગનો રાગ નથી એ કારણે રાગ નથી. આ કારણ. નિર્જરા અધિકાર છેને? આહા..હા..! વિજ્ઞાનઘન એવું પોતાનું નિજસ્વરૂપ એના રસીક પુરુષને એમાં પુણ્ય-પાપ અને આહાર-પાણીમાં રસ ન આવે. સમજાણું કાંઈ? જેને પોતાના આનંદઘનનો રસ, આનંદનો રસ એવા પુણ્ય-પાપ, આહાર-પાણીના રસની ઈચ્છા કેમ થાય? આહા..હા..! અમે તો ખુલાસો કરી દીધો છેને કે ઈચ્છા તો થાય છે. ચારિત્ર .. ઉદય. વીર્યાંતરને કારણે જરી નબળાઈ પણ છે અને એ વસ્તુ પણ ઈચ્છા થાય છે એને. પણ એ ઈચ્છાની ઈચ્છા નથી. આહા..હા..!

જેને હેય જાણ્યું એને આદરણીય કેમ કરે? આહા..હા..! આ તો અંતરની વાતું છે. એટલે બહારથી એક બાજુ કહે કે એ વેદતો નથી અને એક બાજુ કહે કે એ વેદે છે. અપેક્ષા જાણવી જોઈએને. એક બાજુ કહે કે કર્મફળ ચેતના જ્ઞાનીને હોતી નથી. બીજી અપેક્ષા જ્ઞાનમાં પોતાના વેદનમાં જેટલો રાગ આવે છે એને જાણે છે. આહા..હા..! અહીં નિર્જરાનો અધિકાર છે તો એ જાણવાની ઈચ્છા જે થઈ રાગની એ ઈચ્છા પોતામાં નથી. આહા..હા..! બહુ માર્ગ...

'**ભાવાર્થ :- પુણ્ય, પાપ, અશન, પાન વગેરે સર્વ અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ નથી...**' પક્કડ નથી, પરિગ્રહ તો પોતાના જીવસ્વભાવનો પરિગ્રહ છે. પોતાનો આનંદ અને જ્ઞાયક સ્વભાવનો પરિગ્રહ છે પક્કડ. આહા..હા..! એ આવ્યુંને પહેલા પરિગ્રહ આવી ગયું. ૨૦૭માં. ૨૦૭ ગાથામાં. મારો તો જ્ઞાયકભાવ જીવસ્વભાવ એ જ મારો પરિગ્રહ છે. પરિગ્રહ

નામ પોતાના સ્વરૂપને પકડીને અનુભવ કરે છે તો એ અમારો પરિગ્રહ છે. રાગ કે ક્રોધ કે ઈચ્છા કે અશનપાન. અશનપાન જડ. ઈચ્છા છેને ઈચ્છા. અશનપાનની ઈચ્છા નથી એટલે કે એને આહાર લઉં અને આ ભાવ કાયમ રહો એવો ભાવ છે? આહાર લેવાની ઈચ્છા કાયમ રહો એવો ભાવ નથી. એ કારણે આહાર અને પાણી આદિની એને ઈચ્છા છે નહિ.

'**કારણ કે સર્વ પરભાવોને હેય જાણે...**' આહા..હા..! પોતાનું શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘનને જ્યાં ઉપાદેય જાણ્યું ત્યાં સર્વ પરભાવોને હેય જાણ્યું. '**ત્યારે તેની પ્રાપ્તિની ઈચ્છા થતી નથી.**' લ્યો, એ નીચે છે. '**પ્રથમ, મોક્ષાભિલાષી સર્વ પરિગ્રહને છોડવા પ્રવૃત્ત થયો હતો;...**' નીચે છેને નોટ? '**તેણે આ ગાથા સુધીમાં વ્યસ્ત પરિગ્રહભાવને છોડયો,...**' પક્કડ છોડી દીધી, એકત્વ છોડી દીધું. '**એ રીતે સમસ્ત અજ્ઞાનને દૂર કર્યું અને જ્ઞાનસ્વરૂપ આત્માને અનુભવ્યો.**' આહા..હા..!

શ્લોક-૧૪૬

(स्वागता)

पूर्वबद्धनिजकर्मविपाकात्
ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्भवत्वथ च रागवियोगात्
नूनमेति न परिग्रहभावम्।।१४६।।

હવે આગળની ગાથાની સૂચનારૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [पूर्वबद्ध-निज-कर्म-विपाकात्] પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે [ज्ञानिनः यदि उपभोगः भवति तत् भवतु] જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો, [अथ च] પરંતુ [रागवियोगात्] રાગના વિયોગને લીધે (-અભાવને લીધે) [नूनम्] ખરેખર [परिग्रहभावम् न एति] તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.

ભાવાર્થ :- પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય તેને જો અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે. પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી. તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું; હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી. આ રીતે જ્ઞાનીને રાગરૂપ ઈચ્છા નથી તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી. ૧૪૬.

કળશ-૧૪૬ ઉપર પ્રવચન

હવે કળશ કહે છે. ૧૪૬.

(स्वागता)

पूर्वबद्धनिजकर्मविपाकात्
ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्धत्वथ च रागवियोगात्
नूनमेति न परिग्रहभावम्।।१४६।।

ભાષા શું વાપરે જુઓ, '**ज्ञानिनो यदि भवत्युपभोगः**' લ્યો, ભાષા. સમજાવવું છે શું કરે? જ્ઞાની થવું અને પરની પક્કડ કરવી એ વાત એક મ્યાનમાં રહી શકે નહિ. ધર્મીને તો પોતાનું આનંદસ્વરૂપ, ..રૂપસ્વરૂપ, પોતાનો પરમેશ્વર પૂર્ણસ્વરૂપ એના આશ્રયમાં પડ્યો છે એ ઉપાદેય જ્યાં જાણ્યું તો સર્વ રાગાદિને હેય જાણે.

અહીં કહે છે કે '**पूर्वे बंधायेला पोताना कर्मना विपाकने लीधे...**' પૂર્વના કર્મ પડ્યા હોય અજ્ઞાન ભાવે જે બંધાયેલા હતા. '**पूर्वे बंधायेला पोताना कर्मना विपाकने लीधे...**' જુઓ, પોતાના કર્મના વિપાકને લીધે. વળી કર્મ એના નથી. ભાષા એમ છે. '**पोताना कर्मना विपाकने लीधे...**' એટલે કે પૂર્વે જે શુભાશુભભાવ કર્યા હતા અજ્ઞાનભાવમાં એમાં જે કર્મ બંધાણા એને પોતાના કર્મ એમ સમજાવે છે. હવે એક બાજુ રાગ પણ નહિ ત્યાં પોતાના કર્મનો વિપાક આવ્યો લ્યો. ભાષાની શૈલી શું કરે? તકરાર કરે તો. '**पूर्वे बंधायेला पोताना कर्मना विपाकने लीधे...**' અથવા એમ કહે પૂર્વબદ્ધનો કર્મનો વિપાક. આ તો '**निजकर्मविपाकात्**' એમ છેને ભાઈ! ભાષા શી રીતે સમજાવી? એની પાસે જે કર્મ પડ્યું છે. નિમિત્તરૂપે એને નિજકર્મ એમ કહીને કહ્યું. એમ બતાવ્યું. એમ બતાવ્યું શું કરે? આહા..હા..! ભાષા શું કરે? હવે એક બાજુ કહે રાગ પણ પોતાનો નથી, વળી નિજકર્મનો વિપાક. એનો અર્થ? એણે પૂર્વે જે અજ્ઞાનભાવ કર્યા હતા એનાથી જે બંધાયેલા તો એને નિજકર્મથી ઓળખાવે છે.

'**पूर्वे बंधायेला पोताना कर्मना विपाकने लीधे...**' એમ. એ તો ઠીક પછી વિપાકને લીધે. '**ज्ञानीने जो उपभोग होय तो हो,...**' એમ. એ પૂર્વ બંધાયેલા છે કર્મ એની સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તો છેને. નહિતર પડેલા .. કર્મ છે. તો એટલું કારણ દેખીને પોતાના કર્મના વિપાક આવ્યો કર્મની અંદર. એ ઉપભોગ હોય તો હો એ કારણે બહારની સામગ્રી, અઘાતિનો રાગથી ઉપભોગ થાય, ઘાતિને કારણે જરી રાગાદિ થાય '**परंतु रागना**

વિયોગને લીધે (-અભાવને લીધે)...' લ્યો, **'तद्भत्वथ च रागवियोगात्'** પ્રેમ નથી જ્યાં રાગનો પ્રેમ નથી, રાગનો રાગ નથી. શુભરાગનો રસ નથી. રસ નથીનો અર્થ એકત્વ નથી. **'પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો, પરંતુ રાગના વિયોગને લીધે (-અભાવને લીધે)...'** એમાં પ્રેમ નથી. પોતાની ચીજને છોડીને પોતાનો પ્રેમ પોતાની પાસે છે અંદર સ્વભાવમાં છે. આહા..હા..!

નિજ આનંદસ્વરૂપ ભગવાન આત્મા એના પ્રેમમાં પડ્યો એ પરનો પ્રેમ કેમ કરે? સમજાણું કાંઈ? આ તો સમ્યગ્દૃષ્ટિની વાત છેને. પરંતુ રાગના અભાવને લીધે. રાગ પણ નહિ. એ સંયોગ મળ્યો એનો પ્રેમ નથી. એ તો જ્ઞેય તરીકે જ્ઞાનમાં આવે છે. આહા..હા..! **'ખરેખર તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.'** એ સામગ્રીનો ઉપભોગ પોતાપણામાં એની માન્યતા નથી તો પરિગ્રહને પામતો નથી. ઓહો..હો..! ઈન્દ્રના ઈન્દ્રાસન હોય, ચક્રવર્તીના રાજ હોય, .. પડી છે. પોતામાં શું છે? પોતામાં છે એ તો જ્ઞાન અને આનંદ છે.

પોતાના ચૈતન્ય ધ્રુવ શુદ્ધ સ્વભાવના અવલંબે જે પર્યાય વીતરાગી નિર્મળ થઈ એ પર્યાયમાં પક્કડ તો દ્રવ્ય સ્વભાવની છે. આહા..હા..! એનાથી વિરુદ્ધ રાગાદિભાવમાં તો પક્કડ છે નહિ. ઉપાદેયબુદ્ધિ છે નહિ, આદરણીય છે નહિ, સ્વામીપણું છે નહિ. સદા રહો એવી ભાવના નથી. અભાવ છે. આહા..હા..! **'ખરેખર તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.'** એ ખરેખર તો લક્ષ્મી આદિ બહાર ચીજ શરીરાદિ, પણ એની ચીજ છે એવી પક્કડ તો નથી. **'પરિગ્રહભાવને પામતો નથી.'** આહા..હા..! ભારે કઠણ! વસ્તુ એવી અંતરમાં જ્યાં આનંદ, નિધાન આનંદનો જ્યાં પ્રાપ્ત થયો. આહા..હા..! તો આનંદના નિધાન આગળ રાગનું ઝેર એનો પ્રેમ કેમ રહે? આહા..હા..! સમજાણું કાંઈ? અને જો પ્રેમ રહે તો દ્રવ્યનો પ્રેમ નથી, સમ્યગ્દર્શન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.' છે વસ્તુ છતાં પોતાપણે છે એવી માન્યતા એની છે નહિ. આહા..હા..! દૃષ્ટિમાં .. છે. પક્કડ પક્કડમાં ફેર છે નહોતું કહ્યું? બિલાડી ઉંદરને પકડે અને પોતાના બચ્ચાને પકડે. એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જાય છેને? ઉંદરને પકડે તો દાંત એના શરીરમાં નાખી એમ પકડે. અમારે ત્યાં .. બહુ દેખાય. અમે .. દાણાની દુકાન અને મોટા આવડા-આવડા ઉંદર હોં. પકડીને તો અપાસરામાંથી નીકળે મોઢામાંથી લટકતું. બહાર જઈ, વાડામાં જઈ અંદર પછી ખાય. એમ ઓલાને તો ઈ પકડ્યા ભેગો ઓલો તો મરી જાય ત્યાં ત્રાસ થઈ જાય છે અને પોતાના બચ્ચાને પકડીને સાત જગ્યાએ ફેરવેને? .. થઈ ગયા તો છોકરા કંટાળે તો મોઢામાં લઈને બીજે લઈ જાય. પણ ઈ તો પોચું રૂની જેમ લઈ જાય. 'પક્કડ પક્કડમેં ફેર હૈ' ધર્મીને રાગાદિ પરસામગ્રીની પક્કડ છે નહિ. ભગવાનજીભાઈ! આહા..હા..! **'પરિગ્રહભાવને પામતો નથી.'** સમસ્તપણે એ

મારી ચીજ છે એવી દૃષ્ટિ છે નહિ. આહા..હા..!

'**ભાવાર્થ :- પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય...**' જુઓ, પૂર્વે બાંધેલા કર્મથી અઘાતિ કર્મ છેને અઘાતિકર્મ? તો પુણ્યના રજકણ પડ્યા હોય તો અનુકૂળ સામગ્રી મળે છે. અરે..! પ્રતિકૂળ બેય મળે છે લ્યોને. '**તેને જો અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે...**' પણ જો એ સામગ્રી તરફના લક્ષે રાગની પ્રીતિથી જો ભોગવવામાં આવે '**તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે.**' સમજાણું કાંઈ? સાધુ છે લ્યો, જમીન ઉપર ચાલે છે. ચાલે છે કે નહિ? પરિગ્રહ છે? પક્કડ છે? જમીનની પક્કડ છે? જમીન મારી છે એમ છે? એ જ જમીન ઉપર રાજા ચાલે. એ જ જમીન ઉપર રાજા ચાલે. આ મારી જમીન છે. અમારું રાજ છે. અમારા રાજનું એ ગામ છે. એય..! આહા..હા..! મુનિ ચાલે છે. ચાલે છે તો જમીન ઉપર. જોવેને આમ? એ તો જડની ક્રિયા છે. જમીન ઉપર ચાલવા છતાં એ જમીન મારી છે એવી પક્કડ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અંદર ચાલવાનો વિકલ્પ ઉઠ્યો એની પણ પક્કડ નથી. આહા..હા..! ભારે માર્ગ ભાઈ! મુનિપણું ક્યાં કોને કહેવું? આહા..હા..! જેમાંથી કર્મનો ભાવ અને કર્મની બેય પક્કડ છૂટી ગઈ. અજીવ અને અજીવના સંગે ઉત્પન્ન થયેલો ભાવાસ્રવ જોયો. એની રુચિ દૃષ્ટિ છૂટી ગઈ એ સમયે. મિથ્યાત્વભાવ .. પોષક.. એ તો છૂટી ગયું. પોતાના સ્વભાવના પોષણની દૃષ્ટિ થઈ. હું સ્વભાવમાં એકત્વ રહું, આનંદમાં એકત્વ રહું એ પોષણ રહ્યું. રાગનું પોષણ છે નહિ.

'**પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી. તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું...**' બાંધ્યા તમે. એમ કહે છે. ઠીક. આત્મા કર્મ બાંધે? .. વિકાર હતો નિમિત્ત અને કર્મ બંધાણું તો મેં જે બાંધ્યા હતા એમ કહે. આહા..હા..! '**જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું...**' એ ઉદયમાં આવી ગયું એમ. '**અને છૂટી ગયું;...**' લ્યો, એ છૂટી ગયું. એકત્વબુદ્ધિ નથી તો છૂટી જાય છે. નિર્જરા કહેવી છેને? '**હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી.**' ભવિષ્યમાં એની વાંછા છે નહિ. વર્તમાનમાં પણ રાગનો વિયોગ છે તો ભિષ્યમાં કેમ વાંછે? '**આ રીતે જ્ઞાનીને રાગરૂપ ઇચ્છા નથી...**' લ્યો, આ પ્રકારે ધર્મીને રાગરૂપ ઇચ્છા નથી. '**તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી.**' લ્યો, આહા..હા..!

ગાથા-૨૧૫

उप्पण्णोदयभोगो वियोगबुद्धीए तस्स सो णिच्चं।
कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी।।२१५।।
उत्पतोदयभोगो वियोगबुद्धया तस्य य नित्यम्।
कांक्षामनागतस्य च उदयस्य न करोति ज्ञानी।।२१५।।

कर्मोदयोपभोगस्तावत् अतीतः प्रत्युत्पतोऽनागतो वा स्यात्। तत्रातीतस्तावत् अतीतत्वादेव स न परिग्रहभावं बिभर्ति। अनागतस्तु आकांक्ष्यमाण एव परिग्रहभावं बिभृयात्। प्रत्युत्पतस्तु स किल रागबुद्धया प्रवर्तमान एव तथा स्यात्। न च प्रत्युत्पतः कर्मोदयोपभोगो ज्ञानिनो रागबुद्धया प्रवर्तमानो दृष्टः, ज्ञानिनोऽज्ञानमयभावस्य रागबुद्धेरभावात्। वियोगबुद्धयैव केवलं प्रवर्तमानस्तु स किल न परिग्रहः स्यात्। ततः प्रत्युत्पतः कर्मोदयोपभोगो ज्ञानिनः परिग्रहो न भवेत्। अनागतस्तु स किल ज्ञानिनो नाकांक्षित एव, ज्ञानिनोऽज्ञानमयभावस्याकांक्षाया अभावात्। ततोऽनागतोऽपि कर्मोदयोयभोगो ज्ञानिनः परिग्रहो न भवेत्।

હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છે :-

ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.

ગાથાર્થ :- [उत्पन्नोदयभोगः] જે ઉત્પન્ન (અર્થાત્ વર્તમાન કાળના) ઉદયનો ભોગ [सः] તે, [तस्य] જ્ઞાનીને [नित्यम्] સદા [वियोगबुद्धया] વિયોગબુદ્ધિએ હોય છે [च] અને [अनागतस्य उदयस्य] આગામી (અર્થાત્ ભવિષ્ય કાળના) ઉદયની [ज्ञानी] જ્ઞાની [कांक्षाम्] વાંછા [न करोति] કરતો નથી.

ટીકા :- કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય-અતીત (ગયા કાળનો), પ્રત્યુત્પન્ન (વર્તમાન કાળનો) અને અનાગત (ભવિષ્ય કાળનો). તેમાં પ્રથમ, જે અતીત ઉપભોગ તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ) પરિગ્રહભાવને ધારતો નથી. અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય તો જ પરિગ્રહભાવને (પરિગ્રહપણાને) ધારે; અને જે પ્રત્યુત્પન્ન ઉપભોગ તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને

ધારે.

પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે; અને કેવળ વિયોગબુદ્ધિએ જ (હેયબુદ્ધિએ જ) પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી. માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (પરિગ્રહરૂપ નથી.)

જે અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી (અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી) કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે વાંછા તેનો અભાવ છે. માટે અનાગત કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (-પરિગ્રહરૂપ નથી).

ભાવાર્થ :- અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે. અનાગત ઉપભોગની વાંછા નથી; કારણ કે જે કર્મને જ્ઞાની અહિતરૂપ જાણે છે તેના આગામી ઉદયના ભોગની વાંછા તે કેમ કરે ? વર્તમાન ઉપભોગ પ્રત્યે રાગ નથી; કારણ કે જેને હેય જાણે છે તેના પ્રત્યે રાગ કેમ હોય ? આ રીતે જ્ઞાનીને જે ત્રણકાળ સંબંધી કર્મોદયનો ઉપભોગ તે પરિગ્રહ નથી. જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે તે તો પીડા સહી શકાતી નથી તેનો ઈલાજ કરે છે-રોગી જેમ રોગનો ઈલાજ કરે તેમ. આ, નબળાઈનો દોષ છે.

ગાથા-૨૧૫ ઉપર પ્રવચન

'હવે, જ્ઞાનીને ત્રણે કાળ સંબંધી પરિગ્રહ નથી એમ કહે છે :-' ૨૧૫. લ્યો એ જ આવ્યું. ઓલામાં .. લખ્યું હતુંને પહેલું? ઉપોદ્‌ઘાત એ કર્યો ત્યાંથી. એ શૈલી છે એની.

उप्पण्णोदयभोगो वियोगबुद्धीए तस्स सो णिच्चं।
कंखामणागदस्स य उदयस्स ण कुव्वदे णाणी।।२१५।।
ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.

ટીકા. જેનાથી ભેદજ્ઞાન થયું એને રાખવાની ભાવના કેમ હોય? રાગથી, શરીરથી ભેદ કરીને પોતાના સ્વભાવમાં એકત્વ થયું તો ભેદ કર્યું એની સાથે અભેદ શું કરે? સમજાણું કાંઈ? વાત એવી ઝીણી છે. ધર્મ. જૈનદર્શન બહુ સૂક્ષ્મ છે. અને એ જ દર્શન છે દુનિયામાં. બીજો કોઈ છે નહિ. સમજાણું કાંઈ? સર્વજ્ઞ એક-એક સમયની પર્યાયની વાત કરે છે. ધર્મીને

પૂર્ણાનંદનો સ્વાદ આવ્યો તો કહે છે કે સમય-સમયમાં ભિન્ન-ભિન્ન રાગની વૃત્તિ આદિ થાય છેને? હોય, સામગ્રી પણ મળે પણ હોય. ઓહો..હો..! બેય પ્રત્યે રાગનો વિયોગભાવ છે.

ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
ને ભાવી કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ૨૧૫.

'**કર્મના ઉદયનો ઉપભોગ ત્રણ પ્રકારનો હોય-અતીત (ગયા કાળનો), પ્રત્યુત્પન્ન (વર્તમાન કાળનો) અને અનાગત (ભવિષ્ય કાળનો). તેમાં પ્રથમ, જે અતીત ઉપભોગ તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ)**' એ ભૂતકાળ તો વીતી ગયો એ તો વર્તમાનમાં છે નહિ. સમજાણું કાંઈ? '**તેમાં પ્રથમ, જે અતીત ઉપભોગ...**' છે. ભૂતકાળનો ભોગ છે એ તો અતીત વીતી ગયો. '**તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ) પરિગ્રહભાવને ધારતો નથી.**' વર્તમાનમાં છે જ નહિ પછી ધારણ શું કરે? આહા..હા..!

'**અનાગત ઉપભોગ જો વાંછવામાં આવતો હોય...**' લ્યો, ભવિષ્યમાં તો ઉપભોગ જો વાંછવામાં આવતો હોય. ઇચ્છા કરે કે આ હોય તો ઠીક. '**તો જ પરિગ્રહભાવને (પરિગ્રહપણાને) ધારે;...**' એવી વાત લીધી છે. સત્ય સ્વરૂપ ભગવાન આત્મા પરમસત્ય. એની જ્યાં અંતર એકાગ્રતા થઈ તો પરની ચીજ તો વર્તમાનમાં છે નહિ ભૂતકાળની. તો ભૂતકાળનો તો ઉપભોગ છે નહિ, વર્તમાનમાં ભવિષ્યની વાંછા નથી. આહા..હા..! '**ઉપભોગ જો વાંછવામાં આવતો હોય તો જ પરિગ્રહભાવને (પરિગ્રહપણાને) ધારે;...**' એ તો છે નહિ. રહ્યું વર્તમાન. '**અને જે પ્રત્યુત્પન્ન ઉપભોગ તે રાગબુદ્ધિએ પ્રવર્તતો હોય તો જ પરિગ્રહભાવને ધારે.**' પરિગ્રહભાવને ધારણ કરે છે. એનું કારણ લખ્યું છે. હિન્દીમાં કારણ છે. કર્યું છે સુધાર્યું છેને. છેને અંદર છેને. .. એટલું. '**પરિગ્રહભાવને ધારે.**' રાગ હોય તો પરિગ્રહભાવને ધારે. ભાઈ! આવી માથાકૂટ કેટલી! એય..! ઈ કરતાં...

મુમુક્ષુ :- સમજવું, સમજવું અને સમજવું.

ઉત્તર :- સમજવું શું? વસ્તુ પણ પોતે સમજનો પિંડ છે. એમાં બીજી ચીજ જ ક્યાં છે? એ સમજવું... સમજવું... સમજવું... 'સમજ પીછે સબ સરલ હૈ, બિન સમજે મુશ્કેલ.' ઈ ચીજ જ સમજનો પિંડ છે.

મુમુક્ષુ :- એને સમજવામાં રાગ ઉભો થાય.

ઉત્તર :- રાગ ઉભો થાય સમજવામાં. લ્યો, ચેતનજી! સમજવું અંતરમાં સમજવું એમાં રાગ ઉપભોગ ક્યાં છે? રાગનો તો અભાવ થાય છે. આહા..હા..!

ત્રણ બોલ લીધા. ધર્મી જીવને અંતર સ્વભાવની એકતાના અભિપ્રાયથી આનંદના સ્વાદને કારણે ભૂતકાળનો પરિગ્રહ વર્તમાનમાં તો છે નહિ તો એને વ્યયીત થઈ ગયો તો એને પરિગ્રહ

છે નહિ. ભવિષ્યની ઇચ્છા થાય તો પરિગ્રહ કહે પણ ઇચ્છા તો જ્ઞાનીને છે નહિ. કે આ હોય તો ઠીક... આ હોય તો ઠીક... આ હોય તો ઠીક... લ્યો, ઓહો..હો..! રાજ કરે પાછા.

મુમુક્ષુ :- નવું-નવું રાજ મેળવે.

ઉત્તર :- નવું મેળવે રાજ. ઈ તો એક વૃત્તિ ઉઠી. વૃત્તિનો સ્વામી નથી, ધણી નથી. એ પૂર્વનો ઉદય આવીને દેખાવ દઈને ખરી જાય છે. એમ છે વાત. આહા..હા..! માર્ગ એવો છે.

મુમુક્ષુ :- સ્વ.. બચાવ.

ઉત્તર :- બચાવ છે કે...

મુમુક્ષુ :- કોકનું ઘર લૂંટી અને પછી એનો ઉદય હતો.

ઉત્તર :- લૂંટે કોણ? આહા..હા..!

વર્તમાન રાગ, ભૂતકાળ તો છે નહિ સામગ્રી, ભવિષ્યની ઇચ્છા નથી. દુઃખરૂપ જાણે એની ઇચ્છા કેમ કરે? અને વર્તમાનમાં તો રાગનો વિયોગ છે. રાગનો સંયોગ હોય તો પરિગ્રહને પામે. આહા..હા..! આખી દુનિયાથી હઠી ગયો છે. વિકલ્પથી માંડીને આખી ચૈતન્યની શક્તિ સિવાય સર્વથી વિરક્ત થઈ ગયો છે. ..માં રક્ત છે તો વિરક્ત નથી અને વિરક્ત છે તો રક્ત નથી. રાગમાં જો રક્ત છે તો રાગનો વિયોગ નથી. રાગનો અભાવ નથી એ તો રાગનો સ્વભાવ થઈ ગયો એને. અને રાગમાં રત નથી તો સ્વભામાં રક્ત છે તો રાગથી વિરક્ત છે. આહા..હા..! આવો ધર્મ ભારે!

અરે..! સત્ય તો આવું છે. બીજું સત્ય નથી. અને એવું સત્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી જન્મ-મરણનો અંત નહિ આવે. આહા..હા..! અરે..! જેમાં ભવ અનંત. મિથ્યાત્વ. એ કહ્યુંને ૧૪મી ગાથામાં. ભગવાન આત્મા કર્મકૃત રાગાદિભાવથી '**असमाहितोऽपि**' પુરુષાર્થસિદ્ધિ ઉપાય. '**एवमयं कर्मकृतैर्भावैर**' આહા..હા..! એ કર્મના નિમિત્તથી, સંગથી, સ્વભાવનો સંગ છૂટીને જે રાગાદિ થાય છે અને અજીવ અઘાતિની સામગ્રી થાય છે. ઘાતિના નિમિત્તથી રાગ અને અઘાતિના નિમિત્તથી સામગ્રી. એ બેય પ્રત્યે જેને પોતાપણું છે એ '**असमाहितोऽपि**' ભગવાન આત્મા રાગ અને સામગ્રીથી સહિત નથી. '**बालिशानां**' અજ્ઞાનીને '**युक्त इव प्रतिभाति**' હું રાગ અને શરીરસહિત છું એવું ભાસન એ મિથ્યાત્વભાવ એ જ ભવનું બીજ છે. આહા..હા..! હિન્દીમાં નથી. હિન્દીમાં નથી નાખ્યું નહિ? ગુજરાતીમાં નાખ્યું છે. એ શ્લોક ગુજરાતીમાં નાખ્યો છે. .. પુરુષાર્થસિદ્ધિ ઉપાય. હવે ચરણાનુયોગનો ગ્રંથ એમાં આ નાખ્યું છે. પણ પહેલું દર્શન વિના વસ્તુ શું? આહા..હા..! પછી વળી એમ લીધું એમાં કે ભાઈ મુનિનો ઉપદેશ કરવો પહેલા, ભાઈ! કારણ કે ચારિત્રમાં મુનિપણું. નહિતર .. લેશે એમ છે. પણ દર્શનનો ઉપદેશ તો પહેલો છે. આહા..હા..!

સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન થતું નથી અને સમ્યગ્જ્ઞાન વિના ચારિત્ર અને વ્રત, તપ એને હોતા નથી. બાળવ્રત અને બાળતપ હોય એમાં ભવભ્રમણનો અભાવ નથી થતો. આહા..હા..! હું મહાવ્રત રાગ છે એ વિકલ્પને પાળનાર છું, રક્ષા કરનાર છું. એવી બુદ્ધિ જેની છે એ તો મિથ્યાત્વભાવ છે. એ ભવનું બીજ છે. આહા..હા..! અહીં કહે કે પંચ મહાવ્રત હું પાળું છું, રાગની રક્ષા કરું છું એ ચારિત્રવંત છે. બહુ ફેર. હવે આમાં માપ શી રીતે કાઢવું? સમજાણું કાંઈ? પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે એ. ૧૪મી ગાથા છે. એણે કહ્યું હતું જયપુર. ઘણા માણસો હતો. દસ હજાર માણસ હતા વ્યાખ્યાનમાં. રથયાત્રા પહેલા. બધા પંડિતો બેઠા હતા. બંસીધરજી, ફુલચંદજી, કૈલાસચંદજી બીજા કોણ ઓલા બાલચંદજી બધા ઘણા હતા. ભાઈ! ભગવાન તો એમ કહે છે અને એવું સ્વરૂપ છે. ૧૪મી ગાથા છે પુરુષાર્થસિદ્ધિ ઉપાય. કબુલે ત્યાં પાછા. હા તો પાડે ના ન પાડે પાછા. પાછા ફરી જાય. ગુજરાતીમાં છે. ૧૪મી તત્ત્વાર્થસૂત્ર અમૃતચંદ્રાચાર્ય એ. પુરુષાર્થસિદ્ધિ ઉપાયનો ૧૪મો બોલ છે. ૧૪મી ગાથા. '**एवमयं कर्मकृतैर्भावैरसमाहितोऽपि युक्त इव**' ઓહો..હો..! ચરણાનુયોગ અને ચરણાનુયોગના વ્રત પાળે આમ કરે... આમ કરે... .. આવ્યું. અને અહીં બતાવે છે કે એ વ્રતનો રાગ મારો છે, હું પાળું છું એવી બુદ્ધિ તો મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા..!

લ્યો, '**એ રીતે આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિભાવોથી...**' બેય લીધા—ઘાતિ અને અઘાતિ. '**અસંયુક્ત ન હોવા છતાં...**' સંયુક્ત નથી. રાગથી અને શરીરથી સહિત આત્મા છે જ નહિ. કેમકે રાગ આસ્રવ છે, શરીર અજીવ છે. તો શરીર અજીવ અને આસ્રવસહિત આત્મા? આહા..હા..! ખળભળાટ... ખળભળાટ... '**संयुक्त न होवा छतां पण...**' '**बालिशानां**' '**अज्ञानी जीवोने...**' '**युक्त इव**' '**संयुक्त जेवो प्रतिभासे छे...**' ભગવાન નિરાળો ભાસતા નથી પણ સંયુક્ત ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ અને શરીરથી તો સહિત નથી, રહિત છે. છતાં સહિત જેને ભાસે છે એ ભાવ '**નિશ્ચયથી સંસારના બીજરૂપ છે.**' છે ભાઈ! આહા..હા..! હવે આ વાંચે નહિ, વિચારે નહિ અરેરે..! ભાઈ! આવો ક્યારે મળશે કાળ? આહા..હા..! ભવભ્રમણને મૂકવાનો કાળ છે. એમાં આ શા આગ્રહ અને આ પક્કડ? ઓહો..હો..! દેહ છૂટવાને કાળે બિચારા ઓલા કહેતા મહારાજ! આ કાળમાં ધર્મીના મરણ .. કરીને મરતા હશે એમ હશે? સમાધિમરણ એવું હોય? એક પૂછતો હતો. કારણ કે અત્યારે આ ક્ષુલ્લક કે આ બધા મરે પણ છેવટે તો .. દૃષ્ટિ તો સમ્યક્ છે નહિ. ભિન્ન તો ભાન થયું નથી. તો મરતા વખતે પછી .. એટલે પૂછે મહારાજ! આ પંચમ કાળમાં સમાધિમરણ .. કરીને મરે એવું હોય છે? એમ પૂછે. આહા..હા..!

મુમુક્ષુ : એ તો કહેને કે મારે સમાધિમરણ છે.

ઉત્તર :- હવે પાછું સમાધિમરણ કહે. કેમ છોટુભાઈ! સમાધિમરણ કહે કે નહિ? કલકત્તા ગયા હતાને ઓલો રાજગરી. થયો હતો કે નહિ સંથારો? રાજગરીમાં નહિ? જગજીવન. ગયા નથી પણ ખબર તો છેને? ભાઈ ગયા હતા ઝવેરચંદને એ. અમે ગયા હતા. સંથારો કર્યો. અરે..! કોનો સંથારો શું સંથારો? હજી રાગ અને શરીર તે ક્રિયા મારી છે અને હું સહિત છું એવી બુદ્ધિથી ત્યાગ ગ્રહણ કર્યો છે તો મિથ્યાત્વભાવ છે. આહા..હા..! આકરું ભારે! અપવાસ કરે છેવટે અસાધ્ય થઈ જાય. અસાધ્ય સમજ્યા? શું કહે છે? બેહોશ. અસાધ્ય એટલે બેહોશ. અસાધ્ય એટલે બેહોશ. ત્યારે કહે નિર્વિકલ્પમાં સ્થિર થઈ ગયો. આહા..હા..! ભાઈ! એવા બચાવ ન ચાલે.

મુમુક્ષુ :- ચાલે છેને.

ઉત્તર :- ચાલે છે. શ્રીમદ્ કહ્યું છે કે ભાઈ જ્ઞાનીને પણ કોઈવાર જરી મૂર્છા આદિ આવે પણ જ્ઞાની સમજે છે કે એ તો જરી એવી દશા છે તો એમાં ભિન્ન છે. .. આવ્યું થોડું. .. વિશેષ .. શ્રીમદ્નું નવું આવ્યું છે. .. પ્રમાદને એવું આવે છે. .. થાય છે એવા શબ્દ છે. શ્રીમદ્ના એક પત્રમાં. અને આમાં સમાધિશતકમાં છે. .. પણ ઈ લાગે બહારમાં અમુક ક્રિયા. પણ અંતરમાં ભિન્ન છે અને ભિન્ન વર્તે છે એની તો લોકોને બહારનું માપ તો છે નહિ. આહા..હા..! ઓલા કહેતા હતાને એમના બનેવી હતાને શ્રીમદ્ના નહિ ભાઈ ઝવેરચંદભાઈ! સાયલાવાળા. કહે મહારાજ તમે કહો છો તો અમે માનીએ હોં. બાકી ઈ તો.. મરતા વખતે તો રાડું પાડતા હતા કહે.

મુમુક્ષુ :- ઘણે દૂર

ઉત્તર :- હા, ઘણે દૂર.. ઓલા ઉભા થયા અને કહ્યું મનસુખ બાને શું કહેવાય? દિલગીર થવા દેશો નહિ. હું મારા સ્વરૂપમાં જાવ છું. સાચી-સાચી વાત છે. એય..! પણ સૂતા જ્યા અને આમ લૂગડું ઢાંક્યું માથે. .. શું કહેવાય આ? ... તો શરીરમાં જરી હજી તાકાત ઓલી હતી તો અહીં ઘરડીયો ચાલ્યો હતો. પાંચ-પાંચ ઘર સંભળાય એટલો. ઝવેરચંદભાઈ કહે છે. ઝવેરચંદને ઓળખો છો? એના બનેવી હતા. હા ઈ. આહા..હા..! ... ઈ ઝવેરચંદ ડોસા ઈ નહિ. ઈ નહિ. વકીલ ઈ નહિ. એ તો સાધારણ. આ તો એના બનેવી. ઈ ઓલા ઝવેરચંદ તો વકીલ. અહીં આવ્યા નથી. ઈ તો એ પહેલા. પણ બહુ આપણે .. ગઢડે ચોમાસું. ત્યાં ચોમાસું જ્યારે ૯૦નું કર્યું. ૮૯નું. ત્યારે એણે કહ્યું કે ભાઈ અમને આટલું આપો. એક હજાર રૂપિયા આપો, ફલાણું આપો, અગ્નિ ન કરવી, આમ ન કરવું. જમાડવા માટે. ... બાજરાના લોટની ઓલી કરી કુલેર-કુલેર. અગ્નિનું મારણ થાય. એમ કહેતા. પણ અહીં .. આ તમે કહો છો તો માનીએ નહિતર અમે તો એ વખતે... બાપુ! એ તો દેહની ક્રિયા છે, ભાઈ! એ અંદર જે બોલ્યા હતા એ બરાબર બોલ્યા છે. અંદરમાં હું જાવ છું, હું સ્વરૂપમાં સમાવ

છું. આહા..હા..! પણ લોકોને કેમ ખબર પડે? બહારની ચીજથી વાતું કરે એને શું ખબર પડે? સમજાણું કાંઈ? બહારના માપે ઈ માપ ન આવે. આહા..હા..!

'**નિશ્ચયથી તો સંસારના બીજરૂપ છે.**' ઓહો..હો..! ચરણાનુયોગનો ગ્રંથ. જ્ઞાયકભાવ સ્વતત્ત્વ એ રાગ તત્ત્વ અને અજીવ તત્ત્વથી ભિન્ન છે. બરાબર છે? રાગ આસ્રવ તત્ત્વ છે, શરીર અજીવ તત્ત્વ છે. તો અજીવ અને આસ્રવ તત્ત્વથી જ્ઞાયકભાવ તત્ત્વ ભિન્ન છે. નહિતર તત્ત્વ .. કેમ રહે? આહા..હા..! પણ એ ભિન્ન છે છતાં '**યુક્ત ઇવ પ્રતિભાતિ**' જેને અંતર દૃષ્ટિમાં રાગસહિત આત્મા છે એવું ભાસે છે એ મિથ્યાત્વભાવ ભવનું બીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તે અતીતપણાને લીધે જ (અર્થાત્ વીતી ગયો હોવાને લીધે જ) પરિગ્રહભાવને ધારતો નથી.**' આવી ગયુંને એ? હવે નીચે.

'**પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી...**' ઠીક. ૨૧૫. બે વાત તો કરીને. ત્રણે વાત કરી. એની વાત વર્તમાન વાત વિષે સ્પષ્ટ કરે છે કે '**પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને રાગબુદ્ધિએ પ્રવર્તતો જોવામાં આવતો નથી કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે;...**' રાગ એ અજ્ઞાનભાવ છે. એની બુદ્ધિ નથી. જ્ઞાનભાવ આત્મા એની બુદ્ધિ છે. આહા..હા..! ચરણાનુયોગનો ગ્રંથ છે એ પુરુષાર્થસિદ્ધિ ઉપાય. એમાં એ લીધું લ્યો. કે કોઈ દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ છે એ વિકલ્પસહિત પ્રભુ આત્મા છે. મિથ્યાત્વભાવ છે. એક તત્ત્વ બીજા તત્ત્વસહિત કેમ હોય? આહા..હા..!

'**કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે રાગબુદ્ધિ તેનો અભાવ છે; અને કેવળ વિયોગબુદ્ધિએ જ (હેયબુદ્ધિએ જ) પ્રવર્તતો તે ખરેખર પરિગ્રહ નથી.**' આહા..હા..! આત્માનું પરથી ભેદજ્ઞાન થયું છે તો ભેદજ્ઞાન થયું એ જેનાથી ભેદ થયો એ પોતાની ચીજ છે એવું જ્ઞાનીને હોતું નથી. કેમકે રાગને પોતાનો માને તો રાગ તો અજ્ઞાનભાવ છે. એ જ્ઞાનભાવ ભગવાન આત્માથી ભિન્ન ચીજ છે. આહા..હા..! આ ક્યા નવરા માણસ થાય છે આવું સાંભળવાને? અરે..! કરવાનું તો આ છે. એના ઉદ્ધારનો જન્મ-મરણથી ઉદ્ધારનો રસ્તો તો આ છે. આખી દુનિયા માન આપે, મહિમા કરે, હો-હો કરે એનાથી આત્માને શું? આહા..હા..! આ કહ્યું નહિ? તેરાપંથી સાધુનું નહોતું કહ્યું? શેઠિયાજી કહેતા હતાને. ઓલા તેરાપંથી સાધુ છેને તુલસી? હા એ. એના સાધુ થયો તો એની એવી પ્રતિજ્ઞા હતી. આઠ દ્રવ્ય ખપે. પછી એક વર્ષે સાત ખપે, બીજે વર્ષે છ દ્રવ્ય ખપે. કરતા... કરતા.. ઘણા વર્ષ થઈ ગયા તો એક દ્રવ્ય ખપે. એમ થયું. હવે શું કરવું? સંથારો કર્યો. મરણ. શું કહે છે? સંલ્લેખનમરણ. સમાધિમરણ નહિ. હા એમ આવે છે. સંલ્લેખના વ્રત લઈ લીધું. હવે તૃષા એવી લાગી... એવી લાગી... આહા..હા..! સાધુને પકડે હાથ પકડે સાધુ. એય..! મા-

બાપ! મને પાણી આપો. મારું બગડી ગયું છે. મારા પરિણામ બગડી ગયા છે. હું જીવતો રહીશ તો સુધારીશ. પોપટભાઈ! આહા..હા..! એટલે સાધુએ કહ્યું ઓલાએ આને. સાધુએ બંદોબસ્ત પાક્કો કર્યો કોઈએ આવવાનું નહિ. કોઈને આવવા ન દેવું. આ વાત બહાર ન પડવા દેવી. આહા..હા..! એ રાડુ પાડી પાડીને બિચારો મરી ગયો સાધુ. મરી ગયો અને પછી જય જય નંદા સમાધિમરણ થયું. પણ આ વાત ન બેસે. કારણ કે પ્રતિજ્ઞા તોડી નહિને એણે. આહા..હા..! એ અસમાધિમરણ. અંદર દુઃખ તો બિચારાએ બહુ વેઠ્યું. સહનશક્તિ નહિ અને આ અભ્યાસ અંતરમાં કર્યો નથી અને દ્રવ્ય ઘટાડવાની પ્રતિજ્ઞા લઈ લીધી કે ભાઈ આ વર્ષે આઠ દ્રવ્ય ખપે. દ્રવ્ય સમજ્યા? વસ્તુ. કે ભાઈ આ ચોખા, દાળ, પાણી એમ. બીજે વર્ષે સાત, ત્રીજે વર્ષે છ એમ કરતાં... કરતાં... છેલ્લા વર્ષે એક દ્રવ્ય તો એક દ્રવ્ય તો પાણી. સંથારો કર્યો. સહનશક્તિ તો છે નહિ. એને અનુભવ તો નથી. અને પછી બળતરા... બળતરા... શેઠિયા કહેતા દીપચંદજી. એ લોકો ત્યાં રહે ખરાને સરદારશહેર. ત્યાં. તેરાપંથીના ઘર ઘણા છે. પંદરસો ઘર. આહા..હા..! જાણે છે કે આ દુઃખ છે. એ હું મરી જઈશ. મારા ભાવ બગડી ગયા છે. મને અત્યારે શાંતિ જરીએ નથી હોં. આ મહાવ્રતધારી. પોપટભાઈ! વાડા બાંધીને મારી નાખ્યા. અને હમણા વખાણ આવ્યા હતા મર્યાદા બાંધેલી છે ..જીએ. મર્યાદા બહુ સંપ્રાપ્ત છે. એવી ચીજ .. પી.એચ.ડી. થયેલો ડોક્ટર. શું કહેવાય ઈ? પી.એચ.ડી. એનો સાધુ છે ઈ કહે કે આ તેરાપંથી જેવા .. અમે ક્યાંય જોયા નથી. મારી નાખ્યા. પણ માને તો એ ન માને. નહિ... નહિ... નહિ... પ્રતિજ્ઞા ભંગ કરી એણે? પણ પ્રતિજ્ઞાનો બાપ કર્યો દુઃખી થયો બિચારો. આહા..હા..!

અને ભગવતીસૂત્રમાં તો એવો પાઠ છે. કે આવું જો થઈ જાય તો છોડી દેવું. પાણી વગેરે લઈ લેવું. પછી સુધારશે. પણ અત્યારે આર્ત ધ્યાન થઈ ગયું, રૌદ્ર ધ્યાન થઈ ગયું. પણ દુનિયામાં બહારની ઓલી. આહા..હા..! લાખ ખપાય છે. અરે..! સાધુએ સંથારો કર્યો અને પાણી પીવે છે? એનું નાક કપાય જાય. હવે નાક શું આખો આત્મા કપાય ગયો છે સાંભળને. કારણ કે પ્રતિજ્ઞા લીધી હોય એ કેમ તોડાય? પણ પ્રતિજ્ઞા લીધી સમજ્યા વિનાની તારી પ્રતિજ્ઞા. પરિણામની દૃષ્ટિ તો છે નહિ. તો સહનશિલતાના પરિણામ કેવા છે એની પણ ખબર નથી. અને પ્રતિજ્ઞા લઈ લીધી સંથારા અને સાધુપણાની. માર્ગ આ નથી બાપુ! દુનિયા.. ભગવતીમાં તો એવો લેખ છે હોં. એવો પ્રસંગ હોય અને બહુ આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન થઈ જાય તો લેવું એ વખતે. .. શ્રાવક થઈ ગયું. આહા..હા..! દુનિયામાં સહન કરવું, દુનિયા પાસે રહેવું આકરી વાત છે.

અહીંયાં તો આત્મા અંદર વસ્તુ ચિદાનંદ પ્રભુ એના પ્રેમથી, જ્યાં રાગથી પૃથક્ વિરક્ત થઈ ગયો છે. આહા..હા..! વિરતી તો એનું નામ કરે છે. રાગથી વિરતી થઈ છે અને સ્વરૂપમાં

રતિ થઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વિરતી વિરક્ત અહીં લેવું હોં. વિશેષ રતિ એમ નહિ. આહા..હા..! અને જેને રાગની વિરક્તા છે નહિ અને રાગની એકતા છે. એ તો મિથ્યાદૃષ્ટિ ચાહે તો વ્રત કરો, તપ કરો, સંથારો કરો એ તો બધું એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ?

'**માટે પ્રત્યુત્પન્ન કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (પરિગ્રહરૂપ નથી.)**' આહા..હા..! '**જે અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી...**' ભવિષ્યનો. જ્ઞાનીને એની ઈચ્છા જ નથી. પોતાના શાંત, આનંદ સ્વભાવ તરફના વલણની ભાવના હોય એને આ પરદ્રવ્યની, સંયોગની ઈચ્છા કેમ હોય? આહા..હા..! દુઃખનો ક્ષય હજો, કર્મનો ક્ષય હજો એવી ભાવના ત્યાં તો છે. લ્યો, વિકલ્પ છે તો એવો છે. સમાધિ મરણ, બોહિલાભં. પછી શું આવે છે?

મુમુક્ષુ :- દુઃખ .. સુદયી ગમણં

ઉત્તર :- સુદયી ગમણં ઠીક. મારી સુગતિ ગમન હો સિદ્ધ. સુગતિનો અર્થ સિદ્ધ. અમારી પર્યાય સુગતિ હો. રાગાદિમાં જાવું સ્વર્ગમાં ને એ તો દુર્ગતિ છે. આહા..હા..! મોક્ષપાહુડમાં કહ્યુંને '**परदव्वादो दुगइ**' નેમિચંદભાઈ! રાગ છે એ પરદ્રવ્ય છે, એ તો દુર્ગતિ છે. આહા..હા..! વીતરાગ માર્ગ અને વીતરાગ સ્વભાવ એ વૃત્તિ ઉઠી શુભરાગ. તો કહે છે કે દુર્ગતિ થઈ, પરદ્રવ્યનું લક્ષ છે તો દુર્ગતિ થઈ. બે ગતિ. પોતાનું પરિણમન ન થયું. આહા..હા..! '**सदव्वा हु सुग्गइ होइ**' પોતાનો જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એ ભાવને આશ્રયે પરિણતિ થાય એ સુગતિ, શુદ્ધ પરિણતિ એ સુગતિ છે. જેમ ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાય એ જ ઉર્ધ્વગતિ છે. કહ્યું હતુંને એ? શ્રીમદ્નું ભાઈ! શ્રીમદ્માં આવે છે. ટીકામાં છે. અધ્યવસાય. કેટલામી ગાથામાં કહ્યું હતું? ક્યાં છે આમાં? ૮૬. 'તે તે ભોગ્ય વિશેષના સ્થાનક દ્રવ્ય સ્વભાવ ગહન વાત છે શિષ્ય કહી સંક્ષેપે સાંભળીએ' ઉત્કૃષ્ટ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ સુગતિ. ૮૬ ગાથામાં. 'ઉત્કૃષ્ટ અધ્યવસાય તે ઉત્કૃષ્ટ અશુભગતિ. શુભાશુભ અધ્યવસાય તે મિશ્ર ગતિ અને તે જીવ પરિણામ તે જ મુખ્યપણે તો ગતિ છે.' આહા..હા..! 'તથાપિ ઉત્કૃષ્ટ શુભ દ્રવ્યનું ઉર્ધ્વગમન, ઉત્કૃષ્ટ અશુભ દ્રવ્યનું અધોગમન શુભાશુભની .. એ દ્રવ્યનો વિશેષ અભાવ છે. એ આદિ હેતુથી તે તે ભોગ્ય સ્થાનક હોવા યોગ્ય છે.' જેવા પરિણામ છે એવું ત્યાં ભોગવવાનું નિમિત્તો પણ ત્યાં હોય છે. '.. જડ ચૈતન્યના સ્વભાવ સંયોગાદિ સૂક્ષ્મ સ્વરૂપનો તે ઘણો વિચાર.. માટે આ વાત ગહન છે તોપણ તેને સંક્ષેપમાં કહી છે.' લ્યો, કહો અહીં શુદ્ધ પરિણતિ એ જ મોક્ષ છે. શુભ અધ્યવસાય એ સુગતિ એટલે ઉર્ધ્વગતિ. અશુભ અધ્યવસાય એ અધોગતિ, મિશ્ર અધ્યવસાય મિશ્ર મનુષ્ય... અને શુદ્ધ વીતરાગ પરિણતિ એ મોક્ષ છે. આહા..હા..! એ મોક્ષ છે. ઉપર જાય તો મોક્ષ થાય છે એમ હોય છે? સિદ્ધમાં જાય તો મોક્ષ ગતિ

થાય છે એમ છે? ઉપર જાય તો. અહીં જ મોક્ષગતિ થઈ ગઈ. શુદ્ધ જીવની પરિણતિ, શુદ્ધ પરિણતિ, અવસ્થા નિર્મળ એ જ મોક્ષગતિ, સુગતિ છે. પછી તો એક સમયે જાય. આહા..હા..! આ તો વ્યવહારના સ્થાનની અપેક્ષાએ. ભાવમાં તો મુક્તિ ત્યાં પણ થઈ ગઈ. આહા..હા..! જીવના પરિણામ એ ગતિ છેને? એ ત્યાં સ્વર્ગમાં ગયો એ ગતિ? એ ગતિ. આહા..હા..! વાત એમ છેને પણ.

'**જે અનાગત ઉપભોગ તે તો ખરેખર જ્ઞાનીને વાંછિત જ નથી (અર્થાત્ જ્ઞાનીને તેની વાંછા જ નથી) કારણ કે જ્ઞાનીને અજ્ઞાનમય ભાવ જે વાંછા તેનો અભાવ છે.**' અજ્ઞાનમય ભાવ એવી જે વાંછા એનો અભાવ છે. આહા..હા..! '**માટે અનાગત કર્મોદય-ઉપભોગ જ્ઞાનીને પરિગ્રહ નથી (-પરિગ્રહરૂપ નથી).**' લ્યો, પરિગ્રહરૂપ છે જ નહિ. આહા..હા..! ત્યાં સુધી તો ટીકા થઈ હોં ઈ. ઈ ટીકાનો અર્થ છે. લાંબી ટીકા છેને. વાત એ છે કે જેણે સ્વભાવને પકડ્યો એને પરનો પરિગ્રહ છે નહિ બસ. અને પરને પકડ્યો એને સ્વભાવનો અનુભવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં રાગનો અનુભવ છે ત્યાં સ્વભાવનો અનુભવ નથી. સ્વભાવનો અનુભવ છે ત્યાં રાગનો અનુભવ નથી. આ અપેક્ષાએ હોં. પાછું લગાવે કે આ ભોગતા-ભોગતા વેદન નથી. ઈ પર્યાયની વાત છે ત્યાં તો. કર્તા-ભોક્તા પર્યાયનું ભાઈ! એમ નથી. સમય સમયનો એ તો વિવેક છે. જેટલા એક સમયનો ભોક્તા વિકારનો છે ઈ જ્ઞાની જાણે છે. છે વેદન છે, દુઃખ છે. સમજાણું? જુઓ, અહીંયાં આનંદ છે એવું એક દુઃખ છે. એક પર્યાયના બે ભાગ છે. આહા..હા..! ઓલા પંચાધ્યાયમાં તો પહેલા એ લખ્યું હતું. ઈ પાછું ફેરવી નાખ્યું. .. કેવા? મખનલાલ. સમકિતીને પણ કંપ ઉઠે એવું દુઃખ થાય છે. પણ એ ગાથામાં એવું નથી. પણ એણે મથાળુ બાંધ્યું હતું. મથાળુ બાંધ્યું. પહેલું એ વાંચ્યું હતુંને પહેલું શરૂઆતમાં. ૮૨. મથાળુ એ હતું એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. પછી પાઠમાં એ નથી. સમુચ્ચય વાત છે. એ તો કાઢ્યું હતુંને આપણે પહેલું. છતાં અહીંયાં પ્રવચનસારની મહિમા લીધીને? ગણધર પણ પોતાની પર્યાયમાં રાગનું વેદન છે એ જાણે છે. ભોક્તા છેને? અને તે .. સ્વતંત્ર. સ્વતંત્ર જાણે છે. સ્વતંત્ર પોતાની પર્યાયમાં એવું થાય છે. એમ જાણે છે. પરને કારણે જાણે છે, પરને કારણે આમ થયું એ નહિ. અહીં તો નિર્જરાની વ્યાખ્યા છે. તો સ્વભાવનો સાધક આગળ વધી ગયો. આગળ વધ્યો એને સ્વભાવ સન્મુખની ઉગ્રતા છે. એ કારણે વિકલ્પાદિ છે એની પક્કડ છે નહિ. વર્તમાનની પણ પક્કડ નથી અને ભૂતની ચાલી ગઈ છે અને ભવિષ્યની વાંછા નથી. તો ત્રણે કાળના પરિગ્રહ રહિત જ્ઞાની છે એમ કહે છે.

'**ભાવાર્થ :- અતીત કર્મોદય-ઉપભોગ તો વીતી જ ગયો છે.**' એ તો ચાલ્યો

ગયો છે એનો ક્યાં વર્તમાન છે હવે? '**અનાગત ઉપભોગની વાંછા નથી;...**' ભવિષ્યની. '**કારણ કે જે કર્મને જ્ઞાની અહિતરૂપ જાણે છે તેના આગામી ઉદયના ભોગની વાંછા તે કેમ કરે?**' આહા..હા..! '**વર્તમાન ઉપભોગ પ્રત્યે રાગ નથી; કારણ કે જેને હેય જાણે છે તેના પ્રત્યે રાગ કેમ હોય ? આ રીતે જ્ઞાનીને જે ત્રણકાળ સંબંધી કર્મોદયનો ઉપભોગ તે પરિગ્રહ નથી.**' લ્યો, ઉપભોગ છે એ પરિગ્રહ નથી. ઉપભોગ છે એ પરિગ્રહ નથી એમ પાછું. આહા..હા..! ત્રિકાળ સંબંધી કર્મોદયનો ઉપભોગ છે તે પરિગ્રહ નથી એને. ભાષા જુઓ, બતાવવું છેને? છે એને નથી એમ. પક્કડમાં નથી. આહા..હા..!

'**જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે...**' એ નિમિત્તથી સમજાવ્યું છે. એમ કે જ્ઞાની હોય એ પરણે. લ્યો, સ્ત્રી માટે અનુકૂળ કપડા લાવે, દાગીના લાવે, ખોરાક લાવે, સામગ્રી. લાડુ બનાવો એમ કહે. શ્રીખંડ બનાવો. શ્રીખંડ સમજો છો? શ્રીખંડ. દહીંને સાકરનો શ્રીખંડ બનાવો. એમ કહે પણ એની પક્કડ નથી. આહા..હા..! ભારે વાત ભાઈ! '**જ્ઞાની જે વર્તમાનમાં ઉપભોગનાં સાધનો ભેળાં કરે છે...**' એકત્રીત કરે એટલે એને વિકલ્પ એ જાતનો છે. એકત્રીત એને કારણે થાય છે. આહા..હા..! કપડા બે પહેરા ઠંડી હોય તો, ગરમી હોય તો પાતળું મલમલનું પહેરે. ઠંડીના દિવસોમાં મખમલનું પહેરે. પક્કડ નથી. આહા..હા..!

'**તે તો પીડા સહી શકાતી નથી તેનો ઈલાજ કરે છે...**' એ તો રોગનો ઉપચાર છે. રોગને રાખવાનો ભાવ છે? આહા..હા..! ભારે ખુલાસો ઠીક કર્યો છે. '**રોગી જેમ રોગનો ઈલાજ કરે તેમ. આ, નબળાઈનો દોષ છે.**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૧૬

कुतोऽनागतमुदयं ज्ञानी नाकांक्षतीति चेत् -

जो वेददि वेदिज्जदि समए समए विणस्सदे उभयं।
तं जाणगो दु णाणी उभयं पि ण कंखदि कयावि।।२१६।।
यो वेदयते वेद्यते समये समये विनश्यत्युभयम्।
तद्ज्ञायकस्तु ज्ञानी उभयमपि न कांक्षति कदापि।।२१६।।

ज्ञानी हि तावद् ध्रुवत्वात् स्वभावभावस्य टङ्कोत्कीर्णैकज्ञायकभावो नित्यो भवति, यौ तु वेद्यवेदकभावौ तौ तूत्पतप्रध्वंसित्वाद्विभावभावानां क्षणिकौ भवतः। तत्र यो भावः कांक्षमाणं वेद्यभावं वेदयते स यावद्भवति तावत्कांक्षमाणो वेद्यो भावो विनश्यति; तस्मिन् विनष्टे वेदको भावः किं वेदयते ? यदि कांक्षमाणवेद्यभावपृष्ठभाविनमन्यं भावं वेदयते, तदा तद्भवनात्पूर्वं स विनश्यति; कस्तं वेदयते ? यदि वेदकभावपृष्ठभावी भावोऽन्यस्तं वेदयते, तदा तद्भावनात्पूर्वं स विनश्यति; किं स वेदयते ? इति कांक्षमाणभाववेदनानवस्था। तां च विजानन् ज्ञानी न किञ्चिदेव कांक्षति।

હવે પૂછે છે કે અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી ? તેનો ઉત્તર કહે છે :-

રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,
- એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.

ગાથાર્થ :- [यः वेदयते] જે ભાવ વેદે છે (અર્થાત્ વેદકભાવ) અને [वेद्यते] જે ભાવ વેદાય છે (અર્થાત્ વેદ્યભાવ) [उभयम्] તે બન્ને ભાવો [समये समये] સમયે સમયે [विनश्यति] વિનાશ પામે છે-[तद्ज्ञायकः तु] એવું જાણનાર [ज्ञानी] જ્ઞાની [उभयम् अपि] તે બન્ને ભાવોને [कदापि] કદાપિ [न कांक्षति] વાંછતો નથી.

ટીકા :- જ્ઞાની તો, સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે; અને જે *વેદ્ય-વેદક (બે) ભાવો છે તેઓ, વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી, ક્ષણિક છે. ત્યાં, જે ભાવ કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે તે (વેદકભાવ) જ્યાં

સુધીમાં ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારો) વેદ્યભાવ વિનાશ પામી જાય છે; તે વિનાશ પામી જતાં, વેદકભાવ શું વેદે ? જો એમ કહેવામાં આવે કે કાંક્ષમાણ વેદ્યભાવની પછી ઉત્પન્ન થતા બીજા વેદ્યભાવને વેદે છે, તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદ્યભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદકભાવ નાશ પામી જાય છે; પછી તે બીજા વેદ્યભાવને કોણ વેદે ? જો એમ કહેવામાં આવે કે વેદકભાવની પછી ઉત્પન્ન થતો બીજો વેદકભાવ તેને વેદે છે, તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે; પછી તે બીજો વેદકભાવ શું વેદે ? આ રીતે કાંક્ષમાણ ભાવના વેદનની અનવસ્થા છે. તે અનવસ્થાને જાણતો જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી.

ભાવાર્થ :- વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે. જ્યારે વેદકભાવ હોય છે ત્યારે વેદ્યભાવ હોતો નથી અને જ્યારે વેદ્યભાવ હોય છે ત્યારે વેદકભાવ હોતો નથી. જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે; પછી વેદકભાવ કોને વેદે ? અને જ્યારે વેદ્યભાવ આવે છે ત્યારે વેદકભાવ વિણસી ગયો હોય છે; પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે ? આવી અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે, વાંછા કરતો નથી. અહીં પ્રશ્ન થાય છે કે-આત્મા તો નિત્ય છે તેથી તે બન્ને ભાવોને વેદી શકે છે; તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે ? તેનું સમાધાન :- વેદ્ય-વેદક ભાવો વિભાવભાવો છે, સ્વભાવભાવ નથી, તેથી તેઓ વિનાશિક છે; માટે વાંછા કરનારો એવો વેદ્યભાવ જ્યાં આવે ત્યાં સુધીમાં વેદકભાવ (ભોગવનારો ભાવ) નાશ પામી જાય છે, અને બીજો વેદકભાવ આવે ત્યાં સુધીમાં વૈદ્યભાવ નાશ પામી જાય છે; એ રીતે વાંછિત ભોગ તો થતો નથી. તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે ? જ્યાં મનોવાંછિત વેદાતું નથી ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે.

ચૈત્ર સુદ-૫, રવિવાર, તા. ૦૮-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૬, પ્રવચન-૩૬૨

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

જેને આત્મા શુદ્ધ ચૈતન્યઘનનો અનુભવ છે. આત્મા નિત્યાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ એનો જેને અનુભવ છે. અનુભવ છે તો પર્યાય, પણ ધ્રુવના આશ્રયે ઉત્પન્ન થયેલી પર્યાયનું વેદન

છે. એને અહીંયાં જ્ઞાની અથવા ધર્મી કહે છે. નિર્જરા અધિકાર છેને? જ્ઞાની '**અનાગત કર્મોદય-ઉપભોગને જ્ઞાની કેમ વાંછતો નથી?**' ધર્મી ભવિષ્યના ભોગની ઇચ્છા કેમ નથી કરતો? જરી ઝીણો અધિકાર છે. '**તેનો ઉત્તર કહે છે :-**' આજે નથી આવ્યા નહિ તમારે પરષોત્તમદાસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. જેઠાલાલજી નથી આવ્યા નહિ? ગયા હશે. ઈ તો આ ગાથાનો પ્રશ્ન પરષોત્તમદાસે ૯૧માં ફાગણ મહિનામાં ઉમરાળે કરેલો. એટલે કે એમ યાદ રહેવાનું કારણ કે અહીં આવ્યા છીએ ફાગણ વદ ત્રીજે. ૯૧માં. એ પહેલા ત્યાં હતા. ત્યાંથી પ્રશ્ન. ત્યાં આવ્યા હતા એમ. તિથિ યાદ છે એવું કાંઈ નથી. પણ અહીં આવ્યાને ફાગણ વદ ત્રીજે એ પહેલા ત્યાં દાસ આવ્યા હતા કે આ વેદ્યવેદક શું છે? ૨૧૬. ૩૮ વર્ષ થયા. વેદ્યવેદક છે શું? એ પ્રશ્ન થયો હતો.

તો કહે છે કે

जो वेददि वेदिज्जदि समए समए विणस्सदे उभयं।
तं जाणगो दु णाणी उभयं पि ण कंखदि कयावि।।२१६।।

નીચે.

રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,
- એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ૨૧૬.

ઈ આવ્યું હતું ૪૨ .. હશેને આમ.

ટીકા. ભવિષ્યની સામગ્રીની કે ભવિષ્યના ભવની ઇચ્છા કેમ નથી ધર્મીને? એ પ્રશ્ન છે. તો '**જ્ઞાની...**' ધર્મી તો '**સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી,...**' ધર્મી તો જ્ઞાની '**સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી,...**' લ્યો આ કહે પર્યાય નિર્ણય કરે છે તો પર્યાય લીધી નહિ. '**જ્ઞાની તો,...**' આહા..હા..! વીતરાગ માર્ગ એમાં વસ્તુસ્વભાવ માર્ગ અંદર ચૈતન્ય અલૌકિક માર્ગ છે. અહીં અમૃતચંદ્રાચાર્ય એનો ખુલાસો કરે છે કે ધર્મી તો '**સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી,...**' એને તો ત્રિકાળ સ્વભાવભાવ ધ્રુવ એ જ્ઞાની છે. જ્ઞાનીની દૃષ્ટિમાં સ્વભાવભાવ ધ્રુવ છે તો જ્ઞાની સ્વભાવભાવ ધ્રુવપણામાં છે. આહા..હા..! ભારે ઝીણું! કેવી શૈલીથી વાત કરી છે! પાઠમાં પહેલા '**वेददि**' છે. '**वेददि**' અને '**वेदिज्जदि**' એટલે કે ભવિષ્યનો ભાવ પહેલો મૂક્યો છે અને પહેલાનો ભાવ પછી મૂક્યો છે. કોઈ વસ્તુની ઇચ્છા થાય એ વેદ્યભાવ કહેવાય. વેદ્ય કહેવામાં આવે છે. અને એને ભોગવવાનો કાળ છે અને ભોગવવામાં આવે એ વેદકભાવ કહેવામાં આવે છે.

તો વેદ્યવેદકભાવ જ્ઞાની તો સ્વભાવભાવનું ધ્રુવત્વ હોવાથી. ઓહો..હો..! છન્નું હજાર સ્ત્રી હોય, ચક્રવર્તી પદ હોય, ઇન્દ્રપદ હોય પણ ધર્મીની દૃષ્ટિ અને ધર્મી તો ધ્રુવ સ્વભાવમાં

જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? તો પર્યાયમાં ધ્રુવ સ્વભાવપણું છે એનો અનુભવ થયું છે. એ ધ્રુવપણું છે એ જ જ્ઞાની છે એમ કહે છે. પર્યાય... આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! ગાથા સૂક્ષ્મ છે. પ્રેમચંદજી! આવું ન ચાલે હોં ત્યાં તમારે. મુંઝાણા કે આવું ઝીણું લીધું! ત્યાં તો એને યોગ્ય આવે વિસ્તાર પ્રમાણે. આહા..હા..! અહીંયાં તો ભગવાન અમૃતચંદ્રાચાર્ય એનો ખુલાસો કરે છે કે અનાગતની કર્મોદયના ઉપભોગની વાંછા કેમ નથી? વાંછા કેમ નથી એનું કારણ એ છે કે ધર્મીને સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી. આહા..હા..!

'**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...**' ધર્મી તો નિત્ય છે એમ કહે છે. લ્યો, બીજે ક્યાંક કહે. ઈ પર્યાયે એવો નિર્ણય કર્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! અનંતકાળમાં જન્મ-મરણનો અંત લાવવાની વાત છે આ તો ભાઈ! ઓહો..હો..! ચોર્યાસીના અવતાર. એક-એક અવતારમાં ઘાણીએ પીલાય. ઘાણી સમજો છો? તેલનું એ. એમ અનાદિકાળથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષના કષાયમાં પીડાય છે. એ પર્યાયબુદ્ધિ છે. પોતાના ત્રિકાળ સ્વભાવની દૃષ્ટિ નથી. વર્તમાન પ્રગટ વ્યક્ત અંશ છે પર્યાય એની ત્રિકાળ. એની દૃષ્ટિ છેને ત્યાં? એ કારણે વર્તમાનમાં ઈચ્છા કરે છે કે આ સામગ્રી હોય તો ઠીક. પણ એ સામગ્રી તો એ વખતે ન હોય. જ્યારે સામગ્રી ભોગવવાનો કાળ હોય ત્યારે આવે. સામગ્રી એકકોર રાખો. સામગ્રી લીધી છે ભાઈ અહીંયાં કળશટીકાકારે. સામગ્રી લીધી. પણ સામગ્રીનો અર્થ ઈચ્છા. આ હોય એવી ઈચ્છા. ઈચ્છાના કાળે જે ઈચ્છે છે એ ચીજ તો છે નહિ. અને જ્યારે ઈચ્છે એ સામગ્રી આવી તો પૂર્વની ઈચ્છાનો કાળ નથી. આ છોકરા સારા હોય અને .. પાકે અને પછી આપણે નિવૃત્તિ લઈએ એવું જ્ઞાનીને ન હોય એમ કહે છે.

મુમુક્ષુ :- આવે છે મજા.

ઉત્તર :- શું મજા? પણ એ કારણે નહિ એમ કહે છે. અંતર ધર્મી તો જ્ઞાની ધ્રુવ સ્વભાવ, ધ્રુવ ભાવ સ્વભાવ એમ લીધું. ધ્રુવ સ્વભાવભાવનું ધ્રુવપણું. સ્વભાવભાવનું ધ્રુવત્વ એ જ્ઞાની છે. ધર્મીને તો દ્રવ્યસ્વભાવભાવ એ જ હું છું એવું નિરંતર વર્તે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આવું ઝીણું બહુ ઝીણું. તો વળી પર્યાય ક્યાં ગઈ? પર્યાયે તો નિર્ણય કર્યો તો પર્યાય આવી ગઈ એમાં. સમજાણું કાંઈ? પર્યાયબુદ્ધિ અને દ્રવ્યબુદ્ધિમાં પૂર્વ-પશ્ચિમ જેટલું અંતર છે. એનું અંશપણું છે પર્યાયમાં. એમાં જેની રુચિ છે એ તો અનિત્ય જ છે એમ માન્યું છે એણે. હું અનિત્ય છું. મિથ્યાદૃષ્ટિ એ અનિત્યને જ માને છે. ખરેખર તો એ બૌદ્ધમત છે. કહો, ભગવાનભાઈ! બૌદ્ધમત. એક સમયની અવસ્થા છે તો એટલામાં રુચિ રાખીને રહેવું, અનિત્યમાં રહેવું એ તો બૌદ્ધમત છે. વીતરાગ સર્વજ્ઞે કહ્યો એવો આત્મમાર્ગ નથી. સમજાણું કાંઈ?

તો કહે છે કે ધર્મી તો, આહા..હા..! '**સ્વભાવભાવ...**' સ્વભાવભાવ જે ત્રિકાળ એનું

ધ્રુવપણું. સ્વભાવભાવનું ધ્રુવપણું .. લેશે. હોવાથી. '**ધ્રુવપણું હોવાથી,...**' ધર્મીનો સ્વભાવભાવ તો ધ્રુવપણું હોવાથી. અજ્ઞાનીનો ભાવ અધ્રુવપણું હોવાથી. આહા..હા..! .. બહુ વાત. '**સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી,...**' એનો સ્વભાવભાવ તો ધ્રુવ છે. એ '**ટંકોત્કીર્ણ...**' જેવું છે એવું એકરૂપ, જ્ઞાયકભાવ સ્વરૂપ, '**જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...**' આહા..હા..! છોટુભાઈ આવી વાતું બહુ ઝીણી પણ હોં. એવું જ્ઞાન ન હોય તો શું કાંઈ ધર્મ ન થાય? આવા જ્ઞાન કે દિ' હતા? તો તો પછી બધું જ્ઞાન કેવળજ્ઞાન થાય ત્યારે જ ધર્મ થાય. એવો પ્રશ્ન છે. આ તો વસ્તુસ્થિતિ એક સમયમાં સ્વભાવભાનું ધ્રુવત્વ એ એક જ્ઞાયકભાવપણું તે હું છું નિત્ય. આહા..હા..! એવી નિત્યની ધ્રુવપણાની દૃષ્ટિ હોવાથી

'**અને જે વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' એ તો અનિત્યના સ્થાને. આહા..હા..! આ ટીકા તો અમૃતની ધારા છે. ભગવાન જેને નિત્યાનંદ ધ્રુવ, પોતાનો ધ્રુવસ્વભાવભાવ એક જ્ઞાયકભાવરૂપ છે. એ જ્ઞાની. સમજાણું કાંઈ? એનું નામ ધર્મી. એનું નામ સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! તો સમ્યગ્દૃષ્ટિ તો સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી એક જેવો છે એવો જ્ઞાયકભાવપણાથી નિત્ય છે. આહા..હા..! દૃષ્ટિમાં નિત્યપણું જ વર્તે છે. સમજાણું કાંઈ? ઈ એ કાળનું નિત્ય એટલું લીધું. '**સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ નિત્ય છે;...**' બસ આ બાજુ. હવે બીજું પડખું. આ એની મેળાએ કાંઈ પકડાય એવું નથી. ભગવાનજીભાઈ! ઝીણું પડે છે.

'**વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' જુઓ, ઓલો એક જ્ઞાયકભાવ નિત્ય. ધર્મીને તો એક સ્વભાવભાવના ધ્રુવપણાને કારણે, ધર્મીનો સ્વભાવભાવ એ ધ્રુવ છે. આહા..હા..! એ '**સ્વભાવભાવનું ધ્રુવપણું હોવાથી, ટંકોત્કીર્ણ...**' એટલે એવું. જેવું છે એવું. જ્ઞાયક એકભાવથી નિત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને જે વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' વેદ્યનો અર્થ વર્તમાનમાં આ ચીજ હોય તો હું વેદું એવો ભાવ પહેલા. કાંક્ષમાણ ... અંદરમાં. સમજાણું કાંઈ? કાંક્ષમાણ વેદ્યભાવ પછી કાંક્ષમાણ છેને? ઈચ્છા. આ હોય તો ઠીક, દીકરો હોય તો ઠીક, સ્ત્રી હોય તો ઠીક, મકાન હોય તો ઠીક, એવી ચીજ હોય તો ઠીક. શરીરમાં પણ નિરોગતા હોય તો ઠીક. સમજાણું કાંઈ? એવી ઈચ્છા એને અહીંયાં વેદ્યભાવ કહેવામાં આવે છે અને જ્યારે ઈચ્છા હતી એ સામગ્રીનો સંયોગ થયો અને સંયોગને કાળે એને ભોગવવાનો ભાવ રાગનો એ વેદક.

એ '**વેદ્ય-વેદક (બે) ભાવો છે...**' એ તો બે ભાવ થઈ ગયા. એક જ્ઞાયકભાવ નિત્ય, આ બે ભાવ થયા. સમજાણું કાંઈ? ઠીક ગાથા આવી છે આ. એય..! .. આહા..હા..! એ ગાથા છે કાળ અનાદિ, જીવ અનાદિ. આહા..હા..! પરિભ્રમણ અનાદિ. અને તેને જિનવર સ્વામીને મળ્યા. પરમાત્મપ્રકાશમાં છે. જિનવરસ્વામી પણ તને મળ્યા નહિ અને .. મળ્યું

નહિ.

મુમુક્ષુ :- એ તો પ્રશ્ન કર્યો હતો.

ઉત્તર :- એ તો પ્રશ્ન કર્યો હતો. જિનવરસ્વામી કેમ ન મળ્યા? જિનવર તો અનંતવાર ભવે ભવે પૂજિયો. ભવે ભવે પુજ્યો. સમવસરણમાં અનંતવાર ગયો. અનંતકાળના પ્રવાહમાં ભગવાન પાસે પણ અનંતવાર ગયો. સમજાણું કાંઈ? એ ગયા છતાં ભાવભક્તિ નથી.

મુમુક્ષુ :- ખોટા ભાવ બધા.

ઉત્તર :- ખોટી ભક્તિ. દ્રવ્યભક્તિ ખોટી ભક્તિ એ રાગની ભક્તિ. વીતરાગ સ્વરૂપ ભગવાન આત્મા એવા જ વીતરાગ ભગવાન છે એવું વીતરાગભાવનું ભાન કરીને પોતાની નિજભક્તિ કરી નથી તો વીતરાગની પણ સાચી ભક્તિ કરી નથી. બહારથી નમો અરિહંતાણં, નમો ભગવાન બહાર ગાય ઓહો..! એવા ભગવાન, એવા ભગવાન. મોક્ષમાર્ગ નેતારં. આવે છેને. ભેતારં... જ્ઞાતારં સ તત્ત્વના.. વંદે તદ્‌ગુણ. તારા ગુણને માટે વંદુ લાભ માટે ઠીકને. શું થાય? કથનની શૈલી. મારા ગુણ જે અનંતગુણ છે. એના લાભને માટે હું તો આત્મા તરફનો આદર કરું છું, વંદન કરું છું. આહા..હા..! ભારે બાપુ ધર્મ! આહા..હા..! ચારિત્રદોષ હોય એ બીજી ચીજ છે, પણ આ ચીજ જે મૂળ છે એ જ્યાં ધ્રુવત્વસ્વભાવનું એક જ્ઞાયકભાવપણું નિત્ય એવા દૃષ્ટિવંતને તો જ્ઞાયકપણું એક જ છે. આહા..હા..! કેમકે એવો હું છું એવો જે નિર્ણય થયો એ તો પર્યાયમાં છે. પર્યાય પણ સાથે આવી ગઈ.

મુમુક્ષુ :- અનુભૂતિની પર્યાય આવી ગઈ.

ઉત્તર :- આવી ગઈ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વેદ્ય-વેદક (બે) ભાવો છે તેઓ, વિભાવભાવોનું...**' એ વિભાવભાવ છે. કેમકે વેદ્ય જે વર્તમાન પર્યાયમાં ઈચ્છા થઈ. એ ચીજ હોય તો હું ભોગવું. તો એ ઈચ્છા જ્યારે થઈ ત્યારે એ વેદ્યભાવ છે, ત્યારે ભોગવવાનો ભાવ નથી અને જ્યારે ભોગવવાનો ભાવ થયો ત્યારે ઈચ્છા વેદ્યભાવ ચાલ્યો ગયો. સમજાણું કાંઈ? '**વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી, ક્ષણિક છે.**' એ ધ્રુવત્વ સ્વભાવ હોવાથી જ્ઞાનીનું જ્ઞાયક એકરૂપ નિત્ય છે. જ્યારે આ અજ્ઞાનીનો વેદ્યવેદકભાવ છે પર્યાયમાં ... એ તો વિભાવભાવ છે. ઈચ્છા થઈ આવું હોય તો ઠીક એ ઈચ્છાનો કાળ તો ચાલ્યો ગયો અને જ્યારે એ સામગ્રી આદિ મળી એ સમયે રાગનું વેદન થવું. ભાવ તો વિભાવભાવ બેય વિભાવભાવ. સામગ્રી તો લક્ષ થયું એટલી વાત. સમજાણું કાંઈ? છેને '**વેદ્યવેદકવિભાવચલત્વાદ્**' કળશમાં ઈ છે અને પાઠમાં પણ ઈ છે. કેમકે વેદ્યવેદક '**વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી,...**' એમ કહ્યું. સામગ્રી મળી એ વાતનો અહીં પ્રશ્ન નથી. એ તો સમજવા માટે. ઈચ્છા થઈ કે આવું શરીર નિરોગ હોય. જ્યારે નિરોગ થયું ત્યારે ...

કરી. સમજાણું કાંઈ? ... કરું. એવી ઇચ્છા થઈ, ઇચ્છા વખતે પૈસા એટલા નથી. જ્યારે પૈસા એટલા થયા તો એ ઇચ્છાનો કાળ તો ચાલ્યો ગયો. સમજાણું કાંઈ?

આ ધર્મીને નિર્જરા કેમ થાય છે અને અજ્ઞાનીને કેમ બંધ થાય? એ વાત ચાલે છે. આહા..હા..! સમજાય એવું છે હોં. ભાષા તો સાદી છે, ભલે ભાવ ઉંચા હોય. ભાવ ભલે ઉંચા હોય. ભાષામાં એ ન સમજાય એવી ચીજ નથી. ભગવાન આત્મા અનાગતભોગની વાંછા ધર્મીને કેમ નથી? કારણ કે એ તો નિત્ય જ્ઞાયકભાવ સ્વભાવપણે છે ધર્મી. તો એને ઉત્પદ્ધ્વંસિ એવો વિભાવભાવ એ તો એની દૃષ્ટિમાં છે નહિ. સમજાણું કાંઈ? અને જે વિભાવભાવ છે તો પહેલા ભાવ થાય છે, પછી વેદન થાય છે અનુભવ. વિશેષ ખુલાસો કરશે.

'**વિભાવભાવોનું ઉત્પન્ન થવાપણું અને વિનાશ થવાપણું હોવાથી,...**' ઇચ્છા થઈ એ ઉત્પન્ન થયું, પણ જ્યારે એ સામગ્રી લક્ષમાં હતી એ આવી ત્યારે ભોગવવાનો કાળ ઉત્પન્નનું વિનાશ થઈ ગયું. ઇચ્છા પહેલા હતી એ તો નાશ થઈ ગઈ. વળી બીજી જાતની ઇચ્છા થાય. સમજાણું કાંઈ? '**ક્ષણિક છે.**' '**વિનાશ થવાપણું હોવાથી, ક્ષણિક છે.**' લ્યો, '**वेद्यवेदकभावौ तौ तूत्पतप्रध्वंसित्वाद्विभावभावानां क्षणिकौ भवतः।** ' સંસ્કૃત છે. '**ત્યાં, જે ભાવ કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે...**' ઇચ્છા થઈ કે આ હોય એવા વેદ્યભાવનું જ્યારે વેદન કરે છે '**અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે...**' જે ઇચ્છા છે એ આ ચીજ ઠીક, એ પછી જ્યારે અનુભવમાં આવી બીજે ક્ષણે. તો બીજી ચીજ અનુભવમાં આવી તો '**વેદ્યભાવને અનુભવનાર છે તે (વેદકભાવ) જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય...**' જ્યાં સુધી અનુભવનો કાળ નહોતો આવ્યો ત્યાં સુધી વેદકભાવ રહ્યો. જ્યારે અનુભવનો કાળ આવ્યો તો વેદકભાવ રહ્યો નહિ. સમજાણું કાંઈ? આવું ઝીણું સમયસાર! ભગવાનની વાણી આ તો છે. સંતોની વાણી, દિગંબર સંતોની વાણી સાક્ષાત્ સર્વજ્ઞની વાણી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માની સાથે મેળવો એમ કહે છે. તો એમાં છે એ આવશે.

'**ભાવ કાંક્ષમાણ...**' ભાવ ઇચ્છા થઈ કે આ પદાર્થ હોય. '**જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારો) વેદ્યભાવ વિનાશ પામી જાય છે;...**' એ વેદકભાવ જ્યારે અનુભવમાં આવ્યો ત્યારે તો એ વેદ્યભાવ જે ઇચ્છા હતી એ ભાવ તો ચાલ્યો ગયો. સમજાણું કાંઈ? ઓહો..હો..! પર્યાયબુદ્ધિવાળાને તો વર્તમાન ઇચ્છા થાય છે અને પછી મળે ત્યારે ઇચ્છા નથી તો એ ન મળી તોપણ માને કે અમને જે ઇચ્છા હતી એ પદાર્થનો અમે અનુભવ કરીએ છીએ. સમજાણું કાંઈ? પણ એ ઇચ્છાનો કાળ હતો જે ચીજને માટે એ ચીજ આવી ત્યારે તો ઇચ્છાનો કાળ ચાલ્યો ગયો. છોટાભાઈ! આહા..હા..! આવી ચીજ છે.

વર્તમાનમાં જેની ઈચ્છા કરે છે તો ત્યાં આત્માની હિંસા થઈ. અને જ્યારે ઈચ્છાએ જેની ભાવના કરી એ જ્યારે પદાર્થ મળ્યો એ વખતે ભોગવવાના કાળનો વેદવાનો કાળ વિનાશ પામ્યો, ભોગવવાનો-વેદકનો કાળ ઉત્પન્ન થયો. સમજાણું કાંઈ? ..ભાઈ! આવું ઝીણું હોં. નેમિચંદ તો ઘણા વખતે આવ્યા. હમણા બે-ત્રણ વખતથી આવ્યા નહોતા. પણ અહીં આવ્યા પછી એમ થઈ ગયું કે અહીં આવવું જોઈએ. એય..! એમ કોક કહેતું હતું. વસ્તુ તો આવી છે. સમજવા માટે થોડો સમય જોઈએ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જેની પર્યાયબુદ્ધિ ગઈ એ તો કહે હું તો નિત્ય છું. આહા..હા..! જાણે છે પર્યાય. એ પર્યાય .. છેને. મારો સ્વભાવભાવ ધ્રુવત્વ છે. આહા..હા..! કહો, અતુલભાઈ! તમારા ભત્રીજાને.. ઝીણું છે આવું બધું. લ્યો, પોપટભાઈ સવળું લે છે.

વસ્તુ છેને વસ્તુ. વસ્તુ છે એ સ્વભાવભાવનું ધ્રુવ છે અને ધર્મીની દૃષ્ટિમાં તો ધ્રુવભાવ જ નિરંતર વર્તે છે. આહા..હા..! ટંકોત્કીર્ણ એક-એક જ્ઞાયકભાવ અનિત્ય છે. આહા..હા..! જુઓને શૈલી તો જુઓ, એને ધર્મી કહીએ. જેની દૃષ્ટિમાં નિરંતર સ્વભાવભાવ ધ્રુવપણું વર્તે છે. કહો, કાંતિભાઈ! બરાબર હશે આ? આહા..હા..! એને કાંક્ષા થઈ એવી ઈચ્છા અને કાંક્ષાનો કાળ વીતી ગયો, પછી ભોગવવાનો કાળ આવ્યો તો .. ઉત્પન્ન, નાશ થયો. ભોગવવાનો કાળ ઉત્પન્ન થયો. મેળ થયો નહિ કાંઈ. ઉત્પન્ન ભાવનો જે ભાવ હતો કે આમ ભોગવું. તો ભવિષ્યકાળમાં એ કાળ રહેતો નથી. આ કારણે જ્ઞાની અનાગતની ઈચ્છા કરતા નથી. સમજાણું કાંઈ? આટલા દીકરા, દીકરીના લગન-બગન થઈ જાય બધાના. કોઈ માથે બોજો ન રહે. ૨૫-૨૫ વર્ષની દીકરીયું મોટી થાય. દીકરી સમજ્યાને લડકી? ૨૫-૨૫ વર્ષની યોદ્ધા જેવી. હવે એને અગ્નિ જેવી રાખવી શી રીતે ઘરમાં? એટલે એમ થઈ જાય કે છોડીયું પાછી .. થયું. .. આપણે .. સવારે નહિ મોડા થઈ ગયા સાડા આઠે. વકીલ કોણ હતું ત્યાનો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ. એ કોઈએ વાત કરી કોકે. આપણે ગયા નહોતાને? મોડું થયું મોટરમાં. એ પોતે નીચે આવ્યો બિચારો. કોણ? ધ્રુવ. એ ક્યાંના ઈ .. છે? આહા..હા..! એ ઓલા રાજપરામાં. રાજપરામાં. મોટો માણસ છે હોં. આખા ઓલામાં મોટો વકીલ. .. પણ બિચારો અમારી પાસે તો.. મહારાજ! અમારે ત્યાં પગલા કરો, નાથ! પછી ત્યાં .. તે દિ' સાડા આઠ થયાને. .. સાડા આઠ પહેલા હું પાંચ-દસ મિનિટ વહેરા જાવ. પણ ત્યાં સાડા આઠ અને બે મિનિટ થઈ ગઈ. કારણ કે .. કરવાનું બહુ દૂર. માણસ મોટો એટલે એને ચાર છોડીયું. એમ કહેતો હતો. છોકરો એક નાનો દસ-બાર વર્ષનો. છોડીયું જુવાન બધી થઈ ગઈ હતી. છોકરો હવે એને ચિંતા બધી નાખવી ક્યા? આબરૂ મોટી. .. શું એ કાંઈ ...

વ્યાખ્યાનમાં આવ્યો પછી તરત. બેઠો હશે ઘણા વખત થયા. મહારાજ! ચાર-ચાર છોડીયુંમાં એક છોકરા દસ-બાર વર્ષનો. એમ કે ભાઈ ઠીક આને ચિંતા વળગી લાગે છે. એવી દશા. એય..! આત્મારામ! સમજાણું કે નહિ? બધું એવું જ છેને ઘરે-ઘરે. એવું જ છે. આહા..હા..! એટલે આ થાય પછી આમ થાય. એમ જ્યાં થાય ત્યાં શરીરમાં રોગ આવે. ક્ષય થાય. હવે કરવું શું? બાપુ! બહારની સામગ્રીનો મેળ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જાદવજીભાઈ! આટલું થાય. છોકરા છે એ ઠેકાણે પડે, આપણા ઘરના નાક પ્રમાણે. ઘર .. એ પ્રમાણે કાંઈક લગન હોય તો ઠીક રહે. ઘર ઉંચું અને ગરીબની દીકરી કોક આવે. અરે..! આ તો કાંઈ.. અને દીકરી ઉંચી હોય સાધારણ દે. આને આવડ્યું નથી કહે છે. ભગવાનજીભાઈ! આ સંસાર ચાલે છેને?

મુમુક્ષુ :- .. ખોટી છે.

ઉત્તર :- ખોટી છે. આહા..! કહે છે, બાપુ! એ સંસારના ઠેકાણા નહિ પડે. તારા ધ્રુવ ઉપર નજર કર તો ધ્રુવમાંથી પર્યાય શાંતિ મળશે તને. સમજાણું કાંઈ? આ બધા ખદબદાટમાંથી નીકળી જા એમ કહે છે. આહા..હા..! ..ભાઈ! આહા..હા..!

કહે છે '**વેદ્યભાવને વેદે છે અર્થાત્ વેદ્યભાવને અનુભવનાર છે...**' જે ઈચ્છા હતી એ ચીજ એનો અનુભવ બીજે ક્ષણે થયો. અમુક કાળ. '**ત્યાં સુધીમાં કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારો) વેદ્યભાવ વિનાશ પામી જાય છે;...**' પહેલી જે ઈચ્છા હતી એ કાળ તો ચાલ્યો ગયો. હવે બીજી ઈચ્છા થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત કહે. '**(વેદકભાવ) જ્યાં સુધીમાં ઉત્પન્ન થાય ત્યાં સુધીમાં કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારો) વેદ્યભાવ વિનાશ પામી જાય છે; તે વિનાશ પામી જતાં, વેદકભાવ શું વેદે?**' અનુભવ કરનાર વેદ્યભાવે જે ઈચ્છા કરી હતી એ તો કાળ ચાલ્યો ગયો, તો કોનો અનુભવ કરે? એનો તો અનુભવ નથી થતો. સમજાણું કાંઈ? આહા..હા..! દરેક ક્ષણે જે ભિન્ન-ભિન્ન ઈચ્છા થાય છે અને એ ઈચ્છા જેની કરે છે એનો અનુભવનો કાળ આવે છે તો ઈચ્છાનો કાળ ચાલ્યો ગયો. સમજાણું કાંઈ?

'**વેદકભાવ શું વેદે ? જો એમ કહેવામાં આવે કે કાંક્ષમાણ વેદ્યભાવની પછી ઉત્પન્ન થતા બીજા વેદ્યભાવને વેદે છે,...**' એમ છેને? '**તે બીજો વેદ્યભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદકભાવ નાશ પામી જાય છે; પછી તે બીજા વેદ્યભાવને કોણ વેદે?**' લ્યો, કાંક્ષમાણ વેદ્યમાન ઉત્પન્ન થનાર અન્ય વેદ્યભાવનું વેદન કરે. એટલે બીજી ઈચ્છા થઈ એનું વેદન કરે. બીજી ઈચ્છા થઈ ત્યારે વેદનનો ભાવ નથી. સમજાણું કાંઈ? બીજી ઈચ્છા થઈ ભાઈ રોટલી બનાવો આજે પુરણપોળી. પુરણપોળી સમજો છો? પુરણપોળી મીઠી રોટલી. તુવેરની દાળની. જ્યાં તૈયાર થઈ ત્યાં ઈચ્છા બદલી ગઈ કે અમને તો કફ

છે. મીઠી રોટલી નહિ ખવાય. બનાવો ખાખરા. ખાખરા સમજો છો? શું કહે છે? ખાખરા આમ બાજરાના હોય છેને. ઘઉં-બાજરના નહિ? કોરા-કોરા પાતળા.

મુમુક્ષુ :- સુકી-સુકી.

ઉત્તર :- સુકી રોટલી. એ ઠીક છે. બાજરની એવી. ઘઉંની સુકી રોટલી પાતળી હોય છેને એ બનાવો. જ્યાં એ થઈ ત્યાં વિચાર થયો કે આ તો માણસ આવ્યા આપણા સગાવ્હાલા આજ તો ચુરમુ બનાવ્યું છે. હવે આ ચુરમુ ખાઉં તો.. જોડેવાળો માણસ ખાખરો ખાય.

મુમુક્ષુ :- મેળ નથી.

ઉત્તર :- મેળ નથી. એક ફેરી અમારે બની ગયું હતું એવું. અમારે આ ખુશાલભાઈના સાળા છેને. તો એને ઘરેથી ગુજરી ગયેલા. એમાં હું અને બે જઈ ચડ્યા ઉગામેડી. ઉગામેડી છેને ઉગામેડી ત્યા. ગઢડા પાસે. ત્યાં શેઠ હતા એક. ગુજરી ગયા ઈ તો. દેરાવાસી હતા. ઈ એમના સંબંધમાં ધંધામાં. અને આમ ગામમાં અગ્રેસર એટલે મને બેય જમવાનું ત્યાં. હવે પહેલી આવી લાપસી મારા ઓલામાં. ..હવે આ છોકરો ભાઈ લાપસી લેશે નહિ. કારણ કે એના .. ગુજરી ગયા. ૬૯ની સાલની વાત છે. સંવત ૬૯. ૭૦ પહેલા. ૭૦ વર્ષ થયા. હું તો શરમાઈ ગયો અંદર પણ કરવું શું? ઓલાએ તો બિચારે ખાનગી.. દીક્ષા લેવાવાળા છે. દીક્ષા લેનાર અને આપણે તો એમને જમણ... હવે એને થાળીમાં લાપસી પહેલી પડી. પછી ખ્યાલ આવ્યો કે.. ગોકુળભાઈ બેઠા હતા. .. લાપસી .. દેજો એને. શું કરવું? પછી શું કરે? એય..! ખાધું. એણે ખાધી રોટલી. ઉગામેડી નહિ કોક? કેશવલાલ. કેશવલાલ શેઠ. એની સાથે સંબંધ હતો બોઘાભાઈને. એવું થઈ ગયું ઈ વખતે હોં. પહેલું મને પીરસું. .. ખબર છે ઓલા ત્યાં હતા. .. આપણા દીક્ષીત થવાના છે માટે એને તો લાપસી.. સમજી ગયા જાઓ. એય..! આહા..હા..! અહીં કહે છે ઈ કેશવલાલ શેઠ. બહુ આબરૂવાળા માણસ છે. એટલે .. ગયા. બોટાદમાં. પણ આબરૂ મોટી. ઘરમાં મંદિર. અરે..! કોની ઈચ્છા અને ક્યાં ભાવ? આહા..હા..!

કહે છે કે '**કાંક્ષમાણ (અર્થાત્ વાંછા કરનારા) એવા વેદ્યભાવને વેદે છે...**' ભાઈ એ વેદ્યભાવ ભલે ગયો, વેદ્યવેદક આવ્યો એ ગયો તો બીજા વેદ્યભાવનું વેદન. પણ બીજું વેદ્યભાવ છે ત્યાં એ વેદકભાવ છે નહિ. સમજાણું કાંઈ? બીજા પ્રકારની ઈચ્છા થઈ તો એ વખતે એનું વેદન નથી. અને જ્યારે એનું વેદન થાય છે ત્યારે વેદકભાવ રહેતો નથી. '**પછી તે બીજા વેદ્યભાવને કોણ વેદે?**' બીજું વેદ્ય આવ્યું ઈચ્છા અને વેદકભાવ આવ્યો જ્યારે ત્યારે તો બીજો વેદ્યભાવ રહ્યો નહિ. ભિન્ન કાળ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો સમ્યગ્દૃષ્ટિને આખી દૃષ્ટિ ફરી ગઈ એમ કહે છે. એને કારણે અનાગત અને વર્તમાન ઈચ્છાનો મેળ નથી માટે ઈ જ્ઞાનીને ઈચ્છા નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ધર્મીને ઇચ્છા જ થતી નથી. 'ક્યા ઇચ્છત ખોવત સબ હૈ ઇચ્છા દુઃખ મૂળ.' આહા..હા..!

એકવાર કહ્યું હતુંને. સ્ત્રી પત્ની હોય અને પોતાની ૪૦ વર્ષની ઉંમર હોય અને પત્નીની મરવાની તૈયારી હોય એને એમ લાગે કે આહા..હા..! કોઈ રીતે જીવે. એવી ઇચ્છા. પછી જીવી નહિ તો ઇચ્છા અંદર .. દીક્ષા લઈ લેવી. વળી ઇચ્છા બદલી ગઈ. જીવે એના કરતા પાંચ વર્ષ પહેલા મરી ગઈ .. એ બની ગઈ. તું કહેતો હતોને આ મારી અર્ધાંગના છે.

મુમુક્ષુ :- એ તો તે દિ' કહેતો હતોને.

ઉત્તર :- તે દિ' કહેતો હતો પાછો. ભગવાનજીભાઈ! ૪૦ વર્ષની ઉંમર હોય. બૈરા ૩૫ વર્ષની ઉંમર હોય. બે-ચાર વર્ષનો ફેર તો હોયને. છ મહિનાનો ફેર. કોઈ છ મહિના મોટી હોય લ્યોને અમારે જીવરાજજીને. હા જીવરાજજીના બૈરા છ મહિના મોટા છે. જીવે છે હજી. સામાની ઉંમરથી છ મહિના મોટા છે. હજી બેય જણા જીવે છે. ઘણા વર્ષની ઉંમર છે નહિ. ૭૨માં દીક્ષા. ૭૨. ૫૭ વર્ષ થયા. ૫૭. ૫૦ અને ૭. ભગવાનજીભાઈ! છેને બહેન? રતનના બા. આહા..હા..! હવે એનો મેળ શી રીતે કરવો કહે છે. એટલે ધર્મીને એવી ઇચ્છા હોતી જ નથી. બસ જાઓ. અસ્થિરતાની હોય એ દૃષ્ટિના ભાવમાં આહા..હા..! જેના વિષયમાં ઇચ્છા જ નથી. જેના વિષયમાં ધ્રુવભાવ પડ્યો છે એમ કહે છે. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિમાં ધ્રુવભાવ પડ્યો છે એને વિષયની ઇચ્છા કેમ થાય? અને જેના વિષયમાં ઇચ્છા છે એની દૃષ્ટિ મિથ્યાત્વ છે. ધ્રુવભાવ છે જ નહિ. એમ કહે છે. કહો, ..ભાઈ! આવું ઝીણું હશે બરાબર? આ ઓલું તો દયા પાળો અને ભક્તિ કરો. હવે ભાઈ! મૂકને પડતું. વાત તો સમજતો નથી કે શું છે. આહા..હા..!

અજ્ઞાનીની દૃષ્ટિ પર્યાય ઉપર છે. એથી એને ઇચ્છા થાય છે અને ઇચ્છાની સામગ્રી એ વખતે નહિ. આવે ત્યારે હું ભોગવું છું મારી ભાવના પ્રમાણે એમ એનો મેળ કરે છે. મારી ઇચ્છા કરી એ સામગ્રી આવી અને હવે હું એને ભોગવું છું એમ અજ્ઞાની માને છે. સામગ્રીને નહિ પણ ઓલા રાગને. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મીનો વિષય ઇચ્છા જ નથી એમ કહે છે. એનો એ વિષય નથી. અજ્ઞાનીનો વિષય ધ્રુવ નથી. આહા..હા..! '**વેદ્યભાવની પછી ઉત્પન્ન થતા બીજા વેદ્યભાવને વેદે છે, તો (ત્યાં એમ છે કે) તે બીજો વેદ્યભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદકભાવ નાશ પામી જાય છે;...**' પાછો ત્રીજો વેદ્યભાવ થયો તો એ વેદ્યભાવ ગયો ત્યાં વેદનભાવ થયો ત્યાં વેદ્યભાવ ગયો. ત્રીજો વેદ્યભાવ હતો એ પણ ગયો. કોને વેદે? આહા..હા..! સમજાણું કાંઈ?

એક માણસ કહેતો હતો. નાનો ભાઈ હતો. તો રોગ બહુ થયો. ચાકરી કરતો હતો એનો મોટો ભાઈ. ચાકરી કરતા-કરતા એવો વિચાર થયો કે એને ઝેર દઈ દઉં. ઝેર લાવ્યો. દીધું. બીજે દિવસે .. ઈ પોતે વાત કરતો હતો બિચારો. એ તો ગુજરી ગયો બિચારો ઓલો.

છોટાલાલ. લીમડીનો સાધુ નહોતો છોટાલાલજી. અમારી ભેગો રહ્યો હતોને થોડો. બધી વાત કરતો મારો અંદર. આ આત્મા. ક્લીષ આત્મા હોં. એના પરિણામ ઘણા. સાધુ થયો હતો. .. લૂગડા પહેરીને એમ કે છોટાલાલ. આ તપસીના શિષ્ય. ઈ કહેતા હતા મારા નાનાભાઈને .. થયો તો રૂપિયાનું ઝેર લઈ આવ્યો. પછી .. દિવસે પાંચ રૂપિયાનું ઝેર. જુઓ, ક્યાં મેળ? એનું મરણ કોકને ઓટલે. ઓટલો સમજો છો? બહાર. મકાનની બહારનો ખાલી ભાગ હોય છેને? સાધુ હતા પહેલા સ્થાનકવાસી. પૂછયું હતુંને પરિણામ ઘણા ખરાબ. બહુ ખરાબ. એક વાર તો બહુ ઝીણી વાત કરી. મેં કહ્યું અરર...! આ તો .. કીધું કોણ છો આ તે? એવી વાત તો જિંદગીમાં સાંભળી પણ ન હોય. એવી વાત કરી. અરર..! આ શું તું કહે છો કીધું આ! ... આહા..હા..! માતા મરી ગઈ. એને ઇચ્છા આવી. અરર..! આની ઇન્દ્રિય છે તો કાપી લઈએ તો કામ આવશે. અરર..! અરે..! તું કોણ છો કીધું આ? એ સાધુ હતો. અમારી સાથે સાધુ હતા લીમડી સંઘાડામાંથી. પણ અંતે એનું મરણ એવું .. છોડી દીધું કોકને. દવા કોઈ કરે નહિ, સામું કોઈ જોવે નહિ. આહા..હા..! સાધુ વેશમાં આવી દશા. આવા પરિણામ અરર..! કહો, પોપટભાઈ! એ પર્યાયબુદ્ધિમાં એ બધું હોય છે. આહા..હા..!

દ્રવ્યબુદ્ધિમાં.. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો જ્યાં અંતરમાં સ્વીકાર થયો તો ધર્મી તો ધ્રુવભાવપણે જ છે બસ. તો એની આ ક્ષણિક ઉત્પન્ન .. વિકલ્પની દશા એને હોય નહિ. આહા..હા..! એની એકતા મળતી નથી તો એ દૃષ્ટિના વિષયમાં આવતો નથી. આહા..હા..! અસ્થિરતામાં એ આવી જાય એ ચીજમાં એકતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! ચારિત્રદોષ અને દર્શનદોષને ... સમજાણું કાંઈ? કેટલાક ચારિત્રદોષ હોય એને દર્શનદોષમાં નાખી દે અને કેટલાકને દર્શનદોષ હોય એને ચારિત્રના દોષમાં નાખી દે. બહુ વિપરીત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

તો કહે છે કે '**તે બીજો વેદકભાવ ઉત્પન્ન થયા પહેલાં જ તે વેદ્યભાવ વિણસી જાય છે; પછી તે બીજો વેદકભાવ શું વેદે? આ રીતે કાંક્ષમાણ ભાવના વેદનની અનવસ્થા છે.**' લ્યો, સરવાળો. જે પદાર્થની ઇચ્છા કરી એ જ પદાર્થ એ વખતે નથી તો ઇચ્છા કરી. નથી તો ઇચ્છા કરીને? અને જ્યારે આવ્યું ત્યારે એ વેદવાની જે ઇચ્છા હતી એ કાળ ચાલ્યો ગયો. આહા..હા..! આ વાત તો અલૌકિક વાત છે, બાપુ! સમ્યગ્દર્શનનું માહાત્મ્ય અને સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ. લોકોને એવું લાગે કે આ તો પણ પર્યાયને માનતા નથી. સમજાય છે કાંઈ? ભાઈ! પર્યાયે તો નિર્ણય કર્યો ઈ ભેગી આવી ગઈ છે, પણ એના વિષયમાં પર્યાય નથી. ધ્યેયમાં એ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આમાં ધર્મ ક્યાં આવ્યો? ધર્મ એ આવ્યો કે વર્તમાન કોઈપણ પદાર્થની ઇચ્છા જ્ઞાનીને નથી. કેમકે એ જ્ઞાતા-દૃષ્ટામાં હું ધ્રુવ છું એવી દૃષ્ટિ છે અને એ કારણે ભવિષ્યની કોઈ ચીજની ઇચ્છા નથી

તો ઇચ્છાને ભોગવવાનો કાળ આવ્યો એ પણ એ સમયે નથી. એને તો આનંદને ભોગવવાનો કાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત ભારે કરી ગજબ. ઓહો..હો..! ટીકા તે પણ ટીકા. વસ્તુની સ્થિતિની મર્યાદા હાજરા હજુર. હેદરશા હાજરા હજુર. ...

મુમુક્ષુ :- અહીં તો ત્રિકાળ આત્મા હાજરા હજુર છે.

ઉત્તર :- હાજરા હજુર છે. અમારે કુંવરજીભાઈ હતાને ભાગીદાર ફઈના દીકરા. સાત-આઠ પેઢીએ. એના છોકરાઓ છેને મનસુખને ઈ. તે પછી અમારા મોટાભાઈને ઈ ભાગીદાર હતા. પછી એમાં લખે કે હેદરશા હાજરા હજુર લખો કહે. ખુશાલભાઈ કહે ભાઈ આપણે ન હોય આવું. હેદરશા.. પછી કાઢી નાખ્યું. પણ પહેલા હેદરશા હાજરા હજુર. ક્યાં ગયો હતો તારો હેદરશા કીધું? તારો બાપ વેચવા નીકળતોને. કોથળામાં માલ લઈને. હેદરશા હતો કે નહિ તે દિ'? ... આવી ગયો?

મુમુક્ષુ :- .. ભક્તિ નહોતી.

ઉત્તર :- નહોતી ઠીક. એ તો પાક્કા માનનારા હેદરશાને એનો બાપને બધાય. બહુ માનનારા. પણ એ લોકો તો એમ જ કહેને બિચારા. આ તો હાજરા હજુર. આહા..હા..! જ્યાં જ્યાં જે કાળ એનો ત્યાં હાજરા હજુર પ્રતીત છે ઈ. એમ કહે છે. આહા..હા..! દરેક પર્યાયમાં હાજરાહજુર ભગવાન ધ્રુવ પદાર્થ છે. એય..! પ્રત્યેક પર્યાયમાં ભગવાન ધ્રુવ બિરાજે છે. ધ્રુવ પર્યાયમાં પધરાવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આરે આવું વ્યાખ્યાન કેવું આ તો! ભાઈ! માર્ગ જ આવો છે, ભાઈ! વસ્તુની સ્થિતિ એવી છે. વસ્તુ સ્વભાવભાવ ધ્રુવ એ જ ધર્મી, એ જ ધર્મીનો ભાવ છે. એવી દૃષ્ટિ થઈ તો કોઈ પણ ભવિષ્યની ઇચ્છા વર્તમાનમાં અને ભવિષ્યમાં ભોગવવાના કાળ એને .. ઇચ્છા જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! અંતરમાં એકાગ્ર થવાની ભાવના છે. કહો, સમજાણું કાંઈ? કહ્યુંને એ શબ્દ છે. આ ભક્તિમાં કહ્યુંને પંડિતજી! 'દુઃખકહો કમ્મખહો..બોહી લાભા સુગઈ ગમણં.' મોક્ષ. સુગઈ એટલે મોક્ષ હોં. ઈ સુગતિ. આહા..હા..! એ તો ભાવના હોયને .. આહા..હા..! વિકલ્પ આવે તો એવી ભાવના થાય. ભગવાન આત્મા પૂર્ણ સ્વરૂપ પરમાત્મા એનો હું દાસ છું. પરમાત્મસ્વરૂપ પોતાનું એનો હું દાસ છે. જિતેન્દ્રીય લીધું છે ત્યાં એ જિન છે. આહા..હા..! એવો જિન થયો એને ભવિષ્યમાં ભોગવવાની ઇચ્છા હોતી નથી જાઓ. આહા..હા..! સમજાણું કાંઈ?

'આ રીતે કાંક્ષમાણ ભાવના...' એ શું કહ્યું? જે ઇચ્છા કરી હતી કે આ થાય એ કાંક્ષમાણ ભાવ અને પછી વેદનનો ભાવ એ ચીજ આવી તો વેદન ભાવ બેની અનવસ્થા છે. બેનું મિલાન થતું નથી. નિરર્થક ભાવ છે બધા. ધર્મીપણાની શરતું ભિન્ન બીજી જાતની છે. આવી તો બહારની ક્રિયા ને અપવાસ કરે ને ભક્તિ-પૂજા કરે, દેરાસર બંધાવે ૨૫-૫૦ લાખ અને દેરાસરમાં બેસીને ભક્તિ કરી. એથી એ કાંઈ ધર્મના લક્ષણ નથી. કાંઈ ..

નથી. આવે છે શુભભાવ તે બહારની ક્રિયા એ પ્રમાણે થવાની હોય તો જણાય છે. એય..!

મુમુક્ષુ :- કરવું બધું અને ના પાડવી.

ઉત્તર :- કાંઈ કરવું ન મળે. એય..! આહા..હા..!

મુમુક્ષુ :- કહે કુછ, કરના કુછ.

ઉત્તર :- લોકો એમ કહે બિચારા. અંતરની ચીજ નિરાળી છે. ત્યાં પર્યાય પોતે એમ કહે છે કે હું તો ધ્રુવસ્વભાવવાળો આત્મા છું એટલે દૃષ્ટિમાં ધ્રુવત્વ વર્તે છેને. એ દ્રવ્યનો પક્ષ થઈ ગયો છે. પક્ષ નામ વિકલ્પાતીત હોં. ધ્રુવને પડખે ચડી ગયો છે. ધર્મી ધ્રુવને પડખે ચડી ગયો છે. એય..! ચેતનજી! આ શું હવે? સમ્યગ્જ્ઞાન લક્ષમાં લે છેને. એ તો આવે છેને. ભાવાર્થમાં આવે છે સમયસારમાં. દૃષ્ટિ.. પર્યાયને જાણે છે, પર્યાય હોય છે એનું જ્ઞાન લક્ષમાં રાખીને જ ધ્રુવપણું .. અર્થમાં છે શરૂઆતમાં નહિ? સમયસારમાં. ભવના .. અભેદ ધ્રુવ-ધ્રુવ કહ્યુંને? તો એને પર્યાયનું લક્ષ નથી? આહા..હા..! છે ક્યાંક અંદર. કયે ઠેકાણે જુઓને. કાંઈ બધું યાદ હોય છે? ખ્યાલમાં આવ્યું હોય મગજમાં. હશે ક્યાંક હવે.

અહીંયાં કાંક્ષમાણભાવ અને વેદકભાવ બેનું મિલાન થતું નથી માટે જ્ઞાની ઈચ્છા કરતા નથી. એ સિદ્ધ કર્યું લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૭, સોમવાર, તા. ૦૯-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૬-૨૧૭, કળશ-૧૪૭, પ્રવચન-૩૬૩

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

આ સમયસાર. નિર્જરા અધિકાર ચાલે છે. ૨૧૬નો ભાવાર્થ. ભાવાર્થ છેને ભાવાર્થ? નવા માણસને બતાવજો ત્યાં એય..! શું અધિકાર ચાલે છે? કે નિર્જરા અધિકાર ચાલે છે. નિર્જરાનો અર્થ કે ધર્મીને જે ધર્મ થાય છે શુદ્ધભાવ એનું નામ નિર્જરા છે. આત્મા શુદ્ધ ચૈતન્ય પૂર્ણ પવિત્ર જે છે એની દૃષ્ટિ કરીને જે અંતરમાં નિર્વિકલ્પ શુદ્ધતા પ્રગટે એનું નામ

ધર્મ છે અને એનું નામ નિર્જરા છે.

મુમુક્ષુ :- આ ધર્મ કેવો?

ઉત્તર :- આ ધર્મ આત્માનો. એ જૈન ધર્મ. જેમાં પોતાનો આત્મા એક સમયમાં પૂર્ણ જ્ઞાયકસ્વભાવ ચૈતન્યમૂર્તિ છે એવો જેણે અનુભવ કર્યો, દૃષ્ટિ અંતર દ્રવ્ય સ્વભાવ ઉપર મૂકીને અનુભવ કર્યો કે હું તો જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાયકભાવ છું. એ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ મારી ચીજ નથી. એ તો વિભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને પોતાનો નિજસ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એવી દ્રવ્યદૃષ્ટિનો તો અભાવ છે અજ્ઞાનીનો. અજ્ઞાનીને તો જે કાંઈ પુણ્ય-પાપના ભાવ થાય છે એને પોતાના માનીને એમાં કર્તા થઈને ભોક્તા થાય છે. એ તો સંસાર છે. એ મિથ્યાત્વ છે. આહા..હા..! જ્યાં સુધી પુણ્ય અને પાપના ભાવ પોતાનો છે અને પોતાનું કરનારું કર્તવ્ય પોતાનું છે એવી જ્યાં સુધી એની માન્યતા છે ત્યાં સુધી તો એની દૃષ્ટિ મિથ્યાત્વ છે. આહા..હા..! કેમકે એની દૃષ્ટિ રાગ અને પુણ્ય આદિ પર્યાય ઉપર ચાલી ગઈ અનાદિથી. પણ પોતાની સ્વભાવ શક્તિ ચૈતન્યરસ, આનંદરસ આત્મા એની જ્યાં દૃષ્ટિ થઈને અનુભવ થયો તો ધર્મીનો તો સ્વભાવ જ્ઞાયક જ્ઞાતા-દૃષ્ટા છે. ચોથે ગુણસ્થાનથી. આહા..હા..!

એ કહે છે જુઓ, '**વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે.**' ભાષા. શું કહે છે? કે જ્ઞાનીને, ધર્મીને પરપદાર્થની ઇચ્છા જ હોતી નથી. પોતાનો ચિદાનંદ સ્વભાવ આત્મા એની દૃષ્ટિને કારણે એને પરપદાર્થની ઇચ્છા જ ઉત્પન્ન થતી નથી. કેમકે કોઈ ચીજની ઇચ્છા ઉત્પન્ન થાય એ વખતે ઇચ્છાની જે ચીજ છે એનું વેદન નથી. વેદક નામ વેદન નથી. જ્યારે ઇચ્છા છે ત્યારે એ ઇચ્છાનો જે પદાર્થ છે એ તો છે નહિ તો એનું વેદન નથી. વેદકભાવ જ્યારે આવ્યો. એને વેદવાની ઇચ્છા વેદ્યભાવ અને એ વેદકભાવ વેદન થયું તો એ વેદ્યભાવ નથી. ત્યારે ઇચ્છાનો કાળ ચાલ્યો જાય છે. આહા..હા..! ઝીણી વાત લીધી છેને.

મુમુક્ષુ :- ઇચ્છા વઈ જાય ત્યારે માલ આવેને.

ઉત્તર :- માલ દેખાય. આવે નહિ, આવે તો એને કારણે. પણ અજ્ઞાનીને એ માલ આવે છે ત્યારે એ તરફના રાગનું વેદન એને થાય છે. જ્ઞાનીને રાગનું વેદન જ નથી. કેમકે ક્ષણમાં ઇચ્છા થઈ જે ચીજની એ ઇચ્છા તો એ સમયે છે નહિ. ઇચ્છા જ નથી એને. અને જ્યારે સામગ્રી આવી અને ભોગવવાનો કાળ આવ્યો તો એને ઇચ્છાનો કાળ કાંક્ષમાણની ઇચ્છા થઈ એ કારણે પણ નહિ. દેવીલાલજી! આહા..હા..! આકરું કામ ભાઈ! ધર્મ અલૌકિક ચીજ છે. જેનાથી જન્મ-મરણનો અંત આવે. સમજાણું કાંઈ? એવી સુક્ષ્મ ચીજ છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા એ તો પરદ્રવ્ય છે. એને માનવાનો ભાવ રાગ છે. સમજાણું કાંઈ? અને પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી એ પણ રાગ છે, પુણ્ય છે. ધર્મ નથી. અને કોઈ

વ્રત અને તપનો ભાવ કરવો એ તો વિકલ્પ રાગ છે. એ પણ ધર્મ નથી.

ધર્મ તો પોતાનો નિજાનંદ પ્રભુ સહજાનંદ સ્વરૂપ પોતાનું ત્રિકાળ. ત્રિકાળ હોં. એની દૃષ્ટિ કરવાથી જે પોતાની દશામાં શાંતિ અને આનંદનું વેદન હોય એનું નામ ધર્મ છે. એ ધર્મને કાળે એને નિર્જરા થાય છે. નિર્જરાનું કારણ શુદ્ધિની વૃદ્ધિ થાય છે, અશુદ્ધતાનો નાશ થાય છે કર્મ ગળે છે. આ તો તમે તો પહેલેથી દિગંબર છો. તોપણ સાંભળ્યું નથી. આ તો દિગંબર ધર્મ છે. આ કોઈ સંપ્રદાયનો ધર્મ નથી. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જે કેવળજ્ઞાનમાં જાણ્યું, જોયું એ જ વાત ભગવાનની વાણીમાં એવું આવ્યું છે. સમજાણું કાંઈ? પહેલા તો દિગંબર ધર્મ દિગ નામ આકાશનું વસ્ત્ર. એમ પોતામાં વિકલ્પનું વસ્ત્ર નથી. દૃષ્ટિમાં. જેમાં વિકલ્પ ઉઠે છે રાગ. કહે છે કે ને ઈચ્છા જ નથી એને. જ્ઞાનીને ઈચ્છા જ નથી. કેમકે ઈચ્છા એ તો રાગ છે, વિભાવ છે. વિભાવ હોય તો એનો સ્વામી થાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહા..હા..! એક ઈચ્છા જ્ઞાનીને થતી નથી. કેમકે રાગ છે એ વિભાવ છે અને વિભાવનો અનુભવ તો જ્ઞાનમાં છે. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એવું ભાન થતાં જ્ઞાનીને કોઈ અનાગત ચીજની ભવિષ્યમાં જે નથી વર્તમાન ચીજ એ ભવિષ્યના ભવની ઈચ્છા જ નથી. આહા..હા..! કેમકે ઈચ્છાને કાળે જે ઈચ્છા કરે છે એનો વેદનકાળ નથી અને જે ઈચ્છા કરે છે કે આ વેદવાનો કાળ આવ્યો તો ઈચ્છાનો કાળ ચાલ્યો જાય છે. દેવીલાલજી! આહા..હા..! આવો માર્ગ પ્રભુનો. દિગંબર સંતો એવી વાત કરે છે. એ અનાદિ સનાતન સત્ય એવું છે. મૂળ ચીજની ખબર નહિ આ તો પહેલી. કહે છે કે વેદકભાવ. જે પર્યાયમાં વિકારનો વેદનનો કાળ હોય, જે ઈચ્છા કરી હતી એ કે આ સામગ્રી હોય તો ઠીક. સામગ્રી અહીં પાઠમાં ભલે નથી, પણ ઈચ્છા કોઈ ચીજની થાય છેને? આહા..હા..! તો એ ઈચ્છા અજ્ઞાનીને થાય છે. કેમકે ઈચ્છાના કાળમાં ભોગવવાનો કાળ નથી અને ભોગવવાના કાળે ઈચ્છા નથી. મેળ વિનાની વાત નિરર્થક અજ્ઞાનીને હોય છે. આહા..હા..! બહુ વાત!

ધર્મી સમ્યગ્દૃષ્ટિ ભલે ચોથે ગુણસ્થાને અવિરતિ સમ્યગ્દર્શન હોય. કહે છે કે એને ઈચ્છા જ નથી. 'ક્યા ઈચ્છત ખોવત સબે હૈ ઈચ્છા દુઃખ મૂળ' શું ઈચ્છા કરે છે. છે ઈચ્છા દુઃખ મૂળ. જ્યાં ઈચ્છાનો નાશ થયો મતિ અનાદિકી ભૂલ. આહા..હા..! બહુ સૂક્ષ્મ વીતરાગમાર્ગ. એવો બીજે ક્યાંય છે નહિ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સિવાય તીર્થંકરદેવ સિવાય આવો તો બીજે ક્યાંય છે નહિ. એમાં પણ ગંભીર ચીજ છે. એનો ખ્યાલ કર્યા વિના એને ધર્મ થતો નથી. એ ઈચ્છા નામનો વિકલ્પ જે છે એનાથી તો ભગવાન આત્મા રહિત છે. કેમકે ઈચ્છા તો આસ્રવ છે. આત્મા તો આસ્રવથી રહિત જ્ઞાયકભાવ છે. તો જ્ઞાયકભાવનું ભાન જ્યારે થયું ત્યારે આસ્રવની ભાવનાનો ભાવ છે નહિ. ઈચ્છા જ નથી એમ કહે છે અહીં

તો. આહા..હા..! કેમ? કે ઈચ્છાની ઈચ્છા નથી. આહા..હા..! એ કારણે જ્ઞાનીને ઈચ્છા થતી નથી.

તો વેદકભાવ. સૂક્ષ્મ ભાવ છે ભાઈ આ સમયસાર. ભગવાન કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા સીમંધર સ્વામી ભગવાન બિરાજે છે મહાવિદેહમાં. ત્યાં ગયા હતા. આઠ દિન રહ્યા હતા. અને આઠ દિવસ રહીને આ શાસ્ત્ર બનાવ્યું અહીં આવીને કે ભગવાનનો સંદેશ તો આ છે સમજાણું કાંઈ? ભગવાન આત્મા પરિપૂર્ણ પરમેશ્વર પ્રભુતાથી ભરેલો આત્મા છે. એમાં રાગાદિ પામર ચીજ એ અંદરમાં છે જ નહિ. સમજાણું કાંઈ? તો રાગ છે નહિ એવી ચીજનો અનુભવ થયો તો એને રાગ કેમ ઈચ્છા થાય? રાગ આવે છે તોપણ એ રાગની ઈચ્છા નથી. અને રાગનો કર્તા પણ નથી. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત. ચારિત્ર તો ક્યાંય રહ્યું હજી સમ્યગ્દર્શન પછી. સ્વરૂપમાં આનંદમાં લીન થઈ જાય. શુદ્ધાત્માનુભૂતિના આનંદની ઉગ્રતા થઈ જાય ત્યારે એને સાધુપદ કહે છે. આહા..હા..! અહીંયાં તો હજી સાધુપદ પહેલા. સમ્યગ્દર્શનનું પદ કેવું છે?

ઓહો..! ભગવાન આત્મા જ્ઞાયક અને આનંદ સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો છે અને પરિપૂર્ણ હું છું એવી દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિની થઈ તો ખરેખર તો એ વસ્તુ કૃત્ય-કૃત્ય જ છે. એને કાંઈ કરવાનું છે નહિ. આહા..હા..! તો જેમ દ્રવ્ય કૃત્ય-કૃત્ય છે. તો એવી દૃષ્ટિ થઈ એ પણ પર્યાયમાં કૃત્ય-કૃત્ય જ છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આવું ઝીણું છે, બહુ ઝીણું! વીતરાગ માર્ગ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ ઈન્દ્રો અને ગણધરની સમક્ષમાં આ કહેતા હતા. માર્ગ તો આ છે, ભાઈ!

કહે છે કે '**વેદકભાવ...**' જે અનુભવનો રાગનો જે ઈચ્છા થઈ એ ચીજ નહોતી ત્યારે ઈચ્છા હતી. અને જ્યારે એ ઈચ્છાનો પદાર્થ આવ્યો તો ભોગવવાના કાળે એ પદાર્થની ઈચ્છા હતી તે ઈચ્છા રહેતી નથી. તો એવી નિરર્થક ઈચ્છા જ્ઞાની કેમ કરે? આહા..હા..! જ્યારે '**વેદકભાવ અને વેદ્યભાવને કાળભેદ છે.**' જુઓ, આ બે શબ્દમાં એટલું ભરેલું છે. કે જ્યારે જે સામગ્રીની કાંક્ષા હતી એ સામગ્રી આવી અને એ વખતે ભોગવવાનો જે ભાવ છે એ વેદકભાવ. વેદક. અને એ પહેલા ઈચ્છા હતી એ વેદ્ય. તો વેદ્ય અને વેદકનો કાળભેદ છે. આહા..હા..! ભારે. '**જ્યારે વેદકભાવ હોય છે...**' જ્યારે સામગ્રી તરફનું લક્ષ થઈને એ રાગના વેદનનો કાળ હોય '**ત્યારે વેદ્યભાવ હોતો નથી...**' ત્યારે જે ઈચ્છા કરી હતી એ ઈચ્છાનો કાળ રહ્યો નહિ. એ ઈચ્છા તો ચાલી ગઈ. છોટુભાઈ! શું આ રાતે પુછતા હતાને વેદ્યવેદક. આહા..હા..! આ એક કલકત્તાના બેઠા છે અને આ દિલ્લીના બેઠા છે બે જણા. પછી આવું ઝીણું આવશે તો નહિ સમજાય કહે. ઈ કાળે ઈ આવશે. .. ચીજ છે. આહા..હા..! કેમ પોપટભાઈ! એવી ચીજ છે આ. સાંભળવા મળી નથી ક્યાંય. આહા..હા..!

કહે છે પરમાત્મા કુંદકુંદાચાર્ય ભગવાનનો સંદેશ લાવ્યા. ભગવાન એમ કહેતા હતા. કે જ્યારે જ્ઞાની પોતાના સ્વભાવનો સ્વામી થાય છે, પોતાના ચિદાનંદ સહજાનંદની સ્થિતિનો ધણી થાય છે, માલિક થાય છે, પોતાની ચીજનો માલિક થાય છે અને પોતાની ચીજ એ માલિકીની ચીજ છે. ત્યારે રાગ એનો માલિક છે નહિ અને રાગની ચીજ એનો ધણી આત્મા નથી. સમજાણું કાંઈ? તો રાગનો સ્વામી જ આત્મા નથી. તો રાગ થાય અને રાગની ઈચ્છાનો કાળ આવે જ્યારે સામગ્રીનો ત્યારે એનો ભોગવવાનો કાળ હોય એવી કાળભેદની ઈચ્છા કેમ કરે? આહા..હા..!

'**જ્યારે વેદકભાવ હોય છે ત્યારે વેદ્યભાવ હોતો નથી...**' અનુભવનો કાળ જ્યારે આવ્યો વેદનનો, રાગનો, એ પ્રકારના રાગનો. ત્યારે એ પ્રકારની રાગની ઈચ્છાનો કાળ તો ચાલ્યો ગયો. ઈચ્છા વ્યય થઈ. '**અને જ્યારે વેદ્યભાવ હોય છે...**' જ્યારે કોઈ ચીજની કાંક્ષા-ઈચ્છા થાય છે '**ત્યારે વેદકભાવ હોતો નથી.**' ત્યારે એ ચીજનો વેદનનો કાળ છે એ સમયે છે નહિ. આહા..હા..! આવો માર્ગ ઝીણો બહુ! લ્યો, ..ભાઈ! આવો માર્ગ છે. આવું ઝીણું! તો સાધારણ માણસને તો એવું લાગે કે આ શું કહે છે? આવો કેવો ધર્મ? કાંઈ વ્રત કરવા, તપ કરવા, ભક્તિ કરવી, જાત્રા કરવી એવું તો આવતું નથી. એ તો ભાઈ શુભભાવ છે. એ કાળે અશુભથી બચવા હોય, પણ એ ધર્મ નથી. વીતરાગભાવમાં એ ધર્મ નથી. અન્ય કહે તો એને એની ખબર જ નથી. આહા..હા..!

કહે છે '**જ્યારે વેદકભાવ આવે છે...**' જ્યારે કાંક્ષ-ઈચ્છા થાય છે કોઈ ચીજની એ વખતે એ ચીજનો વેદકનો ભાવ નથી. '**જ્યારે વેદકભાવ આવે છે...**' જ્યારે એ સામગ્રીની કાંક્ષા હતી એવી ઈચ્છા થઈ કે એક સ્ત્રી જુવાન હોય તો ઠીક. ત્યારે તો એ સ્ત્રી છે નહિ અને જ્યારે સ્ત્રી આવી ત્યારે એ સ્ત્રીની ઈચ્છા હતી એ તો રહી નહિ. બીજી ઈચ્છા થઈ. સમજાણું કાંઈ? એમ આજે રોટલી હોય તો ઠીક ઉની-ઉની. ઉની-ઉની શું કહે છે? ગરમ-ગરમ. ગરમાગરમ રોટલી હોય એવી ઈચ્છા થઈ. તો ઈચ્છા વખતે તો ગરમાગરમ રોટલી છે નહિ. છે? અને ગરમાગરમ રોટલી આવી ત્યારે એ ઈચ્છા રહી નહિ. બીજી ઈચ્છા થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ન્યાય છે.

ઉત્તર :- લોજિકથી તો કહીએ છીએ. આહા..હા..! દિગંબર સંતોની કથની સર્વજ્ઞની અનુસારિણી વાણી છે. પણ એને સમજવી, અનંતકાળમાં સમજ્યો નથી. બહારની ક્રિયાકાંડના ઉત્સાહ અને પ્રેમમાં એ ક્રિયાકાંડના રાગરહિત ચીજ શું છે? એની કદી પ્રતીત-અનુભવ કર્યો નથી. અને જ્યારે અનુભવ થાય છે ત્યારે આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદમૂર્તિ એ તો જિતેન્દ્રિય થઈ ગયો. લ્યો, ૩૧મી ગાથા આવી ગઈ. સમજાણું કાંઈ? જિતેન્દ્રિય થઈ

ગયો. જિતેન્દ્રિયની વ્યાખ્યા? ભાવેન્દ્રિય ખંડ-ખંડ અને જડ ઇન્દ્રિય આ અને એનો વિષય સામે બધાથી રુચિ ખસીને દ્રવ્ય ઉપર રુચિ થઈ. ત્યારે એને જિતેન્દ્રિય કહેવામાં આવે છે. આમ શરીરથી ભોગ ન લે અને ખાવા-પીવાનું છોડી દે માટે જિતેન્દ્રિય છે. એવી જિતેન્દ્રિયની વ્યાખ્યા છે નહિ. સમજાણું કાંઈ? અણિન્દ્રિય પરમાત્મા પોતે નિજસ્વરૂપ. સ્વયં અણિન્દ્રિય ભગવાન એના અનુભવમાં વેદન થવું ત્યારે એને ખંડ ઇન્દ્રિય, જડેન્દ્રિય અને એનો વિષય એની રુચિ ખસી ગઈ. એનું લક્ષ ખસી ગયું ત્યારે અણિન્દ્રિય આત્મામાં લક્ષ થયું. તો અણિન્દ્રિય આત્મામાં લક્ષ આવ્યું તો સમ્યગ્દર્શન એને થયું. તો સમ્યગ્દૃષ્ટિને કોઈ ચીજની ઇચ્છા જ થતી નથી. અંતર આનંદ સ્વભાવનું વેદન છે અને આનંદ તરફનું વલણ છે એને. આહા..હા..! એ આનંદ તરફના વલણમાં પરપદાર્થ એવો આવે અને હોય એવી ઇચ્છા જ્ઞાનીને થતી નથી. આહા..હા..!

'**જ્યારે વેદકભાવ આવે છે ત્યારે વેદ્યભાવ વિણસી ગયો હોય છે;...**' અનુભવનો કાળ આવ્યો એ સામગ્રીની જે ઇચ્છા હતી એ જ્યાં ભોગવવાનો કાળ આવ્યો તો પહેલી ઇચ્છા કાંક્ષમાણ જે ઇચ્છા હતી વેદ્યભાવ એ રહ્યો નહિ. '**પછી વેદકભાવ કોને વેદે?**' ભગવાનજીભાઈ! બહુ ઝીણું, ભાઈ! આહા..હા..! '**અને જ્યારે વેદ્યભાવ આવે છે...**' જ્યારે કાંક્ષમાણની બીજા પદાર્થની ઇચ્છા થઈ વળી. '**ત્યારે વેદકભાવ વિણસી ગયો હોય છે;...**' ત્યારે અનુભવનો કાળ તો છે નહિ. અનુભવનો કાળ તો વિણસી ગયો. '**પછી વેદકભાવ વિના વેદ્યને કોણ વેદે?**' વેદ્યને કોણ વેદે? આહા..હા..! ભાષા! '**આવી અવ્યવસ્થા જાણીને...**' એવી વ્યવસ્થા યથાર્થ હોતી નથી એ અવ્યવસ્થા થાય છે એમ જ્ઞાની જાણીને '**પોતે જાણનાર જ રહે છે,...**' જાણનાર-દેખનાર હું છું. બીજી કોઈ ચીજ હું નથી. સમ્યગ્દર્શનથી જેમ સર્વજ્ઞ દેખે છે. આહા..હા..! એમ હું તો જાણનાર-દેખનાર છું. મારી ક્રિયા તો જાણવા-દેખવાની છે. રાગ અને રાગનો અનુભવ એ મારી ક્રિયા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ તો વ્યભિચારી ચીજ છે. સંયોગીભાવ છે. એ આવી ગયું નિર્જરામાં. વ્યભિચાર છે. પોતાના સ્વભાવથી ઉત્પન્ન થાય એ અવ્યભિચારભાવ છે અને નિમિત્તના સંગે ઉત્પન્ન થાય એ વ્યભિચારભાવ છે. શુભભાવ. ભગવાનની ભક્તિ, પૂજા, દાન, વ્રત, તપનો વિકલ્પ એ વ્યભિચાર છે. આહા..હા..! કેમકે પરદ્રવ્ય સ્વભાવ છે એ. પોતાનો દ્રવ્ય સ્વભાવ નથી. આહા..હા..!

વીતરાગ માર્ગના આત્મતત્ત્વનો અનુભવ એ અલૌકિક ચીજ છે. અનંતકાળમાં થયો નથી. અનંત-અનંત કાળ જૈન સાધુ થયો. 'મુનિ વ્રત ધાર...' આવ્યુંને? 'ગ્રૈવેયક ઉપજાયો' 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિ વ્રત પંચ મહાવ્રત, અઠ્ઠાવીશ મુળગુણ એ બધો વિકલ્પ રાગ છે. તો 'મુનિ વ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન

બિન લેશ સુખ ન પાયો.' છ ઢાળામાં આવે છે. પણ આત્મજ્ઞાન. એ મુનિવ્રતનો વિકલ્પ એ આત્મજ્ઞાન નથી. આહા..હા..! એ તો રાગ છે. મુનિ વ્રત પાળ્યા એ તો રાગ એ તો દુઃખ છે એમ કહ્યું. એમ કહ્યુંને? શું કહ્યું? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો એનો અર્થ શું થયો? પંચ મહાવ્રતના પરિણામ છે એ પણ દુઃખ છે, રાગ છે, વિકલ્પ છે. આહા..હા..! આસ્રવ છે. 'લેશ સુખ ન પાયો' એમ. થોડો શુભરાગ થયો. થોડું શુભ તો થયું. ધૂળમાંય સુખ નથી સાંભળતો ખરો. એ તો રાગ છે. રાગથી ભિન્ન થઈને પોતાના આત્મજ્ઞાનનો અનુભવ કરે ત્યારે એને આત્માના આનંદ, આત્માનું જ્ઞાન થઈને આનંદ થાય છે. ત્યારે સુખ મળે છે. આહા..હા..!

'**વાંછા કરતો નથી.**' '**આવી અવ્યવસ્થા જાણીને જ્ઞાની પોતે જાણનાર જ રહે છે, વાંછા કરતો નથી.**' પોતે કેમ કહ્યું? એ વૃત્તિ ઉઠે પણ એનો જાણનાર-દેખનાર રહે છે. આહા..હા..! '**અહીં પ્રશ્ન થાય છે કે-આત્મા તો નિત્ય છે...**' શિષ્યે પ્રશ્ન કર્યો. '**તેથી તે બન્ને ભાવોને વેદી શકે છે;...**' કાંક્ષમાણ ઈચ્છા થઈ એ પણ નિત્ય છે તો ત્યાં પણ ઈચ્છાના વેદનમાં રહી શકે છે. અને પછી ઈચ્છાનો કાળ ભોગવવાનું વેદન થયું એ કાળે પણ નિત્ય આત્મા તો રહી શકે છે. એમાં શું છે? એવો શિષ્યનો પ્રશ્ન છે. સમજાણું કાંઈ? '**તેથી તે બન્ને ભાવોને વેદી શકે છે; તો પછી જ્ઞાની વાંછા કેમ ન કરે?**' તો જ્ઞાની વાંછા કેમ ન કરે? નિત્ય રહેનારો કેમ ન કરે? કાયમ રહેનારો છે. કોઈ પદાર્થની ઈચ્છા કરે એ વખતે પણ આત્મા છે અને એ સામગ્રી મળી અને ભોગવવાના કાળે પણ આત્મા તો છે. આત્મા છે તો એ ઈચ્છા કેમ ન કરે?

'**તેનું સમાધાન :- વેદ્ય-વેદક ભાવો વિભાવભાવો છે,...**' ઈચ્છા એ વિભાવ છે અને સામગ્રી તરફનું લક્ષ કરીને વેદન કરવું એ પણ વિભાવ છે. સ્વભાવ નથી. આહા..હા..! ચાહે તો શુભરાગ હોય. સમજાણું કાંઈ? આહા..હા..! એ પણ વેદનમાં તો દુઃખ જ છે. એ તો વિભાવભાવ છેને? તો વિભાવભાવ સ્વભાવભાવ નથી. અસ્તિ-નાસ્તિ કરી. એ શુભભાવ એ વિભાવભાવ છે, વિકારભાવ છે, દુઃખભાવ છે. એ સ્વભાવભાવ નથી, એ આનંદભાવ નથી, એ શાંતિભાવ નથી. આ સમજવું કઠણ પડે એટલે બીજે રસ્તે ચડી ગયો. .. અનાદિકાળથી. આહા..હા..!

મુમુક્ષુ :- સમજાવનાર જ ક્યાં છે?

ઉત્તર :- અરે..! તારો પંથ મહા પ્રભુ એના ઉપર દૃષ્ટિ દેવાથી તારો માર્ગ ખુલી જાય છે તો ત્યાં દૃષ્ટિ નથી અને રાગની ક્રિયા ઉપર દૃષ્ટિ તારું નિધાન બંધાય છે ત્યાં. મિથ્યાત્વથી બંધાય છે. આહા..હા..!

અહીં તો કહે છે કે વિકલ્પમાત્ર વિભાવભાવ છે. આહા..હા..! '**સ્વભાવભાવ નથી,**

તેથી તેઓ વિનાશિક છે;...' વિભાવ તો નાશવાન છે. **'માટે વાંછા કરનારો એવો વેદ્યભાવ જ્યાં આવે ત્યાં સુધીમાં વેદકભાવ (ભોગવનારો ભાવ) નાશ પામી જાય છે,...'** આહા..હા..! ભોગવવાનો જ્યારે ભાવ થયો ત્યારે વેદવાની ઈચ્છા હતી એ તો નાશ પામી. **'અને બીજો વેદકભાવ આવે ત્યાં સુધીમાં વૈદ્યભાવ નાશ પામી જાય છે;...'** તો પહેલાનો વેદ્યભાવ છે એ પણ નાશ પામે છે. **'એ રીતે વાંછિત ભોગ તો થતો નથી.'** ઈચ્છા પ્રમાણે સંયોગ મળતા નથી અથવા વાંછિત ભોગ થતો નથી. **'તેથી જ્ઞાની નિષ્ફળ વાંછા કેમ કરે?'** આહા..હા..! **'જ્યાં મનોવાંછિત વેદાતું નથી...'** મનની ઈચ્છા પ્રમાણે અનુભવ નથી થતો **'ત્યાં વાંછા કરવી તે અજ્ઞાન છે.'** આહા..હા..!

શ્લોક-૧૪૭

(स्वागता)

वेद्यवेदकविभावचलत्वाद्
वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान्
सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।१४७।।

હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [वेद्य-वेदक-विभाव-चलत्वात्] વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચણપણું (અસ્થિરપણું) હોવાથી [खलु] ખરેખર [कांक्षितम् एव वेद्यते न] વાંછિત વેદાતું નથી; [तेन] માટે [विद्वान् किंचन कांक्षति न] જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી; [सर्वतः अपि अतिविरक्तिम् उपैति] સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને (વૈરાગ્યભાવને) પામે છે.

ભાવાર્થ :- અનુભવગોચર જે વેદ્ય-વેદક વિભાવો તેમને કાળભેદ છે, તેમનો મેળાપ નથી (કારણ કે તેઓ કર્મના નિમિત્તે થતા હોવાથી અસ્થિર છે); માટે જ્ઞાની આગામી કાળ સંબંધી વાંછા શા માટે કરે ? ૧૪૭.

કળશ-૧૪૭ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-' ૧૪૭.

(स्वागता)

वेद्यवेदकविभावचलत्वाद्
वेद्यते न खलु कांक्षितमेव।
तेन कांक्षति न किञ्चन विद्वान्
सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।१४७।।

વિદ્વાન તો એને કહીએ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને જ વિદ્વાન કહે છે. ભાણ્યા-ગણ્યા હોય લાખ પુસ્તક શાસ્ત્રો અને દુનિયાને. એ કોઈ વિદ્વાન નથી. પોતાની ચીજનો અનુભવ નથી, સમ્યગ્દર્શન નથી એ વિદ્વાન જ નથી. આહા..હા..! છે? વિદ્વાન જુઓ. એય..! પંડિતજી! આહા..હા..! વિદ્-જ્ઞાનને જાણનારો. વિદ્વાન વસ્તુસ્થિતિ, ધ્રુવને જાણનારો, પોતાની ચીજ ધ્રુવ નિત્યાનંદ ભગવાન એના જાણનારને વિદ્વાન કહે છે. એ જાણ્યું નહિ અને એકલું શાસ્ત્ર જાણ્યું અને દુનિયાનું આ બધું પ્રપંચ માંડ્યું. કહો. આ રમકડામાં જ્ઞાન, આ વકીલાતનું જ્ઞાન, ડોક્ટરનું જ્ઞાન, આ પ્રોફેસરનું જ્ઞાન બધું અજ્ઞાન છે. આહા..હા..!

મુમુક્ષુ :- એમાં અક્કલ તો જોઈએને.

ઉત્તર :- અક્કલ ધૂળમાંય નથી. એય..! અક્કલ તો ન કળાય એવી ચીજને કળે એને અક્કલ કહીએ. વિકલ્પથી પણ ભગવાન આત્મા કળવામાં આવતો નથી. આહા..હા..! પૂર્ણાનંદ સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે કહ્યો એ. અજ્ઞાની કહે એ નહિ. આહા..હા..! આમ તો બીજા પણ કહે છે કે સચ્ચિદાનંદ આત્મા છે. પણ કેવો છે એ ખબર નથી. સચ્ચિદાનંદ શબ્દ લે છે. અહીં તો સત્ ત્રિકાળ ચિદ્ જ્ઞાન અને આનંદ સચ્ચિદાનંદ. શાશ્વત જ્ઞાન, આનંદનું સ્વરૂપ જ આત્મા છે. એવું ભગવાને કહ્યું છે. આહા..હા..!

તો કહે છે **'વેદ્ય-વેદકરૂપ વિભાવભાવોનું ચણપણું (અસ્થિરપણું) હોવાથી...'** લ્યો ઠીક. ઇચ્છા અને ઇચ્છાને ભોગવવાનો ભાવ કાળભેદ છે અને અસ્થિર છે, વિનાશિક. બેય ભાવ વિનાશિક છે. વિનાશિકની ઇચ્છા ધર્મી કેમ કરે? કેમકે ધર્મી તો જ્ઞાતા-દૃષ્ટા જ છે. જ્ઞાનસ્વભાવી ભગવાન એના ધ્રુવપણામાં જ આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ જ છે. આવશે આગળ ભાવાર્થમાં. અથવા ટીકામાં છે. તેથી **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.'** પછીની ગાથામાં. ૨૫૬. **'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને...'** ધર્મીને તો

એક જ્ઞાયકભાવ '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.**' રાગનું થવું જ નિષેધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ ૨૧૭માં છે. ટીકા અને ભાવાર્થ બેયમાં છે. હોવાથી વાંછાનું વેદન નથી. જેની ઈચ્છા છે એ ચીજનું વેદન ઈચ્છાને કાળે નથી અને જ્યારે વેદનનો કાળ આવે છે ત્યારે ઈચ્છા રહેતી નથી. .. બીજી થઈ જાય. આહા..હા..!

'**માટે જ્ઞાની કાંઈ પણ વાંછતો નથી;...**' જુઓ, આહા..હા..! ધર્મી તો કોઈપણ પદાર્થની વાંછા જ નથી કરતો. આહા..હા..! '**સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને (વૈરાગ્યભાવને) પામે છે.**' ઈચ્છામાત્રથી ધર્મીને તો વિરક્તતા છે. રક્તતા ઈચ્છામાં હોય તો મિથ્યાદૃષ્ટિ છે. ઈચ્છામાં લીન છે તો મિથ્યાદૃષ્ટિ જૈન નથી. આહા..હા..! અને રાગથી વિરક્ત છે અને પોતાના સ્વરૂપમાં રક્ત છે એ જ્ઞાની છે. સમજાણું કાંઈ? '**સર્વ પ્રત્યે અતિ વિરક્તપણાને...**' ભાષા છે. પોતાનો આનંદસ્વરૂપ ભગવાન એની પ્રીતિ, રતિ, સંતોષ કલ્યાણસ્વરૂપ ભગવાન એના પ્રેમમાં, અનુભવમાં બીજી કોઈ ઈચ્છા એને થતી નથી. આહા..હા..! અતિ વિરક્તતા છે. જ્યાં હજી રાગથી અતિ વિરક્તતા ન પ્રગટી હોય અને મુનિપણાની વિરક્તતા આવી ગઈ. આહા..હા..! મુનિ વિરતી છે. પણ વિરતી કોના? હજી અંદરમાં ઈચ્છામાત્રથી વિરક્ત થયો નથી તો અસ્થિરતાની વિરતી થઈ ક્યાંથી એને? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા રાગ નામ કોઈપણ પુણ્યાદિનો વિકલ્પ એની દૃષ્ટિની અપેક્ષાએ દૃષ્ટિના વિષયની અપેક્ષાએ પોતાના સ્વભાવના ધ્રુવપણાને લીધે ધર્મી રાગથી તો વિરક્ત છે. અત્યંત વિરક્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? શુભ-અશુભભાવથી અત્યંત વિરક્ત થઈ સ્વરૂપમાં રક્ત-લીન ન થયો તો એને ચારિત્રપણું આવ્યું ક્યાંથી? દેવીલાલજી! આ તો વિરક્ત શબ્દ આવ્યોને. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ છે તો એવી દૃષ્ટિ જ્યારે થઈ તો રાગથી તો અત્યંત વિરક્ત જ ધર્મી છે. હા, રાગ જાણે એ જણાય બીજી ચીજ છે, પણ જણાય માટે એનો રાગ છે. એ રાગ સંબંધી પોતાના જ્ઞાનમાં સ્વપર જ્ઞાનપ્રકાશક થયો એમાં જ એકાગ્રતા છે. આહા..હા..!

'**સર્વ પ્રત્યે...**' આહા..હા..! '**સર્વ પ્રત્યે...**' એટલે પોતા સિવાય એમ. ધર્મી સમ્યગ્દૃષ્ટિને પોતાના નિજાનંદ સ્વરૂપની પ્રીતિ, રુચિ અને સંતોષ છે. એ આવી ગયું પહેલા. એમાં રતિ છે. રતિ નામ રક્ત છે. આહા..હા..! પણ શુભાશુભભાવ તો વિભાવભાવ છે, એ તો આસ્રવભાવ છે, મલિન છે, અશુચિ છે, દુઃખરૂપ છે. એનાથી ધર્મી તો અત્યંત વિરક્ત છે. આહા..હા..! એવી રાગથી અત્યંત વિરક્તતા સ્વભાવના આશ્રયે થયા વિના સમ્યગ્દર્શન થતું નથી.

મુમુક્ષુ :- તો .. ક્યાંથી આવ્યું?

ઉત્તર :- .. આહા..હા..! ભારે કઠણ જગતને. ચારિત્ર એટલે નગ્નપણું લઈ લ્યો, આ

વ્રત પાળવા એ ચારિત્ર. એ તો ચારિત્ર ક્યાં હતા? એ તો ધૂળ જડની દશા છે અને પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે, આસ્રવ છે. આહા..હા..! અંતરમાં અત્યંત વિરક્તિ રાગથી જ્યાં સુધી નથી અને અત્યંત વિરક્તિ ન થઈ તો આત્મામાં એકાગ્રતા થઈ નથી. સમજાણું કાંઈ? આવો ધર્મ ભાઈ ઝીણો કઈ જાતનો! બધા એમ કહે કે સોનગઢવાળાએ ધર્મ કાઢ્યો એમ કહે. એ તો શાસ્ત્ર. ભગવાનનો અનાદિનો ધર્મ જ આ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન ધર્મ અથવા ચારિત્ર ધર્મનું કારણ જે સમ્યગ્દર્શન તો સમ્યગ્દર્શનમાં અનંતગુણ પિંડ પ્રભુ આત્માની રતિ થાય છે. લ્યો ઠીક! એ ઇચ્છા થઈ કે આ સદા ભાવના, એમ નથી કે ઇચ્છા સદા રહે. એ આવી ગયું પહેલા. બહારની ઇચ્છા તો રોગ છે અને આહાર કરવો એ તો રોગનો ઉપચાર છે. રોગ અને ઉપચારની ઇચ્છા થાય કે રોગ રહેજો. રહેજોને શું કહે છે? રોગ છે તો ઠીક છે એમ છે? રાગ તો રોગ છે. ચાહે તો શુભરાગ હોય કે અશુભ બધો રોગ છે. આહા..હા..! અને 'આત્મ ભ્રાંતિસમ રોગ નહિ.' આત્મ ભ્રાંતિ એ રાગ અને પુણ્ય મારી ચીજ એવી ભ્રાંતિ એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! એ મોટો રોગ છે. શરીરનો રોગ તો અનંતવાર થયો અને મટી ગયો, પણ એ ભ્રાંતિનો રોગ મટાડ્યો નહિ. આહા..હા..! એમ ભગવાન કુંદકુંદાચાર્ય જુઓ આવે છે કે નહિ? 'મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણિ, મંગલં કુંદકુંદાર્યો, જૈન ધર્મોસ્તુ મંગલં.' એ કુંદકુંદાચાર્ય આમ કહે છે. આહા..હા..! દિગંબર સંત ત્રીજે નંબરે. પહેલે નંબરે ભગવાન, બીજે નંબરે ગણધર, ત્રીજે નંબરે કુંદકુંદાચાર્ય. એ આવ્યુંને? 'મંગલં ભગવાન વીરો' દેવ આવ્યા. 'મંગલં ગૌતમો ગણી' એ ગણધર આવ્યા. 'મંગલં કુંદકુંદાર્યો' કુંદકુંદાચાર્ય. ચોથે 'જૈન ધર્મોસ્તુ મંગલં.' વીતરાગી ધર્મ જે આત્માનો એ માંગળિક છે. રાગ એ મંગળિક છે નહિ અને રાગ એ ધર્મ નથી. આહા..હા..!

કહે છે કે '**सर्व प्रत्ये अति विरक्तपणाने (वैराग्यभावने) पामे छे.**' એ તો પહેલા કહ્યું હતું. ધર્મી જ્ઞાન અને વૈરાગ્ય સંપન્ન થાય છે. તો જ્ઞાન વૈરાગ્યનો અર્થ શું? ત્રિકાળી અસ્તિ તત્ત્વનું ભાન અનુભવ અને રાગ પુણ્ય-પાપથી વિરક્તિ એનું નામ વૈરાગ્ય છે. ઇ બે શક્તિ તો ધર્મીને અંદર પ્રગટે જ છે. આહા..હા..! જ્ઞાન વૈરાગ્ય શક્તિ. પોતાનું પૂર્ણ અસ્તિત્વ, હયાતી, પરમાત્મા એની પ્રતીત અનુભવ અને સકળ-વિકલનો વૈરાગ્ય રાગાદિ પુણ્યાદિના ભાવથી વૈરાગ્ય વિરક્ત ત્યારે તો સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! કેટલો કળશ મૂક્યો છે પણ.

'**सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।**' ચોથું પદ આવ્યું. '**सर्वतोऽप्यतिविरक्तिमुपैति।।**' સમ્યગ્દૃષ્ટિ, સમ્યગ્જ્ઞાની એ સમ્યક્ ધર્મી ઇ સર્વથી અતિવિરક્તિભાવને પામે છે. સ્વભાવને પામે છે, પણ પરથી અતિવિરક્તિભાવને પામે છે. આહા..હા..! એને અહીંયાં નિર્જરા થાય છે. આવું ભાન નથી ત્યાં અપવાસ કરે અને નિર્જરા થાય એમ ત્રણ કાળમાં બને નહિ. પોતાની ચીજ શું

છે એની દૃષ્ટિ નથી, અનુભવ નથી અને ઉપવાસ કર્યા તો તપસ્યા નિર્જરા. આવે છે કે નહિ? તપસ્યા નિર્જરા. એ તો તપસ્યા નિર્જરા તો જ્યારે અહીંયાં આત્માનો અનુભવ કરીને શુદ્ધ આત્માની અનુભૂતિ ઇચ્છા વિનાની પ્રગટી એને તપસ્યા કહે છે અને એ તપસ્યાથી નિર્જરા થાય છે. આત્માના ભાન વિના એકલા અપવાસ આદિ તો લાંઘણ છે. લાંઘણ. આહા..હા..!

'**ભાવાર્થ :- અનુભવગોચર જે વેદ્ય-વેદક વિભાવો તેમને કાળભેદ છે,...** ' અનુભવગમ્ય એવી વેદ્ય કાંક્ષા અને અનુભવ એ વિભાવોમાં કાળભેદ છે. '**તેમનો મેળાપ નથી...**' આહા..હા..! '**(કારણ કે તેઓ કર્મના નિમિત્તે થતા હોવાથી અસ્થિર છે); માટે જ્ઞાની આગામી કાળ સંબંધી વાંછા શા માટે કરે?**' માટે ધર્મીને ભવિષ્યકાળ સંબંધી પદાર્થની કોઈ ઇચ્છા શા માટે કરે? આહા..હા..!

ગાથા-૨૧૭

तथाहि -

बंधुवभोगणिमित्ते अज्झवसाणोदएसु णाणिस्स।
संसारदेहविसएसु णेव उप्पज्जदे रागो।।२१७।।
बन्धोपभोगनिमित्तेषु अध्यवसानोदयेषु ज्ञानिनः।
संसारदेहविषयेषु नैवोत्पद्यते रागः।।२१७।।

इह खल्वध्यवसानोदयाः कतरेऽपि संसारविषयाः, कतरेऽपि शरीरविषयाः। तत्र यतरे संसारविषयाः ततरे बन्धनिमित्ताः, यतरे शरीरविषयास्तरे तूपभोगनिमित्ताः। यतरे बन्धनिमित्तास्ततरे रागद्वेषमोहाद्याः, यतरे तूपभोगनिमित्तास्ततरे सुखदुःखाद्याः। अथामीषु सर्वेष्वपि ज्ञानिनो नास्ति रागः, नानाद्रव्यस्वभावत्वेन टङ्कोत्कीर्णैकज्ञायकभावस्यभावस्य तस्य तत्प्रतिषेधात्।

એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ હવે કહે છે :-

સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,
તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ૨૧૭.

ગાથાર્થ :- [बन्धोपभोगनिमित्तेषु] બંધ અને ઉપભોગનાં નિમિત્ત એવા [संसारदेह-विषयेषु] સંસારસંબંધી અને દેહસંબંધી [अध्यवसानोदयेषु] અધ્યવસાનના ઉદયોમાં [ज्ञानिनः] જ્ઞાનિને [रागः] રાગ [न एव उत्पद्यते] ઊપજતો જ નથી.

ટીકા :- આ લોકમાં જે અધ્યવસાનના ઉદયો છે તેઓ કેટલાક તો સંસારસંબંધી છે અને કેટલાક શરીરસંબંધી છે. તેમાં, જેટલા સંસારસંબંધી છે તેટલા બંધનનાં નિમિત્ત છે અને જેટલા શરીરસંબંધી છે તેટલા ઉપભોગનાં નિમિત્ત છે. જેટલા બંધનનાં નિમિત્ત છે તેટલા તો રાગદ્વેષમોહાદિક છે અને જેટલા ઉપભોગનાં નિમિત્ત છે તેટલા સુખદુઃખાદિક છે. આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી; કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા જ્ઞાનીને તેમનો નિષેધ છે.

ભાવાર્થ :- જે અધ્યવસાનના ઉદયો સંસાર સંબંધી છે અને બંધનનાં નિમિત્ત છે તેઓ તો રાગ, દ્વેષ, મોહ ઇત્યાદિ છે તથા જે અધ્યવસાનના ઉદયો દેહ સંબંધી છે અને ઉપભોગનાં નિમિત્ત છે તેઓ સુખ, દુઃખ ઇત્યાદિ છે. તે બધાય (અધ્યવસાનના ઉદયો), નાના દ્રવ્યોના (અર્થાત્ પુદ્ગલદ્રવ્ય અને જીવદ્રવ્ય કે જેઓ સંયોગરૂપે છે તેમના) સ્વભાવ છે; જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે. માટે જ્ઞાનીને તેમનો નિષેધ છે; તેથી જ્ઞાનીને તેમના પ્રત્યે રાગ-પ્રીતિ નથી. પરદ્રવ્ય, પરભાવ સંસારમાં ભ્રમણનાં કારણ છે; તેમના પ્રત્યે પ્રીતિ કરે તો જ્ઞાની શાનો?

ગાથા-૨૧૭ ઉપર પ્રવચન

'એ રીતે જ્ઞાનીને સર્વ ઉપભોગો પ્રત્યે વૈરાગ્ય છે એમ હવે કહે છે :-' ધર્મી પોતાના સ્વભાવની લીનતામાં પરના સર્વ પદાર્થના ઉપભોગથી વૈરાગ્ય છે. આહા..હા..! વૈરાગ્ય એમ નથી કે સ્ત્રી, કુટુંબ છોડી દીધા તો વૈરાગી થઈ ગયો. દુકાન, બુકાન, ધંધો છોડી દીધો તો વૈરાગી થઈ ગયો. અહીંયાં તો પુણ્ય-પાપના રાગથી વિરક્ત થાય તો વૈરાગી છે. આહા..હા..! વીતરાગ ધર્મની વ્યાખ્યા જ બીજી છે. શાસ્ત્રમાં આવે છે તપ. અનુભૂતિ ઉગ્ર આત્માના આનંદની અનુભૂતિથી ઓપિત, શોભિત પર્યાય છે એને તપ કહે છે. એવી અનુભૂતિ વિના એવા વ્રત અને તપ કરે છે એ બધા બાળવ્રત અને બાળતપ છે. આવે છેને? અજ્ઞાનીના વ્રત અને અજ્ઞાનીના મૂર્ખાઈ ભરેલા તપ છે. આહા..હા..! એ કુંદકુંદાચાર્ય કહે છે. સ્વભાવની દૃષ્ટિ અનુભવ અને રાગની વિરક્તતા એ જ્યાં નથી અને એ અપવાસાદિ કરે, રસનો ત્યાગ

કરે એ બધા બાળતપ અને બાળ વ્રત કહેવામાં આવે છે. મુર્ખાઈ ભરેલા વ્રત અને મુર્ખાઈ ભરેલા તપ. ઓહો..હો..!

'એ રીતે જ્ઞાનીને...' જ્ઞાની શબ્દે ધર્મી, ધર્મી શબ્દે જ્ઞાની. પાછા કોઈ કહે કે જ્ઞાનીને ભલે હોય, પણ અમે તો ધર્મી છીએ. અમને એટલું જ્ઞાન નથી. પણ એ પોતાના આત્માનું જ્ઞાન કરે તે જ્ઞાની અહીં તો એમ છે. સમજાણું કાંઈ? એ ધર્મી. પોતાની ચીજની જેણે કિંમત કરી. અમુલ્ય ચીજ પરમાત્મા ચૈતન્ય રત્ન એનું જેમે મુલાંક કર્યું કે આ તો મૂલ્ય વિનાની ચીજ અમૂલ્ય છે. એવા દૃષ્ટિવંતને ઉપભોગ પ્રત્યે વૈરાગ્ય કહેવામાં આવે છે. ૨૧૭.

बंधुवभोगणिमित्ते अज्झवसाणोदएसु णाणिस्स।
संसारदेहविसएसु णेव उप्पज्जदे रागो।।२१७।।

આ કુંદકુંદાચાર્યની ગાથા છે. આહા..હા..! નીચે હરિગીત.

संसारदेहसंबंधी ने बंधोपभोगनिमित्त जे,
ते सर्व अध्यवसानउदये राग थाय न ज्ञानीने. २१७.

આહા..હા..! **'ટીકા :- આ લોકમાં જે અધ્યવસાનના ઉદયો છે...'** રાગાદિનો ભાવ જે પ્રગટે છે **'તેઓ કેટલાક તો સંસારસંબંધી છે...'** કર્તાપણા સંબંધી છે. હું આમ કરું... આમ કરું... આમ કરું... એવા કર્તાસંબંધી, સંસારસંબંધી છે. **'અને કેટલાક શરીરસંબંધી છે.'** ભોગ સંબંધી. સમજાણું કાંઈ? શરીરસંબંધી કેટલાક અધ્યવસાય રાગ. **'તેમાં, જેટલા સંસારસંબંધી છે તેટલા બંધનનાં નિમિત્ત છે...'** પરપદાર્થની ઈચ્છા એવો જે અધ્યવસાય એ સંસારસંબંધી કર્તાપણાનો અધ્યવસાય છે. એ બંધના નિમિત્ત છે. કર્તાપણું રાગ આવ્યો અને કર્તાપણું થયું તો એ બંધનું કારણ છે. આહા..! દર્શનમોહ બંધનું કારણ છે. પરનો રાગ થયો તો તેને દર્શનમોહનું બંધ છે. મિથ્યાત્વનું બંધ છે.

'અને જેટલા શરીરસંબંધી છે તેટલા ઉપભોગનાં નિમિત્ત છે.' શરીર સંબંધી ખાવું, પીવું, સૂવું, બેસવું, ઉઠવું એ ભોગવવાનો ભાવ છે એ ઉપભોગ નિમિત્ત છે. એ ઉપભોગનું કારણ છે. પહેલા કર્તાપણું કહ્યું, બીજું ભોગવવાનું કારણ. **'જેટલા બંધનનાં નિમિત્ત છે તેટલા તો રાગદ્વેષમોહાદિક છે...'** કહો, સમજાણું કાંઈ? જેટલા બંધના કારણ છે ભાવ એ તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ છે. વાંછા થઈ રાગની કર્તાપણાની તો મિથ્યાત્વ થયું, રાગ-દ્વેષ થયો. આહા..હા..! એક સૂક્ષ્મ પણ રાગ થયો, એનો કર્તા થયો. એ કર્તવ્ય મારું છે એ તો બંધસંબંધી છે. એને મિથ્યાત્વનું બંધ પડે છે. સમજાણું કાંઈ?

'અને જેટલા ઉપભોગનાં નિમિત્ત છે...' ભોગવવાનો ભાવ **'તેટલા સુખદુઃખાદિક છે.'** ઓલું કર્તાપણું છે આ વેદનમાં છે. કર્તાપણાનો અર્થ કે વેદન છે, પણ આ તો વેદનની મુખ્યતાથી ઉપભોગ, ભોગવવું. સંસારનું .. સુખ-દુઃખનું વેદન. છે તો એ પણ બંધનું કારણ.

પણ વેદનમાં અહીંયાં ઉપભોગનું નિમિત્ત કહીને સુખ-દુઃખ પરિણામ બતાવ્યું. સુખ-દુઃખ થયું એ જ બંધનું કારણ છે. કર્તા સમયે જે ઉપભોગના પરિણામ છે એ ભોક્તા સંબંધી છે. બેય બંધનું કારણ છે. તો એ બંધના કારણની મુખ્યતાથી એ લીધું કર્તાપણું. સમજાણું કાંઈ?

'**આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...**' ચાહે તો સંસાર સંબંધી હોય, ચાહે તો શરીર સંબંધી ભોગના ભાવનો રાગ હોય, એ બધાય રાગમાં રાગ નથી. ધર્મીને બધાય રાગમાં રાગ નથી. છે તો ખરા હોં એમ પાછું ભાઈ! અધ્યવસાન છે. એ કર્તાપણાનો અધ્યવસાય રાગ, એ ભોક્તાપણાનો સુખ-દુઃખનો ભાવ છે તો ખરા. પણ '**આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...**' એકત્વબુદ્ધિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્તાપણાના ભાવમાં પણ પ્રેમ નથી. કર્તા જ નથી અને ભોગ.. પ્રેમ નથી. આહા..હા..! અહીંયાં સુખાદિ લીધું છે એને બંધનું કારણ એમ ન લીધું. એ તો વેદનમાં આવ્યું સુખ-દુઃખ. સમજાણું કાંઈ? બસ એ કર્તાપણું સાથે છે તો દુઃખમાં બંધ જ છે. જે સમયે કર્તા એ સમયે ભોક્તા તો એ જ સમયે છે. ૧૦૨ ગાથામાં આવે છેને કર્તાકર્મ. જે સમયે કર્તા છે એ જ સમયે ભોક્તા છે. રાગનું, દ્વેષનું જે સમયે પરિણમન છે એ જ સમયે એનું ભોગવવું છે. સામગ્રી એ સમયે હોય કે ન હોય. સામગ્રીને તો ભોગવતો નથી. પણ સમય એ છે.

મુમુક્ષુ :- વસ્તુપણે તો જ્ઞાનનું જ વેદન થાય છે. કર્તાભોક્તા નથી.

ઉત્તર :- કર્તાભોક્તા નથી એમ કહે છે. કેમકે કર્તા .. ઈચ્છા જે કાંક્ષા છે તો એ ભોક્તાનો કાળ નથી અને ભોક્તાના કાળમાં કાંક્ષાનો ભાવ નથી. તો બેયની ઈચ્છા નથી. આહા..હા..! ભાવ હોવા છતાં એકતા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એવું કર્મ છે. આહા..હા..!

'**આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી;...**' એમ બતાવવું છેને? ચાહે તો સંસાર સંબંધી રાગ હોય કે ચાહે તો ભોગસંબંધી રાગ હોય. એ રાગનો રાગ ધર્મીને નથી. ઝેર માને એનો પ્રેમ કેમ હોય? આહા..હા..! ધર્મી રાગને તો ઝેર જાણે છે. પોતાના સ્વરૂપને અમૃત જાણે છે. ભગવાન આત્મા અમૃતસ્વરૂપ, આનંદસ્વરૂપ, અમૃતસ્વરૂપ. એનાથી વિરુદ્ધભાવ બે પ્રકારના ઝેરસ્વરૂપ. આહા..હા..! સમજાણું કાંઈ? સંસારસંબંધી એટલે કર્તાસંબંધી. કેટલાક ભોક્તા સંબંધી એમ લેવું છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભેદ જાણે...

ઉત્તર :- એ જાણે પણ શું જાણે? ઝેર છે એમ જાણે.

મુમુક્ષુ :- ભેદ નથી

ઉત્તર :- .. એ જ કહે છે. મારું નથી, મારામાં નથી. જાણવામાં તો આવે છે કે આ

રાગનો ભોક્તા. એ પહેલા આવી ગયું બીજી ગાથામાં કે જ્ઞાનીને પણ કર્મનો ઉદય શાતા-અશાતા, સુખ-દુઃખ આવ્યા વિના રહેતું નથી. બીજી ગાથામાં છે. વેદનમાં આવે છે તો બીજે સમયે નાશ પામે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નથી. બીજી ગાથામાં. પહેલી ગાથામાં દ્રવ્યની નિર્જરા. પહેલી ગાથામાં દ્રવ્યની નિર્જરા કર્મની. બીજામાં અશુદ્ધતાની નિર્જરા બે ગાથા લીધી. પહેલામાં જ્ઞાનની, બીજામાં વૈરાગ્યની. આહા..હા..! સમયસાર ભરતક્ષેત્રનો સૂર્ય છે. આહા..હા..! સમયસાર એટલે આત્મા. તો આત્મા ભગવાન સચ્ચિદાનંદ પૂર્ણાનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ અને અતીન્દ્રિય સ્વરૂપનું જ્યાં વેદન થયું તો કહે છે કે એ સંસાર સંબંધી રાગનો પ્રેમ કેમ છે? અને સંસારસંબંધી કોઈ વેદનનો ભાવ થયો એનો પણ પ્રેમ કેમ હોય? બસ વિરક્ત છે. આહા..હા..! બહુ સૂક્ષ્મ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન માર્ગ ધર્મની શરૂઆત છે. ધર્મની શરૂઆત આ નથી ત્યાં હજી ચારિત્ર અને વ્રત ક્યાંથી આવ્યા? આહા..હા..! સમ્યગ્દર્શનમાં જ રાગનો પ્રેમ નથી, રાગની રુચિ નથી. આહા..હા..! અને રાગ રહો એવી ભાવના નથી. ભગવાન નિત્યાનંદ હું છું એમાં રાગ રહો એ ક્યાંથી આવે? ધર્મી તો શુદ્ધ ધ્રુવભાવ છે. સમજાણું કાંઈ?

'**આ બધાયમાં જ્ઞાનીને રાગ નથી; કારણ કે તેઓ બધાય નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી,...**' પુણ્ય-પાપમાં આવી ગયું છે. પુણ્ય-પાપ. બેય પુણ્ય-પાપનો ભાવ અનેક દ્રવ્યનો સ્વભાવ, એક દ્રવ્યનો સ્વભાવ નથી. આહા..હા..! ઘણા રજકણોનું નિમિત્ત થઈને વિકારીભાવ. આહા..હા..! એક દ્રવ્યને આશ્રયે ભાવ થાય એ તો સ્વભાવભાવ છે. પરદ્રવ્ય અનંતના પરદ્રવ્ય અનંતનું નિમિત્તપણું ઉપાદાન એમ. એવો જે સંયોગીભાવ એ '**નાના દ્રવ્યનો સ્વભાવ હોવાથી,...**' અનેક દ્રવ્યનો સ્વભાવ, એક દ્રવ્યનો નહિ. આહા..હા..! એમાં આત્માની પર્યાય પણ અનેકમાં આવી અને કર્મનું નિમિત્તપણું પણ અનેકમાં આવ્યું. બેના સંબંધે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ એ '**નાના દ્રવ્યોના સ્વભાવ હોવાથી, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે...**' જુઓ, ધર્મી તો ટંકોત્કીર્ણ ધ્રુવત્વભાવ આવ્યું હતુંને? આમાં જ હતું પહેલા. '**એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવા...**' ધર્મી તો એક જ્ઞાયકભાવ સ્વભાવવાળો '**જ્ઞાનીને તેમનો નિષેધ છે.**' આહા..હા..! એક છેલ્લી લીટીમાં સમ્યગ્દૃષ્ટિ તો એને કહીએ કે ટંકોત્કીર્ણ જેવો છે એવો અનાદિ અનંત પરમાત્મા અંદર સ્વરૂપ એક જ્ઞાયકસ્વભાવવાળો આત્મા છે. ધર્મી તો એક જ્ઞાયકસ્વભાવવાળો આત્મા છે. રાગવાળો ને પુણ્યવાળો ને વેદનવાળો છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૮, મંગળવાર, તા. ૧૦-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૭, કળશ-૧૪૮, પ્રવચન-૩૬૪

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

.. સંસાર પરિભ્રમણ. એક-એક ભવમાં કેટલા દુઃખ થાય છે. સંયોગને કારણે દુઃખ કહે છે એ તો સમજાવવા માટે. બાકી એની કલુષિતતા, સંકલ્પ-વિકલ્પની જાળ અગ્નિ કષાય અગ્નિ છે. આત્માની શાંતિ સળગે છે એમાં. આહા..હા..! દુનિયાના દેખાવ માટે કરવું એ તો હજી રાગની ક્રિયા છે. આહા..હા..! દેખાવો કરવો કે અમે આમ કરીએ છીએ, આમ કરીએ છીએ.

અહીં તો પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરનો સંદેશ એ સંત જગતમાં જાહેર કરે છે. આહા..હા..! ધર્મ પિતા ત્રણ લોકના નાથ. આહા..હા..! અમૃતના સાગર જ્યાં ઉછળ્યા એ પ્રભુની ભાવ કરુણા, કષાયકરુણામાં આ ભાવ આવ્યો. સમજાણું કાંઈ? એમાં પણ તકરાર. રતનચંદજી કહે નહિ એ ... દર્શનમોહનું ચિહ્ન કહ્યું છે એટલે કરૂણાનો અભાવ એ દર્શનમોહનું ચિહ્ન કહ્યું છે. એય..! પ્રવચનસાર. છેને ભાઈ! પણ ઈ તો એક બીજો અર્થ કર્યો છે. પણ અમૃતચંદ્રાચાર્ય આ અર્થ કરે છે એમ ક્યાં? પરચીજની પરજીવની દયા એને કારણે કરૂણાભાવ ઉત્પન્ન થાય એ તો મિથ્યાત્વભાવ છે. .. જ્ઞેય છે એ તો. વસ્તુ તો જ્ઞેય છે. એ જ્ઞેયના એના હેતુએ એની દયાનો ભાવ ઉત્પન્ન થાય. એના હેતુએ દુઃખી છે અને એને કારણે દયાનો ભાવ એ દર્શનમોહનું ચિહ્ન છે. પાઠ એવો છે હોં. અરે..! પણ શું કરે? ભાઈ! તું લુંટા છો તને ખબર નથી. આહા..હા..!

એ વાણિયાની વાત આવે છેને. એક ડાકુ આવ્યા ડાકુ. તો વાણિયા પાસે પાંચ-દસ હજારનો માલ કાપડ. ગાડી હતી. ગાડી હતી. પહેલા તો ક્યાં મોટરું હતું. ગાડી સમજ્યા? ગાડા-ગાડા. બેલગાડી. તો પાંચ-દસ હજારનો માલ હતો. ડાકુ આવ્યા. વાણિયો હુશિયાર હતો આ લઈ જશે. બળદ છોડ્યા ત્યાં. કાપડ મૂક્યું ખોલવા. લ્યો ભાઈ કાપડ જોતું છે કેટલું તમારે જોવે છે? લ્યો. એને ખ્યાલ તો હતો કે ડાકુ છે એ લઈ જશે. સહી કરવી પડશે આમાં તમારે. સહી કરશે. સહી કરવી પડેને કે આ બે હજારનો માલ લીધો હતો. એ સહી કરતો હતો. સાક્ષી કોની? તો એક બીલાડી નીકળી. બિલાડી સમજ્યા? બિલ્લી.

બિલાડી જંગલમાંથી નીકળી તો ઓલો વાણિયો કહે કે એની સાક્ષી. લ્યો જાવ. માલ દસ હજારનો લઈ ગયા. એ ડાકુ કહે કે અમારી પાસે ક્યાં લેવા આવે. લાવને સહી કરી દઈએ. આહા..હા..! પછી જ્યારે કોર્ટમાં બોલાવ્યા. ડાકુને બોલાવ્યા કોર્ટમાં. શું કહેવાય તમારે ઈ? કોના ઉપર? કેસ કર્યો કસ. બોલાવ્યા. એક મીંદડો લઈ ગયા. વાણિયો હતોને એના ઘરની બિલાડી હતી એને લઈ ગયો. પોતાના ઘરની બિલાડી. પછી કરતા... કરતા... કરતા... કરતા... લ્યો સાહેબ! જુઓ આ સહી અને આ બિલાડીની સાક્ષી. .. એક બિલાડું નહોતું. તમે .. જાઓ. એ બિલાડી નહોતી. થઈ ગઈ સાક્ષી. આહા..હા..! એય..! આવું મારા કરે છે. આમ કરો અને આમ મૂકીને સહી કરાવી જાય. ડાકુ પાસે લૂંટાવે છે. આહા..હા..! વાણિયા હુશિયાર હોયને. એ વાત આવે છે. ઓલો ડાકુ તો કોણ જાણે .. એ વાત બનાવી. .. લોકોને સમજાવવું હોય એટલે.

અહીંયાં તો કહે છે કે જે આત્માને વિષે કર્તાબુદ્ધિના પરિણામ અને ભોગવવાનો જે ભાવ બે પ્રકારના અધ્યવસાય એ નાના-અનેક દ્રવ્યનો સ્વભાવ છે. એક દ્રવ્યનો સ્વભાવ નથી. કેમકે વિભાવ છે. સમજાણું કાંઈ? '**જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે.**' આહા..હા..! ધર્મી તો એ અનેક દ્રવ્યના સ્વભાવને પોતાનો માનતા જ નથી. આહા..હા..! એવી ધર્મદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ જીવ નિર્જરા કેમ થાય એને? કે એ ભાવ છે એ પોતાનો છે એમ માનતા નથી. આહા..હા..! એક ફક્ત દૃષ્ટિના પલટાની આ બધી વાત છે. આહા..હા..! દૃષ્ટિ જ્યારે રાગ ઉપર છે ત્યારે તો એકત્વબુદ્ધિથી મિથ્યાત્વને કારણે એને મિથ્યાત્વનું બંધ થાય છે. અને દૃષ્ટિ ભગવાન આત્મા રાગથી અધ્યવસાનથી .. તો એ અધ્યવસાય હોવા છતાં પોતામાં એના પ્રત્યે રાગ નથી, પ્રેમ નથી, પ્રીતિ નથી, લીનતા નથી, એકતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ કારણે ધર્મીને જે રાગાદિ ઉત્પન્ન થાય એકતાબુદ્ધિ નથી, પ્રેમ બુદ્ધિ નથી માટે .. જાય છે. નિર્જરા થાય છે એમ કહે છે. આહા..હા..! અજ્ઞાનીને તો રાગનો પ્રેમ છે. રાગનો ભેટો કરે છે. આહા..હા..! પોતાની ચીજથી ભિન્ન નથી રાખતા. સમજાણું કાંઈ? પહેલી સમ્યગ્દર્શન ચીજ જ એ મુક્તિનું કારણ છે. એ વિના તપ ને વ્રત કરીને મરી જાય, સુકાઈ જાય. .. નહિ. પણ લોકોને એ પ્રેમ એવો લાગે બહારનો. આહા..હા..!

આજે આવ્યું હતું નહિ ઓલામાં. પ્રવચનસાર સજ્ઝાયમાં પુદ્ગલનો ત્યાગ અને ગ્રહણ છે નહિ. શ્લોકમાં આવ્યું હતું. પ્રવચનસાર બીજા ભાગમાં. પુદ્ગલનું ગ્રહણ અને ત્યાગ એ આત્મામાં છે નહિ. ત્યાગ કરું એ ક્યાં આત્મામાં છે? આત્મામાં પુદ્ગલ છે નહિ પછી ત્યાગ શેનો કરે? શ્લોક આવ્યો હતો સવારમાં. આહા..હા..! રજકણમાત્રનો ત્યાગ અને ગ્રહણ આત્મામાં છે નહિ. કેમકે એ રજકણનો તો ચૈતન્યદ્રવ્યમાં અભાવસ્વભાવરૂપ છે. વચ્ચે સ્વભાવઅભાવ છે એનો ગ્રહણ-ત્યાગ કરવો અને એને છોડવું શું? આહા..હા..! ઓહો..હો..! ચોર્યાસીના

અવતાર અરેરે..! એ રખડતા-રખડતા જૈનપણું-મુનિપણું લીધું હોં. અત્યારે છે એ તો ઉગ્ર મુનિપણું. ઓહો..હો..! એને માટે ચોકા બનાવે પાણીનું બિંદુ ન લે મરી જાય તોપણ. એવી તો ક્રિયા. એ બધી ક્રિયા શુભભાવ છે. ધર્મ નથી. ધર્મ તો રાગથી ભિન્ન થઈને ભગવાન ચૈતન્ય સ્વભાવનો આશ્રય લઈને જે પરિણતિ ઉત્પન્ન થાય એનું નામ ભગવાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ કહે છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જે વિભાવ બે પ્રકારના હોય એ બેય પ્રકારનો વિભાવ અનેક દ્રવ્યનો સ્વભાવભાવ હોવાથી જ્ઞાનીનો એ ભાવ નથી. આહા..હા..! કેમકે જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે. છે એમાં? જુઓ, તો રાગ સ્વભાવ એનો નથી. આહા..હા..! વ્યવહારરત્નત્રયના, પંચ મહાવ્રતના પરિણામ એ જ્ઞાનીના નથી. આહા..હા..! ગજબ વાત. જે પરિણામમાં પરદ્રવ્યના નિમિત્તનો આશ્રય લીધો તો એ પરિણામ વિભાવભાવ છે. જ્ઞાની તો એક દ્રવ્યના આશ્રયે જ્ઞાયકભાવ છે. આહા..હા..! ભારે આકરી વાત! ..ભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! અરેરે..! દુનિયાને દેખાવ કરવા. .. તો કાંઈ દેખાવ કરવા સાચી વસ્તુ થઈ જાય? અહીં તો ઈ કહે છે કે પંચ મહાવ્રતના પરિણામ અને હરખ-શોકના ભાવ, સુખ-દુઃખની કલ્પનાનો ભાવ એ બેય ભાવ વિભાવ વિશેષભાવ, વિકારભાવ, અનેક દ્રવ્યનો સ્વભાવભાવ હોવાથી એક દ્રવ્યના સ્વભાવવાળાને એ ભાવ નથી. આહા..હા..! કહો, દેવીલાલજી! બહુ પણ માર્ગ! આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યપુંજ પ્રભુ એની દૃષ્ટિ જ્યાં પડી ત્યાં એને આશ્રયે જે પુણ્ય થાય, એક દ્રવ્ય સ્વભાવી પરિણામ જે ઉત્પન્ન થાય એ તો સ્વભાવિક શાંતિ અને આનંદ અને જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ છે. સમજાણું કાંઈ? નિર્જરા અધિકાર ઝીણો છે. ધર્મી જીવ તો એને કહીએ કે જેને પરદ્રવ્યના સંગથી ઉત્પન્ન થનારા ભાવને પોતાનો માનતા નથી, એને સાધન માનતા નથી અને એ કારણે મારામાં કાંઈક થાય એમ માનતા નથી. આહા..હા..! અજ્ઞાની જીવ તો અનાદિથી એ શુભરાગની મંદતા, પુણ્યની ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ વિભાવભાવ છે. આહા..હા..! સમ્મેદશિખરની જાત્રાનો ભાવ એ શુભભાવ રાગ છે. એમાં આવે છે કે નહિ? 'એકવાર વંદે જો કોઈ' આવે છેને ભાઈ! 'એક વાર વંદે જો કોઈ નર પશુ ન હોઈ' એમાં શું થયો નર-પશુનો અર્થ? પછી થશે.

મુમુક્ષુ :- પછી આગળ આવે છે એનાથી મોક્ષ થાય.

ઉત્તર :- ઈ આવે મોક્ષ થાય પણ કોને? જેને આત્મદ્રવ્યનું ભાન થયું છે એને જાત્રાનો શુભભાવ છે તો એ છોડીને પછી સ્વનો આશ્રય લેશે ત્યારે મુક્તિ થશે. આહા..હા..! અહીં મહાવીરકીર્તિ આવ્યા હતા. મહાવીરકીર્તિ નહિ? સાધુ અહીં આવ્યા હતા પહેલા. ઘણા વર્ષ પહેલા. .. સાધુ. ... એની પાસે એક ગ્રંથ હતો કે આ ગ્રંથમાં એમ લખ્યું છે. શિખરજીનું

માહાત્મ્ય. એમાં શેત્રુંજયનું માહાત્મ્ય લખ્યું હતુંને શ્વેતાંબર. એ ..નું માહાત્મ્ય. એમાં એમ લખ્યું છે કે શિખરજીની જાત્રા કરે તો ૪૯ ૪૮ ભવે મોક્ષ જાય. કીધું એકેય વચન વીતરાગનું નથી. પરદ્રવ્યને આશ્રયે ભવનો અભાવ થાય એ વીતરાગનું વચન નથી. અહીં આવ્યા હતા. ગુજરી ગયા હમણા. મહાવીરકીર્તિ છે. ગુજરી ગયા. ગુજરી ગયા. ગુજરી ગયા. આહા..હા..!

અહીંયાં તો ભગવાન આત્મા પોતાનો ચૈતન્યમૂર્તિ જ્ઞાનાનંદ સ્વભાવ એના સ્વના આશ્રયે જે ભાવ ઉત્પન્ન થાય એ વિભાવભાવ નથી. એ સ્વભાવભાવ છે. એ સ્વભાવભાવનો પ્રકાર પછી સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ સ્વ દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થનારા પરિણામ છે. એ પરિણામ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ? તેને સ્વસમય કહે છે. શુદ્ધ પરિણતિને સ્વસમય કહે છે. રાગ છે એ તો પરદ્રવ્યના નિમિત્તે ઉત્પન્ન થનારા

'**જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે. માટે જ્ઞાનીને તેમનો નિષેધ છે;...** ' આહા..હા..! અંતર્મુખ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ એનું અંતર માહાત્મ્યથી જ્યાં દૃષ્ટિનું પરિણમન થયું તો એનાથી વિરુદ્ધ રાગનો તો ત્યાં નિષેધ જ છે. ચાહે તો તીર્થંકરગોત્ર બાંધે એવો ભાવ હોય. 'ષોડશકારણ ભાવના ભાયે દર્શન વિશુદ્ધિ ભાવના ભાયે' એ પણ રાગ છે. બંધનું કારણ છેને? તો ધર્મ બંધનું કારણ હોય? આહા..હા..! બહુ કામ! આ અત્યારે મોટા-મોટા નામ ધરાવનારા. આહા..હા..! સભામાં એટલી ... શાલીગ્રામ નહિ? પંડિત નહિ ..શાલી.. અહીં .. નહોતો. બેય જણા ... લખ્યું છે આમાં ... બોલે. એને એમ કે આ જુદું ન પડે. .. છેને. પંડિતના ભાઈ. આહા..હા..! લોકોને બહારનો ઠઠારો દેખેને. ત્યાગનો નગ્ન-વસ્ત્ર નહિ, આહા..હા..! ભીક્ષા માટે જાય તો આમ વિકલ્પને આ ને આ ને આ. બાપુ! એ તો બધી બાહ્ય ક્રિયા છે. બહિર્મુખની વિભાવિક ક્રિયા છે. એ કોઈ ધર્મ નથી.

મુમુક્ષુ :- એ તો એમ જ હોય બહારનો ..

ઉત્તર :- હા, ઈ વાત સાચી. બહારનું ચારિત્ર હોય તો પછી સમ્યગ્દર્શન થાય. એ તો તદ્દન ના પાડી છે ત્યાં ..માં. કે બહારનું આ ચારિત્ર છે એ ચારિત્રમાં પુરુષાર્થ થશે. સમ્યગ્દર્શનમાં પુરુષાર્થ નથી તો કાળલબ્ધિ હોય નહિ. બધા સાંભળનારને ખબર નહિ કે શું વિરોધ છે. આહા..હા..!

'**જ્ઞાનીનો તો એક જ્ઞાયકસ્વભાવ છે.**' આહા..હા..! ધર્મીનું દ્રવ્ય તો જ્ઞાયકભાવ છે. તો જ્ઞાયકભાવની દૃષ્ટિ થઈ તો જ્ઞાયકભાવ જ એનો છે. રાગભાવ એનો છે નહિ. આહા..હા..! આ તો સીધી વાત છે, બહુ સીધી. પણ સત્ય સાંભળવા ન મળે. આહા..હા..! .. છે એનો. આહા..હા..!

મુમુક્ષુ :- એટલી લાયકાત નથી.

ઉત્તર :- એટલી લાયકાત નથી અને સાંભળવાની લાયકાત નથી. આહા..હા..! ઈ જાતનો

ક્ષયોપશમ, એ જાતનો શુભરાગ, એ જાતનું પુણ્ય સાંભળવામાં આવે એવા ત્રણ યોગ હોવા જોઈએ. એ જાતનો ક્ષયોપશમ હોય. પરલક્ષી અને એ જાતનો શુભભાવ ત્રીજું શુભ સાંભળવામાં વાણી આવે એ પુણ્યને કારણે. અને એમાં પણ બે ભાગ છે—એક પૂર્વના પુણ્યને કારણે એ મળ્યું. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજાથી શુભભાવ થયો અને શુભભાવથી સાંભળવાની વાણી મળી. સાંભળવાની, પણ મળી એમાં જે શુભરાગ છે એ શુભરાગમાં એકત્વ માને છે તો તો પુણ્ય પણ નાશ પામે છે અને મિથ્યાત્વભાવ થાય છે. સમજાણું કાંઈ? સુદેવ-સુગુરુ-સુશાસ્ત્રની ભક્તિથી પુણ્ય બંધાણું અને એ પુણ્યબંધના કારણે વાણી સાંભળવા મળી ત્યાં સુધી તો શુભભાવ છે. સાંભળવામાં આવ્યું પુણ્યને કારણે. અહીં શુભભાવ છે ઈ જાતનો ક્ષયોપશમ છે. પણ હવે શુભભાવમાં પાછું ધર્મ માને છે તો મિથ્યાત્વ થયું ત્યાં. આહા..હા..! સચ્ચિદાનંદ નિર્મળાનંદ આત્મા પૂર્ણ આનંદકંદ એની દૃષ્ટિ થયા વિના બધું નિરર્થક છે. આહા..હા..!

'**માટે જ્ઞાનીને...**' આ કારણે એમ. શું કારણથી? કે શુભાશુભભાવ જે છે એ પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થનારા અનેક દ્રવ્યસ્વભાવી વસ્તુ થઈ. જ્ઞાનીનો તો એકદ્રવ્ય સ્વભાવભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ તો અનેક દ્રવ્ય એટલે બે દ્રવ્ય મળીને થયું. જ્ઞાનીને તો એક દ્રવ્યસ્વભાવ છે. આહા..હા..! ઝીણું પડે બહુ. અને પછી અરે..! આવા અવતાર ચાલ્યા જાય છે. જો આ સંસ્કાર ન પડ્યા અંદર. એ સંસ્કાર રહ્યા તો એની એ દશા રહે. આહા..હા..!

'**તેથી જ્ઞાનીને તેમના પ્રત્યે રાગ-પ્રીતિ નથી.**' જુઓ, હયાતી તો બતાવી, ભાઈ! પરિણામ તો બતાવ્યું. ઓલા બીજી ગાથામાં કહ્યું હતુંને .. છે. પણ ખરી જાય છે. આ બાજુ. આહા..હા..! એમ શુભ-અશુભભાવ આવે છે, હોય છે જ્ઞાનીને પણ. એમ કહેવામાં આવે. છતાં એ પ્રત્યે પ્રેમ ને પ્રીતિ ને રાગ નથી. સમજાણું કાંઈ? એ કારણે આવ્યું એ ખરી જાય છે. અજ્ઞાનીને આવ્યું તો પ્રીતિ છે તો નવા બંધાઈને ખરી જાય છે. આહા..હા..! '**જ્ઞાનીને તેમના પ્રત્યે રાગ-પ્રીતિ નથી. પરદ્રવ્ય, પરભાવ સંસારમાં ભ્રમણનાં કારણ છે;...**' જુઓ, પરવસ્તુ એ સંસારના ભ્રમણનું નિમિત્ત અને નિમિત્તને આશ્રયે ઉત્પન્ન થયેલો પુરભાવ. પુણ્ય, પાપ, દયા, દાન, વ્રતભાવ એ સંસાર છે. છે? '**સંસારમાં ભ્રમણનાં કારણ છે;...**' શુભભાવ સંસારના ભ્રમણનું કારણ. વિભાવ છેને. શુભભાવ તો સંસાર, પોતે સંસારસ્વરૂપ છે એ તો. આહા..હા..! .. ઘોર સંસાર કીધો છે. શુભભાવ અને અશુભભાવ બેય ઘોર સંસાર છે. આહા..હા..! વાઘ અને વરુ જંગલમાં હોય અને એમાં બાવળના ઝાડ. બબુલના ઝાડ, લાખો ઝાડ, કરોડો ઝાડ અને એમાં સિંહ ને વાઘ ને વરુ. એમાં જઈ ચડ્યો. આહા..હા..! નીચે જમીન અને ઉપર આભ. કાંઈ નજર પડે નહિ. ક્યાં જાવું? એ દુઃખથી ... આહા..હા..! એમાં કોઈ બતાવનારા મળે. કે અહીંયાંથી નીકળીને જો અડધા માઈલ પછી

ગામ છે. અહીંથી નીકળીને. એમ ભગવાન એવી જાડીમાંથી કાઢવાની વાત કરે છે. ચોર્યાસીની જાળમાં બાપુ ભરાઈ ગયો છો, ભાઈ! આહા..હા..! તારી ચીજ નિરાળી રાગથી, એ રાગની ઇચ્છામાં ભરેલો મોટી દુઃખની જંજાળ વનમાં ભટકે છે. સંસારરૂપી ઘોર સંસારવન ભટકે છે. આહા..હા..! દુનિયા દુનિયાની જાણે પણ તારું તું કરી લે એમ કહે છે. દુનિયા ... આહા..હા..! વસ્તુ તો આવી છે.

પરદ્રવ્ય અને પરભાવ બે આવ્યા? પરદ્રવ્ય એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર એ પરદ્રવ્ય અને પરભાવ એના આશ્રયે ઉત્પન્ન થયેલો વિભાવભાવ '**संसारमां भ्रमणनां कारण छे;...**' પંડિતજી! ભગવાન પરદ્રવ્ય સંસારના ભ્રમણનું કારણ? એ પરદ્રવ્ય પહેલા લીધું નિમિત્તથી. આહા..હા..! શુભભાવનો સંબંધ તો નિમિત્ત દેવ-ગુરુ-શાસ્ત્ર સાથે છેને? તો કહે છે પરદ્રવ્ય એ સંસાર ભ્રમણનું કારણ છે. ત્યારે સ્વદ્રવ્ય સંસાર ભ્રમણનો અભાવ કરનારું છે તો પરદ્રવ્ય સંસારનું કારણ. આહા..હા..! ગજબ! મીઠું લાગે. કારણ કે સાધારણ વાત ... ઓહો..હો..! કેવી ભક્તિ! કેવી ભગવાનની શ્રદ્ધા! આહા..હા..! પણ ઈ શ્રદ્ધા સમ્યગ્દર્શન વિનાની શ્રદ્ધા ઈ શ્રદ્ધા જ સાચી નથી. ખોટી શ્રદ્ધા છે. એ જાતના શ્રવણમાં સંસ્કાર પણ નથી જેને કે હું તો રાગથી રહિત, મારી ચીજ સ્વના આશ્રયે થાય એ જ આત્માના પરિણામ અને મુક્તિનું કારણ એ જ્ઞાનની પરદ્રવ્યની વાત જ નથી એની પાસે. આહા..હા..!

'**परद्रव्य, परभाव संसारमां भ्रमणनां कारण छे;...**' જયચંદ પંડિતે તો કેવો ખુલાસો કર્યો જુઓ, .. નથી કહ્યું સમાજમાં અમારા વચનનું તોલ રહેશે કે નહિ? સમાજ રહી શકશે કે નહિ? આહા..હા..! વાત તો આ છે, ભગવાન! ચાહે તો ભગવાન હોય ત્રિલોકનાથ એ પરદ્રવ્ય છે. એને આશ્રયે ઉત્પન્ન થનારો ભાવ પુણ્ય અને વિભાવ છે. બેય સંસારનું કારણ છે. આહા..હા..! રાડ નાખે. રામજીભાઈ! આહા..હા..! ત્રિલોકનાથ ભગવાન. આહા..હા..! '**परद्रव्य,...**' ચોખ્ખું લખ્યું છે આમાં તો. છે કે નહિ? જયચંદ પંડિત જયપુરમાં થઈ ગયા. એણે ટીકા બનાવી. અહીંયાં સ્વદ્રવ્ય અખંડાનંદ પ્રભુ એ મોક્ષનું કારણ છે અને પરદ્રવ્ય સંસારનું કારણ છે. સ્વભાવભાવને આશ્રયે ઉત્પન્ન થતો ભાવ એ મોક્ષનું કારણ છે. પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થયેલો ભાવ સંસારનું કારણ છે. આહા..હા..! એમ બફમમાં બફમમાં ચાલ્યા જાય કે આપણે કાંઈક કરીએ છીએને, કાંઈક કરીએ છીએને તો લાભ થશે. શુભભાવ છેને? એમાં ક્યાં પાપ થયું? બાપુ! શાંતિ. પોતાનો શુદ્ધ સ્વભાવ એમાંથી છોડીને પરનું લક્ષ કર્યું તો એને અશાંતભાવ ઉત્પન્ન થયો. ચાહે તો શુભ હોય કે અશુભ એ તો અશાંતભાવ છે. હજી દૃષ્ટિમાં જ્યાં સુધારો નથી ત્યાં એને વ્રત ને ચારિત્ર થાય એ ક્યાંથી આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ?

'**तेमना प्रत्ये प्रीति करे...**' જુઓ, જે સંસાર પરિભ્રમણનું કારણ ભાવ એ પ્રત્યે

પ્રીતિ કરે તો ધર્મી કેવો એ? આહા..હા..! બહુ સ્પષ્ટ કર્યું. સમાજમાં આ ભાવ સાંભળીને સમાજમાં તુલના રહેશે કે નહિ એ કાંઈ દરકાર નથી. આહા..હા..! ભાઈએ લખ્યું છેને ... તત્ત્વજ્ઞાન મિમાંસા. જૈનતત્ત્વજ્ઞાન મિંમાસામાં લખ્યું છે. વિદ્વાનોનું તો એ કામ છે આગમની વાત ખોલવી, સ્પષ્ટ કરી દેવી. સમાજ એમાં રહી શકે કે નહિ? સમાજની તુલના રહેશે કે નહિ એ દરકાર ન કરવી. આહા..હા..! એવો ભાવ કરે તો સમાજ રહી શકે આપણા પક્ષમાં. જૈનતત્ત્વ મિમાંસા છેને? મળ્યું છે કે નહિ? તમારે નથી? જૈનતત્ત્વ મિમાંસા પુસ્તક ફુલચંદજીનું એ. એ. ફુલચંદજીએ બનાવ્યું એમાં પ્રસ્તાવના છે. ... એમાં છે.

મુમુક્ષુ :- .. કથન.

ઉત્તર :- ચાર કથન. ... મૂલાન છે. બહેને નહિ વાંચ્યું હોય? ..બહેન. વાંચે છે કે નહિ એ જૈનતત્ત્વ મિમાંસા. બહેન તો વાંચતા હોયને તમે નવરા ન હોય. ... છે પહેલા પ્રસ્તાવના. આહા..હા..!

મુમુક્ષુ :- સંતુલન.

ઉત્તર :- હા સંતુલન, સંતુલન. સમાજને સંતુલન રાખવું ઈ અમારું કામ નથી. વિદ્વાનોનું કામ તો અંદર આગમ જે સ્પષ્ટ કહે છે એ વાત ખોલવી. આગમનું રહસ્ય ખોલવું. કેમ નેમિચંદજી! અરે..! આવા ટાણા બાપા! મનુષ્યપણામાં જો આ કામ ન કર્યા અરે..! પ્રભુ ક્યારે કરશે? આહા..હા..! મોટા અનંત-અનંત સંસાર ભવિષ્યમાં છે. જ્યાં સુધી મિથ્યાત્વનો નાશ નહિ થાય તો રહેશે તો ખરોને. આત્મા તો રહેશે. ક્યાં? એમાં. અનંતકાળ રાગમાં, રાગની એકતામાં રહેશે. આહા..હા..! એ તો સંસાર છે. ભવિષ્યમાં આત્મા તો છેને. આહા..હા..! જેમાં રાગ અને પુણ્યની .. ભાવમાં પોતાની પ્રીતિ કરી એ જ સંસારમાં, દુઃખમાં અનંતકાળ ગાળશે ભવિષ્યમાં. આહા..હા..! અને એમાં પણ નિગોદમાં જાય તો ક્ષયોપશમ પણ નથી. કીડી-મકોડામાં આવે તો ક્ષયોપશમ નથી એવો. અનાર્યદેશમાં ઉત્પન્ન થાય તો સાંભળવાનો યોગ નથી. આર્યદેશમાં ઉત્પન્ન થાય પણ જૈનદર્શનમાં આવ્યા વિના જૈનની વાણી સાંભળવા મળે નહિ. આહા..હા..! એમાં પણ જૈનની વાણી સાંભળવા મળે પણ આ પરમાર્થ જિનવાણી છે એ સાંભળવા ન મળે તો .. છૂટી ગઈ. આહા..હા..!

આ તો પોતાના આત્માની માટેના હિતની વાત કહે છે અહીં. આહા..હા..! બાપુ! પરદ્રવ્યના ભાવ દૃષ્ટિ ઉત્પન્નભાવ એ તો વિભાવભાવ છે. અનેક દ્રવ્યનો સ્વભાવભાવ છે. ધર્મીને અનેક દ્રવ્યના સ્વભાવભાવની પ્રીતિ કેમ હોય? એક દ્રવ્યના સ્વભાવનો પ્રેમ જેને લાગ્યો એને અનેક દ્રવ્યના ભાવ ઉપર પ્રેમ કેમ હોય? એમ કહે છે. આહા..હા..! એટલામાં તો બહુ મૂક્યું છે હોં. ન્યાયથી.

શ્લોક-૧૪૮

(સ્વાગતા)

જ્ઞાનિનો ન હિ પરિગ્રહભાવં
કર્મ રાગરસરિક્તતયૈતિ।
રઙ્ગયુક્તિરકષાયિતવસ્ત્રે-
ઽસ્વીકૃતૈવ હિ બહિર્લુઠતીહ।।૧૪૮।।

હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનારૂપે શ્લોક કહે છે :-

શ્લોકાર્થ :- [इह अकषायितवस्त्रे] જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય એવા વસ્ત્રમાં [रंगयुक्तिः] રંગનો સંયોગ, [अस्वीकृता] વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો, [बहिः एव हि लुठति] બહાર જ લોટે છે-અંદર પ્રવેશ કરતો નથી, [ज्ञानिनः रागरसरिक्ततया कर्म परिग्रहभावं न हि एति] તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.

ભાવાર્થ :- જેમ લોધર, ફટકડી વગેરે લગાડયા વિના વસ્ત્ર પર રંગ ચડતો નથી તેમ રાગભાવ વિના જ્ઞાનીને કર્મના ઉદયનો ભોગ પરિગ્રહપણાને પામતો નથી. ૧૪૮.

કળશ-૧૪૮ ઉપર પ્રવચન

'હવે આ અર્થના કળશરૂપે તથા આગળના કથનની સૂચનારૂપે શ્લોક કહે છે :-' ૧૪૮. ૧૪૮ને?

(સ્વાગતા)

જ્ઞાનિનો ન હિ પરિગ્રહભાવં
કર્મ રાગરસરિક્તતયૈતિ।
રઙ્ગયુક્તિરકષાયિતવસ્ત્રે-
ઽસ્વીકૃતૈવ હિ બહિર્લુઠતીહ।।૧૪૮।।

આહા..હા..! **'જેમ લોધર, ફટકડી...'** લોધર આવે છેને કપડાને રંગવાનો. પછી રંગ

લાગે. ફટકડી ન હોય તો અંદર બરાબર રંગ ન લાગે. '**જેમ લોધર, ફટકડી વગેરેથી જે કષાયિત કરવામાં ન આવ્યું હોય એવા વસ્ત્રમાં**...' રાગનો સંયોગ '**રંગનો સંયોગ, વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો,...**' આહા..હા..! જે વસ્ત્રમાં એ કહ્યુંને ફટકડી અને લોધર ન લાગ્યો હોય એને રંગ ન પકડાય. એ વસ્ત્ર રંગને નહિ પકડી શકે. આહા..હા..! ભાઈ એને રંગનો સંયોગ... '**વસ્ત્રમાં રંગનો સંયોગ, વસ્ત્ર વડે અંગીકાર નહિ કરાયો થકો,...**' વસ્ત્રને પકડી નહિ શકે. '**બહાર જ લોટે છે...**' ઉપર રહી જાય છે. વસ્ત્રની '**અંદર પ્રવેશ કરતો નથી,...**' આહા..હા..! તાણા-તાણામાં એકરૂપ થાય એમ નથી થતું એને.

'**તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી...**' જેમ વસ્ત્રમાં લોધર અને ફટકડી નથી એમ ધર્મીને પરવસ્તુનો પ્રેમ નથી. આહા..હા..! .. શક્તિ છે? ... એને સાધન દેવું પડે કે નહિ? ચિકાશ બહુ ગુંદર. ગોંદ-ગોંદ કહે છેને? બહુ ચિકાશ થઈ ગઈ જીભમાં. સારો સાબુ લાવો. એ જીવ રહેવા ન દે. જીભનો સ્વભાવ ચિકાશ રહેવા ન દે. એમ ભગવાન આત્માનો સ્વભાવ રાગની પ્રીતિ કરવા ન દે. આહા..હા..! એવી વાત ભારે ભાઈ ઝીણી. '**તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી...**' એક વાત સીધી કે આત્મસ્વભાવથી ભિન્ન જે વિભાવ એની જેને પ્રીતિ અને રુચિ-એકતા છે એ મિથ્યાદૃષ્ટિ રાગથી રંગાયેલો છે. આહા..હા..! જ્ઞાનીને રાગથી પૃથક્ ભગવાન આત્મા. આહા..હા..! અનંત દ્રવ્યના મધ્યમાં હોવા છતાં. છેને .. આવ્યા છે. ..માં જ આવશે. આહા..હા..! અનંત દ્રવ્યની મધ્યમાં રહેલો, પણ રાગની એકતા અને પ્રીતિ નથી તો એને કર્મ બંધાતા નથી. અને બાહ્ય સ્ત્રી, કુટુંબ બધું છોડી દીધું. એકલો નગ્ન થઈ ગયો, પણ અભ્યંતરમાં રાગનો પ્રેમ, શુભભાવની રુચિ અને દૃષ્ટિ છે એ મિથ્યાત્વથી રંગાયેલો છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી સંસારી છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થી મોક્ષમાર્ગમાં છે. સમજાણું કાંઈ? આવે છેને એ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, મુનિ થઈને રાગનો પ્રેમ કરે છે અને રાગમાં ધર્મ બતાવે છે અને રાગમાં ધર્મ માને છે એ સંસારી છે, બંધમાર્ગમાં છે. આહા..હા..! અને ગૃહસ્થાશ્રમમાં હોય. રાગ છે સ્ત્રીનો, કુટુંબનો એવો. પણ રાગનો રાગ નથી. આહા..હા..! તો એ મોક્ષમાર્ગમાં છે. છૂટવાના પંથે છે. એ બંધાવાના પંથે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પ્રવેશ કરતો નથી, તેમ જ્ઞાની રાગરૂપી રસથી રહિત હોવાથી...**' ઈ પાછી ચર્ચા આવી છે આમાં. કે ભેદજ્ઞાની હોય એ તો સંયમી થાય તો ભેદજ્ઞાની કહેવાય. રતનચંદજી લખે છે. એમાં આવે છેને એમ કે ભિન્ન પડ્યા ત્યારે કહેવાય કે એનાથી છૂટે તો. પણ છૂટવાનો અભિપ્રાયમાં છૂટી ગયો એ છૂટેલો જ છે. આમાં એ લખ્યું છે. સંયમ હોય તો

ભેદજ્ઞાન કહેવાય. સંયમ વિના ભેદજ્ઞાન નથી. આહા..હા..! ક્યાંનું ક્યાં કરે છે! રતનચંદજી ... આવો વીતરાગ માર્ગ નિર્મળ પ્રભુ એને ક્યાં-ક્યાં કચરડીને રાગમાં ધર્મ મનાવી દે છે. આહા..હા..! આ દુનિયા છે પાગલ જેવી તો ત્યાં પામે છે. કુદરતના રસ્તે નહિ ચાલે ત્યાં. સમજાણું કાંઈ? બહારની ખબર નથી લોકોને સત્ય શું છે. ત્યાં ચાલે, પ્રસિદ્ધિ પામે, આબરૂ મળે, પણ સત્યના પંથમાં કુદરતમાં ન ચાલે. આહા..હા..! સ્વભાવિક ચીજનો ધણી નથી અને રાગનો ધણી છે તો નપુંસક છે એ તો. આહા..હા..! એ આત્મા નથી. ઝીણી વાતુ બહુ પણ. રાગ પુણ્યભાવ. એનો સ્વામી થઈને એમાં લાભ છે એમ મનાવે મિથ્યાદૃષ્ટિ સંસારમાર્ગે પડ્યો છે. આહા..હા..! હજારો રાણી છૂટી હોય અને એકલો જંગલમાં રહેતો હોય, પણ અંદરમાં રાગની પ્રીતિમાં પડ્યો હોય. શુભરાગ પણ એ સમયે છે. એ ધર્મનું કારણ નથી. આહા..હા..! ગજબ વાત છે પણ ભારે આકરી વાત!

એક માણસ પાસે પૈસા ઘણા થયેલા. ઘણા વર્ષની. પછી જૂની બાઈ મરી ગઈ અને નવી પરણ્યો. નવી પરણ્યો એને કેન્સર થયું. કેન્સર. વળી કહે કેન્સર. ભાઈ સાહેબ! ... નવી પરણ્યો છું બાયડીનો ત્રાસ... પૈસા હતા દસ લાખ. ... તમારામાંથી ... પાછા બીજાને કહી દે ઓહો..! .. દેખીને. કેન્સર થયું. .. હવે. પૈસા થયા દસ લાખ રૂપિયા. તે દિ' આ તો ઘણા વર્ષની વાત છે હોં. ૮૨-૮૦ની સાલની વાત છે. ખબર છે કે નહિ? એને ખબર છે. એમ કહ્યું હતું. .. ત્યારે સાંભળવા આવતા બિચારા ૮૨માં વઢવાણ. પછી એમ કહે મારી વાત અરેરે..! બૈરાને દુઃખ હશે. ભાઈ સાહેબ મને ભલે... મારું ભલે... પડશે ત્યારે ભલે રોવે, પણ અત્યારથી. આહા..હા..! અરે..! આવા દુઃખો તો અનંતવાર એણે સેવ્યા છે. મારો પણ ભૂલી ગયો. આ સતીયું થાય હમણા આવ્યું હતું નહિ. એનો ધણી મરી ગયો. પાંચ છોકરા. પડી. છાપામાં આવ્યું હતું. આહા..હા..! ત્યાં કાંઈ માસીબા બેઠી છે કાંઈ? કે તું સાથે મર્યો માટે તારા ધણી સાથે ચાલ. ઓલો ધણી ક્યાંય મરીને ઉત્પન્ન થયો હોય અને આ ક્યાંય મરીને ઉત્પન્ન થાય. આહા..હા..! મિથ્યાત્વભાવ સતી થાય છે સતી. છે .. આવ્યા હતા પછી. માણસ કઈ રીતે રોકે? સળગતી હતી અને પડી એમાં. પડી અને થઈ મરી. છાપામાં આવ્યું. આહા..હા..! કોની પાછળ? કે ધણી પાછળ. આહા..હા..! એક જણો એમ કહેતી હતી કે અરે..! ધણીને મરતા બે ચાર દિ' વયા ગયા. એ એકલા કેમ રહેશે? મારે જાવું છે. એ પણ સતી થઈ પાછળ. એ અહીંથી જયપુર. છાપામાં આવ્યું. દશા શ્રીમાળી. આવું છે ભાઈ! આહા..હા..! ધણી મરી ગયો. પાણી આપ્યું. પાણી મૂકેને કાંઈક?

મુમુક્ષુ :- ક્રિયાના ત્રીજે દિવસે.

ઉત્તર :- એ .. દીધું એણે. ખાનગી. બોલે નહિ. મારા પ્રાણ આપું છું. લોકો સમજે

નહિ. ખ્યાલ ન આવ્યો. પાણી મૂકેને. પાણી મૂકાવે. એમ કે હમણા હું આવું છું. જાવ છું મરવા. હું હમણા આવું છું. એ જ્યાં મરી ગયો ત્યાં મેડી ઉપર હતી બાઈ પડવા માંડી ઉપરથી. અરે..! મને જવા દ્યો. એને વખત થઈ ગયો ઘણો. આમ છે. પછી બે-ત્રણ દિ'એ મરી ગઈ. આ જગતમાં છે. એ અજ્ઞાન અને રાગની એકતા કરે એ ઘાસતેલ છાંટીને બળી મરે છે. આહા..હા..!

'**તેને કર્મ પરિગ્રહપણાને ધારતું નથી.**' એ પુણ્ય-પાપના ભાવ પોતાના છે એવો પરિગ્રહપણાને ધારતું નથી. ધર્મીનો જ્ઞાયકભાવસ્વભાવ એની દૃષ્ટિ છે તો રાગ પરિગ્રહપણાને ધારતું નથી. નિર્જરા થઈ જાય છે. આહા..હા..! અજ્ઞાની દિગંબર મુનિ હોય એકલા. તો એ રાગ અંદર અંશ આવ્યો મહાવ્રતાદિનો એ મને લાભદાયક છે. પરિગ્રહપણાને પ્રાપ્ત થયો. પરિગ્રહધારી છે એ. આહા..હા..! ભાવાર્થ છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૯, બુધવાર, તા. ૧૧-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૮-૨૧૯, કળશ-૧૪૮-૧૪૯, પ્રવચન-૩૬૫

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

૧૪૮ કળશનો ભાવાર્થ છે. વાત તો નિર્જરા સૂક્ષ્મ અધિકાર. કેમકે અનાદિ કાળથી વસ્તુ જે વસ્તુસ્વભાવ છે એ તરફની દૃષ્ટિનો તો ભાવ છે નહિ. તો એ પર્યાય અને રાગ ઉપર એની રુચિ અને ભાવ છે. તો એ કારણે તો રાગની રુચિ અને પર્યાયની બુદ્ધિ એ તો મિથ્યાબુદ્ધિ છે. મિથ્યાબુદ્ધિમાં તો નિરંતર બંધન થાય છે. હવે ધર્મ કોને થાય? એની વાત ચાલે છે. જેની દૃષ્ટિ પર્યાય અને રાગની રુચિ છોડીને ત્રિકાળી આનંદ જ્ઞાયકભાવસ્વરૂપ આત્મા એના અંતર આશ્રયથી જે દૃષ્ટિ થઈ એનું નામ અહીંયાં સમ્યગ્દર્શન અથવા સાધકસ્વભાવવાળો જીવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પર્યાયની અપેક્ષાએ સાધક છે.

વસ્તુ શુદ્ધ ધ્રુવ પૂર્ણ સ્વરૂપ એના અસ્તિત્વનો સ્વીકાર જ્યાં અંતરમાં થયો તો દૃષ્ટિ

દ્રવ્ય ઉપર પ્રસરી ગઈ. તો સમ્યગ્દર્શન થયું. બીજી કોઈ ક્રિયાકાંડથી દર્શન થાય એવી ચીજ છે નહિ. વસ્તુ ચૈતન્યમૂર્તિ પૂર્ણ આનંદ સાક્ષાત્ ચૈતન્ય સ્વભાવ, પરમાત્મસ્વભાવ જિનસ્વભાવ, વીતરાગ સ્વભાવ, અભેદસ્વભાવ, એકરૂપ સ્વભાવ એની દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને આનંદનો સ્વાદ આવે છે. પર્યાય અને રાગબુદ્ધિમાં દુઃખનો અનુભવ છે. સમજાણું કાંઈ? ચાહે તો જૈન સાધુ હોય દિગંબર. પણ અઠ્યાવીશ મૂળગુણ જે રાગ છે એની એને રુચિ છે અને રાગ જ એનું કર્તવ્ય છે. એ તો મિથ્યાદૃષ્ટિ દુઃખને જ ભોગનારો છે. ચાહે તો નગ્ન હોય અને અઠ્યાવીશ મૂળગુણ પાળતો હોય, તોપણ એ દુઃખનું વેદન કરનારો છે. આહા..હા..! પણ જ્યારે એ રાગ અને પર્યાયબુદ્ધિ ઉપરથી દૃષ્ટિ હટાવીને ચૈતન્ય પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ અંતર્મુખ એના ઉપર દૃષ્ટિ થતાં સ્વભાવની સાથે પર્યાયની એકતા થાય છે. એકતા થાય છે એમાં આત્માના આનંદનો સ્વાદ આવે છે. એ સ્વાદમાં નિર્જરા થાય છે એમ કહે છે. આહા..હા..! એ આનંદના સ્વાદ આગળ રાગ અને પર્યાયનો આદર એમાં નથી. આહા..હા..! માર્ગ આવો છે.

એથી કહે છે કે '**જેમ લોધર, ફટકડી વગેરે લગાડયા વિના વસ્ત્ર પર રંગ ચડતો નથી...**' વસ્ત્રમાં રંગ લગાવો તો લોધર અને ફટકડી ન હોય તો વસ્ત્ર રંગને પકડી શકે નહિ. '**તેમ રાગભાવ વિના...**' અંતર સ્વભાવ શુદ્ધ અખંડ આનંદ એની અંતર દૃષ્ટિનો આશ્રય દ્રવ્ય સ્વભાવે લીધો તો પરપ્રત્યેથી રાગ ખસી ગયો. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા હોય તો એ રાગ છે. એ રાગ પ્રત્યે પણ રાગ ખસી ગયો. સમજાય છે કાંઈ? એથી એને જે કાંઈ કર્મનો ઉદય દેખાય એ બધું નિર્જરી જાય છે. સ્વભાવની શુદ્ધિના આદર આગળ વિભાવનો આદર રહેતો નથી. વિભાવનો આદર રહેતો નથી. થોડી ગુજરાતી આવી જાય છે અંદરમાં.

'**રાગભાવ વિના...**' જેના પ્રત્યે પ્રેમ જ નથી. જ્યાં પ્રેમ છે ત્યાં તો આનંદસ્વભાવ છે. સમજાણું કાંઈ? ધર્મીને જ્યાં પ્રેમ લાગ્યો છે એ તો ભગવાન આનંદસ્વરૂપમાં પ્રેમ છે. તો એનાથી વિરુદ્ધ જે રાગાદિ દુઃખરૂપ છે એમાં તો પ્રેમ નથી. રાગનો રાગ નથી. એ કારણે '**જ્ઞાનીને કર્મના ઉદયનો ભોગ...**' ઉદય આવે છે. ભોગ. લૌકિક ભાષાએ સમજાવ્યું છે. '**ભોગ પરિગ્રહપણાને પામતો નથી.**' ઈ જાણે ભોગવતા હોયને એમ દેખાય, પણ અંદર પરપ્રત્યેની એકતા તૂટી ગઈ છે. પરપ્રત્યેનો પ્રેમ પણ નથી તો એને પરિગ્રહપણાને પામતો નથી. ભારે વાતું ભાઈ!

શ્લોક-૧૪૯

(स्वागता)

ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्
सर्वरागरसवर्जनशीलः।
लिप्यते सकलकर्मभिरेषः
कर्ममध्यपतितोऽपि ततो न।।१४९।।

ફરી કહે છે કે :-

શ્લોકાર્થ :- [यतः] કારણ કે [ज्ञानवान्] જ્ઞાની [स्वरसतः अपि] નિજ રસથી જ [सर्वरागरसवर्जनशीलः] સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો [स्यात्] છે [ततः] તેથી [एषः] તે [कर्ममध्यपतितः अपि] કર્મ મધ્યે પડ્યો હોવા છતાં પણ [सकलकर्मभिः] સર્વ કર્મોથી [न लिप्यते] લેપાતો નથી. ૧૪૯.

કળશ-૧૪૯ ઉપર પ્રવચન

'ફરી કહે છે કે :-' એનો વિસ્તાર કરે છે. ૧૪૯.

(स्वागता)

ज्ञानवान् स्वरसतोऽपि यतः स्यात्
सर्वरागरसवर्जनशीलः।
लिप्यते सकलकर्मभिरेषः
कर्ममध्यपतितोऽपि ततो न।।१४९।।

અજ્ઞાની સમવસરણમાં બેઠો હોય ત્યાં પણ એ રાગની એકતાથી બંધન કરે છે. અને '**જ્ઞાની નિજ રસથી જ સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો...**' છે. આહા..હા..! ધર્મી પોતાનો આનંદસ્વભાવ એવો નિજરસ. આત્માના આનંદરસથી જ સર્વ રાગરસના ત્યાગરૂપ. આનંદરસના ભાવથી સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ અલૌકિક વાત છે. એ સાધારણ કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કરે તો ધર્મ થાય,

શાસ્ત્ર ભણવાથી કે શાસ્ત્ર કહેવાથી ધર્મ થાય એવી એ ચીજ નથી. સમજાણું કાંઈ? જ્યાંથી પરિણામ ઉઠે છે એ દ્રવ્યસ્વભાવમાં દૃષ્ટિ દેવાથી એનો રાગરસનો ત્યાગ સ્વભાવવાળો થઈ ગયો એ. અજ્ઞાનમાં રાગરસના ભાવવાળો હતો એ '**જ્ઞાની નિજ રસથી...**' આ એટલું મળ્યું. આત્મા શાંત... શાંત... શાંત... અતીન્દ્રિય આનંદસ્વભાવ એવા '**નિજ રસથી જ...**' પોતાનો નિજરસ અથવા જ્ઞાયકભાવમાં એકતાનો રસ એનાથી જ '**સર્વ રાગરસના...**' ચાહે તો જે ભાવે પંચ પરમેષ્ઠીની ભક્તિ હોય, ચાહે તો તીર્થંકરગોત્ર બાંધવામાં જે ભાવ થાય '**સર્વ રાગરસના ત્યાગરૂપ...**' અભાવરૂપ '**સ્વભાવવાળો...**' છે. આહા..હા..! આવો ધર્મ! કહો, ચંદુભાઈ! આવું ભારે ઝીણું કરી નાખ્યું.

મુમુક્ષુ :- અમૃત ઝરે છે.

ઉત્તર :- આવું તે ઝીણું કરી નાખ્યું. અરે..! ભગવાન! તું ઝીણો જ છો પ્રભુ! આહા..હા..! તારો આનંદનો સાગર નાથ તે જોયો નહિ કોઈ દિ'. ન જોવાના જોયા અને જોવાના જોવા રહી ગયા. સમજાણું કાંઈ? ન જોવાની ચીજ ઘણી જોઈ અને જોવાની જે ચીજ છે એ રહી ગઈ. આહા..હા..! શાસ્ત્ર ભણ્યો, વ્રત લીધા, તપ કર્યા, જંગલમાં રહ્યો નગ્ન થઈને, પણ એ જોવાની જે ચીજ હતી એ તો રહી ગઈ. એ ક્રિયાકાંડના રાગ અને પ્રવૃત્તિમાં ચાલ્યો ગયો. આહા..હા..! રાગના રસથી અભાવસ્વભાવવાળો ભગવાન એ રહી ગયો એ જેણે લઈ લીધો. આહા..હા..! અંતરમાં રાગરહિત સ્વભાવ નિજરસવાળો ભગવાન. આહા..હા..! ધર્મીને તો આનંદના રસથી જ '**સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો...**' અંતરમાં રાગના પ્રેમના અભાવ-સ્વભાવવાળો જ થઈ ગયો એ. આહા..હા..! સમજાણું કાંઈ? કરવું હોય તો આ કરવાનું છે. આહા..હા..!

ધર્મી જીવ '**નિજ રસથી જ...**' એમ એકાંત કરી દીધું. લ્યો, આહા..હા..! પોતાનો અકષાય આનંદસ્વભાવ એની દૃષ્ટિ થતાં આનંદનો પર્યાયમાં ભાવ થવાથી સર્વ રાગરસ એનાથી વિરુદ્ધ જે રાગ એની જે એકતા જ્ઞેય બનાવીને એકતા એ રાગરસના ત્યાગરૂપ છે. ભારે આકરું લાગે આવું. વ્યવહાર હોય તો એને ઠીક પડે. પંચ પરમેષ્ઠીની ભક્તિ. આજ જોયું હતું. નાખ્યું ભાઈએ. ઓલી ..ની પાર્ટી આવી છે, ભાઈ! પુસ્તક નથી બધું આખું? સમાગમ થાય. કેટલાય ગોટા વાળ્યા છે. અરે..! ભગવાન! શુભરાગથી આમ થાય અને શુભરાગથી આમ થાય. કુંદકુંદભારતી.. આ તો .. તમારી ભાષા નથી? દુઃખ.. એ દશેય ભક્તિમાં છેલ્લે છે. દસ ભક્તિ છેને એમાં? દશેય ભક્તિમાં છે. એ જોવું હતું. આચાર્યની શૈલી શું છે. એમાં છે ભક્તિ.

મુમુક્ષુ :- દસ લક્ષણી પાઠ.

ઉત્તર :- હા, જુઓ, છેને આપણે. ઈ આવ્યું છે. .. લાગે છે. ... ઈ. ઉપર. નિર્વાણ

ભક્તિ. નિર્વાણ ભક્તિ છેને? ... ... એ પૂરું કરીને. પહેલા શરૂઆત બંધ અધિકાર છે. ... દુઃખકહો, બોહિલાભો ... ... પૂરી ભક્તિથી .. બહુમાન કરું એમ પકડી બેસે. આમ હું વંદન કરું છું, વંદન કરું છું. આ મારો ધર્મ છે. એય..! આવે છેને બધું. રામ અહીંયાં મોક્ષ ગયા, હનુમાન અહીં ગયા. આવે છેને એ.

મુમુક્ષુ :- .. ગાથા.

ઉત્તર :- .. પંથે ગયે બધું આવે છે. ... વંદુ છું ... લ્યો, પાઠ એવો છે. ભાષા તો એમ જ બોલાયને. પરને વંદન કરવામાં દુઃખના ક્ષયને કારણ માટે હું વંદન કરું છું એમ પાઠ. ... આ પકડે કે જુઓ, આ કુંદકુંદાચાર્યનું વચન છે કે નહિ? કોનું છે? એ તો બહુમાનના શબ્દનો અધિકાર ચાલતો હોય તો કહે. લબ્ધયે. ન આવ્યું? વંદે તદ્‌ગુણ લબ્ધયે. મોક્ષમાર્ગ નેતારં.. પણ તેના ગુણની પ્રાપ્તિ માટે હું વંદન કરું છું. વિકલ્પ. એમ મારે ભાવના તો અંતર સ્વભાવની છે. જેવો ગુણ છે એવો ગુણ મને પ્રાપ્ત અંદર .. રહો એવી પ્રાર્થના છે. અરેરે..! લ્યો, જિનગુણ સંપત્તિ હો મંજં. છેને? જિનેન્દ્ર ભગવાનના ગુણોની સંપ્રાપ્તિ થાઓ. દશેય ભક્તિમાં છે. એ ભક્તિ સારી ...

અહીં કહે કે પરદ્રવ્યની ભક્તિ રાગ. એય..! ચંદુભાઈ! ભારે કઠણ પડે. સાક્ષાત્ ત્રણ લોકના નાથ સમવસરણમાં બિરાજતા હોય અને હીરાનો થાળ, મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલ. કહે છે કે પરદ્રવ્ય ઉપર લક્ષ છે એટલો રાગ છે. સ્વના લક્ષના આશ્રયસહિત હોય તો ત્યાં સ્વને આશ્રયે શુદ્ધિ વધે છે થોડી. એ ..ને કારણે નહિ. આહા..હા..! અને એમ ન કહેવાય કે શુભમાં અશુભ ગયુંને? શુભ આવ્યું એટલું અશુભ ગયું છે તો એ પણ વ્યવહારથી સંવરનું કારણ છે એમ આવે છે એમાં. તો અશુભ ગયુંને? સમ્યગ્દર્શનસહિત તો છે. અશુભ ગયું એટલું સંવર થયું. તો એ શુભમાં સંવર લગાવ્યું. કે શુભ એ સંવર છે. પરંપરા તો કારણ છે કે નહિ? એનું શું કારણ ભાઈ! પહેલાથી સ્વચૈતન્યનો આશ્રય લેવો એ છેલ્લે સુધી કેવળજ્ઞાન પ્રાપ્તમાં સ્વના આશ્રયે જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. બીજી કોઈ ચીજ છે નહિ અંદર. આવે છે વચ્ચે વ્યવહાર, વિકલ્પ, વિનય બધું આવે. પણ એ છે .. બંધનું કારણ. આવી આકરી વાતું પડે છેને માણસને.

અહીં કહે છે ધર્મીની દૃષ્ટિમાં તો નિજ રસનો સ્વભાવ આવ્યો છે. આહા..હા..! જ્યાં પરદૃષ્ટિનો વિષય પર તો નથી, પણ દૃષ્ટિનું ધ્યેય સમયની પર્યાય નથી. ..ચંદજી! એવી વાત છે. નિજરસ આત્મા આનંદસ્વરૂપ ભગવાન. આનંદના '**રસથી જ સર્વ રાગરસના ત્યાગરૂપ સ્વભાવવાળો...**' ત્યાં રાગનું .. કેમ થાય? ભગવાન આત્માના આનંદના સ્વાદ આગળ બેસ્વાદ રાગાદિનો પ્રેમ કેમ હોય? આહા..હા..! કહો, સમજાણું કાંઈ? છે કે નહિ અંદર? કાંતિભાઈ! આ તો લોજિકથી તો વાત ચાલે છે. આહા..હા..! એ શુભભાવ ઘોર સંસારનું

કારણ, એક બાજુ શુભભાવ અશુભ ટળ્યું માટે એટલું સંવર છે. કઈ અપેક્ષાએ કથન છે? એ તો સ્વનો આશ્રય છે એ આશ્રય શુભને કાળે પણ આશ્રય વધી ગયો છે. અશુભમાં આશ્રય થોડો છે. શુભ આવ્યું તો વિશેષ આશ્રય છે. શુદ્ધમાં તો વિશેષ આશ્રય છે. એ અંતર નિજ રસના આશ્રયની શક્તિ નિજ સ્વભાવ એના અવલંબન અને આશ્રયે જ ધર્મીને એનાથી વિરુદ્ધ રાગનો રસ ચાલ્યો ગયો છે. રાગ રસના અભાવસ્વરૂપ એટલે ત્યાગસ્વરૂપ. એમ છેને પાઠ? આહા..હા..!

'**सर्व रागरसना...**' છેને? '**वर्जनशीलः**' પાઠમાં છે '**वर्जनशीलः**' એનો સ્વભાવ જ એવો થઈ ગયો. અજ્ઞાનીનો સ્વભાવ સર્વ ભગવાન આત્મસ્વભાવથી વિરુદ્ધસ્વભાવ રસ છે. સમજાણું કાંઈ? ભગવાન આનંદકંદના સ્વાદથી વિરુદ્ધ અનાદિનો અજ્ઞાનીનો રાગનો પ્રેમ અને એનો સ્વાદ છે. દુઃખ ઝેરીલો સ્વાદ છે. તો એ સ્વાદમાં તો ત્રિકાળી સ્વભાવનો અનાદર થઈ ગયો. એનો સ્વભાવ જ એવો થઈ ગયો. આહા..હા..! અને આત્મા ચૈતન્ય સ્વભાવ એવું અંતરમાં... આ નિર્જરા એને થાય છે એવી વાત છે. '**निज रसथी ज सर्व रागरसना...**' એમ. કોઈપણ રાગનો અંશ એનો પ્રેમ રહ્યો નથી. '**सर्व रागरसना...**' બે બાજુ. એકકોર નિજરસ અને એકકોર રાગરસ. કહો, સમજાણું કાંઈ? એક લીટીમાં કેટલું ભર્યું છે! આ તો કથાવાર્તા નથી. આ તો અધ્યાત્મ આત્માના સ્પર્શની વાત છે. આહા..હા..!

ભગવાન આત્મા '**निज रसथी ज...**' ભગવાન આત્માને જ્યાં આત્માનો અનુભવ થયો તો એ નિજ રસથી, પોતાના આનંદના રસથી જ રાગનું એકત્વપણું, રાગમાં એકપણું રસ નામ એકત્વ એવા ત્યાગરૂપ સ્વભાવવાળો છે. રાગના રસના ત્યાગસ્વભાવવાળો છે. પોપટભાઈ! તો આ પૈસા-પૈસા તો ક્યાંય રહી ગયા એમાં. છોકરાઓ? આહા..હા..! એને ... છે. એમાં રાગ પરદ્રવ્ય છે, વિભાવ છે, વ્યભિચાર છે. આહા..હા..! ભગવાન આત્મા અવ્યભિચારી સ્વભાવ એનું અંતરમાં ભાન થવાથી ધર્મીને નિજ રસના સ્વાદ આગળ રાગના ત્યાગરૂપ સ્વભાવવાળો થઈ ગયો. પછી રાગનો ત્યાગ કરવો છે કે એમ છે નહિ. કહો, છોટુંભાઈ! આવું ઝીણું છે.

'**तेथी...**' આ કારણે એમ છેને? '**तेथी...**' એટલે આ કારણે '**ते कर्म मध्ये पड्यो होवा छतां पण...**' સંયોગી ચીજ એટલી હોય કે ચારેકોર ઘેરો ઘાલ્યો હોય, ચક્રવર્તીનું રાજ, ઈન્દ્રનું ઈન્દ્રાસન, કરોડો ઈન્દ્રાણીઓ એવા કર્મની વચ્ચે પડ્યો હોય, સંયોગની સામગ્રીની વચ્ચે છે તો પણ '**सर्व कर्मोथी लेपातो नथी.**' એ કર્મના રાગથી અને બાહ્યના કાર્યથી લેપાતો નથી. બહુ ટીકા! જેને આનંદરસનો નિજસ્વાદ આવ્યો એને રાગનો રસ ફિક્કો લાગે છે, ઝેર લાગે છે. આહા..હા..! પુણ્યના ઉદયથી સામગ્રી બહુ અનુકૂળની મધ્યમાં પડ્યો હોય, કે પાપના ઉદયથી પ્રતિકૂળ સામગ્રીની મધ્યે પડ્યો હોય. અહીં તો સમ્મુચય વાત છેને. કે

અનુકૂળ સામગ્રીમાં પડ્યો હોય એવી વાત છે? આહા..હા..!

'**સર્વ કર્મોથી લેપાતો નથી.**' સર્વ કર્મ મધ્યે પડ્યો હોય. પ્રતિકૂળ સામગ્રી. આહા..હા..! શરીરમાં ક્ષય રોગ, સ્ત્રી મરી જાય, દીકરી રાંડે. દીકરી મરે તો તો ઠીક, પણ આ તો રાંડે. એક દીકરો મરી જાય, દુકાન ભાંગી જવી એ વખતે વીમાવાળો નાશ પામે. વીમાવાળો તુટી જાય. આહા..હા..! અરે..! સાતમી નરકમાં કેટલી પ્રતિકૂળતા! આહા..હા..! એની મધ્યે પડ્યો હોવા છતાં પણ અને ચક્રવર્તીની સંપદાની મધ્યમાં પડ્યો હોય એ બેય. એ '**કર્મોથી લેપાતો નથી.**' આખો રાગરસ જ ઉડી ગયો છે. સમજાણું કાંઈ? એ નોખાલીમાં વાત નહોતી ચાલતી? નોખાલી શું કહેવાય? નોઆખલી. મુસલમાન હિન્દુને બહેન-ભાઈને નગ્ન કરતા હતા. બહેન-ભાઈ જુવાન. ભાઈ હોય ૨૫ વર્ષનો અને બહેન હોય ૨૦ વર્ષની. કપડા કાઢી નાખી નાગા કરીને વિષય લ્યો, ભોગ લ્યો. બેને ભીંડે. અંતરથી અરેરે..! શું કરે છે આ? છે પ્રેમ કાંઈ? અરે..! મારી સહોદર બહેને. જે પેટમાં હું રહ્યો છું ત્યાં આ શું થાય છે? બહુ દુઃખ કરતા હોં. મુસલામન હિન્દુને. મા અને દીકરાને. ૪૦ વર્ષની મા અને ૨૦ વર્ષનો દિકરાને નગ્ન કરીને અરર..! એ વખતે એમ થાય કે અરે..! ભો માર્ગ દે તો સમાઈ જાવ આમાં. કે રસ આવતો હશે? આહા..હા..! એમ ધર્મીને પ્રતિકુળ કે અનુકૂળ સંયોગ ક્યાંય રસ લાગતો નથી. જ્યાં રસ પડ્યો છે ત્યાં અનુકૂળ-પ્રતિકૂળતા છે નહિ. આહા..હા..! એકલી અનુકૂળતાની વાત નથી હોં. પાછા કોઈ કહે.

'**કર્મ મધ્યે પડ્યો હોવા...**' શબ્દે પ્રતિકુળતાના ગંજ પડ્યા હોય. આહા..હા..! શરીરમાં કરોડો સોયું. સોય-સોય કહે છેને? સુઈ. તપાવીને લગાવો અહીંયાં. ત્યાં ઉના ધગધગતા લોઢાના શું કહેવાય ઈ? હથોડો. એ એક સંયોગી ચીજ છે. આહા..હા..! એમાં ધર્મીને ક્યાંય એકતા નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અને અનુકૂળ સામગ્રી જ્યાં હોય ઢગલાબંધ હોય. શરીર સુંદર, ખાવા-પીવાના બદામના રોટલા. બદામના-બદામના રોટલા કહેવાય. બદામની પુરી. તીખા મરી-મરી હોય છેને શું કહે છે? કાળી મરીના આથણા. આચાર. કાળી મરીના આથણા, બદામની પુરી, પિસ્તાનું શાક, પિસ્તાનું પાપડ. પાપડ હોય છે. પાપડ સમજો છો? પાપડી કહે છેને એ પિસ્તાની હોય છે. પિસ્તાની હોય છે. બધાની હોય છે. .. ગૃહસ્થ... એ સામગ્રી હોય તોપણ રસ નથી કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? જ્યાં ચૈતન્યનો રસ છે ત્યાં પરનો રસ કેમ? એટલે જેને પરનો રસ છે ત્યાં નિજ રસ ક્યાંથી આવ્યો? ઓહો..હો..! અલ્પ-અલ્પ સામગ્રીમાં જ્યાં અનુકૂળતા કરતાં-કરતાં આમ રાગમાં લેપાય જાય. પોપટભાઈ! આહા..હા..! એને આત્મરસ ક્યાંથી આવે? જેને સાધારણ ચીજમાં પણ આમ અનુકૂળતામાં જાણે રાજીપો, ખુશીપો બતાવે છે અને પર મને અનુકૂળ છે એવી ચેષ્ટા કરે. આહા..હા..! ઝેરનો સ્વાદ છે એ. સમજાણું કાંઈ?

અને બહારની અનુકૂળ-પ્રતિકૂળ સામગ્રી એ તો ઘાતિકર્મને સ્થાને હોય. આહા..હા..! પાંડવો જુઓ પાંડવ. શેત્રુંજય. ભીમ, ધર્મ અને અર્જુન. જેને રાગની એકતા તુટી ગઈ છે, સ્વભાવમાં એકતા જામી ગઈ છે. એ દુર્યોધનનો ભાણેજ લાવે છે લોઢાના દાગીના. એમાં અગ્નિ છે મુગટમાં.. આહા..હા..! એવા સંતને પણ અઘાતિનો ઉદય આવે છે. છે તો સંયોગ. હો. એમાં શું છે? પણ ક્યાંય એને લગની નથી. આહા..હા..! અંતરની લગનીમાં ક્યાંય રસ આવતો નથી અને બે ભાઈને એવો વિકલ્પ ઉઠ્યો સહદેવ અને નકુલને. મોટા ભાઈને શું થયું હશે? કોમળ શરીર, સુંવાળું શરીર, માખણ જેવું શરીર. રાજપુત્ર મહારાજાના. એવા શરીર ઉપર અગ્નિ. બે ભાઈને વિકલ્પ આવી ગયો કે ભાઈને કેમ હશે? બે ભવ .. ગયા. એટલો વિકલ્પ સાધર્મી જનનો, સહોદર ભાઈનો એ સાધુ થયા. આહા..હા..! એ વિકલ્પ આવ્યો તો બે ભવ વધી ગયા. એક સર્વાર્થસિદ્ધનો ભવ અને બીજો મનુષ્યનો. આ લોકોને ખ્યાલ આવતો નથી. આ રાગમાં શું લાભ છે? સમજાણું કાંઈ? આ તો શુભરાગ હતો. કોઈ અશુભ હતો? એકલો શુભભાવ. આહા..હા..! અરે..! પ્રભુ! મહાત્મા મોટા ભાઈને શું થયું હશે? આહા..હા..! કારણ કે નાના ભાઈ તો સેવક તરીકે કામ કરતા હતા. એને આ ચીજથી શું થશે? બસ એટલો એક વિકલ્પ ઉઠ્યો. ત્રણ તો મોક્ષ ગયા. કેવળજ્ઞાન લઈને સમેટી લીધું અંદર. આહા..હા..! જેણે જન્મને સફળ કર્યો. આણે સફળ કર્યો પણ થોડો વિકલ્પ ઉઠ્યો તો ૩૩ સાગર અસંખ્ય અબજ વર્ષનો એક પલ્યોપમ. અસંખ્ય અબજ વર્ષનો એક પલ્યોપમ એવા દસ ક્રોડાક્રોડી પલ્યોપમનો એક સાગર. એવા ૩૩ સાગર. આ નથી બતાવતું કે એનો શુભભાવ કેટલો સંસાર વધી ગયો? હવે બીજા ભાવનું શું કહેવું? સમજાણું કાંઈ? ત્યાં વીતરાગતા અંતર ત્રણ કષાયની વર્તે છે. સ્વદ્રવ્યનો આશ્રય ઉગ્રપણે છે. કષાય સંજ્વલનનો નબળાઈને લીધે વિકલ્પ ઉઠે છે તો દુઃખ લાગે છે. દુઃખ લાગે છે તોપણ એ આવ્યું. આહા..હા..! દુઃખ લાગે તો .. ભાઈ! એ સમયની એટલી યોગ્યતાથી આવ્યો. ૩૩ સાગર અને ત્યાંથી નીકળીને રાજકુમાર થશે અને ત્યાં મુક્તિ જાશે તો ત્યાં પણ કેટલો કાળ રહશે. આહા..હા..! અંતર્મુહૂર્તનો સંસાર દુઃખરૂપ છે તો આ ૩૩ સાગરના સંસારનું દુઃખ કેવું હશે? આહા..હા..!

પણ અહીં તો નિર્જરાનો અધિકાર છેને? કે સ્વભાવની શાંતિના રસનો સ્વાદિયો. શાંતિના રસનો સ્વાદિયો જીવ. આહા..હા..! એ અશાંતના ઘેરાવામાં દેખાય, અશાંતિ એને છે નહિ. આહા..હા..! એ તે કોઈ અંતરની ચીજ છે કે બહારથી આવે છે? સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! કેવું થાતું હતું ખબર છેને? પ્રત્યક્ષ થાતું હતું. ઘરે જઈને હવે મરવું છે કહે. શું છે પણ ત્યાં આગળ? એ વખતનો પ્રકાર એ બાજુનો. આહા..હા..! શું શું કામ કરે છે? આહા..હા..! પરમાત્મા પોતે, પરમ આનંદનો નાથ આહા..હા..! જેમાં રાગની ગંધ નથી. એ ગંધની દુર્ગંધ ઉઠે એ સ્વભાવમાં નથી. એવી જ્યાં રાગથી એકતા તુટીને ભગવાન આત્માના

ત્રિકાળી સ્વભાવના પર્યાયની એકતા થઈ. સ્વભાવ અને સ્વભાવવાન તો એકત્વ છે જ, પણ એની પર્યાય એકત્વ થઈ. એકત્વનો અર્થ કે એ તરફ વળી. આહા..હા..! કોઈ કર્મથી અનુકૂળ સંયોગ હોય, કર્મબંધન નથી થતું. અને રાગરસના અભાવસ્વભાવવાળો થઈ ગયોને? હવે રાગરસના સ્વભાવનો અભાવ થઈ ગયો તો પછી રાગ કરાવે કોણ ત્યાં? સ્વભાવને રાગ કરાવે કોણ? આહા..હા..! '**सर्व कर्मोथी लेपातो नथी.**' લ્યો અહીં તો જાણે નિર્જરા બધી થઈ ગઈ લ્યો અંદર. ઠરી જાય છે.

ગાથા-૨૧૮-૨૧૯

णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो।
णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं।।२१८।।
अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो।
लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं।।२१९।।
ज्ञानी रागप्रहायकः सर्वद्रव्येषु कर्ममध्यगतः।
नो लिप्यते रजसा तु कर्दममध्ये यथा कनकम्।।२१८।।
अज्ञानी पुना रक्तः सर्वद्रव्येषु कर्ममध्यगतः।
लिप्यते कर्मरजसा तु कर्दममध्ये यथा लोहम्।।२१९।।

यथा खलु कनकं कर्दममध्यगतमपि कर्दमेन न लिप्यते, तदलेपस्वभावत्वात्; तथा किल ज्ञानी कर्ममध्यगतोऽपि कर्मणा न लिप्यते, सर्वपरद्रव्यकृतरागत्यागशीलत्वे सति तदलेपस्वभावत्वात्। यथा लोहं कर्दममध्यगतं सत्कर्दमेन लिप्यते, तल्लेपस्वभावत्वात्; तथा किलाज्ञानी कर्ममध्यगतः सन् कर्मणा लिप्यते, सर्वपरद्रव्यकृतरागोपादानशीलत्वे सति तल्लेपस्वभावत्वात्।

હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કરે છે :-

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જયમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.
પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જયમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.

ગાથાર્થ :- [જ્ઞાની] જ્ઞાની [સર્વદ્રવ્યેષુ] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [રાગપ્રહાયકઃ] રાગ છોડનારો છે તે [કર્મમધ્યગતઃ] કર્મ મધ્યે રહેલો હોય [તુ] તોપણ [રજસા] કર્મરૂપી રજથી [નો લિપ્યતે] લેપાતો નથી-[યથા] જેમ [કનકમ્] સોનું [કર્દમમધ્યે] કાદવ મધ્યે રહેલું હોય તોપણ લેપાતું નથી તેમ. [પુનઃ] અને [અજ્ઞાની] અજ્ઞાની [સર્વદ્રવ્યેષુ] કે જે સર્વ દ્રવ્યો પ્રત્યે [રક્તઃ] રાગી છે તે [કર્મમધ્યગતઃ] કર્મ મધ્યે રહ્યો થકો [કર્મરજસા] કર્મરજથી [લિપ્યતે તુ] લેપાય છે-[યથા] જેમ [લોહમ્] લોખંડ [કર્મમધ્યે] કાદવ મધ્યે રહ્યું થકું લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) તેમ.

ટીકા :- જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય તોપણ કાદવથી લેપાતું નથી (અર્થાત્ તેને કાટ લાગતો નથી) કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર જ્ઞાની કર્મ મધ્યે રહ્યો હોય તોપણ કર્મથી લેપાતો નથી કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે. જેમ લોખંડ કાદવ મધ્યે પડયુ થકું કાદવથી લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો કર્મથી લેપાય છે કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે.

ભાવાર્થ :- જેમ કાદવમાં પડેલા સુવર્ણને કાટ લાગતો નથી અને લોખંડને કાટ લાગે છે, તેમ કર્મ મધ્યે રહેલો જ્ઞાની કર્મથી બંધાતો નથી અને અજ્ઞાની કર્મથી બંધાય છે. આ જ્ઞાન અજ્ઞાનનો મહિમા છે.

ગાથા-૨૧૮-૨૧૯ ઉપર પ્રવચન

'હવે આ જ અર્થનું વ્યાખ્યાન ગાથામાં કરે છે :-' બે ગાથા.

णाणी रागप्पजहो सव्वदव्वेसु कम्ममज्झगदो।
णो लिप्पदि रजएण दु कद्दममज्झे जहा कणयं।।२१८।।

દૃષ્ટાંત કેવો આપ્યો છે જુઓ,

अण्णाणी पुण रत्तो सव्वदव्वेसु कम्ममज्झगदो।

लिप्पदि कम्मरएण दु कद्दममज्झे जहा लोहं।।२१९।।

નીચે હરિગીત.

છો સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જયમ કનક કર્દમમધ્યમાં. ૨૧૮.
પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જયમ લોહ કર્દમમધ્યમાં. ૨૧૯.

ઓલું રાગવર્જક, આ રાગશીલ.

ટીકા. આ તો અધ્યામ શાસ્ત્ર છે, ભગવાન! તો અધ્યાત્મના અહીં તો ગાણા છે. આહા..હા..! પુણ્ય-પાપની હીનતા અને સ્વભાવની અધિકતા. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળની હિંસા અને સ્વભાવની અધિકતા. આહા..હા..! આવે છેને **'णाणसहावाधियं मुणदि आदं'** પાછું આ આત્માને જ્ઞાનસ્વભાવથી અધિક એટલે જુદો. રાગના વિકલ્પથી જ્ઞાનસ્વભાવ ભિન્ન છે. આહા..હા..! પ્રભુની સ્થિતિ જ એવી આત્માની છે. એ કર્મબંધન અનુકૂળતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શું કરવું? એક જણો પૂછતો હતો. આ બધી વાત પણ કરવું શું એમ આવતું નથી કહે લ્યો. પછી અમારે ઘરે જઈને શું કરવું? એમ. અહીંયાં સાંભળ્યું પણ હવે કરવું શું અમારે ઘરે જઈને. હમેંશા એમ કાંઈક એવું કરો નમો અરિહંતાણં... નમો અરિહંતાણં... કાંઈક પાંચ પાઠ એવું કહો તો કરવું કાંઈક. પણ આ પરથી જુદું પાડવાનું એ કરવું નથી? ઘરે જઈને શું કરવું? પરથી ભિન્ન પાડવાનું કરવું. ભગવાનજીભાઈ! આહા..હા..! એ ઘર પણ ક્યાં તારા બાપનું હતું? એ કોકનું છે. આહા..હા..! એ તો જડ છે જગતનું. ત્યાં રહીને શું કરવું? અહીં તો ઠીક સાંભળીએ ત્યારે આમ કરવું, પછી હવે અમારે દરરોજ શું કરવું? આહા..હા..! દરરોજ એણે રાગથી ભિન્ન પાડવાનો અભ્યાસ કરવો. આહા..હા..! પરની અપેક્ષાથી હોય તો. સ્વની અપેક્ષા હોય તો સ્વનો આશ્રય કરવો. આહા..હા..! રાત અને દિ' સ્વના આશ્રયને કરવા માટે ઝંખના એ કરવી. ઓહો..હો..! જેની રુચિ છે એની રુચિમાં એકતા થવામાં એને ક્ષણ પણ એને કેમ ગોઠે બહાર? સમજાય છે કાંઈ? ગોઠે સમજો છોને? રુચે. ગોઠે એટલે રુચે. એ અમારી કાઠિયાવાડી ભાષા કોક આવી જાયને. ગોઠીયા એમ નથી કહેતા? ગોઠીયા એટલે ભાઈબંધ. ગોષ્ઠી એક બીજાને ગોષ્ઠી પ્રેમ વધે. ગોષ્ઠી કરે છેને?

'ટીકા :- જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય તોપણ કાદવથી લેપાતું નથી...' ગમે તે સોનું કાદવમાં પડ્યું હોય, લાખ-કરોડ વર્ષ રહો પણ સોનાને કાટ નથી લાગતો. આહા..હા..! કાટ-કાટ કહે છેને. જંક કહે છેને. અમારે કાટ કહે છે. સોનાને કાટ લાગે? સોનાને કાંઈ લાગે? કાદમાં પડ્યો હોય અને ચારે બાજુ કાદવ હોય. આહા..હા..!

'જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે...' પાછું કાદવની મધ્યે. કાદવને છેડે એમ નહિ. છેલ્લે કાદવ હોય તો તો એક બાજુ કાદવ અને એક બાજુ કાદવ ન પણ હોય. આ તો મધ્યમાં પડ્યું હોય. આહા..હા..! સમજાણું કાંઈ?

એક ફેરી કહ્યું હતુંને ભાઈ! ધ્રુવના ભાઈ નાટકની વાત નહોતી કરી ભાવનગરમાં? ૬૬-૬૭ની વાત હશે. સંવત્ ૧૯૬૬. ૬૪ વર્ષ થયા. ભાવનગરમાં એક થિએટર હતું. અત્યારે પણ હશે. થિએટર આ બાજુ. મોટું નાટક હતું. ધ્રુવનું નાટક ધ્રુવ. એ ધ્રુવ નથી અન્યમતિમાં? 'ધ્રુવ અને પ્રહલાદ' એ હતા. રાજકુમાર હતા. માતા ગુજરી ગઈ હતી અને એના પિતાજી નવી પરણ્યા હતા. પછી આ પુત્ર સાધુ થઈ ગયો અન્યમતિમાં. નાની ઉંમર. ધ્રુવનું નાટક હતું ત્યાં. અમે જોવા ગયા હતા. ઈ વખતે તો વૈરાગ્યના ભાઈ! અત્યારે તો ફિલ્મ-ફિલ્મ કરીને મારી નાખ્યા જગતને. આહા..હા..! એક બાઈ આમ જોવે અને ઓલો હાથ આમ રાખે. અરર..! આ તો .. લોકમાં શોભે નહિ એવી તો .. મોટા પાટિયા. અમે તો આ મુંબઈ જોયું હતું. સ્ત્રી જુવાન હોય અને આંખ આમ કરતી હોય, હાથ આમ નાખ્યો હોય. અરર..! અરે..! આ તે કાંઈ નૈતિક જીવન કહેવાય? આહા..હા..! એ વખતે તો વૈરાગ્યના નાટક. તો ધ્રુવ .. લે છેને. તાવડી. જંગલમાં બેઠા હતા. પડદા પાડ્યા હતા પાછળ પડદા. એ પડદા પણ .. લીલા રંગના, ઝાડી એવું દેખાય. બે ફાટ પડદામાં. કટકા કર્યા નહોતા ત્યાં. આમ જંગલમાં હતા. ઉપરથી બે અપ્સરા ઉતરી. અપ્સરા સમજો? દેવી. એકદમ લાકડી ઉપર હોય દોરી બે લટકી હોય. ધ્રુવને લલચાવતી હતી. બહુ લલચાવતી હતી. જુઓ, મારું શરીર કેવું કોમળ, કેવું સુવાળું એવું. માટે મારી સાથે રમત કરો, રમો વિષય. એની મીઠી ભાષામાં કહે. પછી બહુ બહુ કરતા પછી ધ્રુવ એટલું બોલ્યા. ધ્રુવ. આ ધ્રુવ આત્મામાં .. એમ થાય છે એમ કહે. ધ્રુવ એમ બોલ્યા, માતા! તારું શરીર બહુ સુંદર, બહુ કોમળ દેખાય છે. તારા શરીરના અવયવ. મને જો એકાદ જન્મ લેવો હોય તો તારી કુખે જન્મીશ. બીજી તો વાત છે નહિ. નાટક છે હોં એવું. સનસનાટ થઈ જાય. એ બાયુ તે આદમી હોયને ઈ ક્યાં અપ્સરા હતી. આદમીએ વેશ લીધો હોય અપ્સરાનો. તે દિ' બાર આનાની ટિકિટ લીધી હતી. તે દિ'ની વાત છે હોં. આપણે ભાઈ ટિકિટ તો મોટી લઈએ ચોપડીને ઈ બધું આવે. સાધારણ તો આ શું છે એ સમજ્યા વિના સાંભળીએ નહિ એકલું. ક્યાં ઉતારે, શું નાટક છે? શું શબ્દ છે? ૬૫-૬૬ની વાત છે. દીક્ષા પહેલા.

એવો પોકાર કર્યો. માતા! માતા ન કહો. તારું શરીર બહુ કોમળ છે. કદાચિત્ એકાદ જન્મ લેવો હોય તો તારી કુખે આવીશ. બીજી તો વાત છે નહિ. એમ આ ધ્રુવ આત્મા કહે છે. આવે છેને ધ્રુવ? 'ધ્રુવ અને પ્રહલાદ...' શું આવે છે પછી આવે છે? એ ભક્તિ આવે છે ગાન આવે. પહેલા.. આ ધ્રુવ ભગવાન ચૈતન્ય. આહા..હા..! જેને ધ્રુવની દૃષ્ટિ

થઈ અને ધ્રુવનો રસ આવ્યો ગમે તેટલો લલચાવે તેવી સામગ્રી હોય, ધર્મી એમાં લલચાતો નથી. પ્રતિકૂળતાના ભાવમાં, અગ્નિમાં જેમ ઘી ઓગળી જાય છે એમ પ્રતિકૂળતામાં ધર્મી ઓગળતો નથી. અનુકૂળતામાં જેમ ..આદિમાં હોય એનો રંગ એને નથી ચડતો. આહા..હા..!

કહે છે '**સુવર્ણ કાદવ મધ્યે પડ્યું હોય તોપણ...**' એમ. પડ્યું હોય એકલું તો ઠીક. સોનું દૂર છે એ તો ઠીક, પણ '**કાદવ મધ્યે પડ્યું હોય તોપણ કાદવથી લેપાતું નથી (અર્થાત્ તેને કાટ લાગતો નથી)...**' લ્યો અંદરમાં છે. '**કારણ કે તે કાદવથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે,...**' શા કારણે? ઈ સોનાનો સ્વભાવ અલિપ્ત રહેવાનો છે. કાટ કેમ નથી લાગતો? કે સોનાનો સ્વભાવ અલિપ્ત રહેવાનો છે. આહા..હા..! સમજાણું કાંઈ? સોનાને કાટ કેમ નથી લાગતો? કે એનો સ્વભાવ અલિપ્ત રહેવાનો છે. આહા..હા..! સ્વભાવ જ એવો છે ત્યાં પ્રશ્ન ક્યાં પછી? સમજાણું કાંઈ?

'**તેવી રીતે ખરેખર જ્ઞાની કર્મ મધ્યે રહ્યો હોય...**' મધ્યમાં હોં. સામગ્રી પ્રતિકૂળ અને અનુકૂળના ગંજ પડ્યા હોય. આહા..હા..! '**કર્મ મધ્યે રહ્યો હોય...**' છેને? થોડી-ઘણી નહિ. બહુ સામગ્રી, બહુ અનુકૂળ-પ્રતિકૂળની મધ્યે પડ્યો હોય વચ્ચે અંદર. '**તોપણ કર્મથી લેપાતો નથી...**' આહા..હા..! સોનાનો સ્વભાવ જ અલિપ્ત રહેવાનો છે. એવો જ્ઞાનીનો સ્વભાવ જ પરસામગ્રી અને રાગથી અલિપ્ત રહેવાનો એનો સ્વભાવ થઈ ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! જ્ઞાની શબ્દે સ્વનો આનંદનો અનુભવ થયો એ. જ્ઞાની શબ્દે કોઈ જાણપણું વિશેષ થયું એ વાત અહીંયાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે '**તેવી રીતે ખરેખર જ્ઞાની કર્મ મધ્યે રહ્યો હોય...**' પુણ્ય અને પાપના ફળની મધ્યે, ગંજમાં પડ્યો હોય '**તોપણ...**' તોપણ. ઓલામાં એમ હતુંને? '**પડ્યો હોય તોપણ...**' એમ હતું. સોનામાં એમ છે. અહીં '**તોપણ કર્મથી લેપાતો નથી...**' કેમ? લેપાતો નથી કેમ? આહા..!

'**સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી...**' લ્યો, આહા..હા..! ભગવાન જ્યાં આત્મા સમ્યગ્દર્શનમાં, સમ્યગ્જ્ઞાનમાં આનંદસ્વરૂપ જ્યાં, અલિપ્ત સ્વરૂપ જ્યાં દૃષ્ટિમાં આવ્યું, વેદનમાં આવ્યું. આહા..હા..! સમજાય છે? કહે છે દ્રવ્યો પ્રત્યે. '**સર્વ પરદ્રવ્ય પ્રત્યે...**' પાછું એમ લીધુંને? '**સર્વ પરદ્રવ્ય પ્રત્યે...**' ચાહે તો અનુકૂળનો થોડો હોય, વિશેષ હોય, ઘણો હોય. પ્રતિકૂળ થોડી હોય, મધ્ય હોય, ઘણી હોય એમ. સર્વ સંગોના પ્રસંગમાં '**કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ...**' રાગનો તો અભાવસ્વભાવરૂપ સ્વભાવ થઈ ગયો છે. '**રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.**' સોનું જેમ અલિપ્ત સ્વભાવી છે એમ સ્વભાવ જ્યાં એવો અલિપ્ત છે. તો ધર્મી જીવનો આત્મા અલિપ્ત છે એવો સ્વભાવ દૃષ્ટિમાં

થઈ ગયો. આહા..હા..! ભારે વાતું!

'**રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની કર્મથી અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.**' અલિપ્ત સ્વભાવી જ ચીજ છે. મિથ્યાત્વ હતું તો એની યોગ્યતા લિપ્ત સ્વભાવવાળી હતી. આહા..હા..! આ વસ્તુની કિંમત નથી અને બહારની મહત્તા ટાંકવામાં નુકસાન કેટલું થાય છે એની ખબર નથી. સમજાણું કાંઈ? પોતાની ચીજની મહત્તા કિંમત નથી અને બહારની ચીજની મહત્તામાં કેટલો ઉંડો ઉતરી જાય છે એની ખબર નથી. અને જ્યાં ભગવાન આત્મા પોતાની કિંમત ટાંકીને અંદરમાંથી આનંદ નીકળ્યો. આહા..હા..! તો અલિપ્ત સ્વભાવ. ધર્મીનો સ્વભાવ જ અલિપ્ત થઈ ગયો. આહા..હા..! ભાઈ! દસમા ગુણસ્થાન સુધી છ કર્મ બંધાય છેને. હવે સાંભળતો ખરો. આહા..હા..! ગુણસ્થાન જ જેમાં નથી. એવો જ્ઞાયકભાવસ્વભાવ આ અલિપ્ત સ્વભાવ, '**અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.**' જુઓ, સ્વભાવી છે. આહા..હા..! ક્યાંય રુચિ જામતી નથી એની. જ્યાં રુચિ જામી છે ત્યાંથી રુચિ ખસતી નથી. આહા..હા..!

રાજકુમારો જ્યારે દીક્ષા માટે આજ્ઞા લેવા આવે માતા પાસે. રાજકુમાર આવે. સવારમાં આવ્યું હતું પ્રવચનસાર નહિ સ્વાધ્યાયમાં? કાલે-કાલ ન? મા-બાપની રજા માગે છે કે માતા! મારી રુચિ અનુભૂતિમાં ગઈ છે. મારા પ્રાણ પ્યારી અનુભૂતિ આનંદ ત્યાં મારી રુચિ ગઈ છે. માતા! મને ક્યાંય રુચિ જામતી નથી. અમે ત્યાં જવા ચાહીએ છીએ. અમારો ભાવ ત્યાં ગયો છે. અહીંયાંથી ખસી ગયા, માતા! રજા દે મા! આહા..હા..! જ્યાં સુધી રાજકુમાર હોય. ઘરે પદમણી જેવી રાણીઓ આમ. ચાર દિ'ની પરણેલી. આવે છેને એક ઓલા વ્રજકુમાર નથી આવતું? જંગલમાં જાય છે મુનિ. જંબુદ્વીપ. બીજા છે. ... નથી હોતા સાળા? જંગલમાં ઉદયકુમાર. એ ઉદયકુમારને વૈરાગ્ય થઈ જાય છે મુનિને આમ જોવે છે. પરણીને આવે છે લગન કરીને. લગન કરીને ઘરે જાય છે. શાદી-શાદી કરીને. આ .. ઓહો..હો..! આમ મુનિને જોતા હતા. ત્યાં એના બનેવી કહે અરે..! શું જુઓ છો? થઈ જાઓને મુનિ. તથાસ્તુ. હજી લગન કરીને જાય છે. ઘરે વિવાહ કરીને હાથીને હોદ્દે જાય છે. એમાં એણે જંગલમાં મુનિ જોયા અને આહા..હા..! ધન્ય રે ધન્ય! તું જે સાધે છો એ ભવના અભાવનું સાધન છે. આહા..હા..! આમ આંખો આમ ને આમ ટગટગ થઈ ગઈ. સાળાએ નિંદા કરી થોડી. એનો સાળો હતો એ. કે આ બહુ મુનિપણું ઠીક લાગે છે તો થઈ જાવને. તથાસ્તુ. .. સમયે મુનિ દિગંબર થઈ જાવ છું. આહા..હા..! ઓલો સાળો મશ્કરી કરવા ગયો. એય..! ભગવાનજીભાઈ! .. તમે મુનિને જોઈને શું કરો છો આ? હજી લગન કરીને જાવ છોને આ. થઈ જાવ સાધુ. તથાસ્તુ. એવી મારી ભાવના છે. તમારી મારી ભાવના કળી લીધી છે. આહા..હા..! ઓલો ભોંઠો પડે. મુનિ ... આહા..હા..!

જ્યાં રુચિમાં રમવા જાય છે વનમાં. આહા..હા..! એને કોણ રોકે? માતાને પણ કહે મા! એકવાર રોવું હોય તો રોઈ લે માતા! ફરીને અમે જનેતા નહિ કરીએ ફરી મા હોં. અમે અવતરશું નહિ, બાપા! બીજી મા નહિ કરીએ. તારે રોવું હોય તો રોઈ લે બા! પણ અમે ફરીને બીજી મા નહિ કરીએ. માતાને કહે હે દીકરા! જે તારો રસ્તો છે એ જ અમારો રસ્તો હજો. જાઓ બેટા જાઓ વન બાપા! આહા..હા..! જ્યાં રસ લાગ્યો આનંદનો અને એને વધારવાનું જ્યાં સાધન વનમાં એકાંત. આહા..હા..! એ કોને ન ગોઠે? એની મા રજા આપે છે. પણ સાથે આમ બોલે છે હોં, બેટા! જે રસ્તુ તું જાય છે એ અમને પણ હો. અમને પણ એ રસ્તો હજો. અત્યારે તો નથી, પણ એ રસ્તો અમને હજો. એમ ભાવના કરે છે. આહા..હા..! એ સ્ત્રી પરણીને જાય છે. હજી તો રાજા આવો સાથે છે. એકદમ ... એમ જ્યાં અનુભવ થયો, સામગ્રીનો પાર ન હોય. આહા..હા..! .. થઈ જાય છે. એ અનુકૂળ કે પ્રતિકૂળ સામગ્રી. અલ્પિત સ્વભાવ જ થઈ ગયો. કરવો નથી કે આમ રહેવું અને આમ રહેવું એમ કહે છે. આહા..હા..!

ધર્મીનો તો અલ્પિત સ્વભાવ જ છે. ભાષા તો જુઓ, ભગવાન આત્મા જેવો અલિપ્ત સ્વભાવ છે દ્રવ્ય. એવો અનુભવ થયો તો અલિપ્ત સ્વભાવવાળી પર્યાય થઈ ગઈ. દેવીલાલજી! આહા..હા..! જેવું દ્રવ્ય વસ્તુસ્વભાવ છે એ તો અલિપ્ત જ ત્રિકાળ છે. વસ્તુ જે છે એ તો અલિપ્ત છે. એની જ્યાં દૃષ્ટિ અને અનુભવ થયો. આહા..હા..! મારી પર્યાયનો સ્વભાવ જ અલ્પ રહેવાનો છે એમ કહે છે. એ સ્વભાવને કોણ ફેરવી શકે? સોનાને કાટ કોણ લગાવે? છેને? '**અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે.**' એ સવળી વાત કરી. અવળી અનાદિના અજ્ઞાનની પછી કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૦, ગુરુવાર, તા. ૧૨-૦૪-૧૯૭૩
ગાથા-૨૧૮-૨૧૯, કળશ-૧૫૦, પ્રવચન-૩૬૬

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

૨૧૮-૨૧૯ની ટીકા ચાલે છે ટીકા. ટીકા ચાલે છે. પહેલી જ્ઞાનીની વાત આવી ગઈ. વચ્ચે છેને? '**જેમ લોખંડ કાદવ મધ્યે પડયુ થકું...**' કીચ્ચડ નામ કાદવ એમાં લોખંડ પડ્યું હોય તો '**કાદવથી લેપાય છે (અર્થાત્ તેને કાટ લાગે છે) કારણ કે તે કાદવથી લેપાવાના સ્વભાવવાળું છે,...**' લોઢાનો સ્વભાવ જ કાદવથી લેપાવાનો એનો સ્વભાવ છે. કાટ લાગે એ તો એનો સ્વભાવ છે. આહા..હા..! '**તેવી રીતે ખરેખર અજ્ઞાની...**' એટલે જે કાંઈ વિકારભાવ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ જે રાગ છે એ રાગને પોતાનો માને છે અને એ રાગથી આત્માને લાભ માને છે. એ લાભ માનનારા પોતાનું માને તો એમ માને. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ ઈ ભાવ શુભરાગ છે. એ રાગથી આત્માને લાભ માનનારા રાગને જ પોતાનો માને છે. કહો, સમજાણું કાંઈ?

'**તેવી રીતે ખરેખર અજ્ઞાની...**' અજ્ઞાની એટલે ઈ. હું જ્ઞાન અને આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય છું. એવી દૃષ્ટિ જેની નથી. અને એ રાગ અને એક સમયની પર્યાયમાં જેની બુદ્ધિ, રુચિ અનાદિથી થઈ ગઈ છે તે અજ્ઞાની છે. આહા..હા..! ચાહે તો દિગંબર સાધુ હોય, નગ્નમુનિ. અઠ્યાવીશ મૂળગુણ હોય, પણ એ વિકલ્પ રાગ છે. એ ત્રિકાળી શુદ્ધ સ્વભાવની સાથે એક ક્ષણના રાગને પોતાનો માને છે તે અજ્ઞાની છે. સમજાણું કાંઈ? અજ્ઞાનનું લક્ષણ આ. જે ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવી, જ્ઞાનસ્વભાવી, આનંદસ્વભાવી, શુદ્ધ સર્વજ્ઞ સ્વભાવી વસ્તુ એ તો ત્રિકાળી ચીજ. વસ્તુ સ્વભાવ. એની સાથે રાગનો કણ પણ શુભરાગ હોય એને પોતાનો માને એટલે કે એ શુભરાગથી ચૈતન્યને લાભ થાય એમ માનનારો રાગસહિત આત્મા માને છે. તો એ અજ્ઞાની છે.

'**અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો...**' કર્મના ઉદયની સામગ્રી પ્રતિકૂળ કે અનુકૂળ પડી હોય. અરે..! સમવસરણ જેવી ચીજમાં મિથ્યાદૃષ્ટિ હોય અને દિવ્યધ્વનિનો કાનમાં ધોધ પડતો હોય, પણ ઈ અજ્ઞાની કર્મ નામ રાગાદિની ક્રિયા અને સંયોગની મધ્યમાં પડ્યો છે. એ પોતાના રાગને માને છે. આહા..હા..! એકત્વબુદ્ધિ છે આહા..હા..! એ '**કર્મ મધ્યે રહ્યો થકો કર્મથી**

લેપાય છે...' એ રાગના ભાવને પોતાનો માનીને મિથ્યાત્વથી લેપાય છે. સમજાણું કાંઈ? '**ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે...**' સામગ્રી અને રાગાદિભાવ એની મધ્યે રહ્યો, પણ એ રાગાદિ મારી ચીજ છે એમ માનનારો અજ્ઞાની, શુભાદિ ભાવ હોય કે પુણ્યને કારણે સામગ્રી અનુકૂળ સમવસરણ જેવી મળે.

મુમુક્ષુ :- સમવસરણ ભગવાને મળ્યું કે અજ્ઞાનીને મળ્યું?

ઉત્તર :- કોઈને મળ્યું નથી. જ્યાં છે ત્યાં છે. પણ એના પુણ્યના કારણે સંયોગ મળ્યોને સમવસરણનો, વીતરાગની વાણીનો. એ સંયોગમાં રહ્યો અને એની દૃષ્ટિ રાગના સંયોગીભાવ છે તો કર્મથી બંધાય છે ત્યાં. આહા..હા..! વાણી સાંભળવાનો યોગ મળ્યો એ પૂર્વના પુણ્યને કારણે. વર્તમાન સાંભળવામાં જે શુભરાગ થયો એ વિકારભાવ. એ વિકારથી, રાગથી પોતાને લાભ માનનારા એ પૂર્વના પુણ્યથી મળેલી સામગ્રી તો પુણ્ય પણ એના નાશ પામે છે અને નવું પાપ બંધાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- .. તો નવું પાપ બંધાય છે.

ઉત્તર :- બંધાય છે. છોટુભાઈ! આવી વાતું ઝીણી બહુ હો બાપુ! મૂળ ભવ, અભાવની વાત અને ભવની જન્મ-મરણને કરવાની વાત બેમાં મોટો ફેર છે. આહા..હા..!

કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ જેમ કાદવમાં લાખ વર્ષ સોનું રહે તો કાટ નથી લાગતો. કાટ નથી લાગતો એમ સમ્યગ્દૃષ્ટિ જીવ અંતરમાં સ્વભાવની રુચિ અને રાગની રુચિનો નાશ થયો છે. સ્વભાવની રુચિ થઈ, રાગનો કણ ભગવાનની ભક્તિનો ભાવ એની પણ રુચિ .. આહા..હા..! તો કહે છે કે સાતમી નરકના સંયોગમાં સમ્યગ્દૃષ્ટિ હોય, પ્રતિકૂળનો સંયોગ એટલો કે એક કણ આહારનો મળે નહિ, પાણીનું ટીપું મળે નહિ, ઓઢવાને કપડું નહિ, સુવાનો ઓટલો નહિ. આહા..હા..! જુઓ, પણ અંતરમાં રાગના કણથી ભગવાન ભિન્ન છે એવા બે તત્ત્વ વચ્ચે ભેદજ્ઞાન કરી દીધું છે તો કર્મથી બંધાતા નથી એ. આહા..હા..! ઉપયોગમાં જે રાગ છે એને પોતાનો કરે તો એ મિથ્યાદૃષ્ટિ છે. બંધ અધિકારમાં આવી ગયું. ઉપયોગમાં રાગની એકતા નથી કરતો. આહા..હા..! એ ચાહે તો સામગ્રી ભોગની હોય, પણ અહીં તો કહે છે કે એની તો નિર્જરા થઈ જાય છે. કેમકે રાગનો સ્વામી નથી. સ્વભાવનું સ્વામીપણું અંતરમાંથી છૂટતું નથી. આહા..હા..! સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત આનંદ અને જ્ઞાનનો ભંડાર એવો જો અંતર અનુભવમાં આવ્યો આત્મા. આહા..હા..! એવા સમ્યગ્દૃષ્ટિ જીવને ભોગના અઘાતિ કર્મને કારણે અનુકૂળ અને પ્રતિકૂળ કોઈ સામગ્રી હોય અને ઉપભોગ કરે છે એમ દુનિયા દેખે પણ બંધન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અને અજ્ઞાની રાગના કણને પણ પોતાનો માનનારો, ચાહે તો એ ભગવાનની વાણી સાંભળવાને કાળે સમવસરણમાં મિથ્યાત્વ જ બંધાય છે. આહા..હા..! કહો, ભગવાનજીભાઈ! આવો માર્ગ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૃષ્ટિ ફરી ગઈ. વસ્તુ ફરી ગઈ એટલે આનંદકંદ જ્ઞાતા રહી ગયો. દૃષ્ટિ ઉપર આખું જોર છેને. દૃષ્ટિ એવી સૃષ્ટિ. એ તો રાગની રુચિ છે અને રાગથી લાભ માને એને તો મિથ્યાત્વની સૃષ્ટિ ઉત્પન્ન થાય છે. આહા..હા..! એની કિંમત નથી. સમ્યગ્દૃષ્ટિના વિષયની કેટલી કિંમત છે એ લોકોને ખ્યાલ નથી આવતો. આમ રાગ ઘટાડે, બ્રહ્મચર્ય પાળે, દયા પાળે, .. છોડે એટલે આહા..હા..! અમે કાંઈક કર્યું. સમજાણું કાંઈ? સ્ત્રી છોડે, ધંધો છોડે. શું છોડે? કોને છોડે? આત્માએ કે દિ' ગ્રહ્યો હતો તો છોડે? એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! હું એનો ત્યાગી છું... હું આનો ત્યાગી છું... હું આનો ત્યાગી છું... આનો મેં ત્યાગ કર્યો, છોડી દીધો. એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. આહા..હા..! એ મહાવ્રત પાળવા છતાં મિથ્યાત્વથી બંધાય છે એમ કહે છે. ગજબ વાત છે. આહા..હા..!

અને જ્ઞાનીને પુણ્યને કારણે સામગ્રી મળે છે અને ભોગવે છે એમ દેખાય. સામગ્રીમાં એટલો રાગ હોય થોડો આસક્તિ. પણ અંતરમાંથી તો એનું સ્વામીપણું છૂટી ગયું છે. આહા..હા..! ધર્મની સાચી દૃષ્ટિ અને અધર્મની ખોટી દૃષ્ટિમાં મોટો ફેર. દૃષ્ટિમાં પણ મોટો ફેર છે. સમજાણું કાંઈ? અજ્ઞાની તો ભવનો રસીલો, રાગનો રસીક છે. રાગનો રસીલો પ્રાણી છે. તો એને વીતરાગભાવ ભવનો અભાવસ્વભાવ એનો તો અનાદર છે. અને જેને ભવનો ભાવ રાગાદિ એનો આદર જ નથી. આદર છે ભવનો અભાવ સ્વભાવ ચૈતન્ય. એને બંધ છે જ નહિ કહે છે. આહા..હા..! રાગાદિ હોય, .. થયો છે પરદ્રવ્યની ઉપાધિના લક્ષે એ નહિ. છૂટી ગયો. એ છૂટી જાય છે. સ્વભાવની સન્મુખ દૃષ્ટિને કારણે પરલક્ષથી ઉત્પન્ન થયેલો રાગ અને સામગ્રી બધું છૂટી જાય છે. એવી કિંમત દૃષ્ટિની છે અને એવી હીનતા મિથ્યાદૃષ્ટિની છે. આહા..હા..! પંચ મહાવ્રત પાળે, નગ્નપણે રહે, જંગલમાં રહે, મહિના, છ-છ મહિનાના અપવાસ કરે. બબ્બે મહિનાના સંથારા સમાધિમાં. અંતરમાં રાગનો જે કણ છે ત્યાં લક્ષ નથી કર્યું. એ રાગનો સ્વામી અને ધણી થાય છે. અને રાગથી લાભ માનનારો એ રાગને પોતાની ચીજ માને તો રાગથી લાભ માની શકે. એવા અજ્ઞાની સમવસરણમાં મધ્યમાં પડ્યો હોય તોપણ મિથ્યાત્વને બાંધે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપનો સ્વભાવ ત્રિકાળનો જ્યાં સ્વામી દૃષ્ટિમાં, રુચિને છોડીને આવ્યો ઈ ચાહે તો ચક્રવર્તીના ભોગ, છન્નું હજાર સ્ત્રી, ઇન્દ્રની કરોડો અપ્સરાઓની મધ્યમાં છે તો મધ્યમાં છેને? એમાં શું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અરે..! આ આંતરા તો દૃષ્ટિ વિના કેમ પડે? ચારિત્રના દોષને સમકિતી છે એને સુધારક થઈ ગયો એમ માને અજ્ઞાની. સમજાણું કાંઈ? અને શ્રદ્ધાના દોષમાં રાગ કેટલો થાય એની દૃષ્ટિ નથી એને. મંદ રાગ થાય, પણ શ્રદ્ધાની દૃષ્ટિમાં રાગ મારો છે જ નહિ. એવી દૃષ્ટિ

ફરી ગઈ .. ઈ તો આગળ કહેશે. ભોગ ભોગવ તને બંધ નથી. એનો અર્થ ભોગ ભોગવવાનું કહેતા નથી. પરદ્રવ્યની સામગ્રીને કારણે અપરાધ તને નથી. તારી દૃષ્ટિમાં અપરાધ હોય તો એ કારણે અપરાધ છે. આહા..હા..! પરદ્રવ્યને કારણે અપરાધ ક્યાં છે? શરીરની ક્રિયાથી અપરાધ થાય છે? શરીરની ક્રિયા થાય એમાં અપરાધ છે? એ તો જડની ક્રિયા છે. આહા..હા..! ચેતનજી! ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..!

જેમાં રાગનો અભાવ નથી એને ભવનો અભાવ નથી અને જેને રાગનો અભાવ દૃષ્ટિમાં આવી ગયો સ્વભાવ એને ભવ છે નહિ. એ ખરવામાં થોડો કાળ લાગે છે. નવું થોડું બંધાય છે એ પણ ખરવા માટે બંધાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી દૃષ્ટિની કિંમત જેને ન થાય એ બહારથી બધું માની બેઠે છે. આણે સ્ત્રીને છોડી, લક્ષ્મી છોડી, ચાલતી દુકાન છોડી, .. વૈભવમાં આવે છે ઓલામાં. પર્યુષણમાં આવેને? છતી ઋદ્ધિના ત્યાગી એવું આવે છે. એય..! પર્યુષણમાં. કોની છતી ઋદ્ધિ? છતી ઋદ્ધિનો ત્યાગી તો આ. કે અંતરમાં રાગને પોતાનો માનનારો છતી ઋદ્ધિ પોતાની ચીજ એનો ત્યાગ કર્યો તો મિથ્યાદૃષ્ટિ છે. કહો, ગીરધરભાઈ! આ તો વાતું બીજી છે, બાપા! આહા..હા..! દુનિયાથી જુદી વાત છે. આહા..હા..!

જ્યાં રોમ રોમ આત્માના પ્રદેશમાં રાગથી ભિન્ન આત્મા થઈને અસંખ્ય પ્રદેશમાં જ્યાં આનંદનું ઝરણું દૃષ્ટિ સ્વભાવ ઉપર હોવાથી ઝરે છે. ત્યાં કઈ વાતને પોતાની માનવી? આહા..હા..! અને જ્યાં ભગવાન આત્મા ત્રિકાળી સ્વભાવને સ્પર્શતો નથી, ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એનો તો પક્ષ પણ નથી, એના પડખે નથી. સમજાણું કાંઈ? પડખું ફેરવ્યું નથી જેણે. આહા..હા..! રાગના પ્રેમથી જેણે સ્વભાવ તરફ પડખું ફેરવ્યું નથી. આહા..હા..!

તે '**અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો કર્મથી લેપાય છે કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ...**' લ્યો, હવે કારણ આપ્યું. એકપણ દ્રવ્યે રાગ કર્યો અને રાગ ઠીક છે આખી જગતની ચીજ ઉપર એને રાગ છે એમ કહે છે. આહા..હા..! '**સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ...**' જુઓ, એક ઉપર કર્યો તો આખી દુનિયા ઉપર કર્યો અને એકથી રાગ છૂટ્યો અને સ્વભાવમાં આવ્યો તો આખી દુનિયાથી છૂટી ગયો. આહા..હા..! દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય એણે ખ્યાલમાં અનંતકાળમાં લીધો નથી. કાં અમને સમજાય નહિ, કાં અમને ઝીણું પડે કાં અમને પકડમાં આવતું નથી એમ કહીને કાઢી નાખ્યું. ચૈતન્ય મહાપ્રભુ એકલો સ્વભાવ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એની જેને દૃષ્ટિ, રુચિ, આશ્રય નથી એને તો રાગનો આશ્રય રુચિ છે તો રાગથી અજ્ઞાની સર્વ દ્રવ્ય પ્રત્યે. એક પ્રત્યે રાગ દયાનો આવ્યો અને એ દયાના રાગમાં રાગ મારો છે એનો સ્વામી થયો, આખી દુનિયાનો સ્વામી છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

અને એક રાગના કણથી ત્રિકાળી ભગવાન આનંદ જ્ઞાયકભાવ એ તરફનો આશ્રય થયો અને સ્વઆશ્રયથી સમ્યગ્દર્શન શુદ્ધ રાગરહિત દૃષ્ટિ પ્રગટી તો કહે છે કે આખી દુનિયાના મધ્યમાં પડ્યો હોય કોઈ દ્રવ્ય પ્રત્યે રાગ એને નથી. ભગવાન પ્રત્યે એને રાગ નથી. આહા..હા..! આવું છે, પોપટભાઈ! એવી વાત છે.

મુમુક્ષુ :- સંઘાડાવાળાને...

ઉત્તર :- ભગવાન આખો પરમાનંદ સ્વરૂપ ચૈતન્ય પ્રભુ જિનસ્વરૂપી એની જેને દૃષ્ટિ અને રુચિનો આશ્રય નથી એને તો આ રાગની રુચિ, આશ્રય અને દૃષ્ટિ છે. એકમાં રાગ એને આખી દુનિયા પ્રત્યે રાગ છે એમ કહે છે. આહા..હા..! અને એમાં રાગ નથી, અંતર એક સ્વભાવીમાં જ્યાં રુચિ અને પરિણતિ થઈ એને સર્વ દ્રવ્ય પ્રત્યે રાગ નથી એને. ભગવાન પ્રત્યે પણ રાગ નથી એને. એમ કહે છે. અસ્થિરતાનો રાગ આવે છે ભક્તિનો, પણ એનો સ્વામી નથી થતો એટલે પોતાનો નથી એ. એ તે કાંઈ વાત છે! ... અંદર. આહા..હા..! એ રાગનો કણ મારી ચીજમાં પરિણમન નથી. સમ્યગ્જ્ઞાની-દૃષ્ટિની ઋદ્ધિ આ આત્મા. અજ્ઞાનીની ઋદ્ધિ રાગ ને પુણ્ય ને પાપ ને. આહા..હા..! ભગવાન એકકોર મહાપ્રભુ તો આડમાં ચાલ્યો ગયો. એ તો કાંઈ નથી જાણે. 'તરણા ઓથે ડુંગર.' રાગની ઓથમાં આખો પ્રભુ ચૈતન્ય નજરે ન પડ્યો. એ ચૈતન્ય ચમત્કાર, જેના એક ક્ષણમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એને એ ત્રણ લોકને, ત્રણ કાળને સ્પર્શ્યા વિના, ત્રણ કાળ અને ત્રણ લોકની હયાતીને કારણે નહિ. આહા..હા..! પોતાનો જ્ઞસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ એટલો ... સ્વભાવ છે. ત્રણ કાળ, ત્રણ લોકને પોતાની પર્યાયમાં જણાતો હતો. એવા સ્વભાવની જ્યાં દૃષ્ટિ થઈ સર્વ કર્મ મધ્યે પડ્યો છતાં બંધન છે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**રાગ તેના ગ્રહણરૂપ...**' જુઓ, ઓલા રાગમાં રાગરસના ત્યાગરૂપ હતો. ધર્મીને રાગરસનો પરિત્યાગરૂપ હતું. અજ્ઞાનીને રાગરસનું ગ્રહણ આવ્યું. આહા..હા..! આટલો ફેર. '**સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું હોવાથી...**' ગ્રહણરૂપ રાગને પકડે છે. ચૈતન્ય આનંદકંદ પક્કડમાં આવ્યો નથી તો રાગને પકડ્યો. આહા..હા..! હવે આ તો દૃષ્ટિના માહાત્મ્ય વિના શી રીતે સમજાય? આહા..હા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રાગ છે જ નહિ જરીએ. કહો, અજ્ઞાનીને ચાર રાગ છે અનંતાનુબંધી આદિ અને મિથ્યાત્વનો મોટો રાગ છે.

મુમુક્ષુ :- એને બધાની એકતા છે અને આને એકેયની એકતા નથી.

ઉત્તર :- આને એકેય એકતા નથી. ખરેખર મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ પાંચેયના વિકલ્પથી આત્મા છૂટો પડ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? અનંતકાળ થયો,

ચોર્યાસીના અવતાર કરતાં... કરતાં... કરતાં... અનંતવાર જૈન સાધુ, જૈન દીક્ષા, જૈન આચાર્ય. આહા..હા..! અનંતવાર થયો. પણ એ રાગથી રહિત મારી ચીજ મહાસંપદા પ્રભુની એ સંપદા તરફ દૃષ્ટિ કરી નથી. સમજાણું કાંઈ? એ પરતરફ દ્રવ્યની દૃષ્ટિ છે એમાં જ રમણતા અને એનું જ કર્તવ્ય માનીને ત્યાં ઉભો રહ્યો. આહા..હા..! ભગવાન ત્રિલોકનાથ ચિદાનંદ એમાં ન ઉભો રહ્યો. સમજાણું કાંઈ?

'**અજ્ઞાની કર્મથી લેપાવાના સ્વભાવવાળો છે.**' લોઢાનો લેપાવાનો સ્વભાવ છે. એમ અજ્ઞાનીનો કર્મબંધનથી લેપાવું એ એનો સ્વભાવ છે. આહા..હા..! બાહ્ય ત્યાગ ઉપર અંતરદૃષ્ટિનું માપ નથી. અંતરના ત્યાગ ઉપર રાગના અને મિથ્યાત્વના ત્યાગ ઉપર અંતરદૃષ્ટિનું કોઈ માપ છે નહિ. સમજાણું કાંઈ? સાધુ જૈનમાં દીક્ષા લે તો નિર્દોષ આહાર-પાણી. અને કોઈ પ્રાણી, એકેન્દ્રિયના પ્રાણીને દુઃખ ન થાય એવી જયણા જેની, પણ એ તો બધી પરતરફના વલણવાળી બુદ્ધિ છે. એ વૃત્તિના જુકાવવાળાને મિથ્યાત્વ અને અનંત સંસારના કારણ બધા પડ્યા રહ્યા. આહા..હા..! અને જ્ઞાની છન્નું હજાર સ્ત્રીના વૃંદમાં દેખાય. કોઈ એમ કહે ત્યારે તમે તો જ્ઞાનીનો બચાવ કર્યો એમ વળી કોઈ કહે. એમ પણ પૂછે. બચાવ વસ્તુની સ્થિતિ એવી છે. આહા..હા..!

માતા નગ્ન હોય પુત્રને જોવાને નિરખવાની દૃષ્ટિ ત્યાં થતી હશે? જનેતા જેના કુખે સવા નવ મહિને રહ્યો. એના અવયવો કોઈ ખુલ્લા હોય કોઈ સમયે એ શું નિરખવાને ત્યાં નજર છે? આંખો તો આમ હોય લ્યો, દૃષ્ટિ નથી. મારી મા જનેતા છે. એને કેમ હું જોઉં? આહા..હા..! એમ ધર્મીને રાગાદિ પાપાદિના પરિણામ શુભ-અશુભ આદિ એને એકલા જોવા માટે નથી રોકાયેલો. એ તો પોતાના સ્વરૂપના ભાનસહિત એના જ્ઞાનમાં રાગાદિ જણાય જાય છે. જાણે છે. અજ્ઞાની તો રાગને જોવાને, દેખવાને દૃષ્ટિ એટલી પડી છે. આહા..હા..! ભારે આકરી વાત! સમજાણું કાંઈ? પર્યાય ... પ્રવચનસાર. પર્યાય બુદ્ધિ એક સમયની પર્યાય એ જ ધર્મ છે. વ્યક્ત અવસ્થા છે એ જ એની ઋદ્ધિ અને એ જ એનો આત્મા. જ્ઞાનીનો આત્મા ત્રિકાળી એક સમયમાં ધ્રુવ તે એનો આત્મા. સમજાણું કાંઈ? આ દૃષ્ટિએ દોલત જ્યાં જોઈ તો રાગનો સ્વામી નહિ. અરેરે..! આ શું? રાગ આવે પણ એને દુઃખ લાગે. આહા..હા..! દુઃખ લાગે છે. અજ્ઞાનીને રાગમાં પ્રેમ અને રસ આવે છે. આ બે ફેર છે. કહો, સમજાય છે કાંઈ?

ભાવાર્થ. એકે સ્વભાવને સંગ્રહ્યો છે, એકે રાગને ગ્રહ્યો છે. આહા..હા..! જુઓને ભાષા કેવી! ગ્રહણ કર્યો છે એમ. રાગ એનો ગ્રહણરૂપ સ્વભાવ થઈ ગયો છે. આહા..હા..! લોઢાનો સ્વભાવ કાટ પકડે એ તો એનો સ્વભાવ છે. આહા..હા..! પોતાનો ભગવાન નજરમાં આવ્યો નથી. જે મહાસત્તા એ ચૈતન્ય સાચો આત્મા છે. સાચો આત્મા છે. એ જ આત્મા છે.

એવી નજરમાં ભગવાન આવ્યો નથી. એને તો ક્ષણમાં રાગ અને અલ્પપર્યાય આવી એ કારણે સંસારમાં દેખવા રાગ અને મિથ્યાત્વ જ એને ... બતાવ્યું. સમજાણું કાંઈ?

'**જેમ કાદવમાં પડેલા સુવર્ણને કાટ લાગતો નથી...**' જંકકાય આપણે કહેવાય છેને? લીલ કાય કાટ-કાટ. કાટ કહે છેને? '**અને લોખંડને કાટ લાગે છે,...**' એ લાગે છે એનું કારણ એનો સ્વભાવ જ એવો છે કે કાટ જ લાગે લોઢામાં. લાખ, કરોડ વર્ષ સુધી કાદવમાં સોનું રહે તોપણ એવું ને એવું છે. કાંઈ કાટ લાગતો નથી. આહા..હા..! સળગે અગ્નિથી કાટ ન લાગે. આહા..હા..! દ્વારકા સળગી છ-છ મહિના સુધી. દ્વારકા છ મહિના સુધી અગ્નિ દાહ. કરોડો મનુષ્યો બળે, લાખો, કરોડો મણ સોનું બળે, રૂપું બળે, અબજો રૂપિયાના મોટા મકાન આમ કર્યા હોય હળ... હળ...હળ.. અગ્નિ છે. વાસુદેવની હયાતીમાં. એમ ભગવાનની હયાતીમાં રાગને પોતાનો માનનારો સળગે છે. આહા..હા..! દ્વારકા સળગે છે ત્યાં. ભગવાનની હયાતી પ્રભુ! પણ હયાતી માની નથીને. સમજાણું કાંઈ? જેમાં પરિણામનો પ્રવેશ નથી એવી ચીજને અનુભવમાં લીધી આ રાગ અને પર્યાયબુદ્ધિમાં તો મિથ્યાત્વ જ ઉત્પન્ન થાય છે. એ તો મિથ્યાત્વને કારણે બંધાય છે. સ્વભાવને કારણે, દૃષ્ટિમાં સ્વભાવ તો એ કારણે બંધાતો નથી.

'**તેમ કર્મ મધ્યે રહેલો જ્ઞાની કર્મથી બંધાતો નથી અને અજ્ઞાની કર્મથી બંધાય છે. આ જ્ઞાન અજ્ઞાનનો મહિમા છે.**' લ્યો, બેયની મહિના. જ્ઞાનની મહિમા અને અજ્ઞાનની મહિમા. આહા..હા..! સમજાણું કાંઈ? ઈન્દ્રો ભગવાનની ભક્તિ કરવા આવે છેને? સોગાનીએ લીધું છે એમાં. ભગવાનનો જન્મ થાય, .. ઈન્દ્ર આવે ઘરે પગમાં ઘુઘરા બાંધે, નાચે એવો વિકલ્પ આવ્યો છે. પણ એમાં એકતા નથી. એ તો શરીરની ક્રિયા છે એમાં એકતા ક્યાંથી થાય? આહા..હા..! બહારમાં હરખ દેખાય, અંદરમાં રાગ પ્રત્યે તો નિષેધભાવ છે. એ ભાવની કિંમત કોણ જાણે બહારમાં? આહા..હા..! તેથી કહ્યુંને કે જ્ઞાની આત્માનો એવો સ્વભાવ નથી કે બીજાનું અનુમાન કરીને જાણે એવો સ્વભાવ જ નથી. આહા..હા..! એ તો પૃથક્ જેને થયું હોય એ બીજાના આત્માનું અનુમાન કરીને જાણી શકે. એકલા અનુમાન કરીને જાણવું એવો આત્માનો સ્વભાવ નથી અને બીજા અનુમાન કરીને આત્માને ઓળખે એમ પણ નથી. આહા..હા..! એ જ્ઞાન અને અજ્ઞાનની મહિમા. સમ્યગ્જ્ઞાન થયું એ પોતાનું નિશ્ચય સત્ય દૃષ્ટિમાં આવ્યું તો બીજાની પરીક્ષા કરવામાં અનુમાનથી એ યથાર્થ ... અને જીવનો સ્વભાવ બીજાના અનુમાનથી જાણે એવો સ્વભાવ જ નથી. તો અજ્ઞાની બીજાને અનુમાન કરીને જાણે એવી ચીજ જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્લોક-૧૫૦

(शार्दूलविक्रीडित)

याद्दक ताद्दगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्तुं नैष कथञ्चनापि हि परैरन्याद्दशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।।१५०।।

હવે આ અર્થનું અને આગળના કથનની સૂચનાનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [इह] આ લોકમાં [यस्य याद्दक् यः हि स्वभावः ताद्दक् तस्य वशतः अस्ति] જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે તેનો તેવો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ (અર્થાત્ પોતાને આધીન જ) હોય છે. [एषः] એવો વસ્તુનો જે સ્વભાવ તે, [परैः] પરવસ્તુઓ વડે [कथञ्चन अपि हि] કોઈ પણ રીતે [अन्याद्दशः] બીજા જેવો [कर्तुं न शक्यते] કરી શકાતો નથી. [हि] માટે [सन्ततं ज्ञानं भवत्] જે નિરંતર જ્ઞાનપણે પરિણમે છે તે [कदाचन अपि अज्ञानं न भवेत्] કદી પણ અજ્ઞાન થતું નથી; [ज्ञानिन्] તેથી હે જ્ઞાની ! [भुंक्ष्व] તું (કર્મોદયજનિત) ઉપભોગને ભોગવ, [इह] આ જગતમાં [पर-अपराध-जनितः बन्धः तव नास्ति] પરના અપરાધથી ઊપજતો બંધ તને નથી (અર્થાત્ પરના અપરાધી તને બંધ થતો નથી.)

ભાવાર્થ :- વસ્તુનો સ્વભાવ વસ્તુને પોતાને આધીન જ છે. માટે જે આત્મા પોતે જ્ઞાનરૂપે પરિણે છે તેને પરદ્રવ્ય અજ્ઞાનરૂપે કદી પરિણમાવી શકે નહિ. આમ હોવાથી અહીં જ્ઞાનીને કહ્યું છે કે-તને પરના અપરાધથી બંધ થતો નથી તેથી તું ઉપભોગને ભોગવ. ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર. જો એવી શંકા કરીશ તો 'પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે' એવું માનવાનો પ્રસંગ આવે છે. આ રીતે અહીં જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું થતું માનવાની શંકા મટાડી છે; ભોગ ભોગવવાની પ્રેરણા કરી સ્વચ્છંદી કર્યો છે એમ ન સમજવું. સ્વેચ્છાચારી થવું તે તો અજ્ઞાનભાવ છે એમ આગળ કહેશે. ૧૫૦.

કળશ-૧૫૦ ઉપર પ્રવચન

'હવે આ અર્થનું અને આગળના કથનની સૂચનાનું કળશરૂપ કાવ્ય કહે છે :-' ૧૫૦.

(शार्दूलविक्रीडित)

याद्दक ताद्दगिहास्ति तस्य वशतो यस्य स्वभावो हि यः
कर्तु नैष कथञ्चनापि हि परैरन्याद्दशः शक्यते।
अज्ञानं न कदाचनापि हि भवेज्ज्ञानं भवत्सन्ततं
ज्ञानिन् भुंक्ष्व परापराधजनितो नास्तीह बन्धस्तव।।१५०।।

જ્ઞાનીને કહે છે કે ભોગ ભોગવ. .. ભોગ ભોગવવા માટે કહે છે? '**भुंक्ष्व**' એમ કહે છે. એનું કારણ. શરીરની ક્રિયા થવાથી તને બંધ થાય છે એમ છે નહિ. આહા..હા..! આ સ્વચ્છંદ થવા માટે નથી કહ્યું. આ તારી ચીજનો સ્વભાવ જ એવો છે. ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટા જ્ઞાન ભગવાન પ્રભુ એવું અનુભવમાં જ્ઞાનમાં જ્ઞેય થઈને આવ્યું તો તારા સ્વભાવથી અપરાધ તો છે નહિ. અને શરીરની ક્રિયા તો પરદ્રવ્યની ક્રિયા છે. એનાથી તને અપરાધ થાય એવો ભ્રમ ન કર. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે...**' જુઓ, મહાસિદ્ધાંત. '**આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે તેનો તેવો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ (અર્થાત્ પોતાને આધીન જ) હોય છે.**' કોઈ કારણથી અને બહારના સંયોગથી છે એમ નથી. સંસારમાં નથી? ઘરમાં એવો કોઈ છોકરો હોય તો તારી તો પ્રકૃતિ જ આવી પડી ગઈ નથી કહેતા? ન હોય ત્યાંથી ઝઘડો ઉભો કરે છે મારો. કજીયાળો છે. એમ કહેને? ક્યાં ક્યાંથી કાઢે છે મારો. આની વહુ આમ બોલી, આણે આમ કર્યું, આમ કર્યું. શું કરવું છે પણ હવે તારે? જુદું થાવું છે? .. આ લક્ષણ તારા જુદા થવાના. એવી વાત છે. આહા..હા..! ઘરના ઘણા માણસો શીરો કરીએ કે એવું કરીએ તો માંડ હાથ આવે પચ્ચીસ માણસમાં. ઝાઝો કરીએ તો ખર્ચ ઝાઝો થઈ જાય. બે જણા હુતો અને હુતી હશે તો ખાશું બે જણા પછી. આહા..હા..! એ જુદા કરવાના લક્ષણ તો જો. એય..! છોટુભાઈ! આ દુનિયા. ઈ કહ્યું હતું ત્યાં એકફેરી હતાને ન્યારા-ન્યારા. રાજકોટ. જામનગર જતા ન્યારા. ન્યારા નહિ? ન્યારા. ત્યાં હતાને. ઉતર્યા હતા. ... તે દિ' ભરવાડ હતો જૂનો માણસ હોં વૃદ્ધ. એના દીકરાનો દીકરો. બાયડી કાંઈક રૂપાળી. આ તો બાવળ જેવો. બુદ્ધિમાં કાંઈ ન મળે. પણ બાયડી ... કહે આપણે આ બધા ડોશી-ડોસાને પહેલું ખવરાવી અને પછી ખાવું છોકરાને

.. નહિ પહેલું આમ થાવ. જુદા પાડો. તે દિ' અમે હતાને જુદા પડતા. પછી ડોસો કહે. ડોસાનું માન હતું ગામમાં ગરાસિયાનું. ભરવાડ. એલા દુનિયામાં ગામના મારું માને અને તું મારું ન માન અને આ જુદો પડીને બે જણા ડોસલા ૮૦-૮૦ વર્ષના શું તારે ધાર્યું છે આ? બસ જુદું કર. બાયડીએ ભરાવ્યું હશે. આહા..હા..!

મુમુક્ષુ :- કાન બાયડીયું ભરાવતી હશેને?

ઉત્તર :- ત્યારે ઓલો માનેને. ભરાવે એટલે? લાકડા ખોસે કે આપણે ચાર જણા. આપણે લાપસી કરવી હોય કે શીરો હોય તો પહેલા મોટા ખાય પછી આપણે હાથ આવે. ..ભાઈ!

મુમુક્ષુ :- કાંઈક ધતીંગી કરે.

ઉત્તર :- કાંઈક ધતીંગ કરે. કાઢે કાંઈક. આહા..હા..! એમ અજ્ઞાની કાંઈક ધતીંગ ઉપાડે અંદરથી. કાંઈક આ નિમિત્ત સારું છે, આ રાગ સારો છે. એનાથી લાભ થશે. આહા..હા..! એય..! ભગવાન આત્માથી જુદો પડી જાય. આહા..હા..!

અહીં કહે છે કે વસ્તુનો સ્વભાવ તો પોતાના વશે છે. કોઈ કારણે છે નહિ. '**એવો વસ્તુનો જે સ્વભાવ તે, પરવસ્તુઓ વડે કોઈ પણ રીતે બીજા જેવો કરી શકાતો નથી.**' બીજાને કારણે વસ્તુનો સ્વભાવ બીજા જેવો હોય એમ કદી બનતું નથી. આહા..હા..! ચૈતન્ય ગમે તેટલો જડમાં રહે તો શું ચૈતન્ય જડ થઈ જાય? અનાદિ કર્મની મધ્યમાં પડ્યું શરીર અને મધ્યમાં પડેલો અનાદિથી છે. લ્યો. એક આત્મા અને અનંત રજકણની મધ્યમાં પડેલો છે. પણ જે ચૈતન્ય સ્વભાવ છે એ કાંઈ જડસ્વભાવ થઈ જાય છે? સમજાણું કાંઈ? અને '**પરવસ્તુઓ વડે કોઈ પણ રીતે...**' જુઓ, કોઈપણ પ્રકારે. પરદ્રવ્ય વડે કોઈ પણ રીતે.

મુમુક્ષુ :- નિમિત્ત વડે તો થાય છે.

ઉત્તર :- ઈ જ વાત કરે છે.

મુમુક્ષુ :- નિમિત્ત દ્વારા તો થઈ શકે છે.

ઉત્તર :- થાતું જ નથી એમ કહે છે. નિમિત્ત દ્વારા જે એનો સ્વભાવ છે એ સ્વભાવ ફેરવી શકે કોઈ? આહા..હા..! જ્ઞાનીનો સ્વભાવ એને જાણ્યું એ ભગવાનની વાણીથી એમાં જણાય? એ સ્વભાવ પરથી જણાય? આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો કેવી મૂકી છે જુઓને.

'**આ લોકમાં જે વસ્તુનો જેવો સ્વભાવ...**' '**જે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે તેનો તેવો સ્વભાવ તે વસ્તુના પોતાના વશથી જ હોય છે.**' પોતાને વશ છે, પરને આધીન નથી. આહા..હા..! '**એવો વસ્તુનો જે સ્વભાવ તે, પરવસ્તુઓ વડે...**'

જુઓ, નિમિત્ત વડે. આ શું કહે છે?

મુમુક્ષુ :- એ તો નિશ્ચયનું કહે છે.

ઉત્તર :- નિશ્ચય એટલે સત્યનું. વ્યવહાર એટલે આરોપનું. એમ છે નહિ એ કથન વ્યવહારનું. એમ છે એ કથન નિશ્ચયનું. આહા..હા..! એ રીતે. આ કારણ બતાવ્યુંને કે વસ્તુનો જેવો સ્વભાવ હોય છે એનો એવો સ્વભાવ એ વસ્તુને કારણે હોય છે, પોતાને કારણે છે એમ કહે છે.

'**માટે જે નિરંતર...**' '**વસ્તુનો જે સ્વભાવ તે, પરવસ્તુઓ વડે કોઈ પણ રીતે...**' કોઈ પણ રીતે. આહા..હા..! કહો, અભવિને ભવિ બનાવી શકે ભગવાન? એનો પર્યાય સ્વભાવ જ એવો છે કે વસ્તુ ભગવાન બનાવી શકે લ્યો, અભવિને ભવિ બનાવી શકે કે નહિ? ભગવાન જેવા અનંત શક્તિના ધણી. અભવિને ભવિ બનાવી શકે? અને અજ્ઞાની ગમે તેવા પ્રતિકૂળ સંયોગ આપે તો જ્ઞાનીને અજ્ઞાન કરી શકે ઈ? એનો સ્વભાવ જ જ્યાં કેવળજ્ઞાનસ્વરૂપ છે. તો સ્વભાવ જેવો છે એવો રહે છે. એને પરવસ્તુ ફેરફેર કરી શકતો નથી. એમાં નિમિત્ત ઉડી જાય છે કે નહિ? નિમિત્ત ઉડી જાય છે. પરનું કરી શકે એવું નિમિત્ત છે. એ કહ્યુંને? પરવસ્તુ વડે એનો સ્વભાવ ફેરફાર થઈ શકે ... ચીજ. આહા..હા..

'**બીજા જેવો કરી શકાતો નથી. માટે જે નિરંતર જ્ઞાનપણે પરિણમે છે...**' નિરંતર જ્ઞાનસ્વરૂપ હું છું એ તો છે જ. આ તો સમજાવે છે. જ્ઞાનરૂપ હું છું એવો સ્વભાવ જેનો થઈ ગયો. '**નિરંતર જ્ઞાનપણે પરિણમે છે...**' જાણવું-દેખવું જેનું પરિણમ્યું. કેમકે વસ્તુમાં જાણવા-દેખવાનો સ્વભાવ જ ભર્યો છે. એનો આશ્રય લઈને પરિણતિમાં જ્ઞાન જાણવું-દેખવું થયું. તો જાણવા-દેખવાને બીજો કોઈ રાગ બનાવી શકે એમ છે નહિ. આહા..હા..! '**પરિણમે છે તે કદી પણ અજ્ઞાન થતું નથી; તેથી હે જ્ઞાની!**' આહા..હા..! '**તું (કર્મોદયજનિત) ઉપભોગને ભોગવ,...**' મહાવ્રતધારી મુનિ એમ કહે છે. ભોગવવાનું નથી કહેતા. ભોગવી શકાતું નથી અને પરદ્રવ્યના અપરાધે તને અપરાધ .. એમ. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વસ્તુ આમ છે. કે .. એમ કોઈ મરી ગયો માણસ. શંકા ન કર કે એનાથી મને અપરાધ થયો. પરદ્રવ્યની ક્રિયાથી તને અપરાધ થાય એ શંકા ન કર. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માર્ગ વીતરાગનો અલૌકિક માર્ગ છે. લૌકિક સાથે મિલાન કરે તો મળી શકે નહિ.

કહે છે '**નિરંતર જ્ઞાનપણે પરિણમે છે તે કદી પણ અજ્ઞાન થતું નથી;...**' હે ધર્મી! '**તું (કર્મોદયજનિત)...**' એ કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલો રાગાદિ ભાવની સામગ્રી '**ઉપભોગને ભોગવ,...**' એવો પાઠ છે. '**આ જગતમાં પરના અપરાધથી...**' હેતુ આ

સિદ્ધ કરવો છે. '**આ જગતમાં પરના અપરાધથી ઉપજતો બંધ તને નથી.**' આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં એમ કહ્યું મુળાચાર હે ધર્મી! તું કુસંગ નહિ કર. જેની શ્રદ્ધા વિપરીત છે એની શ્રદ્ધાના સંગમાં ન આવતો. જો તારાથી એકલા ન રહેવાય તો સ્ત્રી પરણ. સ્ત્રીના ભોગમાં તો ચારિત્રનો દોષ છે, પણ અજ્ઞાનીના સંગમાં અનંત મિથ્યાત્વનું લાકડું ગરી જશે. એય..! આવ્યું છે કે નહિ? આહા..હા..! ભોગવવાનું કહે છે ઈ? સ્ત્રી પરણવાનું કહે છે? અધિક દોષ કયો છે એ બતાવે છે. આહા..હા..! ભાઈ! મિથ્યાદૃષ્ટિ. વળી એક બાજુ કહે કે પરનો સંગ પર ન કરી શકે.

મુમુક્ષુ :- ભાવ છેને.

ઉત્તર :- ઈ ભાવ. કહ્યુંને પ્રવચનસારમાં? પાણી ઠંડુ હોય ખૂણામાં મૂકેલું એમાં આઈસ્ક્રીમ નાખે તો બહુ ઠંડુ થાય. એમ આત્મા એવો સારો સત્સમાગમ મળે પછી બહુ ઉજળો આત્મા થાય. પરને લઈને થાતો હશે? પાઠ તો એવો છે. ચરણાનુયોગમાં તો નિમિત્તની પ્રધાનતાથી કથન છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સંગ. હા. અહીં કહે કે પરના સંગે કાંઈ થતું નથી. તો કુસંગવાળો તને કુસંગ કરાવે. પરથી જે એવો .. એ કુસંગથી તને કાંઈ થતું નથી. કુસંગથી તારામાં કોઈ ફેરફાર નથી થતો. આહા..હા..! કથન શૈલી તો શાસ્ત્રમાં ઉપદેશક શૈલી હોય ત્યારે તો ઈ આવેને?

અહીં તો કહે '**આ જગતમાં પરના અપરાધે...**' શરીરની ક્રિયા એનાથી તો તું ભિન્ન છો. ભેદજ્ઞાન થયું. દેહથી અને રાગથી તારી ચીજ ભિન્ન છે. તો રાગ અને દેહની ક્રિયાથી તને નુકસાન થાય. આહા..હા..! એમ છે નહિ. આ તો શાંતિના માર્ગની ચીજ છે. એવો કોઈ મોટો .. ખુશી થઈ જાય. ઓહો..! એવા ભાષણ કરે. લોકો રાજી-રાજી થઈ જાય. આહા..હા..! આ તો માંડ સમજવામાં પણ અંદર બહુ ગડબડ થઈ જાય. આ શું કહે છે? આવા મુનિ! દિગંબર મુનિ! ભોગ ભોગવે એમ કીધું અહીં તો. પંચ મહાવ્રત ક્યાં રહ્યા? અરે..! સાંભળતો ખરો. એમ કહેવામાં પરદ્રવ્યની ક્રિયા રાગાદિ અને શરીરની ક્રિયાથી એનાથી તો તું ભિન્ન છે. તો પરદ્રવ્યની ક્રિયાથી તને નુકસાન થાય એમ ન માન. એને છોડી દે એમ કહે છે. આહા..હા..!

જુઓને, '**પરના અપરાધથી ઉપજતો બંધ...**' પરને અપરાધથી ઉપજતો ભાવ. '**બંધ તને નથી (અર્થાત્ પરના અપરાધી તને બંધ થતો નથી.)**' આહા..હા..! ત્યારે ઓલા કહે લ્યો, પછી શરીરથી ગમે તે ક્રિયા કરો તમે. તમારે વાંધો નથી. પણ કરી શકતો નથીને. લ્યો અહીં તો એવી છુટ આપી. શરીરની ગમે તેવી ક્રિયા હોય એનાથી તને બંધ થતો નથી. પણ કઈ અપેક્ષા કરી આ તે. પરની ક્રિયા તો એને કારણે થાય છે. તારા રાગ અને

તારા સ્વભાવના કારણે ક્રિયા થાય છે. ખરેખર તો રાગ પણ તારો સ્વભાવ નથી. રાગ ઉપજ્યો તો સ્વભાવથી ભિન્ન થઈને થયો છે. આહા..હા..! ભારે!

'**ભાવાર્થ :- વસ્તુનો સ્વભાવ વસ્તુને પોતાને આધીન જ છે.**' વસ્તુનો સ્વભાવ વસ્તુને આધીન જ છે. '**માટે જે આત્મા પોતે જ્ઞાનરૂપે પરિણમે છે...**' આત્મા હું જ્ઞાતા છું, દષ્ટા છું. જગતના ચક્ષુ હું તો છું. દષ્ટાનું દશ્ય છું, દશ્યનું દષ્ટા છું, જ્ઞેયનો જ્ઞાતા છું. એવી ક્રિયા જે જ્ઞાતા-દષ્ટાની છે એ શું કરી શકે? એનાથી પરદ્રવ્ય અજ્ઞાનરૂપ કદી પરિણમાવતા નથી. ઓલામાં આવ્યું છેને ઈષ્ટોપદેશ કે પોપટને શીખવો તો શીખી શકે. .. કાગડા ભલા. પોપટને શીખવેલું કાગડાને શીખવે. કાગડા છેને કૌઆ? કાગડો બોલી શકે? ઈ ન કરી શકે. એની યોગ્યતા છે નહિ. પોપટને એમ કે શીખવો તો .. એમ ગુરુ જે ચીજ સમજવાને લાયક નથી એને શું સમજાવે? આહા..હા..! અભવિને સમજાવો તારો આત્મા પરમાત્મા છે. અલ્પકાળમાં જે અનુભવ .. મોક્ષ થશે. એનો સ્વભાવ જ બીજો છેને. આહા..હા..! ધર્મીને એક ક્ષણમાં જ્યાં લય લાગી. આહા..હા..! લાગી તો લાગી. અહીં નથી તમારે આવતું? પડાયમાં પડાય. એમાં કહે છેને લાગી-લાગી કહે છે કાંઈક. એક .. અડેને કાંઈ. લાગી. .. તુટશે એમાં. .. પકડવા જાય. પડાય સમજ્યા? પતંગ. છોકરા એમ બોલે લાગી. લાગી શું .. એમ અહીં લાગીને કાંઈ લાગતું નથી. પડાય પડાયને અડતી નથી. આહા..હા..! એક પડાયને કારણે બીજી પડાય તુટે એમ પણ નથી અહીં તો કહે. આહા..હા..!

'**વસ્તુનો સ્વભાવ વસ્તુને પોતાને આધીન જ છે.**' આધીન જ છે. '**માટે જે આત્મા પોતે જ્ઞાનરૂપે પરિણમે છે...**' જાણવા-દેખવાનો જેનો સ્વભાવ થઈ ગયો એ સ્વભાવને કોણ બદલાવી શકે? આહા..હા..! '**તેને પરદ્રવ્ય અજ્ઞાનરૂપે કદી પરિણમાવી શકે નહિ. આમ હોવાથી અહીં જ્ઞાનીને કહ્યું છે કે-તને પરના અપરાધથી બંધ થતો નથી...**' પરદ્રવ્યની પર્યાયથી તારામાં કાંઈ નુકસાન થાય એમ છે નહિ. અને પરદ્રવ્યની પર્યાયથી તને કાંઈ લાભ થાય એમ છે નહિ. આહા..હા..! ભારે કામ! સોગાનીએ એકવાર કહ્યું કે સાંભળવામાં અને સંભળાવવામાં નુકસાન છે. છે? અને બીજીવાર એમ કહ્યું ધર્મી આચાર્યનું સૂત્ર વાંચે તો જેમ રસ ટપકે ક્ષણ ક્ષણમાં બિંદુ એમ રસ ટપકે છે. બિંદુ. કઈ અપેક્ષાએ કહ્યું? સમજાણું કાંઈ? જેની દષ્ટિ સ્વભાવ ઉપર થઈ એ આચાર્યનું શાસ્ત્ર વાંચે તો પોતાના સ્વભાવ તરફનો આદર છે અંદરમાં. તો આનંદરસ ઝરે છે એમાં. સાંભળવાના કાળે પણ. અને જેની દષ્ટિ જ પર ઉપર છે તો એને સાંભળવામાં નુકસાન, સંભળાવવામાં પણ નુકસાન. આહા..હા..! ભારે વાત, ભાઈ! બેય વિષય છે કહ્યુંને? સ્ત્રી અને વાણી બેય પર વિષય છે. પરવિષય છેને? સ્વવિષય તો નથી. ધર્મીનો સ્વવિષય તો આત્મા છે. અજ્ઞાનીનો સ્વવિષય પર રાગાદિ પરચીજ છે. આહા..હા..!

તું એવી શંકા ન કર. છેને? '**તેથી તું ઉપભોગને ભોગવ. ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર.**' આહા..હા..! આનંદના રસમાં પરને ભોગવવાનો રસ જ નથી. આહા..હા..! ઉદાસ... ઉદાસ... ઉદાસ... સમજાણું કાંઈ? કોટવાલ ગધેડા ઉપર બેસાડે કાળુ મોઢું કરીને. ઉંધે માથે આમ. હરખ હશે એમાં? આ આવે છેને કોટવાલ કોટવાલને? એમ રાગાદિ આવ્યો અને જડની ક્રિયા થઈ એમાં દૃષ્ટિ ક્યાં છે? રસ ક્યા છે? ગધેડા ઉપર ચાલે છે તો એને રસ છે? ગધેડા ઉપર બેસાડે છેને? થયુંને એકવાર. લગન કરવા આવ્યો હતો. શાદી-લગન કરવા આવ્યો હતો. તો કન્યના બાપ પાસે પહેલી સાધારણ વાત કરી હતી, પણ લગનને ટાણે એમ કહ્યું કે આ લાવો... આ લાવો... આ લાવો... ભારે વાત ભાઈ! ઓલો માણસ બિચારો સાધારણ. કન્યાનો બાપ. લગનને ટાણે. સાવધાન. સમયવર્તે સાવધાન આવે છેને? આવતું હશે? ટાણું થઈ ગયું. ટાઈમ થઈ ગયો. અંદરમાં રોતી હતી કન્યા. અંદર ગયા ગૃહસ્થ. શું છે? દસ હજાર જોવે છે અમારે. .. આ માણસ તો જુઓ. પછી સારા માણસ હોય તો પૈસા આપી દે. .. જુઓ આ અમે સાથે છીએ. કન્યા ન ફરે. એક ઠેકાણે તો એવું થયું કે એવી વાત કરવા ગયા એનો વર. ગામના માણસ છોકરાઓ આવ્યા. અહીં જુવાન ગધેડાને લઈને. બરાબર શણગાર્યું. આવ ચાલ. વરને પછી બેસાડ્યો ગધેડા ઉપર. સારા આવા હેરાન કરે છો?

મુમુક્ષુ :- ગામમાં ફેરવ્યો.

ઉત્તર :- ગામમાં ફેરવ્યો પાછો. પરણજે હવે ક્યાંક. આ કન્યા નહિ મળે. મૂર્ખ આવી ચીજ કરે છે તું ખરે ટાણે? બિચારાને નાક કાપી.. અહીં આત્માને એવી ચીજ બને કે હજી ગધેડા ઉપર કોટવાલને. પણ ધર્મી જીવ છે એ ઉદાસ છે. એમાં એને રસ નથી. આહા..હા..! લગન કરવા જાય લ્યો સમકિતી ન જાય? એ ઉંધે ગધેડે બેસાડે તોપણ એને રસ નથી. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે '**તું ઉપભોગને ભોગવ. ઉપભોગ ભોગવવાથી મને બંધ થશે એવી શંકા ન કર. જો એવી શંકા કરીશ તો 'પરદ્રવ્ય વડે આત્માનું બૂરું થાય છે' એવું માનવાનો પ્રસંગ આવે છે.**' બસ, '**આ રીતે અહીં જીવને પરદ્રવ્યથી પોતાનું બૂરું થતું માનવાની શંકા મટાડી છે;...**' ભોગવવાનું નથી કહ્યું. '**ભોગ ભોગવવાની પ્રેરણા કરી સ્વચ્છંદી કર્યો છે એમ ન સમજવું. સ્વેચ્છાચારી થવું તે તો અજ્ઞાનભાવ છે એમ આગળ કહેશે.**' એમ નથી કે ભોગ ભોગવ તને કાંઈ નથી એમ નથી કહ્યું. પણ તારી દૃષ્ટિ પરદ્રવ્યથી ખસી ગઈ છે, રાગથી ખસી ગઈ છે. તો પરદ્રવ્યની ક્રિયાથી તને બંધ થાય એવી શંકા ન કર. એમ કહ્યું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૨૦ થી ૨૨૩

भुंजंतस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।
संखस्स सेदभावो ण वि सक्कदि किण्हगो कादुं।।२२०।।
तह णाणिस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।
भुंजंतस्सवि णाणं ण सक्कमण्णाणदं णेदुं।।२२१।।
जइया स एव संखो सेदसहावं तयं पजहिदूण।
गच्छेज्ज किण्हभावं तइया सुक्कत्तणं पजहे।।२२२।।
तह णाणी वि हु जइया णाणसहावं तयं पजहिदूण।
अण्णाणेण परिणदो तइया अण्णाणदं गच्छे।।२२३।।
भुञ्जानस्यापि विविधानि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि।
शंखस्य श्वेतभावो नापि शक्यते कृष्णकः कर्तुम्।।२२०।।
तथा ज्ञानिनोऽपिविविधानि सचित्ताचित्तमिश्रितानि द्रव्याणि।
भुञ्जानस्यापि ज्ञानं न शक्यमज्ञानतां नेतुम्।।२२१।।
यदा स एव शंखः श्वेतस्वभावं तकं प्रहाय।
गच्छेत् कृष्णभावं तदा शुक्लत्वं प्रजह्यात्।।२२२।।
तथा ज्ञान्यपि खलु यदा ज्ञानस्वभावं तकं प्रहाय।
अज्ञानेन परिणतस्तदा अज्ञानतां गच्छेत्।।२२३।।

यथा खलु शंखस्य परद्रव्यमुपभुञ्जानस्यापि न परेण श्वेतभावः कृष्णः कर्तुं शक्येत, परस्य परभावत्वनिमित्तत्वानुपपत्तेः, तथा किल ज्ञानिनः परद्रव्यमुपभुञ्जानस्यापि न परेण ज्ञानमज्ञानंकर्तुं शक्येत, परस्य परभावत्वनिमित्तत्वानुपपत्तेः। ततो ज्ञानिनः परापराधनिमित्तो नास्ति बन्धः। यथा

च यदा स एव शंखः परद्रव्यमुपभुञ्जानोऽनुपभुञ्जानो वा श्वेतभावं प्रहाय स्वयमेव कृष्णभावेन परिणमते तदास्य श्वेतभावः स्वयंकृतः कृष्णभावः स्यात्, तथा यदा स एव ज्ञानी परद्रव्यमुपभुञ्जानोऽनुपभुञ्जानो वा ज्ञानं प्रहाय स्वयमेवाज्ञानेन परिणमते तदास्य ज्ञानं स्वयंकृतमज्ञानं स्यात्। ततो ज्ञानिनो यदि (बन्धः) स्वापराधनिमित्तो बन्धः।

હવે આ જ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :-

જયમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.
ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.
જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને
પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.
ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને
અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.

ગાથાર્થ :- [शंखस्य] જેમ શંખ [विविधानि] અનેક પ્રકારનાં [सचित्ताचित्तमिश्रितानि] સચિત્ત, અચિત્ત અને મિશ્ર [द्रव्याणि] દ્રવ્યોને [भुञ्जानस्य अपि] ભોગવે છે-ખાય છે તોપણ [श्वेतभावः] તેનું શ્વેતપણું [कृष्णकः कर्तुं न अपि शक्यते] (કોઈથી) કૃષ્ણ કરી શકાતું નથી, [तथा] તેમ [ज्ञानिनः अपि] જ્ઞાની પણ [विविधानि] અનેક પ્રકારનાં [सचित्ताचित्तमिश्रितानि] સચિત્ત, અચિત્ત અને મિશ્ર [द्रव्याणि] દ્રવ્યોને [भुञ्जानस्य अपि] ભોગવે તોપણ [ज्ञानं] તેનું જ્ઞાન [अज्ञानतां नेतुम् न शक्यम्] (કોઈથી) અજ્ઞાન કરી શકાતું નથી.

[यदा] જ્યારે [सः एव शंखः] તે જ શંખ (પોતે) [तकं श्वेतस्वभावं] તે શ્વેત સ્વભાવને [प्रहाय] છોડીને [कृष्णभावं गच्छेत्] કૃષ્ણભાવને પામે (અર્થાત્ કૃષ્ણભાવે પરિણમે) [तदा] ત્યારે [शुक्लत्वं प्रजह्यात्] શ્વેતપણાને છોડે (અર્થાત્ કાળો બને), [तथा] તેવી રીતે [खलु] ખરેખર [ज्ञानी अपि] જ્ઞાની પણ (પોતે) [यदा] જ્યારે [तकं ज्ञानस्वभावं] તે જ્ઞાનસ્વભાવને [प्रहाय] છોડીને [अज्ञानेन] અજ્ઞાનરૂપે [परिणतः] પરિણમે [तदा] ત્યારે [अज्ञानतां] અજ્ઞાનપણાને **[गच्छेत्]** પામે.

ટીકા :- જેમ શંખ પરદ્રવ્યને ભોગવે-ખાય તોપણ તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી, તેવી રીતે જ્ઞાની પરદ્રવ્યને ભોગવે તોપણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત બની શકતું નથી. માટે જ્ઞાનીને પરના અપરાધના નિમિત્તે બંધ થતો નથી.

વળી જ્યારે તે જ શંખ, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, શ્વેતભાવને છોડીને સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે ત્યારે તેનો શ્વેતભાવ સ્વયંકૃત કૃષ્ણભાવ થાય (અર્થાત્ પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવરૂપ થાય), તેવી રીતે જ્યારે તે જ જ્ઞાની,

પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, જ્ઞાનને છોડીને સ્વયમેવ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે તેનું જ્ઞાન સ્વયંકૃત અજ્ઞાન થાય. માટે જ્ઞાનીને જો (બંધ) થાય તો પોતાના જ અપરાધના નિમિત્તે (અર્થાત્ પોતે જ અજ્ઞાનપણે પરિણમે ત્યારે) બંધ થાય છે.

ભાવાર્થ :- જેમ શંખ કે જે શ્વેત છે તે પરના ભક્ષણથી કાળો થતો નથી પરંતુ જ્યારે પોતે જ કાલિમારૂપે પરિણમે ત્યારે કાળો થાય છે, તેવી રીતે જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી પરંતુ જ્યારે પોતે જ અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાની થાય છે અને ત્યારે બંધ કરે છે.

ચૈત્ર સુદ-૧૧, શુક્રવાર, તા. ૧૩-૦૪-૧૯૭૩
ગાથા-૨૨૦ થી ૨૨૩, પ્રવચન-૩૬૭

પ્રવચન હિન્દીમાં હોવાથી તેનો ગુજરાતી અનુવાદ કરેલ છે.

નિર્જરા અધિકાર ચાલે છે. ગાથા છે. ૨૨૦, ૨૧, ૨૨, ૨૩.

भुंजंतस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।
संखस्स सेदभावो ण वि सक्कदि किण्हगो कादुं।।२२०।।
तह णाणिस्स वि विविहे सच्चित्ताचित्तमिस्सिए दव्वे।
भुंजंतस्सवि णाणं ण सक्कमण्णाणदं णेदुं।।२२१।।
जइया स एव संखो सेदसहावं तयं पजहिदूण।
गच्छेज्ज किण्हभावं तइया सुक्कत्तणं पजहे।।२२२।।
तह णाणी वि हु जइया णाणसहावं तयं पजहिदूण।
अण्णाणेण परिणदो तइया अण्णाणदं गच्छे।।२२३।।

નીચે હરિગીત.

જયમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ૨૨૦.
ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાની તણું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ૨૨૧.

જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને
પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ૨૨૨.
ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને
અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ૨૨૩.

ઝીણો વિષય થોડો. શું કહે છે જુઓ, કે આ આત્મા જે છે આત્મા એ શુદ્ધ આનંદ અને જ્ઞાનનો પિંડ-પુંજ છે. આ આત્મા. આ તો દેહ જડ છે. એ કાંઈ આત્મા નથી અને કર્મ છે એ પણ જડ છે. એ આત્મા નથી. એ તો જગતની જડ ચીજ છે. અને અંદરમાં એક પુણ્ય-પાપના ભાવ થાય છે એ મલિનભાવ દુઃખરૂપ ક્લેષ્ટભાવ છે. આહા..હા..! એ આત્મા નથી. તો એ આત્મા તો પુણ્ય-પાપના વિકલ્પ રાગથી મલિન છે અંદર. એવા આત્માની જેને અંતર દૃષ્ટિ થઈ અને આત્મા શું ચીજ છે એનો અંતરમાં અનુભવ થયો તો એને ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહે છે. કહો, ગીરધરભાઈ! આ સામાયિક કરે ને પોષા કરે ને પડિક્કમણા કરે માટે ધર્મી છે એમ નથી. એ તો રાગની ક્રિયા છે. રાગમાં ધર્મ માને છે એ જ મોટો ભ્રમ અજ્ઞાન મિથ્યાત્વભાવ છે. તો મિથ્યાત્વભાવ પુણ્ય અને પાપના ભાવ જે શુભ-અશુભ છે એના ઉપર દૃષ્ટિ જ્યાં રાગ ઉપર છે ત્યારે તો આત્માની શ્રદ્ધા અને આત્માનું ભાન થયું નથી. તો એને ધર્મ થતો જ નથી એમ કહે છે. શેઠ!

મુમુક્ષુ :- શ્રદ્ધાનું કામ છે? પર્યાયનું કામ છેને.

ઉત્તર :- પણ જે ચીજ શું છે એ ચીજ જાણ્યા વિના કરવું-ઠરવું શેમાં? એ માટે તો નિર્જરા અધિકાર છે. કહો, સમજાણું કાંઈ? ધર્મ કરવો છેને ધર્મ? તો ધર્મ શું ચીજ છે? અને ધર્મ કરનારો કેવો છે? એની ખબર વિના ધર્મ કેમ થાય? ધર્મ તો વીતરાગી દશા છે. તો ક્રિયા-ક્રિયા છે એ કોઈ ધર્મ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જ્ઞાન ક્રિયા એ ધર્મ નથી?

ઉત્તર :- જ્ઞાન ક્રિયા તો જ્ઞાનમાં એકાગ્રતા એ ક્રિયા. એ તો વીતરાગી ક્રિયા થઈ. આત્મા તો જ્ઞાન અને આનંદનો પિંડ પ્રભુ છે. એ વસ્તુની પ્રતીત અને ઉપલબ્ધ. પર્યાયમાં એનો અનુભવ ન થયો તો ધર્મ ક્યાંથી થાય? કહો, દેવીલાલજી! આહા..હા..! અજ્ઞાનપણે માને કે અમે ધર્મ કરીએ છીએ. એટલે પુણ્યના પરિણામ હોય દયા, દાન, વ્રતાદિ એ તો અજ્ઞાન છે, એ તો રાગ છે. આત્માનો સ્વભાવ નથી. રાગ છે એ તો. એ તો આત્માના સ્વભાવથી ઉલટો-વિપરીતભાવ છે. આહા..હા..! એને તો અજ્ઞાનભાવ કહ્યો છે. અજ્ઞાન શબ્દે ચૈતન્ય સ્વભાવનો જેમાં અભાવ એવા રાગની ક્રિયા એ કોઈ ધર્મ નથી. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા એને ધર્મ કહે છે કે આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ નામ ક્રિયાના રાગથી ભિન્ન અને પોતાના પૂર્ણ આનંદ જ્ઞાનસ્વભાવથી અભિન્ન. એવી અંદરમાં દૃષ્ટિ અનુભવમાં થાય ત્યારે

તેને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શનમાં પૂર્ણ આનંદસ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એવું દૃષ્ટિમાં, અનુભવમાં આવ્યો આ એને ધર્મી કહે છે અને એને જ્ઞાની કહે છે. એ ધર્મીને નિર્જરા થાય છે એ અધિકાર ચાલે છે. કેમકે આત્મા શુદ્ધ ચૈતન્ય રાગથી પુણ્યની ક્રિયાથી પણ ભિન્ન, રાગથી **'णाणसहावाधियं मुणदि आदं'** રાગથી ભિન્ન જ્ઞાનસ્વભાવથી અધિક જુદો રાગથી ભિન્ન છે. એવી અંતરમાં અંતર્મુખ સ્વભાવની દૃષ્ટિ અને અનુભવ થાય ત્યારે તેને ધર્મ થાય છે. તો એને કહે છે કે પરદ્રવ્ય ધર્મથી પલટી શકે એમ છે નહિ. પરદ્રવ્યની ક્રિયા લાખ, કરોડ શરીરથી થાય, પણ એનાથી આત્મામાં વિપરીતતાભાવ થાય એમ નથી. કેમકે આ તો જડ છે, માટી છે, ધૂળ છે, અજીવ છે. આ કાંઈ આત્મા તો જગતની ધૂળ ચીજ છે ધૂળી. હવે એ ધૂળની એવી ક્રિયા થાય, ન ખાવું, ન પીવું, અપવાસ એ બધી ક્રિયા તો જડ છે. છોટુભાઈ! ભારે આકરું કામ! ક્યાં ગયો નરેન્દ્ર? ત્યાં બેઠો. અહીં તારું સ્થાન અહીં છેને? સમજાણું કાંઈ? આવી જા... આવી જા અહીંયાં. તારું સ્થાન છેને ત્યાં? કહો, સમજાય છે કાંઈ? સમજાય છે એટલે સમજમેં આતે હૈ? હિન્દી છે તો ગુજરાતી આવે. આજ તો હવે... આહા..હા..!

કહે છે જુઓ છેને? ટીકા છેને એની? એની ટીકા ચાર ગાથાની. ટીકા છેને? ધર્મ ચીજ કોઈ અલૌકિક છે. જગતને ખ્યાલમાં આવી જ નથી. એમ ને એમ માની લે. સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ કરી. તો શું કર્યું? એમાં શું થયું? એ તો શુભરાગ છે. સામાયિક કરી. સામાયિક કોને કહે છે? સામાયિક તો આત્મા આનંદસ્વરૂપ જ્ઞાનસ્વભાવી એવી અંતરદૃષ્ટિ થાય અને એમાં સ્થિરતા થાય ત્યારે એને સામાયિક કહે છે. આ તો નમો અરિહંતાણં કરમે ભંતિ સામાયિક પાઠ બોલ્યા નવ, સાત. નમો અરિહંતાણં ... તસ્સઉતરી જાવ લોગસ્સ અને નમોત્થુણં. એય..! આ બધું પોપટભાઈએ ઘણું કર્યું હશે. આ તો બે જણાએ કર્યું છે. એની સાથે હતાને. અમે પણ બધું કર્યું છે, બાપુ! અમે નથી કર્યું? પાલેજમાં બધું કરતા. દુકાન ઉપર. અપવાસ કરીએ સમજ્યાને? ચોવિહારા અપવાસ હોં! પાણી-બાણી નહિ. અપવાસ. નાની ઉંમરમાં. ૬૪ની સાલમાં. રાત્રીમાં પાણી-આહાર નહિ. દુકાન ઉપર ધંધો ભલે ચાલતો હોય પણ રાતે પાણી-આહાર નહિ. ૬૪-૬૫ વર્ષથી પાણી-આહાર નહિ રાતના. એ ક્રિયા કરતા એ તો રાગ મંદની ક્રિયાથી માનતા કે ધર્મ છે. નવનીતભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- તે દિ' એવું ચાલતું હતું.

ઉત્તર :- ઈ ત્યાં માનતા હતાને. લોકોને આ કાંઈ વસ્તુની ખબર નહિને. આહા..હા..!

કહે છે કે **'જેમ શંખ પરદ્રવ્યને ભોગવે...'** ટીકા છેને ટીકા? શંખ-શંખ હોય છેને ધોળો? સફેદ શંખ. **'જેમ શંખ...'** કદાચિત્ શંખ એમ. **'પરદ્રવ્યને ભોગવે...'** શંખ. કાળા કીડા આદિ ખાય સમુદ્રમાં. ધોળો શંખ હોય ધોળો શંખ. કાળા કીડા હોય, કાળી માટી

ખાય એથી '**તોપણ તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી...**' એ શ્વેતપણું કાળી એ ચીજ છે તો એનાથી કાંઈ શ્વેતપણું કાળું કરી શકાતું નથી. સમજાણું કાંઈ? પરદ્રવ્યથી અંદરમાં કોઈ પલટી જાય એમ નથી બનતું. આહા..હા..! '**શંખ પરદ્રવ્યને ભોગવે...**' ખાય. '**તોપણ તેનું શ્વેતપણું પર વડે કૃષ્ણ કરી શકાતું નથી...**' આહા..હા..! '**કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી,...**' ઓહો..હો..! કોઈ પરચીજથી આત્મામાં બદલાય એવી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! શરીર, વાણી, મન એ તો માટી, જડ છે. એની ક્રિયાથી આત્મામાં કાંઈ લાભ-નુકસાન થાય એમ નથી. એ તો જડની ક્રિયા છે. એ જડની ક્રિયા આત્મામાં અસર કરે છે કાંઈ? ભિન્ન છે. આ ભિન્ન છે તદ્ન. આહા..હા..! શંખનું શ્વેતપણું અન્ય વડે કાળું કરી શકાતું નથી.

'**કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ...**' પરવસ્તુ પરદ્રવ્યને પરભાવસ્વરૂપે પરિણમાવે એવી કોઈ ચીજ જગતમાં છે નહિ. આ તો નિમિત્તને ઉડાવી દીધું લ્યો, નિમિત્તથી કાંઈ થાય એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અગ્નિ નિમિત્ત છે તો પાણીને ઉષ્ણ કરે એમ છે નહિ.

મુમુક્ષુ :- પાણી વિના ચોખા ચડે?

ઉત્તર :- એમ કહે છે. આહા..હા..! પાણી વિના ચોખા ચડે છે? એય..! ડોક્ટર! એ ડોક્ટર આવે છે. પાણી-જળ વિના ચોખા ચડે છે તને ખબર નથી. જડના પરમાણુ ભિન્ન છે.

મુમુક્ષુ :- જડ એને છુવે છે ક્યાં? અડે છે ક્યાં?

ઉત્તર :- અડે અને છુવે ક્યાં? ચોખા છે એ પાણીને અડતા જ નથી અને પાણીને ચોખા અડતા નથી. ભિન્ન ચીજ છે. તો પરદ્રવ્યથી પરદ્રવ્યમાં પરદ્રવ્યનો ભાવ થઈ જાય એમ છે નહિ. આહા..હા..! આકરી વાત! દુનિયાને વીતરાગ શું કહે છે એની ખબર જ નથી. અને જૈનના નામે ભગવાનને નામે ધર્મ થાય છે એમ માની લે છે. આહા..હા..! એય..! ગીરધરભાઈ! આ બધા શેઠીયા એમ કરતા હતાને ત્યાં જુઓ.

મુમુક્ષુ :- બધા કામમાં કરતા હતાને?

ઉત્તર :- બધાય કામમાં કરતા હતા. એય..! મલુપચંદભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- ઈ તો ..

ઉત્તર :- બધે એમ જ હતું. ક્યાં શું થાય? આ દૃષ્ટાંત કેવું આપ્યું છે! શંખનું શરીર શ્વેત છે, તો એ કોઈપણ પરચીજ કાળી ખાય તો એ શ્વેતપણું કાળું થઈ જાય? આ શરીર લ્યો, સફેદ શરીર જેનું છે એ કાળી ચીજ ખાય તો સફેદ શરીર કાળું થઈ જાય?

મુમુક્ષુ :- કાળુ કપડું મૂકીએ તો ધોળું થઈ જાય?

ઉત્તર :- જેનું શરીર કાળું છે અને દૂધ, ખાંડ, સાકર પીને દરરોજ બે શેર-બે શેર કેસરનું પીવે તો શું કાળો છે એ ધોળો થઈ જાય? આહા..હા..! કહો, પોપટભાઈ! આહા..હા..!

'**પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત (અર્થાત્ કારણ) બની શકતું નથી,...**' આહા..હા..! સમજાણું કાંઈ? શરીર ગરમ હોય તો અંદર આત્મા ગરમ થઈ જાય એમ છે? ગરમ તો જડ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શરીરમાં તાવ આવ્યો ૧૦૮ ડિગ્રી, ૧૦૬ ડિગ્રી એ તો જડની દશા છે. એ આત્માને ઉનું કરી દે છે? આત્મા તો અરૂપી છે. .. શું છે? અજ્ઞાન પણ એમ ને એમ માની લે. અરે..! તીખી ચીજ, તીખી ચીજ. મરચા હોય છેને મરચા હોય છેને મરચા. મારું મોઢું તીખું થઈ ગયું. તીખું શું થયું? મોઢું તો તીખાથી ભિન્ન છે. તીખી ચીજ ભિન્ન છે. પંડિતજી! તીખી ચીજથી મોઢું તીખું થઈ જાય? તીખી ચીજનું અસ્તિત્વ તીખામાં છે. મોઢાની ચીજ તો મોઢામાં છે. બેય ચીજ ભિન્ન છે. આહા..હા..! ભારે કામ આકરું! દુનિયાને હજી તત્ત્વ જીવ અને અજીવ બે ભિન્ન છે એની ખબર ન મળે અને ધર્મ થઈ જાય. આહા..હા..! અનંતકાળ એમ કાઢ્યો છે એણે. ચોર્યાસીમાં રખડતા... રખડતા... રખડતા... કહે છે કે પરભાવસ્વરૂપ કરવાનું કારણ બનતું જ નથી. આહા..હા..! એક દ્રવ્ય બીજા દ્રવ્ય બીજી રીતે પોતાના સ્વભાવરૂપે પરિણમાવી શકે એવી કોઈ ચીજ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેવી રીતે જ્ઞાની પરદ્રવ્યને ભોગવે...**' એ તો લોકોની દૃષ્ટિએ વાત કરી છે હોં. ધર્મી તો એને કહીએ કે જેને આત્માનો આનંદ આવ્યો હોય. આત્માનું ભાન થવામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય. આહા..હા..! એ અતીન્દ્રિય આનંદનો સ્વાદવાળો જીવ બીજી ચીજને ભોગવે એમ લોકો જોવે છેને? ભોગવે શું? ભાષા તો એવી છે. પણ દુનિયાની દૃષ્ટિએ જોવે. આ સ્ત્રીને ભોગવે છે ધર્મી, આ મોસંબી ખાય છે, ફલાણું ખાય છે આમ. બંગલાને ભોગવે, ઘોડાને ભોગવે, હાથીને ભોગવે, મકાન સારા કપડા હોય ઝવેરાત એને ભોગવે. શું આત્મા જડને ભોગવે છે? અને ભોગવવામાં જે નિમિત્ત છે. રાગ છે, પણ એ નિમિત્ત છે તો રાગ કરાવ્યો અને એનો ભોગ થયો તો જ્ઞાનીને બંધન થાય એમ છે નહિ. આહા..હા..!

'**જ્ઞાની પરદ્રવ્યને ભોગવે...**' સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની આત્માનો અનુભવ છે. હું ચીજ જ્ઞાનસ્વરૂપ છું. મારામાં પુણ્ય-પાપનો વિકલ્પ નથી. એવી જ્ઞાન દૃષ્ટિમાં ધર્મી પૂર્વના પુણ્યને યોગે બહારથી મળેલી સામગ્રી એને ભોગવે છે એમ દેખાય. અજ્ઞાની દૃષ્ટિ .. અમે પણ શીરો ખાઈએ છીએ અને એ પણ શીરો ખાય છે. શીરો સમજો છો? હલવો. હાફુસની કેરી ખાય છે. આ પણ હાફુસની કેરી ખાય છે. અમે પણ ઘોડા ઉપર બેસીને જઈએ છીએ આ પણ

ઘોડા ઉપર બેસીને જાય છે. ઘોડો ઘોડામાં રહ્યો. આ ક્યા બેસે? ઘોડા ઉપર બેસે છે આત્મા? આહા..હા..!

મુમુક્ષુ :- એરોપ્લેનમાં તો બેસાયને?

ઉત્તર :- શું એરોપ્લેનમાં બેસતો નથી. એરોપ્લેન એરોપ્લનેમાં રહ્યું. આહા..હા..! એરોપ્લેનમાં બિચારા ઓલી બાયુ આવેને. આ મહારાજ તો કાંઈ બોલતા નથી. કાંઈ લેતા નથી. બધાને આપે એવું નહિ? સવારમાં ચા-પાણી આપે, પીપર આપે એ તો ઠીક. ખાવાનું આપે. આ તો અમે આ ફેરી આવ્યા તો ખાવાનું આપ્યું. અઢી વાગે, બે વાગે નહિ ત્યાં? બેંગ્લોરથી હા. બેંગ્લોરથી મુંબઈ.

મુમુક્ષુ :- જમાનો વખત થાય એટલે આપે.

ઉત્તર :- હા, બધાને આપે અને પૂછે કે તમારે વનસ્પતિનો આહાર છે કે માંસનો. એમ કઈ ભાષા? વેજીટેરિયન. એમ પૂછે. અરેરે..! અને અહીં તો અમે જૈન કાંઈ લઈએ નહિ. એની પીપરમેટ પણ નહિ. અરે..! આ શું? .. કાંઈ લે નહિ બસ .. જય મહારાજ! અને ઓલા સામા બેઠા હોય એ ખાય બધું. ખાઈ શકે? પણ લોકો દેખેને એ પ્રમાણે. જ્ઞાની ભોગવે એમ દેખાય લ્યો, આહા..હા..!

'**તોપણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી...**' જેમ શંખ કાળી ચીજ ખાતા સમયે શંખનું શ્વેતપણું પરથી કાળું થતું નથી અને ધર્મી જેની દૃષ્ટિમાં આનંદસ્વરૂપ ભગવાન જ્યાં તરવરે છે. આહા..હા..! ધર્મી એને કહીએ. આહા..હા..! જેની દૃષ્ટિમાં અતીન્દ્રિય આનંદ ભગવાન, પોતાનો અતીન્દ્રિય આનંદ સ્વભાવ એના પ્રેમમાં જ્યાં પરિણમ્યો રહ્યો છે. એવો સમ્યગ્દૃષ્ટિ ચાહે તો સ્ત્રી હોય કે પુરુષ હોય, નારકી હોય કે દેવ હોય. જેની દૃષ્ટિમાં આત્મા જ તરવરે છે અને અનુભવ છે એના સ્વાદ આગળ જગતની પદાર્થની ચીજનો સ્વાદ એને આવતો નથી. આહા..હા..! થોડો રાગ થાય છે એનો પણ સ્વાદ એને નથી એમ કહે છે. અહીં નિર્જરા કહેવી છેને? આહા..હા..! જ્ઞાનમાં જણાય છે કે રાગ છે. પણ એ રાગ .. ખરી જાય છે તો એને નિર્જરા જ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને રાગની એકતાબુદ્ધિ પડી છે. તો ભલે ચાહે તો સાધુ થઈને બેઠો હોય, પણ એ મિથ્યાદૃષ્ટિ છે. રાગમાં એકત્વબુદ્ધિ છે એ અજ્ઞાની અજ્ઞાનભાવને જ ઉત્પન્ન કરે છે. એ બાહ્યની ક્રિયા એવી હોય સામાયિક ને પ્રૌષધને આ. માટે એને અજ્ઞાન મટી જાય અને જ્ઞાન થઈ જાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**તોપણ તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત બની શકતું નથી.**' લ્યો, નિમિત્ત એટલે કારણ. આ મોટા વાંધા.

મુમુક્ષુ :- આ તો પરને કરવાનું નિમિત્ત કારણ છે.

ઉત્તર :- નિમિત્ત કારણ કીધુંને. નિમિત્ત પણ કાંઈ કરી શકતું નથી. પરમાં નિમિત્ત કારણ કાંઈ કરી શકતું નથી. અગ્નિ ઉષ્ણ છે તો જડને ઉષ્ણ બનાવે એમ બિલકુલ નથી. પરદ્રવ્ય પરદ્રવ્યમાં પોતાનો ભાવ કરી શકે એમ છે નહિ પાણી ગરમ થાય છે એ પોતાની પર્યાયમાં ષટ્‌ગુણને કારણે એ સમયે ગરમ થાય છે. અગ્નિને કારણે ગરમ થાય છે એમ નથી. મારે ધર્મ ભારે! પરદ્રવ્યથી ગરમ થયું. અહીં તો ના પાડે છે. પરદ્રવ્યથી તો પરમાં કાંઈ કારણ બનતું નથી. કહો, ...ચંદજી! પાણી ગરમ થાય છે તો અગ્નિ વિના થાય છે?

મુમુક્ષુ :- .. અત્યંત અભાવ છે.

ઉત્તર :- બે વચ્ચે અત્યંત અભાવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોક્ષ થયો એનાથી રહિત જ બધાને થયો. પોતાનું કેવળજ્ઞાન પોતાના દ્રવ્યને આશ્રયે થયું છે. પરદ્રવ્યને આશ્રયે થયું જ નથી. મનુષ્યપણું છે તો કેવળજ્ઞાન પ્રગટે એમ ત્રણ કાળમાં નથી. વજ્રનારાચ સંહનન હોય, નરકમાં પણ જાય છે અને કેવળ પણ પામે. એમાં સંહનને શું કર્યું? સંહનને શું કર્યું? એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યથી શું આત્મામાં કેવળજ્ઞાનની પર્યાય પ્રગટે છે? આહા..હા..!

મુમુક્ષુ :- વજ્રનારાચ સંહનનું ધ્યાન ઉગ્ર.

ઉત્તર :- ધ્યાન ઉગ્ર એને કારણે? સમજાણું કાંઈ? પોતાની યોગ્યતાથી પોતાને કારણે થાય છે. સંહનનની મજબુતાઈને કારણે થાય છે? આહા..હા..! ભગવાન બિરાજે છે કેવળી આદિ. ક્ષયોપશમ સમકિતીને ક્ષાયિક સમકિત થાય છે લ્યો, .. શાસ્ત્રમાં તો એમ લખ્યું છે લ્યો. શ્રુત કેવળજ્ઞાની કેવળીની સમીપમાં ક્ષાયિક સમકિત થાય છે. શ્રેણિક રાજા ભગવાનના વખતમાં આત્મજ્ઞાની હતા, સમકિતી હતા. ભગવાનની સમીપે ક્ષાયિક સમકિત થયું. તો એનાથી થયું? પંડિતજી! શાસ્ત્રમાં પાઠમાં છે. ગોમ્મટસાર. કેવળી દુગ્ગઈ. કેવળી દુગ્ગઈ. છે? કેવળજ્ઞાની તીર્થંકરની સમીપે જ થાય છે, પણ સમીપે થાય છે તો એનાથી શું થયું? આહા..હા..!

મુમુક્ષુ :- લખ્યું છે એમાં.

ઉત્તર :- લખ્યું છે શું? બતાવ્યું છે કે જ્યારે પોતાની પર્યાય પોતાને કારણે થાય છે ત્યારે સામે ભગવાનનું નિમિત્ત હોય છે. બસ. આહા..હા..! ભગવાનથી થાય છે તો ભગવાનના સમવસરણમાં સાંભળે છે તો બધા એક પ્રકારે અને ભિન્ન-ભિન્ન પર્યાયનો એને ખ્યાલ આવે એનું કારણ? ભગવાનની વાણી તો બધા સાંભળે છે. પોતપોતાની એ સમયની યોગ્યતા પ્રમાણે એને જ્ઞાન અને શ્રદ્ધા થાય છે. પરને કારણે નહિ. આહા..હા..! ભગવાનની વાણી શું એને સમકિત કરાવે?

મુમુક્ષુ :- તો તો બધાને થવું જોઈએ.

ઉત્તર :- તો બધાને થવું જોઈએ. પરવસ્તુ પરવસ્તુમાં પોતાનો ભાવ કરાવી શકે એમ ત્રણ કાળ, ત્રણ લોકમાં નથી. સમજાણું કાંઈ? સ્ત્રીનું શરીર છે એ નજરમાં આવ્યું. તો શું એ સ્ત્રીનું શરીર વિકાર ઉત્પન્ન કરાવે છે? સમજાણું કાંઈ? દૃષ્ટાંત નથી આપ્યું વેશ્યાનું? જુવાન વેશ્યા હતી. .. આવ્યું સમ્યગ્જ્ઞાન દિપીકામાં? વેશ્યા મરી ગઈ જુવાન. ૩૫-૩૦ વર્ષની જુવાન અવસ્થા લટ્ઠ. એક મુનિ આવ્યા, એક કુતરો આવ્યો, એક ચોર આવ્યો. લંપટી અને એક આવ્યો ચોર ચાર આવ્યા લ્યોને. લંપટી પુરુષ એવો વિચાર કરે છે કે જો આ જીવિત હોતને તો હું વિષય લેત. આહા..હા..! મુનિ એમ વિચાર છે કે અરે..! આ શરીર જીવીત હોત તો ધર્મ તો કરત. કુતરાને એવો વિચાર આવ્યો કે આ લોકો ખસી જાય તો હું ખાવ. ચોરને એવો વિચાર થયો કે એમાં દાગીના છેને. દાગીના સમજ્યા? ઝેવર. આ .. જાય તો હું લઈ લઉ. એણે શું કર્યું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ વખતે લોકોને ...

ઉત્તર :- શું ..

મુમુક્ષુ :- અનેક પ્રકારની જે જેનું નિમિત્ત અને જેવી યોગ્યતા એમ...

ઉત્તર :- નિમિત્તની યોગ્યતા તો અહીં ઉપાદાનની યોગ્યતા નથી.

મુમુક્ષુ :- નિમિત્તમાં અનેક પ્રકારની યોગ્યતા છે.

ઉત્તર :- નિમિત્તમાં અનેક પ્રકારની યોગ્યતા હોય તો બધાને એક નિમિત્ત અને બધાને એ જ કારણ-કાર્ય થાય. નિમિત્તમાં અનેક પ્રકારની યોગ્યતા છે જ નહિ. એક પ્રકારની જ યોગ્યતા એને છે. ઉપાદાન પણ એક જ પ્રકારની યોગ્યતા છે. બહુ કઠણ વાત. સત્યને સત્ય જેવું છે એવું સમજવું... ભગવાનની પ્રતિમા છે જુઓ, ધર્મીને શુભભાવ થાય છે તો એનાથી થાય છે? એનાથી થાય તો ચકલી.

મુમુક્ષુ :- ઉપર બેસે અને ચરકે.

ઉત્તર :- બેસે સાધુ હોય. ઈયળુ. ઈયળું સમજ્યા? કીડા. ચકલા, કીડા ભગવાનના માથા ઉપર બેસે. એ કીડો અડધો માથે અને અડધો કાપીને ત્યાં ખાય માથા ઉપર. ઈયળ હોયને મોટી ઈયળ? એને પકડી અને ભગવાનની મૂર્તિ ઉપર બેઠીને ત્યાં કાઢીને બે કટકા કરીને ખાય છે. ભગવાન .. એમાં? લ્યો નેમિચંદજી! અને જે કાંઈ .. એ તો પોતાની યોગ્યતાથી શુભભાવ થાય છે. શું પરથી થાય? પરદ્રવ્ય એને પરિણમાવી શકે? આહા..હા..! સમજાણું કાંઈ?

અનેક અનંત દ્રવ્ય છે, દરેક પદાર્થ પોતપોતાની પર્યાય તે તે સમયમાં કરવામાં સ્વકાળથી સ્વતંત્ર છે. પરથી કાંઈ થતું નથી. આહા..હા..! બરાબર છે? વાણી વાણી સાંભળવાથી જ્ઞાન

નથી થતું? વાણીથી થાય તો બધાને સરખું થવું જોઈએ. પોતપોતાની યોગ્યતાથી થાય છે. પરદ્રવ્યથી એમાં થાય એવી વાત છે નહિ. આહા..હા..! ભાઈએ કહ્યું લ્યો નિમિત્ત. '**परस्य परभावत्वनिमित्तत्वानुपपत्तेः**' આ થઈ શકતું જ નથી, થતું જ નથી. આહા..હા..! ધર્મી પોતાના આનંદ સ્વભાવની દૃષ્ટિમાં છે તો પરદ્રવ્યની ક્રિયાથી એમાં ફેરફાર થઈ જાય એમ બનતું જ નથી. આહા..હા..! એને તો પરદ્રવ્યથી મારામાં કાંઈ થયું એ તો મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. જૈન નથી એ. જૈનનો દાસ પણ નથી અને જૈન નથી. આહા..હા..! એ તો અજ્ઞાનનો દાસ છે. જૈનનો દાસ એને કહીએ કે પરદ્રવ્યથી મારામાં કાંઈ થતું જ નથી. અને મારા દ્રવ્યને આશ્રયે જે થાય એમાં બીજો કોઈ ફેરફાર કરી શકે એમ ત્રણ કાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાનનો જીવ લ્યો મહાવીર પરમાત્મા. દસમે ભવે સિંહ હતા. સિંહ-સિંહ. અને હરણને થાપ મારીને ખાતા હતા. બે મુનિ ઉતર્યા ઉપરથી. અરે..! આ શું? તમે દસમા ભવે તીર્થંકર થવાના છોને. તો એ વાણીથી ફેરફાર થયો એમાં? પરદ્રવ્યથી થયું? પોતાની પર્યાય એ સમયે મુનિની વાણી કેવી હોય અને એ કેવા હોય તો .. વાણીમાંથી? અરે..! સિંહ! તારો આત્મા તો તીર્થંકર થવાનો છે. મહાવીર દસમે ભવે મહાવીર થવાના છો. આ શું હરણને ખાવ છો? એવી અંદરમાં પર્યાય થઈ પોતાથી તો આંસુની ધારા. સિંહ-સિંહ. ભગવાનનો દસમો ભવ. આંસુની ધારા. એમ કરતાં-કરતાં એને નિર્જરા થઈ ગઈ.. આહા..હા..! પશ્ચાતાપ કરતાં-કરતાં સ્વભાવનો આશ્રય લીધો, જાતિસ્મરણ થઈ ગયું, સમ્યગ્દર્શન થઈ ગયું લ્યો. તો શું પરથી થયું છે? તો તો ઉપદેશ બહુ કરે છે નિમિત્તથી. સમજાણું કાંઈ?

આજે કોકનો એક કાગળ નથી આવ્યો? નગ્નમુનિનો. ખરાગજ નહિ ખરાગજ. હા એ ખરાગજ હતોને અહીં આવ્યો હતો. દેરાવાસી હતો એક છોકરો. હતો હુશિયાર. ... આ ઉપદેશને તો લોકો ખોટો ઠરાવે છે. વસ્તુ તો યથાર્થ છે. લોકોને અનુભવની ચીજ ખ્યાલમાં આવતી નથી. નિર્મળ હતો. નિર્મળકુમાર. એ બિચારાને સાંભળીને કહે .. વાત કાંઈક .. મુનિને ... આહા..હા..! લોકો ખોટી ઠરાવે છે. એ બિચારો કહે. વસ્તુ પરમસત્ય છે. અનુભવની વાણી કોઈ પ્રાણીને બેસી શકે. .. અનંતકાળ એમ ને એમ ચાલ્યો જાય છે. સાધુ થયો મિથ્યાદૃષ્ટિ. રાગની એકતા માનીને મિથ્યાદૃષ્ટિ સાધુ થયો નગ્નમુનિ જંગલવાસી. પરદૃષ્ટિ તો મિથ્યાત્વ છે. અનંત સંસારની વૃદ્ધિ થાય છે એમાં તો અને ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય. જુઓને અહીં તો ત્યાં સુધી કહે છેને. સચેત-અચેત. ઈ કહેવું છે. આહા..હા..! એય..! સચેત ખાય, મિશ્ર ખાય... કે અચેત ખાય તો એ સચેત ખાય છે એનાથી બંધન નથી. સચેત લીધું ચોથે ગુણસ્થાને. સમજાણું કાંઈ? સચેત હરિકાય ખાય છે. સ્ત્રીનું શરીર સચેત એનો ભવ ... આહા..હા..! મુનિને યોગ્ય ... એનાથી કોઈ આત્મામાં ફેરફાર થઈ જાય એમ છે

નહિ. પોતાની દૃષ્ટિ જ્યાં આત્મા ઉપર પડી છે ત્યાં જ પરિણમન થાય છે. પરને કારણે કોઈ પરિણમન પલટી જાય અને બીજી થઈ જાય એવી ચીજ નથી. સચેત-અચેત મિશ્ર નાખ્યું છે હોં. સમજાણું કાંઈ? અહીં સમુચ્ચય નાખ્યું. પાઠમાં ત્રણ છે. ટીકામાં નથી નાખ્યું. ..

વાત તો ભગવાન કુંદકુંદાચાર્ય.. કે આત્મા જેમ ધર્મનું ભાન નથી ત્યારે તો એ ધર્મની ક્રિયામાં દયા, દાન, વ્રત, ભક્તિ, તપ કરતા હોય એ બધું પુણ્ય છે, ધર્મ નથી. આહા..હા..! અને જ્યારે આત્માનું ભાન થયું એ કોઈ રાગાદિ ક્રિયામાં દેખાય, પૂર્વના પુણ્યના સંયોગની સામગ્રીમાં દેખાય તો એને તો નિર્જરા જ થાય છે. આહા..હા..! એ તો પહેલા કહી ગયા છે કે સ્વચ્છંદી થવા માટે આ નથી કહ્યું. પરદ્રવ્યના અપરાધથી તને નુકસાન થશે એવી શંકા તારી છે. પરદ્રવ્ય ભોગ એમ કહ્યું છેને? પરદ્રવ્ય ભોગવ તું શંકા ન કર. એ તો પરદ્રવ્યના અપરાધથી તને લાભ-નુકસાન થાય. એ શંકાનું નિરાકરણ કરવા કહ્યું છે. એમ નથી કે તું પરદ્રવ્યને ભોગવ. આહા..હા..! એવો પાઠ આવ્યોને?

પરદ્રવ્ય સચેત, અચેત, મિશ્ર, શંખ પણ સચેત, અચેત અને મિશ્ર કોઈપણ ચીજ ખાય છે તો શું શંખનું ધોળાપણું એ ચીજથી કાળું થઈ જાય છે? અહીં કાળું શરીર હોય લ્યોને. દૂધ ને સાકર ને દ્રાક્ષ ખાઓ. એ તો કોણ કહેતું હતું હમાણ દ્રાક્ષ ખવાય. તમેને. .. એમ છેને. મોહનભાઈના દીકરાની વહુ કાંતિભાઈની. કાંતિભાઈની વહુને શ્વાસ બંધ છેને. મોહનભાઈ. ઈ કેવું .. કીધું? હા ઈ. તો કેટલા શેર શું કીધું?

મુમુક્ષુ :- પાંચ કીલો.

ઉત્તર :- પાંચ કીલો દ્રાક્ષ ખવાય.

મુમુક્ષુ :- કાંતિભાઈ.

ઉત્તર :- કાંતિભાઈને? ઠીક. પાંચ કીલો દ્રાક્ષ. ખાઈ. એટલો .. થાયને. ... .. ધોળું શરીર થઈ જાય? દૂધ પીવેને એકલા દૂધ ઉપર રહે. દૂધ રોટલી ખાયને? પાંચ શેર દૂધ અને દસ શેર દૂધ લે. તો શું કાળું શરીર ધોળું થઈ જાય? છાશ રોટલી ખાય. પરદ્રવ્યથી એમાં શું થાય? તને ખબર નથી, પરદ્રવ્યની પર્યાય પરમાં થાય છે અને તારી પર્યાય તારામાં થાય છે. એમાં પરથી શું થયું તારામાં? આહા..હા..!

'**તેનું જ્ઞાન પર વડે અજ્ઞાન કરી શકાતું નથી...**' ધર્મીનું સમ્યગ્જ્ઞાન જે ચૈતન્યના સ્વરૂપનું ભાન મારી શાંતિ તો મારામાં છે. મારી શાંતિ મારાથી થાય છે. કોઈ બીજી ચીજથી થતી નથી. બીજી ચીજ પ્રતિકૂળ હોય તો શાંતિને અશાંતિ કરી દે એવી ચીજ કોઈ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**કારણ કે પર અર્થાત્ પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ...**' કોઈપણ દ્રવ્યને કોઈપણ દ્રવ્યને એમ. '**પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ**

કરવાનું નિમિત્ત બની શકતું નથી.' આહા..હા..! આટલો તો ખુલાસો છે પણ મારા તકરાર ઉભી કરે. બે કારણથી થાય. એય..! આહા..હા..!

મુમુક્ષુ :- એક જ સાચું કારણ છે.

ઉત્તર :- ઈ વસ્તુ એક જ કારણ છેને. ઓલું તો આરોપિત કારણ છે. આહા..હા..! '**નિમિત્ત બની શકતું નથી.**' એમ કહે છે લ્યો. ગુરુને કારણે એને કાંઈક જ્ઞાન થઈ જાય. એવો પરદ્રવ્યથી પરદ્રવ્યમાં ભાવ થઈ જાય? એક જણો કહેતો હતો ... ઘણા વર્ષ પહેલા. .. ભગવાનના સમવસરણમાં જઈએ ત્યાં શેત્રુંજય. કેટલા ભાવ.. દુકાનમાં .. થાય? એનાથી થયા કે નહિ? હતો કાંઈક ઓલો શું કહેવાય? .. ખાતામાં. કસ્ટમ ખાતામાં. દેરાવાસી હતો કોક. ઘણા વર્ષ થયા. ૨૦-૨૫ વર્ષ. કસ્ટમ ખાતામાં. ઈ કહે કે પણ તમે આવું નવું ક્યાંથી કાઢ્યું?

મુમુક્ષુ :- બધા શાંતિથી ... હતા એમાં તમે...

ઉત્તર :- અમે બરાબર માનતા હતા કે ભગવાનથી આમ થાય. દર્શનથી લાભ થાય, ભગવાનની શુભભાવ થાય, ભગવાન પાસે બેસીએ તો શુભભાવ થાય, દુકાને બેસીએ તો અશુભભાવ થાય. એય..! ગીરધરભાઈ! વ્યાખ્યાન સાંભળ્યું હતું. પછી અંદર આવ્યો કે આ આવું ક્યાં કાઢ્યું તમે? બધું ચાલતું હતું અમે. વચ્ચે ડાંગ મારીને અહીં .. કીધું ત્રણ લોકના નાથ એમ કહે છે. તું માન અને બીજા માને એટલે કાંઈ સત્ય ફરી જાય? આહા..હા..! સમજાણું કાંઈ? વાંધા માન્યતામાં અને જ્ઞાનમાં છે બધા. બાકી આચરણ તો અજ્ઞાની પણ પંચ મહાવ્રત પાળે, બધું કરે, પણ એ દૃષ્ટિ રાગ ઉપર પડી છે તો લાભ માને છે. આહા..હા..! અને જ્ઞાનીને મહાવ્રત ન થાય અને એવા ભાવ પણ થોડો અશુભ થઈ જાય. હો, તો અશુભથી કાંઈ અંદરમાં પરિણતિ ફરી જાય છે? આહા..હા..!

'**પરદ્રવ્ય કોઈ દ્રવ્યને પરભાવસ્વરૂપ કરવાનું નિમિત્ત બની શકતું નથી. માટે જ્ઞાનીને પરના અપરાધના નિમિત્તે બંધ થતો નથી.**' શરીરની ક્રિયાથી કે બીજા કોઈ મરી જાય એ કારણે આત્મામાં બંધ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આ તો નિમિત્તમાં પરદ્રવ્ય બધા .. કરી નાખ્યા. કોઈ દ્રવ્ય પરદ્રવ્યનું કાંઈ કરી શકે... આહા..હા..! ધર્માસ્તિકાય ... નહિ કહે ઉદાસ અને પ્રેરકમાં ફેર છે. આ તો એના નિમિત્તની સ્થિતિ શું છે એ બતાવ્યું છે. પરને માટે તો બધા ઉદાસીન છે. એ ગતિ કરતું નિમિત્ત... નિમિત્તનો પ્રકાર બતાવ્યો છે. આહા..હા..! કોણ પણ નવરું છે એવો નિર્ણય કરવાને? એમ ને એમ જિંદગી અજ્ઞાનમાં ચાલી જાય અને જાય પશુ અને ઢોરમાં અવતરે પછી. અહીં કરોડોપતિ માણસ હોય અને જ્યાં મર્યો અજ્ઞાની, મૂઢ છે. ભાન તો કાંઈ છે નહિ. આહા..હા..! જાય પશુમાં અવતરે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પતિનો બાપ હોય. અબજોપતિ મરીને જાય નીચે. સાતમી નરકમાં જનારો બ્રહ્મદત્ત. આહા..હા..! ચક્રવર્તી. જેને છન્નું હજાર તો સ્ત્રી. જેને છન્નું કરોડ પાયદળ, જેને .. સમજાણું? એવા નગરના ૭૨ હજાર નગર અને ૪૮ હજાર પાટણને. એક ક્રોડાક્રોડ ગામ. આહા..હા..! અને એક સ્ત્રી એની હજાર દેવ સેવા કરે. એવી તો એ સ્ત્રી. ઈ મરવા ટાણે આમ. હાય.. હાય.. સ્ત્રી વિના હું ક્યાં જઈશ? કુરુમતિ! કુરુમતિ! રાણીના રાજમાં. ગયો સાતમી નરકે નીચે. હજી સ્થિતિ પૂરી થતાં થડ નીકળી જશે. ૩૩ સાગરની સ્થિતિ લ્યો, આહા..હા..! ૭૦૦ વર્ષના શ્વાસ આવે છેને? ૭૦૦ વર્ષ અહીં રહ્યો. એક શ્વાસમાં કેટલા પલ્યોપમનું સાતમી નરકનું દુઃખ. એક શ્વાસ. આંકડો લખ્યો હતોને. એય..! ધનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ છે. એને કહ્યું. એ વાત થઈ હતી. બ્રહ્મદત્ત છેને? બ્રહ્મદત્ત થયાને? સાતસો વર્ષ રહ્યા વિષય, ભોગાદિમાં. પણ એના શ્વાસના ફળને ઈ અગિયાર લાખ આદિ પલ્યોપમનું દુઃખ છે સાતમી નરકે.

મુમુક્ષુ :- એટલો બધો...

ઉત્તર :- અજ્ઞાનની ઉગ્રતા છેને. પરિણામ. જ્ઞાનીને સમ્યગ્દષ્ટિ ભરત. છન્નું હજાર સ્ત્રી. સમ્યગ્દષ્ટિ હતા. ઋષભદેવ ભગવાનના પુત્ર અને છ લાખ પૂર્વ સુધી એ બધા વિષયોની સભામાં હતા, પણ અંદર દષ્ટિમાં નિષેધતા રાખતા, મીઠાશ નહિ. ધ્યાનમાં બેઠે તો અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન. અંદર ચડાવીને જ્યાં અંદર 'જૈસે ... કરત રાગરહિત ખુમારી' અફીણ પીવે. અફીણ કહે છેને અફીણ? અફીણ પીવાથી ખુમારી ચડી જાય અંદર. એમ જ્યાં આત્માની ખુમારી હું તો પુણ્ય-પાપથી રહિત, મારી ચીજ તો આનંદમય છે. એવા જ્ઞાનની ખુમારીનો અમલ ચડ્યો અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન લે છે. છન્નું હજારમાં છ લાખ પૂર્વ. એક પૂર્વમાં સમજ્યા? ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર કરોડ વર્ષ જાય એક પૂર્વમાં. એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ, ૫૬ હજાર પૂર્વ. એવા છ લાખ પૂર્વ. છન્નું હજાર સ્ત્રીનો વિષય અને ભોગ, પણ સમ્યક્ આત્માનું ભાન હતું. રાગ નહિ, આ નહિ, મારી મીઠાશની એ ચીજ નથી. એ કારણે જે કાંઈ રાગ હતો બંધ. અહીં તો નિર્જરા જ કહે છે. સમજાણું કાંઈ? પણ કોઈ અલ્પ રાગ પડ્યો છે. એ અંતર્મુહૂર્ત જ્યાં આમ અંદરમાં અંદર ચડ્યા ધ્યાનમાં ગયા. કેવળજ્ઞાન ઝળહળ જ્યોતિ. આહા..હા..! પડી છે વસ્તુ કાંઈ બહારથી લાવવી છે? એવી દષ્ટિના વિષયમાં પૂર્ણાનંદમાં જ્યાં એકાકાર થયો, ધ્યાન લગાવી અંતર્મુહૂર્તમાં છન્નું લાખ એટલા વર્ષ ૭૦ લાખ કરોડ વર્ષ. એવા છ લાખ પૂર્વ. અંતર્મુહૂર્તમાં નાશ થઈ જાય.

મિથ્યાદષ્ટિ એટલા પ્રતિક્રમણ, સામાયિક, ત્યાગ, સ્ત્રીનો ત્યાગ, બ્રહ્મચર્ય, અહિંસા, સત્ય, દત્ય, બ્રહ્મ પાળે પણ એને સમયે સમયે મિથ્યાત્વની પુષ્ટિ છે. કેમકે એ રાગની ક્રિયાને જ

પોતાનું સ્વરૂપ માને છે. અને એનાથી મને લાભ થાય એ મિથ્યાદૃષ્ટિ છે. એવો ત્યાગી મિથ્યાદૃષ્ટિમાં વર્તમાનમાં કાંઈક બહારનો ત્યાગ દેખાય પણ એના સંયોગ સ્વર્ગ અને નરકમાં જાશે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત વીતરાગનો માર્ગ એટલો સૂક્ષ્મ છે. સમ્યગ્દૃષ્ટિ લાખો થયા અંતર્મુહૂર્તમાં કેવળ. અને અજ્ઞાની કરોડપૂર્વ સુધી સાધુપણું પંચ મહાવ્રત પાળે, છ-છ મહિનાના અપવાસ કરે, પણ દૃષ્ટિ ચૈતન્ય સ્વભાવ આનંદકંદથી ઉલટી છે. આહા..હા..! દંસણં ભટ્ઠા ભટ્ઠા દંસણં.. છેને એમાં? હા, ચરિત્ત ભટ્ઠા સિજંતિ, દંસણ ભટ્ઠા ન સિંજતિ. જેની શ્રદ્ધા ભ્રષ્ટ છે. આહા..હા..! એટલા પંચ મહાવ્રત પાળે ભ્રષ્ટ છે. દર્શનથી ભ્રષ્ટ છે, જ્ઞાનથી ભ્રષ્ટ છે, ચારિત્રથી ભ્રષ્ટ. ભટ્ઠા, ભટ્ઠા તે ભટ્ઠા એમ લખ્યું છે. દંસણ ભટ્ઠા. આહા..હા..! એ ચારિત્રનો દોષ હોય, પણ સ્વરૂપમાં આનંદના સ્વાદનું ભાન છે. તો એ ચારિત્રના દોષના સ્વાદને પ્રેમથી ભેળવતો નથી. વેદન છે. પ્રેમથી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ દૃષ્ટિ ફેરે સૃષ્ટિ ફેર થઈ જાય છે.

'**વળી જ્યારે તે જ શંખ, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, શ્વેતભાવને છોડીને...**' એ ધોળું-સફેદ છેને એ જ પરિણમન એનું પોતાને કારણે બદલી જાય છે. કાળું થઈ જાય છે. શ્વેત-શ્વેત. કહો, પોપટભાઈ! તમારા ... જોયા નહિ તમે આમાં? અંદર કાળા. .. કઠણ આવેને? પાટીમાં કઠણ આવે. કાળો કઠણ. ... છે. આહા..હા..! કહે છે. '**શંખ, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો, શ્વેતભાવને છોડીને સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે...**' તો પરના કારણની કોઈ જરૂર નથી. આહા..હા..! કોલસો કહ્યો. શું કહેવાય ખાણ કોલસાની. એમાં હીરા પાકે. એમાં હીરા પાકે. ઈ કોલસા હીરારૂપે પરિણમાવી શકે? કાળારૂપે પરિણમાવી શકે? આહા..હા..! ..માં મોતી હોય છે. રત્ન હોય છે. લીંબુ-લીંબુ હોય એમાં રત્ન પાકે છે. શાસ્ત્રમાં લખ્યું છે. ઠળીયો હોય છેને કઠણ. એને ઠેકાણે માણેક પાકે. એવો પાઠ છે. કોણ કરી શકે? લીંબુ કરી શકે એને? એ વખતે પરમાણુની પોતાની પર્યાય પોતાથી જ્યારે રત્નરૂપ થાય એને કોણ રોકે? આહા..હા..! એમ ધર્મીની અંતરદૃષ્ટિ જ્યાં થઈ તો બાહ્યના કારણે શું અંતર દૃષ્ટિ .. રહે છે? આહા..હા..! વીતરાગમાર્ગ ભિન્ન દ્રવ્યને સમજવું, ભિન્નથી ભિન્નમાં કાંઈ થાય એ ત્રણ કાળમાં બનતું નથી. આહા..હા..!

'**શ્વેતભાવને છોડીને સ્વયમેવ કૃષ્ણભાવે પરિણમે...**' જુઓ, એ શંખ જ ધોળામાંથી કાળો થઈ જાય તો પરના પદાર્થની એને જરૂર નથી. '**ત્યારે તેનો શ્વેતભાવ સ્વયંકૃત...**' જુઓ, '**(અર્થાત્ પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવરૂપ થાય),...**' પરને કારણે નહિ. સ્વયમેવ. લ્યો જુઓને આ શરીરમાં નથી? કેવું સુંદર શરીર હોય કોટ થઈ જાય. .. શરીર હોય .. આખું શરીર. આપણે નરોતમભાઈને હતુંને. જેઠાભાઈ. ગુજરી ગયા બિચારા. એ તો ઘણા લાખોપતિ હતા. એમાં શું કરે? આખું શરીર કોટ. જેઠાલાલ સંઘવી વેપારી

મુંબઈ. એનો દીકરો એક જ હતો ઈ નરોતમ. આખું શરીર કોટ. આહા..હા..! ખોરાક તો બધા સરખો ખાતા હશે. ઘરના માણસ ખાતા હોય ઈ ખોરાક શી રીતે ખાતા હોય?

મુમુક્ષુ :- ન ખાય તોપણ થાય.

ઉત્તર :- ન ખાય તોપણ શરીરની પર્યાય પોતાથી થાય છે કાંઈ પરથી થતી નથી. આહા..હા..! નરોતમભાઈ. એ ખોરાકને કારણે નહિ. અહીં ચાંદા હતા નહિ ધોળા. આત્મારામને નહિ હાથમાં છે. ક્યાં ગયા આત્મારામ? છેને હાથમાં? જુઓ કોટ. ચાંદા પડ્યા છે ધોળા. એમ પહેલા થોડા દેખાય. એમ કરતા-કરતા પછી આખું શરીર થઈ જાય. એ તો પરમાણુની તે કાળની પોતાની સ્વતંત્ર સ્વયંકૃત પર્યાય છે. પરને કારણે થાય છે એમ છે નહિ. આહા..હા..! કહો, કાલિદાસભાઈ! નરોતમભાઈ નહિ? આખું શરીર. આહા..હા..! શરીર તો લઠ જેવું. ગૃહસ્થ માણસ હતા. એમાં શું કરે? શરીરની પર્યાય જ જ્યાં એક સમયમાં. આહા..હા..! સ્વકાળ એ કાળના પરમાણુમાં એ થવાનું હોય એ પરથી થાય અને પરથી રોકાય? એવી વાત બેસતા એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય.

મુમુક્ષુ :- આ એનું ફળ.

ઉત્તર :- આ એનું ફળ. પરને કારણે મારામાં કાંઈ નથી અને મારા કારણે પરમાં કાંઈ નથી. તો પોતાની પર્યાયદૃષ્ટિનું .. છોડીને મારી પર્યાયથી પરમાં કાંઈ થતું નથી અને એની પર્યાયથી મારામાં નથી થતું. તો એ પર્યાયદૃષ્ટિ છોડીને દ્રવ્યદૃષ્ટિ થાય છે. આહા..હા..! વસ્તુ એવી દૃષ્ટિ કરો, તો સમ્યગ્દર્શન થશે તો ધર્મની શરૂઆત ત્યાંથી છે. બાકી ધર્મની શરૂઆત છે નહિ. .. થાય છે.

'**(અર્થાત્ પોતાથી જ કરવામાં આવેલા કૃષ્ણભાવરૂપ થાય),...**' લ્યો, શંખ-શંખ. '**તેવી રીતે જ્યારે તે જ જ્ઞાની, પરદ્રવ્યને ભોગવતો અથવા નહિ ભોગવતો થકો,...**' પોતાની દૃષ્ટિ જ્યાં પલટી જાય. પહેલા માનતા હતા કે રાગરહિત મારી ચીજ છે, પણ પછી જ્ઞાન થયું રાગનો કણ કાંઈક-કાંઈક તો મદદ કરે. આહા..હા..! રાગનો કણ, શુભભાવ કાંઈક તો ધર્મમાં મદદ કરે છે. ... આમાં એમ કહે છે અહિંસા .. પછી હિંસા, હિંસામાં ધર્મ છે એમ માને. એવું કહે. પણ હિંસા કહેવી કોને? અહીં તો રાગ-દ્વેષનો ભાવ જ હિંસા છે. આહા..હા..! પરની હિંસા કરી શકે કે ન કરી શકે એની સાથે સંબંધ નથી. આહા..હા..! મચ્છ-મચ્છ હોય છેને એક તંદુલ? તંદુલ મચ્છ. તંદુલ ચોખા જેવડી માછલી હોય છે. તો ઈ એક હજાર યોજનનો મચ્છ હોય બીજો એની પાપણમાં રહે છે. તો હજાર યોજનનો મચ્છ મોઢું ફાડે અને પાણી આવે માછલા બેઠા હોય એ નીકળી જાય. ઈ વિચાર કરે કે જો આ રીતે હું હોતને તો આ મચ્છ જે આવ્યા એને નીકળવા ન દેત. નાનો. એવી ભાવનાથી સાતમી નરકનું આયુષ્ય બાંધ્યું.

મુમુક્ષુ :- એક કેટલા જીવને માર્યા?

ઉત્તર :- એકેય નથી માર્યા. માર્યો એણે આત્માને. પરજીવને તો માર્યો નથી. સમજાણું કાંઈ? એક જણો કહેતો હતો કે ના, ના. ઓલો આવ્યો હતોને. ઓલા સાધુ આવ્યો હતોને એક સ્થાનકવાસી. ના કેમ ભાવથી એકલું નહિ, આમ મોઢું કર્યું માટે એવો ભાવ થયો. ક્રિયા થાતી હશેને. એય..! ચંદુભાઈ! ઈ હતો સ્થાનકવાસી નહિ? શું નામ ભૂલી ગયા. ઘણા વર્ષ પહેલા અહીં આવ્યો હતો. નટુલાલજી! સ્થાનકવાસી સાધુ મારવાડી. અહીં આવ્યો હતો. હીરાલાલજીના મકાનમાં હોં. એ ભાવથી નરકમાં નથી ગયો. ત્યારે એકલું મોઢું આમ કર્યું એ ક્રિયાને લઈને ભાવ થયેલો. એય..!

મુમુક્ષુ :- ... જીવના ભાવ થાય.

ઉત્તર :- ક્રિયાથી કાંઈ ન થાય તો તો ઉડી જાય બધું. એણે મોઢું આમ કર્યું હતુંને એટલે એને પાપ આવા આકરા થયા. હવે તંદુલનો, ચોખાનો અસંખ્યમો ભાગ શરીર. એ મોઢું ઉંચું શું કરે? ભાવ મનવાલા પ્રાણી ભાવમાં એટલી કલુષિતતા ઓહો..હો..! આ મચ્છ કેવો છે? કેટલા માછલા આવે છે અને કેટલા નીકળી જાય છે. એવું વિચારે કે હું હોવ તો એને નીકળવા ન દઉં. એ પરિણામની કલુષિતતા વજ્રનારાચ સંહનન મરીને નરકમાં. સાતમી નરક. આહા..હા..! અને ભરતચક્રવર્તી અંતર્મુહૂર્તમાં કેવળ. આહા..હા..! પોતાના સ્વભાવનો આશ્રય થયો ત્યાં તો પ્રગટ એકદમ કેવળજ્ઞાન. શક્તિરૂપ હતું. પ્રગટ થઈ ગયો. એમ અંતરની ભાવનાથી થાય છે. પરની ક્રિયાથી કાંઈ થતું નથી.

'**परद्रव्यने भोगवतो अथवा नहि भोगवतो थको, ज्ञानने छोडीने...**' સમ્યગ્જ્ઞાનને છોડીને '**स्वयमेव अज्ञानरूपे परिणमे...**' જુઓ, દર્શનમોહને કારણે નહિ, ક્રિયાને કારણે નહિ. ન્યાય તો એવો લીધો. કર્મ છે તો અજ્ઞાનરૂપ થયો. દર્શનમોહનો ઉદય થયો. એ તો સ્વયમેવ અજ્ઞાનરૂપ પરિણમન કરે છે. '**त्यारे तेनुं ज्ञान स्वयंकृत अज्ञान थाय.**' સ્વયંકૃત અજ્ઞાનભાવ. એકલી રુચિ પરમાં થઈ, સ્વની દૃષ્ટિ છૂટી ગઈ. તો એકલા સ્વયંકૃત અજ્ઞાનભાવથી બંધ થાય છે લ્યો. '**माटे ज्ञानीने जो (बंध) थाय तो पोताना ज अपराधना निमित्ते (अर्थात् पोते ज अज्ञानपणे परिणमे त्यारे) बंध थाय छे.**' પરને કારણે કાંઈ થતું નથી. એ અંતરદૃષ્ટિના વિષયનું માહાત્મ્ય અને અજ્ઞાનનું માહાત્મય બેય બતાવ્યું છે. જ્યાં પછી ક્રિયાકાંડ કરતો હોય સામાયિક ને પોષા ને પડિક્કમણું અને મુનિપણું. પણ દૃષ્ટિ રાગ ઉપર છે તે અનંત સંસાર વધારે છે. આહા..હા..! અને જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે પોતાના ચૈતન્ય ઉપર. ક્ષણે-ક્ષણે રાગાદિ નિર્જરા થાય છે. ... નિર્જરા થતી નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૨, શનિવાર, તા. ૧૪-૦૪-૧૯૭૩
ગાથા-૨૨૦ થી ૨૨૩, કળશ-૧૫૧, પ્રવચન-૩૬૮

ભાવાર્થ. નિર્જરા અધિકાર છે. ૨૦, ૨૧, ૨૨, ૨૩. એનો ભાવાર્થ છેને? '**જેમ શંખ કે જે શ્વેત છે...**' શંખનો સ્વભાવ ધોળો છે. '**તે પરના ભક્ષણથી કાળો થતો નથી...**' ઈ કાળા કીડા ખાય ઈ કાદવ ખાય. છતાં એ સફેદ છોડીને એ બહારના પદાર્થથી કાળો થાય એમ સ્વભાવ એનો નથી. '**પરંતુ જ્યારે પોતે જ કાલિમારૂપે પરિણમે...**' એનું પરિણમન જ પોતે બદલવાનું હોય તો પોતે ધોળાનું કાળુ થઈ જાય, પણ ખોરાકને લઈને ધોળાનું કાળું થાય એમ વસ્તુનું સ્વરૂપ નથી. તેવી રીતે ધર્મી જીવને સ્વદ્રવ્યનો આશ્રય વર્તે છે. ધર્મ પ્રગટ કરવામાં પણ સ્વદ્રવ્યને આશ્રયે ધર્મ પ્રગટ થાય છે અને પ્રગટ થયા પછી પણ સ્વદ્રવ્યનો જ આશ્રય કાયમ રહે છે. સમજાય છે કાંઈ? એથી જ્ઞાની એટલે સ્વદ્રવ્યને આશ્રયે રહેલો અજ્ઞાની એટલે પરદ્રવ્યને આશ્રયે રહેલો. એને કોઈ નિમિત્ત કે રાગથી લાભ થાય એવી દૃષ્ટિવાળો તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? કોઈ સંયોગચીજથી લાભ થાય, ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર હોય. એનાથી લાભ થાય અને કાં રાગનો ભાગ કષાય મંદ હોય એના આશ્રયે લાભ થાય, કાં એક સમયની પર્યાય છે એના આશ્રયે લાભ થાય એ મિથ્યાદૃષ્ટિ છે. કહો, જયંતિભાઈ! આ બધું સમજવું પડશે હોં. એમ ને એમ ઓઘે નહિ ચાલે. ...

મુમુક્ષુ :- બાકી સમજવા માટે...

ઉત્તર :- ના એ તો પ્રયત્ન. પક્ષ કરે છે સાચો. પણ ઓલો ગોટો વાળ્યો ઈ અંદર. એ તો એની બાનો ભાવ. પણ એની બા તો મુળજીભાઈની દીકરી. નવા બા. એને આ વળી .. ક્યાંથી આવ્યું? ... એણે?

અહીં તો માર્ગ સત્ય તો આ છે. કોઈ કર્તા ઈશ્વર છે અને એની ભક્તિ થાય ને ધર્મ થાય ત્રણ કાળમાં નહિ. અહીં તો ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ સત્ય પુરુષ જે સત્યમાં પૂર્ણ સત્ય જેને પ્રગટ થઈ ગયું એની ભક્તિ કરતા પણ રાગ છે, પુણ્ય ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આમ અનાદિકાળથી એને પરથી લાભ થાય કે પરથી નુકસાન થાય એવી બુદ્ધિ એણે કોઈ દિ' છોડી નથી. શેઠ! અને એ છોડે તો તેને ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એની દૃષ્ટિમાં રુચિમાં બેસે એને પરથી લાભ થાય ઈ વાત રહેતી નથી.

મુમુક્ષુ :- કાંઈ અપવાદ ખરો કે નહિ?

ઉત્તર :- જરીએ અપવાદ નહિ. એય..! પોપટભાઈ! એ અપવાદ થોડો દેવ-ગુરુનો તો રાખો કાંઈક. આ તો વીતરાગ સત્યસ્વરૂપ છે. ભગવાન પૂર્ણાનંદના જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એ સ્વતંત્ર છે. એને આશ્રયે જ કલ્યાણની કણિકા જાગે છે. આહા..હા..! કણિકા એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન. વાત અહીંથી શરૂ થાય છે અને કહે છે કે એ શરૂઆત જેને થઈ એને બાહ્ય પદાર્થોનો ઉપભોગ એને અજ્ઞાન કરી દે ત્રણ કાળમાં બને નહિ. આહા..હા..! જેને સ્વ ચૈતન્ય ભગવાનનો આશ્રય લીધો અને જેની દશામાં શાંતિ અને રાગરહિત શ્રદ્ધા, જ્ઞાન થયા અંશે સ્થિરતા પણ થઈ તો એ જીવને બાહ્યની સામગ્રીઓ ભોગવવામાં આમ દેખાય. ઈ લૌકિક દૃષ્ટિથી વાત કરી. ભોગવતો નથી, પણ આમ ત્યાં એમ કહેને લ્યો આ જુઓ આ સમકિતી અને વળી પરણે છે, વળી ત્રણ જ્ઞાનના ધણી તીર્થંકર. ત્રણ જ્ઞાન તો સમકિત લઈને આવ્યા. એ ભરત જેવા કે શાંતિનાથ તીર્થંકર જેવા છન્નું હજાર સ્ત્રી પરણે છે. બાપુ! એમ નથી. .. છે. એ ક્રિયાઓ જે છે એ તો પરદ્રવ્યની છે. એમાં જરી રાગનો ભાગ રહ્યો છે એનાથી પણ ભિન્ન પડેલું તત્ત્વ, રાગથી પણ એને સ્વભાવને નુકસાન થાય એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાની ભગવાનની ભક્તિ, પૂજા, દયા, દાન, વ્રત કરે એને જરીએ આત્માનો, ધર્મનો લાભ નથી. દેવીલાલજી! આહા..હા..! એ પછી સમવસરણમાં બેઠો હોય મિથ્યાદૃષ્ટિ. જે પરથી લાભ માને એની દૃષ્ટિ બહિર્ ઉપર છે. એ બહિર્મુખ રાગ અને પર્યાય અને નિમિત્ત ઉપર દૃષ્ટિ છે. એ તો ભગવાનના સમવસરણમાં બેઠો હોય તોપણ ત્યાં ગૃહીત મિથ્યાત્વને જ પોષે છે. આહા..હા..! ગૃહીત .. હોય ત્યાં. સમજાણું કાંઈ? અરેરે..! આવો માર્ગ!

ભગવાનના સમવસરણમાં અને ભગવાનની સમીપે, ભગવાનની ભક્તિ કરે, હીરાના થાળ અને મણિરત્નના દીવા અને કલ્પવૃક્ષના ફૂલે ભગવાનની પૂજા કરે, પણ કહે છે કે એ તો શુભરાગ છે અને બહિર્થી લાભ થાય એમ માનનારા છે. સમજાય છે કાંઈ? એટલે એની દૃષ્ટિ બહિર્ બુદ્ધિ છે એથી એ બહિર્ આત્મા છે. આહા..હા..! કેમકે સ્વ ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પોતાનું એનો આશ્રય તો ભૂલી જાય છે. અને પરને આશ્રયે કાંઈક થશે એ માન્યતાએ એને અનુકૂળ સંયોગો ભગવાનના સમવસરણ જેવા એન સાધુ થાય પંચ મહાવ્રત પાળે. આહા..હા..! હજારો રાણીને છોડે, પણ અંતરમાં એ રાગ અને પરથી લાભ છે, વ્યવહારથી લાભ છે એમ માનનાર છે. એ બહિર્બુદ્ધિ મિથ્યાદૃષ્ટિ જૈન નહિ. આહા..હા..! આવી વાત ભારે આકરી! અને સમ્યગ્દૃષ્ટિ સ્વનો આશ્રય લઈને પડ્યો છે. એને બહારના સંયોગો ભગવાન જેવા તીર્થંકર, ભરત જેવા લ્યોને. જેને છન્નું-છન્નું હજાર સ્ત્રીનો સમુદાય દેખાય. અરે..! પ્રભુ! પણ એ તો એની દૃષ્ટિમાં તો દ્રવ્ય સ્વભાવ વર્તે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એનો

વિષય તો સ્વતરફ છે. એનું ધ્યેય પરતરફ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? દૃષ્ટિના ફેરે સંસાર નહિ અને દૃષ્ટિના ફેરે ત્યાગી હોવા છતાં સંસાર પુષ્ટ કરે છે. એ દૃષ્ટિનો આખો વિષય છે. આહા..હા..!

ત્રણ લોકના નાથ એમ કહે છે કે તને જે મિથ્યાત્વભાવ છે એ મારાથી ટળે એમ હું માનતો નથી, હું તને કહેતો પણ નથી એમ કહે. આહા..હા..! તે મિથ્યાત્વભાવ તો તારો ભગવાન છે અંદર પૂર્ણાનંદ પ્રભુ. એનો આશ્રય લે તો મિથ્યાત્વ ટળે એવું છે. આહા..હા..! પ્રેમચંદભાઈ! બહુ આકરું જગતને એ તત્ત્વ મહાપ્રભુ છે. જેમાં અનંત-અનંત શાંતિનો રસ ચડ્યો છે. અકષાય રસનું જે તત્ત્વ છે એવો ભગવાન આત્મા પોતાના આશ્રયે થઈને જ્યાં ધર્મદશા પ્રગટી એને અહીં જ્ઞાની કહે છે. જ્ઞાની કહો કે ધર્મી કહો. કોઈ કહે કે ભાઈ જ્ઞાની એટલે એને બહુ જ્ઞાન હોય માટે જ્ઞાની અને ઓછું જ્ઞાન હોય એ ધર્મી. એમ નથી. આહા..હા..! વસ્તુ જે ચિદાનંદ પ્રભુ, જેમાં અનંતા પરમાત્માની પર્યાય થવાની શક્તિ પડી છે. અનંતા પરમાત્મા થાય સિદ્ધ એક, સિદ્ધ બે.. પર્યાય. એવી જેમાં શક્તિ, એનું સત્ત્વ એવું જે આત્મતત્ત્વ તેનો જ્યાં આશ્રય લીધો, દૃષ્ટિનો વિષય પલટે તો છૂટી જાય. હવે પર્યાય પણ દૃષ્ટિના વિષયમાં ન રહી તો રાગ ને દેવ-ગુરુ ને બાયડી-છોકરા તો ક્યાંય દૂર રહી ગયા. સમજાય છે કાંઈ?

'**તેવી રીતે જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી...**' આહા..હા..! જેના ઉપભોગમાં રાગનો વિકલ્પ પણ ઝેર જેવો દેખાય છે. આહા..હા..! આ તો નાગા બાદશાહથી આઘા એણે કહેલા તત્ત્વ છે. આહા..હા..! નગ્ન મુનિઓ ભગવાનના કેડાયતો એણે આ કહ્યું. આહા..હા..! કહે છે '**જ્ઞાની પરના ઉપભોગથી...**' ઉપભોગ તો શબ્દ વાપર્યો છે. પરનો ઉપભોગ કરે છે એમ છે નહિ, પણ આ દુનિયા જોવે છેને કે જુઓ આહાર લે જુઓ, આ અમે લુખ્ખો રોટલો ખાઈએ અને ઈ ખાય છે શેરો. દૂધપાક પુરી ઉડાડે છે. એય..! આ અમે રોટલો લુખ્ખો ખાઈએ છીએ અને પાણી. રોટલો અને પાણી. આંબેલ. આ આંબેલ ..છેને આ શું છે આ? આઠમ થઈ? સાતમ થઈ. સાતમથી. આપણે એ પાંચમથી આ ચૌદસ સુધી આ ચૈત્ર સુદ છેને? દસ લક્ષણી પર્વ છે આ. લ્યો આ દસ લક્ષણી પર્વના દિવસમાં .. થયું તમારું. દસ લક્ષણી પર્વ. પર્યુષણ-પર્યુષણ ચાલે છે. પર્યુષણના ત્રણ મહિના હોય છે. ભાદરવા સુધ પાંચમથી ચૌદશ, મહાસુદ પાંચમથી ચૌદશ, ચૈત્ર સુદ પાંચમથી ચૌદશ. બાર મહિનામાં ત્રણ વાર પર્યુષણ. પણ એ વખતે નવરાશ હોય ઘણી અને એ પ્રકારના દિવસો પણ ત્યાં સરખા છે. એટલે ત્યાંથી વિશેષ પર્યુષણ કહેવામાં આવે છે. બાકી શાસ્ત્રમાં ત્રણ પર્યુષણ છે. આ તો પોપટભાઈ! આ પર્યુષણમાં મુહૂર્ત થયું. દસલક્ષણી પર્વમાં. હવે છેડો આવે છેને એનો? આહા..હા..!

પાંચમથી ચૌદશ સુધીના દસ લક્ષણી પર્વના દિવસો છે આ. મહાસુદ પાંચમથી આ

ઉજવવામાં વધારે. ઓલા પ્રસિદ્ધ થઈ ગયાને. વરસાદ હોય, વાણિયા નવરા હોય અને એથી બધા પછી .. આમાં નવરા થાય નહિ. .. રહી ગયા. લોકોને ખબર પણ રહી નહિ કે દસ લક્ષણી પર્વ ત્રણવાર આવે છે. ..ભાઈ! શ્વેતાંબરમાં તો એક જ આવે. શ્રાવણવદ તેરશથી પાંચમ. .. ઈ હતું કે નહિ તમારે ઈ હતું. ઈ જ હતુંને પહેલા. આ બધા ચોથી કરે દેરાવાસી. એ ખોટું છે. જૂની શૈલી પ્રમાણે તો એક પાંચમ જ ગણવામાં આવે શાસ્ત્રમાં. એક પાંચમ હોં. .. પર્યુષણ છે જ નહિ. એ લોકોમાં .. પર્યુષણ મૂળ પાઠમાં છે જ નહિ કાંઈ. એક જ પાંચમ. અને અહીંયાં તો દસ પર્યુષણના દિવસ ત્રણ છે એમ શાસ્ત્ર પાઠ છે. સમજાણું કાંઈ? આહા..હા..! સનાતન વીતરાગ જૈન દિગંબર માર્ગ છે. પરમેશ્વરનો વીતરાગનો માર્ગ અનાદિ સનાતન સત્યને ઉજ્વળ કરનારું તત્ત્વ ઈ આ ધર્મમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**જ્ઞાની પરના ઉપભોગથી...**' ઉપભોગ શબ્દ વાપર્યો એ તો દુનિયાની દૃષ્ટિએ. ખરેખર એ ઉપભોગ પરનો જ્ઞાનીને છે જ નહિ. ખરેખર તો રાગ આવ્યો એનો પણ ઉપભોગ નથીને. એનું એ દુઃખ, વેદન છે. આહા..હા..! પણ એ દુઃખનું વેદન એ નિશ્ચયથી તો જ્ઞાનનું જ્ઞેય છે. દૃષ્ટિનું જોર છે જ્યાં ત્યાં તો સ્વભાવ સન્મુખની જ્યાં દશા છે એને વિભાવ તો જ્ઞાનનું જ્ઞેય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? અરે..! જન્મ, જરા, મરણના આટા. આહા..હા..! એક ફેરી નહોતું કહ્યું ઓલા અજગરે સિંહને પકડ્યો હતો. અજગર હતોને અજગર સમજો છો? મોટો સાપ અજગર. એ અજગરે સિંહને આમ ભરડો લીધો. સિંહ આવ્યોને એની પાસે એટલે આમ કર્યું એટલે પછી પગ તો આમ રહી ગયા હવે સિંહના. હજારો માણસ જોવે. જોતા શું કરે? વેદના તો.. સિંહ આમ તડફડિયા મારે. બે દિવસ સુધી. પગ આમ રહી ગયા એટલે જોર ન ચાલે. પછી ત્યાં ખાડા પડી ગયા. ખાડા સમજો છોને? છેવટે અજગરે ભરડો એવો માર્યો આમ ફૂ. મો ફાટી ગયું મરી ગયો. સિંહને અજગરે માર્યો. આહા..હા..! એમ ભગવાન સિંહને અજ્ઞાનીને મારી બાળ્યો છે એને. આહા..હા..! એની એને ખબર નથી. એ બળી ઝળીને દુઃખી છે. એ સ્વભાવના આશ્રય વિના એને શાંતિ ને જ્વલનનો નાશ કોઈ રીતે થાય એવો નથી. ઈ કહે છે કે આહા..હા..! જ્યાં દૃષ્ટિ ફરી એટલે આત્મા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપનો જ્યાં આશ્રય લીધો એને હવે પરાશ્રયની વૃત્તિઓ કોઈ ઉઠે છે એનો ઉપભોગ છે જ નહિ. જડને તો ભોગવી શકતો નથી અજ્ઞાની પણ. તો જ્ઞાની શું ભોગવે? પણ રાગની કોઈ વૃત્તિઓ ઉઠે છે. ખરેખર તો એનાથી પૃથક્ ભગવાન આત્માનું વેદન છે. એથી એને નિર્જરા છે. એ અશુદ્ધતાનો વિકલ્પ આવે ખરી જાય છે. સમજાય છે કાંઈ?

જેની મીઠાશ આત્માના આનંદ ઉપર વર્તી છે. બધી આખી દુનિયાથી .. ઉડી ગયો

છે. આવો અહીંયાં હિંમતભાઈ! ઈ એક છે એના ઓલામાં. ઈ તો આ ગાંધી કુટુંબમાં એક છે તો વળી આવે છે. બીજા બધા તો કોઈ... આહા..હા..! અહીં દેશમાં આવે તો આવે. આહા..હા..!

તો કહે છે પરમાત્મા એ ભગવાન આત્મા... અહીં છે. ઈ? ધોળો શંખ. આહા..હા..! દૃષ્ટાંત કેવા આપે છે જુઓને! એ ગમે તેટલા કાળા કીડા ખાય અને કાળો કાદવ ખાય, પણ એ શંખ ધોળો મટીને કાળો ન થાય અને પોતાનું જ પરિણમન જ્યારે સ્વયં બદલે, પરિણમે ત્યારે ધોળાનો કાળો થાય, પણ બહારના સંયોગને કારણે થાય. આહા..હા..! એમ ધર્મી-અધર્મી જીવને અજ્ઞાનીને ત્રણ લોકના નાથ તીર્થંકર અને એની વાણીને સમવસરણ મળે તો એનાથી એ સમ્યગ્દર્શન પામે નહિ. એની પરિણતિ પોતે ન બદેલ એ તો બીજાથી બદલાય. એ ત્રણ કાળમાં થતું નથી. આહા..હા..! અને જ્યારે પરિણતિ બદલી જ્યારે સ્વને આશ્રયે ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ પરમાત્મા જે થયા એવો જ હું. એવી દૃષ્ટિ અંદર અનુભવમાં સ્વને આશ્રયે થઈને અનુભવ થયો એથી એને ધર્મીને તો શાંતિ અને આનંદ અને અકષાયનું જ વેદન છે. એને જરી રાગાદિ આવે એનું વેદન નિશ્ચયથી અહીં ગણવામાં આવ્યું નથી. એનો ઉપભોગ જ નથી. આહા..હા..! એવી ચૈતન્ય ચમત્કારી વસ્તુ જેના ચમત્કાર, જેના ચમત્કારથી જગતને કોઈ ચમત્કારની ચીજ અધિક થઈ જાય એ છે નહિ. એવો ભગવાન ચૈતન્ય ચમત્કારનો પુંજ પ્રભુ એની જેને અંતર દૃષ્ટિ થઈને અનુભવ થયો એને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહેવામાં આવે છે.

એ '**જ્ઞાની પરના ઉપભોગથી અજ્ઞાની થતો નથી...**' આહા..હા..! એ રૌદ્ર ધ્યાનના પરિણામ આવે સમકિતીને, પણ એને અજ્ઞાન કોઈ કરી શકે એમ છે નહિ. આહા..હા..! કેમકે એ રૌદ્ર ધ્યાનના પરિણામ પણ પૃથક્ જ્ઞાનમાં વર્તે છે. વીતરાગ માર્ગ અલૌકિ છે, પરમસત્ય તો ઈ માર્ગ છે. એ સિવાય ક્યાંય પરમ સત્ય છે નહિ. એને શરણ લેવું હોય તો આમ તો બહારથી કહે કે અર્હંતા શરણં, સિદ્ધા શરણં, શાહુ શરણં એ તો પરમાં ગયું અને કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. ભગવાન આત્મા ગમે તે ક્ષેત્રે હોય, ગમે તે કાળે હોય, ગમે તે સંયોગમાં નારકી આદિના સંયોગમાં જ્ઞાની વર્તતો હોય. એ નવમી ગ્રૈવેયકના સમવસરણમાં સંયોગમાં વર્તતો હોય છતાં જ્ઞાની તો જ્ઞાતા-દૃષ્ટાનું જ કાર્ય કરે છે. આહા..હા..! અને અજ્ઞાની તે વખતે એ રાગ અને નિમિત્તથી મને લાભ થશે એમ અજ્ઞાનનું કામ કરે છે. આહા..હા..! હવે ઈ પલટો કોણ કરે? પરચીજ પલટો કરાવી દે કહે છે? આવી ગયું હતું અમારે તો. પરચીજ નિમિત્ત કારણ થઈ શકતું નથી કે નિમિત્તથી એ શંખને કાળો કરે. પરદ્રવ્યથી પરદ્રવ્યનો ભાવ કોઈ દિ' પલટી શકતો નથી. આહા..હા..!

જ્યાં અંતરમાં વસ્તુના આશ્રયે દૃષ્ટિ પરથી ઉદાસ દૃષ્ટિ છે એને ધર્મી કહીએ. આહા..હા..!

છ ખંડનું રાજ હોય કે ઇન્દ્રના ઇન્દ્રાસન હોય. ધર્મીને આનંદની મૂર્તિનું જ્યાં ભાન થયું અને આખી દુનિયાથી એ ઉદાસ છે. એનું આસન પરથી જુદું પડ્યું છે. અજ્ઞાનીનું આસન આત્માના સ્વભાવથી જુદું રાગ અને અજ્ઞાનમાં પડ્યું છે. આહા..હા..!

'**પરંતુ જ્યારે પોતે જ કાલિમારૂપે પરિણમે...**' ધર્મી જીવ પોતે જ જ્યારે સ્વનો આશ્રય છોડી દઈને પરને આશ્રયે લાભ થાય એવી માન્યતા ઉભી કરે એ તો પોતાને કારણે અજ્ઞાની થયો, કાંઈ પરને કારણે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? શ્વેતાંબરમાં ઈ આવે ઓલા ભગવતીમાં. એમ કે પહેલા અહિંસામાં ધર્મ માનતો, પછી હિંસામાં ધર્મ માનવા લાગ્યો... .. હોં. ભગવતીમાં એવું આવે છે. ઈ અહીંયાં આત્મા અંદર શુદ્ધ ચૈતન્ય ભગવાન પરમ આનંદનો જ્યાં આશ્રય છે અને એમાંથી લાભ થાય એવી દૃષ્ટિ છે. એ દૃષ્ટિ અજ્ઞાની થતાં ફરી જાય છે. ઉંડે-ઉંડે એને કંઈક પણ એ આ પર્યાયનો આશ્રય છે, રાગનો આશ્રય છે તો એનાથી મને લાભ છે એવી દૃષ્ટિ થઈ જતાં ક્રિયા એવી ને એવી રહે. પંચ મહાવ્રત પાળતો હોય સાધુ, નગ્ન હોય. વયાવચ્ચ તો એવી ને એવી રહે. અંતરમાં દૃષ્ટિ ફરી જાય. આહા..હા..! ગીરધરભાઈ! આખી વાત. દૃષ્ટિ ઉપર આખી સૃષ્ટિ છે. સ્વભાવની જેને દૃષ્ટિ તેને આનંદની સૃષ્ટિ, વિભાવની જેને દૃષ્ટિ તેને દુઃખની સૃષ્ટિ. કહો, જયંતિભાઈ! ક્યાં હશે આવું ત્યાં તમારે? બીજે છે ક્યાંય? આહા..હા..! પણ વસ્તુ જ આવી છે. ઈ કોઈએ કરી છે નહિ. કોઈ ઈશ્વર કર્તા-ધર્તા છે અજ્ઞાનીએ ભ્રમ માન્યો છે. આહા..હા..!

અહીં તો સ્વભાવ છે એવું ભાન થતાં ધર્મી રાગનો કર્તા નથી, હવે પરનો તો ક્યાં રહ્યો? આહા..હા..! એથી રાગનું કર્તાપણું જ્યાં પડ્યું છે ત્યાં અજ્ઞાનભાવ છે. એ સ્વભાવનો આશ્રય થતાં ત્રિકાળી આનંદ સ્વભાવમાં રાગનો કર્તા ઈ થતો નથી. રાગ થાય છતાં એનું કર્તૃત્વ એને નથી. પરિણમન છે એમ જ્ઞાન જાણે, પણ એ કરવાલાયક છે એમ નથી. આહા..હા..! અજ્ઞાનીને ભલે પછી પંચ મહાવ્રત નગ્નપણું, પંચ મહાવ્રત પાળતો હોય, પણ એ રાગને પાળે છે, રાગને રક્ષે છે, રાગની રક્ષા કરે છે એ સમ્યગ્દૃષ્ટિ હોય પહેલો, પણ ફરીને બદલી જાય પાછો. એ રાગથી લાભ થાય એ અજ્ઞાની પોતે પોતાથી પરિણમે છે. એ અજ્ઞાન કરવામાં કર્મનું કારણ છે એમ નથી એમ એ ના પાડે છે અહીં. કે કર્મનું જોર આવ્યું તેથી અજ્ઞાન થયું. પરદ્રવ્યનું તો ના પાડે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અજ્ઞાનરૂપે પરિણમે ત્યારે અજ્ઞાની થાય છે અને ત્યારે બંધ કરે છે.**' ત્યારે એને સંસારનું બંધન થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ સ્થિતિ મુદ્દત એટલી હતી એટલે નીચે પડ્યો છે. અગિયારમે ક્યાં સુધી છે? અગિયારમે છે ત્યાં સુધી ઉપશમ છે. બસ એટલી મુદત હતી એની એ સમયે. ..

પુરુષાર્થની ગતિ જ એટલી હતી. કર્મને કારણે નહિ. કર્મનો ઉદય આવ્યો ત્યારે ઉદય આવ્યો તો દસમું થઈ ગયું, પણ ઈ દસમું થયું કેમ? પુરુષાર્થની કમજોરીથી જે ઉપડ્યો હતો એની મુદત એટલી હતી તો પુરુષાર્થથી નીચે ઉતરી ગયો. પોતાને કારણે છે. કર્મને કારણે ઈ છે નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- બુદ્ધિપૂર્વક...

ઉત્તર :- બુદ્ધિપૂર્વક ક્યાં છે ત્યાં? અબુદ્ધિપૂર્વક છે. ..ક્યાં છે? એ તો પર્યાયમાં એટલી કમજોરી લઈને. પણ તેથી એનું સમ્યગ્દર્શન અને જ્ઞાન ગયું નથી. અસ્થિરતામાં આવી ગયો થોડી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બિલકુલ નહિ. આહા..હા..! પરદ્રવ્ય એને કાંઈ કરી શકે એમ ત્રણ કાળમાં બની શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્લોક-૧૫૧

(शार्दूलविक्रीडित)

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते।
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।।१५१।।

હવે આનું કળશરૂપ કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [ज्ञानिन्] હે જ્ઞાની, [जातु किञ्चित् कर्म कर्तुम् उचितं न] તારે કદી કાંઈ પણ કર્મ કરવું યોગ્ય નથી [तथापि] તોપણ [यदि उच्यते] 'જો તું એમ કહે છે કે[परं मे जातु न, भुंक्षे] પરદ્રવ્ય મારું તો કદી નથી અને હું તેને ભોગવું છું', [भोः दुर्भुक्तः एव असि] તો તને કહેવામાં આવે છે (અર્થાત્ અમે કહીએ છીએ) કે હે ભાઈ, તું ખોટી (-ખરાબ) રીતે જ ભોગવનાર છે; [हन्त] જે તારું નથી તેને તું ભોગવે છે એ મહા ખેદ છે ! [यदि उपभोगतः बन्धः न स्यात्] જો તું કહે કે 'પરદ્રવ્યના ઉપભોગથી બંધ થતો નથી એમ સિદ્ધાંતમાં કહ્યું છે માટે ભોગવું છું' [तत् किं ते कामचारः अस्ति] તો શું તને ભોગવવાની

ઇચ્છા છે ? [ज्ञानं सन् वस] જ્ઞાનરૂપ થઈને વસ (-શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર), [अपरथा] નહિ તો (અર્થાત્ જો ભોગવવાની ઇચ્છા કરીશ અજ્ઞાનરૂપે પરિણમીશ તો) [ध्रुवम् स्वस्य अपराधात् बन्धम् एषि] તું ચોક્કસ પોતાના અપરાધથી બંધને પામીશ.

ભાવાર્થ :- જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી. જો પરદ્રવ્ય જાણીને પણ તેને ભોગવે તો એ યોગ્ય નથી. પરદ્રવ્યના ભોગવનારને તો જગતમાં ચોર કહેવામાં આવે છે, અન્યાયી કહેવામાં આવે છે. વળી ઉપભોગથી બંધ કહ્યો નથી તે તો, જ્ઞાની ઇચ્છા વિના પરની બળજોરીથી ઉદયમાં આવેલાને ભોગવે ત્યાં તેને બંધ કહ્યો નથી. જો પોતે ઇચ્છાથી ભોગવે તો તો પોતે અપરાધી થયો, ત્યાં બંધ કેમ ન થાય ? ૧૫૧.

કળશ-૧૫૧ ઉપર પ્રવચન

એનો કળશ કહે છે ૧૫૧.

(शार्दूलविक्रीडित)

ज्ञानिन् कर्म न जातु कर्तुमुचितं किञ्चित्तथाप्युच्यते।
भुंक्षे हन्त न जातु मे यदि परं दुर्भुक्त एवासि भोः।
बन्धः स्यादुपभोगतो यदि न तत्किं कामचारोऽस्ति ते
ज्ञानं सन्वस बन्धमेष्यपरथा स्वस्यापराधाद्ध्रुवम्।।१५१।।

આહા..હા..! એક-એક કળશમાં એટલું ભર્યું છેને.

'**हे ज्ञानी,...**' સંબોધન કરે છે. હે ધર્મી! તને જો આનંદનો રસ હોય તો કામની ઇચ્છાનો ભાવ હોય નહિ તને. સમજાણું કાંઈ? '**हे ज्ञानी,...**' '**जातु किञ्चित् कर्म कर्तुम् उचितं न**' '**તારે કદી કાંઈ પણ કર્મ...**' નામ રાગાદિ પરિણામ '**કરવું યોગ્ય નથી...**' આહા..હા..! તારે તો પુણ્ય અને પાપ, શુભાશુભ રાગ એને કરવું એ યોગ્ય નથી. ભગવાન જ્ઞાનસ્વભાવ છે એમાં રાગનું કરવું ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? '**કદી કાંઈ પણ...**' '**जातु**' છેને? કોઈ દિ' '**કાંઈ પણ કર્મ કરવું યોગ્ય નથી...**' આહા..હા..! હે ધર્મી! તારે કોઈ કાળે અને કોઈ કર્મ. એ રાગાદિનું કાર્ય કરવું એ તને યોગ્ય નથી. કોઈ કાળે અને કોઈ પ્રસંગે-ભાવે. રાગનું કરવું એ તને યોગ્ય નથી, ભાઈ! જ્યાં ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો નાથ જ્યાં અનુભવમાં આવ્યો એને રાગનું કરવું કેમ હોઈ શકે? આહા..હા..! આંખ વડે રેતી કેમ ઉપડે? એમ જ્ઞાન વડે રાગનું થવું કેમ બને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ નબળાઈથી થયું. કર્મથી કાંઈ થયું નથી. આહા..હા..! ઈ પર્યાયનો પ્રકાર જ એવો હતો. પહેલો સિદ્ધાંત ઈ છે કે જેટલા દ્રવ્યો છે એનો જે પર્યાયનો કાળ છે તે જ પર્યાય તે જ કાળે થાય. પૂર્વને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. આખું છ દ્રવ્યનું ચોસલું આમ પડ્યું છે. એનો વર્તમાન સમયનો જે સમય છે તે જ સમયનો તેને રાગાદિ કે અરાગાદિના પરિણામ હોય. એ એની કાળલબ્ધિ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાળલબ્ધિનો શું કર્યો અર્થ? એમ સીધું ક્યાં કહ્યું છે ત્યાં? કાળલબ્ધિ એટલે એ જ કાળે થયું તેનું નામ કાળલબ્ધિ. એ જ કાળે તે પર્યાય તે કાળે થાય એનું નામ કાળલબ્ધિ. સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામાં એમ લીધું છે. છએ દ્રવ્યની કાળલબ્ધિ. છએ દ્રવ્ય. આહા..હા..! પણ એ કાળલબ્ધિને જાણનારની દૃષ્ટિ ક્યાં હોય? એની જ્ઞાયક ઉપર દૃષ્ટિ. ત્યારે કાળલબ્ધિ એટલે આ સમયનો તે જ પર્યાય થવાનો હતો, તે યોગ્યતા હતી તેમ જાણે છે. સમજાણું કાંઈ? ભારે માર્ગ, ભાઈ! હમણા સર્વોદયની ઓલી આવી હતી, ભાઈ! બસ. સર્વોદયની બસ આવી હતી. શું કીધું? આહા..હા..! ઈ કહે કે .. વ્યાખ્યાન રાખ્યું હતું. એણે વળી એવું સાંભળ્યું કે અમારા હિંમતભાઈ તો આમ કહે છે. સર્વોદયવાળા હતા ... એક બસ આવી હતી. આવ્યા હતા દર્શન કરવા પછી સીધા પાલિતાણા ગયા. ૨૩ ત્યાં આવ્યા હતા ઘાટકોપર નવનીતભાઈએ.. અમારા હિંમતભાઈ તો અહીંના કર્તાહર્તા એ છે ત્યાં. કોઈ માણસ મોઢા આગળ હશે. બધા આવ્યા હતાને ૫૦ માણસ બસમાં. કેટલાક સર્વોદયમાંથી અને કેટલાક ઘાટકોપરથી. માણસ હતા બધા જુવાન. ફોટા પાડી ગયા અમે બેઠા હતા ત્યાં આ તો .. તારીખે વ્યાખ્યાન આમ છે ફલાણે અમારે સર્વોદય... એય..! પોપટભાઈ! આહા..હા..! એ તો ત્યાં સર્વોદયમાં વ્યાખ્યાન થયેલાને એટલે લોકોમાં પ્રસિદ્ધ બહુ થઈ ગયેલું. આઠ-આઠ હજાર માણસ. હમણા વ્યાખ્યાન હતું તો બહુ માણસ. આઠ-આઠ હજાર માણસ. .. વ્યાખ્યાન હતા. તે દિ' તો લોકો દસ-દસ, બાર હજાર. આ સાત-આઠ હજાર. આ બે વ્યાખ્યાન લીધા. માણસ માતુ નહોતું કહે મહારાજ. માણસ તો આવતું હતું. રવિવારે. .. માણસ સમાય નહિ. ત્યાં આવ્યા હતા? ..ના હોલમાં. આવ્યા હતા. આહા..હા..!

આવો ભગવાન આત્મા કહે છે ત્યાં જાને ભાઈ! મોટો માણસ આવે તો કેટલી મળવાની હોંશ હોય એને. ઓલા ગાયકવાડ સરકાર આવ્યા હતા ભાઈ દામનગર. ગાયકવાડ સરકાર. દામનગર એનું છેને. તો જેઠાલાલ હતાને જેઠાલાલ શેઠ દાદ. ચાંદીના ઓલા કર્યા હતા સિંહાસન. .. આવ્યા દરબાર. ત્રણ સાડા ત્રણ. ચાંદીનું આમ બધું. એકલા રૂપિયા. રૂપિયા પાથરીને. તે દિ' રોકડ રૂપિયા બહુ હતાને. ચાંદીના રૂપિયા એની બેઠક કરી હતી. એના ઉપર બેસાડ્યા

હતા. દામનગરની વાત છે. ઘણા વર્ષની. .. પહેલાની વાત. દીક્ષા પહેલાની. આહા..હા..! એ ગાયકવાડ સરકાર એ તો પણ નરકગામી હોય. એને આવો રાજા ગણી આને બેસાડ્યો. આવો ત્રણ લોકનો નાથ આત્મા. એને ભગવાનને બેસાડ્યો છે. એ તારી પર્યાયના સિંહાસનમાં એને બેસાડ. તે પર્યાયમાં રાગ અને પુણ્ય અને પરને બેસાડ્યું છે, બાપા એ તને કલંક છે. આહા..હા..! સમજાણું કાંઈ? તારા પર્યાયને આસને પરમાત્માને બિરાજ. આહા..હા..! અનંતગુણની પર્યાય પરિણમન. એ પરિણમનમાં પરમાત્માને પધરાવ. આહા..હા..! પહેલી ગાથામાં આવે છેને સર્વસિદ્ધને પર્યાયમાં પધરાવ્યા છે. ભગવાન આવો. આવો પ્રભુ આત્મા.. અને સારા લગન કરે ત્યાં સારા માણસને લઈ જાય. પોપટભાઈ! એની કન્યા પાછી ન ફરે. ..ભાઈ કહે હું છું લઈ જા. હું સાથે છું. એમ પ્રભુ મારા અંતર અનુભવની દૃષ્ટિમાં પ્રભુ તને સાક્ષી રાખ્યો છે. અનંતા સિદ્ધને રાખ્યા. અમારી પરિણતિ .. ન ફરે. આહા..હા..! એમ કહે.

અહીં કહે છે કે આહા..હા..! પરમ નિધાન પ્રગટ મુખ આગળ એ. જગત ઓળંગી જાય મહાપ્રભુ બિરાજે છેને. અરેરે..! એને ઓળંગીને જગત ક્યાં રખડે છે? ક્યાં પર્યાયમાં અને રાગમાં અને નિમિત્તમાં ક્યાં ફરે છે? કહે છે ધર્મીને તો જ્યાં છે ત્યાં ફરવાનું સ્થાન અને પરિણમવાનો તો આનંદ છે. હે ધર્મી! તારે તો રાગ પણ કરવો વ્યાજબી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તોપણ 'જો તું એમ કહે છે...**' હવે સામે જવાબ આપે છે. '**परं मे जातु न, भुंक्षे**' '**પરદ્રવ્ય મારું તો કદી નથી...**' સ્ત્રીનું શરીર, પૈસા, લક્ષ્મી, આબરૂ, મકાન, મહેલ એ મારી ચીજ નથી. રાગ એ પણ મારી ચીજ નથી. '**अने हुं तेने भोगवुं छुं',...**' '**परं मे जातु न, भुंक्षे**' મારું નથી પણ હું ભોગવું છું એમ જવાબ આપે છે ઓલો. એ રાગ અને પરવસ્તુ મારી નથી, પણ હું મારી નથી છતાં ભોગવું છું. અરે..! '**भोः दुर्भुक्तः एव असि**' '**તો તને કહેવામાં આવે છે (અર્થાત્ અમે કહીએ છીએ) કે હે ભાઈ, તું ખોટી (-ખરાબ) રીતે જ ભોગવનાર છે;...**' આહા..હા..! એ કામની તને ઇચ્છા, રાગની ઇચ્છા એનો ભોગવટો તારી ખોટી ભોગવટી દશા છે. તું કહે કે મારું નથી અને વળી ભોગવું છું. દુર્ભુક્ત છો. ભુંડે રસ્તે ચડી ગયો છે મારો. સમજાણું કાંઈ? હે ભાઈ! એમ કહ્યું છેને? હે જ્ઞાની! તારે તો રાગાદિનો વિકલ્પનો સ્વભાવની દૃષ્ટિવંતને તો કરવો હોઈ શકે જ નહિ. શુભ કે અશુભ રાગનું કરવું પણ એ નથી તને. તો તું પાછો એમ કહે છે કે રાગ અને પરચીજ મારી નથી, પણ હું એને ભોગવું છું. શું કરે છે તું આ? ખોટું ખા છો. જે મારું નથી, વળી તું કહે કે હું એને ભોગવું છું. એ તો ખોટો ખરાબ રસ્તે ચડી ગયો છો. વ્યભિચારને ભોગવે છે તું. આહા..હા..!

નિર્જરાનો અધિકાર છેને. ધર્મીની દૃષ્ટિમાં તો આત્મા બિરાજે છેને. અને તેથી એનો ઉપભોગ પણ શાંતિ અને આનંદનો છે. એને રાગનો ઉપભોગ નથી. એ તો જ્ઞાની સમકિતી જાણે ત્યારે એમ કહેવાય કે એને ભોગવટાની પર્યાય એની છે. પણ એ ખરેખર તો એ ભોક્તા અને કર્તાના પરિણામનો તો જ્ઞાની પૃથક્ રહીને જાણનાર છે. ભળીને જાણનાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી ધર્મની રીત અને ધર્મની કળા આવી છે. લોકો બહારથી માનીને બેસે કે આ કર્યું ને આ કર્યું અને ધર્મ થઈ ગયા. અરેરે..! કાળ ચાલ્યો જાય છે. મૃત્યુની સ્થિતિની મુદ્દત લઈને આવ્યો છે. એની સમીપે દેહ જાય છે. કાળ પકડશે એને તે કાળે. લાખ તારા વૈદ અને ડોક્ટર હશે પણ દેહ છૂટી જશે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો પણ સ્વકાળ છેને? દેહને છૂટવાનો પણ એને સ્વકાળ હોય છે. એ કાળ આડોઅવળો ન થાય. આહા..હા..! ભાઈ! તું એમ કહે છો કે હું તો ધર્મી છું અને વળી તું એમ કહે છો કે પરવસ્તુ મારી નથી, વળી તું એમ કહે છો કે પરવસ્તુ મારી નથી અને હું ભોગવું છું. આમ ત્રણ વાત કરે છે. આહા..હા..!

'તો તને કહેવામાં આવે છે (અર્થાત્ અમે કહીએ છીએ)...' 'भोः दुर्भुक्तः एव असि' 'હે ભાઈ, તું ખોટી (-ખરાબ) રીતે જ ભોગવનાર છે; જે તારું નથી તેને તું ભોગવે છે એ મહા ખેદ છે!' આહા..હા..! ગજબ વાત કરી છેને. શુભરાગ આવે એ તારો નથી એ તો તે માન્યું છે. તું કહે છો કે મારો તો નથી. વળી તું એને ભોગવ. સમજાણું કાંઈ? ખરાબ ખાનારો તું છો. આર્ય માણસ નામ ધરાવે માંસ ખાય. આહા..હા..! શોભે નહિ, ભાઈ! એમ તું જ્ઞાની નામ ધરાવે, સમકિતી નામ ધરાવે, વળી બોલે કે રાગ અને પરદ્રવ્ય મારા નથી અને હું ભોગવું છું. ભોગવે છે તો મારા હોય એને ભોગવે, પરને કેમ ભોગવે? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિની દશા, દિશા ફરી ગઈ છે. હજી ચોથે ગુણસ્થાને હોં! આહા..હા..! કહે છે કે તું પરદ્રવ્યને ભોગવે છે તો મહાખેદ છે, ભાઈ!

'જો તું કહે કે 'પરદ્રવ્યના ઉપભોગથી બંધ થતો નથી એમ સિદ્ધાંતમાં કહ્યું છે...' બહુ સારી વાત છે. તારા ભાવમાં તો નથીને? રાગથી ભિન્ન પડેલું તત્ત્વ રાગને ભોગવે એમ નથી. એમ તો નથીને? સિદ્ધાંતમાં કહ્યું છે. જ્ઞાનીને બંધ-રાગ હોતો નથી, પરને ભોગવતો નથી અને પરને ભોગવતા એને ધર્મ થતો અટકતો નથી, નિર્જરા થાય છે. એમ શાસ્ત્રમાં કહ્યું છે. અરે..! ભાઈ! સાધનમાં કહ્યું છે **'માટે ભોગવું છું'...' 'तत् किं ते कामचारः अस्ति' 'તો શું તને ભોગવવાની ઈચ્છા છે?'** એ ભોગવવાની કામના છે? આહા..હા..! એ રાગને અને પરવસ્તુને ભોગવવાની કામના છે તને? **'ज्ञानं सन् वस'** ભાઈ! એ રહેવા દે. **'જ્ઞાનરૂપ થઈને વસ (-શુદ્ધ સ્વરૂપમાં નિવાસ કર),...'** આહા..હા..! તું કહે કે મારુ નથી અને વળી ભોગવ. એ જ્ઞાન ન રહ્યું. તો અજ્ઞાન રહી ગયું. આહા..હા..!

કઈ શૈલી કરી છે જુઓને. કેમકે ધર્મીને તો આત્માના આનંદનો સ્વાદ છે અને આત્મા જેને અનુભવમાં આવ્યો એમાં તો અશાંતિ કે રાગ કે ઈ છે જ નહિ. એવા ધર્મીને એમ તું કહે કે અમને તો શાસ્ત્રમાં, સિદ્ધાંતમાં બંધની ના પાડી છે. કોને? જેને રાગથી ભિન્ન પડ્યો છે એને સિદ્ધાંતમાં રાગનો ભોગવટો નથી. એમ કહ્યું છે અને તું તો કહે છે કે રાગ મારો નથી છતાં હું ભોગવું છું. એ તો પાછો થઈ ગયો તારો. ન્યાય સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ભોગવવાની વાત આવી કે ન આવી?

ઉત્તર :- એ અનાસક્તિ એ અનાસક્તો શેનો? રાગમાં આસક્તિ છે ત્યારે તો ભોગવવાની કામના-ઈચ્છા થઈ છે. આહા..હા..! કહે છે લોકો ઈ. ગીતામાં એમ કહે છે. અનાસક્તિથી. શું અનાસક્તિથી? ભોગવે અને અનાસક્તો ક્યાંથી આવ્યો? પરનું કરવું માને અને વળી અનાસક્તિથી કરવું. આ બધા કાર્યકર્તાઓ એમ માને મોઢા આગળ. ગીરધરભાઈ!

મુમુક્ષુ :- એને કરવું હતુંને એટલે.

ઉત્તર :- કરવું હતું એટલે. હા વાત સાચી. માને. એણે નાખવું જોઈએને, ખતવવું જોઈએને કાંઈક. આહા..હા..! એમ કે કરીએ છીએ પણ આસક્તિ નથી. વાત જ જૂઠી છે. કરવું એ માનવું જ આસક્તિ અને મિથ્યાત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, છોટુભાઈ! આવો માર્ગ છે. સત્ જ એવું છે. વસ્તુનું સત્પણું જ એવું છે કે જેમાં વિકારની ગંધ નથી. એવું જ્યાં ભાન થયું અને વળી કહે કે વિકારની ઈચ્છા છે ભોગવવાની. એ ક્યાંથી આવી? આત્માના આનંદનો ભોગવટો જેને આવ્યો એને રાગને અનુભવવું એ આવ્યું ક્યાંથી? એમ કહે છે. પ્રેમચંદભાઈ! આહા..હા..! મારા! સ્વચ્છંદી સહિત છો, સ્વચ્છાચારી. છે? છેને?

'**જ્ઞાનરૂપ થઈને વસ નહિ તો (અર્થાત્ જો ભોગવવાની ઈચ્છા કરીશ અજ્ઞાનરૂપે પરિણમીશ તો)...**' આહા..હા..! ઈચ્છા કરીને ભોગવું છું એવી મીઠાશ જો તને છે ઈ તો અજ્ઞાન છે. આહા..હા..! શરીરની ક્રિયા, ભોગની ક્રિયા, ખાવાની ક્રિયા, આબરૂને સાંભળવાની ક્રિયા તને રાગ-ઈચ્છા તો થાય છે. અને ઈચ્છા છે માટે તું ભોગવું છું એમ માને છે. અને તું કહે કે ઈચ્છા મારી નથી. એમ ક્યાંથી આવ્યું? આહા..હા..! '**(અર્થાત્ જો ભોગવવાની ઈચ્છા કરીશ અજ્ઞાનરૂપે પરિણમીશ તો)...**' આહા..હા..! જો રાગને અનુભવવા માટે જો ભોગવીશ તો અજ્ઞાન થશે. ઓહો..હો..!

'**ધ્રુવમ્ સ્વસ્ય અપરાધાત્ બન્ધમ્ એષિ**' તું જ્ઞાનરૂપ, જાણકરૂપ, આનંદરૂપ થઈને રહે તો તને બંધન નથી, પણ જો ઈચ્છા કરીશ અને ઈચ્છાથી ભોગવવાનો ભાવ કરીશ '**તું ચોક્કસ પોતાના અપરાધથી બંધને પામીશ.**' ખરેખર અજ્ઞાન પરિણામથી તને બંધન થશે. રાગના વેદવાનો ભાવ, પુણ્યનો વેદવાનો ભાવ. આહા..હા..! એમાં ક્યાંય પણ ઈચ્છામાં સુખબુદ્ધિ. ક્યાંય કોઈ ઈચ્છામાં સુખબુદ્ધિ, હરખબુદ્ધિ, ઉત્સાહબુદ્ધિ વીર્યમાં એ તો અજ્ઞાન

સહિત છે. એ અજ્ઞાનથી તને બંધન થશે, ભાઈ! આહા..હા..! સ્વતરફના આનંદના ઉત્સાહને તે છોડી દીધો અને રાગના ઉત્સાહના વિષયના ભોગમાં, આબરૂમાં, કીર્તિમાં તારું વલણ બીજે વેણે ચડી ગયું. સમજાણું કાંઈ? એ રાગને વેણે ગયું ભાઈ! એ આત્માને વેણે ન રહ્યું. આહા..હા..! ઝીણી વાતું છે.

જેનો પ્રવાહ દ્રવ્યને વહેતો એને તો રાગમાંથી પ્રેમ છે અને રાગને આશ્રયે ભોગવું છું. પ્રવાહ બદલી ગયો, ભાઈ! વિભાવનો અનુભવ થયો તને. અને આત્મા રહ્યો નહિ. આત્મા ન રહ્યો, પ્રભુ! આહા..હા..! એ તો સ્વરૂપનું અજ્ઞાન થઈ ગયું અને અજ્ઞાન થઈને તને ઇચ્છામાં પ્રેમ અને સુખબુદ્ધિ થાય એ જરૂર તને બંધન કરશે. મિથ્યાત્વને લઈને. આહા..હા..! સમજાણું કાંઈ? એ કાંઈ સ્વચ્છંદી થવા માટે કહ્યું નથી. વસ્તુની સ્થિતિ વર્ણવી છે. એને નિર્જરા થાય છે. કોને? જેને આત્માના આનંદનો પ્રેમ વર્તે છે, જેને વિકલ્પથી માંડી આખી દુનિયાનો પ્રેમ જેનો નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ? એને અહીંયાં ધર્મી અને સમકિતી કહીએ. આહા..હા..! એને રાગની આકાંક્ષા અને મીઠાશ ત્રણ કાળમાં હોતી નથી. અને જો રાગની મીઠાશ અને આકાંક્ષા થઈ તો જ્ઞાન થઈ ગયું તને. આહા..હા..! ઓલા કહે કે અહિંસામાં માનતા.. એમ કહેતા. આહા..હા..! જુઓને શૈલી! અનુભવમાં આનંદ હતો એને ઠેકાણે તને હવે આ રાગના અનુભવમાં ઠીક પડે એવી ઇચ્છા તને થઈ અજ્ઞાન થઈ ગયું તારું. આનંદમૂર્તિ પ્રભુનો તે અનાદર કર્યો. આહા..હા..! અને રાગમાં અને બાહ્ય ચીજમાં તને આનંદ આવ્યો, ઝેરનો. આહા..હા..!

'**ધ્રુવમ્ સ્વસ્ય અપરાધાત્ બન્ધમ્ એષિ**' ભાષા કેવી? ઈ કર્મના કારણે તે કર્યું એમ નથી. તારા પોતાના અપરાધને કારણે રાગની ઇચ્છા કરીને તે ભોગવ્યું ચોક્કસ તારો સ્વનો અપરાધ છે. રાગ અને મીઠાશથી તે વેદ્યું એ અજ્ઞાન થઈ ગયું. આહા..હા..! સમજાય છે કાંઈ? ધર્મીને વૃત્તિ આવે, પણ એ ઝેર જેવી દેખાય. આહા..હા..! કાળો નાગ જેમ આવે અને ઉપસર્ગ દેખાય એમ ધર્મીને એ કામની ઇચ્છાનો ઉપસર્ગ દેખે છે. સમજાણું કાંઈ? ઈ પહેલું આવી ગયું છે. એનું ઉપચાર પણ કરતું દેખાય છે. આહા..હા..! હવે એ તે દૃષ્ટિના પલટાની વાતું કોને બેસે? ધર્મી જ્ઞાની હોય અને હજારો રાણી હોય, તોપણ કહે કે પરનો ભોગવટો નથી તને. અને આખી જિંદગી કોઈ દિ' બ્રહ્મચર્ય પાળે, સ્ત્રી પરણે નહિ, છતાં રાગનો પ્રેમ છે અને સ્વભાવ તરફનો આદર છોડી દીધો છે. અજ્ઞાની છો. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સ્વસ્ય અપરાધાત્**' એમ કહ્યુંને? '**ધ્રુવમ્ સ્વસ્ય અપરાધાત્**' ઈ તારા અપરાધને કારણે. આહા..હા..! તને પરમાનંદ પ્રભુ એનો પ્રેમ ન રહ્યો, તું પામરને પડખે ચડીને રાગના પ્રેમમાં પતી ગયો. આહા..હા..! હવે આ દૃષ્ટિની વાતું. સમજાણું કાંઈ? રાગના રસે ચડ્યો, તને

એમાં પ્રેમ લાગ્યો એ અજ્ઞાન થઈ ગયું. સમજાણું કાંઈ? બહારનો ત્યાગી છતાં રાગનો ઇચ્છાવાળો રાગનો ભોગી છે અને બહારનો ત્યાગી ન હોય હજી છતાં અંતરમાં રાગની ઇચ્છાનો ભોગવટો એને નથી, મીઠાશ ઉડી ગઈ આખી દુનિયામાંથી. આહા..હા..! શરીર કાંઈક ઠીક હોય સાંઢડા જેવું, શરીર કોમળ હોય એને શું કરવું આ શરીરને? બટકા ભરીએ? ખાઈએ? શું કરીએ? આહા..હા..! જ્યાં બટકા આનંદનો અનુભવ તો આત્માનો કરવાનો. એને ઠેકાણે આ રસ ક્યાં ગયો તારો? ચૈતન્યના રસને છોડી દઈને વળી તું કહે કે એ પર છે. છતાં હું ભોગવું છું. બાપુ! આ શું થયું તને? આહા..હા..! તારો અપરાધ છે, ભાઈ! એ અપરાધને લઈને તને બંધન થશે. તું કહે કે ના, ના. સિદ્ધાંતે કહ્યું, પણ સિદ્ધાંતે તારો ભાવ ક્યાં કહે છે? ભાવ ક્યાં રાગને નથી ઇચ્છતો? ઇચ્છે છે. જેને સિદ્ધાંત રાગનો જેને પ્રેમ નથી, જેને આનંદનો પ્રેમ એને રાગ આવે એનો ભોગવટો એને નથી એમ કહ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભાઈ હતાને આ? નેમિચંદભાઈ! કેવા? પોરબંદર. નેમિદાસભાઈ. નેમિદાસભાઈની આ વહુ હતીને કંચન? કંચનબહેન હતાને એ ગુજરી ગયા નહિ હમણા. નેમિદાસભાઈ નહિ? પોરબંદર. એને હતી રજપુતની દીકરી. રજપુત. રજપુત સમજ્યાને? ગરાસિયાની દીકરી. પછી એને પરણાવેલી કોઈ વૃદ્ધમાં કોઈ એના કુટુંબીએ. એ પરણાવી તે દિ' જઈને તરત ભાગી ત્યાંથી. ભાગી ગઈ. ભાગતા-ભાગતા એવું થઈ ગયું ત્યાં ઘોડાગાડીવાળો નીકળ્યો. કીધું મારે ફલાણું જાવું. તમે એકલા છો. કહે હા શું નામ? એટલે સમજી ગયો ઓલો કે આ કોઈને ધણી નથી લાગતા. એ ઘોડાગાડીવાળો ઘરે લઈ ગયો મુસલમાન. પછી એને માંસ ખાવાનું કહ્યું. આપણે માંસ ખાવું પડશે. એમ કરીને સ્ત્રી કરવી હતી. એટલે આ કહે અમે મહાજન છીએ હોં. અમારે માંસ ન હોય. આહા..હા..! નેમિદાસભાઈ. એ રજપુતની દીકરી હતી કાંઈ વાણિયાની નહોતી આ કંચન. ગુજરી ગઈને ઈ. પછી હતી આની ઉંમર મોટી ૪૮ વર્ષની. મારી પાસે આવ્યા હતા કે બ્રહ્મચર્ય આપો, દીક્ષા આપો. નેમિદાસભાઈ. ૯૦ની સાલમાં. પૈસા નહોતા બહુ તે દિ'. પાંચ-પચ્ચીસ હજાર. હવે તો દસ લાખ થયા. .. દીક્ષા અમે આપતા નથી કોઈને. દીક્ષા કોને કહેવી એનું જ્ઞાન નથી. તો કહે મને દીક્ષા નહિ આપો તો હું પરણીશ કહે. હું એકલો નહિ રહી શકું. એમાં આ કન્યા મળી વળી. ઓલો ડોક્ટર હતોને કેવો ડોક્ટર નહિ? કેવો?

મુમુક્ષુ :- તુલસીદાસ.

ઉત્તર :- તુલસીદાસ. તુલસીદાસ ડોક્ટર હતોને એક છે. એને ત્યાં .. બહેન તરીકે. પછી આ પરણ્યો. તો ઈ ત્યાં મહાજન ઓલા મુસલમાન ઘરે લઈ ગયોને. અરે..! ભાઈ! અમે આર્ય માણસ છીએ હોં. અમારે આ ન હોય, અમારે ન હોય. સમજાય છે? એમ આર્ય સમ્યગ્દૃષ્ટિ આર્ય છે, દૃષ્ટિનો આર્ય છે. .. પાઠ છે હોં ઈ બધા. સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટિનો આર્ય

છે. એને અમારે રાગનો ભોગ અમારે ન હોય. આહા..હા..! અમારે રાગ ન હોય, અમને પરપદાર્થના પ્રેમ ન હોય અમને અને અમારા પ્રેમ જ્યાં લાગ્યા ઈ જ્યાં ભગવાન છે ત્યાં હું છું, આમાં હું નથી હોં. એમ જ્ઞાનીને ભોગવવાની ઈચ્છા જો કરે તો અજ્ઞાની થઈ જાય. સમજાય છે કાંઈ? ભોગવવાની કામના વિના રાગ આવ્યો એને વેદે છે એમ કહેવું એ પણ એક વ્યવહાર છે. સમજાણું કાંઈ? અજ્ઞાનથી જરૂર બંધાશે. ભાવાર્થ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૩, રવિવાર, તા. ૧૫-૦૪-૧૯૭૩
કળશ-૧૫૧-૧૫૨, પ્રવચન-૩૬૯

સમયસાર. ૧૫૧ કળશ. એનો ભાવાર્થ. માર્ગ એવો ઝીણો છે, ભાઈ! સૂક્ષ્મ માર્ગ છે. અનંતકાળમાં એણે જાણ્યો નથી.

અહીં '**ભાવાર્થ :- જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી.**' જેને આત્મજ્ઞાન થયું એને તો આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ નિશ્ચય અનુભવ થયો. હવે એને રાગ કરવો ઈ ક્યાં રહ્યું? જુઓ, આ શુભભાવ. ઈ આવ્યું પાછું. શુભભાવ કરવો છે.

મુમુક્ષુ :- કર્તાબુદ્ધિ છે એ.

ઉત્તર :- એ કર્તાબુદ્ધિ થઈ. એવી ચીજ છે, ભાઈ! જગતને પંથ સત્ય સાંભળવા મળ્યું નથી. બહારમાં ક્યાંય ભટક્યા બિચારા રખડી મરે છે. વીતરાગ માર્ગના સંપ્રદાયમાં જન્મે તોપણ હજી એને વીતરાગનો માર્ગ છોડીને જ્યાં ત્યં ભટકે છે. અને એનામાં આવે બહારમાં તો એને અંતરમાં એમ કે કોઈ ભગવાન તારી દેશેને. ગુરુ આપણને તારી દેશેને. અને આપણે તો બહાર દેવ-ગુરુને પકડીએ તો કલ્યાણ થયા વિના રહે નહિ. આમ .. ગોટા. મિથ્યાત્વના મોટા શલ્ય છે. સમજાણું કાંઈ? આ વાત એવી છે, ભાઈ! ઈ પોતે ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વભાવના સ્વરૂપવાળું તત્ત્વ એ રાગને કેમ કરે? અજ્ઞાની માને છે રાગને કર્તા.. ઈ કર્તાને હું કરું છું એવું માને છે. વસ્તુમાં કરવાનું રાગને .. છે નહિ. પરનું કરવાનું તો છે જ નહિ. કેમકે આત્માની

પર્યાય એની વર્તમાન અવસ્થાની મર્યાદામાં છે. એની પર્યાય છોડીને પરમાં કાંઈ ફેરફાર કરે, કોઈપણને તારી દે કે બુડાડે કે મદદ કરે એ પર્યાયમાં જ નથી. પર્યાય એક સમયની પોતાની સ્થિતિ છોડીને બહાર જાતી નથી. આહા..હા..! આવી વાત. સમજાણું?

હવે અહીં તો પર્યાયમાં પણ પરનું કરવાનું તો છે નહિ એના સ્વભાવમાં નથી, પણ ઈ પર્યાયમાં રાગ થાય પોતામાં એ રાગનો કર્તા થાય તોપણ એની બુદ્ધિ પર્યાયબુદ્ધિ, મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! આવી વાત. ઈ આ પૈસા માટે માણસને .. ધૂળમાં કાંઈ ન મળે. હેરાનગતિ, નરકગતિ છે એમાં.

મુમુક્ષુ :- પૈસા કમાય એ નરકગતિ?

ઉત્તર :- પૈસા કમાય કોણ કમાણો? ધૂળ કમાણો હતો? પાપ કર્યા હતા ત્યાં. પૈસા તો પૂર્વના રજકણ હોય અને આવ્યા ગોઠવાઈ જાય. એ તો ખબર છેને? કીધુંને .. સાડા પાંચ લાખ. બુદ્ધો શું કામ કરતો હતો ત્યાં?

મુમુક્ષુ :- આવ્યા ખરાને રૂપિયા..

ઉત્તર :- આવ્યા એટલે મમતા આવી. એની પાસે શું આવ્યું?

મુમુક્ષુ :- રૂપિયા નથી આવ્યા?

ઉત્તર :- રૂપિયા ક્યાં આવ્યા? રૂપિયા તો રૂપિયામાં રહ્યા છે.

મુમુક્ષુ :- પણ સરકારની પેઢીમાં .. ક્યાં ગયા?

ઉત્તર :- ક્યાં ગયા ઈ એનામાં જ રહ્યા છે જ્યાં હોય ત્યાં. જડ જડમાં રહ્યા છે. કોઈના આત્મામાં ગયા નથી અને કોઈની પર્યાય થઈને રહ્યા નથી. એ તો જડની પર્યાય થઈને રહ્યા છે. કહો, સમજાણું કાંઈ?

ધર્મી તો એને કહીએ અને અધર્મી એને કહીએ કે પરનું તો કરી શકે નહિ, પણ રાગનો વિકલ્પ ઉઠે છે એને કરું એવી માન્યતા એ અજ્ઞાનીની છે. ઈ કરી શકે છે માન્યતા. ઉંધી માન્યતા કરી શકે છે. સમજાણું કાંઈ? તો '**જ્ઞાનીને...**' એની દૃષ્ટિ તો જ્ઞાન ઉપર છે. એ '**ભાવાર્થ :- જ્ઞાનીને કર્મ તો કરવું જ ઉચિત નથી.**' રાગનો વિકલ્પ કરવો એ તો વ્યાજબી જ નથી. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આ તો વીતરાગના વહેણમાં આવી વાત આવી છે. આહા..હા..! વીતરાગની વાણી કહો એ નિમિત્ત છે એ તો. સર્વજ્ઞ વાણી તો વાણીને કારણે નીકળે છે, કાંઈ વાણી પરમાત્માએ કરી નથી. પણ એ વાણીમાં કેવળજ્ઞાનનું નિમિત્ત હતું અને વાણી પોતાને જ કારણે સ્વપર કહેનાર.. પરિણમન વાણીમાં વાણીને કારણે છે. એ વાણીમાં એમ આવ્યું. આહા..હા..! ભગવાનના જ્ઞાનમાં તો એમ હતું કે કોઈ પ્રાણી કોઈનું કરી શકે એ વાત છે નહિ એ તો જ્ઞાનમાં હતું.

બીજું ભગવાનના જ્ઞાનમાં પણ એ હતું કે આ પ્રાણીઓ રાગને કરું ઈ માને છે, એ

કર્તા થઈને માને છે એ અજ્ઞાન છે. એવું જ્ઞાનમાં હતું. એ વાણીમાં આવ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! આ તો ઠરીને અંદરમાં જવા જેવી વાત છે આ તો બધી. બાકી મરી જાય બધું કરી કરીને. આહા..હા..! અનંત તીર્થંકરો થયા, કેવળીઓ થયા, અનંત સંતો, ગણધરો થયો. કોઈને તારી શકે છે તો .. જાવ બધા તરી જાઓ. એટલી .. તરી જાય તો આ સંસાર રહે જ નહિ. એમ છે નહિ. આહા..હા..! કોઈના આશીર્વાદ મુક્તિ ફળે અને કોઈને શ્રાપથી નરકમાં જાય એમ છે નહિ. સમજાણું કાંઈ? એમાં પોતાના જ પરિણામ જે ઉલટા હતા એના પરિણામને લઈને કર્મ થાય અને કર્મને લઈને સામગ્રી હોય. એમાં કરે કોણ બીજું? એના કરેલા ભાવ, એનું ફળ કર્મ ઈ વ્યવસ્થા બીજો કરે તો તે ગમે તે રીતે બાંધ્યું હોય પણ હું તારા કર્મને ફેરવી નાખીશ. એમ બની શકે? આહા..હા..!

જીવતર, મરણ, સુખ, દુઃખ આવ્યું છેને બંધ અધિકારમાં? કોઈથી કોઈનું જીવતર મરણ, બંધ, મોક્ષ ન થઈ શકે. .. નથી. કોઈ જીવ બીજાનો મોક્ષ કરી શકે ત્રણ કાળમાં નહિ. એનો અધ્યવસાય એમ થાય કે હું બીજાને મોક્ષ કરું. એવા અધ્યવસાયથી એ બંધાય. પણ મોક્ષ પરનું કરી શકે નહિ. એય..! એ બંધ અધિકારમાં છે. ગાથા છે. બીજાને સંસાર કરું .. બનાવું, બીજાનો મોક્ષ કરું એ તારી કલ્પના છે કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાનના ઉપદેશથી તો ઘણા .. પામ્યા.

ઉત્તર :- ..પામ્યા એના પોતાના .. પામ્યા છે. ભાષા તો નિમિત્તથી કથન આવે. કથન એવું આવે. અંતરમાં ચૈતન્યમાં સ્વ આશ્રય જ્યાં દશા થઈ ત્યારે તેને કલ્યાણની પંથની રીત હાથમાં આવી. ત્યારે ભગવાનની વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. પણ આ થાય તો નિમિત્ત કહેવાય. એનાથી થાય આમાં. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ જુઓને અહીં શું લખ્યું? જ્ઞાનીને રાગનું કાર્ય કરવું વ્યાજબી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'જો પરદ્રવ્ય જાણીને પણ તેને ભોગવે...' એટલે કહે છે કર્તા થયો એમ થઈને જ્યારે કર્મનો ઉદય આવે અને સામગ્રી મળે અને ભોગવે જ્યારે ઈ યોગ્ય નથી. રાગનું કરવું એ યોગ્ય નથી, તેમ તેની સામગ્રી મળે અને એને ભોગવવું. આનંદના અનુભવીને રાગને ભોગવવું એ વ્યાજબી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની રાગને કરે અને રાગને ભોગવે એ તો સંસાર મિથ્યાત્વ છે. આહા..હા..! બહુ ઝીણું! લોકોને પૈસાવાળાને એમ થઈ જાય કે કાંઈક મહેનત કરીએ અને કેટલોક કાળ ગાળીએ ત્યારે થાય. અહીં તો જાણે કે ઝટ દઈને આમ થઈ જાય. કોઈનો આશીર્વાદ મળી જાય અને કોઈ ગુરુ એવા મરી જાય. મરી ગયો હેરાન થઈને.

મુમુક્ષુ :- એમ થઈ જાય તો ધંધો કરવાની...

ઉત્તર :- ધૂળેય ધંધો કોણ ધંધો? આહા..હા..! કોણ ધંધો કરે? અહીં તો રાગ કરવાનું

કર્તવ્ય પણ જ્ઞાનીને વ્યાજબી નથી એમ કહે છે. ધંધાને તો કોણ કરે? આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે ભગવાન આત્માનો સ્વભાવ તો જ્ઞાતા, દ્રષ્ટા અને વીતરાગ છે. એવું જ્યાં અંતરમાં જાણ્યું એને રાગ રચના કરવી એ તો નપુંસકતા છે. સમજાણું કાંઈ? ધર્મીને રાગ જરી આવે એની પરિણતિ થાય એટલું વીર્ય નપુંસક છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ વીર્યની નપુંસકતા છે.

મુમુક્ષુ :- એ નય બાંધવો પડશે.

ઉત્તર :- કોણ બાંધતો હતો? એ તો જેને... આહા..હા..! જેને એ જાતના પરિણામ થવાના હોય છે એ થાશે. થાશે તેમાં આત્માને શું થયું આમાં? આહા..હા..! એટલો ભવ .. ત્યાં. આહા..હા..! કહ્યું નહિ? પાંચ પાંડવો શેત્રુંજયમાં રાજકુમારો પાંચેય. જેના રાજકુમારના શરીર. આહા..હા..! એ માખણના જેવા ગાદલા એમાં સુનારા. માખી કોક આવે તો જોડે માણસ આમ હાંકે નહિ પણ માણસ રાખે પંખો. એ માખી ઉડાડી દે. સૂતા હોય તો માખી આમ બેસે નહિ. આહા..હા..! ... રાજકુમાર એવા ઈ. અત્યારે પણ આ પાટણીને એમ છે. આ પાટણી છેને.

મુમુક્ષુ :- એના ઉપર સૂતા .. ઉપર.

ઉત્તર :- પાટણી સૂવે એટલે માખી માટે માણસ ઉભો હોય. આ નેમિચંદ પાટણી.

મુમુક્ષુ :- અહીં જ એમ બન્યું હતું.

ઉત્તર :- બન્યું હતું ને જોયું હતું મેં. જોયું હતું મેં નજરે જોયું છે. એ સૂતા હતા તો માખી ન બેસે એટલે માણસ શું કહેવાય તમારે પંખો એટલે માખી ન બેસે. એટલી ઉડાવવા જાય .. આવે. સમજાણું કાંઈ? માખી-માખી ઉડાડવા માટે માણસ રાખે. આ નેમિચંદ પાટણી આ અત્યારે આ આગ્રાવાળા. પહેલા તો પૈસાવાળા હતાને. પછી એમણે તો .. કાઢી નાખ્યું. મારે ... વિશેષ નહિ. જોયું હતું.

મુમુક્ષુ :- આ જોઈ ગયેલા દાખલા બહુ યાદ રહે.

ઉત્તર :- મચ્છરદાની બાંધે તો પવન અટકે. દિવસે મચ્છરદાની ક્યાં બાંધવી પાછી? હવે કપડું આડું આવે તો .. કહે. .. માખી બેસે નહિ અને બીજાને વાંધો નહિ અને હવા દે. .. આપણે નહિ નેમિચંદ? જોયેલું એકફેરી હોં. અહીં સૂતા હતા. ... સૂતા હતા. માણસ બેઠો હતો આમ. જોડે બેઠે. બોલો નહિ કાંઈ. માખી આવે તો આમ કરી નાખે. આહા..હા..! એથી તો પાંડવોની અનુકૂળતાનો પાર ન મળે. એ રાજકુમારો દિક્ષીત થાય છે, સંયમ ધારણ કરે છે. આહા..હા..! ઓલા લોઢાના, અગ્નિના ધગધગતા પહેરાવે છે. આભુષણો. સ્વના આશ્રયમાં પડેલા, ધૂનમાં લાગેલા ત્રણ જણા ધર્મરાજા, અર્જુન અને ભીમ કેવળ પામ્યા. બે નાના ભાઈને વિકલ્પ આવી ગયો. જુઓ, વિકલ્પ તે પણ કેવો! આ ભાઈને શું હશે? આહા..હા..!

મોટા ભાઈ... મોટા ભાઈ... એની તો અવસ્થા જરી થઈ ગઈ. એને આહા..હા..! એવો એક વિકલ્પ સાધર્મી તરીકે ગુણી જીવને આ શું છે? એટલો એક વિકલ્પ નહિતર એ તો શુભ હતો. એ શુભમાં બે ભવ વધી ગયા. આહા..હા..!

મુમુક્ષુ :- ... આટલો મોટો દંડ?

ઉત્તર :- .. સંસારમાં પ્રવેશ કરાવે એવું છે કે નહિ? આહા..હા..! કુશીલ છે રાગ. સંસારમાં પ્રવેશ કરે એવા આ ભાવને સુશીલ કેમ કહેવો? આહા..હા..! એ સાધર્મી તરીકેનો ભાવ આવ્યો વિકલ્પ અને તે પણ સુંવાળું શરીર, .. માણસો આ ત્રણ ભાઈઓને કેમ હશે? એટલા વિકલ્પમાં કેવળ અટકી ગયું. સર્વાર્થસિદ્ધિમાં ૩૩ સાગરે ગયા અને ત્યાંથી મનુષ્યનો ભવ.. ૩૩ સાગર સુધી એને ભવ થઈ ગયા. બે ભવ પછી મોક્ષ થાશે. આહા..હા..! જુઓ, આ માર્ગ વીતરાગનો. સમજાય છે કાંઈ?

તો અહીં તો કહે છે કે રાગ આવ્યો પણ કર્તાબુદ્ધિ નહોતી. તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. અસ્થિરતાના યોગને કાળે યોગ્યતા પ્રમાણે રાગ આવે છે. આહા..હા..! એના કાળમાં ક્રમમાં એ પ્રકાર ત્યાં ભજવાનો હતો. આવ્યો જાણનાર-દેખનાર રહે છે. છતાં એ રાગનું ફળ તો બે ભવ થઈ ગયા. આહા..હા..! ૩૩ સાગર કોને કહે? એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ અને એક પલ્યોપમના અસંખ્ય ભાગમાં અસંખ્ય અબજ વર્ષ. એ અંતર વસ્તુ શું છે અને એમાં દોષ કઈ જાતનો કેટલો થાય છે? અને દોષ જતાં એની દશા કેવી હોય? એ લોકોને ખ્યાલમાં આવતું નથી. સમજાય છે કાંઈ? ધર્મનું રૂપ બાપુ અલૌકિક છે. આહા..હા..! ઈ સાધારણ માપથી એના માપ આવી જાય એમ નથી. આહા..હા..!

કહે છે કે '**પરદ્રવ્યના ભોગવનારને તો જગતમાં ચોર કહેવામાં આવે છે,...**' આહા..હા..! એ સામગ્રી જે આવી પુણ્યને કારણે એના તરફના લક્ષમાં જે રાગ કરીને અનુભવે એ તો ચોર છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! અનંતા જન્મ-મરણ જેને મટાડવા છે. એવો જેનો સ્વભાવ છે. ભગવાનનો સ્વભાવ જ એવો આત્માનો છે. જન્મ-મરણ રહે જ નહિ એને. જેણે જેનો આશ્રય કર્યો એને અનંત જન્મ-મરણના દુઃખનો અંત આવ્યો અને અનંત-અનંત આનંદની દશા પ્રગટી તે અનંત કાળ રહે. બાપુ! ચીજ તો જુદી છે. સમજાણું કાંઈ? ઈ કહે છે કે ધર્મી થયો તું. એટલે કે ધર્મી એટલે આત્મા એના સ્વભાવને તે જાણ્યો, જોયો, અનુભવ્યો અને તું એમ કહે કે રાગ તો કરવા જેવો છેને. ભાઈ! ઈ તને કેમ શોભે? આનંદ અને જ્ઞાનની પરિણતિના કર્તાપણે પરિણમે એને રાગનો કર્તા થઈને કેમ શોભે? આહા..હા..! સમજાણું કાંઈ? ભારે માર્ગ આવો.

'**અન્યાયી કહેવામાં આવે છે.**' આહા..હા..! ભગવાન આનંદ છે. જાણનાર-દેખનાર સ્વરૂપ. એના અનુભવમાં તો જ્ઞાન અને શાંતિનો અનુભવ હોય. એને છોડીને આ રાગનું

કરવું અને અનુભવવું એ ચોર છે. આહા..હા..! જે એની ચીજ નથી એને એ ભોગવે છે. એની નથી એને ભોગવે છે. આહા..હા..! એ દષ્ટિ જ્યારે દોલતને જોઈ અંતરનો આશ્રય કર્યો ત્યારે એને સમ્યગ્દર્શન થયું. લાખ ગુરુ અને કેવળીઓ આવે સમવસરણ આવે એથી આત્માને સ્વ આશ્રય કરે, કારણ કે એ તો પરદ્રવ્ય છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય તો એમ કહે છે **'परदव्वादो दुग्गइ'** આહા..હા..! ત્રણ લોકના નાથ અને એની વાણી તરફ વલણ કરવું એ રાગ છે એટલે દુર્ગતિ છે. આહા..હા..! આ ગજબ વાત છે. .. અજ્ઞાનીને વીતરાગના બોલ સહ્યા ન જાય. ઓશિયાળો રહ્યો છેને. ઈ જાણે બહારથી આપણે કરશું એથી કલ્યાણ થઈ જાય, કલ્યાણ થઈ જાય. ઈ બહિરૂબુદ્ધિ બહિરૂ મિથ્યાદષ્ટિ બહિરાત્મા છે. સમજાણું કાંઈ?

કહે છે **'જગતમાં ચોર કહેવામાં આવે છે, અન્યાયી કહેવામાં આવે છે.'** અરે..! વિભાવને કરવું, કર્તાબુદ્ધિએ એને ભોગવવું, ભોક્તાબુદ્ધિએ .. છે, ભાઈ! જ્ઞાનીને રાગ હોય, એનું વેદન પણ હોય, પણ એ કર્તાબુદ્ધિએ અને ભોગબુદ્ધિએ એનું વેદન નથી. દુઃખ લાગે છે, ઝેર લાગે છે. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય ઈ ભાવને પણ જ્ઞાનીને દુઃખ લાગે છે. ચંદુભાઈ! આહા..હા..! 'રાગ આગ દાહ દહે સદા...' રાગ આગ દહે સદા. આહા..હા..! છ ઢાળામાં આવે છે. શુભરાગ હોય તો તને આગ છે. અગ્નિ છે. આહા..હા..! શાંતરસ ભગવાન આત્મા એને જેણે જોયો, અનુભવ્યો એની આગળ રાગ તો અગ્નિ દેખાય એને. આહા..હા..! એને ઈ છે? આહા..હા..! ભાઈ દુનિયાથી માર્ગ વીતરાગનો જુદો છે. ..ભાઈ! થોડાઘણાને કોકને એવું થઈ જાય .. આપણે ઝટ પતી જાય. છોકરા, બાયડીને સાચવવા, પૈસા કર્યા .. જાવ. એમાં કેટલા જુઓને આ ઓલા ... થઈ ગયા છે કેટલા. મૂઢ જીવો બિચારા ભાન ન મળે કાંઈ. અનંત સંસારમાં રખડવામાં છે ઈ.

મુમુક્ષુ :- એ તો કલ્યાણ કરી જ લે છે.

ઉત્તર :- કરી અનંત સંસાર પોતે રખડનારો છે ઈ. સાંઈબાબો અનંત સંસારમાં રખડવાનો છે ઈ. આહા..હા..! અને ઓલો રજનીશ તમારો રજનીશ કહે છેને? રજનીશનું બહુ ચાલ્યું છે મુંબઈમાં. આહા..હા..! ભગવાન! બાપુ! એ રખડવાના રસ્તા બધાય છે. આહા..હા..! દુનિયાને ખબર નથી. ત્રણ લોકનો નાથ વીતરાગે જે કહ્યું એ વસ્તુ બીજે ક્યાંય છે નહિ. એય..! એ કહ્યું છેને ત્યાં તમારે મુંબઈમાં .. બધા. આહા..હા..!

અહીં તો સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની વીતરાગી પરમાત્મા ઈ એમ એની વાણીમાં આવે છે કે ભાઈ! અજ્ઞાની તો ભલે પરમાં આશા રાખે મૂઢ થઈને, પણ તું પણ રાગની અભિલાષા કરીને રાગને કરે અને ભોગની અભિલાષાથી ભોગને ભોગવે, બાપુ! એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! આવો પરમાત્માનો પંથ એને મૂકીને .. દાખલો આપીએ છીએ. માને મૂકીને કૂતરીને ધાવવા જાય છે મારા. એય..! નથી આવતું? આવે છેને? આવે

છે કે નહિ વાત? માને મૂકીને કૂતરીને ધાવે છે. એમ ત્રણ લોકના નાથ પરમાત્માનો માર્ગ વીતરાગસ્વરૂપ એને મૂકીને જ્યાં ત્યાં... એય..! એ બિચારા ચાર ગતિમાં નરક અને નિગોદમાં જવાના હોં. ... અત્યારે એને. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ પોતા માલિક છે નરક અને નિગોદમાં જવાના.

અહીં તો પરમાત્મા એમ કહે કે વસ્ત્રનો એક ધાગો રાખીને મુનિપણું મનાવે તો નિગોદમાં જાશે. નરક અને નિગોદના અનંતા... આવે છેકે નહિ પ્રેમચંદભાઈ! અષ્ટપાહુડ. કરતા હશો હવે. સૂત્ર પાહુડ કરતા હશો કે નહિ? એને થઈ ગયું પૂરું કહે છે. ત્રીજું ચારિત્ર પાહુડ. ચારિત્રપાહુડ. સૂત્ર પાહુડમાં પરમાત્મા સંત કુંદકુંદાચાર્યનો પોકારે છે કે એક વસ્ત્રનો ધાગો રાખે, જૈનનો સાધુ થાય, જૈનની વ્યવહાર શ્રદ્ધા એને હોય દેવ-ગુરુ-શાસ્ત્રની. પણ વસ્ત્રનો એક ટૂકડો રાખીને અમે સાધુ છીએ, અમે આચાર્ય ચીએ, અમે મુનિ છીએ. ભાઈ! તું નિગોદમાં જાઈશ હોં. આહા..હા..! તો આમાં તો કાંઈ એકેય ઠેકાણા ન મળે. આહા..હા..! દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. આનંદઘનજી કહે છે 'દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો?' રાગ અને પરાશ્રય વિના મારા સ્વભાવથી કલ્યાણ એવી શ્રદ્ધા ન કરો તો દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા પણ તને ક્યાં રહી? કારણ કે દેવ-ગુરુને અને શાસ્ત્રને તો આ કહેવું છે.

સર્વજ્ઞ પરમાત્મા ગુરુ નિર્ગ્રંથ અને પરમાગમ વચન ત્રણમાં તો એમ કહેવું છે પરમાત્માને તો. આહા..હા..! પણ અનાદિ ઓશિયાળા જીવ ક્યાંય ક્યાંયથી ગોતી કાઢે. પરથી કાંઈ થઈ જાય. આપણે કરવું મટે. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે જેને વસ્ત્રનો ધાગો રાખીને સાધુ માને. આહા..હા..! એ જૈનની વ્યવહારુ શ્રદ્ધાવાળા હોં. એને કહે કે શાસ્ત્રને કહેવું છે એ વાતની શ્રદ્ધા ક્યાં રહી એને? સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! શું થાય? અત્યારે આ કાળ વીખાઈ ગયો. એના પ્રરૂપકો બીજી રીતે ચાલ્યા. હવે એને કેમ રોકે? કોણ રોકે? આહા..હા..! સમજાણું કાંઈ?

પરમાત્મા કહે છે અરેરે..! એ તો અન્યાય કહેવાય, બાપુ! આહા..હા..! ધર્મી જાણનાર આત્માનો એમ કહેવું અને જાણનારના સ્વભાવ સિવાય એ રાગને કરવું અને એ પર સામગ્રી ઉપર લક્ષ રાખી ભોગવવો વિકારને એ તો અન્યાય છે, ભાઈ! મને ભોગવવામાં પ્રેમ આવે છે. ભાઈ! તને પ્રેમ આવે છે તું મિથ્યાદૃષ્ટિ છો. આહા..હા..! જેનાથી ભિન્ન પડ્યો અને ઉદાસ થયો એને ભોગવવામાં પ્રેમ અને રુચિ નિગોદની દશા તરફ ઢળેલો છો. આહા..હા..! ભારે આકરું કામ! ચાર ગતિના દુઃખોનું કારણ શું અને દુઃખ શું? એનું એને ભાન જ નથી. અહીં તો કહે છે કે ભાન થયેલો તું એમ કહે કે અમારે ઈચ્છાથી મને રાગ આવે છે અને ભોગવવાની અભિલાષા છે. ભાઈ! તું ભૂલ્યો છો. તું જ્ઞાની નહિ. આહા..હા..!

'**વળી ઉપભોગથી બંધ કહ્યો નથી તે તો, જ્ઞાની ઇચ્છા વિના પરની બળજોરીથી...**' આહા..હા..! એ દાખલો નહોતો આપ્યો .. કોતવાલ? પકડે અને ગધેડા ઉપર બેસાડે ખુશી છે? છોકરાને ઓલાનું આવ્યું હતું ...ને. પરણવા બેઠો તો બહુ માગ્યુ મારે. પહેલા કહે થોડું કરજો. જુવાનિયા ભેગા થયા. એક ગધેડું લાવ્યા. જુવાનિયા પછી.. અને વરને પકડ્યો ચાલ બહાર નીકળ. અને ગધેડા ઉપર ઉંધે માથે બેસાડ્યો જુવાનિયાઓએ. આ બનેલું છે. બેસાડ્યો અને મોઢું કાળુ કરી ગામમાં ફેરવ્યો. એને હોંશ છે એનો? આહા..હા..! એમ ધર્મીને જરી રાગ આવે, સામગ્રી આવે એની એને હોંશ છે? શું કરે? સમજાણું કાંઈ? કહે છે ધર્મીને જ્ઞાન '**ઇચ્છા વિના પરની બળજોરીથી...**' રાગનું જોર જરી થઈ ગયું. પરનો અર્થ ઇ થયો. .. પોતાનું સ્વરૂપ નથી. છતાં રાગનો એ પ્રકારે ઉપભોગ છે. ઉદયમાં આવેલાને ભોગવે. ભોગવે તો વ્યાખ્યા છે. રાગનું વેદન જરી આવી જાય ત્યાં તેને બંધ કહ્યો નથી. એને ઉદાસ છે. અરેરે..! અમારી આનંદની શાંતિ એના વિનાના આ રાગના વેદન તો ઝેરના વેદન છે. આહા..હા..! અરે..! નિર્વિકલ્પ પીણા છોડીને આ ઝેરના પીણા આવ્યા. આહા..હા..! ખુશી થતો હશે ઝેર પીતા-પીતા? એમ ધર્મીને રાગનું થવું અને ભોગવવું એમાં ખુશીપણું નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! બાપુ! આ કાંઈ વાતું કરે થાય એવું નથી. આહા..હા..! એ તો અંતર વસ્તુ જ્યાં પરમાત્મા પોતે સાક્ષાત્ પ્રભુ પોતે છે. એ પ્રભુના જેને ભેટા થયા એને આવી પામરતાની વૃત્તિ રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ત્યાં તેને બંધ કહ્યો નથી. જો પોતે ઇચ્છાથી ભોગવે...**' આ અભિલાષ, મીઠાશ રહી જાય અને ભોગવે અને ..કહે કે અમે જ્ઞાની. મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! '**જો પોતે ઇચ્છાથી ભોગવે...**' પ્રેમથી એને અનુભવે અને કરે તો તો જરૂર મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! '**તો તો પોતે અપરાધી થયો, ત્યાં બંધ કેમ ન થાય?**' બહુ ઝીણી વાતું, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..!

શ્લોક-૧૫૨

(शार्दूलविक्रीडित)

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।।१५२।।

હવે આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यत् किल कर्म एव कर्तारं स्वफलेन बलात् नो योजयेत्] કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી (કે તું મારા ફળને ભોગવ), [फललिप्सुः एव हि कुर्वाणः कर्मणः यत् फलं प्राप्नोति] *ફળની ઇચ્છાવાળો જ કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે; [ज्ञानं सन्] માટે જ્ઞાનરૂપે રહેતો અને [तद्-अपास्त-रागरचनः] જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે એવો [मुनिः] મુનિ, [तत्-फल-परित्याग-एक-शीलः] કર્મના ફળના પરિત્યાગરૂપ જ જેનો એક સ્વભાવ છે એવો હોવાથી, [कर्म कुर्वाणः अपि हि] કર્મ કરતો છતો પણ [कर्मणा नो बध्यते] કર્મથી બંધાતો નથી.

ભાવાર્થ :- કર્મ તો કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી પરંતુ જે કર્મને કરતો થકો તેના ફળની ઇચ્છા કરે તે જ તેનું ફળ પામે છે. માટે જે જ્ઞાનરૂપે વર્તે છે અને રાગ વિના કર્મ કરે છે એવો મુનિ કર્મથી બંધાતો નથી. કારણ કે તેને કર્મના ફળની ઇચ્છા નથી.૧૫૨.

કળશ-૧૫૨ ઉપર પ્રવચન

શ્લોક-૧૫૨.

(शार्दूलविक्रीडित)

कर्तारं स्वफलेन यत्किल बलात्कर्मैव नो योजयेत्
कुर्वाणः फललिप्सुरेव हि फलं प्राप्नोति यत्कर्मणः।
ज्ञानं संस्तदपास्तरागरचनो नो बध्यते कर्मणा
कुर्वाणोऽपि हि कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः।।१५२।।

એ ટીકામાં તો મુનિને ઠેકાણે સમકિતીની વ્યાખ્યા છે. કળશટીકામાં. આહા..હા..! એનો અર્થ. **'यत् किल कर्म एव कर्तारं स्वफलेन बलात् नो योजयेत्' 'કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી...'** ઈ એમ કહેતું નથી **'(કે તું મારા ફળને ભોગવ),...'** કર્મની સામગ્રી આવી સ્ત્રી, કુટુંબ, પરિવાર, લક્ષ્મી, આબરૂ, કીર્તિ ઈ એમ કહેતું નથી કે તું અમને ભોગવ. એમ કહે છે?

મુમુક્ષુ :- તો શું કરવા આવી?

ઉત્તર :- આવી તો એને કારણે, જડને કારણે છે. આહા..હા..! ઈ તો એને કારણે

જડ આવ્યા. સ્ત્રી, કુટુંબ, પરિવાર, છોકરાઓ ઈ તો એને કારણે ત્યાં આવે છે. શું તારે કારણે આવ્યા છે ત્યાં? મારગડા જુદા છે, ભાઈ! જન્મ-મરણથી રહિત થવાનો માર્ગ તો કોઈ જુદી જાતનો છે. સમજાય છે કાંઈ? પણ એને પહોંચી વળવું એટલો પુરુષાર્થ જોઈએ. આખી દુનિયાને ભૂલીને એકલાને યાદ કરવો.

મુમુક્ષુ :- ... યાદ કરવું

ઉત્તર :- ઈ એક જ ક્રિયા છે. આહા..હા..! બધું ભૂલીને એકને યાદ કરવું અંદરમાંથી. પોતાને ભૂલીને બધાને જાણવાને યાદ રાખ્યો અનંતવાર. સમજાણું કાંઈ? અહીં તો દેવ-ગુરુ એમ કહે, ભાઈ! તું અમારી સામું જોઈને બેઠો હો કલ્યાણ નહિ થાય તને. આહા..હા..! એય..! અને અમને માનીને બેઠો હોય, તોપણ તારું કલ્યાણ નહિ થાય. કારણ કે અમને માનવામાં તો તને રાગ છે, પરદ્રવ્ય છીએ અમે. અમે તો તારાથી જુદું પરદ્રવ્ય છીએ અને પરદ્રવ્ય તરફના લક્ષમાં રાગને તો દુર્ગતિ અમે તને કહીએ છીએ. આહા..! તારી ગતિ બદલી ગઈ, ભાઈ! આહા..હા..! એય..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જિનપતિ, જિનદેવ તીર્થંકરદેવ એની વાતું તો જુદી જગતથી. આહા..હા..! એક તો સાંભળવા મળે નહિ અને સાંભળવા આવે તો ઘડ બેસે નહિ એને. આ શું કહે છે? કાંઈ સોંઘો માર્ગ? એક ઓલો આવ્યો હતોને તારે. રજનીનો ભગત છે સ્થાનકવાસી. મારા ગાંડા તે પણ .. મુર્ખાઈના ગામ જુદા હોય? ગામદીઠ મુર્ખા ભરેલા છે.

મુમુક્ષુ :- ગાંડાના ગામ નોખા ન હોય.

ઉત્તર :- નોખા ન હોય. આહા..હા..!

મુમુક્ષુ :- અત્યારે ગામમાં રહેનારા બધાય ગાંડા છે.

ઉત્તર :- માર્ગ બહુ આકરો કહે. કાંઈ સહેલો કરોને સહેલો. સહેલો જ માર્ગ છે. આહા..હા..! ઓલું બતાવેને જરી આમ કરો ને આમ કરો. નાગા થઈ જાય, .. બોલે. આહા..હા..! હવે તો સરકાર તરફથી કાયદો નીકળ્યો છે કે જો નાગો થાય તો ત્રણ મહિનાનો દંડ. આવ્યું છે. છાપામાં આવ્યું છે. આ રજનીશનું. અને સાંઈબાબા આવ્યા હતાને રાજકોટમાં? બહુ તિરસ્કાર કર્યો લોકોએ. આર્યસમાજે બહુ તિરસ્કાર. આખી સડકો ઉપર અનાદર એના. વિરોધ... વિરોધ... વિરોધ... વિરોધ... ભાગી ગયો. સાડા ચારે આવ્યો રાતે વયો ગયો. એકાદ-બે ચમત્કાર ખોટા બતાવ્યા. કોકને માનેલાને. હવે ધૂળ પેંડામાં શું હતું? મૂર્ખાઈના ઘર તે કાંઈ જુદા હશે? આહા..હા..! લખ્યું હતું એવું આર્યસમાજે. પહેલા બે વર્ષ પહેલા આવવાનો હતો. લખ્યું હતું કે અહીં આવ. જે તું કર જાદુગરી એ બધી તારી જાદુગરી અમે કરશું. આમાં પણ લખ્યું હતું ચોખ્ખું. છાપામાં આવ્યું છે આજે. ૩૦મી તારીખે આવ્યાને?

મુમુક્ષુ :- કે.લાલથી વધારે...

ઉત્તર :- કે.લાલથી વધારે તું નથી બસ. છાપામાં હતું. કે.લાલ જે જાદુગર છે ઈ જાતનો તું છો. એય..! પણ વાણિયા પણ મૂઢ જેવા. કાંઈ ભિખારા દરબાર પણ સારા હોય મારા. વાણિયા પણ મોટા મૂર્ખના ગામ. આહા..હા..! માથા ફોડે જ્યાં ત્યાં.

અહીં તો ત્રણ લોકનો નાથ વીતરાગ એમ કહે છે કે અમે પણ તને તારી દઈએ એવી અમારામાં તાકાત નથી. આહા..હા..! ભાઈ! જ્યાં સુધી અમારા છેને આપણે પંચાસ્તિકાયમાં ૧૭૦ ગાથા? તીર્થંકર એમ કહે કે જ્યાં સુધી અમારી શ્રદ્ધા ઉપર તારું લક્ષ છે, અમારા કહેલા નવ તત્ત્વ ઉપર તારું લક્ષ છે, આગમની શ્રદ્ધા ભગવાનના કહેલા, એ પરદ્રવ્યની શ્રદ્ધાનો રાગ ત્યાં સુધી મુક્તિ તને નથી. આહા..હા..! આ માર્ગ ક્યાં લોકોને બિચારને ક્યાં રખડે છે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આપો. એ તો એમ વીતરાગ કહે કે હું છદ્મસ્થપણે જ્યારે મુનિ હતો અને મને આહાર કોઈ વહોરાવે તો એને શુભભાવ .. નહિ થાય. આહા..હા..! મને આહાર વહોરાવે. છદ્મસ્થ તો આહાર લેને. એ એમ પરમાત્મા કહે કેવળજ્ઞાન થયા પછી. ... કે અમને આહાર વહોરાવનારને કોઈ એમ કહે કે એને સંસાર પરિત થઈ જાય, નાશ થઈ જાય. તો અમે ના પાડીએ છીએ. આહા..હા..! એ વાત ચાલી હતી ૭૭માં. તમારા કપુરભાઈ નહિ? નહિ આ તમારા ભાઈઓ છેને? બચુભાઈના બાપના બાપ દાદા. ૭૭માં વાત થઈ કે જુઓ આમાં લખ્યું છે ભગવતીમાં. પરિત સંસાર કર્યો દાન આપ્યુંને.

મુમુક્ષુ :- .. ના પાડે

ઉત્તર :- .. ના પાડે. ૭૭માં. છે કે નહિ બચુભાઈ? તમારા દાદાની વાત ચાલે છે હોં.

મુમુક્ષુ :- એના દાદા પડછંદ હતાને.

ઉત્તર :- અગ્રેસર હતાને. સ્થાનકવાસીમાં ત્યાં મોઢા આગળ. વહોરવા ગયા હતા એને ઘરે. ... ૭૭ની વાત છે. ૭૭ની વાત છે. ... આ પરિત સંસાર આહાર-પાણી માટે કર્યો. અરેરે..! અત્યારે શું કર્યું? .. શ્વેતાંબર શાસ્ત્રમાં. પરિત સંસાર કર્યો. બાપા! આહાર દેવાની ક્રિયા પરદ્રવ્યને એમાં સંસાર પરિત ન થાય. પરિત એટલે સમજ્યા? થોડો. થોડો કર્યો. ૭૭માં ચર્ચા થઈ હતી. એક તમારે ઓલો હતોને ભાઈ નહિ માસી. કપુરભાઈ. ઈ કહેતા. ... ૭૭ની વાત છે. ૫૨ વર્ષ થયા. આહા..હા..!

અરે..! ભાઈ! પણ ઈ ત્રણ લોકના નાથને પણ આહાર આપે છે. ભગવાન તો એમ કહે કે તારો ભાવ રાગ મંદનો શુભ છે, પણ એમાંથી સંવર-નિર્જરા થઈ જાય. એ વાતમાં અમારા માર્ગમાં માલ નથી. અજ્ઞાનીઓ ભલે કહે. આહા..હા..! એય..! ચંદુભાઈ! થાયને

... એઠું ખાયને ... આપણું તો કલ્યાણ થઈ જશે. ધૂળેય નથી સાંભળને. આવું ભારે! કહો, પોપટભાઈ! આવો માર્ગ છે.

કહે છે '**કર્મ જ તેના કર્તાને પોતાના ફળ સાથે...**' રાગ કર્યો હતો પહેલો. એનું પુણ્ય બંધાણું અને એ પુણ્યને લઈને સામગ્રી મળી. પણ એ સામગ્રી એમ કહેતી નથી કે મને ભોગવ. બળજોરીથી કહેતી હશે? તારા પુણ્ય છે આ હાથે કર્યા અને આ હાથે ભોગવવા. આહા..હા..! ૭૭. એ પણ ૭૭ની વાત છે ઘણું કરીને. અહીં આવ્યા હતાને ૭૭માં. દામનગરથી ભાવનગર જાવું હતું. ૭૭ની વાત છે. ચારિત્ર આત્મા. એ ચારિત્ર.. એમ બોલ્યા. આ જુઓ શાસ્ત્રમાં પુણ્યથી આમ કહેવાય. પુણ્યની સામગ્રી પુણ્ય ફળ એ તો પુણ્યને લઈને સામગ્રી મળે, પણ સામગ્રીને ભોગવવાનું માને એ મૂઢ છે. .. ૭૭ની વાત છે. ચારિત્ર હતાને ત્યારે .. આવ્યા હતા તો. ત્યારે તમે આ .. સાધુપણાની ક્રિયા એવી કરીને. ઉભા હતા ત્યાં. .. કરતા નીકળે તું પુરુષયોગને અને ...ને પુણ્ય કહ્યું છે. કીધું એ ભગવાનના શાસ્ત્રમાં નહિ. એ શ્વેતાંબરના શાસ્ત્ર. રતિ, ... છેને બધું જાણ્યું હતું તો ખરુંને. બધી ખબર છે. ખોટી વાત છે. આહા..હા..! પણ પુણ્ય આવે એને તો ભોગવવા પડે. પણ ભોગવવાનો ભાવ કરવો એ અજ્ઞાન છે. એય..! ઈ જાણે કે આ બધા ખા થઈને બેઠા છીએને. આ જુઓ આવ્યા. ... એને ભોગવવાનો ભાવ કરવો એ જ પાપ છે. માર્ગ આ છે. કોઈની સિફારિશ ત્યાં કામ કરે નહિ. આહા..હા..! અરે..! પણ ક્યાં પડી છે જગતને રખડવા આડે.

કહે છે '**કર્મ જ...**' એમ શબ્દ છેને? '**यत् किल**' છેને? તે ખરેખર '**તેના કર્તાને પોતાના ફળ સાથે બળજોરીથી જોડતું નથી (કે તું મારા ફળને ભોગવ),...**' પુણ્યને લઈને પૈસા આવ્યા બે, પાંચ કરોડ સ્ત્રી, કુટુંબ બધું. ઈ એમ કહે છે ઈ અમને ભોગવ? '**फललिप्सुः एव हि कुर्वाणः कर्मणः यत् फलं प्राप्नोति**' '**ફળની ઈચ્છાવાળો જ...**' કર્મનું ફળ એટલે રંજિત પરિણામ. રાગમાં રંગાઈ ગયો. આ ભોગવવામાં રાગમાં રંગાઈ ગયો. અથવા સુખરંજિત પરિણામ. રાગવાળો. ઉત્પન્ન કરનાર .. ભોગવ. આહા..હા..! '**ફળની ઈચ્છાવાળો જ કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે;...**' એટલે? જ્યારે રાગ કર્યો ત્યારે જ એ કર્તા થઈને ફળની ઈચ્છા રાખનારો હતો. આહા..હા..! '**ફળની ઈચ્છાવાળો જ કર્મ કરતો થકો...**' જોયું? રાગ કરે ત્યારે જ એની ભાવનામાં છે કે આવું ફળ મને મળો. આહા..હા..! અજ્ઞાનીને રાગ કરે ત્યારે જ એની ભાવનામાં એમ હતું. આનું ફળ આવે પૈસા, આબરૂ, કુટુંબ, દેવ. આહા..હા..!

એ '**કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે;...**' કર્મના ફળને એટલે રાગભાવને. રંજિત. રાગમાં રંગાયેલા ભાવને પામે છે. એ રાગ કરવાને કાળથી જે ગયું છે એને જ એના ફળની અભિલાષા છે અને એને જ સંયોગમાં એના રાગનો રંગ ચડી જાય છે. સમજાણું

કાંઈ? રાગે રંગાય જાય છે. આહા..હા..! આ લાકડામાં નથી ચડાવતા ઓલા સંઘાડીયા શું કહેવાય? સંઘેડા નાખેને બે બાજુ ઓલા. એ ઓલો લાકડાનો .. હા એ તો જોયું છેને બધું. .. મેં તો એક ફેરી અમારે ઓલી આપણે આંકણી કહેવાયને આંકણી? ... જુઓ સરખી સુંવાળી એ કહેતા. અને અહીં બાજુ જરી લાલ હોય અને વચ્ચે કાળી. માથે લઈને મોટી ગોળ સુંવાળી. એ .. ગયા હતા. ... રંગ લાગી ગયો લાકડાને. એમ અજ્ઞાનીને રાગ કરવા ટાણે કર્તાપણાના ફળને ભોગવવાની ઈચ્છાવાળો જ જ્યારે સામગ્રી આવે ત્યારે રંગ લાગ્યો રાગનો. આહા..હા..! સમજાણું કાંઈ? લાકડા સાથે એવો રંગ કે પછી ઉના પાણીમાં નાખો તોપણ એ ખસે નહિ. એવો કઠણ. આહા..હા..! આવી વાત તો ભારે કઠણ બાપુ માણસને. દૂધમાં પણ રાખવું અને દહીંમાં પણ રાખવું. આ પણ માર્ગ છે અને બીજો પણ માર્ગ છે. એમ ન ચાલે ભાઈ! રખડવાના રસ્તા બંધ નહિ થાય. આહા..હા..! અરે..! ઈ સમજણમાં તે લે વાતને.

કહે છે '**ફળની ઈચ્છાવાળો જ કર્મ કરતો થકો કર્મના ફળને પામે છે;...**' એટલે રાગરૂપી રંગાઈ જાય ત્યાં એમ કહેવું છે. કર્તાપણે રાગને કર્યો એને જ કર્મના ફળ તરીકે એ સામગ્રીમાં રાગનો રંગ લાગી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે જ્ઞાનરૂપે રહેતો...**' પણ ધર્મી તો જ્ઞાન એટલે જાણનાર-દેખનારરૂપે રહેતો '**અને...**' '**तद्-अपास्त-रागरचनः**' '**જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે એવો...**' આહા..હા..! રાગની રચના જ જેણે દૂર કરી છે. રચવું એ મારા સ્વરૂપમાં જ નથી. આહા..હા..! તો એને .. કાળે રાગનો રંગ થઈ જાય એમ બને નહિ. આહા..હા..! ચક્રવર્તી પદ પામે છી, તીર્થંકરપદ પામે છે. એ શુભરાગ હતો પણ કર્તાબુદ્ધિએ નહોતો. તેના ફળ વખતે ભોગવવામાં અભિલાષ નથી. જ્ઞાતા-દષ્ટા મારી ચીજ, જાણવા-દેખવાની ક્રિયા એ મારી ચીજ અને એ મારો ધર્મ અને એમાં હું. રાગ અને એમાં હું નહિ. આહા..હા..! અહીં તો હજી બાયડી, છોકરા અને દેવ-ગુરુ-શાસ્ત્ર. પરમાં હું અને પરને લઈને હું. ઘણી ભ્રમબુદ્ધિ. સમજાણું કાંઈ?

'**જેણે કર્મ પ્રત્યે રાગની રચના દૂર કરી છે એવો મુનિ,...**' નામ સમ્યગ્દષ્ટિ. રાગને રચું એવી દષ્ટિ જ દૂર થઈ ગઈ છે. આહા..હા..! રાગની કર્તાપણાની બુદ્ધિ જ જેને ધર્મની નાશ થઈ ગઈ છે. ચોથે ગુણસ્થાને ભલે ગૃહસ્થાશ્રમમાં હોય એ કર્તા થઈને તો આનંદ અને જ્ઞાનની પરિણતિરૂપે પરિણમે છે. એને રાગની રચનારૂપે થાય એવું બને નહિ ભાઈ! આહા..હા..! દેખાય એમ દુનિયામાં બહાર. .. પડે.. દુનિયાની દષ્ટિ તો બહારથી દેખવાની છે. બાહ્યદષ્ટિ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી વાત ક્યાં બેસે? સાંભળવા મળે નહિ .. કરે કોની સાથે? આહા..હા..! અરે..! એમ ને એમ જિંદગીયું અનંત ગઈ. અનંત ગઈ. કહે છે કે અનંતને ટાળવાનો ઉપાય તો ભગવાન પણ એકલો ચૈતન્ય દળ એ રાગવાળો

પણ નહિ, કર્મવાળો પણ નહિ એવી અનેક સમયની પર્યાય જેટલો પણ નહિ. એવું જે તત્ત્વ મહા પ્રભુ એનો આશ્રય લે, એને પડખે જા. તારું કલ્યાણ શરૂ થઈ જશે. એ સિવાય ત્રણ લોકના નાથને પડખે... પરમાત્મપ્રકાશમાં તો એમ પણ કહ્યું છે 'ભવે ભવે પુજ્જીયો.' ભગવાનને તો ભવે-ભવે અનંતભવે ભગવાનની પૂજા કરી. આહા..હા..! સાક્ષાત્ સમવસરણમાં હોં. અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છે. ધર્મની સભા ઈન્દ્રો અને ગણધરો જ્યાં હતા અને જેની વાણી દિવ્યધ્વનિ નીકળતી હતી એમાં એ અનંતવાર જઈ આવ્યો છે. સમજાણું કાંઈ? એ તો એક શુભભાવ થયો, પુણ્ય બાંધ્યું. એમાં અબંધ સ્વભાવને તો બંધ પડ્યો. આકરી વાતું, ભાઈ! બહુ મર્મ ખોલવા જાય તો તો વાત આવી છે. સમજાણું કાંઈ? ઓહો..!

જેને આવ્યું હતુંને સવારમાં નહોતું આવ્યું? સંસાર ક્લેશથી થાક્યા જે હોય. આહા..હા..! ચાર ગતિના ભવના ગતિના દુઃખથી થાક્યા હોય. શેઠાઈ એ ઠીક છે અને ગરીબાઈ એ દુઃખ છે એમ નહિ. શેઠ! શેઠાઈ પણ દુઃખ છે. એ અબજોપતિ બધા દુઃખી જ બિચારે છે, ભિખારા બધા છે. આહા..હા..! મોટા દેવો રાગથી, વિકારથી દુઃખી છે. એને બહારની સામગ્રી આવી છે અને આવી છે. એથી એ સુખ કલ્પે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**कर्मना फळना परित्यागरूप ज जेनो एक स्वभाव छे एवो होवाथी,...**' કેમકે રાગા કર્તાપણે કરીને ફળની ઈચ્છા વિનાનો રાગ થયો અને એને ફળ તરીકે પુણ્ય થઈને બંધ સામગ્રી આવી તો એને કર્મના ફળનો પરિત્યાગ .. એ ફળના અભાવસ્વભાવરૂપ જ જેનો સ્વભાવ છે. એ વખતે તો જાણનાર-દેખનાર ધર્મી રહે છે અને પોતાના આનંદ આગળ રાગનું થવું અને ભોગવવું એ દૂર રહે છે. આહા..હા..! ભારે વ્યાખ્યા આવી. ઓલું એવું બતાવે ઝટ તમારું કલ્યાણ થઈ જાય. આ અમારી ભક્તિ કરો, બસ અમને પકડો કલ્યાણ થશે. ભગવાન કહે અમને પકડો તોપણ કલ્યાણ નહિ થાય. કારણ કે અમે તો પરદ્રવ્ય છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું?

'**तत्-फल-परित्याग-एक-शीलः**' સમ્યગ્દૃષ્ટિનો તો રાગના અભાવસ્વભાવરૂપ થઈ ગયો છે. એ જ એનો એક શીલ સ્વભાવ છે. રાગના અભાવ-સ્વભાવરૂપ થવું એ એનો સ્વભાવ છે. ભોગના રાગપણે અને ભોગના ભાવપણે થવું ઈ એનો સ્વભાવ જ નથી. આહા..હા..! એક વખત શ્રીમદ્ે કહ્યું હતું કે સમકિતની વાત એવી ન થવી જોઈએ કે જે માણસો સાધરણને પણ વાતું કરતા થઈ જાય. આ અલૌકિક વાતું છે ભાઈ આ તો. સમજાણું કાંઈ? એમાં થઈ છે. બાપુ! સમ્યગ્દર્શન એ તો અલૌકિક ચીજ છે. એ કાંઈ બહારથી માનેલી ચીજ છે અમે ભગવાનને માનીએ, તીર્થંકરને માનીએ, અન્યમતિને કુદેવને માનીએ એ તો એકકોર રહી ગયું. પણ સાચા દેવ વીતરાગને માથા કાપીને મૂકીને તો એ ન માને તોપણ કહે છે કે એ સમ્યગ્દર્શન નહિ. સમજાણું કાંઈ? બાપુ! સમ્યગ્દર્શન તો એ ચૈતન્ય પરમાત્મા પોતે એનો

જ્યાં આશ્રય થયો ત્યારે પરનો આશ્રય રહ્યો નહિ ત્યારે સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. એને રાગ કરવા ટાણે કરવું એ ભાવનો તો.. એના ફળ ટાણે ભોગવવાનો ભાવ પણ જ્ઞાનીને હોતો નથી. આહા..હા..!

'**એવો હોવાથી, કર્મ કરતો છતો પણ...**' કરતો એટલે લોકો એમ જાણે છેને. ભાષા એવી વાપરી છે. આમ દેખાય છેને. જુઓ લગન કરે છે, જુઓ આ બાયડી પાસે બેઠો છે, જુઓ ઈ પીરસે છે... અને આ બધું કરે. જુઓ .. બેઠો હશે અહીં. એય..! પોપટભાઈ! '**कर्मणा नो बध्यते**' એ રાગની ક્રિયારૂપે થાય એને કરતો એમ અજ્ઞાની ભાળે છે એ અપેક્ષાએ કર્તા કીધો છે. પણ એને બંધ છે. આહા..હા..! જ્ઞાતા-દ્રષ્ટાના આનંદપણે રહેતો, રાગને રંજન પરિણામ દુઃખરૂપ ભાળતો એને બંધન નથી. બંધન નથી એટલે નિર્જરા થાય છે. આવા જીવને કર્મની નિર્જરા થાય. આમ અપવાસ કરી નાખે નિર્જરા થઈ ગઈ ધૂળ કરીને એમ છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર સુદ-૧૪, સોમવાર, તા. ૧૬-૦૪-૧૯૭૩
કળશ-૧૫૨, ગાથા-૨૨૪ થી ૨૨૭, પ્રવચન-૩૭૦

કળશ છેને? એનો ભાવાર્થ છેને? '**ભાવાર્થ :- કર્મ તો કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી...**' આ શબ્દ. ભગવાન આચાર્ય એમ કહેવા માગે છે કે રાગ જે કર્યો હોય એનું જે બંધન થાય અને એની જે સામગ્રી આદિ ફળ મળે તો એ સામગ્રી કાંઈ પરાણે કહેતી નથી કે તું મને ભોગવ. સમજાય છે કાંઈ? નિર્જરા અધિકાર છેને? જ્ઞાનીને રાગનું કર્તૃત્વ હોઈ શકતું જ નથી એમ કહે. અને તેથી તેને રાગના ફળરૂપે સંયોગ મળે એને એ ભોગવતો નથી. આહા..હા..! એકતાબુદ્ધિ નથીને. ઝીણી વાત છે, ભાઈ! નિર્જરા એટલે જેને સમ્યગ્દર્શનમાં ચૈતન્યના એકપણાના આનંદનો સ્વાદ આવ્યો છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન એટલે... સવારમાં આવ્યું હતું પૂર્ણ અભેદ ચૈતન્ય સત્તા પદાર્થ તેનો આશ્રય કરીને જે અનંત ગુણનું શક્તિરૂપ સત્ત્વ છે. તેની વ્યક્તતા સમ્યગ્દર્શનમાં અનંતગુણની વ્યક્ત અંશે પ્રગટ થાય

છે. એથી ધર્મીને પૂર્વનું બંધાયેલું કર્મ એને સામગ્રી મળે પણ ઈ કાંઈ એમ કહેતું નથી કે અમને તું ભોગવ. જ્ઞાની એને ભોગવતો જ નથી.

સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના આનંદ સ્વાદના સ્વભાવને ચાખતો, અનુભવતો એ રાગનું વેદન અને સામગ્રીનું વેદન એને હોતું જ નથી. આહા..હા..! એમ કહે છે. અજ્ઞાનપણે બંધાયેલું કર્મ એ ભાન થયું આત્માનું. ચાહે તો તિર્યંચમાં હો, ચાહે તો નારકીમાં હો, દેવમાં હોય, ..માં પણ આત્મા અંદર વિકલ્પથી રહિત જે ધર્મની પહેલી શરૂઆત અંતરના અભેદ ચૈતન્યને આશ્રયે જે આનંદનો સ્વાદ આવ્યો એમાં પ્રતીતિ થઈ કે આ તો આખો આત્મા આનંદ અને શુદ્ધસ્વરૂપ જ છે. એવા ધર્મી જીવને '**કર્મ તો કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી...**' જે રાગનો કર્તા થાય એના ફળ તરીકે મળતા પુણ્યાદિના સંયોગો એને આસક્તિથી ભોગવ. કેમકે કર્તા છે એ ભોક્તા થાય. જરી ઝીણી વાત છે, ભાઈ!

ભગવાન આત્મા સમ્યગ્દર્શન થતાં એ રાગનો કર્તા થતો જ નથી. આહા..હા..! રાગ હોય છે, પણ રાગનું કર્તૃત્વ કરવાલાયક છે એવી દૃષ્ટિ હોતી નથી. 'કરે કર્મ સો હી કરતારા જો જાણે સો જાનન હારા.' રાગના ભાવને, પુણ્યના ભાવને, શુભના ભાવને, ..ના ભાવને કરે કર્તા 'કરે કર્મ સોહી કર તારા' ઈ અજ્ઞાની રાગનો કર્તા તે એને કર્તાનું ફળ વિકારનું દુઃખ એને અનુભવવું પડે છે. 'જો જાણે સો જાનનહારા' આ બનારસીદાસમાં છે. અમૃત ચંદ્રાચાર્યના કળશમાં આ .. છે. ધર્મી તો જાણનહાર છે. આહા..હા..! હોય છે રાગાદિ. પણ એ રાગનું કર્તૃત્વ છે અને એ મારું સ્વરૂપ છે એમ સમ્યગ્દૃષ્ટિને હોતું નથી. સમજાણું કાંઈ?

તેથી કહે છે '**કર્મ તો કર્તાને જબરદસ્તીથી પોતાના ફળ સાથે જોડતું નથી પરંતુ જે કર્મને કરતો થકો તેના ફળની ઈચ્છા કરે...**' ધર્મીને રાગ કરવું છે અને રાગનું ફળ જોઈએ એ હોતું નથી. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે અલૌકિક ચીજ. જે અનંતકાળમાં એ પ્રાપ્ત કરી નથી. એ સિવાય બધું કર્યું ઘણું એને. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો એ કાંઈ પાપ કરીને જાય? અને જેટલા ભવ કર્યા નરકના એથી અસંખ્ય ગુણા તો સ્વર્ગના ભવ કર્યા છે. અનંતા તો ત્રણેના. મનુષ્યના પણ અનંતા, પણ એ કરતા નરકના અસંખ્ય ગુણા અનંતા ભવ કર્યા છે એણે. ભગવાને ચાર ગતિનો સરવાળો કર્યો છે. એક મનુષ્યનો ભવ અસંખ્ય નારકીના. એક મનુષ્યનો અસંખ્ય નારકીના અહીં અનંત મનુષ્યના અસંખ્ય ગુણા અનંતા નારકીના. એથી અસંખ્યગુણા સ્વર્ગના. એક નરકના અને અસંખ્ય દેવના. બીજો નરકના અસંખ્ય... એમ અસંખ્ય ગુણા અનંતા. એવા પુણ્યના ભાવને એણે અનંતવાર કર્યા, પણ પુણ્યને કર્તૃત્વ સ્વીકાર્યું ત્યાં એણે આત્માને સ્વીકાર્યો નહિ.

આત્મા જ્ઞાતા ચૈતન્યમૂર્તિ એ રાગનો કર્તા નહિ પણ રાગનો સ્વમાં રહીને જાણનારો

એ છે. એવી દશાને એણે પ્રગટ ન કરી. સમજાણું કાંઈ? આકરું ભાઈ! જેમાંથી ભવનો અભાવ ન થાય એ ચીજની કિંમત કાંઈ વીતરાગમાર્ગમાં નથી. અહીંયાં તો કહે છે કે '**કર્મને કરતો થકો તેના ફળની ઈચ્છા કરે તે જ તેનું ફળ પામે છે.**' રાગ કર્તા એ રાગ કરવા જેવો છે એમ જે મિથ્યાદૃષ્ટિ માને છે. એને રાગના ફળ તરીકે સામગ્રી આદિ મળે અને એના ફળને એ ભોગવે વિકારને.

'**માટે જે જ્ઞાનરૂપે વર્તે છે...**' આવ્યું હવે. પણ ધર્મી તો હું એક ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો પુંજ છું. સર્વજ્ઞ સ્વભાવી મારું સ્વરૂપ જ અનાદિ એ છે. એમ જ્યાં સર્વજ્ઞ સ્વભાવીને ભગવાન આત્મને જ્યાં અનુભવ્યો એ જ્ઞાનમાં જ .. વર્તે છે. આહા..હા..! રાગ અંદર હોવા છતાં એનું વર્તન રાગમાં એકત્વબુદ્ધિએ નથી. આહા..હા..! આ વાતને. કેમકે રાગ છે એ આસ્રવ તત્ત્વ છે. ભગવાન આત્મ જ્ઞાનતત્ત્વ છે, જ્ઞાયકભાવ છે એવું જ્યાં જ્ઞાનમાં વર્તન દૃષ્ટિ થઈ એ જ્ઞાનરૂપે વર્તે છે. એ રાગ વિના કર્મ કરે છે. આહા..હા..! એને રાગનો પ્રેમ નથી અને રાગ આવે છે. ઝીણી વાત છે, ભગવાન! તારો માર્ગ તો એવો અલૌકિક છે. એને કોઈ દિ' મારો કરીને સાંભળ્યો નથી.

કહે છે ધર્મી તો જ્ઞાનરૂપે વર્તે છે. સમ્યગ્દર્શનથી માંડીને ધર્મ જેને પ્રગટ્યો આનંદનો સ્વાદ આવ્યો. આહા..હા..! એ ચોથાવાળા, પાંચવાળા મુનિ છઠ્ઠા સાચા સંત જેને આત્મા આનંદનો સ્વાદ ઉગ્ર આવે છે. ઈ જ્ઞાનમાં વર્તે છે કહે. એટલે પોતાનો શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વભાવ એમાં એની દૃષ્ટિ જ્ઞાન અને વર્તન એમાં એનું હોય છે. રાગ વિના જ કર્મ કરે છે. આહા..હા..! દેહાદિની ક્રિયા તો જડની એને કારણે થાય જડથી, પણ અંદર રાગ આવે એ પ્રેમ વિના રાગ આવે છે કહે છે. સમજાણું કાંઈ? અને રાગ વિના કર્મ રાગનું કાર્ય એ રાગ વિના કરે છે. ધર્મચંદભાઈ! બહુ માર્ગ બાપા! આહા..હા..! 'ધાર તલવારની સોહ્યલી દોહ્યલી ચૌદમા જિનતણી ચરણસેવા' ચૌદમા જિન એટલે વીતરાગ અને વીતરાગ એટલે આત્મા. એની અંતર.. જે પહેલા કરવું છે એ કર્યું નહિ, પણ કર્યું ત્યારે .. જ્ઞાનમાં વર્તે છે. ચાહે તો છ ખંડના રાજમાં દેખાય સમ્યગ્દૃષ્ટિ. અરે..! હજાર યોજનના મોટા મચ્છ થાય અઢી દ્વીપ બહાર. ચોથા ગુણસ્થાન, પાંચમું ગુણસ્થાન હોય, અસંખ્યાતા હોય છે. પાંચમા ગુણસ્થાનવાળા ચોથા તિર્યંચ હજાર યોજનનું શરીર. આહા..હા..! મોઢું આમ ફાડે ત્યાં માછલા મોઢામાં આવે. વળી બહાર નીકળી જાય. એને અંદરમાં સમ્યગ્દર્શનમાં અનુભવમાં ભાન છે એથી એ આ ક્રિયા બહારની થાય એમાં એ વર્તતો જ નથી. આહા..હા..! કેમકે જડ શરીરના રજકણો એનો જે સ્વકાળ જે પર્યાયનો એનો હોય છે એ કાળે એની અવસ્થા એની પરમાણુની થાય. આત્મા શું કરે એને? અજ્ઞાની માને છે કે મારી ઉપસ્થિતિમાં શરીરની ક્રિયા થાય છે. જ્ઞાની એ ક્રિયાને પ્રેમ વિના જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ વિના એટલે પ્રેમ

વિના. આહા..હા..!

કર્મ કરે છે એટલે લોકો જાણેને? આ રાગ કરે છે, આ રાગ થયો. થયો બાપુ! પણ એને પ્રેમ નથી અંદર ભાઈ! રાગમાં દુઃખ છે. આત્માનો આનંદ જેણે સમ્યગ્દર્શનમાં જેણે આનંદનો અનુભવ થયો એ આનંદના સ્વાદ આગળ ચાહે તો શુભરાગ હોય દુઃખ લાગે છે. કેમકે આનંદના અમૃતના સ્વાદથી એની જાત જુદી છે. જેને પરમાત્મા કુંદકુંદાચાર્ય દ્વારા કહ્યું એમાં ભાઈ! શુભરાગ છે એ તો ઝેર છે. આહા..હા..! સાંખ્યા જાય નહિ, સાંભળ્યા જાય નહિ. શેઠ! ભાઈ! તારી ચીજ એવી છે, બાપુ! આ આનંદનો નાથ પૂર્ણાનંદ પ્રભુ એ સચ્ચિદાનંદ આત્મા. સત્ નામ કાયમ રહેનારો, ચિદ્ નામ જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ છે. એવી સમ્યગ્દૃષ્ટિને જ્યાં અંતરની દૃષ્ટિનું ભાન થયું એમાં અનંતાગુણનો એને પર્યાયમાં વ્યક્ત અંશનો સ્વાદ આવ્યો. આહા..હા..! એને લઈને રાગ વિના એનું કાર્ય થાય છે કહે. સમજાય છે કાંઈ?

'**એવો મુનિ કર્મથી બંધાતો નથી.**' મુનિ એટલે સમકિતી છે અહીં. ધર્મી છે. કળશટીકાકારે તો મુનિ એટલે જાણનાર સમકિતી. આ કળશટીકા છેને ભાઈ આની? આ કળશટીકા છે. બહુ સારી ટીકા ઘણી. ૧૫૨. જુઓ, '**तत् मुनिः कर्मणा नो बध्यते**' આ શ્લોકનો અર્થ છે. મુનિ શબ્દે શુદ્ધ સ્વરૂપ અનુભવે બિરાજમાન સમ્યગ્દૃષ્ટિ જીવ. આહા..હા..! આ કળશટીકા છેને? રાજમલની ટીકા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કરેલું તો એનું છે. ઈ તો શબ્દો ગુજરાતી થયા. હિન્દી એનું કરેલું છેને? હિન્દીનું ગુજરાતી છે એમ. હિન્દી છે આપણે એનું કરેલું. છેને આ હિન્દી? લાવોને. ભેટ આવ્યું હતું સુરતથી ઓલા એના શું કહેવાય? જૈન.. ઢુંઢારી ભાષા, પૌરાણિક જૂની ભાષા બહુ. એટલે આ ગુજરાતી કર્યું. હિન્દી છે. ૧૫૨ કળશ છે. રાજમલ થઈ ગયા છે. ભેટ આવ્યું છે અહીં.

'**कर्म तत्फलपरित्यागैकशीलो मुनिः**' ઈ શ્લોક. '**तत् मुनिः कर्मणा नो बध्यते**' '**तत्**' કહેતા '**તે કારણથી...**' '**मुनिः**' કહેતા '**શુદ્ધસ્વરૂપ-અનુભવે બિરાજમાન સમ્યગ્દૃષ્ટિ જીવ...**' એ મુનિ સમ્યગ્દર્શન એટલે શું ચીજ છે લોકોને એની ખબર નથી. અહીં તો શુદ્ધ સ્વરૂપનો અનુભવ બિરાજમાન સમ્યગ્દૃષ્ટિ એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. અશુદ્ધપણે પરિણમન ઈ એનું છે જ નહિ. આહા..હા..! એ વ્યવહાર જેટલો અશુભ આવે એનો જાણેલો પ્રયોજવાન. જાણવામાં આવે કે આ છે બસ એટલું. જુઓને કેટલી ટીકા કરી છે! '**मुनिः**' કહેતા '**શુદ્ધસ્વરૂપ-અનુભવે બિરાજમાન...**' અતીન્દ્રિય આનંદનો અનુભવ જેને વર્તે છે અને શુદ્ધ સ્વરૂપનું જેને પ્રગટપણે પર્યાયમાં શુદ્ધનું વેદન છે. આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ જીવ. '**कर्मणा**' કહેતા

'**જ્ઞાનાવરણાદિ કર્મથી...**' '**નો બધ્યતે**' '**બંધાતો નથી.**' આહા..હા..!

'**હિ કર્મ કુર્વાણઃ અપિ**' '**નિશ્ચયથી...**' કર્મ કહેતા '**કર્મ વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયાને...**' '**કુર્વાણઃ અપિ**' કરે તે દેખાય છે એમ. તથાપિ '**ભોગવે છે તોપણ કર્મજનિત સામગ્રીમાં આત્મબુદ્ધિ જાણીને રંજિતપરિણામનો...**' '**પરિત્યાગ**' હવે '**સર્વથા પ્રકારે ત્યાગ...**' '**સર્વથા પ્રકારે સ્વીકાર છૂટી ગયો છે...**' રાગના પરિણામનો સમકિતીને સર્વથા સ્વીકાર છૂટી ગયો છે. ભારે આકરી વાત! કળશટીકા છે હોં બહુ સારી. રાજમલ પંડિત થઈ ગયા. એ જ અહીં કહ્યું. '**કર્મથી બંધાતો નથી.**' ઓહો..હો..! એક અસ્થિરતાનું થોડું બંધ છે એની અહીં ગણતરી ગણી નથી. કેમકે આત્મા પરમાનંદની મૂર્તિ એવો શુદ્ધ ચૈતન્ય આનંદદળ એ અતીન્દ્રિય આનંદનું દળ છે. અતીન્દ્રિય જ્ઞાનના સ્વભાવનો એ સાગર છે. એનો જ્યાં એને અનુભવ વર્તે છે એ અનુભવ શુદ્ધનો અનુભવ વર્તે એ બિરાજમાન સમ્યગ્દૃષ્ટિ. સમજાય છે કાંઈ?

'**તેને કર્મના ફળની ઈચ્છા નથી.**' આહા..હા..! રાગમાં પ્રેમથી વર્તતો નથી તેથી તેના ફળની પણ એને ઈચ્છા નથી. આમ છે. સમજાણું કાંઈ? એવા ધર્મી જીવને નિર્જરા થાય છે એમ કહે છે. એ આત્માના આનંદના સ્વાદ આગળ ધર્મીને રાગનો સ્વાદ આકુળિત અને દુઃખ લાગે છે. ચાહે તો શુભ હોય. 'રાગ આગ દાહ દહે સદા' આવે છેને? દહે સદા. છ ઢાળામાં આવે છે. રાગ ચાહે તો શુભ હોય કે અશુભ હોય. 'રાગ આગ દાહ દહે સદા તાતૈ સમામૃત સેઈએ' એથી ધર્મીએ સમતાભાવરૂપી વીતરાગભાવના અમૃતનું સેવન કરવું. સમજાય છે કાંઈ? આ અનુભવમાં કાંઈક શરીર, વાણી, સ્ત્રીનું શરીર એ કાંઈ અનુભવમાં આવતું નથી. એ તો જડ છે. જડનો અનુભવ આત્માને શું હોય? ફક્ત તેના પ્રત્યેના પ્રેમથી જે રાગાદિ ઉત્પન્ન થાય કે પ્રતિકૂળતાનું લક્ષ કરીને દ્વેષ ઉત્પન્ન થાય એ રાગ ને દ્વેષને અજ્ઞાની અનુભવે છે. ન અનુભવે પરને, ન અનુભવે સ્વને. અજ્ઞાની અનાદિથી એણે આ કર્યું છે. રજકણ તો રૂપી છે. ભગવાન આત્મા તો અરૂપી છે. એ રજકણને અડે પણ નહિ જ્યાં. આહા..હા..! એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અત્યંત અભાવ. એ પરને કેમ ભોગવે? સ્ત્રીનું શરીર કોઈ ભોગવે એમ કહે ત્રણ કાળમાં નહિ. એના પ્રત્યેનો પ્રેમ થઈને જે રાગ થાય છે એને અજ્ઞાની રાગને પ્રેમથી ભોગવે. ઝેરને અમૃત માનીને અનુભવે છે. ધર્મીને જ્ઞાનના ભાનમાં વર્તતો હોવાથી એને રાગનો ભાવ હોવા છતાં તેના પ્રેમથી તેને કરતો નથી અને પ્રેમથી તેને ભોગવતો નથી. આહા..હા..! મારી જાત જ આનંદ અને જ્ઞાનની એનાથી વિરુદ્ધ વિકલ્પની દિશા રાગની એનો એણે ધર્મીને પ્રેમ હોય કેમ? એક મ્યાનમાં બે તલવાર રહે નહિ. રાગનો પણ પ્રેમ રહે અને આત્માનો પણ પ્રેમ રહે એમ બની શકે નહિ. એ નિર્જરાની ગાથામાં આવી ગયું ભાઈ! ..માં.

આત્મામાં રતિ કર, પ્રભુ! આહા..હા..! પ્રીતિ કર, રતિ કર, સંતોષ થા, કલ્યાણ એટલું અંદર છે. કલ્યાણ સ્વરૂપ ભગવાન આત્મા છે, ભાઈ! અરેરે..! આવા અનંત ભવ કરતા-કરતાં એને આવ્યું હતુંને ઓલામાં? નિયમસારમાં નહિ? સંસાર ક્લેશથી ફાટેલા પુતળા. સંસારનો ક્લેશ એ પુણ્ય અને પાપનો ભાવ એ સંસાર છે. એના ક્લેશથી થાકેલા ચિત્તવાળા જીવ એને સહજ વૈરાગ્યથી આત્મામાં એનું ઢલણ અને વલણ હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન! તારા હિતની વાત છે, ભાઈ!

કહે છે જ્ઞાનરૂપે વર્તે એનું કર્મ રાગ વિનાનું હોય છે. આહા..હા..! એવો ધર્મી '**કર્મથી બંધાતો નથી. કારણ કે તેને કર્મના ફળની ઈચ્છા નથી.**' આહા..! બીજાઓ કહે છે કે આસક્તિ ન કરવી અને કર્મ કરવું અને કર્મનું ફળ ન ઈચ્છવું. અન્યમતમાં ઈ કહે છે. એમ નથી. એ બધી વાત ખોટી છે. કેમકે કરવું એ જ મિથ્યાત્વભાવ છે. હું પરને કરી શકું એ માન્યતા જ મિથ્યાત્વ છે અને કરવું અને આસક્તિ ન કરવી મોટો .. ચાલે છે. આસક્તિ ન કરવી, આસક્તિનું ફળ ન ઈચ્છવું, પણ જે જેને શરીરાદિ જડની ક્રિયાનો કર્તા બને છે તેને મિથ્યાત્વની જ આસક્તિ છે. ..ભાઈ! શું આ બધા સુધરેલ હોયને તમારે લ્યો આપણે કામ તો કરવા, આસક્તિ ન કરવી.

મુમુક્ષુ :- નિષ્કામ.

ઉત્તર :- નિષ્કામ. નિષ્કામ કરવું. ભગવાન કહે છે બાપુ! તને ખબર નથી. પરના કામ કરી શકતો જ નથી જરાય. અરે..! અહીં તો એથી આગળ લઈને રાગનું કાર્ય કરતો નથી. કારણ કે એ આસ્રવ છે. અજીવ આ તત્ત્વ છે શરીર, વાણી અજીવ. એનું કેમ કરે અજીવનું? એમ આસ્રવનું કેમ કરે? જે જ્ઞાયકભાવ ચૈતન્ય દૃષ્ટિમાં આવ્યો એ રાગને કેમ કરે? જેને એ દૃષ્ટિમાં નથી આવ્યો એ આસ્રવને કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એટલે આસક્તિ નથી અને કરવું એ માર્ગમાં છે જ નહિ. આ તમારે જે આવ્યું હોય બધું કાર્યકર્તાઓને.

મુમુક્ષુ :- કરવું હોય તો તો પછી આભાસ જ હોયને.

ઉત્તર :- હા, એવો ... એવા તો ઘણા અહીં તો આવે છેને ઓલા? ત્યાં પણ આવ્યા હતાને ભાઈ હમણા? કેવા? .. ઓલા કાંપમાં રહેને મોટું ઘર. ઘનશ્યામભાઈ. ઘનશ્યામભાઈ આવ્યા હતા. હમણા અમે ગયા હતાને પોર .. વ્યાખ્યાન થઈ ગયું પછી આવ્યા હતા. મહારાજ! તમારા ગામના જન્મનો છું. ગામમાં જન્મ, ઉમરાળામાં જન્મ. અહીં કાંપમાં છેને ઘનશ્યામભાઈ. તે દિ' એની કાંઈક હતી ... ચુંટણીનું પરિણામ હતું. પહેલા આવ્યા અને પછી પાછળ વરઘોડો કાઢ્યો મોટો. કાંઈ ખબર ન મળે. ઈ જાણે આ કાંઈક કરીએ. આસક્તિ વિના જગતમાં ..

મુમુક્ષુ :- બીજાની સેવા કરેને.

ઉત્તર :- ધૂળ સેવા કરતો નથી. આ વીતરાગમાર્ગ બાપા જુદી જાત છે. સમજાણું કાંઈ?

અહીં ઈ કહે છે કે કેમકે કર્મના ફળની ઈચ્છા ધર્મીને હોતી નથી. રાગ આવ્યો એની ભાવના નથી. બહારમાં તો ચૈતન્ય સ્વભાવની એકાગ્રતાની હોય છે. આહા..હા..! છતાં જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન થાય એને વ્યવહારરૂપી રાગ આવે, પણ એની એકતા ન કરે. એને ભિન્ન રાખીને જાણે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! આ તો દુનિયાથી વીતરાગ સંતોના માર્ગ તો તદ્દન જુદી જાતના છે. આહા..હા..! કહે છે કે ઈ કર્મના ફળની ઈચ્છા જ નથી ધર્મીને. રાગ ઝેર છે એમ માને છે. શુભ હોય તો અગ્નિ છે. રાગ આગ છે એ તો. આહા..હા..! આવે ખરો પૂર્ણ વીતરાગ ન થાય તો આત્માનું ભાન થયું છતાં અનુભવ આનંદનો આવ્યો છતાં રાગ આવે ખરો. પણ એ રાગને આગ જાણે છે. એ પોતાની શાંતિને મદદ કરે એમ જાણતો નથી. આહા..હા..! આવો મોટો ફેર. કહો, ગીરધરભાઈ!

ગાથા-૨૨૪ થી ૨૨૭

पुरिसो जह को वि इहं वित्तिणिमित्तं तु सेवदे रायं।
तो सो वि देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२४।।
एमेव जीवपुरिसो कम्मरंय सेवदे सुहणिमित्तं।
तो सो वि देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।।२२५।।
जह पुण सो च्चिय पुरिसो वित्तिणिमित्तं ण सेवदे रायं।
तो सो ण देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२६।।
एमेव सम्मदिट्ठी विसयत्थं सेवदे ण कम्मरयं।
तो सो ण देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२७।।

पुरुषो यथा कोऽपीह वृत्तिनिमित्तं तु सेवते राजानम्।
तत्सोऽपि ददाति राजा विविधान् भोगान् सुखोत्पादकान्।।२२४।।
एवमेव जीवपुरुषः कर्मरजः सेवते सुखनिमित्तम्।
तत्तदपि ददाति कर्म विविधान् भोगान् सुखोत्पादकान्।।२२५।।

यथा पुनः स एव पुरुषो वृत्तिनिमित्तं न सेवते राजानम्।
तत्सोऽपि न ददाति राजा विविधान् भोगान् सुखोत्पादकान्।।२२६।।
एवमेव सम्यग्दृष्टिः विषयार्थं सेवते न कर्मरजः।
तत्तन्न ददाति कर्म विविधान् भोगान् सुखोत्पादकान्।।२२७।।

यथा कश्चित्पुरुषो फलार्थं राजानं सेवते ततः स राजा तस्य फलं ददाति, तथा जीवः फलार्थं कर्म सेवते ततस्तत्कर्म तस्य फलं ददाति। यथा च स एव पुरुष फलार्थं राजानं न सेवते ततः स राजा तस्य फलं न ददाति, तथा सम्यग्दृष्टिः फलार्थं कर्म न सेवते ततस्तत्कर्म तस्य फलं न ददातीति तात्पर्यम्।

હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :-

જયમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.
ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.
વળી તે જ નર જયમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.
સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી.૨૨૭.

ગાથાર્થ :- [यथा] જેમ [इह] આ જગતમાં [कः अपि पुरुषः] કોઈ પુરુષ [वृत्तिनिमित्तं तु] આજીવિકા અર્થે [राजानम्] રાજાને [सेवते] સેવે છે [तो] તો [सः राजा अपि] તે રાજા પણ તેને [सुखोत्पादकान्] સુખ ઉત્પન્ન કરનારા [विविधान्] અનેક પ્રકારના [भोगान्] ભોગો [ददाति] આપે છે, [एवम् एव] તેવી જ રીતે [जीवपुरुषः] જીવપુરુષ [सुखनिमित्तम्] સુખ અર્થે [कर्मरजः] કર્મરજને [सेवते] સેવે છે [तद्] તો [तत् कर्म अपि] તે કર્મ પણ તેને [सुखोत्पादकान्] સુખ ઉત્પન્ન કરનારા [विविधान्] અનેક પ્રકારના [भोगान्] ભોગો [ददाति] આપે છે.

[पुनः] વળી [यथा] જેમ [सः एव पुरुषः] તે જ પુરુષ [वृत्तिनिमित्तं] આજીવિકા અર્થે [राजानम्] રાજાને [न सेवते] નથી સેવતો [तद्] તો [सः राजा अपि] તે રાજા પણ તેને [सुखोत्पादकान्] સુખ ઉત્પન્ન કરનારા [विविधान्] અનેક પ્રકારના [भोगान्] ભોગો [न ददाति] નથી આપતો, [एवम् एव] તેવી જ રીતે [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [विषयार्थं] વિષય અર્થે [कर्मरजः] કર્મરજને [न सेवते] નથી સેવતો [तद्] તો (અર્થાત્ તેથી) [तत् कर्म] તે કર્મ

પણ તેને [सुखोत्पादकान्] સુખ ઉત્પન્ન કરનારા [विविधान्] અનેક પ્રકારના [भोगान्] ભોગો [न ददाति] નથી આપતું.

ટીકા :- જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાને સેવે છે તો તે રાજા તેને ફળ આપે છે, તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે તો તે કર્મ તેને ફળ આપે છે. વળી જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા તેને ફળ નથી આપતો, તેમ સમ્યગ્દષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો તો (અર્થાત્ તેથી) તે કર્મ તેને ફળ નથી આપતું. એમ તાત્પર્ય (અર્થાત્ કહેવાનો આશય) છે.

ભાવાર્થ :- અહીં એક આશય તો આ પ્રમાણે છે :- અજ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવે છે તેથી તે કર્મ તેને (વર્તમાનમાં) રંજિત પરિણામ આપે છે. જ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવતો નથી તેથી તે કર્મ તેને રંજિત પરિણામ ઉત્પન્ન કરતું નથી.

ગાથા-૨૨૪ થી ૨૨૭ ઉપર પ્રવચન

'હવે આ અર્થને દૃષ્ટાંતથી દૃઢ કરે છે :-' ગાથા-૨૨૪.

पुरिसो जह को वि इहं वित्तिणिमित्तं तु सेवदे रायं।
तो सो वि देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२४।।
एमेव जीवपुरिसो कम्मरंय सेवदे सुहणिमित्तं।
तो सो वि देदि कम्मो विविहे भोगे सुहुप्पाए।।२२५।।
जह पुण सो च्चिय पुरिसो वित्तिणिमित्तं ण सेवदे रायं।
तो सो ण देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२६।।
एमेव सम्मदिट्ठी विसयत्थं सेवदे ण कम्मरयं।
तो सो ण देदि राया विविहे भोगे सुहुप्पाए।।२२७।।

ओहो..हो..! नीचे हरिगीत.

જયમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ૨૨૪.

ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ૨૨૫.
વળી તે જ નર જયમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ૨૨૬.
સુષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નથી,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતાં નથી.૨૨૭.

એની '**ટીકા :- જેમ કોઈ પુરુષ ફળ અર્થે રાજાને સેવે છે...**' એટલે રાજાની સેવા કરે અને અમને કાંઈક બક્ષીસ આપે, પૈસા આપે, ગામ આપે એવા ભાવે સેવા કરે છે. '**તો તે રાજા તેને ફળ આપે છે,...**' એ પ્રમાણે આપે. આવી ભાવનાથી કરે એને આપે. '**તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે...**' રાગના પુણ્યભાવમાં એનું ફળ મને અનુકૂળ મળજો એવે અર્થે પુણ્યને કરે '**તો તે કર્મ તેને ફળ આપે છે.**' એવી સામગ્રી એને મળે અને રાગનો રંગાયેલો ભાવ થાય. આહા..હા..! આ પારસી હતાને ભાઈ દિવાન? જામનગર. દીવાન હતા. .. વ્યાખ્યાનમાં આવ્યા હતા. બિચારા વ્યાખ્યાનમાં તો આવેને બધા? એનો દીકરો અને બધા આવ્યા હતા. તો એક ફેરી દરબારે એનો પગાર સાતસોનો કે હજારનો હતો મહિનાનો. એનો બારસો કરી નાખ્યો દરબારે. આ દિગ્વીજય. ગુજરી ગયા. એને બારસોનો લખ્યો ઓલામાં. વાંચ્યું. કોણે કર્યો આ બારસોનો પગાર? દરબાર સાહેબે કર્યો છે. દરબાર પાસે ગયા પોતે દીવાન. સાહેબ! આ શું કર્યું? મારો પગાર તો હજારનો છે એના બારસો કોણે કર્યા? પણ કોઈ વખતે રાજનું કામ મારી પાસે કરાવું છે? એમ આશા છે? ચોખ્ખો માણસ પારસી હતો. રાજનું કોઈ કામ કરાવવું છે માટે આ બરસ્સો વધાર્યો? ના એવું નહિ. મારો જે પગાર છે એટલું જ કરીશ. હું તો જે કાયદા પ્રમાણે રાજનું કામ હશે હું તો એ પ્રમાણે કરીશ. કાઢી નાખો આ. એય..!

આપણે પંડિત નહિ ભાઈ આ ગોપાલદાસ બારૈયા. જૈનસિદ્ધાંત પ્રવેશિકા. નોકરી જેમાં હતી એ પગાર આપતા. પણ એના શેઠે એના નામનો .. કર્યો હશે ધંધો. આઠ-દસ હજાર રૂપિયા આવ્યા. ચોપડામાં જોવે તો પંડિતને નામે જમે. આ પૈસા ક્યાંથી આવ્યા? કોણે લખ્યા છે આ? શેઠે કહ્યું માટે. શેઠ પાસે ગયા. કેમ છો શેઠ? આ પૈસા આટલા કેમ લખ્યા? આઠ-દસ હજાર કોને નામે આવ્યા છે? કે તમારા નામનો મેં .. કર્યો છે એમાં મળ્યા છે. ખોટ જાત તો? મને કહેવું હતુંને કે ભાઈ તારા નામના કર્યા. ખોટ ગઈ. કાઢી નાખ. આવા શેઠની નોકરી નહિ. કહ્યું છે આમાં. ગોપાલદાસે. એને રાગનું કરવું અને રાગના ફળનું ઈચ્છવું બે હોતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અમે તો નિયમથી .. રીત પ્રમાણે કામ્યા છીએ. રાજનું કામ હોય તો કહો. અમે અમારી રીતિને નહિ ચુકીએ એવા માણસો લૌકિક પણ

સઙ્ઘન હોય છેને? આ લોકોત્તર સઙ્ઘન ભગવાન આત્મા સમકિતી. અમારા આત્માના આનંદના સ્વાદ આગળ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય છે. કેમકે અનંતગુણમાંથી દરેક ગુણનો અંશ પ્રગટ્યો એમાં વીર્ય પણ એ રીતે પ્રગટ્યું, શાંતિ પ્રગટી, સ્વચ્છતા પ્રગટી. પરમેશ્વર નામનો આત્મામાં ગુણ છે એમાંથી પરમેશ્વરતાની એક પર્યાયનો અંશ પરમેશ્વરપણું પ્રગટ્યું. આહા..હા..! સમ્યગ્દર્શન શું બાપુ ચીજ છે? અને એ વિના બધે થોથે થોથા છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન વિનાના જ્ઞાન પણ અજ્ઞાન, સમ્યગ્દર્શન વિનાના વ્રત અને તપ એ બાળ વ્રત અને બાળ તપ ભગવાને કીધા છે. આની કિંમતું ન મળે અને જગતને બહારની કિંમત.

કહે છે '**કોઈ પુરુષ ફળ અર્થે રાજાને સેવે છે...**' એના હોય છેને શું કહેવાય ઈ બધા? ખવા ગોલા પૈસા આપે. થાળ આપે. સારે-નરસે થાળ ભાઈ આપે. ... કરે. એને નોકરી ઓછી આપે. પણ ઓલું આપે એટલે હા એ હા માખણને બધા બસ. એ ફળને આપે. '**તેમ જીવ ફળ અર્થે કર્મને સેવે છે...**' એ રાગના પરિણામને મારા માનીને સેવે અને એનું ફળ ઈચ્છે. આનાથી કાંઈક ફળ મને મળશે. એ રાગ થયો તો મને આત્મામાં લાભ થશે અને રાગ થયો તો બહારનો લાભ થશે. સમજાણું કાંઈ? એવી જેને મિથ્યાદૃષ્ટિને ઈચ્છા છે ઈ તો '**ફળ અર્થે કર્મને સેવે છે...**' આહા..હા..! એ રાગ આવ્યો શુભ તો એનામાં એમ કે મને શાંતિ મળશે આમાં. એ મિથ્યાદૃષ્ટિનું આ ફળ માગે છે રાગનું અને કાં રાગ થયો સારી સામગ્રી મળશે અને પછી આપણને સાંભળવાનું મળે, એમાંથી લાભ થાશે. આહા..હા..! ઈ કર્મને સેવે છે. ફળ અર્થે સેવે છે. રાજનું કાંઈક લાભરૂપી ફળ આવશે. જ્ઞાની રાગના ફળને અને રાગમાં કર્તૃત્વને સ્વીકારતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? 'કરે કર્મ સો હી કરતારા.' એ કર્તા-કર્મમાં આવી ગયું છે. 'જો જાણે સો જાણનહારા, કર્તા સો જાણે નહિ કોઈ, જાણે સો કર્તા નહિ હોઈ' ઈ કર્તા-કર્મમાં આવી ગયું છે. આહા..હા..!

જે કોઈ રાગરહિત ભગવાન આત્માને જાણે, અનુભવે અને સમકિત હોય તે જીવ રાગનો કર્તા ન થાય, પણ રાગનો જાણનાર ભિન્ન રહીને જાણનાર રહે. અજ્ઞાની રાગનો કર્તા થાય તે સ્વભાવને ભૂલી જાય. આહા..હા..! સમજાય છે કાંઈ? 'કર્તા સો જાણે નહિ કોઈ.' એ વિકલ્પનો કર્તા થાય તો એ જ્ઞાતા આત્મા છે એને ન જાણી શકે. એ જ્ઞાતા-દૃષ્ટાપણે નહિ રહી શકે અને જે રાગનું ફળ માગે એ પણ જ્ઞાતા-દૃષ્ટાપણે રહી શકે નહિ. ધર્મીને રાગ પણ જોતો નથી અને રાગનું ફળ પણ જોતું નથી. આહા..હા..! રાગને આગ જેવી દેખે ઈ. આરે..! આ તે કાંઈ વાત છે? વીતરાગ માર્ગ છે, બાપા! વીતરાગ રાગ વિનાનો .. સ્વભાવ એમાં એ રાગનો ભાગ તો ધર્મીને આગ જેવો લાગે. અજ્ઞાની એને લાભમાં ખતવે. આ દૃષ્ટિનો ... છે. લાભમાં ખતવે તે મિથ્યાદૃષ્ટિ છે, આગમાં જાણે તે સમકિતી પરથી ભિન્ન રાખીને

જાણે છે. ભારે આકરું કામ. કહો, જયંતિભાઈ! આ ઝટ મળી જાય એમ નથી કોઈના ઓલાથી. આ ... કૃપા થઈ જાય અને આવી જાય. ભગવાન ના પાડે છે. ભગવાન કહે કે તારી કૃપા તને થાય તો મળે. આહા..હા..! હું તને એમ કહું વીતરાગ કહે છે. મારી સામું જોવાથી તો તને રાગ થશે, ભાઈ! અને રાગથી તારા ચૈતન્યને લાભ નહિ થાય. જુઓ, વીતરાગમાર્ગ! એ રાગ વિનાની ચીજ જે છે એને જેણે અંતર જાણી અને અનુભવી એને રાગની ક્રિયાનો કર્તા થતો નથી અને રાગનું ફળ અનુકૂળ મળશે અને સેવશે એ એને હોતું નથી. આહા..હા..!

'**જીવ ફળ અર્થે કર્મને સેવે છે તો તે કર્મ તેને ફળ આપે છે. વળી જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા તેને ફળ નથી આપતો,...**' સારે ટાણે લગન ટાણે, દાડા ટાણે મોકલે ઈ નહિ આપે એને. જે કાંઈ પગાર હશે ઈ આપશે. આ નહિ આપે. માખણ ચોપડતો નથી. '**જેમ તે જ પુરુષ ફળ અર્થે રાજાને નથી સેવતો તો તે રાજા તેને ફળ નથી આપતો, તેમ સમ્યગ્દૃષ્ટિ...**' આહા..હા..! જેની સમ્યક્ નામ સાચી દૃષ્ટિ ત્રિકાળ શુદ્ધ આનંદની પ્રગટી છે. આહા..હા..! ધર્મનો સ્વભાવ શુદ્ધ અને આનંદ એવી દશા જેને અંતરથી સમ્યક્માં પ્રગટી છે. એ '**સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો...**' રાગને પ્રેમ અર્થે સેવતો નથી અને રાજમાંથી કાંઈક ફળ મને લાભનું મળે કાં બહારની સામગ્રી મળે તેથી મને લાભ થાય. ભાઈ! ત્યાં સામગ્રી મળે તેથી લાભ થાય. ભગવાનની વાણી સાંભળવા મળશેને તેથી લાભ થાય. આહા..હા..! ઈ અજ્ઞાની .. કરે છે અંદર. એથી એને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. અને સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો. જે રાગાદિ આવે પણ એનું ફળ મને અહીં લાભ મળે સ્વભાવમાં અને એ રાગથી પુણ્ય બંધાય બહાર સામગ્રી મળે તેથી મને લાભ થાય એમ માનતો નથી. આહા..હા..! એમ વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ આવું. આવો માર્ગ. વીતરાગના .. ભગવાનના મુખથી નીકળેલી આ વાત છે. એ કુંદકુંદાચાર્ય જગતની પાસે મૂકે છે. બાપુ! માર્ગ આવો છે. આહા..હા..!

કહે છે '**સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો તો (અર્થાત્ તેથી) તે કર્મ તેને ફળ નથી આપતું...**' એટલે એને સામગ્રી હોય છતાં એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે એને જાણે છે. આહા..હા..! ભારે આકરી વાતું! ધર્મીને તો આત્માની શુદ્ધતાની ભાવના હોય છે. એ રાગ હોય છે એની ભાવના હોતી નથી. રાગની ભાવના તો મિથ્યાત્વભાવ છે. રોગ છે. આહા..હા..! રોગ મટે અને રોગને ઉપચાર કરીએ અને દુનિયા જોવા આવે આપણને એમ ઈચ્છતો હશે કોઈ?

મુમુક્ષુ :- સગાવ્હાલા જોવા આવેને.

ઉત્તર :- સગાવ્હાલા જોવા રોગ થાય તો જોવા આવે લ્યો. આહા..હા..! એક કોક કહેતું હતું કે આ .. કરડેને ત્યારે ખાંડ આપે આપણને. ખાંડ.. ઈ તો મળે આપણને. ..

સમજો છો? નાનો સર્પ. સોજા બહુ ચડ્યા સોજા. દામનગરમાં હતો એક છોકરો. પડ્યો તો સોજા આખા શરીરમાં. નાની ઉમંરનો હતો. તે દિ' એને ખાંડ આપી. ખાંડ અને ઘી ખવરાવે. પણ એને એમ કે આપણને ખાંડ અને ઘી કે દિ' મળે? ખાજો આ પડકું કરડે અને જોવા આવે લોકો એમ કહે? .. હોય? મૂર્ખાઈ કહેવાય. આહા..હા..! એમ પરમાત્મા એમ ફરમાવે કે જેને આ આત્મા પરમાનંદનો નાથ પરમાત્મસ્વરૂપ જ પ્રભુ આત્મા છે. 'જિન સોહી હૈ આત્મા' એ આત્માની જેને દૃષ્ટિ સમ્યક્ અનુભવ થયો એ રાગને ઈચ્છતો નથી, રાગને ઈચ્છીને કરતો નથી, રાગના ફળને ભાવતો નથી. આહા..હા..! અભિલષતો નથી. એને પૂર્વનું રાગ આવે એ નિર્જરી જાય છે. એને નિર્જરા થાય છે. નિર્જરા અધિકાર છેને. સમયસાર તો જગતનું ભરતક્ષેત્રનું ઓહો..હો..! નેત્ર છે. આહા..હા..!

સંતોએ કેવળીના .. ચલાવીને વસ્તુની જે સ્થિતિ હતી એને મૂકી છે બહાર. બાપુ! માર્ગ તો ભાઈ તારે માટે હિતનો તો આ, સ્વનો આશ્રય કરવો ઈ છે. અને સ્વનો આશ્રય જેણે કર્યો એ પરના આશ્રયમાં લાભ માને નહિ એમ કહે છે. કહો, પ્રેમચંદભાઈ! બહુ વાતું પણ. તો દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ કાંઈ ન મળે? કહો, જયંતિભાઈ! એ તો પરદ્રવ્ય છે. આહા..હા..! મોક્ષ અધિકારમાં તો એ કહ્યું મોક્ષપાહુડમાં. **'परदव्वादो दुग्गइ'** એમ પાઠ છે. ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, ભાઈ! **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।'** આ બે વાત, બે ટૂકડા. જેટલો સ્વદ્રવ્ય ત્રિકાળ ભગવાન આત્મા એનો આશ્રય લઈને જે પરિણતિ થાય એ વીતરાગી પરિણતિ એને સુગતિ કહીએ. એનું ગમન પરિણમન ઠીક પરિણમ્યું એમ. અને પરદ્રવ્યના લક્ષે તો રાગ જ થાય. ચાહે તો ત્રણ લોકનો નાથ સમવસરણમાં બિરાજતા હોય એના ઉપર નજર જાય તો રાગ જ થાય. પરદ્રવ્ય છેને? આહા..હા..! **'परदव्वादो दुग्गइ'** એ રાગ છે તે દુર્ગતિ છે. એ આત્માની ગતિ નથી.

મુમુક્ષુ :- સારી ગતિ દુર્ગતિ?

ઉત્તર :- ચારેય ગતિ તો દુર્ગતિ પણ આ તો રાગ પોતે દુર્ગતિ. એના સ્વભાવનું પરિણમન એ સુગતિ. રાગનું પરિણમન એ દુર્ગતિ. સમજાણું કાંઈ? આ અંદર બેસવું લોકોને કઠણ ભારેને. બીજે રસ્તે ચડી ગયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મધ્યસ્થ હોય તો બરાબર બેસી જાય એને. આહા..હા..! માર્ગ તો આવો છે, બાપુ! કોઈએ કરેલો છે નહિ. એવો છે. હતો એવો ભગવાને જાણ્યો અને જાણ્યો એવો કહ્યો. કર્યો છે એણે? પરનો માર્ગ કર્યો છે? પોતે પોતાનું કર્યું છે. આહા..હા..! પોતાની પરિણતિ અશુદ્ધ ટાળીને શુદ્ધતા કરી અને પૂર્ણ શુદ્ધતા વખતે પૂર્ણ અશુદ્ધતા ટળી એ એણે કર્યું. દુનિયાને માટે કાંઈ કર્યું ભગવાને એમ છે નહિ. આહા..હા..! વાણી નીકળી એ તો

વાણીને કારણે. એ વાણીના કર્તા પણ પરમાત્મા નથી. આહા..હા..! વાણી તો જડ છે. અનંત રજકણનો પિંડનો ધ્વનિ ઉઠે છે. એ આત્મા કર્તા એનો કેમ હોય? આહા..હા..!

મુમુક્ષુ :- આપ બોલો છો.

ઉત્તર :- કોણ બોલે આમાં? બોલે ઈ બીજો. આહા..હા..! ભગવાન આત્માથી બોલે ઈ બીજી જાત. આકરું કામ ભાઈ! એ સત્યનું શરણ લેવું અને અસત્યનું શરણ છોડવું. મહા સંસાર કટ થઈ જાય છે ત્યાં. આહા..હા..! સમ્યગ્દર્શન થતાં સંસાર કટ થઈ જાય છે. અલ્પ સંસાર રહ્યો. આહા..હા..! રાગનો ભાગ થોડો રહે છે ઈ સંસાર છે. એ સ્વરૂપની સ્થિરતા દ્વારા એ સંસાર ટાળીને કેવળજ્ઞાન લેશે. જેને સમ્યગ્દર્શન થયું એને આ લીધે છૂટકો. બીજ ઉગી એને પૂનમ થયે છૂટકો. એમ બોધિ બીજ જેને સમ્યગ્દર્શન થયું બીજ ઉગી. બીજ થઈ બીજ. એને કેવળજ્ઞાનરૂપી પૂનમની પૂર્ણતા પ્રગટ્યા વિના રહે જ નહિ. કેમકે સ્વના આશ્રયથી લાભ છે એમ માન્યું છે એ પૂર્ણ સ્વનો આશ્રય લઈને કેવળજ્ઞાન લેશે. પરને આશ્રયથી, વ્યવહારથી કેવળજ્ઞાન લેશે અને વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ છે નહિ. આહા..હા..! ભારે આકરી વાત.

કહે છે '**સમ્યગ્દૃષ્ટિ ફળ અર્થે કર્મને નથી સેવતો...**' કર્મ એટલે રાગ. રાગરૂપી ભાવને મારાપણે માનતો નથી એટલે કરતો નથી અને તેના ફળ કાંઈક મળે ઠીક એવી સમ્યગ્દૃષ્ટિને અભિલાષા હોતી નથી. આહા..હા..! એ તો રાગથી પૃથક્ કરવાની ભાવનાવાળો છે. પૃથક્ તો થઈ ગઈ છે, પણ હજી પણ બાકી જે રાગ છે એને અંતરમાં સ્થિરતા દ્વારા પૃથક્ કરીને છોડવા માગે છે. એ જ્ઞાનીની ભાવના હોય છે. એને નિર્જરા થાય છે. એ કાંઈ વાતે વળે એવું નથી. અંદરમાં ભાવમાં એ હોવું જોઈએ. ભાવ ભગવાન, ભાવભાસન જેને કહે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં ટોડરમલજી. ભાવનું ભાસવું. આ ભાવ આ જાતનો છે... આ ભાવ આ જાતનો છે... એવું ભાસ જ્ઞાન થવું જોઈએ.

ભગવાન આત્મા પૂર્ણ દ્રવ્ય સ્વભાવ જે અખંડ અભેદ એને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન એ બધા ભાવને પૂર્ણને જાણે, પોતાની વર્તમાન અવસ્થા શુદ્ધ થઈ એને જાણે, અશુદ્ધતા બાકી રહી એને જાણે, પણ એને પોતાનો માનીને એના ફળની ઈચ્છા જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! આમ તો છ ખંડના રાજમાં દેખાય. સોગાનીએ કહ્યું છેને કે ચક્રવર્તી છ ખંડ સાધે છે. ભગવાન કહે છે કે એ અખંડ સાધે છે. છ ખંડ નહિ અખંડ. સમ્યગ્દૃષ્ટિ છેને. ઓલા કહે છ ખંડ સાધે છે. ત્યારે અહીં અંતરમાં અખંડ એકરૂપ આત્મા એને સાધે છે ઈ. આહા..હા..! દુનિયાની દૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિમાં મોટો ફેર છે. એના માપના ગજ જુદી જાતના છે. સમજાણું કાંઈ? જ્યાં આત્માનું સમ્યક્ દર્શન નથી, શુદ્ધ ચૈતન્યનો જ્યાં સ્વીકાર અને વેદન નથી. ત્યાં આગળ ગમે તેટલી ક્રિયાકાંડ એની વ્રત, તપાદિ હોય. આહા..હા..!

આવે છે અંદર. એ અજ્ઞાનરૂપી પાડો એને ગળી જાય છે. આહા..હા..! '**તે કર્મ તેને ફળ નથી આપતું. એમ તાત્પર્ય (અર્થાત્ કહેવાનો આશય) છે.**' આહા..હા..!

'**ભાવાર્થ :- અહીં એક આશય તો આ પ્રમાણે છે :-**' જયચંદ પંડિત. જયપુરના થઈ ગયા. એણે આ અર્થ કર્યો છે. '**અજ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવે છે તેથી તે કર્મ તેને (વર્તમાનમાં) રંજિત પરિણામ આપે છે.**' આ જરી સમજવા જેવી વાત છે. અજ્ઞાની એટલે જેને આત્માનું જ્ઞાન નથી, આત્માનું સમકિત નથી, આત્માના આનંદના સ્વાદને જોયો, જાણ્યો, અનુભવ્યો નથી. એવો જે '**અજ્ઞાની વિષયસુખ અર્થે...**' એટલે વિષયસુખને માટે રંગાયેલા રાગ પરિણામ અર્થે એને ભવિષ્યમાં રાગનો રંગ આવશે જ. એવા '**પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવે છે...**' આહા..હા..! મિથ્યાદૃષ્ટિને રાગનો રંગ લાગ્યો છે કહે છે. એથી એને ફળ વર્તમાન પણ રાગના રંજિત પરિણામ છે અને ભવિષ્યમાં પણ રાગના રંજિત પરિણામ ઉભા થશે. આહા..હા..! '**તેથી તે કર્મ તેને (વર્તમાનમાં) રંજિત પરિણામ આપે છે.**' વર્તમાન રાગમાં રંગાઈ ગયો છે.

'**જ્ઞાની વિષયસુખ અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવતો નથી...**' સુખ જ જ્યાં ભાસ્યું નથી. આહા..હા..! વિષયમાં શું? ઇન્દ્રના ઇન્દ્રાસનમાં પણ સમકિતીને સુખ ભાસ્યું જ નથી. સુખ જો હોય તો આત્માના આનંદમાં એમ ભાસ્યું છે. આહા..હા..! દૃષ્ટિએ સૃષ્ટિ થઈ ગઈ. જેને આત્મામાં સુખ છે. આ દુનિયામાં અતીન્દ્રિય આનંદના સાધન માટે એક જ મારી ચીજ છે. સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે અતીન્દ્રિય મારા સુખના આનંદને માટે સાધન તો દ્રવ્ય સ્વભાવ એક છે. નિમિત્ત નહિ, રાગ નહિ અને પર્યાય પણ નહિ. આહા..હા..! એક જ મારા આનંદને માટે હોય તો એ કારણરૂપ ભગવાન આત્મા છે. એવા આનંદના કારણનો ભાવ એની દૃષ્ટિ ધર્મીને હોય છે. તેથી તે વિષય અર્થે.. સમજાણું કાંઈ? રાગને સેવતો નથી. વિષય સુખ અર્થે એમ લખ્યું છેને? આહા..હા..! એ રાગનો ભાવ પણ દુઃખરૂપ છે એને સેવવાનો ભાવ જ્ઞાનીને કેમ હોય? આહા..હા..! એ અપ્સરા જેવી સ્ત્રીઓ અને કરોડોના મોટા મકાન અને ખમ્મા, ખમ્મા બહારમાં. બાપુ! પણ ત્યાં ક્યાં સુખ હતું? એના ઉપર લક્ષ જતા તો રાગ અને દુઃખ થાય છે. સુખ છે તો ભગવાન આત્મામાં. સમ્યગ્દૃષ્ટિએ તો સુખ જીવમાં માન્યું છે. અજ્ઞાનીએ રાગ ને નિમિત્ત ને સંયોગમાં માન્યું છે. આ મોટી દૃષ્ટિનો ફેર છે. આહા..હા..!

રાગ અને નિમિત્ત જેમાં સુખનું કારણ નથી. એને સુખ માન્યું છે. ઠીક છે. આ મને ઠીક છે. જ્ઞાનીએ સુખના કારણમાં આત્મા જાણ્યો છે કે જેમાં સુખ પડ્યું છે આનંદકંદ પ્રભુ છે. ચોથા ગુણસ્થાનવાળો સમકિતી, શ્રાવક અને મુનિ થવા પહેલા સમ્યગ્દૃષ્ટિ '**જ્ઞાની વિષયસુખ**

અર્થે અર્થાત્ રંજિત પરિણામ અર્થે ઉદયાગત કર્મને સેવતો નથી...' રાગમાં રંગાવા માટે ભોગની અભિલાષથી એને સેવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાની અને સમકિતી ચાહે તો તિર્યંચ હોય, ચાહે તો નારકી હોય, સ્વર્ગનો દેવ હોય, મનુષ્ય '**વિષય સુખ અર્થે...**' એટલે રાગમાં રંગાયેલા માટે અને આમાંથી મને સુખ અનુકૂળ મળશે એવા '**રંજિત પરિણામ...**' રંગાયેલા પરિણામ અર્થે પૂર્વના '**ઉદયાગત કર્મને સેવતો નથી તેથી તે કર્મ તેને રંજિત પરિણામ ઉત્પન્ન કરતું નથી.**' હવે એ સંયોગો એને રાગ ઉત્પન્ન કરાવતા જ નથી. કારણ કે સંયોગમાં તો સુખબુદ્ધિ ઉડી ગઈ છે. આહા..હા..! કોઈ અનુકૂળ ચીજ દેખીને એમાં ઉત્સાહ આવી જાય તો એ મિથ્યાદૃષ્ટિ છે. ઉત્સાહ આવી જા કે આહા..હા..! આહા..હા..! તે સુખ માન્યું આમાં? મિથ્યાબુદ્ધિ છે. આહા..હા..! સુખ તો આત્મામાં છે. એ પર્યાયમાં પણ અંશે છે. એ તો પ્રગટ કરે તો. બાકી તો દ્રવ્યમાં સુખ એકલું ભર્યું છે. એવી જેને સમ્યગ્દૃષ્ટિ સુખબુદ્ધિ થઈ છે. સ્વમાં સુખ છે એવી બુદ્ધિનું જ્ઞાન અને ભાન થયું છે એ વિષયમાં સુખની બુદ્ધિ એને હોતી નથી. આહા..હા..! એ રાગે રંગાતો નથી. સુખની લહેરું કરતો, સુખને સ્વાદતો, સુખના રંગે રંગાયેલો સમકિતી. આહા..હા..! આ તો સમકિત એટલે કાંઈ નહિ. ભગવાનને માનવા અને આ થઈ ગયો ધર્મ. દેવ-ગુરુ-શાત્ર. આહા..હા..! મૂળમાં ભૂલ. આઠ પા શેરીની. પૂરેપૂરી. આહા..હા..! મૂળ ભૂલને સમજ્યા વિના મૂળ એની સમ્યગ્દર્શન પ્રગટ થાય નહિ.

કહે છે ધર્મીને તો વિષય સુખ ઉડી ગયા છે અંદર. આહા..હા..! વિષય સુખનો તો અશુભરાગ છે, પણ શુભરાગમાં પણ જેને સુખબુદ્ધિ ઉડી ગઈ છે અને સુખબુદ્ધિ ન ઉડે તો તો મિથ્યાદૃષ્ટિ છે. આ વસ્તુની સ્થિતિ છે અને જેવી છે એવી ભગવાને વર્ણવી છે, ભગવાને કાંઈ કરી નથી કોકની અને એવું સર્વજ્ઞ પરમાત્મા સિવાય એ વાત બીજે ક્યાંય ત્રણ કાળ ત્રણ લોકમાં ગંધ પણ ન હોય. સમજાણું કાંઈ? શ્રીમદ્માં પણ આવે છે અંતરમાં સુખ છે. બાહ્યમાં સુખ નથી. આવે છેને?

મુમુક્ષુ :- .. આવે છે.

ઉત્તર :- વાત કરે પણ મારા સમજે નહિ. ભાષા.

મુમુક્ષુ :- અંદરમાંથી આવે છે બહારમાંથી નથી આવતું.

ઉત્તર :- અંદરમાંથી શું ચીજ અંદર છે ઈ? એનું સત્ત્વ શું? તત્ત્વ શું? કર્તાપણું...

મુમુક્ષુ :- .. સુખ બહારમાં છે જ નહિ.

ઉત્તર :- છે જ નહિ. ત્રણ કાળમાં પણ શેનું હોય? આહા..હા..! રાગના શુભભાવમાં પણ સુખ નથી. રાગ એ દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ છે એ તો રાગ છે અને દુઃખ છે. આહા..હા..! આત્માના આનંદથી વિપરીત દશા છે એ. તેથી તે વિષયના સુખને અર્થે

જ્ઞાનીને સેવન હોતું નથી. તે જાણે છે કે રાગ છે. પણ એનો કર્તા થતો નથી, તેમાં રંજન પરિણામથી એનો ભોક્તા થતો નથી. આહા..હા..!

લ્યો, '**બીજો આશય આ પ્રમાણે છે :- અજ્ઞાની સુખ (-રાગાદિપરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભ કર્મ કરે છે...**' કારણ કે આત્માના સુખની તો ખબર નથી સમ્યગ્દર્શન વિના. એટલે એની અભિલાષા પરમાં જ રહે કાંઈક. આહા..હા..! '**અજ્ઞાની સુખ (-રાગાદિપરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી...**' ઉંડે-ઉંડે એની અભિલાષા જ ઈ છે મિથ્યાદૃષ્ટિની. કે આ કાંઈક કરું છુંને તો મળશે. એનું સુખ મળશે. ધૂળમાંય સુખ નથી. આહા..હા..! કર્તા-કર્મમાં તો ત્યાં સુધી . લીધું છે કે શુભભાવ પોતે વર્તમાન દુઃખ છે, ભવિષ્યમાં દુઃખનું કારણ છે એમ કહ્યું. આહા..હા..! ભારે આકરું કામ. એટલે? સુખથી પુણ્ય બંધાય અને પુણ્યથી સંયોગો મળે. ચાહે તો ત્રિલોકનાથની વાણી મળે, પણ એ વાણી લક્ષ જશે એટલે રાગ જ થશે તને. શુભ. અને શુભરાગ એ દુઃખ છે. ન બેસે. અનાદિથી બેઠું નથીને. મૂળ મિથ્યાત્વની ગાંઠ જ ગાળવી કેમ એની ખબર નથી. આહા..હા..!

'**અજ્ઞાની સુખ (-રાગાદિપરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભ કર્મ...**' શુભ કાર્ય. વ્રત, નિયમ આદિના કાર્ય શુભ-શુભ. '**તેથી તે કર્મ તેને રાગાદિ પરિણામ ઉત્પન્ન કરનારા આગામી ભોગો આપે છે.**' સામે ઓલો રાજા જેમ સેવા કરે એને આપે. .. થાળ ભરીને. એમ આ પુણ્યના ભાવમાં પ્રેમથી કરે અને પુણ્યનો ભાવ સામગ્રી મળે એમાં એકાકાર થઈ જશે. રાગબુદ્ધિ અને એકત્વબુદ્ધિ કર્યું છે તો એના ફળ તરીકેમાં એકત્વ થઈ જશે કે આ મને સુખ છે. અમે સુખી છીએ, અમને આ ભોગો મળ્યા એમાં આટલી સામગ્રીમાં સુખ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મેં પુણ્ય કર્યા હતાને એના ફળ મળ્યા છે ત્યાં. શેનું ફળ મળે? ધૂળમાં? એ તો જડ છે અને અજ્ઞાનીની બુદ્ધિ પરમાં સુખબુદ્ધિ છે તો આ બધા પૈસા-બૈસા મળ્યા તો સુખી છે... કહો, શેઠ! આ બધા ઘણા પૈસાવાળા કરોડોપતિ બેઠા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. ધૂળેય નથી ત્યાં સાંભળને મારા. અહીં તો ભગવાનની વાણી સાંભળવામાં પણ વિકલ્પ ઉઠે એ આકુળતા છે એમ કહે છે. આવો વીતરાગનો માર્ગ જગતથી સહ્યો જાય નહિ. અને જો સહ્યો થયો ... સંસારથી છૂટો થઈ ગયો. એટલે જ્ઞાનીને વિષયસુખની બુદ્ધિ નથી, અજ્ઞાનીને વિષયની સુખબુદ્ધિ ટળતી નથી. ઈ વ્રત ને તપમાં પણ એને .. આમાંથી કાંઈક ફળશે. કાં આત્મા તરફ લાભ થશે કાં આમ લાભ થાશે. એવી બુદ્ધિવાળાનું

અજ્ઞાન બધા વ્રત, તપ કોળીયો અજ્ઞાન કરી જાય છે. એને નિર્જરા હોતી નથી અને બંધ હોય છે. જ્ઞાનીને નિર્જરા હોય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્લોક-૧૫૬

(शार्दूलविक्रीडित)

त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं
किंत्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।
तस्मितापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।।१५३।।

બીજો આશય આ પ્રમાણે છે :- અજ્ઞાની સુખ (-રાગાદિપરિણામ) ઉત્પન્ન કરનારા આગામી ભોગોની અભિલાષાથી વ્રત, તપ વગેરે શુભ કર્મ કરે છે તેથી તે કર્મ તેને રાગાદિ પરિણામ ઉત્પન્ન કરનારા આગામી ભોગો આપે છે. જ્ઞાનીની બાબતમાં આથી વિપરીત સમજવું.

આ રીતે અજ્ઞાની ફળની વાંછાથી કર્મ કરે છે તેથી તે ફળને પામે છે અને જ્ઞાની ફળની વાંછા વિના કર્મ કરે છે તેથી તે ફળને પામતો નથી.

હવે, 'જેને ફળની વાંછા નથી તે કર્મ શા માટે કરે ?' એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [येन फलं त्यक्तं सः कर्म कुरुते इति वयं न प्रतीमः] જેણે કર્મનું ફળ છોડયું છે તે કર્મ કરે એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી. [किन्तु] પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે - [अस्य अपि कुतः अपि किंचित् अपि तत् कर्म अवशेन आपतेत्] તેને (જ્ઞાનીને) પણ કોઈ કારણે કાંઈક એવું કર્મ અવશપણે (-તેના વશ વિના) આવી પડે છે. [तस्मिन् आपतिते तु] તે આવી પડતાં પણ, [अकम्प-परम-ज्ञानस्वभावे स्थितः ज्ञानी] જે અકંપ

પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની [કર્મ] કર્મ [किं कुरुते अथ किं न कुरुते] કરે છે કે નથી કરતો [इति कः जानाति] તે કોણ જાણે ?

ભાવાર્થ :- જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે છે તોપણ જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન થતો નથી. માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે ? જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે. જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.

અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડીને ઉપરના બધાય જ્ઞાની જ સમજવા. તેમાં, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત સમ્યગ્દૃષ્ટિ અને આહારવિહાર કરતા મુનિઓને બાહ્યક્રિયાકર્મ પ્રવર્તે છે, તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે નિશ્ચયથી તેઓ બાહ્યક્રિયાકર્મના કર્તા નથી, જ્ઞાનના જ કર્તાછે. અંતરંગ મિથ્યાત્વના અભાવથી તથા યથાસંભવ કષાયના અભાવથી તેમના પરિણામ ઉજ્જ્વળ છે. તે ઉજ્જ્વળતાને તેઓ જ (-જ્ઞાનીઓ જ-) જાણે છે, મિથ્યાદૃષ્ટિઓ તે ઉજ્જ્વળતાને જાણતા નથી. મિથ્યાદૃષ્ટિ તો બહિરાત્મા છે, બહારથી જ ભલું બૂરું માને છે; અંતરાત્માની ગતિ બહિરાત્મા શું જાણે ? ૧૫૩.

ચૈત્ર સુદ-૧૫, મંગળવાર, તા. ૧૭-૦૪-૧૯૭૩
કળશ-૧૫૩, પ્રવચન-૩૭૧

નિર્જરા અધિકાર. ૧૫૩ કળશ છેને? એની પહેલી બે લીટી થોડી. '**આ રીતે અજ્ઞાની ફળની વાંછાથી કર્મ કરે છે...**' શું કીધું? અહીં નિર્જરા અધિકાર છેને. જેને આત્માનું સમ્યગ્જ્ઞાન-દર્શન નથી. એટલે કે જેને આત્માનો સ્વાદ આનંદ અમૃતનો અનુભવ નથી. એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એ અજ્ઞાની ફળની વાંછા એને તપ, વ્રત, નિયમ જે કરે એ પુણ્યભાવ. એને ફળની વાંછાથી એને હોય છે ઉંડે. કારણ કે એ આત્મા આનંદ છે એનું ભાન નથી. વેદન તો વિકારનું છે.

મુમુક્ષુ :- ફળની ઈચ્છા વિના જ્ઞાની કરે જ નહિ?

ઉત્તર :- જ્ઞાની નહિ આ તો અજ્ઞાની વાંછાથી કરે છે. જ્ઞાનીને હોય જ નહિ વાંછા. એ પછી. આ ભારે ઝીણું છે, ભાઈ!

'**અજ્ઞાની ફળની વાંછાથી કર્મ કરે છે...**' એમ કહે છે. બંધ અધિકારમાં આવે છેને કર્મ ભોગ નિમિત્તં. કેમકે આત્મા રાગરહિત શુદ્ધ ચૈતન્ય એના આનંદના સ્વાદને તો પામ્યો

નથી. એકલી ક્રિયાકાંડમાં વ્રત ને નિયમ ને તપને કરે છે એથી એને ફળની વાંછા છે ઉંડી. આનું કાંઈ .. મળે અનુકૂળ. ભોગ મળે એનો અર્થ. આત્મા અનુભવ એ તો છે નહિ. સમજાણું કાંઈ? વ્રત ને તપ ને અપવાન ને આદિ જે કરે છે અજ્ઞાની અને એને વાંછા જ એને જે ભાવ્યું છે તેના અનુભવવા માટે કરે છે. આહા..હા..! નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. ત્યાં શાસ્ત્રમાં તો ... બેયના અનંતા પુદ્‌ગલ પરાવર્તન. એક પુદ્‌ગલમાં અનંતી ચોવીસી જાય. આહા..હા..! અને એક ચોવીસીમાં દસ ક્રોડાક્રોડી સાગરોપમ થાય. એક સાગરોપમમાં દસ ક્રોડાક્રોડી પલ્યોપમ થાય, એક પલ્યના અસંખ્યમા ભાગમાં અસંખ્ય અબજ વર્ષ થાય. આહા..હા..!

મુમુક્ષુ :- .. મોટાની વાત છે.

ઉત્તર :- આ તો સાધારણ વાત છે. આ તો હજી અસંખ્યની. અનંતની તો કાંઈ બીજી રીતે છે. આહા..હા..! એવા એક પુદ્‌ગલ પરાવર્તન એટલે જગતના પરમાણુ લઈ અને સંયોગમાં એટલા અવતાર એણે નવમી ગ્રૈવેયકના કર્યા કે અનંતા રજકણો, એ ક્ષેત્ર અનંતવાર આવ્યું, એને સ્વકાળ અવસર્પીણી, .. સમયથી માંડીને બધા સમયો ત્યાં અનંતવાર થયા અને શુભના ભાવ અનંતવાર આવ્યા. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ તો નવમી ગ્રૈવેયક. આહા..હા..! એને ખબર નથી. મૂળ ચીજની અંતર દૃષ્ટિ નથી. એથી એને અજ્ઞાની ફળની જ વાંછા છે. કેમકે અનુભવમાં આનંદ આવ્યો નથી આત્મા. એને અનુભવમાં તો શુભ પરિણામ અને અશુભ પરિણામનો અનુભવ છે. એથી એની અભિલાષા એક આનાથી કાંઈક મને લાભ થશે. શુભભાવથી મને કાંઈક મળશે. પણ એને શું મળશે આમ પછી શાસ્ત્ર ભાષા સાંભળી હોય તો એમ કહે શુભભાવથી મને શુદ્ધતા થશે. પણ એમ નથી. એની ઇચ્છામાં તો જે અનુભવ છે એનો જ એને ભાવ છે. સમજાય છે કાંઈ?

ઈ અહીં કહે છે. '**ફળની વાંછાથી કર્મ કરે છે...**' આહા..હા..! એમાં શુભભાવમાં કંઈક પણ ફળ મળશે મને. એવી ઇચ્છાથી તે કર્મ કરે છે '**તેથી તે ફળને પામે છે...**' ચાર ગતિનું ફળ એને મળે. આહા..હા..! ૩૦૪માં લેખ છે. મિથ્યાદૃષ્ટિની ક્રિયાઓ જે છે એ ક્રિયા સફળ છે એની. પ્રવચનસાર. મિથ્યાદૃષ્ટિ વ્રત, નિયમ, તપ એની ક્રિયા જે છે સફળ છે. સફળ એટલે? જે અવતાર એને ફળ્યા છે ઈ જ એને અવતાર ફળશે. દેવીલાલજી! શ્વેતાંબરમાં પણ એમ છે. વીર્ય અધ્યયનમાં આવ્યું છે. પણ એને ઉંડીઆધી ન મળે વસ્તુની એટલે ત્યાં અટક્યા. આહા..હા..! આવે છેને 'જે અબુદ્ધા મહા ભાગા'

મુમુક્ષુ :- શ્રીમદ્‌માં આવે છે.

ઉત્તર :- શ્રીમદ્‌માં આવે છે. શબ્દ એનો છે. વીર્યઅધ્યયનું અને આપણે આ પ્રવચનનો છે. જે અબુધા મહાભાગા વીરા .. દસિણો.. આ ગાથા છે. જે અબુધા નામ તત્ત્વ જ્ઞાયક

ચૈતન્યમૂર્તિ આનંદ છે એનું તો ભાન નથી. છે મહાભાગ્ય. પુણ્યને લઈને જગતમાં પુજાય. સભામાં. એવો પુણ્યશાળી માણસ છે. 'જે અબુધા...' મિથ્યાદૃષ્ટિ-અજ્ઞાની છે મહાભાગ્ય. પુણ્યને કારણે જગતમાં પુજાય છે. 'વીરા અસમત દંસિણો' તે રાગની મંદતા ક્રિયા કરવામાં વીર છે. શુભભાવના વ્રત, નિયમ કરવામાં વીર છે. પણ 'અસમત દંસિણો' પણ સમ્યગ્દર્શન રહિત છે. શ્રીમદ્માં આવે છે એ. 'અસુદ્ધં તેંસિ...' પ્રવચનસારમાં આવે છે. એનું પરાક્રમ બધો અશુદ્ધ છે. સફળ છે. જે અનાદિકાળથી ગતિ મળી છે ઈ ગતિ એને મળશે. સફળ છે એનો અવતાર. અને 'જે બુધા મહાભાગા' પણ જે આત્મજ્ઞાની છે, ધર્મનું ભાન છે, આત્મા આનંદસ્વરૂપ છે. એનો સ્વાદ અને ભાન થયું છે એ છે બુધા-જ્ઞાની. અને બેય સામે લીધું છે. અને આમ પુણ્યશાળી પણ છે. મહાભાગા. જગત પૂજે, માને. વીરા છે. પુરુષાર્થની જાગૃતિથી કામ અંતરમાં સ્વભાવમાં કરે છે. પણ છે 'વીરા સંમત દંસિણો.'

સમ્યગ્દૃષ્ટિ ઓલામાં સામે-સામે છે. 'સુદ્ધં તેંસિ...' જે આત્માના જ્ઞાયકમાં અંદર એકાગ્રતાની ક્રિયાનું આચરણ કરે છે. શુદ્ધ ક્રિયા કરે છે. .. એનું પરાક્રમ શુદ્ધ છે. .. એના પરાક્રમનું ફળ ગતિ નથી. અફળ છે એમ કહ્યું. અફળ એટલે? ગતિનું ફળ નથી એમ. એવો પાઠ છે પ્રવચનસારમાં. સમજાય છે કાંઈ? આહા..હા..! શું થાય? ભગવાનનો તો ચિદાનંદ આનંદનો નાથ છે એની જ્યાં દૃષ્ટિ અને રુચિ જ નથી. એની બધી વ્રત-નિયમની ક્રિયાઓ બધી મિથ્યાદૃષ્ટિ સહિત કર્મની ફળની વાંછાસહિત છે.

'**તેથી તે ફળને પામે છે.**' ફળ એટલે આ ગતિ. રખડશે. '**અને જ્ઞાની ફળની વાંછા વિના કર્મ કરે છે...**' આહા..હા..! ભાષા તો લોકો બોલે એ પછી સમજાય એવું છે. કર્મ કરતો નથી. એને રાગાદિ આવી જાય છે. એને કર્મ કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! જ્યાં સુધી વીતરાગ નથી. ત્યાં સુધી આત્માના આનંદને સ્વભાવનો આશ્રય હોવા છતાં, અપૂર્ણ આશ્રય છે તેથી એને પરનો આશ્રયવાળો રાગ આવે છે. પણ એ ફળની વાંછા વિના રાગનો આદર નથી, એનું ફળ બંધન એની ઈચ્છા નથી. અબંધ સ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! ભારે ઝીણી વાતું, ભાઈ! '**જ્ઞાની ફળની વાંછા વિના કર્મ કરે છે...**' શબ્દ તો કર્મ કરે. કરતા હોય તો મિથ્યાદૃષ્ટિ છે. પણ એને રાગ થાય છે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વિનય, પૂજા, બહુમાન, પૂજા એવો ભાવ આવે છે. પણ એની વાંછા નથી કે આ મારી ચીજ છે અને આ થાય તો મને કાંઈક લાભ થાઓ. સમજાય છે કાંઈ? આહા..હા..! '**તેથી તે ફળને પામતો નથી.**' એ ગતિ રખડવાના ફળને પામતો નથી. મોક્ષના ફળની અહીં વ્યાખ્યા નથી.

'**હવે, 'જેને ફળની વાંછા નથી...**' તમે કહો છો કે ફળની વાંછા નથી અને રાગ આવે અને રાગ પરિણામે એનું શું કારણ? '**તે કર્મ શા માટે કરે?**'' જેને રાગની ઈચ્છા

જ નથી, ફળની વાંછા જ નથી. તો એને રાગ આવે શું કરવા? અને રાગ પરિણમે શું કરવા એમ કહે છે. કહો, ચંદુભાઈ! આહા..હા..! **'એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :-'** આશંકા હોં. શંકા નહિ. મહારાજ! શું કહો છો તમે? સમજાતું નથી અમને. એનું નામ આશંકા. તમે કહો છો ઈ અમને ખોટું લાગે છે ઈ શંકા. સમજાણું કાંઈ? **'જેને ફળની વાંછા નથી તે કર્મ...'** નામ રાગના ભાવને શા માટે પરિણમે? **'કરે?' એવી આશંકા દૂર કરવાને કાવ્ય કહે છે :-'** ૧૫૩.

(शार्दूलविक्रीडित)

त्यक्तं येन फलं स कर्म कुरुते नेति प्रतीमो वयं
किंत्वस्यापि कुतोऽपि किञ्चिदपि तत्कर्मावशेनापतेत्।
तस्मितापतिते त्वकम्पपरमज्ञानस्वभावे स्थितो
ज्ञानी किं कुरुतेऽथ किं न कुरुते कर्मेति जानाति कः।।१५३।।

આહા..હા..! આચાર્ય મહારાજ અમૃત ચંદ્રાચાર્યનો આ કળશ છે. મૂળ શ્લોક છે એ કુંદકુંદાચાર્યના અને આ કળશો છે એ અમૃત ચંદ્રાચાર્યના. તીર્થંકર જેવું કામ તો કુંદકુંદાચાર્યે પંચમ આરાની અપેક્ષાએ કર્યું. આ અમૃત ચંદ્રાચાર્યે ગણધર જેવું કામ આ ટીકાનું કર્યું. આહા..હા..! આવી ટીકા ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. કહે છે. મુનિરાજ ભાવલિંગી સંત છે. અતીન્દ્રિય આનંદમાં સાચા મુનિ હોય છે એને તો છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારોવાર આવે. એક દિ'માં હજારોવાર. એવા મુનિ છે આ. અને એને નીંદર પણ મુનિ જે સાચા હોય એને નીંદ પોણી સેકન્ડની અંદર આવે. આહા..હા..! જ્યાં ઘણો જ આત્મા આશ્રય કર્યો છે. સમ્યગ્દૃષ્ટિ ઉપરાંત જેણે ઉગ્ર આત્માનો આશ્રય કરીને આનંદની ધારા વહે છે ચારિત્રમાં એને રાતની નીંદ્રા શું છે? છ ઢાળામાં છે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, ઈ. શું કીધું પહેલું?

મુમુક્ષુ :- ભુમાઈ...

ઉત્તર :- ભુમાઈ હા. પૃથ્વી ઉપર રાત્રીના પાછલા ભાગમાં કાંઈક કુછ શયન એક કરવટે કરે. આહા..હા..! સમજાય છે કાંઈ? તે પણ એને છઠ્ઠા ગુણસ્થાનનો કાળ પોણી સેકન્ડની અંદરનો છે. એટલામાં જરી નીંદ આવે. પાછા સાતમામાં. મુનિપણું કોને કહીએ? આહા..હા..! જે પરમેશ્વરપદમાં ભળ્યા, જેને ગણધરો નમસ્કાર કરે. બાર અંગ રચતા નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એ સંતના ચરણમાં ગણધર કહે છે કે મારો નમસ્કાર હો. આહા..હા..! ભલે નાના આયુષ્ય અને દીક્ષાએ હોય, પણ અંતર આનંદની લહેર જ્યાં ફૂટી છે સમ્યગ્દર્શનમાં. એમાં વળી ચારિત્ર તો આનંદની ધારાની ભરછટ ભરતી આવી છે. પર્યાયને કાંઠે અંતરના

આનંદની ભરતી આવી છે. એને ચારિત્ર કહીએ. આહા..હા..! એવા મુનિને કહે છે પોણી સેકન્ડની અંદર નિંદ્રા આવે અને અંદર વિકલ્પ કોઈ આવે તો '**જેણે કર્મનું ફળ છોડયું છે તે કર્મ કરે એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી.**' આહા..હા..! આચાર્ય પોતે કહે છે. કે જેણે રાગને હેય જાણ્યો છે અને એ વ્રતાદિની ક્રિયાના ફળને જેણે હેય જાણી છે. સમજાય છે કાંઈ? જેણે કર્મ એટલે રાગ તેનું ફળ છોડ્યું છે. '**તે કર્મ કરે એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી.**' તે રાગ કરે છે એ અમે માનતા નથી.

મુમુક્ષુ :- એનો અર્થ કે રાગ કરતા નથી.

ઉત્તર :- નથી.

મુમુક્ષુ :- પોણી સેકન્ડ...

ઉત્તર :- પોણી સેકન્ડમાં જઘન્ય-ઉત્કૃષ્ટ અસંખ્ય સમય. નિમિત્તની સાત સેકન્ડ એની એક સેકન્ડની અંદરમાં ભાગ.

મુમુક્ષુ :- પોણી...

ઉત્તર :- એ પોણી સેકન્ડ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ.

મુમુક્ષુ :- ઓછું હોય તો વાંધો નહિ.

ઉત્તર :- ઓછું હોય. ઉત્કૃષ્ટ પોણી સેકન્ડ. એની અંદર હો. અને એથી અડધો કાળ આત્માનો અપ્રમત્તનો. એનો અડધો કાળ, આ ડબલ કાળ. હજારોવાર સંત સાચાને આનંદની ધારા વહેતી જ હોય છે. આ તો વીતરાગ માર્ગ છે, બાપા! આ કાંઈ કોઈ જેને ગણધર નમસ્કાર કરે, જેને ઈન્દ્રો ક્ષાયિક સમકિતી એકાવતારી શકેન્દ્ર એક ભવતારી છે અને એની સ્ત્રી એકભવતારી છે. એક ભવે મોક્ષ જનાર. ઓહો..! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. એમ આવે છેને શાસ્ત્રમાં? એમ આવે છે હોં. નમો લોએ સવ્વ એ તો પછી ટૂંકો શબ્દ કરી નાખ્યો. નમો લોએ સવ્વ સાહુણં છેલ્લે છે. પણ ચારેયને લેવું. નમો લોએ સવ્વ સાહુણં. એના કરતાં નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી અરિહંતાણં એમ આવે છે ધવલમાં. નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સિદ્ધાણં. નમો લોએ સવ્વ ત્રિકાળ વર્તી આઈરિયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી ઉવજ્ઝયાણં, નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. આ નોકારનો પૂરો પાઠ છે. ધવલમાં છે. સમજાય છે કાંઈ? ત્રિકાળવર્તી ન રાખતે છેલ્લે નમો લોએ સવ્વ સાહુણં કહ્યું છે. એ પછી કહ્યું અંત્યદીપક છે આ બધે લાગુ પાડી દેવું. આહા..હા..! ધવલમાં તો ત્રિકાળ લીધું છે. ત્રણે કાળમાં વર્તનારા સંતો ગણધર જ્યારે શાસ્ત્ર રચે નમો લોએ સવ્વ સાહુણં. સંત! તારા ચરણમાં અમારો નમસ્કાર. નાના સાધુ હોય એને બહારમાં નમસ્કાર ન કરે, પણ આમાં નમો લોએ સવ્વ સાહુણંમાંથી એને કાઢી ન નાખે. આહા..હા..!

મુમુક્ષુ :- એમાં દ્રવ્યલિંગ

ઉત્તર :- દ્રવ્યલિંગ આવ્યો? લ્યો આ પણ ઠીક કહે છે. દ્રવ્યલિંગ ક્યાં આવ્યું ત્યાં એમાં? એ ઓલો કહે છે એક ..કુમાર સ્થાનકવાસી. કે આમાં ક્યાં જૈનના સાધુને નમસ્કાર કર્યો? બધા સાધુ લેવા. અરે..! મારા સાંભળતો ખરો. સાધુ હતા કે દિ'? મિથ્યાદૃષ્ટિને સાધુ કેવા? હજી સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી. આ તો ભાવલિંગી આત્મ અનુભવમાં આનંદમાં આવી ગયેલા. પાંચમી ગાથામાં છે સમયસાર. પ્રચુર સ્વસંવેદન આવ્યું છે. કુંદકુંદાચાર્ય કહે છે કે અમને પ્રચુર સ્વસંવેદનથી આ આત્મ વૈભવ પ્રગટ્યો છે.

મુમુક્ષુ :- સુંદર આનંદની છાપ

ઉત્તર :- હા, સુંદર અતીન્દ્રિય આનંદની જેમાં મહોરછાપ છે. કાગળમાં નથી કરતા? સિક્કો-સિક્કો મારે. સિક્કો મારેને ગામનો કે આ ગામનો. પાઠ છે પાંચમી ગાથામાં. સમજાય છે? જોવું છે? આ સમયસાર છેને? પાંચમી ગાથા. પોતે આચાર્ય કહે છે. પાંચમી-પાંચમી હોં. આ ગુજરાતી છે હોં. ૧૪મું પાનું છે. છેલ્લે અઢી લીટી. '**વળી તે કેવો છે?**' વૈભવ આત્માનો પ્રગટ્યો છે સંતને. '**નિરંતર ઝરતો...**' આહા..હા..! '**આસ્વાદમાં આવતો,...**' છે શેઠ? આવ્યું? છેલ્લી અઢી લીટી. કેવો છે અમારો આનંદનો વૈભવ? આહા..હા..! કે '**નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું...**' આહા..હા..! મહોરછાપ એને અતીન્દ્રિય આનંદના સ્વાદની એને મહોરછાપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સુંદર જે આનંદ તેની છાપવાળું જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન, તેનાથી...**' અમારો વૈભવ જન્મ્યો છે. આહા..હા..! કોઈ રાગથી જન્મ્યો છે અને પુણ્યથી જન્મ્યો છે વ્યવહારે નથી. આહા..હા..!

કહે છે કે ઈ પ્રચુર-ઘણો. કારણ કે સમકિતીને સંવેદન આનંદ હોય, પણ પ્રચુર ન હોય. આ તો છઠ્ઠે ગુણસ્થાન મુનિ છે. એને પ્રચુર સ્વસંવેદન છે એટલે પ્રચુર શબ્દ વાપર્યો છે. ચોથા ગુણસ્થાનમાં પણ સ્વસંવેદન આનંદનો અનુભવ હોય છે. પ્રચુર નહિ. શ્રાવકને એથી વધારે હોય છે અને મુનિને તો એથી પ્રચુર હોય છે. આહા..હા..! '**પ્રચુરસંવેદનસ્વરૂપ...**' ઘણો જ આનંદનું વેદનસ્વરૂપ. '**સ્વસંવેદન...**' સ્વ નામ પોતાનો, સં નામ પ્રત્યક્ષ આનંદના વેદન એનાથી ઉત્પન્ન જેનો જન્મ અમારા વૈભવનો. એનાથી હું સમયસાર કહીશ એમ કહે છે. મારા વૈભવથી સમયસાર કહીશ. આહા..હા..! સમજાણું કાંઈ?

ઈ અહીં કહે છે કે એવા મુનિઓને કે સમકિતીને એ રાગ કરે છે કે ન કરે અમે તો પ્રતીતમાં નથી લેતા. એ કરતા નથી કહે છે. સમજાણું કાંઈ? જેને કર્મનું ફળ રાગની ભાવના જ જેને છૂટી ગઈ છે સમકિતીને. આહા..હા..! રાગ અને એનું ફળ જેણે છોડ્યું છે. તે રાગ કરે '**એમ તો અમે પ્રતીતિ કરી શકતા નથી.**' આહા..હા..! કર્તાબુદ્ધિએ રાગને કરે એવું તો અમે માનતા નથી. આહા..હા..! '**કિન્તુ**' '**પરંતુ ત્યાં એટલું વિશેષ છે કે**

–' **'अस्य अपि कुतः अपि किंचित् अपि तत् कर्म अवशेन आपतेत्'** ધર્મીને પણ. જ્ઞાની એટલે ધર્મી સમકિતી. **'કોઈ કારણે કાંઈક એવું કર્મ અવશપણે...'** રુચિ નહિ હોવા છતાં પર્યાયની નબળાઈને લઈને એવો રાગ થઈ જાય છે. છે? ધર્મીને એટલે જ્ઞાનીને ચોથે, પાંચમે, છઠ્ઠે. સાતમે તો ધ્યાનનું હોય છે. તેને પણ કોઈ કારણે એટલે નબળાઈને કારણે કાંઈક એટલે થોડું એવું રાગરૂપી કાર્ય **'અવશપણે...'** વશ વિના દૃષ્ટિ, રુચિમાં નથી. પણ નબળાઈને લઈને એ રાગ થઈ જાય છે. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? શું છે હવે આમાં? દ્રવ્યલિંગી એટલે ભાવલિંગીની વાત છે? આ દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યું. ભાવલિંગ ૩૨વાર આવે મુનિને. આહા..હા..! સમજાણું? આનંદના અનુભવવાળું મુનિપણું ૩૨વાર આવે. દ્રવ્યલિંગ તો અનંતવાર થયો.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગ અનંતવાર...

ઉત્તર :- દ્રવ્યલિંગ અનંતવાર, ભાવલિંગ ૩૨વાર.

મુમુક્ષુ :- અભવિને કે ભવિને?

ઉત્તર :- અભવિને કે દિ' ભાવલિંગ હતું? એને દ્રવ્યલિંગ. ભવિ-અભવિને દ્રવ્યલિંગ આમાં કહ્યું નહિ? નવમી ગ્રૈવેયકે અનંતા પુદ્ગલ પરાવર્તન ગોમ્મટસારમાં લખ્યા છે. ભવિ-અભવિ બેયને. એ તો સાધારણ વાત છે એ તો. ૭૨માં બહુ ચર્ચાઈ ગઈ અમારે. ૭૨ની સાલ વઢવાણ. મોટી ચર્ચા. એમ કે અનંતા પુદ્ગલ પરાવર્તન કર્યા, દરેક જીવ અનંતા કરે તો .. જીવ નથી એ પ્રશ્ન ૭૨માં ચાલ્યો હતો. ૭૨માં વૈશાખ મહિને. વઢવાણમાં. મોહનલાલજી હતા. ભાઈ! મોહનલાલજી નહિ લિંબડી સંઘાડાના. ઈ અહીં વાત કરતા હતા. કીધું જો ભાઈ! શાંતિથી તમે ચર્ચા કરો કીધું. એ કહે અનંતવાર દરેક જીવ નિગોદના દરેક ભવ અનંતા કર્યા. કઈ અપેક્ષાએ કહ્યું હતું? જે બહાર નીકળેલા છે નિગોદથી એ અનંતાભવ કર્યા. પણ હજી તો ઈયળ થઈ નથી હજી કોઈ દિ' એવા અનંતા નિગોદ પડ્યા છે. એય..! તો એને અનંતા ભવ નવમી ગ્રૈવેયકના ક્યાંથી આવ્યા એને? ઝીણી વાત થોડી છે હોં એ જરી.

મુમુક્ષુ :- બધાને લાગુ ન પડે.

ઉત્તર :- બધાને ન લાગુ પડે. જે કાંઈ નિગોદથી બહાર નીકળેલા છે એ જીવને અનંતા-અનંતા ભવ કર્યા, પણ બધા જીવો અનંતા કર્યા એમ જો તમે કહેશો. ૭૨ની વાત છે. તો બે સાગરનો એક ભવ થાય શક્રેન્દ્રનો. તો એક ભવમાં અસંખ્યાતા મોક્ષ જાય. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મોક્ષ જાય. તો બે સાગરમાં મોક્ષ કેટલા જાય? એક ભવ કરે એમાં છ મહિના અને આઠ સમય ૬૦૮ મોક્ષ. તો એવા-એવા બે સાગરના અનંતા જીવો ભવ કરે તો તો ઘણા મોક્ષ જાય. જીવ જ નથી એટલા બધા. જરી ઝીણી વાત છે. એ તો ૭૨ની વાત છે. સુંદર વોરાના અપાસરે બધા સાધુ ભેગા થયા હતા. આ વાત નીકળી

હતી. મારી દીક્ષા બે વર્ષની હતી. કીધું વાત એમ નથી. ફક્ત ભગવાને એમ જે કહ્યું કે જેટલા ભવ અનંતવાર કર્યા એ એની શક્તિમાં કરવાનો ભાવ છે એ અપેક્ષાએ કહ્યા છે. સમજાણું કાંઈ? નીકળેલા. નિગોદમાંથી નીકળ્યા નથી અનંત જીવો. ગોમ્મટસારમાં પાઠ છે કે એ ત્રસ થશે જ નહિ એવા અનંતા જીવો છે. સમજાણું કાંઈ?

અહીં તો સૂક્ષ્મ ચર્ચા ચાલતી હતી પહેલેથી ભાઈ! શું કીધું સમજાણું? એક ભવ કરે શક્રેન્દ્રનો. મેં તો છ મહિનાનો દાખલો બીજો આપ્યો છે. ચૌદ ઇન્દ્રિયનો ભવ હોય છેને? ચૌદ ઇન્દ્રિયનો છ મહિનાનો ભવ હોય છે. ૭૨માં દાખલો બધા સાધુ હતાને કીધું કે જો ..ના ભવ કરે તો ચૌદ ઇન્દ્રિયનો છ મહિનાનો એક ભવ છે તો એક ભવમાં છ મહિનામાં ૬૦૮ તો મુક્તિ થાય. તો ઈ એક ભવમાં અનંતા જીવ થાય તો એના કરતા ઝાઝા મોક્ષ જાય. એ તો આ એક ગણતરીનો વિષય છે. આમાં ક્યાં... પંડિતજી! સમજાણું? ન સમજાય એ. ઝીણું છે. એક જીવ એક ભવમાં ચૌન્દ્રિયનો છ મહિનાનો ભવ કરે એક. છ મહિનાનું આયુષ્ય છેને એનું? તો છ મહિનામાં ૬૦૮ મુક્તિએ જાય એવું ભગવાન કહે છે. એમાં અનંતા જાય તો જે અનંતા દરેક જીવને અનંતવાર અવતરે તો એથી છ મહિનામાં .. એમાંથી ઝાઝા મોક્ષ જાય. .. જીવ ક્યાં છે? ઝીણી વાત છે થોડી. બહુ ચાલી. ૭૨માં ચાલી.

ભગવાને કહ્યું છે અપેક્ષિત કહ્યું છે. બાર નીકળેલા હોં. અને જે નથી નીકળ્યા એની શક્તિ છે ચાર ગતિમાં રખડવાનું મિથ્યાત્વ પડ્યું છે તે એની શક્તિ છે. બધા જીવ બહાર નીકળીને અનંતા ભવ કરે એટલો કાળ ક્યાં છે? એય..! પંડિતજી! આહા..હા..! માણસોને કાંઈ સત્યને શોધવાની દરકાર હોય થોડી. એમ ને એમ પડ્યા જેમાં જીવ એમ ને એમ માનીને ચાલી નીકળ્યા છે. આહા..હા..! અહીં તો અનંતા ભવ તો નરક કરતા સ્વર્ગના અનંતા અસંખ્યગુણા કર્યા લ્યો. સમજાણું? કોણે? જે નિગોદથી બહાર નીકળ્યા એણે. જે નિગોદમાંથી નીકળ્યા જ નથી. જે ત્રસ્તપણું પામ્યા નથી હજી. આહા..હા..! આ વાત છે. ત્યારે ઓલા કહે નવમી ગ્રૈવેયકે અભવિ પણ ગયા છે. અરે..! ભવિ અનંતવાર ગયા. સમજાય છે કાંઈ? આહા..હા..!

શ્રીમદ્માં પણ કહ્યું ને 'વહ સાધન વાર અનંત કીયો' શ્રીમદ્રે કહ્યું ૨૪ વર્ષે. 'યમ નિયમ સંયમ આપ કીયો, તદ્ ત્યાગ વૈરાગ્ય અથાગ લહ્યો, વનવાસ રહ્યો મુખ મૌન રહ્યો દઢ આસન પદ્મ લગાયો' આહા..હા..! 'મન .. નિરોધ ..બોધ કીયો હઠ યોગ પ્રયોગ સુચાર ભયો. જપ ભેદ જપે તબ ત્યોંહી તપે' આખા ઉદાસીન જગતથી ઉદાસીન થઈને. આહા..હા..! 'સબ શાસ્ત્રન કે નય ધારી હૈ' શાસ્ત્રની વાતું કરી અનંતવાર. 'સબ સાધનવાર અનંત કીયો તદપી કછુ હાથ હજુ ન પડ્યો.' આવે છે? 'વહ સાધન વાર અનંત કીયો તદપિ કછુ હાત હજુ ન પડ્યો, અબ ક્યોં ન વિચારત હૈ મનસે કછુ ઔર રહ્યા ઉન સાધનસે.' અહીં ઇ

કહે છે. આહા..હા..! અરે..! જેને આત્મજ્ઞાન અને આત્મદર્શન થયું. ઈ કહે છે કે કર્મનું ફળ એ કર્મ કરે છે કે નહિ પ્રતીતિ કરી શકતા નથી. પણ એને પણ પર્યાયની કમજોરીને લઈને એવા શુભરાગ આવ્યા વિના રહેતો નથી. આહા..હા..!

છે? '**કોઈ કારણે કાંઈક...**' કાંઈક એટલે થોડું. '**એવું કર્મ અવશપણે (-તેના વશ વિના) આવી પડે છે.**' '**तस्मिन् आपतिते तु**' 'તે **આવી પડતાં પણ,...**' આહા..હા..! જગતને પાપના ઉદયે રોગ, શોક આવી પડે છે કે નહિ? ઈચ્છે છે એને? કે રહેજો આ રોગ. સારું ઠીક થયું મને. દરિદ્રતા, નિર્ધનતા, રોગ, શોક. એમ. આમાં કળશમાં લખ્યું છે. સારાંશમાં. સમજાણું કાંઈ? એમ ધર્મીને ભગવાન આત્મા અતીન્દ્રિયના સ્વભાવના સ્વાદીયા જીવને પણ પર્યાયમાં કમજોરીને લઈને રુચિ નહિ હોવા છતાં આદરણીય નહિ માનતા છતાં એવો શુભભાવ આવી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

'તે **આવી પડતાં પણ, જે અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની...**' આહા..હા..! છતાં એ રાગ આવી પડે છતાં ધર્મી તો '**અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે...**' એ રાગમાં નહિ. વ્યવહારમાં નહિ. આહા..હા..! છે? '**અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે એવો જ્ઞાની...**' ધર્મી તો પોતાનો જ્ઞાન, આનંદ સ્વભાવ તેમાં સ્થિત છે. લડાઈમાં દેખાય, ચાહે તો ભોગમાં દેખાય, વેપાર-ધંધામાં દેખાય. આહા..હા..! પણ જ્યાં દૃષ્ટિ જામી છે. શુદ્ધ ચૈતન્ય ઉપર ત્યાં ઈ ચીજ છે. આ વચમાં આવો રાગ આવે છે છતાં રાગમાં સ્થિત નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અમૃત રેડ્યા છે એકલા. આહા..હા..! અમૃત ચંદ્રાચાર્ય. આવી ટીકા! આહા..હા..! ભરતક્ષેત્રમાં બીજે તો ન હોય અન્યમતમાં, પણ દિગંબરમાં આવી ટીકા આ ઠેકાણે છે. આહા..હા..! ગંભીર અને એટલી રહસ્ય ભરેલી. તત્ત્વને વિસ્તારથી વિચિક્ષણદશાથી પ્રાપ્ત કેમ થાય એવી વાત છે અહીં. આહા..હા..!

પહેલી સ્વભાવમાં એ જાતની શ્રદ્ધા તો કરે. એ જાતની ઓલી અનુભવની શ્રદ્ધા બીજી. પણ એની શ્રદ્ધામાં હજી આ રાગથી મને લાભ થાય, આનાથી મને લાભ થાય એ તો મૂઢ મહામિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? શુભરાગનું ફળ ઈચ્છે છે કે અમને અહીં લાભ થાય કાં અહીં લાભ થાય. આહા..હા..! એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ અનંત સંસારી છે. આહા..હા..! પણ સમકિત સન્મુખ મિથ્યાદૃષ્ટિ જીવને પણ પહેલી આવી શ્રદ્ધા તો એને પ્રગટ આવવી જોઈએ. સમજાણું કાંઈ? આહા..હા..! એ કાંઈ અનુભવની શ્રદ્ધા નથી, સમકિત શ્રદ્ધા નથી પણ એ જાતની શ્રદ્ધા. એ રાગનો વિકલ્પ છે એ મને લાભદાયી નથી, મારી ચીજ નથી. મને તો મારા સ્વભાવને આશ્રયે જ લાભ થાય. પરને આશ્રયે આત્માને લાભ થાય એ વસ્તુના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ?

એમ જ્ઞાની '**અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં...**' આહા..હા..! રાગથી જરી અસ્થિરતા થઈ

ગઈ કહે છે. છતાં જ્ઞાની એમાં સ્થિર નથી. આહા..હા..! એ તો અકંપ પરમજ્ઞાનસ્વભાવ. જોયું? પરમજ્ઞાન સ્વસંવેદનજ્ઞાન. એકલું શાસ્ત્રનું જ્ઞાન એ નહિ. '**અકંપ પરમજ્ઞાનસ્વભાવ...**' આહા..હા..! જ્ઞાયક સ્વભાવ, આનંદસ્વભાવ, પરમ જ્ઞાનસ્વભાવ એમાં ધર્મીની દૃષ્ટિ તો ત્યાં થંભી ગઈ છે. આહા..હા..! ભલે એ ખાતા, પીતા, બોલતા દેખાય. છતાં દૃષ્ટિ તો ત્યાં જામી છે. કહો, શેઠ! આહા..હા..! '**અકંપ પરમજ્ઞાનસ્વભાવ...**' ભાષા છેને? પરમજ્ઞાનસ્વભાવ. આહા..હા..! પર્યાયની વાત છે હોં આ. એમાં સ્થિત છે. આહા..હા..!

'**એવો જ્ઞાની...**' સમ્યગ્દૃષ્ટિ જીવ '**કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે?**' જ્ઞાનીને શું પત્તો લાગે? આહા..હા..! મીંદડી. મીંદડી સમજો છો? બિલ્લી. એ પોતાના બચ્ચાને મોઢા વડે પકડે અને ઉંદરને પકડે. દશા તો બેયની પક્કડની છે. અંદરમાં ફેર છે. ઉંદરને પકડ્યો છે એ આમ કરીને પકડ્યો ભીંસ કરીને અને બચ્ચા પકડીને બહાર લઈ જાય તો આમ પોલું રાખીને. 'પક્કડ પક્કડમેં ફેર હૈ' અમારે ત્યાં દામનગર અપાસરામાં રહીએને. સામે દુકાન. એક .. શેઠની ઓલા ..ભાઈ આવે છેને આપણે દામનગરના છે. ... એની દુકાનમાંથી ઉદર લાવે આવડા મોટા મીંદડી હોં. અપાસરામાં નીકળે. અહીં બેઠા હોયને. લટકતા મોટા ઉંદર હોયને. પછી વાડામાં જઈ નિરાંતે ખાય. એ પક્કડમાં ફેર છે. અજ્ઞાનીને રાગ આવે એમાં એકાકાર છે કહે. ઉંદરને પકડે એમ અહીં રાગને પકડ્યો છે. ધર્મીને રાગ આવ્યો એ પકડ્યો નથી. છતાં છે. આહા..હા..! એ જાણનાર જાણે છે એમ. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ ભગવાનનું વચન છે. ૧૨મી ગાથામાં. સમજાય છે કાંઈ? અરે..! એને માર્ગની સત્યની ખબર ન મળે અને એ સત્યના ફળ શું છે એની ખબર ન મળે. આવા અસત્યના ફળમાં એ રાજી-રાજી થઈ જાય. આપણે કરીએ છીએ કાંઈક હોં બીજા કરતા અને આપણને કાંઈક મળશે. એ જ અજ્ઞાનીની વાંછા મિથ્યાદૃષ્ટિને રાગની જ અભિલાષા છે. જ્ઞાનીને રાગ, કર્મ જ્ઞાની કર્મ એટલે રાગ એને કરે છે કે નથી કરતો કોણ જાણે? અજ્ઞાનીના માપ-ગજા નથી કે એનું જ્ઞાન સમજે. આહા..હા..! બહિરાત્માની બુદ્ધિ તો બહિર્ નામ રાગને પોતાનો માનીને કરનાર એ તો બહિરાત્મા છે. બહિરાત્મા તો ઉપલક દૃષ્ટિથી જોવે છે કે આ આવો છે ને આ આવો છે. અંતર દૃષ્ટિના માપ અજ્ઞાનીને કરતા આવડતા નથી. આહા..હા..!

શ્રીમદ્માં એક પત્ર આવે છે એવો. કે આપણે શું કરી શકશું નથી કરતા એ દુનિયાને દેખાડવાનું કામ નથી. આપણે આપણું કામ કરવું. દુનિયાને મનાય કે ન મનાય એવું જોવું નહિ. આહા..હા..! આવે છેને પત્ર આવે છે. ... ઓહો..હો..! કહે છે સમ્યગ્દૃષ્ટિ કર્મ રાગ કરે છે કે નથી કરતું. એની શું ખબર? સમજાણું કાંઈ? કરતો નથી એમ કહે છે. આવી જાય છે પરવશે. પુરુષાર્થની કમીને લઈને. દૃષ્ટિના વિષયમાં તો પૂર્ણાનંદ પૂર્ણ છું એવી દૃષ્ટિએ સ્વીકાર પૂર્ણને કર્યો છે.

મુમુક્ષુ :- આનો સ્વીકાર જ નથી.

ઉત્તર :- એમાં આનો સ્વીકાર નથી. પર્યાયનો સ્વીકાર નથી દ્રવ્યદૃષ્ટિમાં તો. આહા..હા..! સમ્યગ્દર્શનનો વિષય તો પરિપૂર્ણ દ્રવ્ય છે. પછી એનું જ્ઞાન સાથે થાય એ દ્રવ્યને જાણે, પર્યાયને જાણે, રાગને જાણે એ જુદી વાત છે. પણ જાણે. કરે નહિ. આહા..હા..! ભાષા તો અમારે વાપરવી પડે જુઓ, ઈ કર્મ કરે. શા માટે કરે? એમ મૂક્યું છેને? ભાષા તો એમ જ આવેને. સમજાવાની ભાષા શું આવે? જ્ઞાની કર્મ કરે કે નથી કરતો, બાપુ! એ શી રીતે તને માપ આવે? અમે તો એમ કહીએ છીએ કે એ કર્મ કરતો જ નથી લે. અમને પ્રતીતિમાં ઈ આવતું જ નથી. આહા..હા..!

જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એમ જ્યાં અનુભવમાં વેદન થયું એ જ્ઞાનને છોડીને કોને કરે? સમજાણું કાંઈ? બહુ ઝીણો માર્ગ, બાપા! પ્રભુનો માર્ગ ઓલામાં આવે છેને અન્યમતિમાં નહિ? 'હરિનો રે માર્ગ છે શુરાનો એ કાયરના નહિ કામ જોને. પ્રથમ પહેલા મસ્તક મૂકી એ વળતા લેવું નામ જોને.' આહા..હા..! એ તો હરિ એટલે આત્મા હોં. હરિ એટલે બીજો કોઈ નહિ. પંચાધ્યાયમાં હરિ આને કીધો છે. અજ્ઞાન અને રાગ-દ્વેષને હરે તે હરિ પ્રભુ ચૈતન્ય ભગવાન છે. 'એ આતમનો માર્ગ છે શુરાનો એ કાયરના ત્યાં નહિ કામ જોને.' પહેલા મસ્તક મૂકી. દુનિયા શું કહેશે અને દુનિયા કેમ માનશે એની .. નથી. સમજાય છે કાંઈ? વળતા અનુભવ કર અંદરમાં બીજાની વાત છોડી દે. દુનિયા નહિ માને, દુનિયાને નહિ ખબર પડે. સમજાણું કાંઈ? આ તો અલૌકિક લોકોત્તર માર્ગ છે.

કહે છે પહેલું તો એમ કહ્યું હતું અમે તો પ્રતીતિ કરી શકતા જ નથી લે. રાગ કરું એ જ્ઞાનીનું કર્તવ્ય જ નથી. અમે તો માનતા નથી એમ કહે છે લ્યો. આહા..હા..! આ લખતા વખતે વિકલ્પ છે. લખવા વખતે વિકલ્પ નથી? ત્યારે વિકલ્પ કરીએ છીએ કે નથી કરતા તમે શું જાણો છો? અમે જાણીએ છીએ કે છે એટલું. પર તરીકે. આખી દુનિયા પર છે અને રાગ પર છે. એ કરીએ છીએ કે નથી કરતા? અમે પ્રતીત કરે છે એમ માનતા નથી. પોપટભાઈ! આવી રમતું છે. આહા..હા..! કુંદકુંદાચાર્યે કામ કર્યા છે. આહા..હા..! કેવળજ્ઞાનના કેડાયતો સાક્ષાત્ સમયસાર હાથ આવ્યું ત્યાં અમે કહીએ છીએ... ૭૮માં કહ્યું. એ શેઠ! આ સમયસાર અશરીરી છે હોં. જેને શરીરરહિત થવું તો આ સમયસાર છે. ૭૮માં કહ્યું હતું. તે દિ' તો ના ન પાડે. .. બધું હતુંને. વેશ અને વાડો સંપ્રદાયનો હતો એટલે કાંઈ વાંધો નહિ કહે. આ ફર્યું જ્યાં હાય.. હાય.. લે! એ સમયસારમાં ભૂલ કાઢી પાછી. દામોદર શેઠ હતા. ગૃહસ્થ માણસ. તે દિ' ૬૦ વર્ષ પહેલા દસ લાખ રૂપિયા અને ચાલીસ હજારની ઉપજ. સમયસારમાં અહીં ભૂલ છે અને આટલી અહીં ભૂલ છે ને આ ભૂલ છે. આહા..હા..! .. દૃષ્ટિ દોષ કરે છે.

અહીં કહે છે જેને ધર્મ પરિણમ્યો છે, ધર્મ થયો છે, જ્ઞાન થયું છે, સમકિત થયું છે. એવો ચોથા ગુણસ્થાનવાળો સમકિતી, પાંચમા, છઠ્ઠાવાળો એને રાગ કરે છે કે નથી કરતા. અમે તો કરે એ માનતા નથી. આહા..હા..! એ કરે છે કે નથી કરતો એ અજ્ઞાનીને શું કરો તમે? આહા..હા..! ક્યાં એના દૃષ્ટિનું વલણ છે અને ક્યાં એનું વલણ નથી? સમજાય છે કાંઈ? આ તો જન્મ-મરણ મૂકાવાની વાતું છે, બાપા! આકરું લાગે પણ માર્ગ આ છે, પ્રભુ! શું થાય? શું કહેવું? કોને કહેવું? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જ્ઞાનીને...**' ધર્મીને. પાછો કોઈ કહે જ્ઞાની એટલે જ્ઞાની જુદા હોય અને બહુ જ્ઞાન હોય એ જ્ઞાની કહેવાય. આપણે તો ધર્મી છીએ. ધર્મી કહો કે જ્ઞાની એક જ છે. આહા..હા..! જ્ઞાન બહુ હોય તો જ્ઞાની એવું કાંઈ છે નહિ. આત્મા વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ એનું જેને જ્ઞાન થયું એ જ્ઞાની છે, એ ધર્મી છે. બાકી દુનિયાના શાસ્ત્રના જ્ઞાન અને દુનિયાના જ્ઞાન લાખ, કરોડ, અનંત કર્યા હોય એ જ્ઞાન નહિ. શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ. આહા..હા..! એ પરલક્ષી જ્ઞાન છે, પરાલંબી છે, પરસત્તાવલંબી છે, બંધનું કારણ છે. આહા..હા..! ગજબ વાત છે. સવારમાં આવ્યું હતુંને સજ્ઝાયમાં, ભાઈ! શાસ્ત્ર કંઈ જાણે નહિ. શાસ્ત્રમાં ક્યાં જ્ઞાન? એ તો .. જડ છે અજીવ તત્ત્વ છે. જ્ઞાન તો અહીં છે. આહા..હા..! 'પ્રથમ ન જાણે .. શાસ્ત્ર ન જાણે કાંઈ' અને હું જાણનારો બધું જાણું છું. આ તો કાંઈ ન જાણે. પરમાણુને કાંઈ ભાન છે આને? આમાં જ્ઞાન છે? આ તો અજીવ છે. શેઠ! શાસ્ત્ર તો જડ છે, અજીવ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહારે .. છેને. .. તો અહીં છે. વ્યવહાર શુભરાગ .. આવે છે કીધું. એ વ્યવહાર છેને એ તો? વિકલ્પ. ધર્મ નહિ. પરને નમસ્કાર ત્રિલોકના નાથને કરો એ શુભરાગ પુણ્ય છે. ધર્મ નહિ. આવી વાતું ભારે આકરી! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! એમાં રાગના અંશથી વાત થાય એ માર્ગમાં ન આવે. માર્ગમાં એ ન હોય. આહા..હા..! .. અનેક પ્રકાર જગતના વિચિત્ર શ્રદ્ધાઓ. હોય. જગત બધું છે ભાઈ! તું છૂટો પડી જા. દુનિયા .. નથી તું છૂટો પડ. બાકી તો દુનિયાની ચાલે જ છે. આહા..હા..!

'**જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે છે...**' જોયું? ભાવાર્થ. એને રુચિમાં નથી. આહા..હા..! આર્ય માણસ હોય અને એમાં કોઈ મોઢું ફાડીને માછલું મોઢામાં નાખે જીવતું. આમ દાંત પકડતો હશે? અરે..! અમે આર્ય કહેવાઈએ. અમને આ ન હોય. આહા..હા..! એમ ધર્મીને રાગ છે એ તો વ્યભિચાર છે, દોષ છે. આહા..હા..! એને જ્ઞાની કરે કે નથી કરતા, બાપુ! તને ખબર ન પડે, ભાઈ! એ જ્ઞાની રાગને જાણનારો છે. રાગને સ્પર્શ્યા વિના જાણનારો છે. આહા..હા..! એવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં આ સ્થિતિ હોય છે. લોકોને માપ કરતા આવડે

નહિ શું કરે? આહા..હા..! મૂળ ચીજ તો આ છે. જૈનદર્શનનું મૂળ '**पस्सदि जिणसासणं सव्वं**' આવ્યુંને ૧૫મીમાં? જેણે ભગવાન આત્માને અબદ્ધ સ્પૃષ્ટ અનન્ય અવિશેષ અને અસંયુક્ત દેખ્યો. જેના ઉપયોગમાં શુદ્ધોપયોગે આત્માને આવો જાણ્યો એણે સર્વ જૈન શાસન જાણ્યું. ૧૫મી ગાથા.

जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।
अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।

... '**पस्सदि जिणसासणं**' સારું જૈનશાસ્ત્રને એણે જોયું. ઓહો..હો..! જૈનશાસન ક્યાં પર્યાય છે. પર્યાયનો વિષય અબદ્ધ દ્રવ્ય છે. આહા..હા..! પણ વસ્તુનો આશ્રય કરીને પર્યાય ને રાગ ને નિમિત્તનો આશ્રય છોડી દઈને પૂર્ણાનંદનો આશ્રય કરીને જ્યાં પર્યાય વીતરાગી શુદ્ધોપયોગ પ્રગટ્યો ઈ કહે છેકે એણે આખું જૈનશાસન જોયું. વીતરાગને અબદ્ધસ્પૃષ્ટ આત્મા બતાવવો છે. આહા..હા..! નિશ્ચયનું સત્યસ્વરૂપ એ બતાવવું છે. વ્યવહાર છે ઈ જાણવા માટે છે. આદરવા માટે તો આ એક બતાવ્યું છે. ભૂતાર્થ સાચી નયથી ઓલામાં આવે છેને ભાઈ ૧૪માં? કે આ નાશ કેમ થાય? એ અભૂતાર્થ હોવાથી નાશ થાય છે. ૧૪મી ગાથા.

મુમુક્ષુ :- એમાં અનુભવ કેમ થાય?

ઉત્તર :- હા, અનુભવ કેમ થાય. આ અબદ્ધસ્પૃષ્ટનો અનુભવ કેમ થાય? શિષ્યનો પ્રશ્ન. ભાઈ! એ અસત્યાર્થ છે. કાંઈ ચીજમાં ટકે એવી ચીજ નથી. આહા..હા..! ચૌદમામાં છે. શિષ્યનો પ્રશ્ન છે. મહારાજ! આવો અબદ્ધસ્પૃષ્ટ અનુભવ! આ શું કહો છો તમે? આહા..હા..! જેને રાગનો સંબંધ નહિ, દુઃખના વિકલ્પનો સંબંધ નહિ, વિશેષ પણ જેમાં નહિ એવી જે સામાન્ય વસ્તુ, એનો પ્રભુ! અનુભવ કેમ થાય તમે આ કહો છો? ભાઈ! એ અભૂતાર્થ હોવાથી, અસત્યાર્થ હોવાથી, કાંઈ ટકનારા નહિ હોવાથી ટકનારા ઉપર દૃષ્ટિ જાય છે. આહા..હા..! કહો, ચંદુભાઈ! આહા..હા..! સમયસાર તો જાગતી જ્યોત કેવળજ્ઞાનનો દીવડો છે ઈ. આહા..હા..!

કહે છે '**જ્ઞાનીને પરવશે કર્મ આવી પડે છે...**' કર્મ એટલે રાગનું કાર્ય. અંદર રાગ હોં. બહારનું કાર્ય નહિ. '**તોપણ જ્ઞાની જ્ઞાનથી ચલાયમાન થતો નથી.**' ઈ અસ્થિરતામાં એની દૃષ્ટિ આવી જતી નથી. અસ્થિરતામાં થંભી નથી ગયો. જ્ઞાનસ્વભાવથી ચલ્યો નથી. આહા..હા..! '**માટે જ્ઞાનથી અચલાયમાન તે જ્ઞાની...**' જ્ઞાનસ્વભાવ. જ્ઞાન એટલે આત્મસ્વભાવ એવા આત્મસ્વભાવને અચલાયમાન એવો જ્ઞાની આત્મસ્વભાવથી '**કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે?**' આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા જ્યાં અનુભવમાં દૃષ્ટિના આશ્રયે લીધો એવો જે ધર્મી ચોથા ગુણસ્થાનથી જ્ઞાની '**અચલાયમાન તે જ્ઞાની કર્મ કરે છે કે નથી કરતો તે કોણ જાણે?**' ભાઈ! તને ખબર નથી. આહા..હા..!

એ વ્યવહારને કરે છે કે નથી કરતો એ ભાઈ તને ખબર નથી કહે. વ્યવહાર કરે છે કે નહિ? વ્યવહાર કરતો નથી, બાપુ! તને ખબર નથી. આહા..હા..! એ રાગ પરવશે આવી જાય છે. નબળાઈને લઈને. ઈ કરે છે એમ છે નહિ. આહા..હા..! આવી અજબગજબની વાતું. સાંભળવાને પણ મહાપુણ્ય અને ભાગ્ય હોય એને મળે છે. અંદરની હા પાડે એ તો બીજો પુરુષાર્થ. આ પૂર્વના પુણ્ય આવી વાત વીતરાગની. નિર્મળાનંદની ચોખ્ખી પરમ સત્ય. સો ટચનું સોનું. ભગવાનજીભાઈ! આહા..હા..!

'**જ્ઞાનીની વાત જ્ઞાની જ જાણે.**' છે? આહા..હા..! અલિંગગ્રહણમાં કહ્યું છેને બીજાઓ દ્વારા અનુમાનથી જાણી શકાય એવો એ આત્મા નથી. આહા..હા..! અલિંગગ્રહણ. અલિંગગ્રહણ પુસ્તકો નથી આવ્યા હજી? ઈ નહિ આ તો બીજા. .. ઈ તો ખબર છે. અહીંયાં આપ્યા છે. .. આવી ગયા નથી. આવ્યા છે ત્યાં પુસ્તકાલયમાં? પુસ્તકાલયમાં. ઠીક. કહો, સમજાણું કાંઈ? એ અલિંગગ્રહણનું વ્યાખ્યાન છે. ૧૭૨ ગાથા. એમાં આ બોલ છે ચોથો. કે આત્મા અલિંગગ્રહણ છે. લિંગ એટલે અનુમાનથી આત્મા બીજાઓ આત્મા બીજાઓ દ્વારા અનુમાનથી જણાય એવો આત્મા નથી અને આત્મા એકલો અનુમાન કરે ઈ આત્માનો સ્વભાવ એવો નથી. આહા..હા..! ગજબ વાત કરે છે. નિશ્ચયના વેદનવાળો અનુમાન હોય તો અનુમાન બરાબર છે. પણ નિશ્ચયને નથી આનંદનું વેદન અને નિશ્ચય સ્વભાવ. એ અનુમાનથી પણ બીજાની પરીક્ષા કરી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ઈ ત્રીજો-ચોથો બોલ છે. ચોથો-પાંચમો. ચોથો. ચાર. બીજાઓ વડે અનુમાનથી જાણી શકાય નહિ એવો આત્મા છે અને પોતે પણ અનુમાન કરીને, અનુમાન કરે એટલો એ આત્મા એવો નથી. આહા..હા..! એમ કરીને નિશ્ચયનું ભાન છે એને અનુમાનનો વ્યવહાર હોય એમ કહે છે. આહા..હા..! ભારે અટપટો માર્ગ વીતરાગનો. અલિંગગ્રહણ છેને? ચોપડી છપાણી ..૩૨૦૦. ૫૨૦૦ છપાણી અલિંગગ્રહણ. અહીં છે કે નહિ? લઈ લીધી લાગે છે. નાની ચોપડી છે ... આહા..હા..! આ અલિંગગ્રહણ ૫૨૦૦ છપાવી હમણા. આત્મધર્મ ગુજરાતીવાળાને ભેટ આવવાની છે.

અહીં કહે છે '**જ્ઞાનીના પરિણામ...**' આહા..હા..! જ્ઞાનીની વાત જ્ઞાની જાણે, ભાઈ! આહા..હા..! '**જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.**' છે? જયચંદ પંડિતે પણ ગૃહસ્થ હતા જયપુરમાં. બહુ સરસ સ્પષ્ટ કર્યું છે. '**જ્ઞાનીના પરિણામ જાણવાનું સામર્થ્ય અજ્ઞાનીનું નથી.**' આહા..હા..! '**અવિરત સમ્યગ્દૃષ્ટિથી માંડીને ઉપરના બધાય જ્ઞાની જ સમજવા.**' છે? ચોથે ગુણસ્થાનથી જ્ઞાની છે. આહા..હા..! '**તેમાં, અવિરત સમ્યગ્દૃષ્ટિ, દેશવિરત સમ્યગ્દૃષ્ટિ અને આહારવિહાર કરતા મુનિઓને બાહ્યક્રિયાકર્મ પ્રવર્તે છે, તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે...**' પોતાના જ્ઞાનસ્વભાવથી ખસી ગયા નથી. આહા..હા..! '**નિશ્ચયથી તેઓ બાહ્યક્રિયાકર્મના કર્તા નથી,...**' આહા..હા..! રાગના,

પંચ મહાવ્રતના, અઠ્યાવીશ મૂળગુણ છેને સાધુના? એ બાહ્યક્રિયાકાંડી છે. આહા..હા..! ગજબ વાત! એ ચારિત્ર નથી. પંચ મહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ એ ચારિત્ર નથી, એ તો રાગ છે, દોષ છે.

ઈ '**મુનિઓને બાહ્યક્રિયાકર્મ પ્રવર્તે છે, તોપણ જ્ઞાનસ્વભાવથી અચલિત હોવાને લીધે નિશ્ચયથી તેઓ બાહ્યક્રિયાકર્મના કર્તા નથી, જ્ઞાનના જ કર્તા છે.**' લ્યો, આહા..હા..! જાણવા-દેખવાની પર્યાયનું પરિણમન ઈ એનું કર્તાપણું છે. રાગનું કર્તાપણું ધર્મીને ચોથે ગુણસ્થાનથી નથી. આવી વાત ન બેસે અને સમજે નહિ. ધર્મ થઈ જાય. આહા..હા..! '**અંતરંગ મિથ્યાત્વના અભાવથી તથા યથાસંભવ કષાયના અભાવથી તેમના પરિણામ ઉજ્જ્વળ છે.**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિના પરિણામ ઉજ્જ્વળ હોય છે. એ એને આર્તધ્યાન અને રૌદ્રધ્યાનના પરિણામ થાય તોપણ સમ્યગ્દર્શન અને કષાયના જે ભાવનો અભાવ છે એના પરિણામ એને ઉજ્જ્વળ ત્યાં વર્તે છે. શ્રદ્ધા અને જ્ઞાન કાર્ય કર્યા વિનાનું રહેતું નથી. આહા..હા..! '**તે ઉજ્જ્વળતાને તેઓ જ (-જ્ઞાનીઓ જ-) જાણે છે,...**' એ જ્ઞાનીઓ જ જાણે ઉજ્જ્વળતા અજ્ઞાનીને શું માપ કરતા આવડે? એ બહારથી એ આમ કરે છે... એ આમ કરે છે... એ આમ કરે છે... ભાઈ! બધા ચક્રવર્તી સમકિતી હોય છ ખંડના રાજ સાથે કહેવાય આમ બહારમાં. એની દૃષ્ટિ તો જ્ઞાનનું પરિણમન એ ઉપર છે. દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. પરિણમન જ્ઞાનનું છે એને. રાગનું એ પરિણમન એને નથી. આહા..હા..!

'**મિથ્યાદૃષ્ટિઓ તે ઉજ્જ્વળતાને જાણતા નથી. મિથ્યાદૃષ્ટિ તો બહિરાત્મા છે,...**' બાહ્યથી દેખાય છે. '**બહારથી જ ભલું બૂરું માને છે; અંતરાત્માની ગતિ બહિરાત્મા શું જાણે?**' આચાર્ય પોતે પોકાર કરે છે. આહા..હા..! ભાઈ! જેની બાહ્ય બુદ્ધિ રાગ અને પુણ્ય ઉપર અને નિમિત્ત ઉપર છે એવા મિથ્યાદૃષ્ટિઓ અંતરાત્માની ગતિને કેમ જાણે? એવી જ્ઞાનની અંતર મહિમા આવે. એને નિર્જરા થાય એમ કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્લોક-૧૫૪

(शार्दूलविक्रीडित)

सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमन्ते परं
यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि।
सर्वामेव निसर्गनिर्भयतया शङ्कां विहाय स्वयं
जानन्तः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवन्ते न हि।।१५४।।

હવે, આ જ અર્થના સમર્થનરૂપે અને આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यत् भय-चलत्-त्रैलोक्य-मुक्त-अध्वनि वज्रे पतति अपि] જેના ભયથી ચલાયમાન થતા-ખળભળી જતા-ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં, [अमी] આ સમ્યગ્દૃષ્ટિ જીવો, [निसर्ग-निर्भयतया] સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે, [सर्वाम् एव शंकां विहाय] સમસ્ત શંકા છોડીને, [स्वयं स्वम् अबध्य-बोध-वपुषं जानन्तः] પોતે પોતાને (અર્થાત્ આત્માને) જેનું જ્ઞાનરૂપી શરીર અવધ્ય (અર્થાત્ કોઈથી હણી શકાય નહિ એવું) છે એવો જાણતા થકા, [बोधात् च्यवन्ते न हि] જ્ઞાનથી ચ્યુત થતા નથી. [इदं परं साहसम् सम्यग्दृष्टयः एव कर्तुं क्षमन्ते] આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થ છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ નિઃશંકિતગુણ સહિત હોય છે તેથી ગમે તેવા શુભાશુભ કર્મના ઉદય વખતે પણ તેઓ જ્ઞાનરૂપે જ પરિણમે છે. જેમ ભયથી ત્રણલોકના જીવો કંપી ઊઠે છે-ખળભળી જાય છે અને પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં સમ્યગ્દૃષ્ટિ જીવ પોતના સ્વરૂપને જ્ઞાનશરીરવાળું માનતો થકો જ્ઞાનથી ચલાયમાન થતો નથી. તેને એમ શંકા નથી થતી કે આ વજ્રપાતથી મારો નાશ થઈ જશે; પર્યાયનો વિનાશ થાય તો ઠીક જ છે કારણ કે તેનો તો વિનાશિક સ્વભાવ જ છે. ૧૫૪.

ચૈત્ર વદ-૧, બુધવાર, તા. ૧૮-૦૪-૧૯૭૩
કળશ-૧૫૪-૧૫૫, ગાથા-૨૨૮, પ્રવચન-૩૭૨

૧૫૪ કળશ છે. ત્યાં જ આવ્યું છેને? '**હવે, આ જ અર્થના સમર્થનરૂપે અને આગળની ગાથાની સૂચનારૂપે કાવ્ય કહે છે :-**'

(शार्दूलविक्रीडित)

सम्यग्दृष्टय एव साहसमिदं कर्तुं क्षमन्ते परं
यद्वज्रेऽपि पतत्यमी भयचलत्त्रैलोक्यमुक्ताध्वनि।
सर्वामेव निसर्गनिर्भयतया शङ्कां विहाय स्वयं
जानन्तः स्वमवध्यबोधवपुषं बोधाच्च्यवन्ते न हि।।१५४।।

શું કહે છે? '**यत् भय-चलत्-त्रैलोक्य-मुक्त-अध्वनि वज्रे पतति अपि**' '**જેના ભયથી ચલાયમાન થતા...**' સમ્યગ્દૃષ્ટિની નિઃશંકતા વર્ણવે છે. આહા..હા..! ધર્મી જીવને શાશ્વત એવો જે જ્ઞાનસ્વભાવ એનો અનુભવ હોય છે. શાશ્વત આત્મા વસ્તુ નિત્ય એની દૃષ્ટિને લઈને એનો એને અનુભવ હોય છે. એથી સમ્યગ્દૃષ્ટિને '**જેના ભયથી ચલાયમાન થતા-ખળભળી જતા-ત્રણે લોક પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં,...**' વજ્ર પડે છે વજ્ર ઉપર. '**છતાં, આ સમ્યગ્દૃષ્ટિ જીવો,...**' ધર્મના આત્માના શાશ્વત સ્વભાવને જાણતો, અનુભવતો, માનતો એવો જે સમ્યગ્દૃષ્ટિ જીવ '**निसर्ग-निर्भयतया**' સ્વભાવિક નિર્ભય છે. સમજાય છે કાંઈ? આઠ બોલ આવશે હવે...

'**निसर्ग-निर्भयतया**' '**સ્વભાવથી જ નિર્ભય હોવાને લીધે,...**' વસ્તુ જ નિર્ભય છે. એવી વસ્તુની શાશ્વત સત્તાનો જ્યાં અંતર અનુભવ વર્તે એ ત્રણ લોકના માર્ગમાં તો વજ્રના પડવાથી માર્ગથી ખસી જાય ધર્મી તેમાંથી ચળે નહિ. લાખો, કરોડો વજ્ર પડે ઉપર પણ એમાં વસ્તુના અનુભવથી ચળે નહિ. કે મારો આમાં કાંઈ નાશ થયો? મને કાંઈ અંદરમાં ભીડ પ્રતિકૂળતાને લઈને પડી? એમ જ્ઞાની માનતો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આવું અંધારું. કેમકે સ્વભાવથી જ નિર્ભય છે. વસ્તુ જે શાશ્વત છે એના અનુભવને લઈને શાશ્વત ધ્રુવ ચીજના અનુભવને લઈને નિર્ભય છો, સ્વભાવથી નિસર્ગથી નિર્ભય છો. સ્વભાવ જ ધર્મીનો નિર્ભય થઈ જાય છે.

'**सर्वाम् एव शंकां विहाय**' '**સમસ્ત શંકા છોડીને,...**' કોઈપણ શંકા એને ભય

ઉપજાવે એવી શંકા એને હોય નહિ. આહા..! સમ્યગ્દર્શન એ ચીજ તો શાશ્વત પૂર્ણ પરમાત્મા એને સ્વીકારનારી દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- દૃષ્ટિ એટલે?

ઉત્તર :- અનુભવ. દૃષ્ટિ એટલે શ્રદ્ધા, અનુભવ એટલે જ્ઞાન.

મુમુક્ષુ :- .. શ્રદ્ધા કે..

ઉત્તર :- એ બધું સાથે ને સાથે છે. દૃષ્ટિ એ શ્રદ્ધાનો વિષય છે. શ્રદ્ધા છે અને જ્ઞાન એ અનુભવની પર્યાય છે. આનંદની સાથે. શ્રદ્ધા, જ્ઞાન અને આનંદ એ ત્રણે એક સાથે હોય છે. સમજાય છે કાંઈ? વસ્તુ પરિપૂર્ણ. અહીં તો નિર્ભય લેવું છેને એટલે શાશ્વત વસ્તુ જ્યાં આ છે એવી જ્યાં અંતર દૃષ્ટિ અને અનુભવ થયો એને સ્વભાવિક નિર્ભયતા હોય છે. હું નિર્ભય થાઉ અને નિર્ભય રહું એવું પણ છે નહિ. એમ કહે છે. કેમકે પોતાની ચીજ તો નિત્ય, શાશ્વત છે. એ શાશ્વતને કોઈ બહારની ચીજ અડી શકતું નથી. કોઈ પ્રતિકૂળ કે અનુકૂળ એને કોઈ અડતું પણ નથી. આહા..હા..! તેથી લાખો, કરોડ વજ્ર માથે પડે, ત્યાં દેવો આદિ પણ જરી ખસી જાય માર્ગથી. આ માર્ગથી ખસે નહિ એમ કહે છે. ઈ માર્ગ... અંદર માર્ગથી ખસી ન જાય. એ તો .. એવો આવે તો ક્ષેત્રાંતર કરે. પહેલો ભાગ એ કરે છે. ઘણા માણસો એવા હોય .. આપણે બદલી નાખે. પણ એથી અંદરમાં એને કાંઈ શંકા પડી જાય છે અને ભય છે એમ છે નહિ. કહો, પંડિતજી!

સ્વભાવથી '**समस्त शंका छोडीने,...**' સ્વભાવને લઈને, એવો સ્વભાવ જ થઈ જાય છે કહે છે. '**स्वयं स्वम् अबध्य-बोध-वपुषं जानन्तः**' શું જાણે સમકિતી? પોતાને કેમ જાણે? કે '**स्वयं स्वम् अबध्य-बोध-वपुषं**' '**પોતે પોતાને (અર્થાત્ આત્માને) જેનું જ્ઞાનરૂપી શરીર અવધ્ય...**' જ્ઞાનસ્વરૂપ જેનું અવધ્ય છે. કોઈથી હણી શકાય, હણાય એવું છે નહિ. સમજાણું? '**જેનું જ્ઞાનરૂપી શરીર...**' જ્ઞાન શરીર. આ શરીર તો જડ છે. જ્ઞાનપુંજ પ્રભુ આત્મા પરમાત્મસ્વરૂપી વજ્રનો પિંડ ઈ આત્મા છે. એવું જે '**अवध्य (અર્થાત્ કોઈથી હણી શકાય નહિ એવું) છે એવો જાણતા થકા,...**' જાણતા નામ એમ અનુભવતા. જ્ઞાનમાં આત્મા શાશ્વત છે એમ અનુભવમાં આવતા. '**बोधात् च्यवन्ते न हि**' સ્વરૂપની દૃષ્ટિથી '**च्युत થતા નથી.**' સ્વરૂપ શુદ્ધ આનંદકંદ છે એ સમ્યગ્દૃષ્ટિ જીવ ત્યાંથી ખસતા નથી. '**च्युत થતા નથી.**'

'**इदं परं साहसम् सम्यग्दृष्टयः एव कर्तुं क्षमन्ते**' '**આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થ છે.**' કહો, સમજાણું કાંઈ? આહા..હા..! '**આવું પરમ સાહસ...**' હું ચૈતન્યબિંબ આનંદકંદ જ્ઞાન જાણક સ્વભાવ, જાણક સ્વભાવ એ મારું શરીર, એ મારું સ્વરૂપ એ અવધ્ય છે. કોઈથી હણી શકાય નહિ. એવું '**साहस કરવાને માત્ર...**'

છેને? **'इदं परं साहसम् सम्यग्दृष्टयः एव कर्तुं क्षमन्ते'** .. જ્યારે બહાર નીકળ્યો તો કરોડપતિ હતો. ઘોડાગાડી લઈને ફરવા ગયો બહાર. જ્યાં ફરીને આવે કુટુંબ ને મકાનને બધા ધરતીકંપ થઈ ગયો. એક .. હજાર રૂપિયાનું .. રહી ગયું. ચાંદીની.. કરોડમાંથી આટલું. ફરી ગયું. વાર લાગે? એ કાંઈ .. છે? પણ સમ્યગ્દષ્ટિ એ કાળે નિર્ભય હોય છે. ક્યાં જશું? શું થશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ અસ્થિરતાના વિકલ્પમાં. અંતરની દૃષ્ટિમાં નથી એને. શ્રદ્ધા. શ્રદ્ધામાં જોર છે કે હું શાશ્વત છું. શ્રેણિક રાજા લ્યો એના પુત્ર, એનો દીકરો .. એણે કેડમાં શ્રેણિક રાજા ક્ષાયિક સમકિતી. અને તીર્થંકરગોત્ર બાંધેલું. ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. કેડમાં પૂર્ણો એના .. દીકરે ... જુઓને. એ બધું થાય છે દુનિયાને ખબર નથી. એના એ છોકરા ફરે. એક પાય આપે નહિ અને હેરાન કરીને કાઢે. ખાનગી ખૂણે મારે. એ તો માણસના.. સાંભળ્યું છેને, જોયું છેને. એનો છોકરો અંદર ખૂણામાં...

મુમુક્ષુ :- એ તો રસ્તા ઉપર લઈ જાય ત્યાં...

ઉત્તર :- રસ્તા ઉપર .. આ તો અંદર. બજારમાં દુકાન અને બોલવા જાય આકરું બાપ. છોકરો કહે જોજો હોં બોલશો નહિ કાંઈ હોં. ઘોદા મારે. એય..! પોપટભાઈ! એમ સમજશો નહિ કે અમારા છોકરા સારા છે માટે રહેશે. એ તો પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી એવી સરખાય દેખાય. આહા..હા..! ઈ બહારથી એમ લાગેને. દુકાન હોય અડધું તો કપડું આડું હોય. ઓલું આમ રાખે કે નહિ? શું કહેવાય? પડદો. અડધો પડદો આડો હોય, અડધો ખાલી હોય. ઓલો બાપેય સાટે એવો હોય હોં સરખાઈની ગાળું દે મારો. ભુંડામાં ભુંડી ગાળું દે છોકરાવને. છોકરા .. અંદર રખાવશે. એય..! ભગવાનભાઈ!

મુમુક્ષુ :- એ તો બીજા

ઉત્તર :- એ ...

મુમુક્ષુ :- હજારોમાં કોક બન્યું એવો દાખલો

ઉત્તર :- પણ એવું અનંતવાર બન્યું છે પ્રત્યેકને. આહા..હા..! એને ખબર ક્યાં છે? પણ ધર્મ જો હોય એને આત્માનું ભાન. હું તો આનંદ અને શુદ્ધ ચૈતન્યઘન છું. એવી શાશ્વત વસ્તુને કોઈ ડર અને કોક ભય છે નહિ. આહા..હા..! ભલે સાધુ ન થયો હોય પણ સમ્યગ્દર્શનમાં વસ્તુનું શાશ્વત ભાન છેને? .. શાશ્વત છે. એનો એક કણ કે કાંઈ પણ પ્રદેશ ખંડિત થાય એવી ચીજ નથી. સમ્યગ્દર્શનમાં એવી ચીજનું અનુભવ પ્રતીતમાં હોય છે એને. શ્રેણિકા રાજાએ માથું ફોડ્યું. ..ને નાખ્યો હતો ઓલો .. કરવા.

મુમુક્ષુ :- દિગંબરમાં પણ માથુ ફોડ્યું એમ આવે છે?

ઉત્તર :- આવે છે ખરું. કાંઈક છે બીજું કાંઈ. પણ એ તો મરી ગયા. એમ આવે છે. બીજી રીતે. અકાળ મૃત્યુ એટલે ઈ જાતનું. બીજી રીતે નથી મર્યા. આપઘાત કર્યો છે. પાઠ છેને. આપઘાત એવો પાઠ છે. રતન પ્રગટ્યું છે. કાંઈ રતન .. રતન હોયને હીરો .. એમ આવે છે. કારણ કે ઓલા કોણિક સ્વતંત્ર રાજ કરવું હતું એટલે બધા ભાઈઓને ભેગા કરીને .. નાખ્યું. સમકિતી ક્ષાયિક શ્રેણિક રાજા. શેઠ! તીર્થંકર થવાના ઈ. હવે છોકરાએ ભેગા થઈ. કોણિકે ભેગા કર્યા ઓલા. તમને આ આપશું, તમને આ આપશું. હું રાજા છું. બાપને નાખ્યા કેદે. પૂર્યા. એ પૂરીને એની મા પાસે આવ્યો. કોણિક. માતા! કેમ ઉદાસ છો આજે? ભાઈ! તે શું કર્યું આ? તારા બાપુને તે આ શું કર્યું? તારા બાપુએ તો એવી તારા ઉપર કરૂણા આપી કે તું જન્મ્યો. જન્મ્યા પહેલા મને સપનું આવેલું. સપનું શું? શું કહેવાય એ? દોરો. તું પેટમાં આવ્યો એટલો .. આવ્યો. શ્રેણિકનું કાળજું ખાઉં. .. આવ્યો એટલે મને એમ થયું કે અરેરે..! પેટમાં આ આવ્યો? આ જીવને શું કરશે બહાર નીકળીને? એટલે મેં જન્મ્યા ભેગો ઉકરડે નખાવી દીધો માતા કહે. ઉકરડો સમજ્યાને? કચરાનો ઢગલો. કૂડાકા ઢેર. ત્યાં નાખી દીધો. પછી ત્યાં આગળ ઓલો કુકડો-કુકડો. કુકડા નથી હોતા? મરઘા. મરઘો આવ્યો એટલે તાજું જન્મેલું અને આમ મારી ઓલી ચાંચ કુકડે. કોમળ શરીર. આ રોવે... રોવે... રોવે... કોણીક. એમાં રાણી પાસે આવ્યો. શું થયું? ક્યાં નાખ્યો? આ બાળક પેટમાં તમને મારી નાખશે. .. ભાવ આવે ત્યારે શું કરશે? મેં એને ફેંકી દીધો. અરર..! શ્રેણિક કહે પહેલું પેટ કહેવાય. એમ ને એમ શ્રેણિક ત્યાં ઉકરડે આવ્યા. આ તારો બાપ ત્યાં આવ્યા અને તું આ રો..રો.. કરતો હતો. આમ પૂછયું ભાઈ! તારા બાપનું .. હેં! અરરર..! .. હથિયાર લઈને ઓલો .. જાતો હતો. આને ભય લાગી ગયો મારી નાખશે. જુઓ હવે. આહા..હા..!

મુમુક્ષુ :- ...નો ભય.

ઉત્તર :- હા, પણ આ અસ્થિરતાનો ભય છે અંદરનો નહિ. આહા..હા..! ઈ અંદર ઓલો કાપવા આવે છેને ત્યાં પહેલો .. લીધો. .. લીધો. ... આહા..હા..! પણ અંદર નિર્ભય છે. મારી ચીજને કોઈ હાનિ કરી શકે એવી મારી ચીજ જ નથી. આહા..હા..! જુઓને પુણ્ય ફરે દીકરા કહે મારી નાખવો. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માર્ગ આમ ... આહા..હા..! માને નાકે કૂવામાં. છોકરાને, ભાઈને આપે ઝેર. આહા..હા..! બધા ઘણા જોયા છેને. એ તો પુણ્યના-પાપના રજકણોનો ભાર છે. ધર્મીને એવા પ્રતિકૂળ સંયોગમાં પણ હું તો શુદ્ધ ચૈતન્યઘન નિઃશંક છું એટલે નિર્ભય છું. આહા..હા..! સમ્યગ્દર્શન એટલે શું ચીજ છે એ લોકોને એનું માહાત્મ્ય જ નથી. સમજાય છે કાંઈ? આ બહાર ત્યાગ કરે થઈ ગયો ધર્મી. બાપુ! એ ધર્મી નથી. આહા..હા..! જેને અંતર ચૈતન્યઘન,

વિજ્ઞાનઘન, જેનું જ્ઞાન શરીર સ્વરૂપ પ્રભુ છે. આ શરીર નહિ, રાગ પણ નહિ. એવું જેનું જ્ઞાન વજ્રમય શાશ્વત ધ્રુવ એવું સ્વરૂપ એની અંતર અનુભવને લઈને ધર્મી નિઃશંક અને નિર્ભય છે.

'**આવું પરમ સાહસ કરવાને માત્ર સમ્યગ્દૃષ્ટિઓ જ સમર્થ છે.**' એવું સાહસ અજ્ઞાનીને હોય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓ એ હીરો ચુસ્યો. અંદરમાં નથી. અંદરમાં ... વસ્તુ નિર્ભય નિઃશંક છે. એ અસ્થિરતાનું, રાગનું ઓલું આવ્યું હતું. એને પણ જાણવાની દશામાં તો જાણે જ છે. ઉદય ઉદયનું કામ કરે, જાણનાર જાણનારનું કામ કરે. આહા..હા..! ધર્મ ચીજ દુર્લભ છે. અલૌકિક છે. અને પહેલો જ સમ્યગ્દર્શન ધર્મ. પછી ચારિત્ર હોય. એ સમ્યગ્દર્શનમાં કહે છે કે સાહક કરવાને ધર્મી એક જ સમર્થ છે. આહા..હા..!

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ...**' સાચી દૃષ્ટિ એટલે કે જેવું સત્સ્વરૂપ છે ત્રિકાળ. એની જેને અંતરમાં અનુભવ થઈને પ્રતીત થઈ છે. આ આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે. એમ અંતરમાં જ્ઞાનમાં આનંદના વેદનસહિતના ભાનમાં જે પ્રતીત થઈ છે. એ '**નિઃશંકિતગુણ સહિત હોય છે...**' આખી દુનિયા ડોલી જાય પણ એ ડોલાય નહિ. આહા..હા..! '**તેથી ગમે તેવા શુભાશુભ કર્મના ઉદય વખતે...**' લ્યો ઠીક! આહા..હા..! આમ તો સમકિતી હતા શ્રીકૃષ્ણ પણ. જેને દેવો સેવા કરતા. દેવોએ તો દ્વારકા બાવી દીધી હતી. આહા..હા..! પણ જ્યાં અશુભનો ઉદય આવ્યો એ હજારો રાજા જેની તહેનાતમાં રહેતા. ખમ્મા અન્નદાતા! હીરાના સિંહાસન ચામર ઢાળે રાજાઓ. ઈ જ્યારે બળદેવ અને વાસુદેવ દ્વારકા સળગે છે પોકાર અંદર રાજા અને રાણીઓનો. ગામમાં કુંવરોનો, રાણીઓનો. એય..! વાસુદેવ! ક્યાં ગયા તમે બળજોરીએ આ .. અમે અહીંયાં બળીએ છીએ. આહા..હા..! એ બહાર ઉભા-ઉભા ભાઈ! આંખમાં આંસુની ધાર અંદર નિર્ભય છે હોં. આહા..હા..! બળદેવને કાંધે નાખી આ શ્રીકૃષ્ણ ભાઈ! ક્યાં જાશું હવે? આ સળગે છે. રાણીઓ સળગે, બળે, દીકરાઓ બળે. આહા..હા..! રાજકુમારો હીરા-મણિરત્નની પુતળીયું જેવા બળે હળ... હળ... હળ... શું કરે? આહા..હા..! ભાઈ! ક્યાં જાશું હવે? બળદેવ કહે છે બંધવ! પાંડવોને આપણે દેશ બહાર કર્યા છે. આપણે ત્યાં જઈએ. અરે..! ભાઈ! આપણે દેશ બહાર કર્યા છેને... એ પાંડવો સઙ્કટ્ટન છે પાંડવો સઙ્કટ્ટન છે. આપણને સંઘરશે. આહા..હા..! એ શુભાશુભ કર્મના ઉદયની સામગ્રી એવી હોય છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહ્યુંને? '**શુભાશુભ કર્મના ઉદય વખતે પણ તેઓ જ્ઞાનરૂપે જ પરિણમે છે.**' જાણક સ્વભાવરૂપે જ અંદર આનંદરૂપે જ હોય છે. આહા..હા..! ચાહે તો સાતમી નરકનો સંયોગ હોય કે ચાહે તો સમવસરણ જેવી ઋદ્ધિમાં બેઠો હોય સમકિતી. કઈ પરઋદ્ધિથી એને કાંઈપણ અસર છે નહિ. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ તો નરકમાં પડ્યા છે. એને હજારો,

લાખો વીંછી શરીરને કરડાવે. આંકડિયા વીંછી. વીંછીનો .. હોય રાજા જેવો કાળો .. આમ. બહાર. મોટો મારી નાખે. એ કરડ્યો હોય તો મરી જ જાય માણસ. એવા હજારો વીંછી. નારકીમાં એ પરમાધામીએ બનાવીને કરડાવે. આ હકીકત છે હોં આ. વાર્તા એમ નથી. આહા..હા..! એ વખતે પણ સમ્યગ્દૃષ્ટિ જીવને આવા પ્રતિકૂળ સંયોગમાં પણ સાહસિક છે અંદર.

મુમુક્ષુ :- ... સમવસરણ પોતે બનાવે છે?

ઉત્તર :- પોતે બનાવે છે. બનાવે જ છેને. હજારો વીંછી પાછા હોં. એક વીંછીએ મરી જાય એવા હજારો વીંછી આહા..હા..! કાળા. એક ફેરી જોયો હતો ઘણા વર્ષ પહેલાં. કાળો વીંછી તે આવડો મોટો લાંબો. .. હોય બે એવા કાળો. કીધું આ સાકરીયો વીંછી કહે છે. એવા સમ્યગ્દૃષ્ટિ જીવ છેને. અશાતાના ઉદયને લઈને .. હોય. મને કાંઈ વીંછીનો પણ કરડ અડતો નથી અને રાગને પણ હું સ્પર્શતો નથી. આ તે કાંઈ વાત! એનું નામ સમ્યગ્દર્શન કહેવાય. રાગનો વિકલ્પ ઉઠે એને સ્પર્શતો નથી. વિભાવ અને સ્વભાવ બે ચીજ જ્યાં ભિન્ન. આહા..હા..! ઈ કોને છુએ? કોને અડે?

એમ '**ગમે તેવા શુભાશુભ કર્મના ઉદય વખતે...**' ઉદયને કાળે પણ એમ. '**તેઓ જ્ઞાનરૂપે જ પરિણમે છે.**' દેવો જ્યાં આમ સહાય કરતા હોય. ખમ્મા-ખમ્મા. અંતરમાં ધર્મીને તો સ્વભાવના આનંદ આગળ કોઈ ચીજ અનુકૂળ આવતી નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**જેમ ભયથી ત્રણલોકના જીવો કંપી ઊઠે છે-ખળભળી જાય છે અને પોતાનો માર્ગ છોડી દે છે એવો વજ્રપાત થવા છતાં...**' વજ્રનું પડવું થાય ઉપરથી હજારો ઈન્દ્ર દેવો વજ્રપાત. એક વજ્રે ચુરો થઈ જાય શરીરને. આહા..હા..! '**એવો વજ્રપાત થવા છતાં સમ્યગ્દૃષ્ટિ જીવ પોતના સ્વરૂપને જ્ઞાનશરીરવાળું માનતો થકો...**' હું તો જ્ઞાનસ્વભાવી વસ્તુ છું. રાગ જ્યાં મારામાં નથી તો શરીરની ક્રિયાઓમાં જે ફેરફાર થાય એ મારામાં થાય છે એમ છે નહિ. આહા..હા..! એથી ધર્મીને નિર્જરા થાય છે એમ કહે છે. કર્મનો ઉદય જ્યાં આવ્યો .. અઘાતિ. અંદરમાં પણ જરી રાગનો ભાવ આવ્યો. .. ખરી જાય છે. આહા..હા..!

'**જ્ઞાનથી ચલાયમાન થતો નથી.**' એટલે આત્માના સ્વભાવના અનુભવથી ખસી જતો નથી. રાગમાં એકત્વ થતું નથી. રાગમાં એકત્વ થતું નથી તો શરીરની ક્રિયામાં તો એકત્વ ક્યાંથી હોય? એ તો અજ્ઞાનીને પણ છે નહિ પરની એકતા. એ માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ એવો છે. અને '**તેને એમ શંકા નથી થતી કે આ વજ્રપાતથી મારો નાશ થઈ જશે;...**' કોનો નાશ થાય? ભગવાન નિત્ય શાશ્વત છે. શાશ્વતને નાશપણું શું હોય? નાશપણું અને શાશ્વત બે તો વિરોધ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? '**પર્યાયનો**

વિનાશ થાય તો ઠીક જ છે...' એ તો નાશ થાય જ ત્યાં તો. નાશ થવાને લાયક છે તો થાય જ.

મુમુક્ષુ :- પર્યાય એટલે?

ઉત્તર :- શરીર. કહો, સમજાણું કાંઈ? અહીં તો શરીરની વાત છે. '**પર્યાયનો વિનાશ થાય તો ઠીક જ છે કારણ કે તેનો તો વિનાશિક સ્વભાવ જ છે.**' આહા..હા..! આત્મા સમ્યગ્દર્શન એટલે ત્રિકાળી ચિદાનંદ આનંદ ધ્રુવ એની દૃષ્ટિ થઈને, જ્ઞાન થઈને અનુભવ થવો, એમાં પ્રતીત થવી. આહા..હા..! વસ્તુની શુદ્ધતા પર્યાયમાં આવી અને એનાથી પ્રતીત થવી ... ચીજ શુદ્ધ આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! '**વજ્રપાતથી મારો નાશ થઈ જશે; પર્યાયનો વિનાશ થાય તો ઠીક જ છે કારણ કે તેનો તો વિનાશિક સ્વભાવ જ છે.**'

ગાથા-૨૨૮

सम्मादिट्ठी जीवा णिस्संका होंति णिब्भया तेण।
सत्तभयविप्पमुक्का जम्हा तम्हा दु णिस्संका।।२२८।।
सम्यग्दृष्टयो जीवा निश्शङ्का भवन्ति निर्भयास्तेन।
सप्तभयविप्रमुक्ता यस्मात्तस्मात्तु निश्शङ्काः।।२२८।।

येन नित्यमेव सम्यग्दृष्टयः सकलकर्मफलनिरभिलाषाः सन्तोऽत्यन्तकर्मनिरपेक्षतया वर्तन्ते, तेन नूनमेते अत्यन्तनिश्शङ्कदारुणाध्यवसायाः सन्तोऽत्यन्तनिर्भयाः सम्भाव्यन्ते।

હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :-

સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને
છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮

ગાથાર્થ :- [सम्यग्दृष्टयः जीवाः] સમ્યગ્દૃષ્ટિ જીવો [निश्शंकाः भवन्ति] નિઃશંક હોય છે **[तेन]** તેથી [निर्भयाः] નિર્ભય હોય છે; [तु] અને [यस्मात्] કારણ કે [सप्तभयविप्रमुक्ताः] સપ્ત ભયથી રહિત હોય છે [तस्मात्] તેથી [निश्शंकाः] નિઃશંક હોય છે (-અડોલ હોય છે).

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિઓ સદાય સર્વ કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે, તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક દારુણ (દૃઢ) નિશ્ચયવાળા હોવાથી અત્યંત નિર્ભય છે એમ સંભાવના કરવામાં આવે છે (અર્થાત્ એમ યોગ્યપણે ગણવામાં આવે છે.)

ગાથા-૨૨૮ ઉપર પ્રવચન

'**હવે આ અર્થને ગાથા દ્વારા કહે છે :-**' હવે કુંદકુંદાચાર્ય કહે છે.

सम्मादिट्ठी जीवा णिस्संका होंति णिब्भया तेण।
सत्तभयविप्पमुक्का जम्हा तम्हा दु णिस्संका।।२२८।।
સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને
છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ૨૨૮

'**ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિઓ...**' ચાહે તો એ સ્ત્રીનો દેહ હોય, નારકીનો દેહ હોય, પુરુષનો હોય, પણ એ કાંઈ આત્મા નથી. એ દેહમાં બિરાજમાન ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એનો અનુભવ હોવાથી '**સમ્યગ્દૃષ્ટિઓ સદાય સર્વ કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી...**' આહા..હા..! સર્વ કર્મોનું ફળ અભિલાષા નથી. આત્માના સ્વભાવના આનંદના ફળનું જ્યાં વેદન. એના કર્મના ફળની અભિલાષા ક્યાંથી હોય? આહા..હા..! જુઓ, આનું નામ સમ્યગ્દર્શન. કે આવું પુણ્ય કર્યું આવા ફળે તો ઠીક. એવું સમ્યગ્દૃષ્ટિને હોતું નથી. આહા..હા..! મારો આત્મા આનંદનો દાતા. પ્રભુ આનંદનો દાતા એક અપેક્ષાએ કહીએ તો હોં. પર્યાયનો દાતા આત્મા નથી. કહો, સમજાણું કાંઈ? યોગસારમાં આવે છેને. છાપામાં આવી ગયું છે. આત્માની પર્યાયનો દાતા આત્મા નથી. પર્યાય પર્યાયનો દાતા. શેઠ! આવી ચીજ છે. આહા..હા..!

ભગવાન તો ત્રણ લોકનો નાથ ધ્રુવ એક સમયની પર્યાયને કેમ આપે કહે છે. આહા..હા..! પણ અહીં તો અભેદથી કથન છે. તેથી એમ કે આત્મા પોતે પોતાના ફળના આનંદને અનુભવતો કર્મના ફળની એને અભિલાષા હોતી નથી. કે આવું ફળે તો ઠીક, અનુકૂળતા આવી રહે તો ઠીક. એવી અભિલાષા સમકિતીને હોતી નથી. કેમકે મરણ થવા પહેલાની સામગ્રીઓ જો અનુકૂળ હોય ત્યાં તો ઠીક સમાધિમરણ થાય. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? એ વખતે તો રજકણે રજકણ .. હોય બીજી રીતે. તોપણ ધર્મીને આનું તો કાંઈ બીજું ફળ આવે, શરીર હમણા આમ થઈ જાય. કર્મ શાતાનો ઉદય આવી જાય તો આમ થઈ જાય.

એવી અભિલાષા ધર્મીને હોતી નથી. આહા..હા..! પ્રતિકૂળ કેટલો કાળ રહેશે? હમણા અનુકૂળ આવશે. એવી અભિલાષા એને નથી. આહા..હા..! બહારની ભાવના છે. અંતર વસ્તુ ભગવાન આત્મા એની શ્રદ્ધાના ભાવનાવાળો એની શ્રદ્ધા છે તો એની ભાવના છે એને. આહા..હા..! વાત પણ એવી છે જરી. '**સર્વો કર્મોના ફળ...**' ભાષા એવી છેને. આહા..હા..! તીર્થંકર પ્રકૃતિ બાંધી છેને. હવે તીર્થંકર તો થઈશને. એવા ફળની પણ ઈચ્છા જ્યાં નથી. આહા..હા..!

મુમુક્ષુ :- એવો વિકલ્પ છેને.

ઉત્તર :- વિકલ્પ પણ નથી. એ જાતનો વિકલ્પ નથી. આમ જાણવામાં હોય કે ભગવાને કીધું છે તીર્થંકર થઈશ, થશે એમ ખ્યાલમાં આવે, પણ એથી પ્રકૃતિનું ફળ આવું-આવું આવશે એવી ભાવના હોતી નથી. પ્રકૃતિનું ફળ તો ઝેર છે. આહા..હા..! ૧૪૮ પ્રકૃતિ ઝેરના ઝાડ છે. આહા..હા..! તીર્થંકર પ્રકૃતિ પણ ઝેરનું ઝાડ છે. એમાંથી સંયોગ આવે. એમાં આત્માની એકતા ક્યાં આવી? સમજાય છે કાંઈ? મારગડો એવો જુદો છે, ભાઈ! આહા..! જે પંથે ગયો ધર્મી એ પંથે તું પૂર્ણતા કરીને .. કર એવો પંથ છે. આહા..હા..! એને વચમાં કોઈ વિઘ્ન કરે અને બીજા અનુકૂળ નિમિત્ત અભિલાષા કરે એમ છે નહિ. આહા..હા..! એમ પ્રતિકૂળતા હોય તો બીજા પૂછવા તો ન આવે. કારણ કે પ્રતિકૂળ.. એવી અભિલાષા જ્ઞાનીને હોતી નથી.

'**સર્વ કર્મોનાં ફળ...**' કીધું છેને? શાતા-અશાતા બેય. સર્વ સદાય સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! '**સર્વ કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...**' રાગનું થવું અને રાગના બંધનથી બહારનું ફળવું બધાથી ધર્મી નિરપેક્ષપણે વર્તે છે. આહા..હા..! ભારે વાત! કારણ કે રાગ એ તો આસ્રવતત્ત્વ છે. શરીર એ તો અજીવ તત્ત્વ છે. બેની અપેક્ષા છોડી દઈને આત્માની ભાવના કરનારો પરથી તો નિરપેક્ષ છે. હવે આટલી સામગ્રી કાંઈક હોયને તો ઠીક થાય. ભગવાનનું સ્મરણ થાય, ધ્યાન થાય, સામગ્રીની પ્રતિકૂળતામાં .. તો ન જવાયને. એવી ભાવના સમકિતીને હોતી નથી. એ ગમે તેવા શરીરની દશામાં પણ જેને પોતાનું માનતો નથી એમાં ગમે તે થાય અને જેમાં પોતાનું માને છે એમાં તો એનો આશ્રય અને દૃષ્ટિ પડી છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આખી દુકાન સંસારની ઉઠાવવાની વાત છે. મોટો પડ્યો પાથર્યોને બધું કર્યું છેને લાંબુ. એ લાંબો પોતે તો થયો નથી. અજ્ઞાન અને રાગ-દ્વેષને લાંબો કર્યો છે. આહા..હા..! એ સંકેલી છે દૃષ્ટિ. ધર્મી સમ્યગ્દૃષ્ટિએ દૃષ્ટિ સંકેલી છે. હું તો મારા સ્વભાવમાં છું. મારા સ્વભાવને રાગ અને શરીરની ક્રિયા અડતી જ નથી. તો પછી આવો રાગ હોય તો ઠીક અને આવી શરીરની ક્રિયા હોય તો ઠીક. એવા કર્મના ફળની ઈચ્છા છે નહિ.

'**કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...**' આહા..હા..! એને એમ નથી કે આવો

શુભભાવ હોય તો ઠીક આ કાળે. એવી પણ જેને અપેક્ષા નથી. આહા..હા..! કેમ? કે જ્ઞાયકસ્વભાવ ચૈતન્ય નિત્યાનંદ પ્રભુનું ભાન છે. એથી એને જે સમયે જે પ્રકાર થવાનો તે આવે, આવે ને આવે જ. એ પર્યાય જે આવે રાગાદિ એને ફેરવવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણો નિર્જરા અધિકાર ઝીણો બહુ. રાગનો ઉત્પત્તિ કાળ હોય શુભનો .. એને ફેરવું એ જ્ઞાનીને હોતું નથી. એ તો તે કાળે જેવી યોગ્યતા છે, એના નિયમમાં જે રાગાદિ એ આવશે. તે કાળે તેને જાણનારો પણ ભગવાન સ્વપરપ્રકાશકપણે આવશે. તે તે કાળે તે સ્વપરપ્રકાશપણે રહેશે. આહા..હા..! સમજાણું?

નિરપેક્ષપણે વર્તે છે. '**અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...**' આહા..હા..! આવો શુભભાવ હોય તો ઠીક એવી પણ જેને અભિલાષા હોતી નથી. આહા..હા..! ચૈતન્ય જાણક સ્વભાવી પ્રભુ વસ્તુ જાણકસ્વભાવી આત્મા એનું જ્યાં ભાન થયું એટલે એને આવા કર્મના ફળની ઇચ્છા હોતી નથી. નિરપેક્ષ વર્તે છે. ઓહો..હો..! સમ્યગ્દષ્ટિને અમુક જાતનો રાગ હોય તો ઠીક, અમુક જાતનો સંયોગ હોય તો ઠીક. બેય અભિલાષા છૂટી ગઈ છે. આહા..હા..! અઘાતિને કારણે આવો સંયોગ હોય તો ઠીક, ઘાતિના ઉદયમાં આવો રાગ હોય તો ઠીક. જેની રુચિ ઉડી એની ભાવના કેમ હોય? સમજાણું કાંઈ?

'**તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક દારુણ (દઢ) નિશ્ચયવાળા હોવાથી...**' આહા..હા..! ધર્મી જીવ કેમ નિર્જરા કરે કર્મની અને અશુદ્ધતા કેમ ટળે એને? કે પરપ્રત્યે તો અત્યંત નિરપેક્ષપણે વર્તે છે. આહા..હા..! રાગનો વિકલ્પ અને દેહની ક્રિયા એ બેય પ્રત્યે તો નિરપેક્ષપણે વર્તે છે. દેહની અપેક્ષા એમાં નથી. '**અત્યંત નિર્ભય છે...**' **અત્યંત નિર્ભય છે...**' '**અત્યંત નિઃશંક દારુણ (દઢ) નિશ્ચયવાળા હોવાથી...**' શું કહ્યું? '**અત્યંત નિઃશંક દારુણ (દઢ) નિશ્ચયવાળા હોવાથી...**' એમ. બહુ પણ અમૃત રેડ્યા છે. આહા..હા..! અરે..! જેને અમૃતના સ્વાદ આવ્યા અને અમૃતમય તો ત્રિકાળ છે એવું ભાન થયું એને બહારના કઈ પદાર્થની અભિલાષા હોય? સ્વસન્મુખની એકાગ્રતાનો જેનો ભાવ હોય છે. આહા..હા..! છતાં રાજમાં હોય, ઇચ્છા આવે આ રાજાને આમ કરો, ફલાણું કરો એ બધી અસ્થિરતાની વાતું. દષ્ટિ અને શ્રદ્ધા અને જ્ઞાનમાં જે નિર્ભયતા છે એને આ અસ્થિરતાનો રાગ એને અસર કરે એમ નથી.

'**ખરેખર તેઓ અત્યંત નિઃશંક દારુણ (દઢ) નિશ્ચયવાળા...**' અત્યંત નિઃશંક અને આકરા નિશ્ચયવાળા હોવાથી. ઓહો..હો..! '**અત્યંત નિર્ભય છે...**' '**અત્યંત નિઃશંક દારુણ (દઢ) નિશ્ચયવાળા હોવાથી અત્યંત નિર્ભય છે એમ...**' વસ્તુ અખંડ અભેદ એવી જ્યાં દષ્ટિ થઈ, એથી એ દષ્ટિમાં પરની અપેક્ષા તો રહેતી નથી કે આવું હોય તો ઠીક, પણ દુઃખ હોયને તો ઠીક. તો કાંઈક ભજાય ભગવાન. એમ આવે છેને? તુલસીદાસમાં કહે

છે. સુખે ભજીશું. દુઃખ હોય તો કાંઈક.. એ વાતેય જૂઠી.

મુમુક્ષુ :- દુઃખમેં સમીરન સબ કરે, સુખમેં કરે નહિ કોઈ.

ઉત્તર :- હા, 'સુખકે દાસે .. હરિ હૃદયસે જાય' એમ આવે છે. 'બલિહારી એ દુઃખકી જ્યાં પલ પલ રામ સમાય.' એ વાત પણ નથી અહીં તો કહે. ઉંટને માથે શીલા પડો. શીલા સમજ્યા? શીલા-પત્થર. શીલા.. જાવ ચાલ્યા જાવ. 'હરિ હૃદયસે જાય...' જ્યાં હરિ પરમાત્મા અંદરમાં સ્વરૂપે બિરાજમાન દૃષ્ટિમાંથી ખસી જાય. .. જાણે. 'હરિ હૃદયસે...' ભાઈ! 'બલિહારી એ દુઃખની...' એમ કહે છે, પોપટભાઈ! ઈ છ છોકરા બેઠા હોય અને છ વહુરી બેઠી હોય અંદર બેઠા હોયને. કાંઈ ન હોય તો હું એકલો છું. મારી સાધન સગવડતા મારી પાસે જ છે. બીજાની સગવડતા અને સાધનની મને જરૂર નથી. આહા..હા..!

મુમુક્ષુ :- ભલે જરૂર ન હોય પણ .. બને જ છે.

ઉત્તર :- હોય તો એને ઘરે રહ્યા. અહીં ક્યાં આવ્યા? એને ઘરે રહ્યા ઈ. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! બહુ ટીકા! ભાષા તો એ કરી કે સમ્યક્ ધર્મ જ જ્યાં આત્માનું ભાન, આત્માનો વિશ્વાસ સમ્યક્ અનુભવમાં આવ્યો. આ તો પૂર્ણ શુદ્ધ અને આનંદ શાશ્વત છે. આહા..હા..! એમાં એને બધા કર્મના ફળની અભિલાષા નથી. તેથી '**અત્યંત નિરપેક્ષપણે વર્તે છે,...**' આહા..હા..! પૂર્વે શાતા બાંધેલો હોય તો અત્યારે હવે ફળજો, શરીરમાં .. બાયડી મરી ગઈ, છોકરાઓ મરી ગયા. કોઈ રહ્યું નહિ. આહા..હા..! તો થોડું શાતાના ઉદયકાળે અનુકૂળતા તો રહે. એવી અભિલાષા ધર્મીને હોતી નથી. કહો, ભગવાનજીભાઈ! આવો ધર્મ હશે?

મુમુક્ષુ :- ધર્મીને તો અંદર જમાવટ થઈ ગઈ.

ઉત્તર :- હા, અંદર દરબારને ભાળ્યા છે. ભગવાન દરબાર આનંદકંદ પ્રભુ છે. એના ભેટા થયા છે. એને સામર્થ્ય અનુકૂળતા-પ્રતિકૂળતા તો પામરની ચીજ છે. આહા..હા..!

'**તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક...**' છે. આ કારણે હોં. કર્મના ફળમાં અભિલાષ નહિ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે રાગાદિભાવ અને સંયોગાદિમાં. '**તેથી ખરેખર તેઓ...**' આ કારણે '**અત્યંત નિઃશંક દારુણ (દૃઢ) નિશ્ચયવાળા...**' તેથી '**અત્યંત નિર્ભય છે...**' એમ. અત્યંત ત્રણ ઠેકાણે નાખ્યા. '**કર્મોનાં ફળ પ્રત્યે નિરભિલાષ હોવાથી કર્મ પ્રત્યે અત્યંત નિરપેક્ષપણે વર્તે છે, તેથી ખરેખર તેઓ અત્યંત નિઃશંક દારુણ (દૃઢ) નિશ્ચયવાળા હોવાથી અત્યંત નિર્ભય છે**' આહા..હા..! ત્રણ ઠેકાણે અત્યંત નાખ્યું. '**એમ સંભાવના કરવામાં આવે છે (અર્થાત્ એમ યોગ્યપણે ગણવામાં આવે છે.)**' આવું જ એની યોગ્યતામાં હોય એમ ગણવામાં આવે છે, જાણવામાં આવે છે. આહા..હા..! ભાઈ! આ શ્વાસને એ કાંઈક ઠીક રહેને મરતા તો ઠીક પડે. શ્વાસની ભીડ પડે આકરી એમાં

આત્માનું સ્મરણ કરવું-રહેવું મુશ્કેલ છે. એમ નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ડબલ ન્યુમોનિયા થાય છે નહિ ડબલ ન્યુમોનિયા. શુળ-શુળ. આમ કરે ત્યાં શુળ, આમ કરે ત્યાં શુળ. નીચે શ્વાસ લે તોપણ દુઃખ, ઉપર ચડાવે તોપણ દુઃખ. કોઈ અંશે પણ ક્યાંય ત્યાં સગવડતા નથી અંદરમાં. પણ એ અગવડતા આત્માને નથી. એ તો જડનો સંયોગ છે. આહા..હા..! એની એ કર્મના ફળની આવું કર્મ ફળજો, હજો એવી વાંછા હોતી નથી. આહા..હા..!

તેથી '**અત્યંત નિર્ભય છે...**' એમ જાણવામાં, એમ ગણવામાં આવે છે. જ્ઞાની કહે હું તો નિર્ભય છું. આખી દુનિયા ફરી જાય, પણ પોતાના ભાવથી ખસતો નથી. આહા..હા..! એને ધર્મી અને સમ્યગ્દૃષ્ટિ કહીએ. સમજાણું કાંઈ? અહીં જરી પ્રતિકૂળતા આવે તો રોવે. હાય... હાય... ક્યાંય સખ ન મળે.

મુમુક્ષુ :- ન રોવે તો ... નહિ.

ઉત્તર :- ન રોવે તો નિર્ભય નહિ, સ્વભાવની દૃઢતા રાખે તો નિર્ભય. નહિ રોવે તો કીધુંને. છોકરો મરી ગયો તો ન રોયો લ્યો! ચુડા-ચુડા. ડોક્ટર. તે દિ' હું ત્યાં આવ્યો હતો. એ મરી ગયો છોકરી પછી આવ્યો તરત. દીક્ષા.. લીલાચંદને ત્યાં હતા ગાંધી. ૬૯ની વાત છે. ૬૯-૬૯ની સાલ. વૈશાખ જેઠ હશે. કહેતા હતા લોકો કે આ ..ભાઈ ડોક્ટરે ઈ જુવાન છોકરો મરી ગયોને. જુવાનજોધ. ઈ આવે. ડોક્ટર હતા ખરાને? ગામમાં .. આવે. એય..! .. માળા ગણો. એનો બાપ માળા ફેરવતો હતો. એય...! પોપટભાઈ! આ તો મિથ્યાદૃષ્ટિ હોવા છતાં આટલું રાખે છે. ચુડા-ચુડા છેને આ ભાઈનું ગામ? છોટાભાઈનું. ત્યાં ૬૯ની સાલની વાત છે. ૬૦ વર્ષ થયા. ડોક્ટર હતા. એનો દીકરો મરી ગયો જુવાન. સોભાગચંદજી હતા. સોભાગ-સોભાગને? આ ધારશીભાઈના કાકા. અહીં ધારશીભાઈ નથી? આપણે ગયા હતા. એના ઘરે સાધુ થયો હતો. હા ઈ. એના કાકા. ત્યાં .. .. માળા ગણો. લ્યો એય..! એટલી કષાયની મંદતા, પણ અંતરમાં સ્વરૂપની .. નથી એને. આહા..હા..! એ હોય માટે અંતરમાં સમ્યગ્દૃષ્ટિ નિઃશંક છે, નિર્ભય છે એમ નથી. આહા..હા..! એય..! આહા..હા..!

આપણે અહીં ન આવ્યું? ...ચંદભાઈ આવે છેને. એનો દીકરો એક જ અઢાર વર્ષનો. અહીં આપણે નહોતા આવ્યા? ..અહીં આવી ગયા. નહોતું બતાવ્યું? ... છ છોડીયું. છોકરી છ અને છોકરો એક અઢાર વર્ષની ઉંમર. છ છોકરી. એમાં એક છોકરો અઢાર વર્ષનો. ક્યાંક હશે પરીક્ષાનું ટાણું નિશાળમાં. ડોક્ટર પાસે લાવ્યા છોકરો .. એ કરવા ગયા, ડોક્ટર ભરવા ગયા ત્યાં તો ઉડી ગયો, મરી ગયો. એકદમ શ્વાસ ચડે. ધમણ. ગુજરી ગયો. કહ્યું હતું એક ફેરી હમણા થોડા દિ' પહેલા. ડોક્ટર કહે અરરર..! આ અઢાર વર્ષનો જુવાન. મનસુખભાઈ આવે છેને બેંકમાં નોકરી. કોણ છે વાલી? ડોક્ટર કહે વાલી કોણ છે? હું એનો બાપ છું. આંખમાં ભીનાશ નહિ. રુદન તો નહિ પણ આંખ ભીની નહિ. ડોક્ટર! એ સમયે તે થવાનું

હતું. શું છે? કાંઈ નથી તમે. .. ગભરાવ નહિ. એય..! છ દીકરી અને એક દીકરો. ... અત્યારે તો છે નહિ. .. મોટી ઉંમર થઈ. ..ભાઈ! મનસુખભાઈ. એ .. શેના છે? લીંબડીના. આપણે સુરેન્દ્રનગર પહેલા ઉતર્યા હતાને. એના મકાનમાં ઉતર્યા હતા પહેલા. આહા..હા..! ૯૯-૯૯. એ તો શું છે એને? એવી તો વ્યવહાર શ્રદ્ધાવાળા રાખી શકે છે. સમજાય છે? આ તો નિશ્ચય અનુભવની સમકિત દૃષ્ટિ છે.

અને કદાચિત્ આંખમાં આંસુ પણ આવે. એને લઈને નહિ. કાંઈક નબળાઈને લઈને રાગ આવે છતાં અંતર નિઃશંક, નિર્ભય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? એને એમ કે હવે આ ઉંમર થઈ ગઈ. આ છોકરો મોટો થાય તો કાંઈક આપણને સાથ આપે. પછી નોકરી છોડી દેવી. એથી બહારના કર્મના ફળની ઈચ્છા કાંઈ એના પ્રમાણે ફળે? હો એમ થાઓ. આહા..હા..! ધર્મી સંયોગની ફળની ઈચ્છા કરતો જ નથી. આહા..હા..! મારો સ્વભાવ સાધનમાં મારી જે નબળાઈ હશે તો પુણ્યનો યોગ હશે અને જો પુણ્યનો યોગ નહિ હોય તો સબળાઈ થઈને પણ હું ઠરીશ અંદર. બીજી વાત થવાની નથી. આહા..હા..! જ્ઞાન કરવા માટે હોં. પુણ્ય યોગ એટલે કે .. શક્તિ એટલી બધી નહિ હોય. તો કાં પુણ્યનો યોગ હશે અને કાં એ તોડી નાખીને અંદર સ્થિર થશે. બીજું કાંઈ થવાનું નથી. આહા..હા..!

ચૈતન્ય લક્ષ્મી જેની દૃષ્ટિમાં આવી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ એવો ભગવાન આત્મસ્વભાવ જ્યાં ભાનમાં આવ્યો પછી બાલીકા આઠ વર્ષની હો. આહા..હા..! અંતર નિર્ભય છે. કુટુંબ મરી જાય, બધું વયું જાય. એકલી રહે આઠ વર્ષની. કુટુંબમાં કોઈ ન રહે. કોને .. અત્યારે. અરર..! આઠ વર્ષની બાલિકા. પણ સમ્યગ્દૃષ્ટિ જો હોય કાંઈ એને કોઈ અભિલાષ નથી. આહા..હા..! દુનિયાને દેખીને એમ થાય કે અરેરે..! આઠ વર્ષની બાળિકા. કોને સોંપવી? કુટુંબના ખરા માણસો હતા એ તો ગયા. એને અંદરમાં કાંઈ ન હોય. જયસુખભાઈ! આહા..હા..! અમે તો જ્યાં છીએ ત્યાં સગવડતાની અમને જરૂર નથી. આહા..હા..! સગવડતાનું સાધન મારો આત્મા. અગવડતા રાગનું ઉત્પન્ન થવું તે અગવડતા. આહા..હા..! સમજાય છે કાંઈ? કહે છે નિર્ભય એમ ગણવામાં આવે છે. જ્ઞાની તો નિર્ભય છે. આહા..હા..!

શ્લોક-૧૫૫

(शार्दूलविक्रीडित)

लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-
श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः।
लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५५।।

હવે સાત ભયનાં કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એમ બે ભયનું એક કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [एषः] આ चित्स्वरूप लोक જ [विविक्तात्मनः] ભિન્ન આત્માનો (અર્થાત્ પરથી ભિન્નપણે પરિણમતા આત્માનો) [शाश्वतः एकः सकल-व्यक्तः लोकः] શાશ્વત, એક અને સકલવ્યક્ત (-સર્વ કાળે પ્રગટ એવો) લોક છે; [यत्] કારણ કે [केवलम् चित् लोकं] માત્ર चित्स्वरूप लोकनो [अयं स्वयमेव एककः लोकयति] આ જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો અવલોકે છે-અનુભવે છે. આ चित्स्वरूप लोक જ તારો છે, [तद्-अपरः] તેનાથી બીજો કોઈ લોક- [अयं लोकः अपरः] આ લોક કે પરલોક [तव न] તારો નથી એમ જ્ઞાની વિચારે છે, જાણે છે, [तस्य तद्-भीः कुतः अस्ति] તેથી જ્ઞાનીને આ લોકનો તથા પરલોકનો ભય ક્યાંથી હોય ? [सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને (પોતાના જ્ઞાનસ્વભાવને) સદા અનુભવે છે.

ભાવાર્થ :- 'આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ ?' એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે. 'પરભવમાં મારું શું થશે ?' એવી ચિંતા રહે તે પરલોકનો ભય છે. જ્ઞાની જાણે છે કે-આ ચૈતન્ય જ મારો એક, નિત્ય લોક છે કે જે સર્વ કાળે પ્રગટ છે. આ સિવાયનો બીજો કોઈ લોક મારો નથી. આ મારો ચૈતન્યસ્વરૂપ લોક તો કોઈથી બગાડયો બગડતો નથી. આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય ? કદી ન હોય. તે તો પોતાને સ્વાભાવિક જ્ઞાનરૂપ જ અનુભવે છે. ૧૫૫.

કળશ-૧૫૫ ઉપર પ્રવચન

'હવે સાત ભયનાં કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એમ બે ભયનું એક કાવ્ય કહે છે :-' જુઓ આવ્યું.

(शार्दूलविक्रीडित)

लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-
श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः।
लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५५।।

ધર્મી તો સદા જ્ઞાન અને આનંદનો અનુભવ કરે છે. આહા..હા..! એને આ લોકમાં શું થશે? વિવેક ત્યાં સુધી આ શું થશે? બાયડી રહેશે? છોકરા રહેશે? વહુરુ રહેશે? હું રહીશ? શું થાશે? એવી ચિંતા સમકિતીને હોતી નથી. આહા..હા..! તેમ પરલોકની. અહીંથી ક્યાં જશું? જાય ક્યાં? અમે તો જ્યાં છીએ ત્યાં રહેશું. પરલોકની અને આ લોકની ચિંતા ધર્મીને હોતી નથી. એનું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૨, ગુરુવાર, તા. ૧૯-૦૪-૧૯૭૩
કળશ-૧૫૫-૧૫૬, પ્રવચન-૩૭૩

'હવે સાત ભયનાં કળશરૂપ કાવ્યો કહેવામાં આવે છે, તેમાં પ્રથમ આ લોકના તથા પરલોકના એમ બે ભયનું એક કાવ્ય કહે છે :-'

(शार्दूलविक्रीडित)

लोकः शाश्वत एक एष सकलव्यक्तो विविक्तात्मन-
श्चिल्लोकं स्वयमेव केवलमयं यल्लोकयत्येककः।
लोकोऽयं न तवापरस्तदपरस्तस्यास्ति तद्भीः कुतो

निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५५।।

એનો '**શ્લોકાર્થ :- આ ચિત્સ્વરૂપ લોક જ...**' શું કહે છે? જે સ્વયંમેવ .. ત્યાં પોતાનું સ્વરૂપ. ચિત્સ્વરૂપ લોક એ મારું લોક છે. ધર્મીને તો એ મારું લોક છે. જ્ઞાનસ્વરૂપ લોક જ. લોક્યંતિ ઈતિ લોક. પોતાના જ્ઞાન સ્વભાવને, પોતાના જ્ઞાનની પર્યાયથી જોવામાં આવે એ ચિત્સ્વરૂપ પોતાનો લોક છે. એ સિવાય રાગાદિ કે પરાદિ પોતામાં જોતાં બીજી ચીજ એમાં છે નહિ. જ્ઞાનસ્વરૂપી ભગવાનને જોતાં, અવલોકતા. લોક્યંતિ ઈતિ લોકઃ. પર્યાય દ્વારા લોક્યંતિ અવલોકે. તો ચિત્સ્વરૂપ લોક એ મારું સ્વરપ લોક છે. '**विविक्तात्मनः**' '**ભિન્ન આત્માનો (અર્થાત્ પરથી ભિન્નપણે પરિણમતા આત્માનો)...**' સ્વભાવ. '**विविक्त**' નામ ભિન્ન. પરથી કહ્યું પહેલું '**આ ચિત્સ્વરૂપ લોક જ...**' '**विविक्तात्मनः**' એટલે રાગના વિકલ્પ અને પરથી ભિન્ન આત્મા છે.

મુમુક્ષુ :- કે દિ'?

ઉત્તર :- અત્યારે. જ્યારે દૃષ્ટિમાં આવ્યો ત્યારથી. છે તો છે, પણ આવ્યો ત્યારથી. આહા..હા..!

ભગવાન જ્ઞાનસ્વરૂપ પોતાની તો જ્ઞાનની પર્યાય દ્વારા અવલોક્યંતિ લોકઃ એ મારો સ્વભાવ. એ હું છું. '**विविक्तात्मनः**' પરથી હું ભિન્ન છું. પરથી ભિન્નપણે પરિણમતા આત્મામાં. જોયું? ભાષા એમ લીધી છે. એ પરિણમતા એટલે એ આત્મા પરથી ભિન્ન છે એમ લોકંતે તો પરથી ભિન્નપણાનું પરિણમન છે ત્યાં. એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાનો સ્વભાવ ચિત્સ્વભાવ એ આત્મા '**विविक्तात्मनः**' જેનો ચિત્સ્વભાવ એવો કે જે આત્માને '**विविक्तात्मनः**' પરથી ભિન્ન એવું પરથી ભિન્ન અને સ્વનું અવલોકન એવા પરિણમનસહિત એને સ્વલોક, ચિત્તલોક કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

'**शाश्वतः एकः सकल-व्यक्तः लोकः**' એક ચિત્સ્વરૂપલોક. સ્વરૂપવાળો તો આત્મા, પણ એનું ચિત્સ્વરૂપ. એ રીતે જોતાં એ આત્મા રાગથી. પરથી તો ભિન્ન પણ રાગથી ભિન્ન આત્મા અવલોકતા એટલે એના જાણપણાનું પરિણમન થતાં. આહા..હા..! સમજાય છે કાંઈ? '**शाश्वतः एकः सकल-व्यक्तः लोकः**' જે વસ્તુ શાશ્વત છે. પરિણમને એણે શાશ્વત જોયું કે આ શાશ્વત વસ્તુ છે. છે. કોઈએ ઉત્પન્ન કરી નથી. કદી એમાં હીણાધિક વસ્તુ છે એનો .. થતું નથી. એવો '**શાશ્વત, એક...**' એકસ્વરૂપ શુદ્ધ. '**અને સકલવ્યક્ત...**' સકળકાળે પ્રગટ જ છે. વસ્તુ તો સકળકાળે પ્રગટ જ છે.

મુમુક્ષુ :- ઓલું તો...

ઉત્તર :- ઈ અવ્યક્ત કહ્યું તો પર્યાયની અપેક્ષાએ કહ્યું. વસ્તુ તો પ્રગટ જ છે. આહા..હા..! એય..! ૪૯ છ બોલ અવ્યક્તના કહ્યા કહો. છ દ્રવ્યસ્વરૂપ લોક, જ્ઞેય વ્યક્ત એનાથી અન્ય

જીવ તે અવ્યક્ત. એમ કહ્યું ત્યાં. આત્મ. .. દ્રવ્ય કીધું ત્યાં. ધર્મદાસ ક્ષુલ્લ. સમ્રમ હો જાતા હૈ. પર્યાયથી જ્યાં અંતરમાં ભિન્ન જોયો તો એકકોર છ દ્રવ્ય અને એકકોર ભગવાન એક આત્મા એ તો સાતમું થઈ ગયું. સાતમો આત્મા થઈ ગયો. લે! સમજાય છે કાંઈ? એમ કહ્યુંને એ તો છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય. છ દ્રવ્યસ્વરૂપ એમાં અનંત સિદ્ધ, કેવળીઓ બધું આવી ગયું. છ દ્રવ્યસ્વરૂપ લોક જ્ઞેય વ્યક્ત છે. એનાથી અન્ય છે એને ઈ જીવને પ્રગટ કહ્યું. સમજાણું કાંઈ? બધી ભાષા પણ બધી એવી. તમારે ચોપડે આવે નહિ, ભણવામાં આવી હોય નહિ. આહા..હા..!

અહીં '**सकल-व्यक्तः लोकः**' અવલોકનમાં આવીને? તો ચીજ છે એ અવલોકનમાં આવીને? જ્ઞાનની અવસ્થામાં લોક્યંતિ જણાણી આ વસ્તુ. તો એ છે એ જણાણુંને? છે વ્યક્ત જ છે, પ્રગટ જ છે, અસ્તિ છે, સત્તા છે. આહા..હા..! લોક. '**यत्**' '**કારણ કે...**' '**केवलम् चित् लोकं**' ઓલું '**एषः**' હતુંને ત્યાં '**एषः**' આ એમ કરીને ચિત્સ્વરૂપ લોક સિદ્ધ કર્યું. બાકી ત્યાં તો '**एषः**' એટલે આ. '**विविक्तात्मनः**' ઈ અહીં ખુલાસો કર્યો. એ '**एषः**' શું? કે '**केवलम् चित् लोकं**' '**मात्र चित्स्वरूप लोक...**' જ્ઞાનસ્વભાવ સ્વરૂપ ભગવાન આત્મા એને પોતાનો લોક છે. ભારે વાત, ભાઈ! કેવળ-એકલો ચિત્તલોક. એકલો ચિત્તલોક, માત્ર ચિત્તલોકસ્વરૂપ ભગવાન.

'**अयं स्वयमेव एककः लोकयति**' '**આ જ્ઞાની આત્મા સ્વયમેવ એકલો અવલોકે છે-**' આહા..હા..! અંદરમાં જ્ઞાનપર્યાયથી એકલો સ્વયમેવ ચૈતન્યને '**અવલોકે છે-અનુભવે છે.**' એકલો પરથી ભિન્ન, રાગથી, શરીરથી, કર્મથી એમ અનુભવે છે. '**આ चित्स्वरूप लोक જ તારો છે,...**' એમ જ્ઞાની પોતે પોતાને જાણે કે આ ચિત્સ્વરૂપ લોક જ મારો છે. આહા..હા..! કહો, આ બાયડી, છોકરા, કુટુંબ, દેવ-ગુરુ-શાસ્ત્ર. રાગાદિ પણ નહિ અહીં તો કહે છે. ઓહો..હો..! એ આ લોક. આ લોક. સમજાય છે કાંઈ? આવો જે લોક મારો છે '**तद्-अपरः**' '**તેનાથી બીજો કોઈ લોક-...**' '**अयं लोकः अपरः**' '**આ લોક કે પરલોક...**' એમ. '**लोकः अयं अपरः**' આ લોક કે પરલોક બે અર્થ પડ્યા એમ. આ મારા લોકથી બીજો કોઈ લોક. આ લોક અને અપર '**तव न**' '**તારો નથી...**' આહા..હા..! કહો, ચંદુભાઈ! તો આ આલોક અને પરલોકની આ ગાથા છે. આલોક એટલે હું આ લોક મારો. આ સિવાય અનેરો કોઈ આલોક અને પરલોક મારે નથી. સમજાય છે કાંઈ?

'**लोकः अयं अपरः**' જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાની પર્યાયથી પોતાનું શાશ્વત ચીજ વ્યક્ત પ્રગટ કરતો એને અનુભવતા, જાણતાં, અવલોકતાં એ લોક હું. એ સિવાય એનાથી અનેરો કોઈ બીજો લોક... એટલે અનેરો કોઈ આ લોક અને અનેરો કોઈ પરલોક છે નહિ. મારે ભારે બહુ! આ ધર્મીની ધારણા અને અનુભવની દશા આ હોય છે. ધારણામાં એ ધાર્યું

હોય છે કે આ લોક જે અખંડ છે એ આત્મા પરથી ભિન્ન છે એમ અનુભવીને ધાર્યું છે કે આ વસ્તુ હું છું. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે! બીજો કોઈ લોક તારો નથી. એમ જ્ઞાની અનુભવે છે. વિચારે છે એટલે અનુભવે છે, જાણે છે.

'तस्य तद्-भीः कुतः अस्ति' 'તેથી જ્ઞાનીને આ લોકનો તથા પરલોકનો ભય ક્યાંથી હોય?' કારણ કે આનાથી આ લોક અને પરલોક બીજી ચીજ જ નથી. તો પછી આ લોક અને પરલોકનો ભય જ્ઞાનીને હોતો નથી. આહા..હા..! જુઓ, આ સમયસાર. આહા..હા..! **'सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति' 'તે તો...'** ધર્મી, સમ્યગ્દૃષ્ટિ **'પોતે નિરંતર નિઃશંક...'** નામ નિડર અને નિર્ભયથી **'વર્તતો થકો...'** નિઃશંક સ્વભાવમાં આ રીતે **'વર્તતો થકો સહજ જ્ઞાનને...'** જે પોતાનો ત્રિકાળી જ્ઞાનસ્વભાવને **'સદા અનુભવે છે.' 'विन्दति'** એટલે અનુભવે છે. લ્યો આ એક કળશ થયો. આ અમૃતનો ભરેલો એક કળશ. આહા..હા..! ધર્મીને આ લોક અને પરલોક કોઈ બીજી ચીજ નથી. આહા..હા..! આ લોક હોય તો તે ચૈતન્યસ્વરૂપ આત્મા તે આ લોક મારો અને એને આલોકવું-જોવું એવું જે પરિણમન એમાં આ વ્યક્ત આત્મા જે અનુભવાય એ હું લોક મારો છે. આહા..હા..! આમાં અહીં દયા પાળવી કે વ્રત પાળવા કે ભક્તિ કરવી એ મારું... પોતાનું હોવાપણું પૂર્ણ જાણ્યું એ એની દયા થઈ. પૂર્ણ આવડો નહિ હું. એમ આનો પર્યાય જેટલો રાગથી લાભ થાય એટલો તે તો હિંસા થઈ. આ આવી હિંસા અને અહિંસાની વ્યાખ્યા ભાઈએ .. મારે એ હિંસા. અમારે હીરાજી મહારાજ બીજા કહેતા 'અહિંસા સમયંતિ...' એમ કહેતા. પરની હિંસા ન કરવી. 'એવં .. સારં' ગાથા છે. મોક્ષમાર્ગ ૧૧મી સુયગડાંગ હોં સુયગડાંગની. 'એવં .. સારં એવં' નિશ્ચય જ્ઞાનીનો સાર એ છે કે ... કોઈ પ્રાણીને હિંસા ન કરવી બસ. પોતે .. કરવી નહિ.

મુમુક્ષુ :- નિશ્ચય પ્રાણીમાં પોતે પ્રાણી છે એ આવ્યું નહિ?

ઉત્તર :- એ નહિ. પોતા સિવાયની. આહા..હા..! તમે તો ગયા હતા કે નહિ કોઈ દિ'?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ... પ્રેમચંદભાઈને ઈ? એને ખ્યાલ આવે છે? ૭૪માં ગુજરી ગયા. ... પણ આ વાતની કાંઈ ખબર નહિ. શું થાય? એને કાને શબ્દ નહિ પડેલાને. પરની દયા પાળી શકાય નહિ. તે શબ્દ નહિ પડેલા. અને પરની દયાનો ભાવ એ રાગ છે એ જીવના શાંતિની હિંસા થાય છે. આહા..હા..! એ ધર્મી રાગ એ મારો લોક એમ નહિ. જે પરની દયા પાળવાનો વિકલ્પ એ મારો લોક નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

પોતે તો નિરંતર જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ જ્ઞાનના સ્વભાવથી આઘો જઈને રાગને પણ વેદતો

નથી. આહા..હા..! એનો જ્ઞાનસ્વભાવ-જ્ઞાનસ્વભાવ એને પરિણમનમાં વેદે એ સ્વરૂપ છે એનું. આહા..હા..! ભારે! છ ખંડના રાજમાં ચક્રવર્તી બેઠો હોય, ત્રણ ખંડનું રાજ વાસુદેવને હોય બળદેવને. ઇન્દ્રને તો અસંખ્ય દેવ એક-એક વૈમાનમાં એવા અસંખ્ય વૈમાનો હોય. મારો લોક ત્યાં નથી. જ્યાં હું છું ત્યાં એ નથી અને એ છે ત્યાં મારું ચિત્સ્વરૂપ લોક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

'**નિઃશંક વર્તતો થકો...**' શંકાને સ્થાન ક્યા છે? શંકાની વ્યાખ્યા કરી છેને ભાઈ! નિયમસાર. રાગ, દ્વેષ અને મોહ. રાગ, દ્વેષ અને મોહ ઈ શંકા. આહા..હા..! .. સંતોની શૈલી તો ગજબ છે. એના ભાવને અંદરમાં બંધબેસતી થઈ જાય એવી. કહે છે શંકા એને અમે કહીએ કે જ્યાં રાગ, દ્વેષ અને મોહ હોય. એ રાગ, દ્વેષ અને મોહ સમકિતીને હોતા જ નથી. ત્યાં તો આપ્તની વ્યાખ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ ઈ આત્મ પૂર્ણદશા પ્રાપ્ત અને અહીંયાં તો સમ્યગ્દર્શનમાં એ આપ્ત જ છે ઈ પોતે. આહા..હા..! જે જ્ઞાનસ્વભાવથી રાગથી ભિન્ન પડ્યું છે તત્ત્વ. એને જેણે જાણ્યું, અવલોક્યું, અનુભવ્યું બસ ઈ આ ... આહા..હા..! એને દેવ-ગુરુ-શાસ્ત્ર અને સ્ત્રી, કુટુંબ, પરિવાર કાંઈ લેવા ને દેવા ક્યાંય. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! અમૃતચંદ્રાચાર્યે ટીકા કરીને પાછા કળશો કર્યા. તે તો નિરંતર સહજજ્ઞાનને, ત્રિકાળજ્ઞાનને સદા-નિરંતર પર્યાયમાં અવલોકતો અનુભવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભાવાર્થ. ભાઈ ગયા? ..ભાઈ? તમારા. છે? લ્યો આવી છે ..ચંદભાઈ! આવો ધર્મ કાને પડ્યો ન હોય એવી વાત છે આ. લોકો ભાગ્યશાળી છે. અમને તો હીરાજી મહારાજને યાદ આવે ત્યારે આહા..હા..! એવા માણસોને પણ સાંભળવા મળ્યું નહિ. બહુ સરળ આત્મા હતો. અને એને અંદર હૃદયમાં ઉંડું હોં! અરે..! અમે સાધુ છીએ. અમારે આ ન હોય હોં! અમારે આ ક્લેશ ને રાગ ને ક્રોધ એ ન હોય.. બિચારાને. ખબર નહિ આવી. તમે તો જોયા છેને ધીરૂભાઈ? હા. ૭૪માં ગુજરી ગયા. પણ દેખીને લોકો જરી ઠરી જાય હોં એવું શાંત... શાંત... હજારો માણસો આમ બેઠા હોય વ્યાખ્યાનમાં શાંતિથી. વાત પોતાની માનેલી છે. એ બીજી લાવે ક્યાંથી? અહિંસા... ભગવાન એમ કહે છે, ભાઈ! કોઈપણ પ્રાણીને ન હણવો એ સિદ્ધાંતનો સાર છે. આ આખા શાસ્ત્રનો એ સાર છે. આહા..હા..! ... એટલું ઈ જાણ્યું એણે બધું જાણ્યું. એમ કહે છે. કહો, ગીરધરભાઈ! એ ... આહા..હા..!

'**ભાવાર્થ :- 'આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી રહેશે કે નહિ?**'' મરતા સુધી કોઈની સ્ત્રી, કુટુંબ, પરિવાર, નોકર, ચાકર, મકાન, આબરૂ સરખી રહેશે કે નહિ? એ આલોકની ચિંતા. સમજાણું કાંઈ? આહા..હા..! જીવન પર્યંત. જ્યાં સુધી આ જીવન આયુષ્યનું હોય ત્યાં સુધી આ એક સ્ત્રી રહેશે કે નહિ? સ્ત્રી નહિ તો નોકર-ચાકર જે સારા સેવા કરનારા ઈ ત્યાં સુધી રહેશે કે નહિ? રહેશે કે નહિ? ખાવા-પીવાના સામગ્રીના સાધન પૈસા એ રહેશે

કે નહિ? આ મકાન છે ઘરનું એ પણ રહેશે કે નહિ? એવી ચિંતા અજ્ઞાનીને હોય છે. આહા..હા..! **'એવી ચિંતા રહે તે આ લોકનો ભય છે.'** આહા..હા..! સરખું રહે તો ઠીક મરતા સુધી. પછી ગોલણ ગાડા ભરે. એમ કહે છેને? પછી ગોલણ ગાડા ભરે. મરતા પછી થાવું હોય ઈ થાય ત્યાં. અજાણ્યા લોકમાં જાવું છે ત્યાં જાણીતા હોય નહિ. અહીંયાં ઓળખિતા હોય નહિ તો કોઈ હીણાપણું આપણને કહે. ભલે ગમે તે થાય એમ. પણ ગમે તે થાય એમાં ત્યાં તું છો કે નહિ? આહા..હા..! ભગવાનજીભાઈ! એ તો તું પોતે જ છો ત્યાં. આહા..હા..! પણ અજ્ઞાનીને આ લોકની ચિંતા એવી ઉંડી-ઉંડી એ સરખું બહારનું કરવા માટે ... કરે બિચારા. ચંદુભાઈ! એમ જ છે. પૈસાના ઢગલા હોય તોપણ ઈ .. કરે. ઓછા પડે.

મુમુક્ષુ :- એનાથી સુખ છે અને સુખ વધારવા માટે.

ઉત્તર :- વધારવા માટે છે. આહા..હા..! ધૂળમાંય નથી પાગલ છે મારા. આહા..હા..!

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે કે ધર્મી થાય એને આવી ચિંતા હોતી નથી. આહા..હા..! જેમ પોતાનું ચિત્ત, લોક, આનંદ લોક એ છે... છે... છે... એમ કાયમ રહેનારો છે એ જાણ્યો અને અનુભવ્યો હવે બીજો લોક ક્યાં છે એને? આહા..હા..! સમજાણું કાંઈ?

''આ ભવમાં જીવન પર્યંત અનુકૂળ સામગ્રી...' એમાં બધું આવી ગયું હોં અનુકૂળ સામગ્રીમાં. મકાન, નોકર, ચાકર, સ્ત્રી, લાજ, આબરૂ, નાક લાંબુ હોય એના પ્રમાણમાં. પણ જેના પ્રમાણમાં હોય એ .. સારો કરોડપતિ હોય એનો દીકરો હોય એને સાધારણ કન્યા આવે અને સારા ઘરની ન આવે તો ચિંતા થયા કરે અંદર. આ કેમ આવતું નથી? છોકરો આવો છે. આપણને કોઈ ખોડખાંપણ .. મારા છોકરાને પરણાવો છે અને આ છોકરો થઈ ગયો ૨૦ વર્ષનો. ... ઉભા છે. આહા..હા..! કન્યામાં એવું હોય. કન્યાને પણ કેમ કરશું? માગણી આવતી નથી અને આપણે .. સામા જાવું ભાઈ એમ કહે. એવી આ ચિંતા, બળતરા. ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવના ... એય..! પોપટભાઈ! આ તો બધું સમજવા જેવું છે કે નહિ?

મુમુક્ષુ :- આવું જ છે.

ઉત્તર :- .. આહા..હા..!

આ ભવમાં મરતા સુધી છેલ્લો શ્વાસ જ્યારે જાય ત્યાં સુધી બધી શક્તિ રહે તો ઠીક નહિતર તો દુઃખી થવાના રસ્તા છે. મરી જશે. આહા..હા..! કુતરી અને ગલુડિયા મરે એમ મરશે કહે. હાય.. હાય.. આપણું મોઢું સરખું નહિ રહે.

મુમુક્ષુ :- પણ મરી ગયા પછી રહ્યા કે ન રહ્યા શું કામ છે?

ઉત્તર :- એની માંડી છેને. આ તો મરવા સુધીની માંડી છે. ... છેલ્લા શ્વાસ સુધી સરખું રહે જીત્યા. અહીંથી મરીને ક્યાં જાવું એનું કોણ .. લ્યોને. આહા..હા..! જયસુખભાઈ!

આહા..હા..! બાપુ! ઈ શું છે? તારો લોક તો તારી પાસે છે. આહા..હા..! એને તો તે જાણ્યો હોય તો તને આવી ચિંતા હોય નહિ. આહા..હા..! અને કોઈ વિકલ્પ આવી જાય, તોપણ તે પોતામાં એકત્વ પકડતો નથી. એટલે પોતામાં થાતો નથી એમ કહે. આહા..હા..! સમજાણું કાંઈ? શ્રેણિક રાજા જુઓ, હીરો ચુસીને મરી ગયા. એને મરણ ભય નથી. એ વૃત્તિ થઈ. વૃત્તિને એક કરી નાખી. પોતામાં નથી થઈ. આહા..હા..! રાગમાં રાગ થયો, જ્ઞાનમાં જ્ઞાન થયું. આવી ચીજ જે ભેદજ્ઞાનની જે આવી એના ઠેકાણા ન મળે અને એને ધર્મ... ધર્મ.... ધર્મ... થયો. પૂજા ને વ્રત ને તપ ને બધા અજ્ઞાનભાવના ભાવ એમાં તપ કર્યું એણે. અરે..! ભાઈ! વસ્તુની સ્થિતિ જે છે ઈ કેવી છે? કેમ છે? એ તો હજી જાણ્યું નથી અને એમાં ઠરવાથી ચારિત્ર થાય, વીતરાગતા આવે એની ખબર ન મળે. એથી આ બહારથી આવી ચિંતા એને થયા વિના રહે જ નહિ. એક વાત. આ લોકમાં. એનું નામ આ લોકનો ભય.

''પરભવમાં મારું શું થશે?' એવી ચિંતા રહે...' અરે..! મરીને ક્યાં જશું? આહા..હા..! કયે ઠેકાણે જાશું? ક્યાં પણ આ ઉતારા થાશે? એ ભય. એ અજ્ઞાનીને આવો ભય હોય છે એમ કહે છે. જ્ઞાનીને હોતો નથી. બીજો પરભવ ક્યાં? છું ત્યાં છું હું તો. જ્યાં જાઉં ત્યાં પણ જ્યાં હું છું ત્યાં છું. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ લોક આત્માનો અનંત આનંદની મૂર્તિ પ્રભુ એ મારો લોક છે. એ જ્યાં ક્ષેત્રાંતરે થાઉં તો મારો ભાવ બીજો થઈ જાય એવું તો છે નહિ. હું તો મારામાં જ છું જ્યાં હોઉં ત્યાં. બીજું ક્ષેત્ર થાય એટલે શું? મારા સ્વભાવમાંથી બીજે ક્ષેત્રે જાવું એ તો છે નહિ. સમજાણું કાંઈ? **''પરભવમાં મારું શું થશે?''** આહા..હા..! **'એવી ચિંતા રહે તે પરલોકનો ભય છે.'**

સજ્ઝાયમાં એમ આવે છે. નેમિનાથ ભગવાન છેને. શ્રી કૃષ્ણ ગયા છે ભગવાન પાસે સમવસરણમાં દર્શન કરવા. શ્વેતાંબરમાં અંત..માં છે. ભગવાનના મુખથી નીકળ્યું કે ભાઈ! આ રીતે આ ભવમાં તો શ્રી કૃષ્ણ તો મોક્ષ નહિ જાય. એની .. વૃત્તિ છે. ત્યારે પોતે ભગવાનને કહે છે. 'નહિ જાઉં નહિ જાઉં રે પ્રભુજી નહિ જાઉં નરક દેહ' નરકદેહ એટલે નરકના ઘર. નરકનું ઘર એટલે આયુષ્ય... '.. પણ જાદવકુળનો હું બંધવ કહેવાણો' એ આ રીતે જાશે પ્રભુ! લાજ તમારી જાશે એમાં. એમ કહે છે. 'લાજ તમારી જાશે પ્રભુજી નહિ જાઉં રે' એમ વાત આવે છે. પ્રભુ કહે છે. સાચો સમકિતી જાણીને ... કે તું ભવિષ્યમાં તીર્થંકર થવાનો છો ભાઈ! મારા જેવો તીર્થંકર. મારામાં અને તારામાં કાંઈ ફેર નથી. તીર્થંકર થવાનો છે, ભાઈ! તને મારી જાતની જાત તીર્થંકર છે એવો તમારો આત્મા તીર્થંકરનો આત્મા છો. ત્યારે હવે એવું લખ્યું સિંહનાદ કર્યો. ... તો એવું હોયને. સમવસરણમાં સિંહનાદ હોય નહિ. એ તો એવી વાત છેને ઈ લોકોમાં? ખુશી થયા પણ ઈ વખતે આમ જાય છે ફલાણું

એવું હોય નહિ ત્યાં કહેવાનું. એય..! અને આમ જ્યાં કીધું ત્યારે ખુશી થયા. પણ સમકિતીને અંદર સમ્યગ્દૃષ્ટિ છે. ધર્માત્મા છે. આત્માના આનંદનો અનુભવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તીર્થંકરના કેડાયત છે. તીર્થંકરનો આત્મા છે ઈ. ભલે આ ભવે મોક્ષ ગયો. ઈ વાતમાં બધી શંકાઓ જાણે.. નહિ જાઉં... નહિ જાઉં... સમકિતીને એ હોય જ નહિ.

મુમુક્ષુ :- જાય છે જ ક્યાં .. તો પોતામાં છે.

ઉત્તર :- પોતે જ છે જ્યાં છે ત્યાં. આહા..હા..! અહીં વિકલ્પ ઉઠ્યો એમાં જાતો નથી. દેવીલાલજી! આહા..હા..! તું ક્યાંય ગયો નથી અને હું ક્યાંય જાતો નથી. હું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. એમાંથી કોઈ દિ' ખસ્યો જ નથીને. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવને આ રીતે એને દૃષ્ટિમાં હોય છે. ધર્મની પહેલી સીઢી. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પહેલું બાંધ્યું છે. પહેલું બાંધ્યું. ... ઈ છે ત્યાં આત્મામાં છે જ્યાં છે. ઈ આત્મામાં છે. આનંદમાં છે. આનંદ વધારીને કેવળજ્ઞાન પામશે. મોક્ષ જશે. પરિણામ.. અંદર પ્રાપ્તિ. આહા..હા..! વસ્તુ તો એ છે. અહીં તો આ સમ્યગ્દૃષ્ટિને એ રીતે આવે .. એ વ્યાજબી નહિ. એ માગણી કરે અને નહિ જાઉં અને પાછા કહે કે ખુશી થાય છે. એ વસ્તુની સ્થિતિ એવી નથી. પણ એવા જ બધા લખાણ. શ્વેતાંબરમાં એ બધા લખાણ આવી ગયા છે. અહીં તો ત્રણ લોકના નાથ તીર્થંકર દેવ એમ કહે છે એ આ મુનિઓ કહે છે કે ધર્મી જીવ જેને આત્માનું ભાન, આત્મજ્ઞાન, આત્મજ્ઞાન-આત્માનું જ્ઞાન. આહા..હા..! એવું જેને અંતરમાં ભાન અને સમ્યક્ થયું એને આ લોક અને પરલોકની કોઈ ચિંતાનો વિકલ્પ ત્યાં છે જ નહિ. આહા..હા..!

એને ત્રણ લોકના નાથને જ્યાં શ્રદ્ધા-જ્ઞાને કબુલ્યો, કબજે લીધો. આહા..હા..! એને હવે શું ખામી છે? એને અંદરમાં કેવળજ્ઞાન જે સમયે આવવાનું તે શક્તિ પ્રતીતમાં આવી ગઈ છે. અને કેવળજ્ઞાન આવે જ છૂટકો એમાંથી. આહા..હા..! એવું નિઃશંકપણે ધર્મી. માથે આવ્યુંને? '**નિરંતર નિઃશંક વર્તતો થકો...**' શંકા-ફંકા કેવી? કહે છે. આહા..હા..! ભારે આકરો ધર્મ આવો. ઓલો કહે કે હિંસા ન કરવી .. ચોરી ન કરવી. પાંચ મહાવ્રત લઈ લેવા લ્યો એ ધર્મ જાવ. ધર્મ એ નથી, ભાઈ! એ તો રાગ છે. આહા..હા..! ધર્મ તો એ વિકલ્પથી પાર પ્રભુ આત્મા એનો અનુભવ દૃષ્ટિ થવી એને આવી ચિંતા આલોક કે પરલોકની હોય નહિ.

'**જ્ઞાની જાણે છે કે-આ ચૈતન્ય જ મારો એક, નિત્ય લોક છે...**' લ્યો, મારી ચીજ તો આ છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન, જાણકસ્વભાવી આત્મા એ મારો લોક છે. તે એક છે. એમાં બીજો છે નહિ. લ્યો, એક. નિત્ય છે. એ '**નિત્ય લોક છે કે જે સર્વ કાળે**

પ્રગટ છે.' વ્યક્ત-વ્યક્ત. સર્વ કાળે પ્રભુ દૃષ્ટિમાં આવ્યો એટલે સર્વ કાળે પ્રગટ છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં એનું ભાન થયું કે આ વસ્તુ એટલે સર્વકાળે ઈ એમ ને એમ પ્રગટ જ હતી. આહા..હા..! '**એક, નિત્ય લોક છે કે જે સર્વ કાળે પ્રગટ છે. આ સિવાયનો બીજો કોઈ લોક મારો નથી.**' બીજો કોઈ લોક મારો નથી. આહા..હા..! એ વિકલ્પ ઉઠે એ મારો લોક નહિ. આ બહારની સામગ્રીઓ મળે સમકિતીને પૂર્વના પુણ્યને કારણે. એ મારો લોક નહિ. મારે અવલોકવું જોઈએ કે હું આ. ઈ આ નહિ. આહા..હા..! આખી દુનિયાથી જુદો પડી ગયો છે. એક આત્માની દૃષ્ટિમાં આખી દુનિયા વિકલ્પથી માંડીને જુદો પડી ગયો છે. આહા..હા..!

ચિત્સ્વરૂપ આત્મા '**विविक्तात्मनः**' કહો, સમજાણું કાંઈ? જન્મ-મરણરહિત થવાની રીત તો આ છે. આહા..હા..! તો કાંઈ બહારથી ક્રિયાકાંડ અને આ કર્યા એ જન્મ-મરણ ઈ પોતે સંસાર છે આખો. વ્રત ને તપ ને આ બધું કર્યું એ બધો શુભરાગ એ સંસાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સંસાર છે એમાંથી સંસારનો અભાવ કેમ થાય? એનો અભાવ તો એમાં રુચિ છોડીને, ત્રિકાળી જ્ઞાયકભાવની દૃષ્ટિ કરતાં એનો અનુભવ થતાં સંસારનો અનુભવ થાય. આ સંસાર મારામાં છે જ નહિ. છે તો હું ચિત્સ્વરૂપ લોક આનંદકંદ છું. આહા..હા..!

'**આ મારો ચૈતન્યસ્વરૂપ લોક તો કોઈથી બગાડયો બગડતો નથી.**' લ્યો, કોણ બગાડે? શાશ્વત વસ્તુ દૃષ્ટિમાં આવી એને કોણ બગાડે હવે? આહા..હા..! '**આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય?**' એ તો જ્ઞાનીને હોય. અમે તો ધર્મી છીએ. જ્ઞાની નહિ. પણ ધર્મી અને જ્ઞાની એક જ છે. જ્ઞાનીથી વાત કરી છે એનો અર્થ કે જ્ઞાનસ્વરૂપ છે એનું ભાન થયું એનું નામ જ્ઞાન. એ જ્ઞાનનો ધરનાર તે જ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! બધા માણસો માટે આવો હશે ધર્મ? જુવાન માટે કાંઈક બીજો ન હોય? વૃદ્ધો માટે બીજો, પૈસાવાળા માટે બીજો, નિર્ધન માટે બીજો, નારકી માટે બીજો, પશુ માટે બીજો નહિ હોય? ધર્મ તો એક જ છે. આહા..હા..! ત્રણ લોકના નાથ તીર્થંકર પરમેશ્વર પરમાત્માનું આ ફરમાન છે, ભાઈ! જેને આત્મા જે છે એવો જણાણો, અનુભવમાં આવ્યો એ ધર્મી કહો કે એને જ્ઞાની કહો. એ જ્ઞાન ઘણું જાણે તો જ જ્ઞાની એવું કાંઈ નથી. વસ્તુની જ આ દૃષ્ટિ છે અને વસ્તુનો અનુભવ થયો એ જ્ઞાની. કહો, સમજાણું કાંઈ? એવા ધર્મીને '**આવું જાણતા જ્ઞાનીને આ લોકનો કે પરલોકનો ભય ક્યાંથી હોય? કદી ન હોય. તે તો પોતાને સ્વાભાવિક જ્ઞાનરૂપ જ અનુભવે છે.**' આહા..હા..! હું તો એક જાણનાર-દેખનાર એ મારી પર્યાય છે. વસ્તુ જાણનાર-દેખનાર છે એવું જે પરિણમન એ દ્વારા આ વસ્તુ શાશ્વત છે એનું પરિણમન એ હું છું. આહા..હા..! તો પછી આ સમ્યગ્દર્શન થાય એ બાયડી-છોકરા છોડી દેતો હશેને?

મુમુક્ષુ :- છુટા જ છે.

ઉત્તર :- પણ કે દિ' ગ્રહ્યા ત્યારે છોડે? દૃષ્ટિમાંથી છૂટી ગયા. કોઈ મારા છે જ નહિને. આહા..હા..! ભારે! વીતરાગમાર્ગ તો બહુ ઝીણો છે. આ તો તીર્થંકરનો માર્ગ. આહા..હા..! જ્યાં ઇન્દ્રો એકાવતારીઓ બેઠા હોય. આહા..હા..! જ્યાં ચૌદ પૂર્વ અને બાર અંગના ભણનારા જ્ઞાની સંતો બિરાજમાન હોય. આહા..હા..! એ સભામાં ભગવાનની વાણી નીકળતી હોય ઈ વાણી આ. સમજાણું કાંઈ? ભગવાને આમ ફરમાવ્યું કે જે ભગવાન આત્માને જાણ્યો, ઓળખ્યો, અનુભવ્યો અને સમ્યગ્દર્શન થયું, સાચું દર્શન ચૈતન્યનું થયું એને આ લોક અને પરલોકનો ભય હોતો નથી. ઇન્દ્રો અર્ધલોકના સ્વામી એની હા પાડવા બેઠા હોય. આહા..હા..! મણિરત્નના વજ્રના પૂતળા જેવા બેઠા હોય. ત્યાં હોંકારો દેનાર ન હોય હોં ત્યાં. ધોધ ધ્વનિ ચાલતી હોય જ્યાં. આહા..હા..!

મુમુક્ષુ :- .. પડતો જ નથી

ઉત્તર :- ધોધ ધ્વનિ ચાલતો હોયને આમ એકધારા. .. એ ૧૫૫ થયો.

શ્લોક-૧૫૬

(शार्दूलविक्रीडित)

एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५६।।

હવે વેદનાભયનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [निर्भेद-उदित-वेद्य-वेदक-बलात्] અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય-વેદકના બળથી (અર્થાત્ વેદ્ય અને વેદક અભેદ જ હોય છે એવી વસ્તુસ્થિતિના બળથી) [यद् एकं अचलं ज्ञानं स्वयं अनाकुलैः सदा वेद्यते] એક અચળ જ્ઞાન જ સ્વયં નિરાકુળ પુરુષો વડે (-જ્ઞાનીઓ વડે) સદા વેદાય છે, [एषा एका एव हि वेदना] તે આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે. (આત્મા વેદનાર છે અને જ્ઞાન વેદાવાયોગ્ય છે.) [ज्ञानिनः अन्या आगत-वेदना एव हि न एव भवेत्] જ્ઞાનીને બીજી કોઈ આવેલી (-પુદ્ગલથી

થયેલી) વેદના હોતી જ નથી, [तद्-भीः कुतः] તેથી તેને વેદનાનો ભય ક્યાંથી હોય ? [सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- સુખદુઃખને ભોગવવું તે વેદના છે. જ્ઞાનીને પોતના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે. તે પુદ્ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી. માટે જ્ઞાનીને વેદનાભય નથી. તે તો સદા નિર્ભય વર્તતો થકો જ્ઞાનને અનુભવે છે. ૧૫૬.

કળશ-૧૫૬ ઉપર પ્રવચન

'હવે વેદનાભયનું કાવ્ય કહે છે :-' બે ગયા. બે કળશ. ૧૫૬.

ત્યાં પણ 'एषः' હતું હોં. .. 'एष सकलव्यक्तो' પહેલામાં. ચોથો શબ્દ. 'लोकः शाश्वत एक एष सकलव्यक्तो' એમ. 'एषैकैव हि वेदना'

(शार्दूलविक्रीडित)

एषैकैव हि वेदना यदचलं ज्ञानं स्वयं वेद्यते
निर्भेदोदितवेद्यवेदकबलादेकं सदानाकुलैः।
नैवान्यागतवेदनैव हि भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५६।।

આહા..હા..! 'निर्भेद-उदित-वेद्य-वेदक-बलात्' 'અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય-વેદકના બળથી...' ધર્મીને વેદનારો પણ આત્મા અને વેદાવાયોગ્ય પણ આનંદ અને જ્ઞાન. સમજાણું કાંઈ? અભેદ વેદ્યવેદક છે. ઓલું જે ૨૧૬માં ગયું એ વિભાવિકનું વેદ્યવેદક હતું. ૨૧૬ ગાથા ગઈને? આ તો સ્વભાવિક. આત્મા વેદાવાયોગ્ય એવા જ્ઞાનને વેદે અને વેદાવાયોગ્ય એ જ્ઞાન અને આનંદ. આહા..હા..! ધર્મીની આ વેદના. રોગ અને શાતા-અશાતાની વેદના ધર્મીને ન હોય. શાતા-અશાતા તો સંયોગી ચીજમાં .. છે સંયોગી. એ સંયોગી ચીજ તો આત્માની છે નહિ. ધર્મી તો અસંયોગી સ્વભાવવાળો. જેમાં પુણ્ય-પાપના ભાવવાળો પણ હું નહિ. આહા..હા..!

સમ્યગ્દર્શનમાં પુણ્ય અને પાપવાળો હું નહિ. હું તો આનંદ અને જ્ઞાન આદિ અનંતગુણવાળો છું. અથવા એ ગુણસ્વરૂપે હું છું. એમ જેને આનંદ અને જ્ઞાનનું જ જ્યાં વેદન છે. તો વેદનારો આત્મા અને વેદાવાયોગ્ય પોતાની દશા. એ સમયે હોય છે. સમજાણું કાંઈ? ૨૧૬માં

હતું એ તો ઇચ્છા કરે કે આ સામગ્રી હોય તો ઠીક. તો એ સામગ્રી આવે ત્યારે ઇચ્છા ન હોય અને ઇચ્છા હોય ત્યારે ઓલી સામગ્રીનો વેદાવાનો ભાવ ન હોય. માટે જ્ઞાની પરને વેદવાની ઇચ્છા કરતા નથી. આહા..હા..! અગ્નિ હળહળ ભઠ્ઠી સળગતી હોય એમાં જીવતા ઉંદરને નાખે. જીવતા ઉંદરને. ઝળહળ... ઝળહળ... હાય.. હાય.. પણ ઈ અગ્નિ ભઠ્ઠીનો ઉંદર જો હોય. અગ્નિનો ઉંદર હોય. એમાં ક્રિડા કરતા હોય. ભઠ્ઠી. કુંભાર-કુંભારની. શું કહેવાય નિભાડો. ઉંદર હોય છે અંદર .. મારા ..માં ઉંદર હતો. કહે આ શું? ઘણા વર્ષની વાત છે. નિભાડામાં ઉંદર હતો. ... કરેને ઈંટોનો? .. ઉંદર હતો. આ અંદર ઉંદર ક્યાંથી? અગ્નિનો ઉંદર હોય છે. એમ સંયોગી ચીજમાં આત્મા પડ્યો છતાં ધર્મી તો આનંદનો વેદનારો છે એમ કહે છે. આહા..હા..! એ તો આનંદનો કીડો છે, એ રાગનો ઉંદર નથી. આહા..હા..! ઓહો..હો..! ગજબ વાતું ભરી છેને! એક-એક શ્લોકે અને એક-એક ગાથાએ આત્માને આમ નિકાળીને ફોટો બતાવ્યો છે કે જો તું.

'**अभेदस्वरूप वर्तता...**' અભેદ એટલે? આત્મા પોતે જ વેદનારો આનંદ અને વેદાવાયોગ્ય આનંદ. આત્મા પોતે જ વેદનારો અને જ્ઞાન વેદાવાયોગ્ય. એ જ્ઞાન એટલે પર્યાયની યોગ્યતા. એ બધી પર્યાયો. આહા..હા..! વેદનારો ઈ અને વેદવાયોગ્ય ઈ. એ અભેદસ્વરૂપ છે. '**अभेदस्वरूप वर्तता वेद्य-वेदकना बळथी (अर्थात् वेद्य अने वेदक अभेद ज होय छे एवी वस्तुस्थितिना बळथी)...**' '**यद् एकं अचलं ज्ञानं स्वयं अनाकुलैः सदा वेद्यते**' આહા..હા..! '**એક અચળ જ્ઞાન જ...**' ન ચળે એવું જ્ઞાન એટલે આત્માનો સ્વભાવ. એક શુદ્ધ અભેદ અચળ જ્ઞાન એટલે આત્મસ્વભાવ જ '**स्वयं निराकुळ...**' .. બળ થાય. જ્ઞાન જ એટલે આખું '**स्वयं निराकुळ पुरुषो वडे...**' પણ '**निराकुळ पुरुषो वडे (-ज्ञानीओ वडे)...**' એમ. ધર્મીઓ વડે. ધર્મી નિરાકુળ પુરુષો છે. આહા..હા..!

આકુળતાવાળા એ જીવ નથી. આકુળતાવાળા જીવ તે ધર્મી નથી. આમ કરો... આમ કરીએ... આમ કરો... તેમ કરો... .. લગાવે છે. કહે છે કે એ આકુળતાવાળા છે તે ધર્મી નથી. આહા..હા..! અને સરખું ન થાય ત્યારે બળતરા, સરખું કરવાની બળતરા. ધર્મીને એ સરખું કરવું અને ન કરવું એવું હોતું નથી. એ તો જ્ઞાતા-દ્રષ્ટાના પરિણમનમાં પડ્યો છે સદા. ચાહે તો રાગ હોય ને વાણી હોય ને શરીર હોય. અરે..! લડાઈ આદિ હોય. આહા..હા..! શ્રેણિક રાજાએ હીરો ચુસ્યો. તોપણ એ રાગમાં અને હીરામાં નહોતા ઈ. આહા..હા..! દેહ છૂટી ગયો. આયુષ્ય બંધાઈ ગયું નરકનું. નરકમાં છે અત્યારે ૮૪ હજાર વર્ષ સ્થિતિએ. અઢી હજાર ગયા. આહા..હા..! આકરી વેદનાનું રાત પણ મોટી થઈ પડે. બહુ વેદના હોય તો અરે..! રાત તો ખુટતી જ નથી એમ કહે નહિ? ખુટતી જ નથી આ તો. આહા..હા..! મોઢા આગળ કલાક, બે કલાક .. પડ્યો હતો પણ ફડાક આંખ ઉઘડી ગઈ સાડા આઠે,

નવે વેદના... વેદના... વેદના... બળતરા. રાત મોટી થઈ પડી. રાત તો છે ઈ છે. કાળ કાઢવો મુશ્કેલ પડ્યો. મોટી થઈ ગઈ કહે. આહા..હા..!

ધર્મી શ્રેણિક રાજા નરકમાં હોવા છતાં. આહા..હા..! એ વેદવું નથી કહે છે દુઃખનું. આહા..હા..! એને તો જ્ઞાન અને આનંદની વેદવાયોગ્ય દશા અને વેદનારો આત્મા. અભેદ સ્વરૂપે વેદનારો છે. આહા..હા..! આ માપ ક્યાં કાઢવું? આહા..હા..! પોતાનું હોવાપણું જ રાગના અને શરીરના હોવાથી તદ્દન જુદું રહ્યું. જુદું રહ્યું ઈ જુદો રહ્યો છે. આહા..હા..! છે તો જુદા પણ ઓલા જ્યારે માન્યતામાં તડ પડી જાય ત્યારે એને જુદા ઈ જુદા રહી ગયા. આહા..હા..! એ રીતે ધર્મીને વેદ્ય-વેદકના બળથી. એવી વસ્તુસ્થિતિના બળથી. એમ કે વસ્તુની મર્યાદા જ આવી છે એમ કહે છે. કે જ્યાં વસ્તુ ભગવાન અખંડ આત્મા એનું જ્યાં દૃષ્ટિએ સમ્યગ્દર્શન થયું તો એ વસ્તુની મર્યાદા એવી છે. અભેદના વેદ્ય-વેદકદના બળથી એમ.

'**यद् एकं अचलं ज्ञानं स्वयं अनाकुलैः सदा वेद्यते**' લ્યો, એ ધર્મી તો '**એક અચળ જ્ઞાન જ...**' એટલે આત્માનો આનંદ જ '**स्वयं निराकुळ पुरुषो वडे (-જ્ઞાનીઓ વડે)...**' પુરુષો એટલે. '**निराकुळ पुरुषो वडे (-જ્ઞાનીઓ વડે) सदा वेदाय छे,...**' સદા વેદાય છે. રાગ અને અશાતા દ્વેષ અને રાગની શાતામાં એ વેદનથી ધર્મી જુદો પડીગયો છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**सदा वेदाय छे,...**' '**एषा एका एव हि वेदना**' આહા..હા..! અધ્યાત્મની દૃષ્ટિના વિષયમાં વેદન એક જ છે એમ. .. દુઃખ હોય છે .. પણ એ વેદનને ગૌણ કરીને એનો અભાવ બતાવી દીધો. આનંદને વેદે અને ભેગું દુઃખને વેદે એમ બે હોતું નથી. એ આ અપેક્ષાએ હોં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, .. પડ્યો ત્યાં કહે છે. .. વેદે છે. આનંદ પણ વેદે પ્રવચનસાર ૪૭ નય. ભોક્તાનય. આહા..હા..! ત્યાં એ અપેક્ષાએ. આ તો દૃષ્ટિની અપેક્ષાની વાત ચાલે છે આ. ઓલું જ્ઞાનનું જ્યારે સ્વરૂપ જાણે તો અંદર થોડું આનંદનું વેદન અને થોડું દુઃખનું વેદન બેય એની પોતાની પર્યાયમાં છે. આહા..હા..! ભારે! એક બાજુ અહીં કહે અને બીજી બાજું ત્યાં કહે. દર્શનનો વિષય તો અભેદ એક જ છે. દર્શન બીજાને જાણે એવો એનો સ્વભાવ નથી. ધ્યાનનો સ્વભાવ સ્વ અને પર બેયને જાણે છે. દ્રવ્ય અને પર્યાય બેને જાણે. આહા..હા..!

ચકલાનો એક માળો હતો. ઈ બોટાદમાં .. હતો. માળામાં પવન બહુ આવ્યો તો ક્યાંકથી ઓલું બચ્ચું હશેને ચકલાનું. નીચે વેળું. ધગધગતી વેળું. ઓલામાં ખોડા હોયને વેળુમાં તો? ઉપરથી પડ્યું તો ખાડામાં પડ્યું. પડ્યા ભેગું ખલાસ. શરીરની ઈ વેદના અજ્ઞાની પોતાના રાગને વેદે છે. એને વસ્તુની દૃષ્ટિની ખબર નથી. આહા..હા..! .. માળો હતોને આમ જરી

હલ્યો. આવી રીતે પવન આવ્યો તો. નીચે જુઓ તો વેળુ. વેળુ સમજો છો? .. રેતી. રેતી નથી સમજતા? વાળુ. પશુ ચાલ્યા હોય, માણસ ચાલ્યા હોય તો ખાડા પડ્યા હોય એનું નામ વેળુ. ખલાસ. એને અહીંયાં વેદનમાં આત્મા ક્યાં છે? ત્યાં તો દુઃખનું વેદન, રાગનું-દ્વેષનું વેદન છે. શરીરનું નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. જડને કોણ વેદે? .. અણગમો આવ્યોને તો દ્વેષનું વેદન છે. જ્ઞાનીને એ દ્વેષ જ નથી કહે છે. આહા..હા..! એ દ્વેષમાં આવતો જ નથી. આહા..હા..! રાગના વિકલ્પમાં આવતો નથી અને દ્વેષના વિકલ્પમાં આવતો નથી. એ પોતાના સ્વભાવમાં સ્થાનને છોડતો જ નથી એમ કહે. આહા..હા..! '**આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે. (આત્મા વેદનાર છે અને જ્ઞાન વેદાવાયોગ્ય છે.)**' એ જ્ઞાન શબ્દે આત્માની પર્યાયનો આનંદ. એ વેદાવાયોગ્ય છે. આ સિવાય બીજી વેદના હોતી નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૩, શુક્રવાર, તા. ૨૦-૦૪-૧૯૭૩
કળશ-૧૫૬-૧૫૭, પ્રવચન-૩૭૪

આ સમયસાર. નિર્જરા અધિકાર. ૧૫૬. ફરીને. '**હવે વેદનાભયનું કાવ્ય કહે છે :-**' '**निर्भेद-उदित-वेद्य-वेदक-बलात्**' અહીંયાં દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા ચાલે છે. સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ અભેદ ચેતનસ્વરૂપ એના ઉપર હોય છે. મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ રાગ, નિમિત્ત અને પર્યાય ઉપર હોય છે. એથી મિથ્યાદૃષ્ટિમાં દ્રવ્યનો સ્વભાવ તો આવ્યો નહિ. જેની દૃષ્ટિ પર્યાય અંશ ઉપર, રાગ ઉપર કે નિમિત્ત ઉપર છે એમાં એને દૃષ્ટિનું દ્રવ્યસ્વરૂપ જે છે એ તો આવ્યું નહિ. એથી અજ્ઞાનીને ચાહે તો વ્રત, તપ અનેક કરે, પણ એને તો મિથ્યાત્વનો જ બંધ ક્ષણે-ક્ષણે થયા કરે છે. સમજાણું કાંઈ? ભલે પાંચ મહાવ્રત ધારણ કરે, તપસ્યાઓ અપવાસ કરે, પણ એની દૃષ્ટિમાં દ્રવ્યસ્વભાવ જે વસ્તુ છે આનંદ એ તો આવ્યો નથી. એથી પર્યાયબુદ્ધિમાં તો દુઃખનું જ વેદન છે એને. એ પંચ મહાવ્રતનું પાલન એ પણ રાગ અને દુઃખ છે. આહા..હા..!

એને કર્મનું નવું બંધન થયા કરે છે.

ધર્મીની દૃષ્ટિ વસ્તુના સ્વભાવ ઉપર હોય છે. ત્રિકાળ ચૈતન્યઘન આનંદકંદ ધ્રુવ અભેદ સ્વભાવ એ ઉપર દૃષ્ટિ હોવાથી '**અભેદ સ્વરૂપ વર્તતા...**' એની પર્યાયમાં પણ વેદવાયોગ્ય અને વેદન કરનાર એ બધો અભેદ છે. આહા..હા..! અજ્ઞાનીને તો રાગનું વેદન છે. કોઈપણ ઇચ્છા થાય તો ભોગનું જ એને વેદન છે. રાગનું. ધર્મી સમ્યગ્દૃષ્ટિને નિર્જરા કેમ થાય છે? કે એને ચૈતન્યમૂર્તિ પ્રભુ પૂર્ણ સ્વરૂપ એ દૃષ્ટિમાં અને અનુભવમાં એ આવે છે. એથી એને પૂર્વના કર્મનો ઉદય આવે એ ખરી જાય છે. એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે.

'**અભેદસ્વરૂપ વર્તતા વેદ્ય-વેદકના બળથી...**' વેદ્ય-વેદાવાયોગ્ય, અનુભવવાયોગ્ય અને વેદનાર બેય '**અભેદ જ હોય છે એવી વસ્તુસ્થિતિના બળથી**)...' એટલે કે વસ્તુ જ્ઞાયક ચૈતન્યસ્વભાવ એની દૃષ્ટિ થઈ એટલે એ વસ્તુના સ્વરૂપના બળથી વેદનાર પણ આત્મા અને વેદવાયોગ્ય આનંદ જ્ઞાનની પર્યાય ઈ પણ પોતે. એને રાગનું વેદન અને રાગનો અનુભવ જ્ઞાનીને હોતો નથી. અહીં એ વાત સિદ્ધ કરવી છેને. કહો, સમજાણું કાંઈ? '**અભેદસ્વરૂપ વર્તતા...**' વર્તમાન હોં. '**વેદ્ય-વેદકના બળથી...**' '**यद् एकं अचलं ज्ञानं स्वयं अनाकुलैः सदा वेद्यते**' વીતરાગ સ્વભાવ એવો છે ચૈતન્યનો કે પૂર્ણ આનંદ એવી દૃષ્ટિ થતાં '**એક અચળ જ્ઞાન જ સ્વયં નિરાકુળ પુરુષો વડે (-જ્ઞાનીઓ વડે) સદા વેદાય છે,...**' રાગનો થોડો ભાગ છે એને અહીંયાં ગણ્યો નથી. એનાથી ભિન્ન પડેલામાં રાગની એકતા થતી નથી. પોપટભાઈ! બહુ ઝીણું .. ગાથા. સંસારમાંથી છૂટવું એટલે કે વિકલ્પની રુચિથી છૂટવું. આહા..હા..! એક સમયની પર્યાયની દૃષ્ટિથી છૂટવું અને ત્રિકાળી જ્ઞાયક આનંદસ્વરૂપ એને દૃષ્ટિમાં લઈને વેદનારો આનંદનો પણ આત્મા અને વેદવાયોગ્ય આનંદ અને શાંતિ પણ આત્માની. આવું સમ્યગ્દૃષ્ટિમાં આવું સ્વરૂપ હોય છે એમ કહે છે. આહા..હા..! એથી એને પૂર્વના કર્મનું ખરી જવું થાય છે. અશુદ્ધતા ટળે છે અને શુદ્ધતા વધે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**એક અચળ જ્ઞાન જ સ્વયં નિરાકુળ...**' છે. આનંદ સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાન એટલે એ આત્મા આખો. એ જ્ઞાન જ. '**અચળ જ્ઞાન...**' એટલે આત્મા સ્વયં નિરાકુળ. આનંદસ્વરૂપ જેની સ્થિતિ છે. એવા આત્મા વડે. પૂર્ણ આનંદસ્વરૂપનો આશ્રય છે જેને એવા '**નિરાકુળ પુરુષો વડે (-જ્ઞાનીઓ વડે) સદા વેદાય છે,...**' સ્વયં નિરાકુળ આનંદ જ એને વેદાવાને લાયક છે. આહા..હા..! આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાનના પરિણામ હોવા છતાં એ સ્વભાવની દૃષ્ટિના જોરે એને શાંતિ અને આનંદનું જ વેદન હોય છે. આહા..હા..! આ ભારે! તો ચોથે, પાંચમેં, છઠ્ઠે આર્તધ્યાન ગણ્યું છે અને ચોથે, પાંચમે રૌદ્ર ધ્યાન પણ ગણ્યું છે. આહા..હા..! પણ એની ગૌણતા થઈ ગઈ. ચૈતન્યમૂર્તિ પૂર્ણ આનંદસ્વરૂપ જ્યાં

પૂર્ણ સ્વરૂપ ઉપર દૃષ્ટિ પડતાં એનું શુદ્ધસ્વરૂપ છે એ શુદ્ધનું જ પરિણમન શરૂ થઈ ગયું. સમજાણું કાંઈ? જ્યાં દૃષ્ટિ છે એ શુદ્ધ છે. એ શુદ્ધની દૃષ્ટિ તેવી સૃષ્ટિ. પર્યાયમાં પણ શુદ્ધતાની જ ઉત્પત્તિ થાય છે એમ કહે છે. આહા..હા..!

ઓલો કર્મ .. લીધો છેને કર્મ નહિ? ષટ્કારકમાં. એટલે? કર્મ નામનો એક આત્મામાં ગુણ છે. આ જડકર્મ નહિ, પુણ્ય-પાપના વિકલ્પ નહિ, એક સમયની પર્યાય નહિ. એ કર્મ નામની શક્તિ છે, ગુણ છે એથી જેને આત્મદ્રવ્યની દૃષ્ટિ થઈ અંદર એને તો શુદ્ધનું જ કર્મ પ્રાપ્ત કરાતો એવો સિદ્ધરૂપ ભાવ. સિદ્ધ એટલે તે ક્ષણે તે જ ભાવ છે એવા પ્રાપ્ત કરે છે એ જ્ઞાની તો આનંદના ભાવને જ પ્રાપ્ત કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ આમાં? ફેરફાર પરિણામને કરવું એ ત્યાં રહેતું નથી. આહા..હા..! કેમકે જ્યાં જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ છે એવી જ અંતર મહા નિધાન પરમાત્મસ્વરૂપ વસ્તુ એનો અનુભવ અને દૃષ્ટિ અને જ્ઞાન થયું એથી એને એનામાં જે સમયે સિદ્ધ એટલે થવાયોગ્ય ભાવ એને એ પ્રાપ્ત કરે છે. તો ધર્મી થવાયોગ્ય ભાવ તો એને શુદ્ધ અને આનંદ થવાયોગ્ય છે. સિદ્ધ એટલે એ વખતે થવાયોગ્ય. સિદ્ધ એટલે સિદ્ધ ભગવાન એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે વાત, ભાઈ! કેમકે જ્યાં આત્મા વસ્તુ પૂર્ણાનંદ પ્રભુ એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ ત્યાં તો અનંતગુણરૂપ દ્રવ્ય એને કબજે કર્યું. તે જીવને તે કર્મ નામના ગુણને કારણે એને તે જ સમયે જે નિર્મળ પરિણામ થાય પ્રાપ્ત કરવાયોગ્ય એને એ પ્રાપ્ત કરે છે. એવો જે કર્મગુણનો કાર્યનો સ્વભાવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? શું આમાં? કહો, છોટુભાઈ!

જે સમયનો ત્યાં કર્મ છે. ભાવ તો છે. ભાવ તો વિદ્યમાન પર્યાય છે એમ છે ભાવ મનમાં. વિદ્યમાન દુઃખ નથી. ભાવમન તો એ ગુણ છે. તો એ ગુણને ગુણીને પકડતા એમાં જેટલા ગુણો છે એમાં એ ભાવ નામનો ગુણ આવ્યો. એટલે કે ધર્મીને એ કોઈપણ વર્તમાન પર્યાય વિદ્યમાનપણે હોય, એ શુદ્ધ વિદ્યમાનપણે હોય એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાનીને તે કાંઈ વિદ્યમાન પર્યાય હોય અને થાય એવા દ્રવ્યની ખબર નથી. અને દ્રવ્યમાં જે ગુણો આવા છે એની પણ એને ખબર નથી. સમજાણું કાંઈ? એથી કહે છે કે અહીંયાં તે એક જ વેદના જ્ઞાનીઓને છે. સદા વેદાય છે. **'एषा एका एव हि वेदना'** એનો અર્થ ઈ. કે દૃષ્ટિ પર્યાય અને રાગથી ખસી ગઈ છે અને ત્રિકાળી ગુણનો પિંડ એકરૂપ વસ્તુ. આઠ વર્ષની બાળિકા હોય શરીરની દશાએ, પણ અંદર આત્મા પૂર્ણાનંદ પ્રભુ એમ જ્યાં અંતર દૃષ્ટિમાં અનુભવ થયો તો ધર્મીને તો એક જ જે ભાવ નામના ગુણને લઈને તે વખતે વિદ્યમાન નિર્મળ પર્યાય હોય જ. કરવી પડે અને આ થાય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! અને એ પર્યાય વિદ્યમાન એ જ પર્યાય થવાની હતી તેને જીવે પ્રાપ્ત કરી. લ્યો આ તો આલું આવ્યું પ્રાપ્ત-વિકાર્ય-નિર્વર્ત્ય. ઓહો..હો..! પ્રાપ્ત તે વખતે એ જ

પર્યાય આમ દૃષ્ટિ અહીં છે એથી એના અનંતગુણની પર્યાય તે સમયે જે ભાવથી આવવાની છે વિદ્યમાનપણે એ જ .. છે. અને પરની અપેક્ષો તેમાં અભાવ એટલે અવિદ્યમાન છે. સમજાણું કાંઈ? અને કર્મની અપેક્ષાએ કર્મ નામનો ગુણ છે એક આત્મામાં. કર્મ એટલે કે કાર્ય થવું. કાર્ય થવું એવો એક ગુણ છે. તો કહે છે કે જીવમાં ભગવાન આત્મામાં જ્યાં એકરૂપ જ્યાં સ્વભાવમાં દૃષ્ટિ પડી એટલે એને એના સમયમાં એક નિર્મળ પર્યાય તે જ સિદ્ધ નામ તે જ હોવાની છે. એને એ આત્મા પ્રાપ્ત કરે છે. તો એ શુદ્ધની પર્યાયને પ્રાપ્ત કરે છે એમ કહે છે. દેવીલાલજી! ભારે આકરી વાત ભગવાન!

... કહે છે કે જ્યાં દૃષ્ટિનો વિષય જે આત્મા ભગવાન પૂર્ણ. એમાં આ બધી શક્તિઓનો અંદર સમુદાય તો પડ્યો છે. એવી શક્તિવાનને શક્તિવાળું તત્ત્વ એ તો ગુણ કીધો. હવે એવું જે તત્ત્વ તેનો આશ્રય કરીને જે દૃષ્ટિ પ્રગટ થઈ. ખરેખર તો તે વખતે દર્શનનું કર્મ કાર્ય પ્રાપ્ત થવાનું એને જ એને પ્રાપ્ત કર્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! આ વસ્તુ એવી છે. પણ વસ્તુ જ એવી છે ત્યાં આમાં. વસ્તુનું સ્વરૂપ જ આ રીતે છે. સમજાણું કાંઈ? પરના કારણે એમાં થાય એ વસ્તુનું સ્વરૂપ નથી. તેથી ૧૬મી ગાથામાં લીધું છેને? વ્યવહાર ષટ્કારક તે અસત્ય છે. પ્રવચનસાર. અસત્ય છે. વ્યવહાર આનાથી આ થાય, કુંભારથી ઘડો થાય, આના કર્મ સાધનથી થાય એ બધા અસત્ય સાધન છે, જૂઠાં છે. એ વ્યવહાર તે અસ્તયકારકો છે. આહા..હા..! નિશ્ચયથી આત્મા સ્વયંભુ. રાતે કહ્યું હતું. સ્વયં અનંતગુણનો પિંડ પ્રભુ જ્યારે સ્વભાવની જાગૃતિમાં આવે છે ત્યારે પોતે પોતાના જ કાર્યથી નિર્મળરૂપે પરિણમતો પોતાની પર્યાયને પ્રાપ્ત કરે છે. આહા..હા..! તે સમયની તે પર્યાય તેને પ્રાપ્ત કરે છે. કહો, કાંતિભાઈ! આવું ઝીણું થોડું ભારે ભગવાનને પણ. ભગવાનજીભાઈ! નામ તો સાવ સહેલું પણ ... આહા..હા..!

જ્યાં એની દૃષ્ટિમાં અનંત સ્વભાવના ગુણનો પિંડ પ્રભુ એ દૃષ્ટિમાં આવ્યો નથી. એને તો એક સમયની પર્યાય જ આવી ગઈ. ગુણ તો આવ્યું નથી. આહા..હા..! આ સમ્યગ્દર્શનનું કેટલું માહાત્મ્ય છે અને મિથ્યાશ્રદ્ધામાં કેટલી હાનિ છે ખબર નથી. એ વ્રત પાળતો હોય, તપસ્યા કરતો હોય છ-છ મહિનાના અપવાસ. અને આ બધા વર્ષીતપ કરે છે. કરે છેને આ બાયુ? લાંઘણું.

મુમુક્ષુ :- શ્રદ્ધા.

ઉત્તર :- શ્રદ્ધા હોય છે મિથ્યાત્વની. આ હું કાંઈક કરું છું. આ રાગને કરું છું એવી શ્રદ્ધા હોય છે એમાં. આહા..હા..! હું કાંઈક અપવાસ કરું છું. મેં આને છોડ્યો. હું ગ્રહણ કરતો હતો એને આ છોડી દીધો એવા મિથ્યાત્વભાવને સેવે છે. એય..!

મુમુક્ષુ :- શ્રદ્ધા છેને.

ઉત્તર :- આ શ્રદ્ધા છે એને ઉંડી મિથ્યાત્વની. આહા..હા..! ત્રિકાળ સ્વભાવની જ્યાં શ્રદ્ધા નથી તેને શ્રદ્ધા તો છે આ. કાંઈક કરું, અપવાસ કરું, ભક્તિ કરું, પૂજા કરું, વ્રત કરું, તપસ્યા કરું, વ્રત છોડું, ઘણા રસો લેવાય એ કરતા થોડા રસ લઉં એ લઉં છે અને ઘણા છોડું છું એ બુદ્ધિ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? એ વસ્તુમાં એ ગ્રહણ-ત્યાગ છે નહિ. આવો માર્ગ તીર્થંકરનો છે. આહા..હા..! કેવળજ્ઞાની પરમાત્મા જેની સભામાં ઈન્દ્રો અને ગણધરો અને લાખો ટોળા સંતના. આહા..હા..! દરબાર ભર્યો હોય ત્યાં સાધકનો. ભગવાનની સભામાં સાધક જીવોનો દરબાર ભર્યો હોય. લાખો, કરોડો સંતો, ઈન્દ્રો આ એમાં પરમાત્મા કહે છે કે ભાઈ! તારી જો દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ અને થઈ દૃષ્ટિ સાચી તો તો એને શુદ્ધ સ્વરૂપ જે છે એની દૃષ્ટિ થતાં શુદ્ધનું જ કાર્ય ત્યાં પરિણત થાય છે. એને અશુદ્ધનું કાર્ય થાય તે છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**एषा एका एव हि वेदना**' એમ. એક લેવી છેને? '**તે આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે.**' આહા..હા..! હરખ-શોક અને રાગાદિનું કરવાપણું ધર્મીને છે નહિ. આહા..હા..! એનું કરવાપણું તો કર્તા તો અનંતગુણની પર્યાયને કરે. કર્તા નામનો ગુણ છે. અનંતી પર્યાય નિર્મળને કરે અને નિર્મળ એને પ્રાપ્ત કરે આત્મા. આહા..હા..! હવે આ લોકોને એમ થઈ ગયું છે કે આ તો મારું નિયતવાદ થઈ જાય છે. જે સમયે જે પર્યાય સમકિતીને થવાની છે ઈ એના ગુણને લઈને થવાની છે. એ ભાવ નામનો ગુણ છે તે કોઈપણ દ્રવ્યમાં હોય જ અને કર્મ નામનો ગુણ છે કે જે ગુણની પર્યાય તે કાળે થવાની તેને જ એ પ્રાપ્ત કરે. રાગાદિને પ્રાપ્ત કરે કે નિમિત્તને મેળવે અને પ્રાપ્ત કરે. આહા..હા..! નિમિત્તને મેળવે એમ કહે છેને માણસ? નિમિત્ત મેળવો. અરે..! ભગવાન! શું તું કહે છો? નિમિત્ત એટલે પરદ્રવ્ય. પરદ્રવ્યને મેળવાતું હશે? એવો આત્મામાં ગુણ છે? એવો એનો પર્યાયનો ધર્મ છે? આ તો અલૌકિક વાતું છે, ચંદુભાઈ! આ બેય જણા બેઠા છેને આ. આહા..હા..!

અહીં તો ભાષા પહેલી અભેદ આવી. વળી આવી '**તે આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે.**' આ કારણ શું? મુખ્યપણે જ્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર થઈ એટલે એની નિર્મળ પર્યાય જ એનું વેદન એટલું હોય છે. આહા..હા..! રાગાદિ છે એ એનો સ્વામી નથી. એટલે મારા નથી. સ્વામી નથી એનો અર્થ એમ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? એવો માર્ગ વીતરાગનો. ઓહો..હો..! ત્રણ લોકના નાથ તીર્થંકરે આમ જોયું અને જણાવ્યું. વસ્તુ આવી છે, ભાઈ! તે કોઈના ઘરની નથી. કોઈ સંપ્રદાયની નથી. વસ્તુની સ્થિતિમાં છે આવી. આહા..હા..! કહે છે કે '**તે આ એક જ વેદના (જ્ઞાનવેદન) જ્ઞાનીઓને છે. (આત્મા વેદનાર છે અને જ્ઞાન...**' એટલે એનો સ્વભાવ શુદ્ધ તે '**વેદાવાયોગ્ય છે.**)' આહા..હા..! રાગથી તો પૃથક્ પડી ગયો છે. દ્રવ્યસ્વભાવ સમ્યગ્દર્શન થતાં રાગના વ્યવહારથી, વિકલ્પથી

તો પૃથક્ વસ્તુ થઈ ગઈ છે. જે પૃથક્ને વેદે અને કરે એ કેમ બને? આહા..હા..! જે એનામાં હોય એને કરે અને વેદે. આહા..હા..! અરે..! એણે આત્માની જાતમાં શું શું છે? અને એનો સ્વભાવ શું છે એનું સ્વરૂપ શું આવું છે એવી એને ખબર નહિ એટલે આમ લાગે કે આ શું? આવો ધર્મ કેવો? એવો ધર્મ આત્માનો છે. કહે છે. અહીં સુધી તો આવ્યું હતું. કાલે આવ્યું હતુંને?

મુમુક્ષુ :- કાલે કરતા આજે સારું આવ્યું.

ઉત્તર :- ભાઈ ક્યારે શું નીકળે.

મુમુક્ષુ :- જુદું-જુદું આવે.

ઉત્તર :- આવેને. જુદી વાત છે તો જુદી જ આવેને. તે દિ' આ ચીમનભાઈ નહોતા. ઓલા વિશાશ્રીમાળી છે જુઓ ..

મુમુક્ષુ :- એક ..

ઉત્તર :- એ તો ચીમનભાઈના ઘરેથી અને આ ગીરધરભાઈ ત્રણે વીશાશ્રીમાળી છેને? આહા..હા..! અહીં તો કહે છે આત્મશાળી આત્મા. ચૈતન્યશાળી નથી આવતું? ચૈતન્યશાળી આવે છે સર્વશુદ્ધ. ચૈતન્યશાળી. આહા..હા..! ચૈતન્ય ભગવાનમાં તો અનંતગુણ ચૈતન્યની જાતના ભર્યા છે. એ એનો સમ્યગ્દર્શન થતાં એ ચૈતન્યશાળી થઈ ગયો. એ ભાગ્યશાળી, પુણ્યશાળી અને પાપશાળી રહી ગયો. આહા..હા..! આ પાપશાળી છે ને પુણ્યશાળી છેને. એ તો મિથ્યાદૃષ્ટિએ માન્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્માના કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ આદિ અનંતગુણો. એવા ગુણનો પિંડ પ્રભુ એ ચૈતન્યશાળી એટલે એના ગુણવાળો એવી જે દૃષ્ટિ થતાં એને ચૈતન્યની જે શક્તિઓ છે શુદ્ધ એવી જ એની દશાનું સમયે-સમયે પરિણમન સ્વતઃ સિદ્ધ પરિણમું તો થાય એમ પણ નથી એમાં. આહા..હા..! સમજાય છે કાંઈ?

સ્વભાવિક એમાં પરિણમન અવસ્થાનું થવું એ એના ગુણને કારણે, ગુણીનો પક્કડ જ્યાં દૃષ્ટિમાં આવ્યો. ગુણી એવો વસ્તુ એનો એને અનુસરીને અનુભવ થયો ત્યાં તો બધા ગુણોની પર્યાય. આહા..હા..! એ જે કાળે જે પર્યાય શુદ્ધ થવાની તે જ તેને આવવાની અને એનું જ એને વેદન હોય છે. આમ છે. આહા..હા..! કહો, જયસુખભાઈ! આવો માર્ગ છે. ભગવાને આમ કહ્યું હતું અને આમ કર્યું હતું. બાકી કોકને માટે આમ કર્યું હતું એમ છે નહિ. ભગવાન મહાવીર પોતાની સાધકદશા વધારીને પૂર્ણતા શુદ્ધ.. બસ અને વ્યવહારથી કહો તો ઉપદેશ આવ્યો તો આ જાતનો ઉપદેશ આવ્યો. જે કર્યું એ કહ્યું. આવો ભગવાન આત્મા છેને ભાઈ! તું મારી નાતનો, જાતનો સરખો છો. એવો પ્રભુ આત્મા એમાં અંદર જોને, એમાં અંતર વળને, એમાં જાને. અને વલણ જુકવાનું ત્યાં છે કહે છે. આહા..હા..! વલણ નથી ચુકાતું

તમારે આવે છે. કાયદાના વલણ ચુકાવે. આખો આત્મા એનું વલણ ચુકાવે એ આત્મા અંદર દૃષ્ટિ છે. યથાર્થ આત્મા છે આવો. સમજાણું કાંઈ?

'**ज्ञानिनः अन्या आगत-वेदना एव हि न एव भवेत्**' આ અનેકાંત કર્યું. લ્યો. આ છે. કેમકે ધર્મી તો સંયોગી ચીજથી જુદો પડી ગયો છે અને સંયોગને લક્ષે થયેલા ભાવ એનાથી પૃથક્ જુદો થઈ ગયો છે. જુદાને જુદાનું વેદન કેમ હોય? એમ કહે છે. આહા..હા..! ભારે આકરું! ઓલા તો ઈચ્છામી પડિક્કમણું ઈરિયા વહિયા કર્યું, લોગસ્સ કર્યો તો થઈ ગયો સામાયિક જાવ. આવી વાત માથાફોડ કેટલી? આ તો માથાકુટ મટે એવી વાત છે. આહા..હા..!

મુમુક્ષુ :- નિરાકુળ સ્વરૂપ છે.

ઉત્તર :- નિરાકુળ સ્વરૂપ કીધુંને માથે. નિરાકુળ પુરુષો વડે કરીને વેદાય એવું છે આ તો. આહા..હા..! તો નિરાકુળ આનંદકંદ પ્રભુ જ્યાં દૃષ્ટિમાં આવ્યો. નિશ્ચિંત નિર્ભર પુરુષ આવે છે નહિ? કર્તાકર્મમાં. નિશ્ચિંત પુરુષો વડે બહારની ચિંતા છોડીને અંતરની દશામાં ગયો એને નિર્ભર. એવો આત્મા એણે '**ज्ञानीने बीजी कोई आवेली (-पुद्गलथी थयेली) वेदना होती ज नथी,...**' આહા..હા..! સાતમી નરકના નારકી સમકિતી છે કેટલાક. શ્રેણિક રાજા પહેલી નરકે ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિ છે. કહે છે કે એને તો શુદ્ધનું જ પરિણમન એનું છે. અને વેદનમાં શુદ્ધતા જ વેદે છે. ઓહો..હો..! અશુદ્ધતા એને બીજી આગંતુક વેદના એને નથી. અંતરમાંથી આવેલી એને વેદના.. ઓલી આગંતુક રાગ-દ્વેષની વેદના તો આગંતુક છે નવી. આહા..હા..! '**ज्ञानीने बीजी कोई आवेली (-पुद्गलथी थयेली) वेदना होती ज नथी,...**' આહા..હા..!

વળી પ્રવચનસારમાં એમ કહે કે ભોક્તા ગુણથી જ્ઞાનીને પણ રાગનો ભોગ હોય છે. જેટલો રાગ અને વિકલ્પ ઉઠે છે એનો એ ભોક્તા અને એ ભોગ્ય છે. બાપુ એ તો જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. આ દર્શનની પ્રધાનતામાં એક વખતે બીજું વેદન નહિ એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! એ અપેક્ષાઓ ન જાણે તો આ અનેકાંત તત્ત્વ એને ન સમજવામાં આવે. સમજાણું કાંઈ? કહે છે '**ज्ञानीने...**' એટલે ધર્મીને. ચાહે તો નારકીનો જીવ હો, નારકીનો જીવ નથી. જીવ તો જીવનો છે. આહા..હા..! દેવનો જીવ નથી, જીવ તો જીવનો છે. આહા..હા..! મનુષ્યનો આત્મા એમ નથી. એ તો આત્મા તો આત્માનો છે. મનુષ્યનો ક્યાં છે? ગતિનો પણ આત્મા ક્યાં છે એ? સમજાય છે કાંઈ? આત્મા તો અનંતગુણનો પિંડ પોતે પોતાના ગુણમાં રહેલો છે અને દૃષ્ટિ થઈ એટલે એની નિર્મળ પર્યાયમાં રહેલો છે. આહા..હા..! દૃષ્ટિ જ્યારે ઉંધી સ્વદ્રવ્યને પકડવાની નહોતી ત્યાં સુધી એની એક પર્યાયના અંશમાં એનું રોકાણ હોવાથી એને રાગ ને દુઃખનું વેદન એકનું હતું. ત્યાં એકલું દુઃખનું જ વેદન હતું અને ધર્મ થયો ત્યારે એકલું આનંદનું જ વેદન છે એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આ કરોડોપતિઓ

અને અબજોપતિઓ બધા બિચારા દુઃખી છે કહે છે. એની દૃષ્ટિ ત્યાં છેને રાગ ઉપર અને પર ઉપર. એકલું દુઃખનું વેદન છે.

મુમુક્ષુ :- બિચારા કેમ કીધા?

ઉત્તર :- બિચારા એટલે ગરીબ છે બિચારા ભિખારી. ચંદુભાઈ! કારણ કે માગે છે. માંગણ છેને? આ લાવો... આ લાવો... આ લાવો... ગરીબ બિચારા ભિખારી છે.

મુમુક્ષુ :- દયાને પાત્ર છે.

ઉત્તર :- બરાબર છે? આ તમે પણ એકના એક દીકરા અને આવું રળવાનું, પૈસા મૂકી ગયા એ બધા ખુશી ન કહેવાય?

મુમુક્ષુ :- માને ખરા.

ઉત્તર :- એય..! નવલંચદભાઈ! ક્યાં આ સુખી નથી તમારો? નહિ? આહા..હા..! ભાઈ! સુખ કોને કહેવું એને ખબર છે? સુખનો ભંડાર ભગવાન તો પોતે છે. હવે ત્યાં તો નજરું ગઈ નથી અને એનું પરિણમન થયું નથી તો સુખ ક્યાંથી આવ્યું? બહારના સંયોગ ઉપર લક્ષ છે એ તો બધુ દુઃખ, દુઃખ ને દુઃખ છે. આહા..હા..! દુઃખી... દુઃખી... છે. કાંઈક જોવે છે મારે.

મુમુક્ષુ :- .. કરી શકે ને?

ઉત્તર :- સુખી ઈ વળી ક્યાં આવ્યું?

મુમુક્ષુ :- દુઃખી હોય તો બિચારો કમાવામાં રોકાય.

ઉત્તર :- સુખો પણ કે દિ' હતો? એ પણ દુઃખી છે. કમાવામાં રોકાવું, કમાઈ ગયું અને એનાથી નિવૃત્ત થયો તો હવે આપણે ધર્મ થાય એમ પણ ક્યાં છે એમાં? અહીં તો વિકલ્પથી નિવૃત્ત થઈને અંતર જાય દૃષ્ટિમાં ત્યારે એ નિવૃત્ત થયો કહેવાય. કહો, સમજાણું કાંઈ? ભાઈ! આ એમ કે બે, પાંચ, દસ લાખ રૂપિયા છે છોકરા પાસે. છોકરા રળે છે. હવે આપણે નિરાંતે હવે આપણે કાંઈ વાંધો નથી. એમ હશે? ધૂળમાંય નથી.

મુમુક્ષુ :- કમાઈ પછી શું વાંધો?

ઉત્તર :- કોણ કમાતો હતો? ધૂળ કમાતો હતો? આહા..હા..! ખોવે છે. ક્ષણે-ક્ષણે આનંદકંદની ઋદ્ધિ પર્યાયમાં તો ખોવે છે. આહા..હા..! વીતરાગ માર્ગ કોઈ એવી જાત છે કે દુનિયામાં ક્યાંય એની ગંધ નથી અને એના વાડાવાળાને સમજાતું નથી તો હવે .. નો કોક કહેતું હતું. ૨૦૦ આવવાના છે.

મુમુક્ષુ :- ત્રણ હજાર અમેરિકન આવવાના છે.

ઉત્તર :- ત્રણ હજાર અમેરિકન આવવાના છે ને ઢીંકણા છેને. ઓહો..હો..! જૈન થવાના છે. કેવા જૈન? હજી વાડામાં રહ્યા એ જૈન થયા નથી. આહા..હા..! જૈન કહેવા કોને?

જૈન કોઈ સંપ્રદાય છે? એ વસ્તુ ભગવાન પૂર્ણાનંદનો નાથ જે આ અજ્ઞાનપણે, રાગપણે હતો એને પૂર્ણાનંદના આશ્રયે કરીને તેને જીતવું એ જૈન. આ વિના તો જૈન વસ્તુસ્થિતિ તો નથી. સમજાણું કાંઈ? વળી એમ કહે છે કેટલાક. પણ ઈ વાડો હશે તો એમાંથી કોક નીકળશે વળી એમ કહે. જેના સંપ્રદાયમાં સંખ્યા ઝાઝી હશે. સંખ્યા કેમ ઓછી? ઝાઝી સંખ્યા કરો. એ આવા લખાણ બહુ આવે છે મારે. આજે આવ્યું હતું જૈન પ્રકાશમાં. સંખ્યા કરો ઝાઝી. જૈન સંખ્યા કેમ થોડી? બીજી સંખ્યા કેમ વધારે? પણ સંખ્યા થોડી અને ઝાઝી કોને હિસાબે? સંખ્યા આત્મામાં નથી, અક્ષર નથી, સ્વર નથી, સંખ્યા નથી. આવી ગયું નહિ નિયમસારમાં. આહા..હા..!

મુમુક્ષુ :- નામ નિક્ષેપે ..

ઉત્તર :- નામ નિક્ષેપે હોય તો હોય એનો અર્થ શું? દ્રવ્ય નિક્ષેપે હોય તોપણ જૈન નથી. આહા..હા..! દ્રવ્ય પણ અંદર આવ્યો દેવ, ગુરુ અને શાસ્ત્ર માનનારો વ્યવહાર એ જૈન નથી. આહા..હા..! જૈન તો અંતરના સ્વભાવનો આશ્રય લઈને અજ્ઞાનને જીતે અને રાગ-દ્વેષની પૃથક્તા કરે એને જૈન કહેવામાં આવે છે. સાચી વાત તો આમ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાનીને બીજી કોઈ આવેલી (-પુદ્ગલથી થયેલી) વેદના હોતી જ નથી,...**' '**तद्-भीः कुतः**' '**તેથી તેને વેદનાનો ભય ક્યાંથી હોય?**' એમ. તેથી વેદનાનો ભય ક્યાંથી હોય? આહા..હા..! '**सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति**' '**सः**' નામ તે ધર્મી '**तो પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો...**' સ્વભાવમાં નિઃશંકપણાની દશા વર્તતો થકો '**સહજ જ્ઞાનને સદા અનુભવે છે.**' લ્યો, આહા..હા..! ભારે! રાગનું વેદન નથી અહીં તો એમ કહે છે. દૃષ્ટિના જોરે એકલો આત્મા જ જ્યાં તરવરે છે દૃષ્ટિમાં વેદન-ફેદન નથી રાગ ઉપર. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- સુખદુઃખને ભોગવવું તે વેદના છે.**' અનુકૂળ ચીજને દેખી રાગ થવો, પ્રતિકૂળમાં દ્વેષ થવો એવા જે રાગ-દ્વેષના અનુભવવાળું એ વેદના. '**જ્ઞાનીને પોતાના એક જ્ઞાનમાત્ર સ્વરૂપનો જ ભોગવટો છે.**' આહા..હા..! ધર્મીને તો પોતાનું એક જ્ઞાનસ્વરૂપ એટલે આત્મસ્વરૂપ. એનો જ એને અનુભવ છે. અનંતાગુણોનું સ્વરૂપ એવું જે જ્ઞાનમાત્ર આત્મા એનો અનુભવ જ્ઞાનીને હોય છે. આહા..હા..! હજારો, કરોડો ઈન્દ્રાણીઓ શક્રેન્દ્ર સમકિતી છે. કહે છે કે કરોડો ઈન્દ્રાણીના ભોગ. કહે ના. એને એમ ભોગ કહેતા જ નથી. આહા..હા..! દુઃખનું વેદન એ ભોગ સ્ત્રીનો એ વેદન આત્માનું જ નહિ. આત્મામાં ક્યાં દુઃખ હતું તે દુઃખનું વેદન કરે? આહા..હા..! અજર ખ્યાલા છે આ તો. એ તો આનંદસ્વરૂપ છેને? અતીન્દ્રિય આનંદ અનાકુળ શાંતિનો સાગર છેને. એને જ્યાં દૃષ્ટિમાં લઈને અનુભવ્યો, હવે એને દુઃખનું

વેદન કેવું? એટલે કે કરોડો ઈન્દ્રાણીનો ભોગવટો કેવો? એમ કહે છે. છે?

અહીં તો એક જ્ઞાન જ વેદે છે એમ કહે છે. સ્વભાવિક જે ત્રિકાળી જ્ઞાન એટલે આત્મા એને સદા અનુભવે-વેદે છે. આહા..હા..! **'विन्दति'** છેને? અનુભવે છે. આહા..હા..! એકલું જાણે છે એમ નહિ હોં. અંતરમાં વેદે છે, આનંદને વેદે છે, શાંતિને વેદે છે. જેવો સ્વભાવ છે એવો જ પર્યાયમાં સ્વભાવની જાતને વેદે છે એમ કહે છે. ભારે કામ આકરું! હજી તો ઘડ બેસવી કઠણ. શું કહે છે એ સમજવું કઠણ. એય..! પોપટભાઈ! આહા..હા..!

'તે પુદ્ગલથી થયેલી વેદનાને વેદના જ જાણતો નથી.' આહા..હા..! પરના નિમિત્તે થતી એ વેદનાને વેદના જ જાણતો નથી. રાગ જેમ પર છે એમ પોતાના જ્ઞાનમાં એ માનતો નથી. **'માટે જ્ઞાનીને વેદનાભય નથી.'** લ્યો, **'તે તો સદા નિર્ભય વર્તતો થકો જ્ઞાનને...'** અનુભવતા એને નિર્જરા થાય છે. એ ૧૫૬ થયો.

શ્લોક-૧૫૭

(शार्दूलविक्रीडित)

यत्सताशमुपैति तत नियतं व्यक्तेति वस्तुस्थिति-
र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।
अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्क सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५७।।

હવે અરક્ષાભયનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [यत् सत् तत् नाशं न उपैति इति वस्तुस्थितिः नियतं व्यक्ता] **જે સત્ છે તે નાશ પામતું નથી એવી વસ્તુસ્થિતિ નિયતપણે પ્રગટ છે.** [तत् ज्ञानं किल स्वयमेव सत्] **આ જ્ઞાન પણ સ્વયમેવ સત્ (અર્થાત્ સત્સ્વરૂપ વસ્તુ) છે (માટે નાશ પામતું નથી),** [ततः अपरैः अस्य त्रातं किं] **તેથી વળી પર વડે તેનું રક્ષણ શું ?** [अतः अस्य किंचन अत्राणं न भवेत्] **આ રીતે (જ્ઞાન પોતાથી જ રક્ષિત હોવાથી) તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી** [ज्ञानिनः तद्-भी कुतः] **માટે (આવું જાણતા) જ્ઞાનીને અરક્ષાનો ભય ક્યાંથી હોય ?** [सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति] **તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો**

સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી. જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે; તેથી તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે, નહિ તો નષ્ટ થઈ જાય. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતે પોતાના સ્વાભાવિક જ્ઞાનને સદા અનુભવે છે. ૧૫૭.

કળશ-૧૫૭ ઉપર પ્રવચન

૧૫૭. અરક્ષાભય.

(शार्दूलविक्रीडित)

यत्सताशमुपैति तत नियतं व्यक्तेति वस्तुस्थिति-
र्ज्ञानं सत्स्वयमेव तत्किल ततस्त्रातं किमस्यापरैः।
अस्यात्राणमतो न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्क सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५७।।

ઓહો..હો..! અમૃતનો સાગર જ્યાં હાથ આવે ત્યાં તો અમૃતના જ પીણા હોય કહે છે. આહા..હા..! અરક્ષા. '**यत् सत् तत् नाशं न उपैति इति वस्तुस्थितिः नियतं व्यक्ता**' જે ધર્મી એમ જાણે છે કે '**જે સત્ છે તે નાશ પામતું નથી...**' હોય તેનો નાશ થાય? સત્ ભગવાન આત્મા સત્ એટલે હોવાપણાવાળો પદાર્થ એનું હોવાપણું કે દિ' થાય? એ નાશવાન. એવી વસ્તુસ્થિતિ નિશ્ચયપણે, નિયતપણે પ્રગટ છે. આહા..હા..! '**तत् ज्ञानं किल स्वयमेव सत्**' '**આ જ્ઞાન પણ સ્વયમેવ સત્ (અર્થાત્ સત્સ્વરૂપ વસ્તુ) છે...**' આત્મા સ્વયમેવ પોતાથી સત્ છે. કોઈ એનો કર્તા છે અને કોઈને આધારે થયો છે એમ નથી. આહા..હા..! સત્ છે એનો આધાર શો હોય? પોતે જ ભગવાન સત્સ્વરૂપ સ્વયં અનાદિ છે. જ્ઞાનસ્વયમેવ સત્. પોતાથી જે છે. એને કોઈથી જ્ઞાન અને આત્મા છે એમ છે નહિ. આહા..હા..! એનો કોઈ કર્તા ઈશ્વર છે, ઈશ્વરે આત્માને બનાવ્યો છે એમ છે? હોય એને કોણ બનાવે? ન હોય એને કોણ બનાવે? આહા..હા..! જ્ઞાન એટલે આત્મા પણ સ્વયમેવ. સ્વયમેવ-પોતાથી જ આહા..! સત્ છે. '**(માટે નાશ પામતું નથી),...**' પોતાની .. સત્ છે એનો નાશ ક્યાંથી થાય?

'**ततः अपरैः अस्य त्रातं किं**' '**તેથી વળી પર વડે તેનું રક્ષણ શું?**' '**त्रातं**'

એટલે રક્ષણ. અરક્ષાભય છેને? સમજાણું કાંઈ? આ સત્ છે એને રાખું તો રહે અને નહિતર કોઈ રક્ષા કરનારું ન હોય તો નહિ રહે. એમ છે? આહા..હા..! બહારની ચીજો .. બંધ કરો. સારા લોઢાના સરિયા નાખો નહિતર કોક લઈ જશે. એમ આત્માના સત્ને કોઈ લઈ જશે? આહા..હા..! છે ઈ છે. એ લઈ જનારો એ પોતે સત્ છે અને લઈ જવાની વસ્તુ એ સત્ છે. એ સત્ ક્યાં ગરી ગયું બીજામાં? આહા..હા..! '**જ્ઞાન પણ સ્વયમેવ...**' સ્વયમેવ છેને? પોતાથી જ સત્ છે. '**તેથી વળી પર વડે તેનું રક્ષણ શું?**' '**ત્રાતં**' એને રક્ષક હોય તો રહે એવું શું? પોતે જ સત્ છે. કોઈ એને છીનવી લઈ જાય, ચોરી જાય, માયા-બાયા કરીને ગોપવી લે વસ્તુને .. એમ હશે એમાં? આહા..હા..!

સ્વયં સત્ વસ્તુ એને રક્ષા કરું તો રહે એમ છે ક્યાં એ તો સ્વયંસત્ છે. એને ચોર લઈ જાય કે છીનવી લઈ જાય, માયા કરીને લઈ જાય. જુઓને આવે છેને કેટલાક એવા. વસ્તુને કે લાવો સોનાનું કરી દઉં. લોઢાનું સોનું કરી દઉં. લઈ લે ભેગું. .. પાંચ-દસ તોલા લાવ્યો હોય સોનું. કહે લાવો તમારા સોનાનું કરી દઉં. ઓલાને .. સોનું આપ્યું હોય. જેને લઈને લોભિયા પાછા ઘણા ભેગા થઈ. લ્યો ભાઈ અમારું બનાવી દ્યો. ઝાઝું થાય સોનું એટલે લઈને વયા જાય. એમ હશે આમાં કાંઈ? લઈ જાય એવું હશે? આહા..હા..!

માટે '**તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી...**' પોતાના સ્વભાવનું જરાય પણ અરક્ષણ. રક્ષા કરું તો રહે અને નહિતર છીનવી જાય કોઈ લઈ જાય એમ છે નહિ. આહા..હા..! શાશ્વત સત્ છું. શાશ્વત સત્ છું. એમાં કાળ ફલાણેનો હતો અને ફલાણે હતું એવું છે ક્યાં? ફલાણે કાળે હતો આત્મા અને ફલાણે કાળે નહોતો એમ છે? પહેલા કાળે હતો અને પછી કાળે નહિ રહે એમ છે? એ તો સત્ છે. કે દિ' નહોતું અને કે દિ' એનો અભાવ થાય? આહા..હા..! સત્ને રાખે તો રહે એવું એમાં છે નહિ. '**તેનું જરા પણ અરક્ષણ થઈ શકતું નથી...**' '**જ્ઞાનિનઃ તદ્-ભી કુતઃ**' '**માટે (આવું જાણતા) જ્ઞાનીને અરક્ષાનો ભય ક્યાંથી હોય?**' આહા..હા..! નહિતર લઈ જશે ભાઈ પૈસા. ઘોડામાં મૂકો. સમજાય છે કાંઈ? આહા..હા..!

અમારા નારાયણભાઈ હતાને. મગજ ફરી ગયું હતુંને નારાયણભાઈનું? એ સુંદર વોરાના અપાસરે ઓલા સાધુ આવેને વોરીને પાત્રા. ચુરમુ હોય કે બધું .. પડ્યું હોય તો ઉઠીને લઈ લે. પછી કહે શું કરો છો? ઉઘાડું શું કરવા રાખ્યું હતું? નારાયણભાઈ હતાને સાધુ એય..! એના કુટુંબમાં. ઈ એમ પાછો જવાબ આપે. મુઠ્ઠી ભરે ચુરમાની અને કહે ઉઘાડા કેમ પાત્રા રાખ્યા હતા? એમ આ ઉઘાડું રાખે તો લઈ જાય કોઈ ચૈતન્યને એમ હશે? આહા..હા..! હું આવો આત્મા છું. તો ખુલ્લો મૂક્યો બહાર. તો કોઈ લઈ જાય હવે? આહા..હા..! એક સમ્યગ્દર્શનમાં આવી એને શ્રદ્ધાના જોર હોય છે કે જેને અરક્ષાનો ભય હોતો નથી. આહા..હા..!

'**ज्ञानिनः तद्-भी कुतः**' '**માટે (આવું જાણતા) જ્ઞાનીને અરક્ષાનો ભય ક્યાંથી હોય?**' '**सः स्वयं सततं निश्शंकः**' '**सः**' તે સમકિતી ધર્મી '**तो पोते...**' '**स्वयं**' એટલે પોતે. '**सततं**' '**निरंतर निःशंक वर्ततो थको...**' '**सहजं ज्ञानं**' ત્રિકાળી સ્વભાવી '**ज्ञानने सदा अनुभवे छे.**' આહા..હા..! સમજાણું કાંઈ? નિર્વિકલ્પપણે અનુભવે કે સવિકલ્પપણે અનુભવે ઈ અહીં વાત નથી. અહીં તો જ્ઞાનનો અનુભવ સદાય છે. ચાલુ-નિરંતર. રાગનું વેદન અને રાગનો અનુભવ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! નિર્વિકલ્પ અનુભવ તો કોઈ કાળે આવે. એથી સવિકલ્પના કાળમાં જ્ઞાનનો અનુભવ નથી? જ્ઞાનનો જ અનુભવ છે એમ કહે છે એ કાળે. સ્વભાવને અનુસરીને જે દશા થઈ તે તે કાળે જ એમ છે. આહા..હા..! સદા શબ્દ વાપર્યો છેને? નિરંતર અનુભવ તો અમુક કાળે હોય અને સદા અનુભવ કેમ લીધું અહીંયાં? એ વિકલ્પને અને અવિકલ્પને અરીં પ્રશ્ન છે જ નહિ. વિકલ્પ એને છે જ નહિ પછી પ્રશ્ન શું? આહા..હા..! એય..! નિર્વિકલ્પ આનંદનો અનુભવ છે એ શાંતિ અથવા જ્ઞાતા-દષ્ટાનો અનુભવ નિરંતર છે. ભલે વિકલ્પ હોય, પણ અહીં તો વિકલ્પનું વેદન જ નથીને .. પછી પ્રશ્ન ક્યાં? આહા..હા..! વિકલ્પને કાળે પણ વિકલ્પનું વેદન નથી એમ કહે છે. જ્ઞાનનું વેદન છે. આહા..હા..! વિકલ્પ આવ્યો એનું જ્ઞાન, પોતાનું જ્ઞાન, એ સંબંધીનું પોતાનું જ્ઞાન. એ જ્ઞાનને અનુભવે છે, વેદે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું પડે માણસને. પછી એમ કહે છોટુભાઈ! કલકત્તામાં આવું ઝીણું કરશો નહિ. વળી એ તો આવવું હશે ઈ આવશે. ક્યાં ત્યાં લખી રાખ્યું હતું કે આમ બોલું. આહા..હા..! આવી ચીજ તે ચીજ છે. વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં હવે બીજું શું કરવું? ભગવાને કર્યું છે માટે છે એમ? એ તો વસ્તુ જ આવી છે જ્યાં ચૈતન્યમૂર્તિ એક સમયના વિકલ્પથી રહિત એવી જ્યાં દષ્ટિ થઈ, બસ ત્યાંથી એની શરૂઆત શુદ્ધતાના જ વેદનની રહી. આહા..હા..! અશુદ્ધતા છે એ જ્ઞાનનું જ્ઞેય થઈને રહ્યું. એમ કહે છે. સમજાણું કાંઈ?

.. કરવાનું છે અને વળી વેદનમાં રાગનું થોડું છે ભોક્તા એ જ્ઞાનની અપેક્ષાએ જ્ઞાન જાણે એ પણ બરાબર છે. સમજાણું કાંઈ? એકલું કહે કે કાંઈ નથી. તો પાછું કાંઈ નથી તો પૂર્ણ વીતરાગતા લાવ. પૂર્ણ વીતરાગ નથી ત્યાં સુધી રાગનું વેદન થોડું અહીં દષ્ટિ પ્રધાનને ગણવામાં આવ્યું નથી. કહો, સમજાણું કાંઈ? આ તો નિર્દોષ લાગ્યા અને પ્રાયશ્ચિત લેવું એ આમાં તો કાંઈ છે જ નહિ. દોષ જ લાગ્યા નથીને એમ કહે છે અહીં તો. આહા..હા..! એય..! દોષ જ આત્મામાં થયા નથીને. આહા..હા..! વસ્તુ જે નિર્દોષ આનંદકંદ પ્રભુ એ જ્યાં પરિણમ્યો અને આવ્યો અંદર પર્યાયમાં શુદ્ધપણે. એને હવે અશુદ્ધતા છે ક્યાં કહે છે. એને પડિક્કમણું કરવું. આહા..હા..! ભારે વાત છે આ.

મુમુક્ષુ :- .. જ્ઞાન હોય ત્યારે આમ હોય.

ઉત્તર :- આમ હોય. અરે..! એ અનેકાંતવાદ સ્યાદ્વાદની વીતરાગની એવી વાણી હોય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રમતું જુદી છે. આહા..હા..! સજ્ઝાયમાં નથી આવતું શું કહેવાય? સમકિતદષ્ટિ અટપટી નથી આવતું? 'ચિન્મૂર્તિની લટાપટી' એકકોર કહે છે કે રાગને ભોગવે તો રાગ ખરતો જાય છે. વિધિને ભોગવે તો વિધિ ખરતી જાય છે. આહા..હા..! હવે અહીં કહે કે વિધિ અને રાગને ભોગવે જ નહિ. કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએને. પહેલી જ ગાથામાં આવ્યું હતું બીજી ગાથામાં. ધર્મીને જરી રાગનું વેદન છે. છે તો ખરુંને ઈ તો. પણ એ બાજુની ધારણા એ બાજુથી ખસી ગઈ છે. આમ થઈ ગયું છે એટલે પછી એને વેદન ગણવામાં આવતું નથી. એ નિર્જરા કહેવામાં આવે છે. પણ એક-એક સમયનો જ્યાં વિષય જ્ઞાન જાણે ત્યારે તો એમ જાણને ભાઈ! ... પૂર્ણ વેદન નથી. લ્યો, સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં એમ આવે સમકિતી એમ જાણે કે હું તો અનંતમા ભાગે પામર છું. સ્વરૂપમાં પ્રભુ પણ પર્યાયે પામર. ક્યાં કેવળજ્ઞાન અને ક્યાં મારી દશા! આહા..હા..!

મુમુક્ષુ :- બેય જ્ઞાનનો વિષય.

ઉત્તર :- ઈ જ્ઞાન છેને. જાણે કે નહિ એને? જેમ હોય તેમ જાણેને. સ્વપરપ્રકાશક છેને ઈ? આહા..હા..!

ધર્મી '**તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ...**' સ્વભાવી ત્રિકાળી '**જ્ઞાનને સદા અનુભવે છે.**' સદા અનુભવે ત્યારે ખાય, પીવે ને સૂવે ત્યારે? ખાય કોણ? પીવે કોણ? આહા..હા..! ઈ તો ત્યાં એમ લીધું કે ખાય છે એ નહિ, ચાલે છે એ સમાધિ, બોલે છે એ મૌનપણું લે. આવી ગયુંને ઈ? નાટકમાં. છેને? કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએ. આહા..હા..! જેનો આશય અને આદર તો સ્વભાવનો છે. એને આનો ક્યાં છે કાંઈ? આહા..હા..! બોલવાની ભાષા પણ ખરી જાય છે, વિકલ્પ આવે એ પણ ખરી જાય છે. સ્વભાવના આશ્રયમાં પરનો આશ્રય છે નહિ એટલે પરનું વેદન એને નથી એમ કહ્યું છે અહીં. આહા..હા..! હવે આમાં કરો વાદવિવાદ. એય..! ચેતનજી! કરો વાદવિવાદ કહે છે. જુઓ આમ છે. અરે..! વાદવિવાદે પાર ન પડે, ભાઈ! અનુભવની દશા તો એમ ને એમ જણાય. આહા..હા..! અને બીજા વડે કરીને એકલા અનુમાનથી એ જણાય એવી એ ચીજ નથી. એ આવી ગયુંને અલિંગગ્રહણમાં? બીજાઓ વડે અનુમાનથી જણાય એવો આત્મા નથી. અને આત્મા અનુમાન કરીને પરને જાણે એવો આત્મા નથી. આહા..હા..! શું કહે છે આ પણ. એ તો નિશ્ચય સ્વભાવના વેદનમાં પરને અનુમાનથી જાણે. સમજાણું કાંઈ? આવો ભારે માર્ગ, ભાઈ!

'**ભાવાર્થ :- સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી.**' જે છે એનું નથી કે દિ' થાય? છે આત્મા એનો નથી કે દિ' થાય? '**જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે; તેથી તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે, નહિ તો નષ્ટ થઈ જાય.**' એમ નથી. આહા..હા..! બીજા વડે રક્ષક કરે તો રહે. સત્તા છે એમાં રહે શું? સત્તા એટલે વસ્તુ તરીકે સત્તા છે ત્રિકાળ એને રાખે તો રહે નહિ તો નહિ એવું થઈ જાય છે કાંઈ? '**જ્ઞાની આમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતે પોતાના...**' સહજ શબ્દ હતોને? '**સ્વાભાવિક જ્ઞાનને સદા અનુભવે છે.**' ત્યાં એમ શબ્દ ફેરવી નાખ્યો. ધર્મી જીવ તો આહા..હા..! ચૈતન્યસ્વભાવનું નિધાન જેને મળ્યું એ નિધાનને ભોગવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એની શ્રદ્ધામાં તો લે, એની સમજણમાં તો લે કે માર્ગ આ છે. સમજાણું કાંઈ? પણ એનીય ખબર ન મળે જ્યાં. આહા..હા..!

નરકમાં અગ્નિની પીડા એટલી કે એની આંખ ઓગળીને પાણી થઈ જાય. આ આંખ. અહીં તો એક જરી રજ પડે ત્યાં આહા..હા..! નરકમાં આંખુ આ બહુ સુંવાળી ઉંચી કહેવાયને. આમાં અગ્નિ અડે તો પાણી થઈ જાય. આહા..હા..! પણ ભગવાન અંદર છે એનું પાણી ન થાય. એ તો સત્સ્વરૂપે બિરાજમાન છે. સમકિતીની આંખ પણ ઓગળી જાય ત્યાં. પણ આંખ મારી ક્યાં હતી? હું તો ચૈતન્યસ્વરૂપી છું. આહા..હા..! નરકમાં પણ પોતાને રાગ અને નિમિત્તથી અધિકપણે જુદો જાણતો, જુદાને જુદો અનુભવે છે. આહા..હા..! એ ૧૫૭ કળશ થયો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ચૈત્ર વદ-૪, શનિવાર, તા. ૨૧-૦૪-૧૯૭૩
કળશ-૧૫૭ થી ૧૫૯, પ્રવચન-૩૭૫

... આ શું અધિકાર ચાલે છે? કે જેને ધર્મ પ્રગટ્યો છે એટલે? ધર્મ પ્રગટ્યો એટલે? શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ આત્મા એનો જ્યાં દૃષ્ટિમાં અનુભવ થયો ત્યારે એને સમ્યગ્દૃષ્ટિ

ધર્મની શરૂઆત કરનારો સિદ્ધપણું રહેવાને પાત્ર ત્યારે થયો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- શું રહેવાને પાત્ર થયો?

ઉત્તર :- સિદ્ધ-સિદ્ધપણું રહેવાને પાત્ર થયો. સમ્યગ્દૃષ્ટિ થયો ત્યારે પાત્ર થયો. સમજાય છે કાંઈ? આખી ચીજ એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યઘન એ પૂર્ણ વસ્તુને પ્રતીતમાં, જ્ઞાનમાં અને સ્થિરતામાં લીધી એ હવે સિદ્ધને માટે પાત્ર થયો. એમાં સિદ્ધપણું રહી શકશે હવે. પ્રગટ થઈ શકશે અને રહી શકશે. કહો, સમજાણું કાંઈ? એને નિર્જરા કહેવામાં આવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પાત્રતા થઈ ત્યાં જે કર્મનો ઉદય આવે એને એ છૂટી જાય છે, નિર્જરા થઈ જાય છે એમ કહે છે. હવે પરમાત્મપદને પાત્ર છે, રાગને માટે પાત્ર નથી હવે. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આ નિર્જરાની વ્યાખ્યા આવી છે એમ. આ અપવાસ કરી નાખ્યો અને નિર્જરા થઈ. ધૂળેય થઈ નથી. મિથ્યાત્વનું બંધ પડે છે એને તો. આહા..હા..! વસ્તુ જે આખી ચીજ છે એક સમયમાં સચ્ચિદાનંદ સત્ શાશ્વત ચિદ્ અને આનંદનો ઘન એનો જ્યાં આશ્રય લેવાણો ત્યારે તો એનામાં તો સિદ્ધપદ અનંત પડ્યા છે અંદરમાં તો. એની જ્યાં પ્રતીત અને સમ્યગ્દર્શન થયું એની સાથે જ્ઞાન પણ એનું થયું અને એની સાથે એમાં સ્વરૂપની સ્થિરતાનો અંશ હોય જ ભેગો. એથી એ જીવને હવે કર્મનો ઉદય થઈને રાગને પાત્ર થાય એ જીવ નહિ. આહા..હા..! એ તો શુદ્ધતાની વૃદ્ધિને પાત્ર થાય એને અહીંયાં નિર્જરા કહેવામાં આવે છે. ભારે વાત! સમજાણું કાંઈ? આ તો થોડો અભ્યાસ કરે એવું છે હોં. ત્યાં ઓલા લોઢાના ભઠ્ઠામાં રોકાય આખો દિ'. આ માનપક્ષ. પ્રવિણભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- થોડુંક આ કરે અને થોડુંક ઈ કરે તો ચાલે.

ઉત્તર :- ઈ કાંઈ કરે નહિ બીજું આત્મા.

મુમુક્ષુ :- મહેમાનને તો પૂછે ..

ઉત્તર :- ધૂળ ને ધાણી મહેમાનની છે. આહા..હા..!

આ તો ભગવાન આત્મા એકલો અતીન્દ્રિય આનંદનો રસકંદ જ છે ઈ તો. એ આનંદથી જુઓ તો એકલો આનંદરસ છે. જ્ઞાનથી જુઓ તો એકલો જ્ઞાનરસ સ્વભાવ છે. શ્રદ્ધાથી જુઓ તો એકલી શ્રદ્ધાસ્વરૂપે ત્રિકાળ છે. શાંતિથી જુઓ તો એકલી વીતરાગતાથી જ ભરેલું પદાર્થ છે. ચારિત્ર. આહા..હા..! વીર્યથી જુઓ તો અનંત પુરુષાર્થનો એ પિંડ જ છે. આહા..હા..! સ્વચ્છતાથી જુઓ તો પૂર્ણ નિર્મળથી ભરેલો પદાર્થ છે. પ્રભુતાથી જુઓ તો દરેક ગુણની પ્રભુતાથી ભરેલો એ પદાર્થ છે. આહા..હા..! કારણ કે એક ગુણ અનંતગુણમાં વ્યાપ્યા છે. વિભુ છેને વિભુ? આહા..હા..! એવો ભગવાન આત્મા જેને અંતરમાં નિઃસંદેહ, નિઃશંક સ્વરૂપનું

ભાન થઈને બેઠો અંદર કહે છે કે ઈ હવે મોક્ષની પર્યાયવાળો જીવ મોક્ષનો પાત્ર છે હવે. એ સંસારને પાત્ર રહ્યો નહિ હવે. એ તો ઉદય જે આવશે એ ખરવાને પાત્ર થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

એને કહે છે કે અરક્ષાભય ન હોય. કેમકે વસ્તુ જ છે એને રાખે તો રહે એવું ક્યાં છે? સત્સ્વરૂપ જ છે ભગવાન આત્મા. અનંતગુણની સત્તાવાળું તત્ત્વ જ એવું છે કે એ સત્તા સત્સ્વરૂપ છે તો એને રાખે તો રહે અને રાખે તો અરક્ષા થઈ જાય, કોઈ ચોર લઈ જાય, છીનવી જાય એમ છે એમાં? કહો, ભગવાનજીભાઈ! આ તમારે પૈસામાં તો કાંઈક ભાડે છોકરાઓ, કુટુંબીઓ, ફલાણા, ઢીકણા, સરકાર.

મુમુક્ષુ :- સરકાર પણ પાડે.

ઉત્તર :- સરકાર પાડે એ તો કહ્યું. આમાં પાડે કોઈ? આહા..હા..! જુઓને એના માટે તો મુંબઈ રહી ગયું. .. ખરચો થાય અને અડધો ભાગ પાડે સરકાર. કહો, સમજાણું કાંઈ? અને અહીં શેઠિયા હતા એનું જરી ..માં જોયું કીધું ઠીક કેમ છે. ઈ તો ઓલું કારણ થયુંને મુખ્ય તો. એમ ભાગ હશે આમાં કાંઈ?

મુમુક્ષુ :- જરાય નહિ. આમાં તો .. ઓછી હોય.

ઉત્તર :- .. આહા..હા..! ભગવાન પૂર્ણ સત્ સત્ સત્તા સ્વભાવનું સ્વરૂપ એકલું સ્વભાવિક સહજ ચીજ જ એ છે. એમાં સહજ સ્વરૂપ પ્રભુ એને વળી રાખું તો રહે અને ન રાખું તો રહે એવું એમાં છે ક્યાં? અજ્ઞાનીને એમ થઈ જાય કે અરે..! મરી જઈશ. અરે..! આ .. ઈ તો શરીરના પ્રાણ મરી જવાના છે. એ તો મરવાને લાયક, ..ને લાયક જ છે. આહા..હા..! પણ પોતે કોણ છે અંદર ચિદાનંદ પ્રભુ એની દૃષ્ટિ અને એની સત્તાનું સામર્થ્ય ભાનમાં, પ્રતીતમાં, અનુભવમાં આવ્યું નથી તેથી અજ્ઞાનીને પરિવર્તે છે. સમજાણું કાંઈ?

'**સત્તાસ્વરૂપ વસ્તુનો કદી નાશ થતો નથી.**' એ સિદ્ધાંત કહ્યો એક. '**જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે;...**' હવે એ આત્મામાં .. મેળવ્યું. આહા..! જે હોવાવાળો પદાર્થ, હોવાવાળો પદાર્થ એનો કદી નાશ થાય? હોવાવાળો ન હોવાવાળે થાય? આહા..હા..! તો '**જ્ઞાન પણ પોતે સત્તાસ્વરૂપ વસ્તુ છે;...**' જાણક સ્વભાવ... જાણક સ્વભાવ... એવી જે આત્મચીજ એ પણ સત્તાસ્વરૂપ વસ્તુ છે. આહા..હા..! '**તેથી તે એવું નથી કે જેની બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે,...**' એવું નથી. એ તો સદાય અરક્ષિત જ છે. રક્ષા કરે તો રહે એમ છે નહિ. અરક્ષિત એટલે? રક્ષા કરવા જેવી એ ચીજ નથી એમ. રક્ષિત જ છે. આહા..હા..! આ ચીજ દૃષ્ટિમાં આવવી. એક સમયની પર્યાયની સત્તાનો સ્વીકાર પણ નહિ અહીં તો. આ તો વસ્તુ આખી આત્મભાવ, આત્મતત્ત્વ, આત્મસ્વભાવ. આહા..હા..! કહે છે કે જ્યાં એ સત્તાને સ્વભાવમાં, સત્તાનો સ્વભાવ અને

સત્તા એનો જ્યાં સ્વીકાર થયો દૃષ્ટિમાં. તો એ સત્તાવાનને ભય ક્યાંથી? કે આને રાખું તો રહે નહિતર કોઈ લઈ જશે. સમજાણું કાંઈ?

'**બીજાઓ વડે રક્ષા કરવામાં આવે તો રહે, નહિ તો નષ્ટ થઈ જાય. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને અરક્ષાનો ભય નથી;...**' આહા..હા..! '**તે તો નિઃશંક...**' શંકા વિના, સંદેહ પડ્યા વિના '**વર્તતો થકો...**' મૂળથી નહિ વર્તતો થકો, રાગ અને મોહમાં નહિ વર્તતો થકો, સ્વભાવમાં, સત્તામાં નિઃશંકપણે વર્તતો થકો. એ પુરુષાર્થથી વાત કરી. '**પોતે પોતાના સ્વાભાવિક જ્ઞાનને સદા અનુભવે છે.**' આહા..હા..! હું તો એક જાણક સ્વભાવી ચીજ છું. જાણકસ્વભાવવાળી ચીજ હું છું. બીજાની હયાતીનો સ્વીકાર પણ જ્ઞાનસ્વભાવ કરે છેને? બીજા જડ છે, બીજા આત્માઓ છે એનો પ્રકાશ તો ચૈતન્ય પ્રકાશ પાડે છેને? એની એને ખબર છે બીજાના જડની? જ્ઞાનપ્રકાશ પોતાની સત્તા અને બીજાની સત્તા એનું જે જાણપણું એવા જાણપણાથી ભરેલો એ પદાર્થ છે. એની પરની સત્તામાં નથી, પણ પરની સત્તાનું જ્ઞાન અને પોતાની સત્તાનું જ્ઞાન. કહો, સમજાણું આમાં? એવા સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપી પ્રભુ આત્મા એને સદા નિરંતર તૂટ પડ્યા વિના, ભંગ પડ્યા વિના અખંડ જ્ઞાયકભાવને જ એ અનુભવે છે. આહા..હા..! લ્યો આનું નામ ધર્મ. હવે આ તે શું હશે આ? દયા પાળતો હોય કે વ્રત કરતો હોય કે તપસ્યા કરતો હોય ધર્મી. આહા..હા..! બાપુ! એ તો વિકલ્પ છે. એ તો વૃત્તિ ઉઠી છે કે આમ કરું ને તેમ કરું. એ આત્મા નહિ. એ તો અણાત્માની સત્તા છે. આત્માની સત્તા તો એ રાગને જાણવું અને ત્રિકાળી સ્વભાવને જાણવું એવા સ્વપરપ્રકાશક સત્તાનો સ્વભાવસ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઈ? .. એ હોતો નથી. ૧૫૭ થયો.

શ્લોક-૧૫૮

(શાર્દૂલવિક્રીડિત)

स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न य-
च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।
अस्यागुप्तिपरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्क सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५८।।

હવે અગુપ્તિભયનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [किल स्वं रूपं वस्तुनः परमा गुप्तिः अस्ति] ખરેખર વસ્તુનું સ્વ-રૂપ જ (અર્થાત્ નિજ રૂપ જ) વસ્તુની પરમ 'ગુપ્તિ' છે [यत् स्वरूपके कः अपि परः प्रवेष्टुम् न शक्तः] કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી; [च] અને [अकृतं ज्ञानं नुः स्वरूपं] અકૃત જ્ઞાન (-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વાભાવિક જ્ઞાન-) પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ છે; (તેથી જ્ઞાન આત્માની પરમ ગુપ્તિ છે.) [अतः अस्य न काचन अगुप्तिः भवेत्] માટે આત્માનું જરા પણ અગુપ્તપણું નહિ હોવાથી [ज्ञानिनः तद्-भीः कुतः] જ્ઞાનીને અગુપ્તિનો ભય ક્યાંથી હોય ? [सः स्वयं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- 'ગુપ્તિ' એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું વગેરે; તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે. એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય તો તેમાં રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે. જ્ઞાની જાણે છે કે-વસ્તુના નિજ સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ અર્થાત્ અભેદ્ય કિલ્લો છે. પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે; તે જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા ગુપ્ત છે કારણ કે જ્ઞાનસ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી શકતું નથી. આવું જાણતા જ્ઞાનીને અગુપ્તપણાનો ભય ક્યાંથી હોય ? તે તો નિઃશંક વર્તતો થકો પોતાના સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે. ૧૫૮.

કળશ-૧૫૮ ઉપર પ્રવચન

૧૫૮. 'હવે અગુપ્તિભયનું કાવ્ય કહે છે :-'

(शार्दूलविक्रीडित)

स्वं रूपं किल वस्तुनोऽस्ति परमा गुप्तिः स्वरूपे न य-
च्छक्तः कोऽपि परः प्रवेष्टुमकृतं ज्ञानं स्वरूपं च नुः।
अस्यागुप्तिपरतो न काचन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्क सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५८।।

આવા જીવને નિર્જરા અને કર્મનું ગળવું અને અશુદ્ધતાનું ટળવું થાય. સમજાય છે કાંઈ? ભારે માર્ગ ભાઈ! નિર્જરાનો અધિકાર સાધકદશા છેને એ આવી હોય એને એમ કહે છે.

એ અપવાસ કરે ને વ્રત કરે ને તપસ્યા કરે માટે સાધક છે એમ નથી.

મુમુક્ષુ :- લોકો એમ કહે..

ઉત્તર :- કોણ કરે? કરતો હતો કરે કોણ? આહા..હા..!

મુમુક્ષુ :- એ પણ બધા..

ઉત્તર :- સ્વતંત્ર છે એ પ્રાણી જીવ પણ. એ પણ પ્રાણી પોતાના વિચારમાં વિચારની પ્રસિદ્ધિ કરવા સ્વતંત્ર છે. આહા..હા..! આવે છેને. બધું આવે બધો ખ્યાલ છે.

અહીં તો પરમાત્મા પોતે નિજસ્વરૂપે પૂર્ણ એની સમીપમાં જઈને એમાં વાસ કરવો એનું નામ ઉપવાસ છે. બાકી બધી લાંઘણું છે. એય..! આહા..હા..! ઉપવાસ છેને? પરમાનંદસ્વરૂપ શું છે એની ખબર વિના એનામાં સમીપ જાશે શી રીતે? આહા..હા..! સમીપમાં વાસ વસે તેને ઉપવાસ કહીએ. બાકી કહેવાય અપવાસ. અપ નામ માઠોવાસ. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ એવા સ્વરૂપની દૃષ્ટિમાં સ્વીકાર થવાથી નિર્મળ જ્ઞાન અને વીતરાગી પરિણતિ થવાથી એને કોઈ જાતનો ભય હોતો નથી. .. ગુમ્પિમાં તો .. હોય તો વસ્તુ રહે. તો કોઈ ચીજને ખીલો હોય, બંધ્યાર હોય, આ લોઢાના સરિયા નાખ્યા હોય તો .. આવે તો ગરી ન શકે. ખુલ્લી પડેલી વસ્તુ હોય તો કોઈ લઈ જાય. એમ છે આત્મામાં? આહા..હા..! એ ગુમ્પિભયનું કાવ્ય કહે છે.

અર્થ. **'किल स्वं रूपं वस्तुनः परमा गुप्तिः अस्ति'** **'ખરેખર...'** **'किल'** એટલે. **'स्वं'** **'વસ્તુનું સ્વ-રૂપ જ...'** **'स्वं रूपं'** વસ્તુ ભગવાન આત્મા એનું સ્વરૂપ જ જ્ઞાન, આનંદ આદિ એનો સ્વભાવ અને સ્વરૂપ જ **'વસ્તુની પરમ 'ગુપ્તિ' છે...'** એ વસ્તુની ગુપ્તિ જ એ છે. એમાં કોઈ પ્રવેશ કરે, પરદ્રવ્ય પ્રવેશ કરે કે વિકલ્પ પ્રવેશ કરે એવી એ ચીજ નથી. આહા..હા..! આવો આત્મા જેને દૃષ્ટિ અને અનુભવમાં આવ્યો હોય એને ધર્મી અને જ્ઞાની કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? **'ખરેખર વસ્તુનું સ્વ-રૂપ જ...'** ભગવાન આત્મા એનું સ્વરૂપ જ જ્ઞાન દર્શન અવિનાશી સ્વરૂપ જ **'વસ્તુની પરમ 'ગુપ્તિ' છે...'** ઈ પોતે જ ગુપ્ત છે. આહા..હા..! સ્વભાવ જ વસ્તુનો સ્વભાવ જ ગુપ્ત સ્વરૂપ છે. આહા..હા..!

'यत् स्वरूपके कः अपि परः प्रवेष्टुम् न शक्तः' **'કારણ કે સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી;...'** ભગવાન આત્મા જ્ઞાન, આનંદનું ધામ ધ્રુવધામ. એમાં બીજી ચીજ પ્રવેશ કરી શકે એવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વરૂપમાં-સ્વરૂપ અરૂપી પણ સ્વરૂપ. આહા..હા..! પોતાનું જ્યાં જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા વગેરે પોતાનો સ્વભાવ એ એનું સ્વરૂપ એ વસ્તુની ગુપ્તિ છે, પરમગુપ્તિ છે. ગુપ્ત જ છે. આહા..હા..! જેના પર્યાયમાં પ્રવેશ નથીને. સમજાણું કાંઈ? વિકલ્પનો પ્રવેશ નથી. બીજી ચીજ તો ત્યાં પ્રવેશ કરી શકતી નથી. આહા..હા..! એવું સ્વરૂપ જ ભગવાન આત્માનું જેને દૃષ્ટિમાં આવ્યું

એને આત્માનો, જ્ઞાનનો સ્વીકાર થયો. **'यत् स्वरूपके कः अपि परः' 'સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી; અને...'** **'अकृतं ज्ञानं नुः स्वरूपं'** અને આત્મા છે એનું જે જ્ઞાન અકૃત છે. કોઈથી કરવામાં આવેલું નથી. જાણક... જાણક... જાણક... જાણક... જાણક સ્વભાવ જ્ઞાનસ્વભાવ કોઈથી કરેલો છે? જ્ઞાનસ્વભાવ તો છે જ. અચેતન. બીજાથી કરાયેલું નથી. કોઈ એનો ઈશ્વર કર્તા કે કોઈ બીજો છે નહિ. એ તો છે સ્વયં જ્ઞાનસ્વરૂપ છે ભગવાન. અકૃત જ્ઞાન છે. અણકરાયેલું એ જ્ઞાન છે.

'(-જે કોઈથી કરવામાં આવ્યું નથી એવું સ્વાભાવિક જ્ઞાન-) પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ છે;...' પુરુષ શબ્દે આત્મા. આત્માનું તે જ્ઞાન, આનંદ એ સ્વરૂપ જ એનું છે. એ સ્વરૂપમાં જ એ છે. એ સ્વરૂપમાં બીજો કોઈ છે નહિ. બહુ ઝીણું, હસુભાઈ! આહા..હા..! આ વસ્તુને પહોંચ્યા વિના એના જન્મ-મરણ કોઈ દિ' મટે એવા નથી. ચોર્યાસીના સાગર અવતારમાં. આહા..હા..! એક અવતારમાં પણ જ્યાં રોગ પાંચ-પચ્ચીસ વર્ષ ચાલે લાંબો, કાયર-કાયર થઈ જાય છે. આહા..હા..! લ્યોને આ વાઈનો રોગ આવે છેને વાઈ-વાઈ નહિ? આહા..હા..! ફીણ વળી જાય. પંદર દિવસથી ... ફીણ વળે એને એકલા મુકાય નહિ, ..માથે રહેવા નહિ. ક્યાં પડી જશે? આહા..હા..! એવો રોગ ૨૫-૨૫ વર્ષ, ૫૦-૫૦ વર્ષ. જ્યારથી લાગુ પડ્યો ત્યારથી. આહા..હા..! વાઈ સમજો છો વાઈ? .. જુવાન શરીર હોય લ્યો. આપણા ફુલચંદભાઈનો હતોને નહિ દીકરો? એના દીકરાને. એ તો જુવાન હતો. એક ઓલાનો દીકરો લાલપરવાળાનો. અત્યારે કરોડપતિ થઈ ગયા છેને લાલપરવાળા નહિ?

મુમુક્ષુ :- ખુશાલભાઈ.

ઉત્તર :- ખુશાલ એનો બાપ શું? એને ઓળખીએ નહિ આપણે ..બાપ હતાને. મીઠાલાલ. લાલપર-લાલપર. મીઠાલાલ છેને.

મુમુક્ષુ :- મીઠાલાલ...

ઉત્તર :- ઈ હશે. મીઠાલાલને ઓળખીએ ઘણીવાર. લાલપર ગયા હતા ત્યારે સાધારણ. પણ અત્યારે કરોડપતિ થઈ ગયા. દુકાન છે કાંઈક છે. .. પૈસા બધા. એને એક છોકરો હતો. તમારો તો હતો અહીં વઢવાણ. ૮૨માં છોકરાને લઈને આવેલા એના બાપ મીઠાલાલ લાલચંદ. કેવી દેવી? બુટ માતા. બુટ માતા માણસ બહુ આવે. દર્શન કરવા તો આવે બધા. એલા પણ તમે? કહે છોકરાને આમ થયું છે. પહેલા સાધારણ હતા. હવે પૈસા થઈ ગયા ઘણા. ઈ જુવાન મરી ગયો પછી. નાની ઉંમરમાંથી એને ઓલું થઈ ગયું હતું. આહા..હા..! જે રોગ ઘરમાં ગયો, શરીરમાં હવે એ ૨૫-૨૫, ૫૦-૫૦ વર્ષ. આહા..હા..! ઓશિયાળું જીવન. આવા તો અનંતવાર આવી ગયા. એ રોગથી કંટાળ્યો નહિ મારો. પણ મારી ચીજ

કોણ છે આ રોગ વિનાની અંદર? આહા..હા..! જેને રોગ અડતો પણ નથી, જેમાં રોગ જતો પણ નથી. આહા..હા..! .. ભાઈ છેને. હિંમતભાઈના બનેવીને. આ જઈ આવ્યા મોહનભાઈના મકાનમાં. સવારે નીકળ્યા હતા. ... આ હિંમતભાઈના. છે કે નહિ હિંમતભાઈ? ગયા. એના બનેવી છે અહીં મોહન ત્રિકમજી કરીને. સવારમાં કોક .. નરમ માણસ. વાઈનો રોગ ત્યારથી લાગુ પડ્યો હશે. આહા..હા..! .. મળે છતાં.. અને જરી સરખાઈ હોય ત્યારે બહારની માનેલી. હું પહોળો અને શેરી સાંકડી થઈ જાય એને. આહા..હા..!

કહે છે કે ભાઈ! તારી એ ચીજ જ નથી. આહા..હા..! નરકમાં તો જન્મે ત્યારથી સોળ રોગ. કહો, આહા..હા..! સોળ રોગ હોં જન્મે ત્યારથી. ક્ષય રોગ, તમારો કેન્સર કહો ઈ, દમ કહો. કેટલા રોગ સારામાં સારા મોટા એટલા સારા. હા એમ કહેવાયને. .. નથી આવતું? એ આમાં હમણા .. સ્તુતિમાં આવ્યું છે. પ્રભુ! આપણ ગુણરહિત છો અને ગુણસહિત છો. એમ આવ્યું હતું. ભક્તિમાં આવ્યું હતું. ગુણરહિત એટલે પાંચ પ્રકારના વિષયના ગુણરહિત છો. .. એ આવે છે. પંચવે કામ ગુણહે.. એય..! કાંતિભાઈ! ઓલું પડિક્કમણું નથી આવતું? કરતા કે નહિ પહેલા સમણસૂત્ર. ચોથું સમણસૂત્ર. કહો, એય..! કાંતિભાઈ! ચોથું સમણસૂત્ર નહોતું આવતું? જેઠાભાઈ કરતા ઠીક. એમાં આવે છે. ... પંચવિહી કામ ગુણેહી. કામના ગુણ પાંચ. શબ્દ, રૂપ, રસ, એ બધા ગુણ એટલે એની ઇચ્છા થઈને? એ ગુણ પંચવેહી ગુણેહી. હે પરમાત્મા! ગુણરહિત છો અને ગુણસહિત છો. પાંચ પ્રકારના વિષયના ગુણરહિત છો, આનંદ આદિ જ્ઞાનના ગુણસહિત છો. ભક્તિમાં આવ્યું છે. .. ટૂકડો હતો.

અહીં કહે છે કે પરમાત્મા પોતે એકલા ગુણસહિત જ છે. આ આત્મા હોં. એના સ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશ કરે નહિ. આહા..હા..! રાગાદિ અવગુણ અને બીજી ચીજનો એમાં પ્રવેશ છે જ નહિ. આહા..હા..! પાણીમાં જેમ તેલના ટીપાં ઉપર પડ્યા રહે એ અંદર ન પ્રવેશ કરે. આહા..! એમ ચૈતન્યદળ સત્ એનું સત્ત્વ. ધ્રુવ સત્ત્વ, સત્ની સત્તા એવો અનંતગુણના પિંડની સત્તાસ્વરૂપ એમાં બીજો કોઈ પ્રવેશ કરી શકતો નથી. કેમકે અણકરાયેલી સત્ ચીજ એ છે. આહા..હા..! એવું સ્વભાવિક જ્ઞાન આત્માનું સ્વરૂપ છે. '**(તેથી જ્ઞાન આત્માની પરમ ગુપ્તિ છે.)**' પરમ ગોપવેલી ચીજ જ છે એમ કહે છે. ભગવાન આત્માનો આનંદ અને જ્ઞાન તો પરમગુપ્ત જ છે. આહા..હા..! આવો આત્મા છે એમ કહે છે. એવો આત્મા જ્યાં બેસે એને નિર્જરા થાય. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, પ્રેમચંદભાઈ! તો શું આ બધા અપવાસ કરે આ બધા. ઓલો તમારે એક નહોતો કોણ છે નહોતો? માસ્તર. શું નામ? સ્થાનકવાસી. માસ્તર નહિ? રતિલાલ. રતિલાલ માસ્તર.

મુમુક્ષુ :- છે ભાવનગર.

ઉત્તર :- છે? ક્યા? ભાવનગરમાં જ છે? ઈ પહેલા કહેતા વ્યાખ્યાન સાંભળીને. ૯૯માં

વ્યાખ્યાનમાં આવતા દરબારગઢમાં. ત્યાં ઉતારા હતાને. દરબાર ગઢમાં હતો ઉતારો. ત્યાં આવતા. પછી પાછળથી કોક .. કે રતિભાઈ એમ કહે છે કે આ મહારાજનું સાંભળેલું જો કરીએ તો આ અપાસરાને તાળા દેવા પડે કહે. અપાસરામાં તો આ બધું થાય અને આ મહારાજ કહે છે કે એ ધર્મ નહિ. એમ કહે.. મળ્યા નથી. ભાવનગર હશે. ઈ કહેતા હતા હોં. ઓલો ડોક્ટર પણ કહેતો હતો. ઓલો રતિલાલ ડોક્ટર નહિ ભાઈ! રાજકોટવાળો. આંખનો ડોક્ટર મોટો. ઘણા લાખો પેદા કર્યા. ઘણા લાખો પછી કાંઈક સટ્ટો બટ્ટો કર્યો તો બધા વયા ગયા. પછી ઈ કહેતા હતા. ..માં આવ્યા. ૯૫માં વ્યાખ્યાનમાં. કે આ મહારાજનું વ્યાખ્યાન સાંભળીએ તો સંસારમાં .. થઈ જશે કહે. આ ધંધો નહિ કરી શકીએ. એય..! માટે હમણા નહિ. વૃદ્ધાવસ્થા થાય ત્યારે વાત. આહા..હા..! પણ એને પાછો રોગ એવો થયો તે. .. પોતે ડોક્ટર. સ્વામીનારાયણના ઓલા યોગીરાજ હતાને યોગી એક? યોગીરાજ. ધબ્બો મારતા. ધબ્બો મારતા તો મટી જાય. ધબ્બો મરાવ્યો તોપણ મટ્યું નહિ. ઓય.. મારા!

મુમુક્ષુ :- એ યોગીરાજ પણ પોતે મરી ગયા.

ઉત્તર :- પોતે મરી ગયા ક્યાંય હોસ્પિટલમાં. લોકોને ભાન ક્યાં છે? આહા..હા..! એ યોગીરાજ બહારની બીજાને .. ધૂળ વાત.. બધી. એ મોટી હોસ્પિટલમાં મરી ગયા ક્યાંક. આહા..હા..! દુનિયાને વસ્તુસ્થિતિ શું છે? એ આત્મા કોણ છે અને એમાં શું ભરેલું છે? અને આ બધી ક્રિયાઓ બહારની જેને અડતી જ નથી. જડની પર્યાયો એને છુતી જ નથી. આહા..હા..! ઓલામાં આવે છેને ક્યાંક નહિ? પરમાત્મપ્રકાશમાં. દેહને આત્મા છુતો જ નથી, અડતોય નથી અને આત્મા દેહને પણ અડતો નથી. એવી ગાથા છે એક પરમાત્મપ્રકાશમાં. ગાથા છે. મૂળ ગાથા છે. દેહને આત્મા છુતો પણ નથી. આહા..હા..! અડતો પણ નથી અત્યારે. અને આત્મા દેહને અડતો નથી. બેય ભિન્ન-ભિન્ન ચીજ છે અંદર. કહો, સમજાણું કાંઈ? અને એમાં પછી બહારમાં સાધન.

ઈષ્ટોપદેશમાં આવ્યું છેને? છેલ્લો સાર કે જીવ જુદું .. સાર આ છે. છેલ્લો સરવાળો કર્યો. ૫૨ ગાથા છેને ૫૨? એનો અર્થ કે પુદ્ગલને પુદ્ગલથી નિમિત્તથી ઉત્પન્ન કરવા.. એ જુદી ચીજ છે. આહા..હા..! જુદાને જુદી ચીજ અડે કેમ? અડે તો તો બે એક થઈ જાય છે. આહા..હા..! પણ એ આત્મવસ્તુ અને આત્મ વિદ્યા મૂળ ચીજ હિન્દુસ્તાનની હતી. ફેરફાર થઈ ગયો છે ફેરફાર. હમણા પુસ્તક લાવ્યા હતાને .. ભાઈ. વજુભાઈ. ..લાલ મગનલાલ. કેમ એ છે ભાઈ આવ્યા? નથી આવ્યા. .. કૃષ્ણનું છે. ત્યાં આવ્યું હતું. આવ્યું હશે .. કોકની સાથે. એ પૂછતા હતા .. બધું આખા હિન્દુસ્તાનની બધી વાતું. જૈનની અને ફલાણાની અને ઢીંકણાની બધી. એમાં એક અહીંનું લખ્યું છે થોડું. કે એક જૈનમાં કાનજીસ્વામી જે કાંઈ કહે છે એની જૈનમાં પ્રભા છે એ વસ્તુ... પાંચ-છ લીટી લખી છે હોં. આજે લાવ્યા

ભાઈ. વજુભાઈ.

મુમુક્ષુ :- .. ટેબલ લાકડાને ગોતીને...

ઉત્તર :- આ તો ગુજરાતી છે. કોકની સાથે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. રાજુ એ આવ્યો હતો. એમાં લખ્યું છે. પાંચ-છ લીટી વંચાવી ભાઈએ. એક ફેરી વાંચ્યું. કે આ જૈનોમાં સાધુ થાય છે આવા સાધુ થાય. બધાનું લખ્યું મારે. એક બીજાને પરાણે દમનથી થાય, સાધુ પછી બગડી થાય છે, સાધુનું આમ થઈ જાય છે. બધા .. કર્યો છે ખુબ આખા. એક અહીં આવ્યો હતો .. તે દિ'. અરે..! ભાઈ! આ તે કાંઈ વસ્તુ છે! આહા..હા..! પરમાત્મા સ્વરૂપ જ પોતે છે. એનું સ્વરૂપ જ ઈ રીતે છે. એ સ્વરૂપને રાખે તો રહે અને ગુમ કરે તો રહે. ઈ તો ગુમ સ્વરૂપ જ છે. આહા..હા..! વસ્તુ આ છે. આ કાંઈ કોઈ પક્ષ અને સંપ્રદાયની વાત છે? આહા..હા..!

'**अतः अस्य न काचन अगुप्तिः भवेत्**' એવો ભગવાન આત્મા પોતાના ગુણસ્ભાવથી, અકૃત ગુણસ્વભાવથી રહેલો, નહિ કરેલા ગુણોથી આત્મા. આહા..હા..! પર્યાય છે ઈ તો કરી થાય છે અને નાશવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ગુણ અને ગુણનો ધરનાર ગુણી અકૃત છે આમ ત્રિકાળ એકરૂપ છે. આહા..હા..! 'સ્વયં જ્યોતિ સુખધામ' શ્રીમદ્માં આવે છેને. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' આ એક વાત છે. 'કર વિચાર તો પામ' એમ કહ્યું એય..! પ્રેમચંદભાઈ! કાંઈ અપવાસ કર અને ભક્તિ કર અમારી તો પામ એમ નથી લખ્યું. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનનો પિંડ, ચૈતન્યઘન-અસંખ્ય પ્રદેશી. સ્વયં-સ્વયં સહજ, સ્વથી, પોતાથી છે. 'સ્વયં જ્યોતિ...' 'સ્વયં જ્યોતિ સુખધામ...' અને આનંદનું ધામ એ છે ભગવાન. એના ધામમાં, ખેતરમાં તો આનંદ પાકે એવું એ ખેતર છે. દુઃખ પાકે એવું ખેતર આત્મા નથી. એ તો પર્યાયબુદ્ધિએ દુઃખની ઉત્પત્તિ કરી નાખી છે એણે. વસ્તુમાં નથી. આહા..હા..!

આવો ભગવાન આત્મા '**अतः अस्य न काचन अगुप्तिः भवेत्**' કાંઈ ગુમ કરીએ તો રહે એમ છે નહિ. ગુમ જ પડ્યું છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? '**જરા પણ અગુપ્તપણું નહિ હોવાથી...**' '**ज्ञानिनः तद्-भीः कुतः**' '**જ્ઞાનીને અગુપ્તિનો ભય ક્યાંથી હોય?**' આહા..હા..! '**सः स्वयं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति**' '**તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો...**' અંતરની પરિણતિમાં નિઃશંક વર્તતો થકો '**સહજ...**' સ્વભાવિક જે ત્રિકાળી જ્ઞાન એને સદા પર્યાયમાં અનુભવે છે. સમજાણું કાંઈ? આ કરવાનું એ કર્યું નહિ અને અણકરવાના કરીને બેઠો. એના ફળ આ રખડવાના મળ્યા એને. રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ ને વિકલ્પો જે કર્યા. દુઃખના ભાવ કર્યા એના ફળમાં દુઃખ આવ્યું.

આહા..હા..!

સિદ્ધાંત તો ત્યાં સુધી કહ્યું શુભભાવ વર્તમાન દુઃખ છે અને ભવિષ્યમાં દુઃખનું ફળ છે. આહા..હા..! કહે છે કે એ શુભભાવ ગમે તે કર્યો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ વર્તમાન દુઃખ છે અને એનાથી બંધાયેલું પુણ્ય, એનાથી મળે સંયોગ. તો સંયોગ ઉપર લક્ષ જશે એટલે રાગ જ થશે તને. આહા..હા..! ચાહે તો ભગવાનની વાણી સાંભળવાનું લક્ષ જશે. વાણીનો યોગ પુણ્યને લઈને મળ્યો લક્ષ જશે તો રાગ જ થશે તને. દુઃખ જ થશે. આહા..હા..! આ વીતરાગ વાણી. સમજાણું કાંઈ? શુભભાવ. આસ્રવ છેને શુભભાવ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ એ આસ્રવ રાગ છે. એ વર્તમાન દુઃખ છે. આનંદધામથી વિરુદ્ધભાવ દુઃખ છે અને એના ફળ તરીકે સંયોગ મળશે. અરે..! ત્રણ લોકના નાથનો સંયોગ મળે, એની વાણી મળે, સંતો મળે. પણ એ પરદ્રવ્ય મળે એમાં લક્ષ જશે એટલે દુઃખ જ થશે તને. ભરે રાગ થાય શુભ પણ એ દુઃખ છે. આહા..હા..! ચંદુભાઈ! છે ઈ ૭૪માં ગાથામાં છે. ... આહા..હા..!

આ કહે છે કે પણ ઈ પુણ્ય બંધાણું એમાં મનુષ્યપણું મળ્યું, પાંચ ઈન્દ્રિય મળી, સાંભળવાનો યોગ મળ્યો... ભગવાન તો એમ કહે છે કે જે શુભભાવ હતો એ તો સંયોગી ચીજ હતી તે દુઃખરૂપ હતી. અને એના ફળ તરીકે સંયોગ મળશે અને ત્યાં તારું લક્ષ જશે એટલે તને દુઃખ જ ઉત્પન્ન થશે. પરને આશ્રયે કોઈ શુદ્ધ ઉત્પન્ન થાય એમ છે નહિ. ઈ શું કીધું સમજાણું? આહા..હા..! દુઃખ ફલા તે .. એમ છેને? જે શુદ્ધભાવ છે, કષાયની મંદતા એ વર્તમાન દુઃખ છે અને એ ભવિષ્યમાં દુઃખનું ફળ છે. કેમકે સંયોગ મળશે ચીજમાં. ચાહે તો એમ કહે માણસ લ્યો આપણને આવું કરીએને પછી દેવમાં જઈને પછી ભગવાન પાસે જઈશું. ભગવાન તો પરદ્રવ્ય છે. આપણે છેને ઓલામાં લખ્યું છેને ઓલા આચાર્યે શાંતિસાગરે. ક્યાં ફેર છે એ ખબર નથી. એમ કે આવું કરશું તો .. શુભભાવ થાય એનાથી સ્વર્ગમાં જાશું અને સ્વર્ગમાં જાશું તો ભગવાન પાસે જવાશે. એય..! ભગવાનજીભાઈ! પણ અહીં તો કહે છે કે ભગવાન પાસે જા તોપણ તારું લક્ષ સાંભળવા તરફ જશે અને જોવા તરફ જશે તો રાગ જ થશે. આહા..હા..! કહો, કાંતિભાઈ! શુભમાં એમ કે પરંપરા સાધન તો થાશેને. શરીર સારું મળે, પંચેન્દ્રિયપણું મળે, નિરોગ શરીર મળે લ્યો. આહા..હા..! કાંઈ છે નહિ, બાપા! તને ખબર નથી, ભાઈ! એ સંયોગી ચીજ ઉપર લક્ષ જતા વિકલ્પ જ ઉઠશે. ત્યાં એને લક્ષે નિર્વિકલ્પતા થશે? નિર્વિકલ્પ એટલે આનંદ. એ તો ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થશે. આહા..હા..!

એ ભગવાન આમ પોકાર કરીને કહે કે અમે તને મળશું પૂર્વના પુણ્યને લઈને તો અમે તો તારાથી પરદ્રવ્ય છીએ. એટલે અમને સાંભળવા બેસીશ તો તને રાગ થશે. અમારી ભક્તિ

કરીશ તો તને રાગ થાશે. અમારા ગુણગ્રામ કરીશ તો એ ગુણગ્રામનો વિકલ્પ એ શુભરાગ છે, દુઃખ છે. એય..! કાંતિભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! કાયરના તો કાળજા કંપી જાય એવું છે લ્યો. ભગવાન કહે જ્ઞાન થાય, વાણીથી જ્ઞાન થાય એ તો નહિ. આહા..હા..! કહો, પોપટભાઈ! આ પૈસા સરખા મળે તો છોકરા સરખા તો અહીં નિવૃત્તિ લીધી લ્યો. એમ ખરું?

મુમુક્ષુ :- મારે ક્યાં નિવૃત્તિ...

ઉત્તર :- ઓલા પાંચ મહિના પડ્યા રહ્યાને એ કાળે. અહો..! અહો..! શાસ્ત્રનો સમાપ્તિનો કાળ છે આ તો. જ્ઞાન ધરસેનાચાર્યની. આહા..હા..! પુષ્પદંત અને ભૂતબળીને એના આપ્યા. શાસ્ત્ર જ્યાં પૂરા થયા તો વ્યંતરોએ આવીને .. સરખા કર્યા. પુષ્પદંત અને ભૂતબળી એણે પૂજા કરી. ઓહો..હો..! અને એમને આપેલા શાસ્ત્રો એ અકલેશ્વરમાં જ્યારે લખાણા. પૂરા થયા ત્યારે મુનિની હયાતીમાં મહોત્સવ થયો હતો. ઓહો..! આવા આ ભરતક્ષેત્રમાં અસંખ્ય અબજ વર્ષમાં પણ આથી અક્ષરમાં શાસ્ત્ર રચાણા ઈ તો અત્યારે છે આ. આહા..હા..! એ વાણી વીતરાગની છે. મુનિઓની વાણી વીતરાગની વાણી છે. એમાં પાંચ આવ્યા હતા શાસ્ત્ર. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય અને અષ્ટપાહુડ. સમજાણું કાંઈ? એય..! હસમુખભાઈ! આ બધું હસમુખભાઈએ વર્ણવ્યું છે હોં. સંચાનું કામ પણ એણે બહુ કર્યું છે. પછી બધા રામજીભાઈને એ બધા પછી. હિંમતભાઈ. મુખ્ય હિંમતભાઈ, ગૌણમાં પછી ચંદુભાઈ અને બધામાં અગ્રેસર તરીકે રામજીભાઈ. એમાં આ હસમુખભાઈ અને એના બાપ પાછા ભેગા. આહા..હા..!

મુમુક્ષુ :- એના બાપ પણ પાંચ મહિના રહ્યા.

ઉત્તર :- છેને આ કાલે પાંચ મહિના પડ્યા રહ્યા. છોકરા મૂકીને. મૂકીને તો જાવું છે પણ પાછા અહીં. આહા..હા..!

એ .. એવું સૂચન છે કે અલૌકિક વાત છે. આહા..હા..! એમાં પણ આરસપહાણ ઉપર અને આ સંચે. ઓલો છનાડો-છનાડોને? બહુ કહે. ઓહો..હો..! આવો સંચો! ભારે! એક ધારા. હાથે લખાવશો તો .. શું કીધું? રાફડામાં હાથ નાખવા જેવો. હાથે લખાવશો તો રાફડામાં હાથ નાખવા જેવો છે. વઢવાણમાં એક આપણો સ્થાનકવાસી. બહુ એકલો શોખ જ એનો. પંદર વર્ષથી અપાસરો જોયો નથી. સંવત્સરી જોઈ નથી. સંવત્સરી ક્યા. એકલો બહારની કળામાં હુશિયાર એકલો. રામજીભાઈએ બોલાવ્યો હતો એને. અહીં આવ. ભારે સંચો છે આ તો ઓહો..હો..! આ કામ જરીક એને મોટા અક્ષર જોઈએ. અભિપ્રાય આપે. એમાં કાંઈ નહિ. પણ હિંમતભાઈએ જે કર્યું છે એ બરાબર છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ચંદુભાઈનો એમાં ભાગ છે બધો. મહેનત કરી. ઓહો..હો..!

કહે છે કે આવો ભગવાન ઈ બહાર કેમ આવે અક્ષરમાં? એમ કહે છે. વ્યવહારની વાત કરી. આહા..હા..! આ અક્ષર જે છે ઈ આ અક્ષરમાં કેમ આવે? આહા..હા..! અક્ષર-ક્ષરે નહિ એવું શાશ્વત તત્ત્વ પડ્યું છે. એવી જ્યાં દૃષ્ટિ થઈ. આહા..હા..! એમાંથી શું ખરે અને શું જાય? અને શું આવે? આહા..હા..! ધ્રુવમાં તો આવવું-જાવું કાંઈ છે જ નહિ. પર્યાય આવતી નથી અને પર્યાય જાતી નથી. આહા..હા..! એવો ભગવાન આત્મા કહે છે '**સહજ જ્ઞાનને સદા અનુભવે છે.**' એને નિર્જરા થાય. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ તો શુભભાવ છે. શુભભાવ છે ઈ. મુનિઓને એવા પુષ્પદંત. ઓહો..! વીતરાગી મુનિ આ તો નહિ? ધવલમાં. વીતરાગી ભગવંતો મુનિઓ. એમણે પણ આ શાસ્ત્ર પૂરા થયા લખાણમાં તાડપત્ર ઉપર અકલેશ્વરમાં. મોટો મહોત્સવ કર્યો હતો. નર્મદા નદીને કાંઠે અત્યારે આ હશે તે દિ' તાડપત્ર. અત્યારે તો બહુ દેખાય. જોયું હતું અમે ગયા ત્યારે. જુઓ આ બધા ઝાડવા છે. મુનિઓ અહીંયાં હશે અને આ તાડપત્ર ઉપર લખ્યા છે. ઓહો..હો..! એમ જે કોઈ આત્મામાં આનંદને કોતરી નાખે એને સંસાર ન રહે. એને નિર્જરા થાય. જે આદી કાંઈ ભાવ હોય પૂર્વનો .. ખરી જાય. આહા..હા..! જેને આત્માની અંતર લગની લાગી એને રાગની લગની તુટી ગઈ છે. એમ કહે છે. એને ગોપવે તો વસ્તુ રહી એવું છે નહિ. આહા..હા..!

''**ગુપ્તિ' એટલે જેમાં કોઈ ચોર વગેરે પ્રવેશ ન કરી શકે એવો કિલ્લો, ભોંયરું વગેરે; તેમાં પ્રાણી નિર્ભયપણે વસી શકે છે.**' ખુલ્લા ભોંયરા હોય જ્યાં એટલે નિર્ભય કોઈ સિંહ, વાઘ આવે નહિ. '**એવો ગુપ્ત પ્રદેશ ન હોય પણ ખુલ્લો પ્રદેશ હોય તો તેમાં રહેનાર પ્રાણીને અગુપ્તપણાને લીધે ભય રહે છે.**' સાધારણ આ બિચારા કર્યા હોયને જંગલમાં જુઓને શું કહેવાય? કુબા નાના. ... ત્યાં વાઘ આવે શું કહેવાય બકરાને પકડે ઈ? .. વરુ બહુ .. ખુલ્લા પડ્યા હોય ત્યાં. બહાર સૂતા હોય ખુલ્લામાં લ્યો. અંદર જરી.. કહે છે એવું અહીં આત્મામાં નથી. આહા..હા..!

આવો આત્મા '**જ્ઞાની જાણે છે કે-વસ્તુના નિજ સ્વરૂપમાં કોઈ બીજું પ્રવેશ કરી શકતું નથી...**' આહા..હા..! '**માટે વસ્તુનું સ્વરૂપ જ વસ્તુની પરમ ગુપ્તિ અર્થાત્ અભેદ્ય કિલ્લો છે.**' વસ્તુનો ભગવાન આત્મા એનું સ્વરૂપ જ ધ્રુવ, અવિનાશી ગુણો એ જ એની પરમગુપ્તિ છે. આહા..હા..! અભેદ કિલ્લો છે. એ કિલ્લામાં કોઈ પ્રવેશ કરી શકે .. આહા..હા..! એવી જેને આત્મામાં અનુભૂતિ, પ્રતીત થઈ એને ક્ષણે-ક્ષણે નિર્જરા છે. અશુદ્ધતા ટળતી જાય, કર્મ ગળતું જાય, શુદ્ધ વૃદ્ધિ થતી જાય. શુદ્ધની. શુદ્ધની વૃદ્ધિ એ પણ એક નિર્જરા, અશુદ્ધતાનું ગળવું એ નિર્જરા. કર્મનું ટળવું એ અસદ્‌ભૂત વ્યવહારે કર્મની નિર્જરા. અશુદ્ધતાનું ટળવું અશુદ્ધ નિશ્ચયથી અને શુદ્ધની વૃદ્ધિ એ વર્તમાન સદ્‌ભૂત વ્યવહારનયથી. શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કિલ્લો છે. પુરુષનું અર્થાત્ આત્માનું સ્વરૂપ જ્ઞાન છે;...**' પુરુષ એટલે આત્મા. એનું સ્વરૂપ તો જ્ઞાન છે. '**તે જ્ઞાનસ્વરૂપમાં રહેલો આત્મા...**' એ જ્ઞાનસ્વભાવ વસ્તુ છે. '**ગુપ્ત છે કારણ કે જ્ઞાનસ્વરૂપમાં બીજું કોઈ પ્રવેશી શકતું નથી. આવું જાણતા જ્ઞાનીને અગુપ્તપણાનો ભય ક્યાંથી હોય?**' નિઃશંક અને નિર્ભય હોવાથી એને કર્મની નિર્જરા થઈ જાય છે. '**તે તો નિઃશંક વર્તતો થકા...**' આહા..હા..! '**પોતાના સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે.**' લ્યો એ ૧૫૮ થયો.

શ્લોક-૧૫૯

प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।
तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५९।।

હવે મરણભયનું કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [प्राणोच्छेदम् मरणं उदाहरन्ति] પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે. [अस्य आत्मनः प्राणाः किल ज्ञानं] આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. [तत् स्वयमेव शाश्वततया जातुचित् न उच्छिद्यते] તે (જ્ઞાન) સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ નાશ થતો નથી; [अतः तस्य मरणं किंचन न भवेत्] માટે આત્માનું મરણ બિલકુલ થતું નથી. [ज्ञानिनः तद्-भीः कुतः] તેથી (આવું જાણતા) જ્ઞાનીને મરણનો ભય ક્યાંથી હોય ? [सः स्वयं सततं निश्शंकः सहजं ज्ञानं सदा विन्दति] તે તો પોતે નિરંતર નિઃશંક વર્તતો થકો સહજ જ્ઞાનને સદા અનુભવે છે.

ભાવાર્થ :- ઇંદ્રિયાદિ પ્રાણો નાશ પામે તેને લોકો મરણ કહે છે. પરંતુ આત્માને પરમાર્થે ઇંદ્રિયાદિ પ્રાણ નથી, તેને તો જ્ઞાન પ્રાણ છે. જ્ઞાન અવિનાશી છે-તેનો નાશ થતો નથી; તેથી આત્માને મરણ નથી. જ્ઞાની આમ જાણતો હોવાથી તેને મરણનો ભય નથી; તે તો નિઃશંક વર્તતો થકો પોતાના જ્ઞાનસ્વરૂપને નિરંતર અનુભવે છે. ૧૫૯.

કળશ-૧૫૯ ઉપર પ્રવચન

મરણ.

प्राणोच्छेदमुदाहरन्ति मरणं प्राणाः किलास्यात्मनो
ज्ञानं तत्स्वयमेव शाश्वततया नोच्छिद्यते जातुचित्।
तस्यातो मरणं न किञ्चन भवेत्तद्भीः कुतो ज्ञानिनो
निश्शङ्कः सततं स्वयं स सहजं ज्ञानं सदा विन्दति।।१५९।।

.. એક શબ્દ હતો આમાં. નિર્જરા. પ્રાણ છેને? .. ઈ શું? ... પંચ મૃત્યુ? '**मरणं न किञ्चन**' એમ લખ્યું છે સંસ્કૃત. પાંચ ભૂત.

મુમુક્ષુ :- પાંચ મહાભૂત

ઉત્તર :- હા એ તો કહે છેને. ... એમ છે. પંચ

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, હા અન્યમતિનો શબ્દ છે એ. પંચભૂતમાં ભૂત મરી ગયું. આહા..હા..! એટલે આ અન્યનો શબ્દ નખાય છે આમાં એમ. મારે તો ઈ અંદર. પંચત્વ નાખ્યું એટલે આ પાંચ ભૂત પણ એ કાંઈ જૈનમાં નથી. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એમ છે પાંચ. ઓલામાં આકાશ આવે છે પાંચમામાં. આકાશ કાંઈ નથી. એમાં આકાશ આવે છે. પાંચ મહાભૂતમાં એમાં આકાશ આવે છે. અને આપણે તો આ પાંચ ભાવે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ પાંચ એ. એવો પંચમાં પરમાણુ જે છે એ પાંચમાં ભળી જાય. જે જાતના હોય પૃથ્વીના, પાણીના, અગ્નિના. એમ. દેહ છૂટતા એ પરમાણુ જે જાતના હોય એમાં એ ભળી જાય. એમાં આત્માને ક્યાં કાંઈ છે? આહા..હા..!

પાંચ ઈન્દ્રિયો, ત્રણ-મન, વચન અને કાયા, શ્વાસ અને આયુષ્ય એ દસ તો પરમાણુના પિંડ છે. અજીવનો પિંડ આખો છે. ઈ અહીં વિખાય ત્યારે અજીવ પાંચ પ્રકારના છે એમાં ભળી જાય. આહા..હા..! આ તો પંચત્વનું કીધું આપણે જૈનના હિસાબે નાખ્યું હશે. નથી એ વાત. પાંચ મહાભૂતમાં એ લોકો આકાશ નાખે. પણ આકાશમાં ક્યાં ભળે છે આ? આમાં ભળે એમ કહેવાય. પૃથ્વીના પરમાણુ.. જાય, પાણીના પરમાણુ અગ્નિમાં, વાયુમાં, વનસ્પતિમાં. સમજાણું? કોઈ શબ્દ હોય એનો પાછો ભાવ પકડાય તો ખ્યાલ આવેને?

અહીં ઈ કહે છે '**प्राणोच्छेदम् मरणं उदाहरन्ति**' પાંચ ઈન્દ્રિયો આ જડ, મન, વચન અને કાયા જડ અને શ્વાસ અને આયુષ્ય એની મુદ્દત. એના '**નાશને (લોકો) મરણ કહે છે.**' એનો અભાવ થતાં મરી ગયો એમ જગત કહે છે. મરે કોણ? આહા..હા..! ભગવાન તો આત્મા છે એ મરે ક્યાં? અને પરમાણુ મરે ક્યાં? પર્યાય બદલે એને મરણ કહેવામાં

આવે છે. શરીરની પર્યાય હોં. આહા..હા..! શરીરને દસ પ્રાણરૂપે પર્યાય છે આ. એ એક બીજા ધાતુપણે પર્યાય થઈ જાય. આ એનું નામ જ વ્યય એટલે દેહના પર્યાયનો વ્યય થયો. મરણ થયું એમ કહેવાય લ્યો. આહા..હા..! ભગવાનને મરણ ક્યાં છે? એ તો અવિનાશી, અચ્છેદ, અભેદ છે. આહા..હા..! **'પ્રાણોના નાશને (લોકો) મરણ કહે છે.'**

'अस्य आत्मनः प्राणाः किल ज्ञानं' આહા..હા..! તો આ પ્રાણ કાંઈ આત્માના નથી. એ તો જડના છે. આત્માના પ્રાણ તો જ્ઞાન અને આનંદ અને સત્તા આદિ એ પ્રાણ છે. આહા..હા..! જીવતર શક્તિ લીધી છેને પહેલી નહિ? દ્રવ્ય પ્રાણ, ભાવપ્રાણ. ભાવપ્રાણને આધારે જીવ છે. એનું ટકવું ભાવપ્રાણને આધારે છે. આયુષ્યને આધારે નહિ. **'આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે.'** એના પ્રાણ તો જ્ઞાન, અવિનાભાવી આનંદ, જ્ઞાનનું હોવાપણું દર્શન વિગેરે જે એના પ્રાણ છે. પ્રાણવાનના પ્રાણ તો આ છે. પ્રાણવાન આત્મા અને પ્રાણ એનો જ્ઞાન, દર્શન અને આનંદ. આહા..હા..! એ પ્રાણનો તો કોઈ દિ' નાશ થતો નથી.

એક ભાઈ કહેતા હમણા. છોટાભાઈ નહિ બિચારા? .. નહિ? ગયા હતા તે. મરણનો ભય હવે રહ્યો નથી. આ સાંભળ્યા પછી. એમ કહેતા હતા. આ વિરાણી છોટાભાઈ. .. અમે ગયા હતા મુંબઈ. આવે છેને. એને હમણા ઠીક નહોતું. ઘરે જ રહેતા. પછી એને ઘરે ગયા હતા. કોક કહેતું હતું. પછી મેં કીધું એમ કે. શરીર પડે .. આત્માને ખબર નથી હવે. એટલું તો નક્કી થઈ ગયું કહે. આત્મા મરી જાય અને આત્મા પાછો અવતરે એવું છે નહિ. રામજીભાઈ ભૂલી ગયા. ..ના ભાઈ મોટા. બધા કરોડોપતિ મોટા. છોટાભાઈને ત્યાં ઉતર્યા હતા. .. પાડી નાખ્યા.

'આ આત્માના પ્રાણ તો નિશ્ચયથી જ્ઞાન છે. તે (જ્ઞાન)...' 'स्वयमेव शाश्वततया जातुचित् न उच्छिद्यते' 'સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો...' 'जातुचित्' એટલે **'કદાપિ નાશ થતો નથી;...'** આહા..હા..! આત્મા વસ્તુ છે એનું જ્ઞાન, એનો આનંદ એ કે દિ' નાશ થાય? કે દિ' મરે કે દિ' અભાવ થાય? અભાવ થાય તો જીવન રહે નહિ. આહા..હા..! આ પ્રાણ આત્માના નથી. આ તો જડના છે, માટીના છે. આહા..હા..! એ એને સમયે રહે અને એને સમયે જાય. એમાં કાંઈ મરણ નથી આત્માનું. આત્માના પ્રાણ તો આનંદ અને જ્ઞાન. મુખ્ય પ્રાણ જ્ઞાન લીધુંને. જ્ઞાન .. વચન, વીર્ય, આનંદ બધા બોલ છે. એ બધા એના પ્રાણ છે. આહા..હા..! એ જ્ઞાન છે. સ્વયમેવ શાશ્વત છે એ તો. સ્વયમેવપોતાથી જ શાશ્વત છે એમ કહે છે. એ જ્ઞાન અને આનંદ એવો આત્માનો પ્રાણ **'સ્વયમેવ શાશ્વત હોવાથી તેનો કદાપિ...' 'जातुचित्' 'કદાપિ નાશ થતો નથી;...'** આહા..હા..! તો પછી એનું મરણ કોઈ દિ' થતું નથી. એની વાત કરશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૨૯

जो चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे।
सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२२९।।
तान् कर्मबन्धमोहकरान्।
स निश्शङ्कश्चेतयिता सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२२९।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन कर्मबन्धशङ्काकरमिथ्यात्वादि-भावाभावातिश्शङ्क, ततोऽस्य शङ्काकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

હવે આ કથનને ગાથાઓ દ્વારા કહે છે, તેમાં પ્રથમ નિઃશંકિત અંગની (અથવા નિઃશંકિત ગુણની-ચિહ્નની) ગાથા કહે છે :-

જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૨૯.

ગાથાર્થ :- [यः चेतयिता] જે *ચેતયિતા, [कर्मबन्धमोहकरान्] કર્મબંધ સંબંધી મોહ કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો ભ્રમ કરનારા) [तान् चतुरः अपि पादान्] મિથ્યાત્વાદિ ભાવોરૂપ ચારે પાયાને [छिनत्ति] છેદે છે, [सः] તે [निश्शंकः] નિઃશંક [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [ज्ञातव्यः] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધ સંબંધી શંકા કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા) મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી, નિઃશંક છે તેથી તેને શંકાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને જે કર્મનો ઉદય આવે છે તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે, કર્તા થતો નથી. માટે ભયપ્રકૃતિનો ઉદય આવતાં છતાં પણ સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક રહે છે, સ્વરૂપથી ચ્યુત થતો નથી. આમ હોવાથી તેને શંકાકૃત બંધ થતો નથી, કર્મ રસ આપીને ખરી જાય છે.

ચૈત્ર વદ-૫, રવિવાર, તા. ૨૨-૦૪-૧૯૭૩
ગાથા-૨૨૯, પ્રવચન-૩૭૬

નિર્જરા અધિકાર છે. ૨૨૯ ગાથા. વચ્ચે એક-બે પડ્યા છે.

जो चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे।
सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२२९।।
જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદષ્ટિ જાણવો. ૨૨૯.

એની '**ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ,...**' શું કહે છે? ટીકા છે. ૨૨૯ની ટીકા. સમ્યગ્દષ્ટિ એને કહીએ કે જે આ આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચૈતન્યઘન છે એની જેને અંતર્મુખ થઈને, અનુભવ થઈને પ્રતીત થઈ હોય એને સમ્યગ્દષ્ટિ અથવા ધર્મી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ધર્મી એને કહેવાય અને ધર્મી એમ થાય કે આ આત્મા સચ્ચિદાનંદ પૂર્ણ આનંદ અને અનંતજ્ઞાનનો પુંજ-ગંજ છે. શાશ્વત વસ્તુ પ્રભુ છે. એ પૂર્ણ પરમેશ્વરની શક્તિ ધરાવનાર છે. એવો જે આત્મા એને જે અંતરમાં સન્મુખ થઈને બહિર્મુખની દષ્ટિ, રાગની, પર્યાયની, નિમિત્તની છોડી બીજી ચીજો છે. તેથી એના ઉપર એની દષ્ટિ છે અનાદિની. કાં સંયોગી ચીજ ઉપર છે, કાં રાગ ઉપર છે અને કાં એક સમયની વર્તમાન વર્તતી અવસ્થા ઉપર એની દષ્ટિ છે. એ દષ્ટિવંતને અધર્મી અને મિથ્યાદષ્ટિ કહીએ. આહા..હા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણ સચ્ચિદાનંદ સત્ શાશ્વત વસ્તુ સ્વયંસિદ્ધ અણકરાયેલી અવિનાશી. નાશ ન થાય એવી એ ચીજ. એનો જે ધ્રુવસ્વભાવ જ્ઞાયકભાવ. એની અંતરમાં દષ્ટિ પડતા, ધ્રુવ સ્વભાવ ઉપર દષ્ટિ પ્રસરતા જે વર્તમાનદશામાં જ્ઞાન અને આનંદની દશામાં આનંદનું વેદન આવે. આહા..હા..! એને સમ્યગ્દષ્ટિ કહેવાય છે. ઝીણી વાત છે. એણે અનંતકાળથી આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ પૂર્ણાનંદનો નાથ એ અનુભૂતિનો સ્વામી છે ઈ. એ રાગ ને નિમિત્ત ને એક સમયની પર્યાયનો આ ધણી એમ પણ નહિ. આહા..હા..! પરલક્ષી જેટલો... પોતાનું સ્વરૂપ અંદર ધ્રુવ ચૈતન્ય આનંદ અવિનાશી એની જેને અંતર્મુખ થઈને સ્વભાવની સત્તાનો આનંદના વેદનમાં જ્ઞાનમાં જ્ઞેય કરીને વસ્તુને પ્રતીત કરી છે. શ્રદ્ધામાં લીધી છે. એને સમ્યગ્દષ્ટિ કહીએ. ઝીણું બહુ. એય..! અશોકભાઈ! ક્યાં આમાં નવરાશમાં આ બધી વાત ક્યાં કરે? આહા..હા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આહા..હા..! કાં તો કોક ઈશ્વર તારી દેશે, કાં તો કોક કેમ રખડતા હશે એની ખબર નથી. ઓલા સુખલાલભાઈ કહેતા એકવાર. સુખલાલ કેવા? નાગર છે. .. ૮૬ની સાલ હતીને ૮૬ની સાલ. ઘણા વર્ષ થઈ ગયા. ચારસોનો પગાર હતો ત્યાં ડીસામાં. ડેપ્યુટી. આ બધા શાસ્ત્રો... હતા સ્થાનકવાસી, પણ આ દિગંબર શાસ્ત્રનો ઓલા કરે. રજુ ન કરે. અનુવાદ કરે, કવિત કરે. પછી ૮૬માં આવ્યા હતા અહીં ઉમરાળા હું હતોને. નારણયભાઈ હતા ખરાને એના ભાઈબંધ એટલે. પછી પૂછે કહે છે. અનુવાદ આમાં કરવો હોં. ચંદુભાઈ! પછી એકવાર પૂછે છે. મહારાજ! પણ આ બધું કોણે કર્યું અને આ ઉપાધિ પાછી અમારે ટાળવી. આ ...નું તો શું કહેવાય અમલદાર કહેવાયને? ડેપ્યુટી હતા. બધા આવ્યા હતા બૈરાને ઈ. કે આ બધું શું છે પણ આ બધું હવે આ કર્યું કોણે? આ થયું શું? હવે અમારે ઈ એને ટાળવું ઈ શું આ બધું? એલા પણ સુખલાલજી તમે આ અનુવાદ કરો છોને શાસ્ત્રનો?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા ઘણા મોટા.. છે. તે વખતે. ૮૬ની સાલમાં તે પહેલા ચારસોનો પગાર માસિક. આ તો કેટલા વર્ષ થઈ ગયા? ૪૩-૪૪ વર્ષ પહેલાની વાત છે. માણસને વાત ઈ કે આ અંદર આત્મા વસ્તુ શું છે અને એનું સ્વયંસિદ્ધપણું કેમ છે? અને એ સ્વયંસિદ્ધ જેમ અવિનાશી છે એમ એની શાંતિ, આનંદ આદિ ગુણો પણ અવિનાશી છે. એને કોઈને આશ્રયે એનું ભાન થાય કે કોઈ બીજો ભાન કરાવે એવી એ ચીજ જ નથી.

અહીં કહે છે કે સમ્યગ્દૃષ્ટિ જીવ. આહા..હા..! જુઓ, એનો .. માર્ગ છેને. '**ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' જુઓ, આ એનો સિદ્ધાંત. આહા..હા..! ધર્મી જીવની દૃષ્ટિ ઈ ક્યાં છે એની? કે એક જ્ઞાયકભાવપણું છે. ત્રિકાળ જાણનાર... જાણનાર... જાણનાર... જગત દૃશ્ય અને હું એનો દૃષ્ટા. જગત જ્ઞેય રાગથી માંડીને અને હું એનો જ્ઞાતા. એવા જે જ્ઞાયકભાવમય '**જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ધર્મી આવો હોય છે કહે છે. એ તો એક જાણનાર સ્વભાવપણાને લીધે. એ ધર્મી. આહા..હા..! એક. '**એક જ્ઞાયકભાવ...**' પાછો હોં. ભેદ પર્યાયના નહિ. આહા..હા..! ત્રિકાળ એકરૂપ ચૈતન્યઘન જ્ઞાયકભાવ ધરનારો આત્મા. ભાવની વાત છે. સ્વભાવ તો બીજો.

'**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' હું તો એક જાણનાર-દેખનાર જ્ઞાયકભાવપણાને લીધે હું આત્મા છું. સમજાણું કાંઈ? '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' આહા..હા..! શું કહે છે? ધર્મી જીવને તો ભગવાન આત્મા રાગ અને કર્મથી બંધાયેલો નથી એમ દૃષ્ટિમાં આવે. સમજાય છે કાંઈ? વસ્તુ ચૈતન્યઘન પ્રભુ છે. એ સ્વયંસિદ્ધ વસ્તુ છે. એટલે ધર્મીને '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' ભાષા તો જુઓ,

'**(અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા) મિથ્યાત્વાદિ ભાવો...**' આહા..હા..! આ વ્યાખ્યા. ચાર છેને મૂળ ચાર ભાવ? સમજાણું? '**चतुरः**' ચાર..ભાવ વિપરીત માન્યતા, અવ્રતભાવ, કષાયભાવ, યોગભાવ આ ચાર. પ્રમાદ અને કષાયની વ્યાખ્યા આગળ છે. શું કહ્યું આ?

કહે છે ભગવાન આત્મા એનું જેને ભાન નથી એ રાગને પોતાનું સ્વરૂપ માને, નિમિત્તથી મારી ચીજ ટકે છે એમ માને કાં એક સમયની પર્યાય જેટલો છે એમ માને. એક સમયની વર્તમાન પ્રગટ અવસ્થા એટલો માને. પણ ત્રિકાળી જ્ઞાયકભાવ આનંદકંદ છું. એ મિથ્યાદૃષ્ટિ માની શકતો નથી. આહા..હા..! એવો જે મિથ્યાત્વભાવ અને અવ્રતભાવ રાગનો અને કષાયભાવ અવ્રતમાં તીવ્ર કષાય છે. એ સિવાય પછી કષાયભાવ રહે છે. અને એક યોગ-યોગ કંપન્ન. એ ચારેય '**નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા) મિથ્યાત્વાદિ ભાવો...**' આહા..હા..! વિપરીત માન્યતા અને અવ્રત આદિ સ્વભાવ. હું બંધાયેલો છું એવી શંકા કરનારા એ બધા ભાવ છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં હું બંધાયેલો છું જ નહિ. સમજાણું કાંઈ? ઓહો..! ભગવાન અંદર ચૈતન્યમૂર્તિ સ્વયં સત્ એ અબદ્ધસ્વરૂપ છે. બંધાયેલો એ સ્વરૂપ જ નથી. આહા..હા..! એ માન્યું છે કે હું બંધાયેલો છું એ ભ્રમ છે, અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ મિત્યાત્વાદિ ભાવો કેવા છે? કે ખરેખર '**કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા)...**' શંકા. .. લેવું છેને? શંકા કરનારા મિથ્યાત્વભાવ એટલે વસ્તુ આનંદસ્વરૂપથી વિપરીત માન્યતા, વિપરીત અભિપ્રાય, કષાયભાવ એમાં અવ્રત આવી ગયો અને યોગ. એ બધા શંકા ઉત્પન્ન કરનારા છે કે હું તે બંધાયેલો છું? સમજાણું કાંઈ? આહા..હા..!

મુમુક્ષુ :- શંકાનો અર્થ જ એમ છેને.

ઉત્તર :- શંકાનો અર્થ રાગ, દ્વેષ અને મોહ. નિયમસાર. ચંદુભાઈ! આવે છે? એય..! પ્રવિણભાઈ! ક્યાં આવે છે? નિયમસાર તો તમે વાંચ્યું છે બહુ હમણા. આપ્તની વ્યાખ્યા આવીને આપ્તની? ત્યાં આપ્ત એટલે શું? પરમેશ્વર. આપ્ત કોને કહીએ? ત્યાં વ્યાખ્યા આવી કે શંકા રહિત તે આપ્ત. શંકા કોને કહીએ? કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ભાવને શંકા કહીએ. છે? નિયમસાર છેને? આ શું છે? આ સમયસાર. કઈ ગાથા છે કેટલામી? આપ્ત. આઠમી? પાંચમી? પાંચમી છેને?

'**આપ્ત એટલે શંકારહિત.**' પરમેશ્વર પૂર્ણાનંદ પ્રભુ પરમાત્મા કોને કહીએ? કે એને શંકા નથી. '**શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિક (દોષો).**' તેમાં નથી. પરમાત્મા થયો પરમેશ્વર એને મોહ નથી. એને રાગ અને દ્વેષનો વિકલ્પ નથી. સમજાય છે કાંઈ? એને ખાવા, પીવાની

વૃત્તિઓ નથી. પરમેશ્વર જે દેહમાં પરમાત્મા થાય. આહા..હા..! એને ખાવા-પીવાની વૃત્તિ હોતી નથી. અતીન્દ્રિય આનંદનો જેને ખોરાક છે. એને રોગ શરીરમાં ન હોય અને ભાવમાં એને મોહ અને રાગ-દ્વેષ ન હોય. એ રોગભાવ. આહા..હા..! રાગ એટલે પરની દયાનો ભાવ, પરને ઉગારવાનો ભાવ. એવો ભાવ પરમાત્મા દેહમાં આત્મા છે. એ પ્રગટ જ્યાં પરમાત્મદશા થઈ એને એ ન હોય. આહા..હા..!

એથી કહે છે '**શંકા એટલે સકળ મોહરાગદ્વેષાદિક (દોષો).**' એ રહિત. કોણ? એ રહિત પરમાત્મા. હવે અહીં આપણે એ રહિત આત્મા સિદ્ધ કરવો છે. આત્મા પોતે વસ્તુ છે, વસ્તુ છે અને એના સ્વભાવો પણ અવિનાશી છે. વસ્તુ અવિનાશી એની શક્તિઓ, ગુણો, સ્વભાવો, ભાવ. ભાવવાન પ્રભુ આત્મા, પણ એનો ભાવ અવિનાશી છે. એવી જેને અંતરમાં સમ્યગ્દૃષ્ટિ થઈ ધર્મની દશા પહેલી શરૂઆત. એને કહે છે. મિથ્યાત્વાદિ ભાવો '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' આહા..હા..! હું કર્મથી, રાગથી બંધાયેલો છું, કર્મથી બંધાયેલો છું એ ભાવ મિથ્યાત્વ છે. કેમકે રાગ એ આસ્રવ વિકારનું કારણ અને અજીવકર્મ એ માટી જડ એ બેના સંબંધમાં બંધવાળો છું. એવી જે અંદર શંકા થવી એ મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાત્વ અને અવ્રત ને કષાયભાવ થાય છે. આહા..હા..! ઝીણી વાત છે. આ તો બધું સાધારણ કામનું હતું તો કીધું આ. અને આમાં ચાર બોલ છેને પાછા. ચારમાં પણ પરમાર્થ ન લેવું. મિથ્યા-વિપરીત માન્યતા, અવ્રતભાવ, અત્યાગભાવ અંદર, કષાયભાવ અને યોગ. ત્રણ તો કષાય છે. એ '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' આહા..હા..! અંદરમાં મિથ્યાત્વભાવ એ મને-આત્માને કર્મનો સંબંધ બંધ છે અથવા ભાવકર્મ જે વિકારી દયા, દાન, વ્રતના, ભક્તિના પરિણામ એ રાગભાવ છે. એ રાગથી બંધાયેલો છું, રાગવાળો છું, રાગના સંબંધવાળો છું. એવી જે શંકા. આહા..હા..! એનું નામ મિથ્યાત્વભાવ, એનું નામ જૂઠો ભાવ. ત્રિકાળી ભગવાન અબદ્ધ સ્વરૂપ ચિદાનંદ. આહા..હા..! એની દૃષ્ટિ થઈ એવા ધર્મીની શરૂઆતવાળાને હું બંધમાં છું, રાગમાં છું, આ દયા, દાન, વ્રત, ભક્તિ એ મારા પરિણામ ઈ મારા છે. એવી જે શંકા એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! હસુભાઈ! બહુ ઝીણું છે આ. ઓલા રૂપિયામાં તો પૂર્વના પુણ્યને લઈને થાય હોં. ડહાપણ-બહાપણથી કાંઈ ન થાય. કેમ પ્રવિણભાઈ? સાચી વાત હશે કે નહિ? એ બધો અનુભવ નથી થયો તમને? આહા..હા..! ..કરતા બુદ્ધિવાળા ઘણા હોય છે. બિચારાને બે હજાર પણ મળતા નથી અને અહીં તમારે કરોડોપતિ થઈને બેઠા છે. ધૂળેય નથી અહીં તો કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ધૂળ ક્યાં છે? રૂપિયા છે.

ઉત્તર :- રૂપિયાનો બાપ ધૂળ છે. અહીં તો એ વાત પૈસાવાળો છું એવી જે શંકા એ મિથ્યાદૃષ્ટિને છે. આહા..હા..! કેમકે વસ્તુ છે એ પૈસાવાળી નથી. એ બંધવાળી નથી,

એ રાગવાળી નથી. આહા..હા..! ગજબ વાત કરી છેને. ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ ચૈતન્યબ્રહ્મ એવી જે ચીજ એની જેને અનુભવ અને દૃષ્ટિ સમ્યક્ થઈ એને હું રાગવાળો છું. કારણ કે સ્વીકાર્યો છે તો રાગ વિનાની ચીજ છે એવી દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ? એને એવી શંકા ન થાય હવે કે હું રાગના સંબંધમાં છું? કર્મના સંબંધમાં છું? બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. પોપટભાઈ! નહિ? ... તો એણે ઘાલ્યો લાગે છે. બાયડી, છોકરા, મકાન, પૈસા આહા..હા..! કરોડો, અબજો રૂપિયા લ્યો. સો કરોડનો એક અબજ. રાડ નાખે ત્યાં ઓલા. ઓહો..હો..! કહે શું છે પણ? સાંભળને!

ભગવાન આત્મા તો અનંત શાંતિ, સ્વચ્છતા, પ્રભુતાના ગુણવાળો છે. ઈ આ સંબંધવાળો નથી. આહા..હા..! ચીમનભાઈ! એને સંબંધ વિનાની જેને દૃષ્ટિ અંતરમાં થઈ. આહા..હા..! એને અહીંયાં સમ્યગ્દર્શન અને ધર્મની પહેલી શરૂઆત કહે છે. આહા..હા..! એ શરૂઆતવાળાને પણ એમ ન થાય કે આ રાગ ઉઠે છે એનો સંબંધ હું છું? આ કર્મનો કાંઈ સંબંધ છે? એવી શંકા મિથ્યાત્વને, અવ્રતને કારણે થાય એ સ્વભાવનો આશ્રય થતાં એને થતી નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

'**निश्चयथी...**' ખરેખર '**કર્મ વડે બંધાયો છે...**' આહા..હા..! વસ્તુ તે વસ્તુ નિરાળી પડી છેને અંદર કહે છે. કેમ? શરીર, વાણી, કર્મ એ પણ ભગવાન આત્માથી જુદી ચીજ છે. બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા. હવે અંદરમાં કર્મના સંબંધવાળો આત્મા એ પણ નથી અને એમાં રાગના પરિણામવાળો એ આત્મા નહિ. આહા..હા..! જુઓને ચૌદમાં કહ્યુંને ભાઈ! ચૌદમો શ્લોક પુરુષાર્થસિદ્ધિ ઉપાય. ભગવાન આત્મા. અહીં છેને. આમાં હશે પાછળ. પાછળ છે. આ છે. કહો, પંડિતજી! '**एवमयं कर्मकृतैर्भा**' પાછળ છે.

एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त इव।
प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम।।१४।।

ઓહો..હો..! આહા..હા..! '**એ રીતે આ આત્મા કર્મોના કરેલા રાગાદિ અથવા શરીરાદિ ભાવોથી સુયંક્ત..**' સહિત નથી. આહા..! કહો, શાંતિભાઈ! એ ઘડિયાળવાળા, ફલાણાવાળા, કુલચંદ ચતુરનો દીકરો નથી એમ કહે છે. આહા..હા..! એ રાગ જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઉઠેને એવો આત્મા નથી. એ ભિન્ન ચીજ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ભગવાનની ભક્તિ એ પણ ભિન્ન?

ઉત્તર :- ભગવાનની ભક્તિ એ રાગ છે. શુભરાગ પુણ્ય છે, ત્યાં ધર્મ-બર્મ નથી. આહા..હા..! ભગવાન એમ કહે છે. ભગવાન એમ કહે છે કે અમે તને એમ કહીએ છીએ કે તું અમારી સામું જોવું છોડી દે. તારામાં ઋદ્ધિ પડી છે સ્વરૂપે એમાં સન્મુખ થા... સન્મુખ થા... આહા..હા..! સમજાણું કાંઈ? તો એમ અહીં આવ્યું જુઓને. ઈ વાત અહીં લીધી. આહા..હા..! એ દયા,

દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગના ભાવ એનાથી તો આત્મા સહિત નથી. કારણ કે એ તો વિકારભાવ છે. આત્મા નિર્વિકારી ચૈતન્યપિંડ છે. આહા..હા..! કેમકે જ્યારે વીતરાગદશા, સર્વજ્ઞદશા, પૂર્ણદશા પ્રગટ થાય એ દશા આવે ક્યાંથી? એ અંદરમાં પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા પોતે છે. આહા..હા..! ઈ ભગવાન સ્વરૂપ છે. કાલે જ આવ્યા હતા કે ભગવાન સ્વરૂપ એક કે બધા? કીધું બધા ભગવાન સ્વરૂપ. બધા થઈને એક નહિ. એ રાજપરાના આવ્યા હતા ઓલા બારોટ છે. ..ભાષા તો ભારે! બે ચોપડી ભાણ્યો છે, પણ ભાષા બોલતો હતો ભારે... આવ્યા હતા બીજા કાંઈક કામે. કીધું અહીં કાંઈ અમારે છે નહિ. અહીં તો ઉપદેશ .. ધર્મ. આશા રાખીને ઘણા આવે કે મહારાજ કાંઈક .. વાપરે કોક પાસેથી પૈસા મળે. દુનિયા આખી દુઃખી.

મુમુક્ષુ :- કુબેરનો ..

ઉત્તર :- ખુટે નહિ. ભાઈએ કહ્યું હતું. શેઠે. ... આવ્યાને પચ્ચીસ હજાર આપ્યા હતા પહેલા. પછી બીજા એમ કે ઓહો..હો..! એક કૃતને પચ્ચીસ હજાર. બીજા ગયા હશે એની પાસે. ભાઈ! અત્યારે તો આખી દુનિયા દુઃખી છે. કુબેરનો ભંડાર હોય તો ખુટી જાય એવું છે. માટે કાંઈ મને દેવાનો .. છે નહિ. એય..! શેઠ પહેલા આવ્યા હતાને? કઈ સાલ? એકની. એકની સાલ. એમ આખી દુનિયા. આહા..હા..! ઈ દુઃખી કેમ છે? કે પોતે આનંદમૂર્તિ ભિન્ન છે. છતાં હું રાગવાળો અને આવાળો એવી માન્યતા એ એને દુઃખી કરાવે છે. સમજાય છે કાંઈ? એ દુઃખી કેમ છે? પ્રતિકૂળ સંયોગ છે માટે દુઃખી છે એમ નહિ. અને આ અનુકૂળના ઢગલા છે માટે આ સુખી છે એ બિલકુલ ખોટું. જૂઠી વાત છે. ફક્ત અંદરમાં જે આનંદસ્વરૂપ અબદ્ધસ્વરૂપ પરથી ભિન્ન સ્વરૂપ એને જે માને, અનુભવે એને સુખી કહેવાય છે. એને ન માનતા હું રાગવાળો છું, આ પુણ્યની ક્રિયાવાળો છું. આ પુણ્યની ક્રિયા શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા થાય ઈ વાળો છું. એ મિથ્યાત્વભાવ છે હિતબુદ્ધિ છે. સમજાણું કાંઈ? ઓહો..હો..!

અને શરીર અસંયુક્ત હોવા છતાં પણ '**અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...**' આહા..હા..! જુઓ આશંકા. અજ્ઞાનીઓને શંકા થાય છે કે અરે..! આ પણ સંબંધમાં છેને. હું રાગના સંબંધમાં જોડાયેલો છુંને. આહા..હા..! ઈ ઉપયોગમાં રાગનું જોડાણ કરે એ જ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? બંધ અધિકાર પહેલી ગાથા. આહા..હા..! ઉપયોગ.. એમ શબ્દ છે. ભગવાન આત્મા જાણક-દેખન ઉપયોગસ્વરૂપ છે એ ભૂમિકાના વિકલ્પ જે દયા, દાન, વ્રતાદિ એવો વિકલ્પ જે છે એને આમાં લાવે એ મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! એય..! નવરંગભાઈ! એ '**અજ્ઞાની જીવોને સંયુક્ત જેવો પ્રતિભાસે છે...**' ભગવાન નિરાળો અંદર ચિદાનંદ સ્વરૂપ છે. રાગથી ભિન્ન છે, કર્મથી ભિન્ન છે. રાગ અને કર્મ આત્માથી ભિન્ન

છે. આહા..હા..! એવો હોવા છતાં સંયુક્ત જેવો સહિત છું. આહા..હા..! એકડો મૂકીને બગડા જેવો છું. રાગવાળો એક મૂકીને બગડે બે થઈ ગયું. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં લખ્યું છે જુઓને. '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' આપણે ચાલતો અધિકાર. એક જાણકભાવપણાને લીધે. આહા..હા..! એને રાગની ક્રિયા અને પુણ્યની ક્રિયા કે શરીરની આ ક્રિયા એ રહિત જ પ્રભુ છે. એ તો જ્ઞાયકભાવમયપણાને લઈને એકલો છે. તો એને બેકલો માનવો. આહા..હા..! એ એકડે એક અને બગડે બે. આહા..હા..! ઝીણી વાતું, ભાઈ! એને રાગના મેલવાળો માનવો એ રાગ છે, વૃત્તિ ઉઠે છે ઈ. એ વૃત્તિ છે ઈ ભિન્ન ચીજ છે. એવા વિભાવભાવને રહિત હોવા છતાં સહિત માનવો. આહા..હા..! એ જ ચાર ગતિમાં રખડવાનું ભવનું બીજ છે. છેને? આમાં છેને છેલ્લું? ભવનું બીજ છે.

શું કહ્યું ઈ? ભગવાન આત્મા એક. એક શબ્દ છેને જુઓને. '**ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' સમ્યગ્દષ્ટિ તો એક જ્ઞાયકભાવપણું તે હું છું. આહા..હા..! ધર્મીને તો આ હું છું. આહા..! જુઓને એક શૈલી તો જુઓ, વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એ બધું આવી ગયું. વ્યવહાર રાગ છે એ સહિત નથી. આહા..હા..! બારમી ગાથામાં આવે છેને? ચૈતન્યનું ભાન થયું, અખંડાનંદ જ્ઞાયકભાવ તે હું એને જે રાગ દેખાય કહે છે કે રાગને જાણેલો પ્રયોજનવાન છે. એ મારામાં છે એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દષ્ટિની શરતું બહુ ઉંડી હોય છે. આમ ને આમ માની લે ભગવાનને માનવું, દેવ-ગુરુને માનવા. એ સમ્યગ્દર્શન એવું નથી બાપુ! એવું તો અનંતવાર કર્યું છે. પણ સચ્ચિદાનંદ પ્રભુ હું જ પ્રભુ છું. મારામાં પૂર્ણતાનો ભાવ તે હું છું. અપૂર્ણ પણ નહિ અને રાગ પણ નહિ. આહા..હા..! સંયોગી ચીજ પણ નહિ. એવી ચીજ રહિત હોવા છતાં એને સહિત ભાસે એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યા-જૂઠો ભાવ છે. કેમકે રાગના વિકલ્પ અને શરીરની ક્રિયાથી ભગવાન ચૈતન્ય જ્યોત પ્રભુ. ઝળહળ જ્યોતિ આત્માની ભિન્ન છે.

એમ હોવા છતાં સત્નું સ્વરૂપ તો આવું છે. એમ હોવા છતાં જેને આ શંકા કરનારા મિથ્યાત્વાદિ ભાવસહિત છું. આહા..હા..! હું કાંઈ બંધાયેલો છું એવી શંકા ઉત્પન્ન થાય એ મિથ્યાત્વના કારણ છે કહે છે. આહા..હા..! પહેલે ધડાકે આત્મા અબદ્ધ? એમ વસ્તુ છે, ભાઈ! એક ભાષા છેને જુઓને. '**સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમય...**' એમ શબ્દ છે. વજ્રનું બિંબ જે વજ્ર હોય એવો ધ્રુવજ્ઞાયકભાવપણાને લીધે ધર્મી એને આ રાગને અને પુણ્ય અને પાપના ભાવ જે મિથ્યાત્વાદિ જે શંકા કરનારા છે. શેના? '**કર્મબંધ સંબંધી...**' કર્મબંધનો બંધ સંબંધી. કર્મના બંધના સંબંધી. આહા..હા..! કેટલી ગંભીર ભાષા ભરી છે! એવા '**શંકા કરનારા...**' એટલે કર્મબંધ સંબંધી શબ્દ છેને? '**કર્મબંધ સંબંધી શંકા...**' એટલે કે હું કર્મથી બંધાયેલો છું. એવી જે શંકા એ મિથ્યાદષ્ટિને થાય છે. આહા..હા..!

એય..! હેરાન-હેરાન થઈ ગયો અનાદિથી. માની લીધું જુદો છું, છૂટો છું. આખા વિકલ્પથી માંડીને મારી ચીજ જ જુદી છે. જુદી છે અને પૂર્ણ છે. જુઓને ભાષા કેવી લીધી છે!

'**सम्यग्दृष्टि, टंकोत्कीर्ण...**' એવો અણઘડેલી ચીજ જેમાં અંદર વસ્તુ ચિદાનંદ પરમાત્મસ્વરૂપે '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ધર્મી તો એક જ્ઞાયકભાવપણાને લીધે ધર્મી છે. એની દૃષ્ટિમાં એક જ્ઞાયકભાવપણું તે હું છું એમ છે. આહા..હા..! આ બધી લપ શું ત્યારે આ? ખરેખર '**કર્મ વડે બંધાયો છે એવો સંદેહ...**' મૂળ તો શંકા કહેવી છેને? એ સંદેહ કહો અને પછી ભય કહો ભેગો. નિઃશંક હોય કે નિર્ભય હોય, શંકાવાળો કે ભયવાળો હોય. નિઃશંક છે એ નિર્ભય છે. મારું સ્વરૂપ એક જ્ઞાયકભાવપણામય છે. એ નિઃશંક છે, એ નિર્ભય છે. પણ જેને શંકા પડે છે. આહા..હા..! બીજી ચીજના સંબંધવાળો છું. બીજી ચીજના બંધના સંબંધવાળો છું. આહા..હા..! અરે..! રાગના સંબંધને સંબંધ માનવો. આ લોકો કહેને મારે આને બહુ સંબંધ છે. ઘણા વર્ષનો નાતિલો સંબંધ છે. એય..! પોપટભાઈ!

મુમુક્ષુ :- સાત પેઢીનો સંબંધ છે.

ઉત્તર :- સાત પેઢીનો સંબંધ છે. ..ભાઈ! .. ભલે કોળી હોય તોપણ કહે. એનો .. વર નીકળે તમારે રૂપિયો, દોઢ રૂપિયો... જાવ. અમારો છોકરો પરણે તો એ રૂપિયો આપે. સાત પેઢીનો વ્યવહાર છે. સમજાણું?

કહે છે. આહા..હા..! '**જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે...**' આહા..હા..! ગજબ વાત છેને. નિઃશંક થયેલો પ્રાણી કેવો હોય? એટલે કે ધર્મી થયેલો આત્મા કેવો હોય? આહા..હા..! એને કર્મબંધના સંબંધી. પાઠ છેને જુઓને. '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' આદિ છે. '**कर्मबन्धशङ्काकरमिथ्यात्वादिभाव**' આહા..હા..! ઓહો..! પ્રભુ આત્મા જ્યાં જ્ઞાયકભાવથી ભરેલો આનંદકંદ પ્રભુ છે. એવી જ ચીજ અનાદિ-અનંત ભિન્ન છે. એવો જ્ઞાયકભાવપણે જુઓને ઓલામાં આવ્યું છેને ૨૦૦ ગાથામાં નહિ? પ્રવચનસાર. ભાઈ! જ્ઞાયકભાવપણે રહ્યો પાછો .. .. થાય છે. છે તો એવો ને એવો. આહા..હા..! ગજબ વાત છેને. વીતરાગની વાણીનો સાર એ ભગવાન તો જ્ઞાયક જ્ઞ સ્વભાવ જ્ઞાનસ્વભાવ. સ્વભાવ છે તે પરિપૂર્ણ જ છે. એવા સ્વભાવપણે જ અનાદિથી રહેલો છે. એમાં બીજું ભેળસેળ થયું નથી. આહા..હા..! પણ અનેક પ્રકારે .. થાય. નિર્ણય મારો બીજો કરે છે. ... વિકલ્પ છેને. રાગ છેને અંદર. એની સાથે મારે સંબંધ છે કે નહિ? અરે..! નથી કાંઈ સાંભળને. શાંતિભાઈ! બહુ કામ ભારે આકરું ભાઈ! બધા સાથે નાતો તોડી નાખવાની વાત છે આ. નાતો માન્યો છે. છે નહિ. છે જો સાથે હોય તો તૂટે કેમ? જો સંબંધવાળો જ હોય એ ચીજ તો સંબંધ રહિત થઈ શકે જ નહિ. અંદર પ્રભુ ચૈતન્યમૂર્તિ સચ્ચિદાનંદ આત્મા પોતે સ્વતંત્ર ભગવાન. આહા..હા..!

એવા ભાવને લીધે. '**એક જ્ઞાયકભાવપણાને લીધે...**' ધર્મીને '**કર્મબંધ સંબંધી શંકા**

કરનારા...' રાગ અને જડની સાથે મારે સંબંધ છે એવી જે શંકા કરનારા મિથ્યાત્વાદિ ભાવ. એ મિથ્યાત્વાદિ ભાવ આ શંકા કરનારા... આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! કાંઈ રહી ગયું છે એને. એક છોડીને બીજાને કબુલ્યું છે ભેગું માટે રહી ગયું છે. માટે ભવ રહ્યા છે રખડવાના. આહા..હા..! અહીં તો ભવ અને ભવના કારણ એ ભાવથી ભગવાન રહિત છે. પોતાનું સ્વરૂપ જ એવું છે. જો એવું ન હોય તો મુક્ત થઈ શકે નહિ. મુક્ત થાય જ્યારે પરમાત્મા અનંત જ્ઞાન, આનંદસ્વરૂપે '**अप्पा सो परम अप्पा**' આત્મા શક્તિરૂપે છે તે વ્યક્તરૂપે થાય. એ સંબંધવાળો ખરેખર હોય તો સંબંધ છૂટે કેમ? સમજાણું કાંઈ? કીધું આ પહેલું છે અને એમાં .. નહોતું કરતા.. લક્ષમાં ગાથા. એક-બે શ્લોક રહી ગયા છે. પછી ૨૧ દિ' પછી થાશે. આહા..હા..!

મુમુક્ષુ :- પીરસવા જેવું છે.

ઉત્તર :- પીરસવા જેવું લ્યો ભાઈની વાત. એય..! ચીમનભાઈ! મોટાભાઈ કહે છે. આહા..હા..! બાપુ! તું મોટો એવડો છો કે તારી મોટપને માટે બીજી ચીજના સંબંધથી તારી મોટપ ટકે એવો નથી. સમજાણું કાંઈ? તારો જ્ઞાયકભાવ ત્રિકાળી સત્... સત્... સત્... સત્... સત્... એને ટકવા માટે એને બીજી ચીજનો સહારો હોય તો એ ટકે એવો એ આત્મા નથી. છતાં એ આત્માને એમ માનવો. આહા..હા..! ગજબ વાત છે. આચાર્યોએ એવી શૈલીથી, સાદી શૈલીથી એનું વાચ્ય આ છે એમ બતાવે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઈશારા કર્યા છે.

ઉત્તર :- ઈશારા કર્યા છે. ભાઈ! ધર્મીને તો સંબંધ છે મને એવી શંકા કરનારા મિથ્યાત્વ આદિ ભાવ એનો તો અભાવ હોય છે. એનો તો અભાવ હોય છે. પંડિતજી! આને પંડિત કહીએ. આહા..હા..! આવે છેને સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં. એ પંડિત કહેવાય, ભાઈ! જેણે રાગ અને પરથી ભિન્ન જાણીને અનુભવ્યો અને એવો હતો એવો અનુભવ્યો. આહા..હા..! એને અમે ધર્મી અને ધર્મની શરૂઆતવાળો અને આત્માના અતીન્દ્રિયના સુખને પંથે પડ્યો એમ કહીએ છીએ. રાગ અને કર્મના સંબંધવાળો માનેલા જીવને દુઃખને પંથે દોરાઈ ગયા છે બધા. આહા..હા..! સમજાણું કાંઈ? જેને એકલો સ્વતંત્ર પરમાત્મા પોતે એને બેકલો રાખી-માનીને એ દુઃખને પંથે દોરાઈ ગયા છે. આહા..હા..! જુઓ તો આ વાણી પ્રવચનસાર. આ સમયસાર. પ્રવચનસાર સિદ્ધાંતનો સાર છેને? આહા..હા..! બધા સાર જ અત્યારે થઈ ગયા. પંચાસ્તિકાય ઈ સમયસાર કહેવાય. સાંભળ્યું છે? એય..! પંચાસ્તિકાયમાં સમયસાર અંદર છે લખ્યું છે. પંચાસ્તિકાય સમયસાર, આ સમયસાર, ઓલું પ્રવચનસાર, નિયમસાર, ઓલું અષ્ટપાહુડ એટલે અષ્ટસાર. પાહુડનો અર્થ સાર થાય છે. કહો, પોપટભાઈ! આ બધા તમારા ઘરે આ બધું છપાઈ ગયું લ્યો. બધા સાર સાર છપાણા. આહા..હા..! આ હસમુખભાઈનો

આધાર. હસમુખભાઈએ બહુ કર્યું છે. સંસ્થાની સેવા ઘણી કરી. તમારું નહિ ઈ પહેલી એની વાત છે. પછી બાપ એમાં આવી જાયને? આહા..હા..!

આવી ચીજ ત્રણ લોકના નાથની વાણી, સંતોની વાણી જેમ મુક્તને ભણકાર કરનારી, બંધને તોડવાનારી. સમજાણું કાંઈ? એ વાણી આરસપહાણમાં કોતરાઈ ગઈ. આહા..હા..! આજે પૂરી થઈ. પોણાચાર લાખ અક્ષરો લખાઈ ગયા. આહા..હા..! પંચમગતિનો પંચમભાવ સાધન એ પંચમભાવના પાંચ પદો આજે છપાઈ ગયા. કહે છે પણ એને કહ્યું આ. કહો, રતિભાઈ! આહા..હા..! ગજબ કર્યો છેને ટીકાકારે? ઈ વિકલ્પ ઉઠે છે એ શુભરાગ છે દયા, દાન, વ્રત. રાગ છે ઈ તો અશુચિ અને મેલ છે. ભગવાન તો નિર્મળાનંદ પ્રભુ છે. મેલવાળો હોય તો મેલ કોઈ દિ' ટળે નહિ. આહા..હા..! અડદની દાળ શું કહેવાય એને? ઉજળી કરવી. છડી-છડી. છડી શબ્દ. છડી દાળમાં ઓલું ફોતરું હોયને ફોતરું? એ પલાણીને ફોતરું કાઢી નાખે. ઈ જુદું છે. એક નથી. એક હોય તો જુદું પડે નહિ. સમજાણું કાંઈ? આ બાયું જુઓને છડીદાળ કરે. .. આવે તો ફોતરું નીકળી જાય. ધોળી. એ ફોતરું અને ધોળું બે એક છે જ નહિ. એક માન્યા છે ઈ ભ્રમ છે. આહા..હા..! એમ ભગવાન આત્મા છડીદાળ જેવો નિર્ળાનંદ, સચ્ચિદાનંદ પ્રભુ છે. એને એમ ન માનતા, એને રાગ અને શરીરના સંબંધવાળો, કર્મના સંબંધવાળો. આહા..હા..! એટલે કે એક તત્ત્વને બીજા તત્ત્વના સંબંધવાળો માનવો. એને ભિન્ન છે એને આનાવાળો અભેદ માનવો એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ઈ જૂઠો ભાવ છે, ઈ સત્‌ભાવ નહિ. સત્‌નો સ્વીકાર જ્યાં થાય કે હું તો પૂર્ણ આનંદ જ્ઞાયકમૂર્તિ એવો છડીદાળ જેવો ધોળો-સફેદ છે. આહા..હા..!

નાળિયેરના ગોટામાં લાલ છાલ અને કાચલી એ સહિત ગોળો નથી. સહિત હોય તો કાચલી જુદી પડે નહિ અને લાલ છાલ હોયને છેલ્લી? ટોપરાપાક કરે ત્યારે. આહા..હા..! કાઢી નાખે. કાઢી નાખવાનો અર્થ ઈ જુદી છે. તો જુદી રહે. એમ ભગવાન આત્મા એ લાલ છાલ જેવા પુણ્ય અને પાપના વિકલ્પો અને કાચલી જેવા શરીર અને કર્મ બેયથી ભિન્ન ચીજ છે. ઝીણી વાત છે, ભગવાન! આહા..હા..! એવી વાત સાંભળવી પણ મુશ્કેલ થઈ પડી અત્યારે તો. આ કરો... આ કરો... આ કરો... વ્રત પાળો ને ભક્તિ કરો ને પૂજા કરો ભગવાનની કૃપા થઈ જશે. ધૂળેય નહિ થાય સાંભળને. એય..! ..ભાઈ! આહા..હા..! માલ છે આ. આહા..હા..! લ્યો ભાઈનું આવ્યું ઈ. આ ..માલ છે,બાપુ! આહા..હા..! આત્મા એટલે શું? ઓહો..હો..!

કહે છે કે એક ટંકોત્કીર્ણ. આમ અણઘડેલી મૂર્તિ જાણે હોય નહિ અંદરથી. એવો ને એવો ભગવાન અંદર જ્ઞાનસ્વભાવથી ભરેલો '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' આહા..હા..! અબંધ સ્વરૂપીની દૃષ્ટિ હોવાથી એને બંધ અને શંકા કરનારા

ભાવોનો અભાવ હોય છે. એને નિઃશંકભાવ, નિર્ભયભાવ અથવા અખંડાનંદ છું એવા ભાવની હયાતી હોય છે અને બંધના શંકા કરનારા ભાવોનો એને અભાવ હોય છે. કહો, સમજાણું કાંઈ? જુઓ, આ આટલી લીટીમાં આ ભર્યું છે આટલું. પોપટભાઈ! આ કાંઈ ચોપડા નથી .. દે. આ તો અધ્યાત્મ વાણી છે. આહા..હા..!

ઓલામાં આવે 'જાગીને જોઉં તો જગત દિસે નહિ.' પોતામાં હોં. જગત જગતમાં છે. 'ઉંઘમાં અટપટા ખેલ ભાસે' પણ પોતાની ચીજને જાણ્યા વિના અજ્ઞાનીને અટપટા ભેદ ભાસે. હું જાણે રાગની ક્રિયા કરનારો, દયા કરનારો, વ્રત કરનારો, તપસ્યા કરનારો. આહા..હા..! અંધકાર અજ્ઞાનમાં આવું એને ભાસે. પણ સમ્યગ્જ્ઞાન સાચું થતાં હું તો એક પ્રભુ જ્ઞાયકમય ભાવ તો અનાદિનો છે એ જ છે. એમાં કોઈ ખોડખાપણ આવી નથી. આહા..હા..! ગમે તેટલા નરકના ભાવ કર્યા નારકી જવામાં. પર્યાયમાં. પણ ઈ પર્યાય મારી એવો ભાવ નહોતો. આહા..હા..! હું તો જ્ઞાયકભાવપણે જ ત્રિકાળ રહેલો છું. સમજાણું કાંઈ? બહુ પુરુષાર્થ માગે છે. એની હકીકત છે એવી હકીકતે દૃષ્ટિમાં આવવું જોઈએ. આહા..હા..! જે રીતે સ્વરૂપ એનું છે એ રીતે એને દૃષ્ટિમાં આવવું જોઈએ. એ સ્વરૂપથી વિપરીત રીતે દૃષ્ટિ માને એ તો અનાદિથી રખડે છે. ચાર ગતિમાં. એ પુણ્યભાવ કરે અને કદાચ સ્વર્ગમાં જાય. એવો શુભભાવ હોય તો આ શેઠિયા ધૂળના. પોપટભાઈ! ધૂળના ધણી થાય થોડા અંતે ઈ બધા નરક અને નિગોદમાં જવાના.

મુમુક્ષુ :- આપ ... આત્મા લાગો છો.

ઉત્તર :- એનું સ્વરૂપ જ એવું છે. ભગવાન પૂર્ણાનંદ, નિર્મળાનંદ એકરૂપ પ્રભુ એને એ રીતે ન માનતા, વિપરીત રીતે કલંક લગાડ્યો એને. ભગવાનને કલંકવાળો માન્યો, એને સંબંધવાળો માન્યો, એને અજીવવાળો માન્યો. આહા..હા..! એક વાળો નીકળે તો ઓલામાં તો કૂવામાં પાણી લેવા બેવામાં વાળો નીકળે છેને આ? તો રાડ નાખી જાય છે. કેટલા વાળાવાળો બન્યો? આહા..હા..! ઈ આમ માન્યો વાળાવાળો માટે માન્યતાથી એને નરકમાં અને નિગોદમાં જાય છે. કારણ કે ભવનું બીજ એ છે. આહા..હા..! એની આખી ચીજ જ શું છે એની ખબરું વિના બધી આમ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, અપવાસ, પૂજા, ભક્તિ, ધૂળધામ. આહા..હા..! એય..! ..ભાઈ! એવું તમારે .. બહુ ચાલે ત્યાં. શું કહેવાય? ..એય..! ચેતનજી! કર્મભાવ... ધૂળમાંય નથી ત્યાં કર્મધ્યાન. અરે..!

મુમુક્ષુ :- ધર્મ છે જ ક્યાં આત્મામાં?

ઉત્તર :- છે જ નહિ. ... ક્યાં હતો? આહા..હા..! છે ઈ એનામાં. અહીં ક્યાં છે? આ તો .. પ્રભુ... એ પ્રભુતા એની ન રહે. કહો, સમજાણું કાંઈ? એ અંતરમાંથી એને તોડી નાખવો સંબંધ. ઈ કાંઈ સાધારણ વાત નથી. સંબંધ હતો નહિ અને સંબંધ તોડવો

એટલે? ત્યાં લક્ષ છે અને લક્ષ આમ કરી નાખવું. સંબંધ છૂટો છે. રાગ અને કર્મની સાથે કાંઈ સંબંધ નથી. આહા..હા..! તો પછી આ બધું ક્યાં રહ્યું આ બધું છ ભાઈને આ બધું. આ છ ચિત્ર ચિતરાવ્યા છે છ ભાઈના નામના હશે? છ નહોતું આવ્યું .માં? આ તો એક મગજમાં આવ્યું. ... ચંદુભાઈ સાથે વાત કરતા હતા. નહિ ચંદુભાઈ! .. છ છોકરાઓ છે માટે લખાવ્યું. આ તો એક. આહા..હા..! એય..! હિંમતભાઈ! આ તો એક વિકલ્પ આવ્યો થોડો. છ હજાર ઓલામાં. કોણ ખર્ચે અને કોણ આપે? આહા..હા..! ભારે વાતું! મારા હોય તો આપે પણ મારા છે જ નહિ ને એ ચીજ. છે? આહા..હા..! પૈસાવાળો જ આત્મા નથીને. જે પૈસાવાળો નથી એ પૈસા રાખે અને આપે. આહા..હા..! આ આત્માને માનવામાં આટલી શરતું છે એની અંદર. કે એને વિભાવના ભાવથી સહિત ન માનવો. એને કર્મના નિમિત્તપણા છે અને એના નિમિત્તના સંબંધે પર્યાયમાં વિભાવ થાય છે. એવો એને ન માનવો. આહા..હા..! ઈ છે એ વ્યવહારનયનો વિષય છે. વ્યવહાર તે અભૂતાર્થ છે, જૂઠો છે. આહા..હા..! પણ ત્રિકાળી જ્ઞાયકભાવ શુદ્ધ ચૈતન્યઘન પ્રભુ આત્મા વસ્તુ છેને, પદાર્થ છેને, .. છેને? વસ્તુ છેને? પદાર્થ છેને? અરૂપી પણ પદાર્થ છે. એવો ભગવાન આત્મા ધર્મી તો '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ધર્મીને એમ ન કહ્યું કે રાગવાળાને લીધે વ્યવહાર સારો કરે છે માટે. આહા..હા..! ઓહો..હો..! બીજાને સમજાવતા આવડે છે એ માટે. એમ છે? કોણ સમજાવે? ભારે ગજબવાત! વાણી વાણીથી થાય, વિકલ્પથી વિકલ્પ પૃથક્ ઉભો રહે. સમજાણું કાંઈ?

કહે છે '**શંકા કરનારા (અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે...**' આ પદની વ્યાખ્યા માટે આ ગાથા લીધી. ભાઈ! આ ગાથા લેવાનો હેતુ કે કીધું આ ઝાઝા માણસ છે કાંઈ-કાંઈ. આહા..હા..! '**જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ...**' આહા..હા..! વ્યવહારે છે. વ્યવહારનો અર્થ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. પણ એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ઈ વ્યવહારે છે. અભૂતાર્થ છે. આહા..હા..! નિશ્ચયમાં અંતર વસ્તુ જોતા એને પરનો સંબંધ કાંઈ છે જ નહિ. એવી દૃષ્ટિવાળો જીવ '**મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી,...**' એને આવી ભ્રમણા, શંકા અને સંદેહનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, કાંઈ ઝીણું પડતું નથીને? એય..! ગીરધરભાઈ! લ્યો! સવારનું તો બહુ આવ્યું હતું. તમારો દિલીપ કહે કે સવારમાં બહુ સાર આવ્યો. ભાઈ! આ તો છેલ્લામાં છેલ્લો સાર છે.

મુમુક્ષુ :- પંચમ ભાવ

ઉત્તર :- હા, આહા..હા..!

કહે છે અથવા '**મિથ્યાત્વાદિ ભાવોનો (તેને) અભાવ હોવાથી, નિઃશંક છે...**'

આહા..હા..! મને ભવ છે કે નહિ? ભવ થશે કે નહિ? એ શંકા બધી મિથ્યાત્વની છે. આહા..હા..! વસ્તુ જ્ઞાયકભાવે જ્યાં ભાસ થયો એને ભવના ભાવ વિનાનો હું તો છું. ભવના ભાવ વિનાનો છું અને ભવ વિનાનો છું. એને ભવ થશે એને એ શંકા એને હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનની શરતું આવી છે. સાચું દર્શન, સાચું પ્રતીત, વસ્તુનો સ્વભાવ તેવો સત્ સ્વીકાર, તેની શરતું બહુ મોંઘી છે. દુનિયાએ કલ્પીને બેઠા છે એમ નથી. આહા..હા..! કહો, ચીમનભાઈ! આહા..હા..!

ત્યારે શું છે? નિઃશંક છે, નિઃસંદેહ છે, નિર્ભય છે. મારી ચીજમાં બીજી ચીજનો સંબંધ નથી, પછી ભય રહ્યો ક્યાં? આહા..હા..! સમજાણું કાંઈ? નિઃશંક અને નિર્ભય કીધું છેને? ૨૮માં આવી ગયું. સામસામી બેય છે. ૨૮માં. '**सम्मादिट्ठी जीवा णिस्संका होंति णिब्भया तेण। सत्तभयविप्पमुक्का**' એમ પાછું. તે કારણે સાત ભયથી મુક્ત છે. ૨૮માં. '**जम्हा तम्हा दु णिस्संका**' એ કારણે ધર્મી નિઃશંક અને નિર્ભય છે. આહા..હા..! નિર્ભય છે. અહીંયાં કીધું. શંકાકૃત બંધ નથી. પણ ધર્મીને કોઈ રાગ આદિ આવે એ ખરી જાય છે એમ કહે. નિર્જરા છે. આત્મામાં જ્ઞાયકભાવ, આનંદભાવવાળો હું. એને બીજો સંબંધ ઉદયમાં આવે ખરી જાય છે. મારે અને એને કાંઈ નાતો નથી. અહીં સંબંધ કર્યો એટલે આ સંબંધ તૂટી ગયો. એ ઉદયભાવ ખરી જાય એને નિર્જરા કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

શ્લોક-૧૬૧

टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः
सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।
तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बन्धः
पूर्वोपात्तं तदनुभवतो निश्चित्तं निर्जरैव।।१६१।।

હવે આગળની (સમ્યગ્દૃષ્ટિના નિઃશંક્તિ આદિ ચિહ્નો વિષેની) ગાથાઓની સૂચનારૂપે કાવ્ય કહે છે :-

શ્લોકાર્થ :- [टंकोत्कीर्ण-स्वरस-निचित-ज्ञान-सर्वस्व-भाजः सम्यग्दृष्टेः] ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને ભોગવનાર સમ્યગ્દૃષ્ટિને [यद् इह लक्ष्माणि] જે નિઃશંક્તિ આદિ ચિહ્નો છે તે [सकलं कर्म] સમસ્ત કર્મને [घ्नन्ति] હણે છે; [तत्] માટે, [अस्मिन्] કર્મનો ઉદય વર્તતાં છતાં, [तस्य] સમ્યગ્દૃષ્ટિને [पुनः] ફરીને [कर्मणः बन्धः] કર્મનો બંધ [मनाक् अपि] જરા પણ [नास्ति] થતો નથી, [पूर्वोपात्तं] પરંતુ જે કર્મ પૂર્વે બંધાયું હતું [तद्-अनुभवतः] તેના ઉદયને ભોગવતાં તેને [निश्चितं] નિયમથી [निर्जरा एव] તે કર્મની નિર્જરા જ થાય છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિથી પૂર્વે બંધાયેલી ભય આદિ પ્રકૃતિઓના ઉદયને ભોગવે છે તોપણ ૧નિઃશંક્તિ આદિ ગુણો વર્તતા હોવાથી તેને ૨શંકાદિકૃત (શંકાદિના નિમિત્તે થતો) બંધ થતો નથી પરંતુ પૂર્વકર્મની નિર્જરા જ થાય છે. ૧૬૧.

વૈશાખ સુદ-૧૩, સોમવાર, તા. ૧૪-૦૫-૧૯૭૩
ગાથા-૨૨૯, કળશ-૧૬૧, પ્રવચન-૩૭૭

નિર્જરા અધિકાર. સમયસાર. ૧૬૧ કળશ છે.

टङ्कोत्कीर्णस्वरसनिचितज्ञानसर्वस्वभाजः
सम्यग्दृष्टेर्यदिह सकलं घ्नन्ति लक्ष्माणि कर्म।
तत्तस्यास्मिन्पुनरपि मनाक्कर्मणो नास्ति बन्धः
पूर्वोपात्तं तदनुभवतो निश्चित्तं निर्जरैव।।१६१।।

એનો અર્થ. '**ટંકોત્કીર્ણ...**' એટલે શાશ્વત. આત્મા શાશ્વત વસ્તુ છે. લ્યો ત્યાંથી શરૂ થયું. '**ટંકોત્કીર્ણ એવું જે નિજ રસથી ભરપૂર જ્ઞાન...**' પોતાની શક્તિના સત્થી આનંદના રસથી અથવા જ્ઞાનના રસથી ભરેલું આત્મતત્ત્વ ત્રિકાળ શાશ્વત છે. '**તેના સર્વસ્વને ભોગવનાર...**' આહા..! ધર્મી એને કહીએ અને એને ધર્મ થાય. કે જેને આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વભાવ શાશ્વત વસ્તુ એને ભોગવે. એટલે શાશ્વત તરફની દૃષ્ટિને લઈને નિજરસને ભોગવે. આહા..! અજ્ઞાનીને અનાદિથી રાગ અને દ્વેષનો અનુભવ છે. ભોગવટો. વેદનમાં અજ્ઞાનીને નથી શરીર જડનું વેદન, નથી સ્વનું વેદન. શુભ અને અશુભરાગ વિકારીભાવ એનું એને

વેદન. ત્યાં સુધી એ મિથ્યાદૃષ્ટિ છે.

ચૈતન્યના નિજરસ સ્વભાવ '**તેના સર્વસ્વને ભોગવનાર...**' એનો અર્થ કે ત્રિકાળી ધ્રુવને તો ભોગવતો નથી, પણ ધ્રુવ તરફની દૃષ્ટિને લઈને એનાથી ઉત્પન્ન થયેલી નિર્મળ વીતરાગી દશા જ અનુભવે છે. કાલે એક વૈષ્ણવ આવ્યો હતો એના સમાજમાં મોટો. ઈ કહે કે આ વાત મને બહુ .. લાગતી હતી. વૈષ્ણવ મોટો ગૃહસ્થ ધનાઢ્ય. કીધું ભાઈ આ તો આત્માની વાત છે. અહીં વૈષ્ણવ.. કહેવું. વિષ્ણુનો અર્થ સર્વને જાણનારો એ વ્યાપ્ત વિષ્ણુ. ...

'**ટંકોત્કીર્ણ એવું જે નિજ રસ...**' પુણ્ય અને પાપના ભાવ એ કાંઈ નિજરસ નથી. અકષાયભાવ છે. ધર્મીની દૃષ્ટિમાં પુણ્ય-પાપ દૃષ્ટિમાં હોતા જ નથી. દૃષ્ટિમાં તો ટંકોત્કીર્ણ જ્ઞાયક શાશ્વત ચૈતન્યમૂર્તિ એ હોવાથી '**તેના સર્વસ્વને...**' એટલે તે તરફના ભાવને, શુદ્ધ ચૈતન્ય સ્વભાવના ભાવને. એટલે જ્ઞાન ચેતનાને. રાગ કર્મ ચેતના અને કર્મફળ ચેતના એને ધર્મી ભોગવતો નથી. કારણ કે એ ચીજ પોતાની નથી. એથી કહે છેને કે '**નિજ રસથી ભરપૂર જ્ઞાન તેના સર્વસ્વને...**' સ્વ-સ્વ. પૂર્ણ અને પોતે. પૂર્ણ પોતાનું. '**સર્વસ્વને ભોગવનાર...**' પાઠ છેને '**भाजः**' અનુભવનાર. સમ્યગ્દૃષ્ટિ. આહા..હા..! સાચી દૃષ્ટિ એને થઈ કહેવાય કે જેને ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ ધ્રુવ સ્વભાવ જેની દૃષ્ટિમાં આવ્યો અને એને શાંતિનું અને જ્ઞાનના આનંદનું વેદન હોય. આહા..હા..! એને સમ્યગ્દૃષ્ટિ કહીએ.

એને '**यद् इह लक्ष्माणि**' એને '**જે નિઃશંકિત આદિ ચિહ્નો છે...**' સમકિતમાં. અથવા લક્ષણ છે એના. નિઃશંક, નિઃકાંક્ષ આદિ આઠ બોલ આવી ગયા ઈ. અથવા સંવેગ-નિર્વેગ આદિ આવે છે. એ બધા લક્ષણો '**નિઃશંકિત આદિ ચિહ્નો છે...**' તે '**सकलं कर्म**' '**समस्त कर्मने...**' '**घ्नन्ति**' '**હણે છે;...**' અહીં તો એ આઠેય કર્મને હણે છે એ નિમિત્તથી છે. પણ આઠેય કર્મના નિમિત્તથી થતી અશુદ્ધતા એને ઈ હણે છે. આહા..! હણે છે એમ કહેવું એ પણ ઉપચારથી કથન છે. ચૈતન્યમૂર્તિ નિજરસ આનંદ એના તરફના અનુભવને લઈને ધર્મીને અશુદ્ધતા ઉત્પન્ન થતી જ નથી. એથી એને અશુદ્ધતાનો નાશ થાય એમ કહેવામાં આવે છે.

'**समस्त कर्मने...**' '**सकलं कर्म**' આ બાજુ સર્વસ્વને ભોગવના. એમ છેને? સર્વસ્વ. પોતાના અનંત જ્ઞાન, દર્શન આદિ અનંતગુણ એવું ચૈતન્યનું સ્વરૂપ ભગવાન આત્માનું. એ સ્વ. સર્વસ્વ. પોતાનું પૂર્ણ બધું. તેને અંતરદૃષ્ટિ વડે પૂર્વને ભોગવનાર. આહા..હા..! સમજાણું કાંઈ? અને સમસ્ત કર્મને છેદનાર. અહીં ભોગવનાર અને ઓલાને નાશ કરનાર. આહા..હા..! ઈ આત્મા નિત્ય શાશ્વત ચૈતન્ય જ્યોત આત્મા છે એના તરફના વલણની દૃષ્ટિને લઈને એ વસ્તુનું સર્વસ્વ પોતાનું છે એને ઈ અનુભવે અને રાગાદિ છે એને ઈ હણી નાખે. એટલે

કે હણાઈ જાય એટલે કે ઉત્પન્ન થાય નહિ. આહા..!

'**માટે, કર્મનો ઉદય વર્તતાં છતાં,...**' શું કહે છે? જેને પૂર્વ અજ્ઞાનપણે બંધાયેલા કર્મો વર્તમાનમાં એનો ઉદય આવે છતાં ધર્મી જીવનો અનુભવ એ ઉદય તરફના વલણવાળો નથી. આવું કર્મ ભારે! સમજાણું કાંઈ? એને નિર્જરા થાય. આઠ અપવાસ કરીએ, આઠ અપવાસ, ચોવીસ અપવાસના, દસ લક્ષણી પર્વનો લ્યોને. એને નિર્જરા થાય એમ માને. તપસ્યા થઈ. ઈ તપસ્યા જ નથી. શુદ્ધ ચૈતન્યઘન પૂર્ણ સર્વસ્વ રસ આનંદ, પૂર્ણ તરફની દૃષ્ટિને લઈને પૂર્ણનો જ પર્યાય એને અનુભવમાં આવે છે. આહા..હા..! આ તો નિર્જરાનો અધિકાર છેને? એને નિર્જરા હોય. અજ્ઞાની વ્રત ને નિયમ ને તપ કરે, અપવાસને એ તો મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનો બંધ ક્ષણે-ક્ષણે કરે છે.

અહીં કહે છે '**સમ્યગ્દૃષ્ટિને...**' '**કર્મનો ઉદય વર્તતાં છતાં,...**' આમ ભાષા છેને? '**अस्मिन्**' એમ. અસ્મિ છે છતું એમ. પૂર્વનું બંધાયેલું કર્મ '**अस्मिन्**' છે. પણ આ બાજુ સ્વભાવની પૂર્ણતાની દૃષ્ટિને લઈને જે પૂર્વના ઉદય તરફના વલણના અભાવને લઈને પૂર્વના કર્મોને '**वर्ततां छतां, सम्यग्दृष्टिने फरीने...**' '**कर्मणः बन्धः**' '**કર્મનો બંધ...**' '**मनाक् अपि**' '**જરા પણ થતો નથી,...**' એકદમ દૃષ્ટિનું જોર છે. સમજાણું કાંઈ? આ સ્વભાવની શુદ્ધતા એના તરફ દૃષ્ટિ ધર્મીની હોવાથી એ શુદ્ધતાને અનુભવતા અશુદ્ધતા પૂર્વના કર્મના નિમિત્તથી કાંઈ થાય કહે છે ઈ થતી જ નથી એને. એની નિર્જરા થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જરા પણ થતો નથી,...**' હવે એક બાજુ કહે કે દસમા ગુણસ્થાન સુધી છ કર્મનો બંધ છે. કઈ અપેક્ષા છે? વાત જાણવી જોઈએને? એ રાગ બાકી છે એને જાણનાર છે. જાણે છે કે છે આ. ઈ જાણે છે ઈ રાગને નહિ ખરેખર તો. આહા..હા..! પોતાનું સ્વરૂપ જ એ છે કે રાગસંબંધી અને પોતાના સંબંધી પોતાની પર્યાયમાં સ્વપરપ્રકાશક જ્ઞાન થાય એને ઈ પોતાનું સ્વ માને છે. ભાઈ! આવો ધર્મ ભારે! એથી એને ૧૬૧ છેને કળશ? આઠેય કર્મ બંધાતા નથી એમ કહે. '**જરા પણ થતો નથી, પરંતુ...**' બંધ થતો નથી પણ એ ઉપરાંત '**જે કર્મ પૂર્વે બંધાયું હતું...**' '**तद्-अनुभवतः**' '**તેના ઉદયને ભોગવતાં...**' આહા..હા..! ભોગવતાંનો અર્થ જરી પર્યાયમાં થાય છે. એ તો નિર્જરા શરૂ કરી ત્યારથી થાય છેને? સુખ-દુઃખની દશા થાય છે જરી, પણ એ નિર્જરી જાય છે. એ તો ગાથા પહેલેથી. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્યોત જ્ઞાયકભાવ શુદ્ધ ચિદ્ઘન આત્મા એવી પૂર્ણ સ્વભાવનું સ્વરૂપ એને સ્વીકારનાર દૃષ્ટિની એ જ્ઞાનની પર્યાય એને સ્વીકારનાર એ સ્વનો જ અનુભવ કરે છે. પૂર્વે બંધાયેલા કર્મનો અનુભવ છે નહિ. આવી ચીજ છે.

'**पूर्वोपात्तं**' '**तद्-अनुभवतः**' એનો અર્થ જરી આવે છે એ ખરી જાય છે. આદર નથી,

રાગનો સ્વામી નથી, ધણી નથી. પોતાપણે એ રાગને માનતો નથી ધર્મી. આહા..હા..! પોતાપણું જે છે એ તો આનંદ ને જ્ઞાનનો રસ એ પોતાપણું છે. આવો ધર્મ બારે કઠણ. સમજાણું કાંઈ? '**નિયમથી...**' '**નિર્જરા એવ**' આટલું જોર આપ્યું. કેમકે દૃષ્ટિમાં તો પૂર્ણાનંદનો નાથ આત્મા વર્તે છે ધર્મીને. પૂર્ણ ધ્રુવ શાશ્વત ચીજ જ જ્યાં દૃષ્ટિમાં અને પોતાની જ્ઞાનની અવસ્થામાં જ્ઞેય તરીકે તો ધ્રુવ વર્તે છે. એથી ધ્રુવના વલણવાળી દૃષ્ટિમાં પોતાની શુદ્ધતાને વેદનારો, અનુભવનારો. આહા..હા..! એ પૂર્વના બંધનના ઉદયથી જરી અંદર જાય એને અનુભવતો જ નથી કહે છે એ તો. '**નિયમથી...**' એમ ભાષા. એકાંત નથી. કથંચિત્ બંધ નથી. અહીં તો દૃષ્ટિના જોર.. બંધ છે જ નહિ એમ કહે. વસ્તુ ક્યાં બંધવાળી છે? અને પર્યાય જે થઈ એ ક્યાં બંધવાળી છે? પર્યાય જે વસ્તુ તરફની થઈ એ વસ્તુ અબંધ છે અને પર્યાય અબંધપરિણામી છે. એથી અબંધ પરિણામી જીવને કર્મનું બંધન હોતું નથી. નિશ્ચયથી '**તે કર્મની નિર્જરા જ થાય છે.**' લ્યો, '**એવ**' છેને '**એવ**' '**નિર્જરા જ થાય છે.**' આહા..હા..! આનું નામ નિર્જરા છે.

એમ કહેતા હતા ભાઈ એ તો નિશ્ચયની વાત છે. પણ પાછો વ્યવહાર, પણ વ્યવહાર ક્યો? એની તો આ વાત ચાલે. ઉદય આવ્યો એ રાગ એ વ્યવહાર છે. પણ વ્યવહારને અનુભવતો નથી એમ તો અહીં ચાલે છે. આહા..હા..! વ્યવહારને અનુભવે-વેદે એ તો મિથ્યાદૃષ્ટિ છે. જ્ઞાનપ્રધાન કથન હોય ત્યારે.. છે. સ્વામીપણે ન હોવા છતાં ભોક્તાપણે છે. એ જ્ઞાન જાણે છે. આહા..હા..! છતાં અભોક્તાપણું સાથે છે કે નહિ? અભોક્તાપણા સાથે જ છે. અભોક્તા અને ભોક્તા બેય એક સમયમાં છે. અહીં તો એ ભોક્તા બિલકુલ .. નથી. '**तद्-अनुभवतः**' '**निश्चितं**' '**निर्जरा एव**' એમ કહ્યું. એ રાગનો ભાવ વેદાય એની નિશ્ચયથી નિર્જરા થઈ જાય. મારું આવે ભારે! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન લોકોને રસ બહારમાં આવે છેને. સામાજિક કે ફલાણા, ઢીકણા એ રસવાળાને આ રસ આકરો લાગે છે કે આ પણ મને તો સમજાતું નથી. માથુ ફરી જાય છે એમ કહેતા શાહુજી. સાંભળતા માથુ કામ કરતું નથી. રસ ક્યાં છે કીધું આ? એમાં રસ હોય તો માથુ ફરી જાય આમ. .. મનુષ્ય ... જેનો એક સમય... એમાં તો આ જ કર્તવ્ય જીવનું છે બાકી કર્તવ્ય કાંઈ છે નહિ.

એથી ધર્મી આત્માના પૂર્ણ શુદ્ધનો અનુભવ કરનાર. ધર્મી એટલે આત્મા જે પૂર્ણ શુદ્ધ છે, પવિત્ર છે. આત્મા આનંદસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે. એવા ભાવને ભોગવનાર એ ભાવનું પરિણમન અને એનો ભોગવનાર. પરિણમન એટલે કર્તા અને ભોગવનાર પોતે. આહા..હા..! રાગનું નહિ.

ભાવાર્થ. એક શ્લોકમાં કેટલું ભરી દીધું! સમ્યગ્દૃષ્ટિ એટલે ધર્મી જીવ એટલે કે શાશ્વત ચૈતન્યમૂર્તિ પ્રભુ, એનો જેને સાચી શ્રદ્ધાનો ભાવ એનો જેને સત્ય શ્રદ્ધાનો ભાવ પ્રગટ્યો

છે. એટલે કે સત્ય દૃષ્ટિ થઈ છે. સત્ય દૃષ્ટિનો વિષય તો ધ્રુવ સત્ છે. સત્ય દૃષ્ટિનો વિષય તો ધ્રુવ સત્ છે ત્રિકાળ. એવા ત્રિકાળ સત્ને જે દૃષ્ટિએ સ્વીકાર્યો એ '**પૂર્વે બંધાયેલી ભય આદિ પ્રકૃતિઓના ઉદયને ભોગવે છે તોપણ નિઃશંક્તિ આદિ...**' ભલે કહે છે હો થોડું. પૂર્વનું બંધાયેલું કર્મ આવીને જરી દેખાવ આપે. દેખાવ આપે. પણ એનો આદર નથી એથી એનો અનુભવ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? '**ઉદયને ભોગવે છે...**' એમ કહ્યું છેને? પાઠમાં એમ છે કે નહિ? '**तद्-अनुभवतः**' છેને.

'**તોપણ નિઃશંક્તિ આદિ ગુણો વર્તતા હોવાથી...**' નિઃસંદેહ રાગ વિનાની ચીજ છું. રાગ મારા સ્વરૂપમાં જ નથી. એમ નિઃશંક, નિકાંક્ષિત આદિ આઠ બોલ. '**વર્તતા હોવાથી...**' એ પર્યાય આઠ પ્રકારની સમકિતની પર્યાયમાં આવી શકતી અને સામર્થ્ય વર્તતું હોવાથી '**તેને શંકાદિકૃત...**' સંદેહ તથા ભયરહિત છે. .. શંકા, સંદેહ, કલ્પિતભય. કલ્પિતભય. મરણનો, અપયશનો, અગુપ્તિનો એ વગેરે-વગેરે કલ્પિતભય. એટલે ભય વિનાની ચીજ છે એનો ભય કેવો? પણ અજ્ઞાનીને પરપદાર્થમાં પ્રીતિ છે એને લઈને પરનો કાંઈ ફેરફાર થતા એને દુઃખ લાગે છે. ઉદયના... '**તેને શંકાદિકૃત...**' શંકા થવી એ ધર્મીને થતી નથી. કેમકે પૂર્ણાનંદ સ્વરૂપની નિઃશંક આદિ આઠ ગુણો લક્ષણો ... છે. '**શંકાદિકૃત...**' શંકાદિ આઠ બોલ છેને? નિઃશંક આદિ શંકા, નિકાંક્ષ આદિ કાંક્ષા, .. એમ. આઠ બોલની સામે.

'**२शંકાદિકૃત (શંકાદિના નિમિત્તે થતો) બંધ થતો નથી પરંતુ પૂર્વકર્મની નિર્જરા જ થાય છે.**' લ્યો, જુઓ, સમ્યગ્દર્શનમાં લાભ. જેને આત્મા આનંદસ્વરૂપ, અતીન્દ્રિય સ્વરૂપ જ આત્મા છે. એવા અણિન્દ્રિય આનંદ સ્વરૂપનો અનુભવ અને દૃષ્ટિ થઈ એને પૂર્વના કર્મનો ઉદય દેખાવ આપે છે માટે. પણ એ દેખાવ ખરી જાય છે. એને બંધનું કારણ થતું નથી. આહા..હા..! શ્રેણિક રાજાએ તો હીરો ચુસ્યો લ્યો. ક્ષાયિક સમકિતી. તીર્થંકર પ્રકૃતિ બાંધેલી. તીર્થંકર થવાના. હીરો ચુસ્યો મરી ગયા. .. છે કે નહિ? ના, ના એ તો કહે છે ઉદય આવીને ખરી ગયો સાંભળને હવે. એમ કે આ રાગ આવ્યો અને આ ન કર્યું? માથું ન ફોડ્યું? ઝેર પીધુંને? હવે સાંભળ! એની જાતને જાણી છે. રાગથી ભિન્ન પડેલું તત્ત્વ રાગને કેમ ભોગવે? એમ કહે છે. રાગમાં એકત્વ થયેલું એ આત્માને કેમ ભોગવે?

'**(શંકાદિના નિમિત્તે થતો) બંધ થતો નથી પરંતુ...**' ઉપરાંત. '**પૂર્વકર્મની નિર્જરા જ થાય છે.**' લ્યો, એનો પૂર્વ કર્મ ખરી જાય છે.

૨૨૯. એ આપણે છેલ્લી લેવાણી હતી. છેલ્લે દિવસે. આ ગાથા. વચ્ચેનો કળશ મૂકી દીધો હતો. આ લીધી હતી. ફરીને. '**હવે આ કથનને ગાથાઓ દ્વારા કહે છે, તેમાં પ્રથમ નિઃશંક્તિ અંગની...**' આત્માના શુદ્ધ સ્વરૂપનું ભાન નિર્મળાનંદ સહજાનંદની મૂર્તિ હું છું એવું જે સમ્યગ્દૃષ્ટિ એટલે ધર્મી એને ભાન થયું એને નિઃશંકિત આદિ ગુણો ઉત્પન્ન

હોય છે. એના ચિહ્નની ગાથા કહે છે. નિઃશંકપણું એને હોય છે. પૂર્ણાનંદ અને પૂર્ણસ્વરૂપ તે હું છું એમ નિઃશંક છે. નિકાંક્ષ એને કોઈપણ પ્રકારની રાગાદિની ઇચ્છા હોતી નથી. ઇચ્છા જ હોતી નથી. આહા..હા..! વગેરે આઠ બોલ છેને?

जो चत्तारि वि पाए छिंददि ते कम्मबंधमोहकरे।
सो णिस्संको चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२२९।।

નીચે હરિગીત.

જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદષ્ટિ જાણવો. ૨૨૯.

સમ્યગ્દષ્ટિ જાણવો આને એમ કહે છે. હીરો જેને લાગ્યો એ કાચના કટકા કેમ સંગ્રહે? અમૂલ્ય હીરો જેને દષ્ટિમાં આવ્યો. ઈ કાચના કટકાથી પણ ભુક્કા બધા. એને કેમ સંગ્રહે? કેમ પોતામાં ભેળવે? એમ ધર્મીને ચૈતન્ય હીરો આનંદનો નાથ જ્યાં દષ્ટિમાં આવ્યો. હવે કઈ વસ્તુને પોતાની માને? આહા..હા..! રાજપાટમાં દેખાય. પણ એમાં એ નથી. એને બહારમાં દેખાય એ બીજો. એ કર્મને લઈને. તે તો એનો જ્ઞાતા છે.

'**સમ્યગ્દષ્ટિ,...**' ૨૨૯. '**ટંકોત્કીર્ણ...**' શાશ્વત. ધ્રુવ કહો, શાશ્વત કહો, નિત્ય કહો, અભેદ કહો, એકરૂપ છે એમ કહો. એવું '**ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' આહા..હા..! ધર્મી તો એને કહીએ અને ધર્મ કરનાર પણ એને કહીએ કે જે એવું શાશ્વતરૂપ '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' હું તો શાશ્વત છું અને જ્ઞાયકપણું તે હું. જાણવું.. આહા..હા..! '**જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ધર્મી એને એકરૂપ શાશ્વત એવા '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ત્યાં શાશ્વત લેવું. શાશ્વત અને નિત્ય એવા '**એક જ્ઞાયકભાવમયપણા...**' .. બાયડી, છોકરાવાળો ... છે બાયડી, છોકરા? રાગવાળો નહિ. અહીં તો કહે પર્યાયવાળો નહિ. એક જ્ઞાયકભાવમય. જાણવાના સ્વભાવનો ત્રિકાળી સ્વરૂપ છે. એવા મય એટલે તદ્રૂપ. શુદ્ધ જ્ઞાનસ્વભાવમય. શુદ્ધ સ્વભાવમય. શુદ્ધ જ્ઞાયકસ્વભાવપણામય. આહા..હા..!

'**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' આહા..હા..! ગજબ વાત છે. '**(અર્થાત્ જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે એવો સંદેહ અથવા ભય કરનારા)...**' આહા..! શું કહે છે? પૂર્ણાનંદ એને શાશ્વત ધ્રુવનો અનુભવ છે ધર્મીને એમ કહે છે. એને લઈને જ્ઞાયકભાવમયપણાને લીધે. કર્મબંધ સંબંધી શંકા કરનારા એ ભાવ એને છે નહિ. મિથ્યાત્વ, અવ્રતાદિ કર્મના સંબંધની શંકા કરવાવાળા એ બધાય. કાંઈ મારે આને સંબંધ છે? આને સંબંધ છે? આને સંબંધ છે? એમ કહે. રાગ સાથે સંબંધ છે? .. સાથે સંબંધ છે? એવા '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' ભાવકર્મબંધની પણ શંકા કરનારા. જડકર્મ છે. .. ભાવકર્મ

છે. અરસપરસ લેવડદેવડ છે. કહે છે. આહા..હા..!

દુઃખમય જાણીને એટલે કે દુઃખમય પોતે નથી. પોતે તો જ્ઞાયકભાવમયપણાને લીધે. આમાં પણ વ્યવહારરત્નત્રયના વિકલ્પમયપણાને લઈને એમ ન કહ્યું. બીજો બોલ આવે છેને જોડે? વ્યવહારરત્નત્રયનો વિકલ્પ મુનિને પણ હોય. એ મુનિને અંદર ભાવમાં એ ન હોય એમ કહે. આહા..હા..! આવી ઝીણી વાતું છે. એકલો જાણકસ્વભાવમય, જાણકસ્વભાવવાળો પણ એ નહિ. '**જ્ઞાયકભાવમયપણાને લીધે...**' આ કારણ આપ્યું. ધર્મીને તો એક જ્ઞાયકભાવમય, ધર્મીને તો એક જ્ઞાયકભાવમયપણાને કારણે. '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' ખરેખર હું કર્મ વડે, રાગ વડે બંધાયો છું એવા શંકા કરનારા તો મિથ્યાત્વાદિ ભાવ એને તો નથી. એનો તો અભાવ હોવાથી. છેને? મિથ્યાત્વભાવોનો તો અભાવ હોવાથી. આ ભાવ છે આ.

'**જ્ઞાયકભાવમયપણાને લીધે...**' અને કર્મથી બંધાયેલો એવા જે મિથ્યાત્વાદિ ભાવ એનો અભાવ હોવાથી. આહા..હા..! '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' એ સંદેહ છેને મિથ્યાત્વાદિ? એ ભાવસંબંધના શંકા કરનારા છે અને સ્વરૂપ તો અબંધ છે. આહા..હા..! અબદ્ધ જ્ઞાયકભાવપણું તો અબદ્ધ કહો. એને બંધ કરનારા અથવા શંકા ઉપજાવનારા. મિથ્યાત્વાદિનો. મિથ્યાત્વ અજ્ઞાન આદિ. એ '**ભાવોનો (તેને) અભાવ હોવાથી,...**' એ ધર્મીની દૃષ્ટિમાં અને ધર્મીની પર્યાયમાં ધ્રુવ ધ્યેય હોવાથી પર્યાયમાં નિર્મળતા એને છે અને એને કારણે જ્ઞાનમયપણાને લીધે જ આ થયું પરિણતિ એને મિથ્યાત્વાદિ કર્મબંધના શંકા કરનારા બંધ છે. મને બંધ છે. મને રાગ અને કર્મ સાથે સંબંધ છે. એવી શંકા કરનારા મિથ્યાત્વ એનો એને અભાવ હોય છે. ભારે આકરું! કહો, સમજાણું કાંઈ? હવે અહીં તો હજી બહારનું કરી દેવું, આનું કરવું... આનું કરવું... આનું... એમાં એને સખ આવે છે.

કહે છે કે જ્ઞાયકભાવમયપણાને કારણે મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ એ બંધન મને છે, કર્મનો બંધ ખરેખર છે. એવી શંકા કરનારો ભાવ તો મિથ્યાત્વ અને અજ્ઞાન છે. એ ભાવનો તો અભાવ છે. આ નિઃશંકની વ્યાખ્યા કરી. આ નિઃશંક છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આ વંચાઈ ગયો હતો તે દિ' છેલ્લે દિવસે. '**જીવ નિશ્ચયથી કર્મ વડે બંધાયો છે...**' આહા..હા..! ઓલાને વાંધો ઉઠે છે. બસ, બંધાયેલો નથી? રાગ અને કર્મ સાથે બંધાયેલો નથી. જ્ઞાયકમયભાવ વસ્તુ તે બંધાયેલો ક્યાંથી? આહા..હા..! વસ્તુ ક્યા બંધાય છે? અને વસ્તુની દૃષ્ટિ છે. એથી તે જ્ઞાયકભાવમયપણાને કારણે મિથ્યાત્વાદિ ખરેખર કર્મબંધનના શંકા કરનારા ભાવો એનો અભાવ હોવાથી તે નિઃશંક છે. આહા..હા..!

'**જીવ...**' એટલે આત્મા. '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' એમ છેને? કર્મના સંબંધની શંકા કરનારા. સંબંધ કહો કે બંધ કહો એમ કહે. સંબંધ જ નથી અહીં એમ કહે છે. કેમકે

એ સંબંધના બંધની શંકા કરનારા એ મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ છે. તે ભાવનો તો અભાવ છે. અબંધ સ્વરૂપ હું છું ત્રિકાળ. એવી નિઃશંકતામાં બંધને કરનારા મિથ્યાત્વાદિ અજ્ઞાનનો અભાવ હોવાથી નિઃશંક છે. આ નિઃશંકની વ્યાખ્યા કરી. આહા..હા..! ઓલા કહે ભગવાનના .. શ્રદ્ધા કરવી. દેવ-ગુરુ-શાસ્ત્ર. ઈ ક્યાં વાત? એ તો બધી વ્યવહારની વાતું છે. એ વ્યવહાર સાથે મને સંબંધ છે એવી શંકા કરનારો મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ છે. સમજાણું કાંઈ? ભાઈએ નાખ્યું જોયુંને. '**कर्मबन्धमोहकरान्**' એમ છેને? '**કર્મબંધ સંબંધી મોહ કરનારા...**' એમ. મને કર્મબંધન છે એવો ભાવ ઉત્પન્ન કરનારા, પર્યાયબુદ્ધિવાળાનું જે મિથ્યાત્વ અને અજ્ઞાન, મને કર્મનો બંધન છે, સંબંધ છે. એ ચીજ પોતે ચૈતન્યમૂર્તિ ભગવાન એને આ રાગ અને કર્મનો સંબંધ એવી શંકા કરનારા ભાવ મિથ્યાત્વાદિ એનો તો અભાવ છે. આનું નામ નિઃશંક કહેવામાં આવે છે. આહા..હા..!

જે વસ્તુ અને વસ્તુની નિઃશંકતા થઈ નથી. હવે એને સ્થિરતા થવી. શેમાં સ્થિરતા કરે ઈ? ચારિત્ર લ્યો... ચારિત્ર લ્યો... મુંબઈમાં બે દીક્ષા થઈ હમણા સ્થાનકવાસી. આહા..હા..! મિથ્યાત્વનું પોષણ છે. કેમકે આત્મા અબદ્ધસ્વરૂપી જ્ઞાયકમયભાવ એવો અનુભવમાં, દૃષ્ટિમાં આવ્યો નથી અને એ બાહ્યનો ત્યાગ કરું છું એવી જે બુદ્ધિ એ તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? '**कर्मबन्धमोहकरान्**' '**કર્મબંધ સંબંધી મોહ કરનારા...**' એટલે? કે ભ્રમ ઉપજાવનારા. કર્મનો મને સંબંધ છે એ ભ્રમ ઉપજાવનારા, ભય કરાવનારા એવા ભાવનો તો અભાવ છે. છેને પાઠમાં પહેલું? '**चारे पायाने छेदे छे,...**' એમ કહ્યું છે. પાઠ એમ છે. '**मिथ्यात्वादि भावोरूप चारे पायाने छेदे छे,...**' એનો અર્થ કર્યો છે કે ચાર ભાવ એવા ભાવનો એને અભાવ છે એમ કહ્યું. સમજાણું કાંઈ? આ તો સજ્ઝાયનો કાળ છે આ બધો. કેવી રીતે શાસ્ત્રની સજ્ઝાય કરવી એમ માનવું. આહા..હા..!

જે ચેતયિતા આત્મા વસ્તુ છે ઈ પોતે એને કર્મના સંબંધ કરનારા જે મોહભાવ, ભ્રમભાવ એનો તો એને અભાવ હોવાથી. એટલે કે એણે છેદ્યા હોવાથી એમ વાત છે. આહા..હા..! છેદ્યા છે એટલે નથી એમ. મોહ જે પરથી મને બંધ છે, પરના બંધવાળો છું. એવો જે મિથ્યાત્વભાવ. આહા..હા..! એને છેદ્યા હોવાથી. ટીકાકાર કહે છે કે એને એ ભાવનો અભાવ હોવાથી. એમ. સમજાણું કાંઈ? છેદે એટલે કે થાય છે એને છેદે. આહા..હા..! એટલે જરી ટીકામાં સ્પષ્ટ કર્યું. અરે..! જેને નજરુંમાં નિધાન આત્મા ભાળ્યો. આહા..હા..! એ નિધાનમાં તો મિથ્યાત્વાદિ ભાવો કર્મના સંબંધવાળો છું એવી શંકા કરનારા એ ભાવ તો છેદાઈ ગયા છે. એટલે એ ભાવનો તો અભાવ છે. કહો, સમજાણું કાંઈ? ભારે ગાથા લીધી!

બંધાયો એવો ભ્રમ ઉપજાવનારા કહ્યા છેને? મોહ ઉપજાવનારા. ચૈતન્ય જ્ઞાયકમયભાવ ભગવાન પૂર્ણાનંદ હું એકરૂપ ચિદાનંદ જ્ઞાયકભાવમય છું એવી દૃષ્ટિવંતને કર્મનો સંબંધ અને

રાગનો સંબંધ એવો જે મોહભ્રમ એને તો એ ઉત્પન્ન થતા નથી. એને છેદે છે અથવા એનો અભાવ છે. ઓહો..હો..! ... અસ્તિ-નાસ્તિનો અમૃત. પહેલી અસ્તિથી વાત કરી. ઓલા બધા કહે વિકલ્પ છોડો. બસ, શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ. વિચાર ન કરો. પણ અસ્તિ શું સત્ત્વ છે એથી પહેલું લીધું. જ્ઞાયકભાવમયપણાને લીધે એની મોજુદગી આ છે. એવી જેને દૃષ્ટિ થઈ, એવો જેને અંતરમાં અનુભવ થયો. અથવા જ્ઞાનની પર્યાય વર્તમાને હું જ્ઞાયકભાવમયપણાનો છું. એવું જ્ઞાનમાં જણાણું એવા ભાવવાળાને બીજા દ્રવ્યથી હું બંધાયેલો છું. એકલો હું બીજાથી બંધાયેલો છું એવો મોહ. એવો જે મિથ્યાત્વભાવ. આ ઘોડી બીજી આવી ગઈ છે ભાઈ! ઓલી ઘોડી હતીને એ ચોરાઈ ગઈ છે. ઓલી નહોતી મોટી ઘોડી? કલકત્તા. વ્યાખ્યાન પૂરું થયું. મૂક્યું હશે ઓલું મોટરમાં ત્રણ. એમાં ડ્રાઈવરની નજર નીચે ગઈ અને અમે નહોતા આવ્યા ત્યાં. આવ્યા ત્યાં કીધું ત્રણે મૂક્યા છે તો બે કેમ રહ્યા? ત્રણ મૂક્યા છે. ઓલો કોક નીકળ્યો હશે તો જોયું હશે તો નજર ત્યાં ઉપાડીને વયો ગયો. ઓલી નહોતી ઘોડી? પાટીયું, આ લાકડા. આ બધા નવા કર્યા. ઓલા લાકડા બે હતાને અને ઓલા પહોળા પ્લાસ્ટિકના અને ત્રણ રૂમાલ હતા એમાં લઈ ગયા. પછી આ નવું લઈ આવ્યા ભાઈ રતનલાલ. નવું લઈ આવ્યા. આહા..હા..! જવા ટાણે જાયને? પણ ઈ જવાનું હોય ત્યારે ઓલાને વિકલ્પ આવ્યો એમ પણ નથી. એમ જવાનું હોય એ કર્તા અને આ વિકલ્પ આવ્યો કર્મ એમ છે નહિ. સમજાણું? અહીંથી ઉપાડી ગયો. પણ નીકળશે લાકડા એમાં. આ રતનલાલજીના .. લાકડાનું. આ જુઓને આ ક્યાના છે આ? ત્યાંના છે કલકત્તાના. પહેલા પ્લાસ્ટિકના હતા ધોળા બે હતા. એક ગયું. એમાં કાંઈ વાંધો નહિ. ઓલું ન કરશો કીધું. એ તો જવાનું હોય એ જાય. મોટી ઘોડી હતીને? આહા..હા..! લસરી જાય. આવી ઘોડી ત્યાં મળે છે વેચાતી. બહુ કહ્યું હતું. ... ... આપણે.. બહુ.

અહીં નિઃશંકની વ્યાખ્યા ચાલે છે. સમ્યગ્દૃષ્ટિ નિઃશંક હોય છે. સમ્યગ્દૃષ્ટિ એટલે ધર્મી. ધર્મી એટલે એક જ્ઞાયકમયભાવ વસ્તુ ચિદાનંદ સ્વરૂપ. એને કારણે, એમાં આવો જે મોહરૂપી ભાવ કે મને કર્મનો બંધ છે. એવા ભાવનો, આવા ભાવને લઈને એનો અભાવ છે. આહા..હા..! એને અહીંયાં નિઃશંક કહીએ કહે છે. સમજાણું કાંઈ? ..માં આવ્યું છેને નિયમસારમાં? મોહ ને રાગ ને દ્વેષની શંકા. આપ્ત શંકારહિત છે. નિયમસારમાં આવ્યું છે. વ્યવહાર સમકિતમાં. શંકા રહિત આપ્ત છે પરમેશ્વર. તો એ શંકાની વ્યાખ્યા શું? મોહ અને રાગ-દ્વેષ. એનો જેને અભાવ તે આપ્ત છે. અહીં સમ્યગ્દૃષ્ટિને શંકાનો અભાવ એમ કીધું અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ આપ્ત છે. સમ્યગ્દૃષ્ટિ એ પણ જઘન્ય આપ્ત છે. સમજાણું કાંઈ? એ શંકારહિત તે આપ્ત પરમેશ્વર. શંકાની વ્યાખ્યા મોહ અને રાગ-દ્વેષ. એનો જેને અભાવ. ઈ વાત અહીં સમકિતમાં નિઃશંકમાં નાખી છે. આહા..હા..! શૈલી પણ રચના તે રચના!

ભગવાન પૂર્ણાનંદનો નાથ જ્યાં જ્ઞાયકમયભાવ. જેને દૃષ્ટિમાં આવ્યો, વિશ્વાસ આવ્યો, અનુભવ થયો, પ્રતીત થઈ, પરથી ભિન્ન પડ્યો. એને ઓલો વ્યવહાર છે તે વેદાય છે એમ પણ નહિ કહે. વ્યવહાર તે રાગ છે. એ રાગનો મને સંબંધ છે. આહા..હા..! જ્ઞાયકભાવમયપણાને રાગનો સંબંધ કેવો? એવા સંબંધનો જેને અભાવ છે. ટીકામાં એમ કહ્યું કે ધર્મી જીવને વસ્તુ દૃષ્ટિમાં પડી છે. વસ્તુ જડી છે. દૃષ્ટિમાં ખોવાઈ ગઈ હતી એ દૃષ્ટિએ જડી. આ જ્ઞાયકમયભાવ એ આત્મા. એમાં તો પર્યાય એ આત્મા એમ પણ લીધું નથી. કારણ કે માનનાર પર્યાય છેને? માનનાર પર્યાય છે અને એ પર્યાય માને છે કે જ્ઞાયકભાવમયપણું એ હું છું. સમજાણું કાંઈ? સમ્યગ્દૃષ્ટિ લીધોને એ તો પર્યાય છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ ઈ પર્યાય છે.

'**ટંકોત્કીર્ણ એવા એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' પર્યાય સમ્યગ્દૃષ્ટિવાળો એમ જાણ્યું કે હું તો ત્રિકાળ શાશ્વત તત્ત્વ છું. આહા..હા..! આવું. ઓલું તો દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, છ કાયની દયા પાળો. અપવાસ કરો તમારે ધર્મ થાશે. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! જ્યાં ચીજ જ નજરમાં આવી નથી અને નિઃશંકતા જે આ કહેવાય છે એ રીતે થઈ નથી. ત્યાં ધર્મ કેવો? અમને ધર્મ સમજાણો છે, પણ હજી અનંત ભવ હશે એમાં અમને શંકા રહે છે. તો એનો અર્થ કે બંધના કરનારા ભાવો એની પાસે છે હજી. ભવ અનંત થશે એવી જેને શંકા છે એને બંધના ભાવો જે બંધનના કરનારા મિથ્યાત્વાદિ ભાવ એ છે. એથી એને શંકા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો એવો જીવ '**કર્મબંધ સંબંધી શંકા કરનારા...**' કર્મબંધ શંકા કર એમ છેને? સંસ્કૃત છે. '**कर्मबन्धशङ्काकार**' '**मिथ्यात्वादिभावाभावातिशङ्क**' સંસ્કૃત એટલું છે. '**कर्मबन्धशङ्काकार**' કર્મના બંધનનો શંકા કરનારા. આહા..હા..! એવો અર્થ છે. આ બધું ઉડાડી દીધું. બંધન નથી મને એમ કહે છે. એય..! આહા..હા..! નિશ્ચયથી હું પોતે અબંધસ્વરૂપ જ જ્ઞાયકભાવપણે હું છું. એને કર્મબંધનના કરનારા શંકા કર. શંકા કરનારા એવો જે મિથ્યાત્વમોહભાવ એને એણે છેદ્યા છે. તેથી એને એનો અભાવ છે. આહા..હા..! જીવ કર્મ વડે ખરેખર બંધાયો છે. આહા..હા..! એવો સંદેહ, શંકા, ભય, ભ્રમણ અનંતકાળનું મારે છે એવો જે ભય અને સંદેહ એવા જે મિથ્યાત્વાદિ ભાવ. આહા..હા..! '**(તેને) અભાવ હોવાથી, નિઃશંક છે...**' જુઓ તો ખરા એ નિઃશંકની વ્યાખ્યા! ત્યાં કરી જે શંકાની વ્યાખ્યા એવી જ અહીંયાં કરી. મોહ અને રાગ-દ્વેષ એ શંકા. શંકાથી રહિત તે ભગવાન આત્મા. અહીં પણ મિથ્યાત્વાદિ શંકા કરનારા ભાવ એનો આમાં અભાવ છે. એને તો એણે છેદી નાખ્યા છે એમ કહે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ચારેય પાયાને.

ઉત્તર :- ચારેય પાયા—મિથ્યાત્વ, અવ્રત, કષાય અને યોગ. મલિનતાની પર્યાયમાં નિર્મળાનંદ જ્ઞાયકપણાને લીધે એનો તો અભાવ કર્યો છે. એથી એને મને બંધન થશે અને પછી ભવ થશે એવી શંકા કરનારા મિથ્યાત્વનો તો એને અભાવ છે. આહા..હા..! આવી નિઃશંકની વ્યાખ્યા છે. આ તો ભગવાનમાં શંકા ન કરવી. દેવ-ગુરુ-શાસ્ત્રની... આ ભગવાનમાં શંકા ન કરવી. જ્ઞાયકભાવપણાને લઈને ભગવાન પોતે બિરાજમાન અબંધસ્વરૂપ એમાં શંકા કરનારા મિથ્યાત્વાદિને છેદી નાખ્યા જેણે. આહા..હા..! ભવ કેવા? ભવનો ભાવ જ જ્યાં નથી આત્મામાં. આહા..હા..! કેટલો એને સ્વભાવ સન્મુખ થવાનો પ્રયત્ન અને પુરુષાર્થ જોઈએ! આહા..હા..!

એ સ્થાનકવાસીનો ... હતો ભાઈ મોઢા આગળ નહિ ઓલો મનસુખભાઈને. જામનગર. મનસુખભાઈ બેઠા છે. અગ્રેસર છે ત્યાંના. એક વ્યાખ્યાન જ્યાં સાંભળ્યું દાદરમાં. ઓહો..! આ! આ તો સમજવા જેવી વાત છે કહે. ... આવ્યા હતા ત્યાં હમણા છેલ્લે. પ્રેમશંકર. ૧૦૧ રૂપિયા મૂક્યા. બૈરા નથી અત્યારે. તો બૈરા હશે ત્યારે અમે બેય જણા આવશું. સોનગઢ આવશું સમજવા માટે. આ સમજવા જેવી વાત છે. આ તો આ જ છે. બીજી વાત નથી. આહા..હા..! સ્થાનકવાસી મનસુખભાઈ કરીને. દશાશ્રીમાળી હશે. મનસુખ. ગૃહસ્થ માણસ. બંગલો છે મકાન.

મુમુક્ષુ :- મનસુખ .. લ્યોને.

ઉત્તર :-

'**નિઃશંક છે તેથી તેને શંકાકૃત બંધ નથી...**' પણ તે ઉદય આવેલાનું કર્મ ખરી જાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ સુદ-૧૪, મંગળવાર, તા. ૧૫-૦૫-૧૯૭૩
ગાથા-૨૨૯ થી ૨૩૧, પ્રવચન-૩૭૮

સમયસાર. ૨૨૯ ગાથા. એનો ભાવાર્થ. ટીકા થઈ ગઈને? સમ્યક્ સત્ય દૃષ્ટિને જ્યાં ચૈતન્ય દ્રવ્ય જ્ઞાયકભાવમય છે. એવી જેની અંતર દૃષ્ટિ થઈ છે એ સમ્યગ્દૃષ્ટિ. હવે એનો .. નહિ લોકોને. પર્યાય છે અને માટે પર્યાયદૃષ્ટિથી મોક્ષ થાય. પર્યાયદૃષ્ટિથી થાય? પર્યાય છે એમ. એણે લીધું જૈનગેજેટમાં. પર્યાયદૃષ્ટિથી એને મોક્ષ થાય. પર્યાય તો પર્યાય છે, પણ દૃષ્ટિથી થાય કે દ્રવ્યદૃષ્ટિથી થાય? આવી ને આવી વાત લોકોને...

અહીં તો એ કહ્યું જુઓને. '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' એ દ્રવ્યદૃષ્ટિ થઈ. એને લઈને નિર્જરા થાય અને એને લઈને મોક્ષ થાય. શું થાય પણ? '**સમ્યગ્દૃષ્ટિને જે કર્મનો ઉદય આવે છે તેનો તે, સ્વામિત્વના અભાવને લીધે,...**' રાગ હોય છે એનું પોતાપણું નથી એમાં. પોતાપણું નથી એટલે કર્તાપણું નથી. જેમાં પોતાપણું જણાય, મનાય એમાં કર્તાપણું હોય. શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવપણાને લીધે કર્મનો ઉદય આવે એને, પણ એનું ધણીપતું નથી, પોતાપણું નથી એમ કહેવું છે. એ પોતાપણે નથી, રાગપણે નથી. એ તો જ્ઞાયકભાવપણાને લીધે કારણ છે. આહા..હા..! ઘણા વાંધા ઉઠાવ્યા છે. એનો ઉદય નિમિત્ત છેને? એમાંથી રાગાદિ થાય. નિમિત્તથી. નિમિત્તનો .. આ ..પણું છેને એને પોતાની અસ્થિરતાનો. પરાધીન પણ છે ઈ પણ સ્વતંત્ર છે. પર એને પરાધીન કરતું નથી. પણ અહીં સ્વભાવનો આશ્રય ઉગ્ર નથી. એટલો એ નિમિત્તને આશ્રયે જાય છે. એ ભાવ સ્વામિત્વ નથી એટલે એ ભાવ પોતાપણે માનતો નથી. ઈ પોતામાં એને ખતવતો નથી. આહા..હા..! આવી વાત છે.

શ્રેણિક રાજા લ્યોને. હીરો ચુસ્યો. દેહ છૂટ્યો. શંકા છે જ નહિ. ક્ષાયિક સમકિત છે. ક્ષાયિક સમકિતી અજ્ઞાની? જયચંદ પંડિતે બહુ ખુલાસો કર્યો છે. કે અહીં તો જ્ઞાની, અજ્ઞાનીની વાત. જ્ઞાની સમકિતી છેને મિથ્યાદૃષ્ટિ.. એમ છે. કેટલા ખુલાસો કર્યો ઘણે ઠેકાણે. મનુષ્યને આ વાત સાંભળતા .. થાય. હાય... હાય... એકાંત થઈ જશે. અરે..! એકાંત પણ સમ્યક્ એકાંત થઈ જશે એ જ વસ્તુ છે. સમ્યક્ એકાંત થતાં જ અનેકાંતનું સાચું જ્ઞાન થાય છે. આવી વસ્તુસ્થિતિ છે.

કહે છે '**માટે ભયપ્રકૃતિનો ઉદય આવતાં...**' એમ. ભય થાય છેને થોડો? ભય આવે

અસ્થિરતાનો ભય થાય. પણ સ્વામીપણે, ધણીપણે, પોતાપણે ઈ છે નહિ. સ્વામીપણું તો દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ છે એમાં સ્વામીપણું છે. આહા..હા..! તો પૈસામાં સ્વામીપણું નથી એમ કહે છે. ચક્રવર્તીનું રાજ હોય તો સ્વામીપણે નથી સમકિતીને. આહા..હા..! પોતાપણે માનતો નથી. પર છે એમ જાણે છે. આહા..હા..! માને છેને? આ તો માનતો નથી. ચક્રવર્તીનું રાજ હોય તોપણ મારું નથી. એ તો પરવસ્તુ છે. મારામાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય શુદ્ધ જે ત્રણે એ હું છું. આહા..હા..! એને '**ભયપ્રકૃતિનો ઉદય આવતાં છતાં...**' શંકા એટલે ત્યાં ભય. નિઃશંક એટલે નિર્ભય એમ.

'**સમ્યગ્દૃષ્ટિ જીવ નિઃશંક રહે છે,...**' લ્યો, એને એમ થતું નથી કે આમાં કાંઈ મારો નાશ થઈ જાય છે. આહા..હા..! નિઃશંક પોતે છે. બંધના ભાવના અભાવને લઈને નિઃશંક છે. ભલે રાગાદિ હોય, ભય આદિ હોય. આહા..હા..! છતાં ધર્મીનું સ્વામીપણું સ્વ દ્રવ્ય, ગુણ અને શુદ્ધ પર્યાય એમાં સ્વામીપણું છે. વિભાવમાં ધણીપતું, પોતાપણું એને હોતું નથી. કેટલું સ્પષ્ટ અને સ્વચ્છ! આહા..હા..! '**નિઃશંક રહે છે, સ્વરૂપથી ચ્યુત થતો નથી.**' જ્ઞાતા-દૃષ્ટાપણાથી ખસી જતો નથી કાંઈ. આહા..હા..! ભય હોય છતાં.

'**તેને શંકાકૃત બંધ થતો નથી,...**' એને શંકા થાય કે હું ભયવાળો છું, રાગવાળો એવી શંકાકૃત એને બંધ છે નહિ. કારણ કે એ વાળો હું નથી. ભય આવે છતાં ભયવાળો હું નથી. આહા..હા..! મારું સ્વરૂપ તો નિર્ભય જ્ઞાનાનંદ ચૈતન્ય ધ્રુવ આત્મા ભગવાન છે. એમાં એને ભય થતો નથી. શંકા થતી નથી. '**કર્મ રસ આપીને ખરી જાય છે.**' લ્યો, રસ આપે એટલે જરી રાગાદિ થાય અને ભય થોડો થાય. પ્લેગનું ગામ હોય અને પચ્ચીસ ઘરના માણસ હોય એને થાય પહેલું કે ચાલો આપણે અહીંથી નીકળી જઈએ. પણ એ તો રાગના રસનું કાર્ય છે. આત્માનું નહિ. આહા..હા..! '**શંકાકૃત બંધ થતો નથી, કર્મ રસ આપીને ખરી જાય છે.**' લ્યો.

ગાથા-૨૩૦

जो दु ण करेदि कंखं कम्मफलेसु तह सव्वधम्मेसु।
सो णिक्कंखो चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२३०।।
यस्तु न करोति कांक्षां कर्मफलेषु तथा सर्वधर्मेषु।
स निष्कांक्षश्चेतयिता सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३०।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायभावमयत्वेन सर्वेष्वपि कर्मफलेषु सर्वेषु वस्तुधर्मेषु च कांक्षाभावातिष्कांक्षः, ततोऽस्य कांक्षाकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છે :-

જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદષ્ટિ જાણવો. ૨૩૦.

ગાથાર્થ :- [यः चेतयिता] જે *ચેતયિતા [कर्मफलेषु] કર્મોનાં ફળો પ્રત્યે [तथा] તથા [सर्वधर्मेषु] સર્વ ધર્મો પ્રત્યે [कांक्षां] કાંક્ષા [न तु करोति] કરતો નથી [सः] તે [निष्कांक्षः सम्यग्दृष्टिः] નિષ્કાંક્ષ સમ્યગ્દષ્ટિ [ज्ञातव्यः] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાંય કર્મ ફળો પ્રત્યે તથા બધા વસ્તુધર્મો પ્રત્યે કાંક્ષાનો (તેને) અભાવ હોવાથી, નિષ્કાંક્ષ (નિર્વાંછક) છે, તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિને સમસ્ત કર્મનાં ફળોની વાંછા નથી; વળી તેને સર્વ ધર્મોની વાંછા નથી, એટલે કે કનકપણું, પાષાણપણું વગેરે તેમ જ નિંદા, પ્રશંસા આદિનાં વચન વગેરે વસ્તુધર્મોની અર્થાત્ પુદ્ગલસ્વભાવોની તેને વાંછા નથી-તેમના પ્રત્યે સમભાવ છે, અથવા તો અન્યમતીઓએ માનેલા અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી વ્યવહારધર્મોની તેને વાંછા નથી - તે ધર્મોનો આદર નથી. આ રીતે સમ્યગ્દષ્ટિ વાંછારહિત હોવાથી તેને વાંછાથી થતો બંધ નથી. વર્તમાન પીડા સહી શકાતી નથી તેથી તેને મટાડવાના ઈલાજની વાંછા સમ્યગ્દષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે, પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી, કર્મનો ઉદય જાણી તેનો જ્ઞાતા જ રહે છે; માટે વાંછાકૃત બંધ તેને નથી.

ગાથા-૨૩૦ ઉપર પ્રવચન

'હવે નિઃકાંક્ષિત ગુણની ગાથા કહે છે :-' બીજો બોલ. પહેલો નિઃશંકનો ઘણું સરસ આપ્યું. નિઃકાંક્ષ.

जो दु ण करेदि कंखं कम्मफलेसु तह सव्वधम्मेसु।
सो णिक्कंखो चेदा सम्मादिट्ठी मुणेदव्वो।।२३०।।

નીચે.

સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમક્તિદષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

આમ જેમ રાગનું સ્વામીપણું નથી. એમ દ્વેષનું સ્વામીપણું નથી. એમ કહે છે અહીં. આહા..હા..! ૨૩૧.

જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદષ્ટિ જાણવો. ૨૩૦.

જેમ રાગનો અંશ આવે એનું સ્વામીપણું નથી. એમ દ્વેષનું કાંક્ષા-પરની ઈચ્છા રાગ. કાંક્ષા પરની ઈચ્છા દ્વેષનું. પરની ઈચ્છાનો એને ભાવ, ઈચ્છા જ નથી એને. ધર્મીને ઈચ્છા જ નથી. આહા..હા..! ઈચ્છા હોવા છતાં ઈચ્છાને પોતાપણે ખતવતો નથી, માનતો નથી, સ્વામી હોતો નથી, ધણી થતો નથી. કહો, .. કહે ૩૦ હજારની ઓલી આવી હતી કાપડ. ખંભાતનો.. ધણી ન થયું કોઈ. જાણ્યું કે આ પકડવા આવ્યો છે. પોલીસ આવેલા. ૩૦ હજારનું કાપડ હોં મુંબઈથી આવ્યું હતું. ધણી પોતે લેવા આવ્યો ત્યાં ઓલા પકડવા આવ્યા. ધણી ન થયો.

મુમુક્ષુ :- ૩૦ લાખનું હતું.

ઉત્તર :- ૩૦ લાખનું. ૩૦ હજાર નહિ. ૩૦ લાખનું હતું કાપડ. ધણી ન થયો. નહિતર દંડાશું. અહીં રાગાદિ થાય એનો ધણી થતો નથી કે હું દોષવાળો છું નહિ. આહા..હા..! જેને પૃથક્ લક્ષણ જાણ્યું એને એકત્વમાં કેમ ખતવે? જેની પ્રકૃતિનો સ્વભાવ જ રાગાદિનો મારા શુદ્ધસ્વભાવથી ભિન્ન જાત છે. એનું પોતાપણે, ધણીપતે, સ્વામીપણે કેમ જાય? જ્ઞાતાપણે રહે એમ કહે છે. સમજાણું કાંઈ?

એની '**ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' બધે ઈ આવ્યું જોયું! મથાળું ઈ. ધર્મી જીવની દષ્ટિ તો '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' જ્ઞાયકભાવ એકલો હું છું એવી દષ્ટિ છે. આહા..હા..! પર્યાય છું એવી દષ્ટિ નથી. દષ્ટિ જે છે કે એક ગુણ રાગભવામાં પણ હું છું. ઈ દષ્ટિ જ પોતે પર્યાય છે. પણ ઈ પર્યાય એમ સ્વીકારે છે. આહા..હા..! મૂળ સમ્યગ્દષ્ટિ છે એ તો પર્યાય છે, અવસ્થા છે, પણ ઈ અવસ્થાની દષ્ટિ દ્રવ્ય ઉપર છે. એ ટંકોત્કીર્ણ-શાશ્વત એમ કહે છે. ટંકોત્કીર્ણ એટલે શાશ્વત. નવું બન્યું છે કે બનાવ્યું છે એમ છે નહિ. એવું ને એવું જ્ઞાયકભાવ ચિદાનંદ. આહા..હા..! ધ્રુવભાવ. જુઓ, આ સમ્યગ્દર્શન પામવાની આ રીત અને સમ્યગ્દષ્ટિ પામેલાની નિર્જરા. સમ્યગ્દષ્ટિ ટંકોત્કીર્ણ. ટાંકણેથી જેમ ખોદી અદ્ભુત નાથ અંદરથી પત્થર કાઢ્યો હોય એવી આ શાશ્વત વસ્તુ. સમ્યગ્દર્શનની પર્યાય દ્વારા જેણે એક જ્ઞાયકભાવપણાને પકડ્યો છે. જેની શ્રદ્ધા જ્ઞાયકભાવપણા ઉપર પ્રસરી ગઈ છે એ પર્યાય કહે છે કે હું. આહા..હા..! '**એક**

જ્ઞાયકભાવમયપણાને લીધે...' આમ કરતા.

'**બધાંય કર્મ ફળો પ્રત્યે...**' બધા કર્મના ફળ પ્રત્યે '**તથા બધા વસ્તુધર્મો પ્રત્યે કાંક્ષાનો (તેને) અભાવ હોવાથી,...**' ઈચ્છા જ નથી એને. આહા..હા..! ઈચ્છા હોવા છતાં ઈચ્છાની ઈચ્છા નથી. '**બધાંય કર્મ ફળો પ્રત્યે તથા બધા વસ્તુધર્મો પ્રત્યે કાંક્ષાનો (તેને) અભાવ હોવાથી,...**' ઈચ્છાનો અભાવ છે. કેમકે ઈચ્છા પોતે જ એનું સ્વામીપણું નથી ઈચ્છાનું. આહા..હા..! ઈચ્છાને પોતાપણે જાણતો નથી. ઈચ્છાને સ્વામીપણે માનતો નથી. આહા..હા..! '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' એમ. '**જ્ઞાયકભાવમય...**' શબ્દ છેને? ઈ અહીં જોર આપ્યું છે. એમ કે અનેકાંત ધર્મનો સમૂહ એમ નહિ, પણ અનેકાંત અનેક ધર્મનો સમૂહમય. ... અભેદપણું કીધું. ઠીક સારું લીધું છે. ... છે. રાતે. ... સાડા આઠમાં... પછી આવશે. પાંચ વાગે આવશે ... હવે. આ હતાને. આહા..હા..!

ધર્મીની દૃષ્ટિ તો ધર્મી એવો જે જ્ઞાયકભાવ વસ્તુ એમાં પ્રસરી છે અને એને સ્વામીપણે સ્વીકારે છે અને હું એનો સ્વામી છું. આહા..હા..! પર્યાય સ્વીકારે છેને? પર્યાય સ્વીકારે છે એટલે કાંઈ પર્યાયદૃષ્ટિ થઈ ગઈ? પર્યાય છે ખરી. પણ થઈ છે એટલે દૃષ્ટિ પર્યાય થઈ ગઈ? આહા..હા..! જ્ઞાનમાં બેય ખ્યાલ છે કે પર્યાય છે, પણ ઈ પર્યાય છે એ જ પોતે પરને પૂર્ણને સ્વીકારે છે. એમાં જ આવી ગઈ વાત. કાર્ય તો દશામાં થાય છેને? ઈ કાર્ય જે છે એ જ ખ્યાલ આવ્યો કે આ પર્યાયને સ્વીકારે છે. પણ આખર એ પર્યાયનું કરતી નથી. આહા..હા..! થોડો ફેર લોકો ફેર છે એ દૃષ્ટિનો વિષય ખ્યાલમાં નથી આવતો. પર્યાય છે. પર્યાય નથી? તો એ પર્યાય છે ઈ પર્યાય આશ્રય કોનો કરે છે? અને પર્યાય કોને સ્વીકારે છે? પર્યાય પર્યાયને સ્વીકારે છે એમ છે. આહા..હા..! પર્યાય પર્યાયને સ્વીકારે છે એ તો દૃષ્ટિ અનાદિની છે. પર્યાય પર્યાયને સ્વીકારે એ દૃષ્ટિ તો અનાદિની મિથ્યાત્વ છે. કારણ કે પર્યાય પર્યાયનો સ્વીકાર છેને? એકલી પર્યાયનો. એ તો અનાદિની દૃષ્ટિ છે. ત્યાં તો એનું ઘોલન છે જ અવસ્થા ઉપર. પણ ઈ અવસ્થા એટલે સમ્યગ્દૃષ્ટિ અવસ્થા એટલે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની અવસ્થા એ એક જ્ઞાયકભાવ શાશ્વત વસ્તુ આમ નિત્ય ધ્રુવ. ધ્રુવ જ્ઞાયકભાવપણાને લીધે એને કોઈ ઈચ્છા, કર્મના ફળની ઈચ્છા છે જ નહિ. પછી આ તીર્થંકરગોત્ર બંધાય અને એનું ફળ આવે, તીર્થંકર થવું, સમવસરણ થવું એ ઈચ્છા ધર્મીને હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને બધા ધર્મો.. સડેલા કૂતરા હોય. .. એને ઓલી નથી. ઈચ્છા જ નથી.

'**નિષ્કાંક્ષ (નિર્વાંછક) છે,...**' બીજા અન્ય ધર્મો અને વસ્તુ ધર્મો એમ. એના પ્રત્યે પણ કાંક્ષાનો અભાવ છે. વીતરાગધર્મ સિવાય જેટલા ધર્મો જગતમાં છે એ બધાની કાંક્ષા એને ઈચ્છા હોતી નથી. આહા..હા..! '**નિષ્કાંક્ષ (નિર્વાંછક) છે,...**' ધર્મી તો ઈચ્છા વિનાનો

છે. '**તેથી તેને...**' આહા..હા..! આવી વાત તો એમકે ધ્યાનમાં પડ્યો હોય અને બેઠો હોયને. પણ ઈ ધ્યાનમાં જ છે સાંભળને મારા. અંતર સ્વરૂપની દૃષ્ટિ થઈ એ અંદરમાં જ છે. એ રાગ આવે છતાં રાગમાં નથી. એવી વાત છે. કારણ કે રાગ ઉપર લક્ષ નથી. પર્યાય ઉપર પણ લક્ષ નથી. પર્યાય ઉપર, રાગ તો વળી પરવસ્તુ થઈ, પણ એની પર્યાય ઉપર પણ લક્ષ નથી. પર્યાય તો આખું દ્રવ્ય જે ત્રિકાળી જ્ઞાયકભાવ એને સ્વીકારે છે. પર્યાય એનો સ્વીકાર કરે છે. એ હું આ. હું પર્યાય છું એમ નહિ, હું આ છું. આહા..હા..!

'**તેથી તેને કાંક્ષાકૃત બંધ નથી...**' કાંક્ષા જ જ્યાં નથી અને હોય તેનો સ્વામી નથી માટે એનું બંધન એને છે નહિ. આહા..હા..! '**પરંતુ...**' કોઈ અસ્થિરતાની આદિ ઈચ્છા આવી જાય એ ખરી જાય છે. નિર્જરા ખાતે છે, છૂટવા ખાતે છે એમ કહે છે. રાગાદિ છૂટવા ખાતે છે. બંધ ખાતે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમયપણાને લીધે. ધ્રુવપણું ન લીધું કેમકે ધ્રુવ તો પરમાણુમાં પણ ધ્રુવ તો છે. પરમાણુ નિત્ય છે. આ તો જ્ઞાયકભાવપણાને લીધે. એમ. જાણકસ્વભાવપણાને લીધે એને પર કર્મના ફળની ઈચ્છા નથી, બીજા બધા ધર્મની ઈચ્છા નથી. ઈચ્છા આવે છે તો ખરી જાય છે. એનાથી બંધ થતો નથી અને હોય તે ખરી જાય છે એમ કહે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને...**' સમ્યગ્દૃષ્ટિ તો પર્યાય છે. પણ ઈ કહે છે કે મોક્ષ પર્યાય છે માટે પર્યાય દૃષ્ટિએ મોક્ષ થાય છે. આહા..હા..! ...થી મોક્ષ થાય. પર્યાયનું લક્ષ હોય છે કે પર્યાય છે, આ .. છે, મોક્ષમાર્ગ છે. એ બધું જ્ઞાનમાં હોય છે. પણ જ્ઞાનમાં ન હોય તો એ પર્યાય એનો આદર કેમ કરે? પર્યાય તો આદર કરે છે ત્રિકાળનો. જો પર્યાય જ ન હોય તો આદર કરનારી વસ્તુ છે જ નહિ. ઈ તો પર્યાય આદર કરે એમાં જ પર્યાય આવી ગઈ. પર્યાયનું અસ્તિત્વ ત્રિકાળ અસ્તિત્વને સ્વીકારે એમાં જ પર્યાય આવી ગઈ. આહા..હા..! ઝીણું ભારે પણ, ભાઈ! આહા..હા..! મુંબઈમાં બહુ સારા પ્રશ્નો થતા. ભાઈ ખરાને. લાલભાઈ. લાલભાઈની છાપ બહુ સારી છે ત્યાં મુંબઈમાં. ...પણ ઈ મુખ્યપણે ઈ હોયને. ... બહુ સારા કરે છે. મુંબઈમાં ન ચાલે એમ નહિ હવે એમ. ઝીણું પણ ત્યાં ચાલે. બીજાઓ પણ અનુકરણ કરીને કાંઈક કહે છે, કાંઈક છે એમ લોકોને થઈ ગયું છે. .. માણસ જોવે તો ઓહો..હો..! પ્રાણભાઈ તો કહે ગાંડુ થયું છે મુંબઈ. .. રાખો .. પ્રાણભાઈ... ચાલી જશે આમ ને આમ. ક્યાંય પડશે નહિ નીચે. એમ બોલતા હતા બિચારા. આહા..હા..! અને હોય અને ન હોય તો એની સાથે શું સંબંધ છે. સત્યને શું છે? કે એના ઝાઝા સાંભળનારા હોય તો એ સત્ છે અને ઓછા સાંભળનારા, સાંભળનારા ન હોય માટે અસત્ થઈ જાય છે એમ છે? આહા..હા..! સમજાણું કાંઈ? સત્ય તો સત્ય જ છે. સત્ય સત્યથી જ પોતાથી છે. આહા..હા..!

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને સમસ્ત કર્મનાં ફળોની વાંછા નથી;...**' સમસ્ત કર્મમાં તીર્થંકર પ્રકૃતિ પણ આવી ગઈ કે નહિ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવની પણ ઇચ્છા નથી, એ ભાવનો એ સ્વામી નથી. એ ભાવ પોતાપણે માનતો નથી. આહા..હા..! ગજબ વાતું કરી છે. '**સમ્યગ્દૃષ્ટિને સમસ્ત કર્મનાં...**' એટલે ૧૪૮. એના '**ફળોની વાંછા નથી;...**' આહા..હા..! કોઈ તીર્થંકર પ્રકૃતિ બંધાણી માટે ફળ સારું આવશે અને એને લઈને હું કેવળજ્ઞાન પામીશ એમ હશે? આહા..હા..! એ તો સ્વના આશ્રયે પામે છે. પર્યાયને આશ્રયે પામતો નથી પર્યાય. આહા..હા..! આવી વાત. '**વળી તેને સર્વ ધર્મોની વાંછા નથી,...**' બે વાત લીધી. સર્વધર્મમાં બે વાત. '**તેને સર્વ ધર્મો...**' એટલે સ્વભાવ જગતનો એટલે કે કનક-સોનું. આહા..હા..! સોનું છે એની ઇચ્છા એને જ્ઞાનીને નથી. ઓહો..! સોનાની નીકળી હોય શું નીચે? ખાણ. ખાણ-ખાણ નીકળી હોય કે પગ નીચે એકકોર. આહા..હા..! એમ વિસ્મયતા આવતી નથી. એની ઇચ્છા જ નથીને. એ તો ધૂળ પરમાણુ છે. આહા..હા..!

'**કનકપણું,...**' ઇચ્છા નથી. '**પાષાણપણું...**' ઇચ્છા નથી. લ્યો, આ કટકા હોયને ઉંચા હીરાના. હીરાના હોય છેને. બબ્બે લાખ, પાંચ-પાંચ લાખના હીરા હોય છે. એની વાંછા નથી. એ તો પરમાણુ છે. એની વાંછા અને એની ભાવના તો ... પરિપૂર્ણતા કરવી એ છે. ભાવના હોય તો સ્વભાવની સન્મુખતાનું ઘુંટણ કરીને પૂર્ણ કરવું એ છે. આ પત્થર. ગમે તેવા હીરા, માણેકને પાંચ-સાત કરોડના કહે છેને કોહીનુર. .. કાંઈક કહ્યું હતું ખરું નહિ? કોકનું નામ હતું. ભાઈએ કીધું હતું સાંજે. ધીરૂભાઈએ કાંઈક કહ્યું સ્ટાર ઈન્ડિયા કે ફલાણું. ઈ આપણે સ્ટાર ઓફ ઈન્ડિયા નામ આવ્યું છે કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનું નામ સ્ટાર ઓફ ઈન્ડિયા લ્યો. ઓલો છેને પાંચ કરોડનો? એ કોહીનુર છે અને રાણીના જે મુગટમાં હતો એનું નામ સ્ટાર ઓફ ઈન્ડિયા કહે છે. એય..! આ તમારું મકાન સ્ટાર ઓફ ઈન્ડિયા. ઈ ભાઈ કહેતા હતા ધીરૂભાઈ હોં. કે આ કુદરતી આવી ગયું આ તો કહે. રાણીના મુગટમાં જે હીરો એનું નામ સ્ટાર ઓફ ઈન્ડિયા. હિન્દુસ્તાનનો ચળકતો તારો. ઈ અહીં હતું. આ ..ભાઈનું મકાન હતુંને ઈ હીરાભાઈનું. એનું મકાનનું નામ ઈ હતું. શું? આ રહેતા સવા ત્રણ વર્ષ. ઈ. અને આ સ્ટાર ઓફ ઈન્ડિયા ઈ. ધીરૂભાઈ કહેતા હતા રસ્તામાં. કુદરતે જુઓ આવી ગયું આપણે. રાણી હતી રાજની. એના મુગટમાં હતો. એનું નામ સ્ટાર ઓફ ઈન્ડિયા. હિંમતભાઈ! અને ઓલા હીરાનું નામ કોહીનુર. પાંચ કરોડનો છેને જુદો? એ બીજો. તેને પત્થરની પણ વગેરે. એવા પત્થર હોય લાખ, કરોડ, અબજો રૂપિયાના. આહા..હા..! મોતી હોય. એની પણ એને વાંછા હોતી નથી.

'**તેમ જ નિંદા, પ્રશંસા...**' કોઈ નિંદા બહુ કરે તો આપણે એકલા રહી શકીએ અને

નિવૃત્તિથી કરીએ. સમજાણું? એ અન્યમતિમાં આવે છે એક સાધુ અમરેલીનો નહિ? ત્યાં ઓલું કર્યું છે. અમરેલીનો નહિ? જીવતા સમાધિ લીધી હતી. એ સાધુએ. સ્ત્રી હતી બિચારી. કાંઈક ઓલું થઈ ગયું, ભૂલ થઈ ગઈ તો મરવા પડી. કૂવામાં જાતી હતી મરવા. એટલે આનું નામ બહુ હતું ઈ. નામ કાંઈક સારું હતું. મુળદાસ. મુળદાસ. એટલે એની આગળ ... એટલે બાઈને કહે, બહેન! તું મારી બહેન છો. લોકો ભલે મને વ્યભિચારી કહે, પણ હું તને સંઘરું છું. ..નિવૃત્તિ મળશે કહે. એવી વાંછા ધર્મીને હોતી નથી. એને લઈને નિવૃત્તિ મળે? નિંદા કરનારા હોય તો પ્રવૃત્તિ ઘટી જાય એમ છે? એમ છે હોં એ લોકોને એ જાતનું. એથી એ નિંદા લીધી છે. કે લોકો બહુ નિંદા કરેને તો આપણને નિવૃત્તિ મળે. આપણી પાસે આવનારા ઓછા થઈ જાય. એ જૂઠી વાત છે. એવી ઈચ્છા ધર્મીને હોતી નથી. એ તો જ્ઞાતા-દ્રષ્ટા છેને એમ કહેવું છેને? આહા..હા..! મુળદાન-મુળદાન? મુળદાસ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઈ. ઈ. મુળદાસ .. ઈ કહેતા કે જીવતા સમાધિ લીધી હતી. બહાર રાખ્યું પછી બોલતા એમ કહેતા હશે. એ બધી અજ્ઞાનીઓની વાતું છે. કે આપણી નિંદા થાય અને આપણને નિવૃત્તિ મળે. એ નિવૃત્તિ એને લઈને મળતી હશે? પોતે રાગથી નિવૃત્તિ લઈને અંદરમાં ઠરે. એ તો પોતાના પુરુષાર્થથી ઠરે છે. બહારની પ્રવૃત્તિ નથી માટે ઠરે છે?

'**પ્રશંસા...**' લ્યો, આબરૂને ઈચ્છતો નથી. મોટી આબરૂ હોય તો ધર્મની પ્રભાવના થાય. ધર્મની પ્રભાવના તો અંદર થાય કે બહાર? '**પ્રશંસા આદિનાં વચન વગેરે વસ્તુધર્મોની...**' આહા..હા..! '**અર્થાત્ પુદ્ગલસ્વભાવોની તેને વાંછા નથી...**' કહો, બધુ આવ્યુંને? પહેલા સર્વ ધર્મો આવ્યા સામાન્ય, પછી આ એક ભાગ પાડ્યો એ બધા પુદ્ગલ સ્વભાવ એની ઈચ્છા નથી. કેમને '**એકાંતપક્ષી વ્યવહારધર્મોની તેને વાંછા નથી...**' લ્યો, બીજું આવ્યું. એ તો ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ થાય ત્યારે જ એને નિશ્ચય સમ્યગ્દર્શન અને વ્યવહાર સમકિત એને વર્તે. એ વ્યવહાર સમકિતમાં ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ છે. પહેલો હોં. વિકલ્પ સહિત જે નિર્ણય કરે છે વસ્તુનો. ત્યારે જ એને ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ હોય છે. કુળધર્મમાં .. આ વીતરાગનો સ્વભાવ જે આત્મા એમાં ઠરવું અને એમાં જવું એમાં કોઈ જાતની અપેક્ષા નથી અને એવો સ્વભાવ બીજે ક્યાંય અન્યમતમાં નથી. એવો તો રાગ મિશ્રિત વિચારમાં ધર્મ પામ્યા પહેલા એને આવો નિર્ણય હોય છે. સમજાણું? ત્યારે ઓલા કહે બધા ધર્મનો સમન્વય એ સમકિત છે. પણ એનો અર્થ શું? એ તો જેમ છે તેમ અંદર અનંત ધર્મો સ્વભાવના છે. એને જાણે છે બસ એટલું. આ પણ સાચું અને આ પણ સાચું એવો સન્મવય છે. એ નાખ્યું છે સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન.

'**તે ધર્મોનો આદર નથી.**' જ્ઞાયકભાવ સ્વભાવ સિવાય જેણે બીજી વાતું કરી છે

ઘણી. એકાંતિક નિત્ય જ છે, એકાંત અનિત્ય જ છે, એકાંત એક જ છે, એકાંત અનેક જ છે, એકાંત સિદ્ધ છે, એકાંત અશુદ્ધ જ છે, એકાંત ભેદ જ છે, એકાંત અભેદ છે. એમ એક પક્ષી કહેનારા એને સર્વપક્ષી સર્વવસ્તુનું જ્યાં અંદર જ્ઞાન છે. એને આવાની વાંછા-ઇચ્છા હોતી નથી. સપને પણ એ વાત હોતી નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ક્યાંક હશે ક્યાંય બીજે ક્યાક હશે. શાહુજીને કહ્યું હતું તે દિ'. શાહુજી .. એ તે દિ' તમને કહ્યું હતું કીધું. અંદરમાં પણ ધ્યાન. ધૂળેય નથી કીધું. ..માં કેવું જ્ઞાન? વસ્તુ કેવી છે એની ખબર નથી અને એને ધ્યાન ક્યાંથી આવ્યું? સાંભળતા હતા હોં બિચારા. પૈસા થઈ ગયા તો તમારી પાસે રહ્યા. અમારે શું એમાં? પૈસાને લઈને દુનિયામાં મોટા કહેવાય એમ અહીં મોટા ક્યાં આવ્યા? આહા..હા..! આ મહારાજ પાસે કેમ રહેવાય કહે. કોઈ ઉપાય છે રહેવાનો. એમ કહેતા બિચારા ખાનગી. રતનલાલજીને. બહારમાં આ વાંધા ઉઠ્યાને પછી .. બધાના વખાણ કરતા હતા. ... આહા..હા..!

બાપુ! આ તો આવો મનુષ્યદેહમાં આ સત્યનું શરણ અને સત્યની વાસ્તવિકતા દૃષ્ટિમાં ન લીધી હજી વ્યવહારે. ક્યાંય એમાં શરણ નથી. ક્યાં જાય ભાઈ! એ શ્વાસના જ્યારે .. ચાલશે. એ પછી અંદરમાં દૃષ્ટિ ન હોય એ આમથી ભટક્યા ભટક કરશે. આહા..હા..! ઓલામાં આવે છે હેમચંદજી.. આવે છે. આ એક વેલો હતો તે સંજીવની ઔષધિ. એક વેલો હતો. એકલું ન જડે તો શું કરવું? બધું ભેગું કરીને ખવડાવો બળદને. આવે છે. સંજીવની કીધું હતું. કે આ વનસ્પતિ સંજીવની વનસ્પતિ છે. આવે છે એય..! ચેતનજી! બધી ખોટી વાત છે. માટે એમ કે બધામાંથી વ્યસ્થિત તોડો. પણ ઓલું ઝેરનું .. મરી જશે એનું શું? એમ ન હોય. સંજીવની ધર્મ છે એ તો પોતાનો સ્વભાવ જાણે એને સંજીવની ધર્મ થાય. પરના ધર્મમાં ક્યાંક હશે થોડું એમાંથી સાચું મળી જશે કોક. ખોટામાં સાચું કેવું? આહા..હા..!

'**અન્યમતીઓએ માનેલા અનેક પ્રકારના સર્વથા એકાંતપક્ષી...**' છે? વ્યવહારધર્મો હોં ઈ બધા વ્યવહાર ધર્મો છે. પુણ્યને ધર્મ માનનારા, પર્યાયદૃષ્ટિએ ધર્મ માનનારા, સંગને કારણે ધર્મ થાય એમ માનનારા. ઈશ્વર કર્તા છે આ જગતનો અથવા મારો. એ બધા ધર્મ માનનારા. સત્‌ના સત્‌પણાની એને ખબર નથી. સત્‌ છે એને કોઈ કરે કોણ અને બનાવે કોણ? એ બધાનો આદર નથી. '**આ રીતે સમ્યગ્દૃષ્ટિ વાંછારહિત હોવાથી...**' આ રીતે. '**તેને વાંછાથી થતો બંધ નથી.**' લ્યો, એને ઇચ્છાથી થતો બંધ નથી. વાંછાનું સ્વામી જ પણું નથી, ધણીપતું નથી. પોતામાં મેળવતો નથી, ખતવતો નથી. એકપણે થતું જ નથી. ઇચ્છા અને સ્વભાવનું એકપણું થતું નથી. ભિન્ન પાડ્યું ત્યાં એકપણું કેમ થાય? ઇચ્છાથી સ્વભાવ ભિન્ન છે એમ ભાન થતાં ધર્મીને ઇચ્છા અને સ્વભાવનું એકપણું કેમ થાય? સમજાણું કાંઈ? આહા..હા..!

'**વર્તમાન પીડા સહી શકાતી નથી...**' બીજી ઇચ્છા હોય સાધારણ રાગની. સાથે આવી જાય ભોગને. આમ તો સંસારસહિત ભોગ.. છેને? સમ્યગ્દૃષ્ટિ .. પરથી તો ઉદાસ છે ... સ્વભાવની અસ્તિ છે અને ..માં નાસ્તિ છે. .. વાંછા છેને? પણ છતાં કહે છે કોઈ અસ્થિરતાનો રાગ આવી જાય અને એની અસ્થિરતાના રાગનું ઘુંટણ ખસતું ન હોય. વારંવાર ઇ જાતનો વિકલ્પ આવ્યા કરતો હોય, એની પીડા સહી શકે નહિ '**તેથી તેને મટાડવાના ઇલાજની વાંછા...**' બહુ સરસ વાત કરી છે. '**તેને મટાડવાના ઇલાજની વાંછા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે,...**' આહા..હા..! રાગ આવ્યો એનો કોઈ રીતે અભાવ થઈ શકતો નથી. વારંવાર એ રાગની વૃત્તિઓ, એ જાતની જે પ્રકારની વૃત્તિઓ ઉઠે એનું સમાધાન કરવા વાંછા એ જાતનો આ લાવવું, આનું આમ કરવું, આનું લેવું.

'**પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી,...**' એ વાંછાનો સ્વામી નથી. એ સ્વામી નથી એનો અર્થ કે એકપણે માનતો નથી. આહા..હા..! સીતાજી જેવા લ્યો, રાવણથી ચળ્યા નહિ. રામચંદ્રજીએ કહ્યું ચાલો .. પટરાણી તરીકે તમને આપું હવે. ... રામચંદ્રજી કહે છે .. સંસાર. આપ જેવા પુરુષોત્તમ પુરુષ પણ જગતને કારણે મને વનમાં મોકલી. આહા..હા..! ઇ જાતનો રાગ હતો. રાજ કરવું છે અને રાજમાં આ જાતની વાત ચાલતી હોય તો કેમ રહી શકાય એમ. રાજ છોડી દેવું હોય તો ઠીક. આણે એમ કીધું તમને પણ ભાન છે સમ્યગ્દર્શનનો અનુભવ છે. છતાં આ દુનિયાની લૌકિક નિંદા દેખીને મને ધર્મી આત્મા તમે જાણો છો, માનો છો છતાં તમારે રાજનું પ્રધાનપણું ઇ જાતનું થઈ ગયું છોડી દીધું કે રાજ.. આહા..હા..! એ સીતા સ્વર્ગમાં ગયા, રામચંદ્રજીની કેવળજ્ઞાનની તૈયારી હતી અહીંયાં. ... ઇ અસ્થિરતાનો રાગ હોય. ગજબ વાત છે. કહો, આપણે એમ કે હવે સાથે રહીએ. સ્વર્ગમાં અને ભોગ ભોગવીએ ઠીક. આહા..હા..! એ ચારિત્ર મોહના નિમિત્તમાં જોડાણ થતાં એવો ભાવ હોય છે. એ ભાવનું સ્વામીપણું, ધણીપતું પોતાપણે માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ ફરી જાય છે. ધર્મીને એવો રાગ હોય પણ હોય એનો અર્થ કે દેખાવ દે છે એમ. આહા..હા..! ભારે વાત એ જાતની. દિશા જ્યાં ફરી ગઈ છે ત્યાં દશામાં રાગનો ભાગ આવે એનો સ્વામી નથી. કહો, ભોગની વાંછા, શરીરની અનુકૂળતા .. ઇચ્છા આવી જાય. લ્યો.

આવે છેને ઓલામાં નહિ? 'ચિન્મૂર્તિ દગધારીકી મોરી લાગે .. અટપટી' 'ચિન્મૂરત દગધારીકી...' ઇ .. હીરાચંદ કલકત્તા. 'ચિન્મૂરત દગધારીકી...' જ્ઞાન જ્ઞાયકભાવસ્વરૂપ એવી દૃષ્ટિના ધરનારને 'એની રીતિ લગત હૈ અટપટી.' અપ્સરાની સાથે ભોગ લે છતાં આસ્રવની ઘટાઘટી. આસ્રવ ઘટતા જાય. વિધિને વશ પડ્યા છતાં એ વિધિવશપણું છૂટતું જાય. એમ

આવે છેને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નાખી છે. હરિભાઈ નથી? શું કીધું? અહીં આવ્યા ત્યારે હતા નહિ કાલે? નહોતા? નથી. ઠીક. ક્યાં? મોરબી?

શું કીધું આ? કે ધર્મીને ઈચ્છા નથી. ભોગની ઈચ્છા નથી, આબરૂની ઈચ્છા નથી, નિંદાની નથી, પ્રશંસા નથી, સડેલા મડદા દેખે તો આવું એવી ઈચ્છા નથી. આહા..હા..! છતાં અસ્થિરતાના મોહને કારણે એવો ભાવ આવી જાય અને એનું સમાધાન કરવા માટે પણ એનો પ્રયોગ હોય, છતાં એનો સ્વામી નથી. રોગી જેમ રોગનો ઉપચાર કરે છે છતાં રોગના ઉપચારનો એ ભાવના નથી ભાવતો કે આ હોય તો ઠીક. આહા..હા..! આને ઓળખવો શી રીતે? એ તો બાહ્યનો ત્યાગ હોય તો ઓળખાય. બાહ્ય ત્યાગ હોય તો ઓળખાય એ વસ્તુ જ ખોટી છે. બાહ્ય ત્યાગ તો .. થઈ ગયો છે. છતાં વસ્તુસ્થિતિ છે એ એમાં હતી નહિ. એ તો અંતરની દૃષ્ટિ અને એના જ્ઞાનથી ઓળખાય. ઈ સિવાય ઓળખાય નહિ. આહા..હા..! બીજાઓ વડે જણાય એવો આત્મા નથી. અલિંગગ્રહણમાં આવે છેને? એકલો અનુમાન કરે એવો આત્મા નથી. આહા..હા..! ગજબ વાત છે. વસ્તુનો સ્વભાવ એ છે. પોતાને જાણતા પછી બીજાને જાણવાનું અનુમાનથી જાણે. ઈ પોતે જ જ્યાં જણાણો નથી ત્યાં પરને જાણવાનું હોય ક્યાંથી? એમ કહે છે.

'આ રીતે સમ્યગ્દૃષ્ટિ વાંછારહિત હોવાથી તેને વાંછાથી થતો બંધ નથી. વર્તમાન પીડા સહી શકાતી નથી...' એટલે કે એ જાતનો વિકલ્પ ખટકતો હોય અંદર, હેય બુદ્ધિએ વર્તતો હોય, છતાં એના રાગનું સમાધાન થતું ન હોય. પરિણમેલા દેખે. ભાષા તો એવી છે કે નહિ? **'તેથી તેને મટાડવાના ઈલાજની વાંછા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે,...'** લ્યો, એ મટાડવાના ઈલાજ. **'વાંછા સમ્યગ્દૃષ્ટિને ચારિત્રમોહના ઉદયને લીધે હોય છે, પરંતુ તે વાંછાનો કર્તા પોતે થતો નથી,...'** લે! વળી પીડા સહી શકાતી નથી, વાંછાથી... એને મટાડવાના ઈલાજની વાંછા હોય છતાં એની ઈચ્છાનો કર્તા નથી. એ રાગનો સ્વામી નથી. આહા..હા..! ઈલાજ કરવાનો પણ જે વિકલ્પ છે એનો પણ પોતાપણે છે નહિ, પરપણે છે એને જાણે છે એમ કહ્યું. આહા..હા..! વીતરાગ ક્યાં થઈ ગયો? અસ્થિરતાનો ભાવ હોય છે. છતાં ખરેખર તો નિર્જરી જાય છે એમ કહે છે.

તે વાંછાનો સ્વામી નથી અથવા પોતાપણે એકત્વ કરતો નથી. **'કર્મનો ઉદય જાણી તેનો જ્ઞાતા જ રહે છે;...'** લ્યો આ જાણનાર-દેખનારપણે રહે છે એમ કહે છે. બીજો પણ રાગમાં ભળેલો કહે કે હું જાણનાર-દેખનાર રહું છું. ... આવે. અમે જાણનાર-દેખનાર રહીએ. ... કહેવાનું કારણ છે. તને કાંઈક શંકા પડે છે. આહા..હા..! જાણનાર-દેખનાર રહે

છે એની જેને શંકા નથી. એવા રાગને ઈ વાંછતો નથી. ઈલાજ કરવાનો ભાવ હોય છતાં એ ભાવનો સ્વામી નથી.

'**કર્મનો ઉદય જાણી તેનો જ્ઞાતા જ રહે છે; માટે વાંછાકૃત બંધ તેને નથી.**' કેટલું સરસ લખ્યું છે! દૃષ્ટિ અને અસ્થિરતા બેની વચ્ચે વહેંચણી કરી છે. દૃષ્ટિ આમ સ્વીકારે અને એને લઈને ઇચ્છા બિલકુલ ન હોય છતાં કહે છે કે એ ઇચ્છા એ જાતની ન હોય. પોતામાં એકત્વ કરે એવી ઇચ્છા ન હોય, પણ ભિન્નપણે રહે એવી ઇચ્છા હોય છે. એને જાણે. જ્ઞાતા રહે છે. '**માટે વાંછાકૃત બંધ તેને નથી.**' લ્યો, આહા..હા..! કેટલી સરસ વાત કરી છે!

ગાથા-૨૩૧

जो ण करेदि दुगुंछं चेदा सव्वेसिमेव धम्माणं।
सो खलु णिव्विदिगिच्छो सम्मादिट्ठी मुणेदव्वो।।२३१।।
यो न करोति जुगुप्सां चेतयिता सर्वेषामेव धर्माणाम्।
स खलु निर्विचिकित्सः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३१।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सर्वेष्वपि वस्तुधर्मेषु जुगुप्सा-भावन्निविर्चिकित्सः, ततोऽस्य विचिकित्साकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છે :-

સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

ગાથાર્થ :- [यः चेतयिता] જે ચેતયિતા [सर्वेषाम् एव] બધાય [धर्माणाम्] ધર્મો (વસ્તુના સ્વભાવો) પ્રત્યે [जुगुप्सां] જુગુપ્સા (ગ્લાનિ) [न करोति] કરતો નથી [सः] તે [खलु] નિશ્ચયથી [निर्विचिकित्साः] નિર્વિચિકિત્સ (-વિચિકિત્સાદોષ રહિત) [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [ज्ञातव्यः] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાય વસ્તુધર્મો પ્રત્યે જુગુપ્સાનો (તેને) અભાવ હોવાથી, નિર્વિચિકિત્સ (-જુગુપ્સા રહિત) છે, તેથી તેને વિચિકિત્સાકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે (અર્થાત્ ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ આદિ ભાવો પ્રત્યે તથા વિષ્ટા આદિ મલિન દ્રવ્યો પ્રત્યે) જુગુપ્સા કરતો નથી. જુગુપ્સા નામની કર્મપ્રકૃતિનો ઉદય આવે છે તોપણ પોતે તેનો કર્તા થતો નથી તેથી જુગુપ્સાકૃત બંધ તેને થતો નથી, પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જાય છે તેથી નિર્જરા જ થાય છે.

ગાથા-૨૩૧ ઉપર પ્રવચન

'**હવે નિર્વિચિકિત્સા ગુણની ગાથા કહે છે :-**' ૩૧-૩૧ નહિ? હવે ઈ આવ્યું. પહેલું સામાન્ય હતું. નિઃશંકતા, વીતરાગતા. પછી આ રાગની વાંછા નથી, પછી દ્વેષની.

जो ण करेदि दुगुंछं चेदा सव्वेसिमेव धम्माणं।
सो खलु णिव्विदिगिच्छो सम्मादिट्ठी मुणेदव्वो।।२३१।।
સૌ કોઈ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૧.

એની '**ટીકા :- કારણ કે...**' એ ટીકાની. બધામાં એક જ શબ્દ છે. કારણ બંધ નથી એનું કારણ શું? એમ કહે છે. ધર્મીને નિર્જરા છે અને બંધ નથી. બંધ નથી એટલે નિર્જરા છે અને નિર્જરા છે એટલે બંધ નથી. અસ્તિ-નાસ્તિથી વાત કરી. પણ એનું કારણ શું? એમ કહે છે. '**કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ધર્મી તો એક જ્ઞાયકભાવપણામાં છે. આહા..હા..! એમ પર્યાય જાણે છે. પર્યાય જાણે કે હું પર્યાયમાં છું એમ નહિ અહીં કહે છે. '**બધાય વસ્તુધર્મો પ્રત્યે...**' ઓલામાં પણ આવ્યું હતું '**બધા વસ્તુધર્મો પ્રત્યે કાંક્ષાનો...**' અહીં '**બધાય વસ્તુધર્મો પ્રત્યે જુગુપ્સા...**' દુગંછા. દુગંછા-અણગમો-દ્વેષ હોતો જ નથી. આહા..હા..! સડેલા કૂતરા દેખે કે સડેલા મડદા દેખે છતાં ત્યાં જુગુપ્સા નથી અંદર. અસ્થિરતાને કારણે આવી જાય તો સ્વામી નથી. જુગુપ્સા એનામાં છે જ નહિ એમ કહે છે. આહા..હા..! દુગંછા. દુગંછાનો અભાવ હોવાથી.

'**નિર્વિચિકિત્સ (-જુગુપ્સા રહિત)...**' ચિકિત્સા રહિત, દુગંછા રહિત. દુગંછા નથી

એને સમજાણું? બાયુ-બાયુ વઢતી હોયને પછી એવું બોલે? લ્યો કુકડા વિના વેણુ નહિ વરતું હોય. સવારમાં કુકડો બોલેને.

મુમુક્ષુ :- તારા વિના નહિ ચાલે

ઉત્તર :- કુકડા વિના સવાર નહિ. કુકડો હશે તો સવાર થાશે. .. અનુકૂળ છે એમ થાયને? એવું બાયું બોલે. ભાન નથી કે આ શું બોલે છે? આહા..હા..! અહીંયાં અંદર વૃત્તિ એવી આવે દુગંછાની, પણ એનો સ્વામી નથી. એના વિના હું રહી શકું છું. આહા..હા..! દ્વેષનો અંશ આવે. નિમિત્તના સંગે પડ્યો છે એટલે. સર્વથા સંગ છૂટ્યો હોય નિમિત્તનો પણ પૂર્ણ આશ્રય થઈને કેવળજ્ઞાન થાય. સર્વથા નિમિત્તનો સંગ છૂટ્યો હોય તો સર્વથા .. કેવળજ્ઞાન પામીને મોક્ષ જાય, મોક્ષ થાય. .. મોક્ષ થાય. કોક કહે વળી ત્યાં ઉપર જઈએ તો મોક્ષ થશે. ઉંચી સર્વજ્ઞની પર્યાય પ્રગટે એ મોક્ષ જાય, મોક્ષ થાય. આહા..હા..! તેને જુગુપ્સારહિત છે.

'**તેથી તેને...**' આ કારણે '**વિચિકિત્સાકૃત બંધ નથી...**' દુગંછાકૃત બંધ નથી, દ્વેષનો અંશ જ નથી એને કહે છે એ જાતનો. આહા..હા..! શીરો ખાવા થાળીમાં બેઠો હોય અને છોકરાને બેસાડ્યો હોય જરી. ઉભો થઈને થાળીમાં હંગે. ઈ કહે છે કે એ છોકરા પ્રત્યે રાગ નથી અને આવું થયું તો એને દ્વેષ જ નથી એમ કહે છે. કેમકે સ્વરૂપ જે ચૈતન્યમયપણાને લીધે ધર્મીને તો જાણવા-દેખવાની પર્યાયનું ઉત્પન્ન થવું હોય છે. આવા દુગંછાનો ભાવ કાંક્ષાનો ભાવ એને હોતો નથી. વસ્તુસ્થિતિ એમ નથી. વસ્તુની સ્થિતિ જ આવી છે. જરી હોયને? તો હોય. દેખાવ આપીને ખરી જાય છે. મુનિનો દેખાવ કરે જુઓ આ છે.

'**પરંતુ નિર્જરા જ છે.**' '**વિચિકિત્સાકૃત...**' ચિકિત્સા એટલે દુગંછા અહીં તો. એ દુગંછા જ એને નથી. આખી દુનિયા ગમે તે રીતે હોય. પાપીમાં પાપી પ્રાણી આકરો હોય પાપ કરવામાં. એના પ્રત્યે દુગંછા નથી, દ્વેષ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલો કહે છેને કે ભાઈ! ... નહિ. ... કરે. ... નાખે એમ નથી. એમ હોય નહિ. આવો તીવ્ર રાગ-દ્વેષ ક્યાંથી આવ્યો? દુનિયા છે. અનેક પ્રકાર હોય... કહે છે એને દુગંછાનો અભાવ હોવાથી દુગંછા બંધ નથી. '**પરંતુ નિર્જરા જ છે.**' પરંતુ તો આવ્યું આમાં પણ. આમ નથી પણ આમ છે માટે પરંતુ એમ. ત્યાં તો એકલો આવીને ખરી જાય છે. .. એના અંશમાં નથી. છૂટી જાય છે. આહા..હા..!

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ વસ્તુના ધર્મો પ્રત્યે (અર્થાત્ ક્ષુધા,...**' શરીરમાં ક્ષુધા લાગે. જઠરાગ્નિ. એવી ક્ષુધા લાગે કે આમ. છતાં એના પ્રત્યે દુગંછા નથી. આહા..હા..! આ પેટ પડ્યું છે. રોટલા માટે આ મહેનત કરવી પડે છે. કહે છેને એમ માણસ? પેટ અધવચ્ચે પડ્યું એમ. ઉપર નહિ, નીચે નહિ અહીં અધવચ્ચે. પેટ પડ્યું છે તો શું છે? એનો અર્થ

એમ કે ખાડો પૂરવા માટે કાંઈક કરવું જ પડે. એ વાત ખોટી છે. કરવું પડે એ કર્તાપણું અહીં નથી. આહા..હા..! અસ્થિરતાનો રાગ આવી જાય. એકપણે માનતો નથી અને સ્વામીપણે છે. સ્વભાવને આની સાથે એકપણે માનતો નથી એટલે સ્વામીપણું નથી. એની નિર્જરા થઈ જાય છે. '**क्षुधा,...**' એવી ક્ષુધા લાગે. પેટમાં આમ કુરકુરિયા બોલે જાણે.

'**तृषा,...**' એવી તૃષા લાગે. પ્રાણ છૂટી જાય. પણ એની ઇચ્છા નથી અથવા દ્વેષ નથી. એ તો દુગંછા નથી. બહુ તૃષા લાગી માટે અણગમો થયો. એમ નથી. ... આહા..હા..! છતાં સહેજ અંશ આવી જાય તેનો સ્વામી અને ધણી નથી. આહા..હા..! તેથી ખરી જાય છે. બંધન થાતું નથી. '**शीत,...**' લ્યો બહુ ટાઢ પડે તો આમ અણગમો થઈ જાય. બહુ ટાઢ. હીમ પડ્યું આ તો કહે. આહા..હા..! એમ ગરમી. ૧૧૮-૧૮ ડિગ્રી, ૨૦-૨૦ ડિગ્રી. ઈ ડિગ્રી ક્યાં હતી પહેલી? ..ની હતી. લૂ વાય. લૂમાં .. થાય. પણ ધર્મીને એના પ્રત્યે અણગમો નથી. ઈ તો જાણે છે કે આ છે. જગતના પદાર્થની વ્યવસ્થા તે કાળે તેને થાય. એમાં કાંઈ મને નુકસાન થતું નથી.

'**आदि भावो प्रत्ये तथा विष्टा आदि मलिन द्रव्यो प्रत्ये)...**' લ્યો, વિષ્ટા આદિ એના ઉપર દુગંછા છે નહિ, દ્વેષ નથી એના પ્રત્યે એમ કહેવું. જ્ઞાતા-દ્રષ્ટા છેને? એથી .. ઓલો દ્વેષનો અંશ આવેને? પણ અંશ આવે એ ખરી જાય છે સાંભળને. નિશ્ચયથી તેને આવ્યો નથી. આવી છે નિર્જરા. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૩૨

जो हवदि असम्मूढो चेदा सद्दिट्ठि सव्वभावेसु।
सो खलु अमूढदिट्ठी सम्मादिट्ठी मुणेदव्वो।।२३२।।
यो भवति असम्मूढः चेतयिता सद्दृष्टिः सर्वभावेषु।
स खलु अमूढद्दष्टिः सम्यग्द्दष्टिर्ज्ञातव्यः।।२३२।।

यतो हि सम्यग्द्दष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सर्वेष्वपि भावेषु

मोहाभावादमूढदृष्टिः, ततोऽस्य मूढदृष्टिकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

હવે અમૂઢદૃષ્ટિ અંગની ગાથા કહે છે :-

સંમૂઢ નહિ જે સર્વ ભાવે, - સત્ય દૃષ્ટિ ધારતો,
તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.

ગાથાર્થ :- [यः चेतयिता] જે ચેતયિતા [सर्वभावेषु] સર્વ ભાવોમાં [असम्मूढः] અમૂઢ છે- [सद्दृष्टिः] યથાર્થ દૃષ્ટિવાળો [भवति] છે, [सः] તે [खलु] ખરેખર [अमूढदृष्टिः] અમૂઢદૃષ્ટિ [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [ज्ञातव्यः] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે બધાય ભાવોમાં મોહનો (તેને) અભાવ હોવાથી, અમૂઢદૃષ્ટિ છે, તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે; તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ પર અયથાર્થ દૃષ્ટિ પડતી નથી. ચારિત્રમોહના ઉદયથી ઈષ્ટાનિષ્ટ ભાવો ઊપજે તોપણ તેને ઉદયનું બળવાનપણું જામીને તે ભાવોનો પોતે કર્તા થતો નથી તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ થતો નથી પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી નિર્જરા જ થાય છે.

વૈશાખ સુદ-૧૫, બુધવાર, તા. ૧૬-૦૫-૧૯૭૩
ગાથા-૨૩૨-૨૩૩, પ્રવચન-૩૭૯

ચોથો બોલ છે .. ધર્મીને પહેલું એ જ કરવાનું હોય છે. રાગ-દ્વેષાદિ પુણ્ય-પાપના ભાવ ... પર્યાયબુદ્ધિ છોડી અને વસ્તુની દૃષ્ટિ એ કરવાનું હોય છે. એને એક અનુભૂતિ કરવી એ ધર્મની ચીજ છે ખરેખર.

મુમુક્ષુ :- એમાં શાસ્ત્રનું શું કામ?

ઉત્તર :- શાસ્ત્રનું કાંઈ કામ નથી. શાસ્ત્રે આમ કહ્યું છે એમ કહે છે. શાસ્ત્રે એમ કહ્યું છે કે એને અનુભૂતિ કરવું એ કર્તવ્ય છે. ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. એવી વાત છે. બીજી બધી પળોજણ મૂકીને આત્મા આનંદસ્વરૂપ છે એને વિષયનો રસ ઘટી જાય છે,

કષાયનો રસ ઘટી જાય છે અને આત્માના રસનો સ્વાદની અનુભૂતિ થવી એ જ પહેલું એને ધર્મનું આચરણ છે. ન થાય તો એની શ્રદ્ધામાં એમ આવવું જોઈએ કે અનુભૂતિ થાય એ જ ધર્મ છે.

મુમુક્ષુ :- ધર્મ થયોને?

ઉત્તર :- એ ધર્મ થયો નથી. શ્રદ્ધામાં એમ માને. એય..! ચેતનજી! માને એટલે ધર્મ થયોને એમ કહે છે. એને અનાદિનો રાગ-દ્વેષનો અનુભવ છે, વિકારનો અનુભવ છે, વેદન છે. એ જ મિથ્યાત્વ છે અને એ જ સંસાર છે. ચાહે તો એ મહાવ્રત પાળે કે સાધુના અઠ્ઠાવીશ મૂળગુણ જેને કહેવાય વિકલ્પ. પણ એ બધું વિકારનું વેદન છે. એ કાંઈ નવી ચીજ, ભવનો અભાવ થવાને માટે તો આ એક જ ઉપાય છે. કે જેમાં ભવ અને ભવનો ભાવ જેમાં નથી. એવી વસ્તુ ઉપર દૃષ્ટિ ભરતા દૃષ્ટિમાં આખું ચૈતન્ય સત્ત્વમાં પ્રતીત થતાં એને અંતર અનુભવ થતાં, સ્વરૂપમાં સ્થિરતાનો અંશ પણ આવતા. દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવે છે. એવા સમકિતીને એવા આચરણ હોય છે અંદર. એની વાત ચાલે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં શ્રદ્ધાનું શું?

ઉત્તર :- સમકિત દૃષ્ટિ મુનિની વાત ચાલે છે. સમકિત દૃષ્ટિના ગુણો છે આ બધા. સંવેગ, નિર્વેગ એવા આઠેય બોલ આવે છે. પણ આ તો મુખ્ય છે. ચિહ્નો કહો, લક્ષણ કહો, ગુણ કહો, એની નિર્મળતાના વિકાસમાં આવી ચીજ હોય છે. બીજું જ્ઞાન થોડું હોય, વધતું હોય એવું ... ચારિત્ર જેને કહીએ સંયમ એ પણ ન હોય કદાચ. પણ વસ્તુની દૃષ્ટિ થતાં એને અમુક દૃષ્ટિ પ્રગટે છે. એ આ ચોથો બોલ છે. પહેલામાં તો એમ કહ્યું નિઃશંકતા. બંધ ખરેખર મને છે એવા જે મિથ્યાત્વભાવ, એ મિથ્યાત્વની શંકા કરનારા એ ભાવનો અભાવ છે. પછી નિઃકાંક્ષ. રાગ નથી, કોઈ પણ ધર્મ પ્રત્યેની ઈચ્છા જ નથી. કેમકે વીતરાગી સ્વરૂપ આત્મા એને ઈચ્છા કોની હોય? તેમ કોઈ પ્રત્યે દુગંછા-દ્વેષ નથી. આ ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે આ. સમજાણું કાંઈ? લોકોને જ્યાં ત્યાં આવું આવે ને ત્યારે એમ કહે સંયમીને હોય. સંયમીને હોય. સંયમ એટલે આ બાહ્ય ત્યાગ કર્યો હોય એને બધું. એની .. બાહ્ય ત્યાગ તો અનંતવાર કર્યો.

મુમુક્ષુ :- ઈ ત્યાગ જ ક્યાં છે?

ઉત્તર :- પણ એને એમ લાગે કે... આહા..હા..! અરે..! એને જન્મ-મરણ ગાંઠ ગળી ન હોય એને બીજા પ્રવર્તન લાખ, કરોડ હોય. એમાં શું? ઈ તો આવી ગયું ... કાંઈ કરી ... એથી શું? એથી શું એટલે? કે આત્મા આનંદસ્વરૂપ છે, અબદ્ધ છે, શુદ્ધ છે, એકરૂપ છે, અભેદ છે. એવા વિકલ્પમાં આવ્યો. બધું છોડીને અહીં આવ્યો. તોપણ શું કહે છે. જેમાં

ગાંઠ મિથ્યાત્વની ગળે નહિ અને ભવના અભાવની ચીજનો અનુભવ ન થાય એથી શું કહે છે? આહા..હા..!

ઈ કહે છે. અમૂઢદષ્ટિ... આહા..હા..! સમ્યગ્દર્શન જ્યાં અનુભૂતિ થઈને તેને અમૂઢદષ્ટિપણું સાથે હોય છે. દુનિયાના ગમે તે પ્રકારના ધર્મો કે ગમે તે પ્રકારની પૂજાવાળા માણસો દેખાય. લાખો, કરોડો માણસો .. એમાં એને એમ ન થાય કે મારું આમાં કાંઈક હશે? એવી દષ્ટિનો જેને અભાવ છે. અમૂઢદષ્ટિ છે. એ ચોથી ગાથા છે. ૨૩૨મી.

जो हवदि असम्मूढो चेदा सद्दिट्ठि सव्वभावेसु।
सो खलु अमूढदिट्ठी सम्मादिट्ठी मुणेदव्वो।।२३२।।
સંમૂઢ નહિ જે સર્વ ભાવે, - સત્ય દષ્ટિ ધારતો,
તે મૂઢદષ્ટિરહિત સમકિતદષ્ટિ નિશ્ચય જાણવો. ૨૩૨.

'**ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ,...**' છે એમ કેમ? કારણ કે સત્યદષ્ટિ પ્રગટી છે એથી '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ટંકોત્કીર્ણ નામ શાશ્વત નિત્ય ધ્રુવ એક જ્ઞાયકભાવમયપણાને લીધે. આહા..હા..! '**બધાય ભાવોમાં મોહનો (તેને) અભાવ હોવાથી,...**' કોઈપણ ચીજને જોઈને-દેખીને એને એમ નહિ થાય મારું આ કેમ હશે? બધાય ભાવોમાં જેને મૂંઝવણ નથી, અમૂઢપણું છે. સમજાણું કાંઈ? બધાય ભાવો એટલે આત્માના સ્વભાવભાવ જ્ઞાયકભાવમયપણાને કારણે. એવી જે દષ્ટિ અને અનુભૂતિ છે માટે '**બધાય ભાવોમાં મોહનો (તેને) અભાવ હોવાથી,...**' ખુલાસો કરશે ભાવાર્થમાં. '**અમૂઢદષ્ટિ છે,...**' આત્માના જ્ઞાયકભાવમયપણાને કારણે. આ જાણનારો-દેખનારો આનંદવાળું સ્વરૂપ તે હું છું એવું જ્યાં જાણવામાં આવ્યું છે. એને એ સિવાય બીજા કોઈ ભાવમાં મૂંઝવણ આવતી નથી.

મુમુક્ષુ :- મૂંઝવણ ન આવી અને ..

ઉત્તર :- મૂંઝવણ નથી આવી એમાં .. છે. મૂંઝવણ નથી આવી. વસ્તુમાં નથી આવી. એ તો દેહને છૂટવાનો વિકલ્પ એટલો આવ્યો અસ્થિરતાનો. કહેશે હમણા.

'**ચારિત્રમોહના ઉદયથી ઈષ્ટાનિષ્ટ ભાવો ઊપજે તોપણ તેને ઉદયનું બળવાનપણું જામીને તે ભાવોનો પોતે કર્તા થતો નથી...**' એવી વાત છે. આહા..હા..! રામચંદ્રજી જેવા લ્યોને. આહા..હા..! સીતા... સીતા... સીતા... એ તો ચારિત્રમોહનો ઉદયનો વિકલ્પ છે. એના અંતરમાં એની એકતા નથી. એકતા નથી એટલે એને મૂંઝવણ જ નથી. આહા..હા..! એ ભાવ મારો જ નથીને પછી પ્રશ્ન ક્યાં? દષ્ટિ એનો વિષય અને દષ્ટિ મહા ચમત્કારી વસ્તુ છે. એવો જે પરમાત્મા પોતાનો સ્વભાવ ધ્રુવપણે, નિત્યપણે, જ્ઞાયકપણે છે એમ અનુભવ્યું. એને શું બાકી રહ્યું હવે. સ્થિરતા થોડી ભલે ઓછી હોય. આહા..હા..! '**તેથી તેને મૂઢદષ્ટિકૃત...**'

મૂંઝવણ નથી તેથી મૂંઝવણકૃત '**બંધ નથી પરંતુ...**' તે જાતનો ઉદય આવીને અસ્થિરતા કોઈ આવે ખરી જાય છે. નિર્જરે છે. નિર્જરા જ છે. આહા..હા..!

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે;...**' જોયું? સર્વ પદાર્થના સ્વરપને યથાર્થ જાણે છે. પંચાધ્યાયમાં આવે છે. થોડોપણ ફેર પદાર્થની વિપરીતતાનો અંશ એને જ્ઞાનીને હોતો જ નથી. ક્યાંય મુંઝાતો જ નથી એમ આવે છે. પણ આ અમૂઢદૃષ્ટિના ઓલામાં છે. સમ્યગ્દૃષ્ટિ વસ્તુસ્વરૂપે પૂર્ણાનંદ પ્રભુ એની જ્યાં અનુભૂતિ થઈને દૃષ્ટિ પ્રગટી છે. એને '**સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે; તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી...**' રાગ-દ્વેષ-મોહ છે જ નહિ. અનુકૂળ માટે રાગ થાય અને પ્રતિકૂળતા માટે દ્વેષ થાય એવું એને છે જ નહિ. ચીજ અનુકૂળ છે માટે પ્રીતિ એ તો મિથ્યાદૃષ્ટિની હોય છે. પ્રતિકુળ છે માટે અપ્રીતિ એ મિથ્યાદૃષ્ટિને હોય છે.

મુમુક્ષુ :- પ્રતિકૂળ તો હોયને? એમને પ્રતિકૂળ સંયોગ તો હોયને?

ઉત્તર :- પ્રતિકૂળ સંયોગો હોય અને એને .. બુદ્ધિપણ હો, પણ ઈ સંયોગને લઈને .. બુદ્ધિ નથી આવી. આહા..હા..! એવી વાત છે. એ તો જ્ઞેય છે. અસ્થિરતાને લઈને ભાવ એવો હોય.

રાગ-દ્વેષ-મોહનો અભાવ જ છે. આહા..હા..! વસ્તુ અને વસ્તુની દૃષ્ટિ થઈ એમાં રાગ-દ્વેષ-મોહ છે જ ક્યાં? પર્યાયમાં રાગ-દ્વેષ-મોહ નથી એમ કહે છે અહીં તો. આહા..હા..! વસ્તુ અને વસ્તુનો સ્વભાવ એવી જ્યાં દૃષ્ટિ થઈ. વસ્તુ અને વસ્તુના સ્વભાવમાં તો રાગ-દ્વેષ-મોહ છે જ નહિ. તો એની જે અનુભૂતિ થઈ દૃષ્ટિ એમાં પણ રાગ-દ્વેષ-મોહ છે નહિ. છે એ પૃથક્ રહી ગયા. મોહ નથી. રાગ-દ્વેષ રહ્યા થોડા.

'**તેની કોઈ પદાર્થ પર અયથાર્થ દૃષ્ટિ પડતી નથી.**' કોઈપણ પદાર્થને દેખીને વિપરીતતા એને ઉપજતી નથી. આહા..હા..! દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય અને એની શું કિંમત છે? એ લોકોને ખબર નથી. બહારથી આ બધા બાહ્ય ત્યાગ, પ્રરૂપણા કરતા ભાષા આવે. ૫૦-૫૦ હજાર માણસ ભેગા થાય. બહુ લાગુ પડે. ઓહો..હો..! એની સાથે શું સંબંધ છે? આમાં આવ્યું છે આ શું કહેવાય? વીરવાણી. ચાર જણાના નાખ્યા છે અત્યારે. ક્યાંક છે. એણે લખાણ કર્યા છે બધા ચાર. લ્યો ઈ નીકળ્યું હોં. ... ... જૈન આગ્રા છે. એમ કે ... 'જૈનોંમેં વિભુતિયોંકી ભી કમી નહીં હૈ.' વિભુતિઓ છે અત્યારે. 'આ .. શ્રી વિદ્યાનંદજી, ઉપાધ્યાય અમરચંદજી, શ્રી કાનજીસ્વામી ઔર આચાર્ય તુલસી જૈસે પ્રકાંડ વિદ્વાન.' ઠીક .. નાખ્યા. ક્યાંય મેળ છે? 'પ્રકાંડ વિદ્વાન અદ્ભૂત ઉપદેશ, ચિંતક, સાધક, રાષ્ટ્ર સંત છે.' રાષ્ટ્ર સંત. ... એમ. થોડું બીજું નાખ્યું છે આ. એ શું? 'યહ નિરંતર સબ યાત્રાયેં કરકે' એમ સમુચ્ચય નાખી દીધું છે. .. માણસકો સુખ ઔર શાંતિકા માર્ગ દિખાતે હૈં. જિનકી અમૃતવાણી

સંપ્રદાય દીવારોંમેં બંધ ન હોકર માનવમાત્રકે કલ્યાણકે લિયે હોતી હૈ. લ્યો, કલ્યાણ કોને કહેવું? 'ઔર હજારોં જિન્હે સુનતે હૈં. ઈનકા મહત્વ કિસી રાજનૈતિક નેતાસે કમ નહીં.' રાજનેતા એમ નથી.

મુમુક્ષુ :- રાજના નેતાઓની આ...

ઉત્તર :- નેતાની વ્યાખ્યા. આ .. કોક છે આગ્રાનો. અરે..! ક્યા બાપુ! માર્ગ! આહા..હા..!

મુમુક્ષુ :- મુનિની સાથે આપને નીચા...

ઉત્તર :- ભાઈ એમ બોલતા ત્યાં. આમાં આવ્યું છે કે નહિ? શાહુજી. વાત બોલતા હતાને ભાષણમાં આચાર્યકલ્પ કાનજીસ્વામી છે. શાહુજી. આમાં નાખ્યું છેને આપણે.. ઓલામાં. ..માં. બોલ્યા છે બે-ત્રણવાર. ભાષણ કરતા હતા તો એમ બોલતા હતા શાહુજી. આચાર્યકલ્પ. હવે આચાર્યકલ્પ ક્યાં હતા. આહા..હા..! પણ માણસને ઓલા બહારના ભભકા લાગેને. માણસ બહુ આવતા હતા. ... પ્રાણલાલ. જો પંદર દિ' મહારાજ રહે તો આ ૨૫ હજાર માણસ થઈ જાય. હવે ૨૫ હજાર થાય એની સાથે શું? મુંબઈને ડોલાવી નાખ્યું છે કહે. હવે ૬૦ લાખમાં દસ હજાર માણસ. ઈ માણસની બહારની વાતું, પણ આ અંતર વસ્તુ છે, વિકલ્પ વિનાની વસ્તુની દૃષ્ટિ વિના બધા થોથેથોથા છે. બધા સાંભળનારા હોય, લોકો વખાણ કરતા હોય એમાં એની સાથે શું સંબંધ છે? આહા..હા..! ભવના અભાવનો ભાવ જ્યાં પ્રગટ્યો નથી. એમાં બધી વાતું બધી દુનિયાની પુણ્યને લઈને હો, હા. તત્ત્વને એ પાછો મરીને જાશે, ભવ કરશે. .. તિર્યંચ થશે. આહા..હા..!

મુમુક્ષુ :- તે દિ'ની વાત તે દિ'. આજ તો

ઉત્તર :- તે દિ' અત્યારે શેની દૃષ્ટિ.. તે દિ' ક્યા? દૃષ્ટિમાં રાગની પ્રીતિ છે એ તો સંસાર પડ્યો છે એને. તે દિ' નહિ અત્યારે છે એ તો. રાગનો પ્રેમ છે, સંસારનો પ્રેમ છે એને. ચોર્યાસીના અવતારમાં રખડવાનો રસ છે. આહા..! આવી વાત છે. આ કર્મનું ફળ દુઃખ છે ન આવ્યું? આઠેય કર્મની દૃષ્ટિ, તીર્થંકરગોત્ર બાંધ્યું એનું ફળ દુઃખ છે એમ કીધું. દુઃખ છે એટલે ભલે એને દુઃખ ન હોય, પણ ઈ મળે છે સામગ્રી એ તો .. છે. એમાં આત્માને શું? આહા..હા..! જે ભાવે બંધાણું એ ભાવ પણ દુઃખ છે, રાગ છે. આહા..હા..! .. સંસાર.. આહા..હા..! એવી વાત. વસ્તુ જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્ય એક.

'**જ્ઞાયકભાવમયપણાને લીધે...**' લીધું છેને જુઓને. એ તો જ્ઞાયકભાવ પર્યાયની અવસ્થાની આ વાત નથી. એકલો જ્ઞાયકભાવ પિંડ ચૈતન્યપુંજ પ્રભુ. એની દૃષ્ટિને લઈને, એના ભાવમાં કોઈ બીજા પદાર્થની વિસ્મયતા કે ન્યૂનતા આવી જાય એવું હોતું નથી. કવિ હોયને મોટો ભણેલો. એમાં સભા ભરે મોટી લાખો-કરોડની. એટલે શું થઈ ગયું? ન હોય?

મુમુક્ષુ :- .. આટલા બધા માણસો આવે છે.

ઉત્તર :- આવે છે પણ એની સાથે શું સંબંધ છે? એ તો પુણ્યને લઈને છે. એની સાથે તત્ત્વને શું છે?

મુમુક્ષુ :- .. લખાય તો ખરીને.

ઉત્તર :- લખાણમાં શું. માણસો કહે. પ્રાણભાઈ બહુ કહેતા હતા. જયંતિભાઈનો કાગળ આવ્યો હતો ..કુટુંબ નહિ જયંતિલાલ કામદાર. ...રાય. અહીં તો મુંબઈ ગાંડુ કર્યું છે મહારાજે. હવે ૬૦ લાખમાં આઠ હજાર માણસ આવે. દસ-બાર કહે. માંડ આઠ હતું. છુટા-છુટા બેઠા હતા. છુટા બેસેને આમ ગરમી લાગાને? માણસ ઘણું. ઘણું માણસ. .. નાખે .. એટલું માણસ. પણ ઈ તો આવે માણસ શું ઈ જાતની ચીજ છે. તત્ત્વને શું સંબંધ છે? સાંભળનારા ઘણા માટે સત્ આવ્યું એમ છે?

મુમુક્ષુ :- આમાં પણ લખ્યું છે કે આટલા માણસો.

ઉત્તર :- પણ ઈ તો જાણવા માટેની વાત છે. એથી કરીને વસ્તુની...

મુમુક્ષુ :- ધર્મની પ્રભાવના બતાવવા માટે લખ્યું?

ઉત્તર :- પ્રભાવના ત્યાં છે કે અહીં છે? પ્ર-ભાવના એ તો અંદરની શુદ્ધિની વિશેષતા એ પ્રભાવના છે. બહારમાં પ્રભાવના કોને કહેવી? ભારે આકરો માર્ગ! આહા..હા..!

અહીં તો કહે છે કે સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિમાં કોઈપણ .. દૃષ્ટિ પડતી જ નથી. કોઈપણ ભાવમાં એને અવિપરીતતા આવતી નથી. ઘણા માણસો સાંભળે માટે એનું સત્ છે. સાંભળે નહિ એનું માટે તે અસત્ય છે. એવું છે ક્યાં વસ્તુમાં? સમજાણું કાંઈ? આવું છે ભગવાનજીભાઈ! આહા..હા..! લાખો માણસો .. કર્યા, સુધારા કર્યા. શું કહેવાય? આ .. આવે છેને બહુ? આ કન્યાને .. એમાં સુધારા કર્યા, આણે આમ કર્યું. તકરાર બે વચ્ચે હતી એ ભંગાવી. એની સાથે આત્માને શું સંબંધ છે? સમજાણું કાંઈ? એ તો વિકલ્પ છે. અને એનાથી કાંઈ થયું હોય તો એનાથી એને કારણે થાય છે. આણે વિકલ્પ કર્યો માટે ત્યાં. બે સંઘના પડા હતા અને સરખા થઈ ગયા. આના પ્રભાવથી સરખા થયા. ઈ બધી વાત સાચી છે? એય..!

'**ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ સર્વ પદાર્થોના સ્વરૂપને યથાર્થ જાણે છે;...**' એમ છેને ભાષા અહીંયાં? '**તેને રાગદ્વેષમોહનો અભાવ હોવાથી તેની કોઈ પદાર્થ પર અયથાર્થ દૃષ્ટિ પડતી નથી.**' જગતના સંયોગોના પ્રસંગમાં અનેક .. હો એ ઉપરથી કાંઈ દૃષ્ટિમાં ફેરફાર થઈ જાય કે આહા..હા..! આવું થયું માટે બહુ આપણી દૃષ્ટિ .. અને ઓછું માટે દૃષ્ટિમાં ફેર છે આપણામાં. એમ છે એની સાથે સંબંધ? '**ચારિત્રમોહના ઉદયથી ઈષ્ટાનિષ્ટ ભાવો ઊપજે...**' અનુકૂળ-પ્રતિકૂળને લઈને ઈષ્ટ-અનિષ્ટ ઉપજે એમ નથી કહ્યું અહીંયાં. સમજાણું કાંઈ? '**ચારિત્રમોહના ઉદયથી...**' કારણ કે ત્યાં સંગ છે એટલો. ઈષ્ટ-અનિષ્ટ ભાવ ઉપજે. ઠીક છે, અઠીક છે એવો રાગ-દ્વેષ થાય સમકિતીને. ઈ ઠીક છે અઠીક નહિ હોં, ભાવમાં

આવી જાય. આહા..હા..! ભારે વાત! જ્ઞેય છે એમાં ઠીક-અઠીક ક્યાં આવ્યું? બધી ચીજોને જાણવું એક જ એનો સ્વભાવ છે. એમાં વળી આ જ્ઞેયો ઠીક અને આ જ્ઞેય અઠીક એવું છે નહિ. પણ નબળાઈને લઈને ચારિત્રમોહના જોડાણથી જરી પરવશ પરાધીન પોતે થાય છે. એથી એને ઈષ્ટ-અનિષ્ટ ભાવ ઉપજે. આહા..હા..! પાછો એ ઈષ્ટ-અનિષ્ટ ઉપજે ઈ અનુકૂળ-પ્રતિકૂળતાને કારણે એમ નહિ. એ તો ચારિત્રમોહના ઉદયમાં સંગે જોડાય છે માટે ઉપજે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! .. બહુ સરસ લખ્યું છે.

'**તોપણ તેને ઉદયનું બળવાનપણું જાણીને...**' એટલે પુરુષાર્થની કમી છે અને રાગનું જોર છે એટલું. સ્વભાવની દૃષ્ટિમાં તો રાગ કરવો એ તો છે જ નહિ, પણ રાગ થઈ જાય છે એ એનું વિભાવનું એટલું બળવાનપણું છે એને જાણવામાં રાખે. સમજાણું કાંઈ? પરને રાગ-દ્વેષ કરાવ્યા છે. એમ તો નથી. તેમ એ રાગ-દ્વેષનું બળ એટલે કે મારા સ્વભાવનું બળ સાચું છે. એથી એને જરી રાગ-દ્વેષનો ભાવ આવે છે. જુઓ, આમાં એક-એક ન્યાયમાં ફેર પડે જરી તો આખો ફેર પડે એવું છે. એવી વાત છે. પરને લઈને રાગ-દ્વેષ થાય, કર્મને લઈને અહીં થાય. આહા..હા..!

મુમુક્ષુ :- કર્મને લીધે થાય...

ઉત્તર :- .. કર્મનો અર્થ? ભાવકર્મ થાય છે એ નબળાઈને થાય છે એથી નિમિત્તથી થાય છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! મારગડા એના જુદા.

'**ઉદયનું બળવાનપણું જાણીને...**' રાગનું, ઉદયનું જોર છે એટલું. એ નિમિત્તનું જોર કહેવાય. સ્વભાવનું જોર એટલું નથી એટલે ઈ કહેવાય ઈ ભાષા. '**તે ભાવોનો પોતે કર્તા થતો નથી...**' લ્યો, એ રાગને પોતાના સ્વભાવમાં મેળવતો નથી. પોતાપણે જાણે તો કર્તા થાય. પોતાપણે જાણતો નથી. પરપણે જાણે છે એટલે કર્તા થતો નથી. ભારે વાત આવી. આહા..હા..! '**જાણીને તે ભાવોનો પોતે કર્તા થતો નથી...**' એટલે? પરિણમન તો છે, પણ પરિણમવું. પરિણમવા જેવું છે એવો કર્તા થતો નથી. આહા..! '**તેથી તેને મૂઢદૃષ્ટિકૃત બંધ થતો નથી...**' આહા..હા..! '**પરંતુ પ્રકૃતિ રસ દઈને ખરી જતી હોવાથી...**' લ્યો, જૂના કર્મના નિમિત્તના સંબંધમાં કાંઈ રાગાદિ થાય એ પ્રકૃતિ ખરી જાય ઈ જુદું ઈ રાગ પણ ખરી જાય છે. નિર્જરા ખાતે છે ઈ. આહા..હા..!

જેમ ભગવાનને ઉદય ક્ષાયિકભાવરૂપે છે. ભગવાનને ઉદય છેને? એને ક્ષાયિકભાવ કીધો. ઉદયને ક્ષાયિકભાવ કીધો. અહીં ઉદયને નિર્જરા ભાવ કીધો. સાધક છેને એટલે. વાત તો એકની એક છે. આમાં રાગ છે અને ઓલામાં અઘાતિનો ઉદય છે. અહીં તો ઘાતિના ઉદયમાં જરી રાગ છે એમ કહે છે. એને અઘાતિનો ઉદય છે એ ક્ષાયિકભાવે પરિણમે છે. ક્ષય થઈ જાય છેને? અહીં પણ ઉદય છે તે ખરી જાય છે. એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાં નિર્જરા મોટી... એ અહીંની વાતને ત્યાં જોડી દીધી છે. એની સ્થિતિને.. ત્યાં ક્ષાયિકભાવ.. અહીં ઉદય છે ખરી જાય છે અને ક્ષયોપશમ વધતો જાય છે. એવી વાત છે. શુદ્ધિનો ક્ષયોપશમભાવ વધતો જાય છે હોં.

ગાથા-૨૩૩

जो सिद्धभत्तिजुत्तो उवगूहणगो दु सव्वधम्माणं।
सो उवगूहणकारी सम्मादिट्ठी मुणेदव्वो।।२३३।।
यः सिद्धभक्तियुक्तः उपगूहनकस्तु सर्वधर्माणाम्।
स उपगूहनकारी सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३३।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन समस्तात्मशक्ती-नामुपबृंहणादुपबृंहकः, ततोऽस्य जीवशक्तिदौर्बल्यकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

હવે ઉપગૂહન ગુણની ગાથા કહે છે :-

જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.

ગાથાર્થ :- [यः] જે (ચેતયિતા) [सिद्धभक्तियुक्तः] સિદ્ધની (શુદ્ધાત્માની) ભક્તિ સહિત છે [तु] અને [सर्वधर्माणाम् उपगूहनकः] પર વસ્તુના સર્વ ધર્મોને ગોપવનાર છે (અર્થાત્ રાગાદિ પરભાવોમાં જોડાતો નથી) [सः] તે [उपगूहनकारी] ઉપગૂહનકારી [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી, ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે, તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી (અર્થાત્ મંદતાથી) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું તે. અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો

છે, અને જ્યાં ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડયો ત્યાં અન્ય ધર્મો પર દૃષ્ટિ જ ન રહી તેથી તે સર્વ અન્ય ધર્મોનો ગોપાવનાર છે અને આત્મશક્તિનો વધારનાર છે.

આ ગુણનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ છે. ઉપબૃંહણ એટલે વધારવું તે. સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે- આત્મા પુષ્ટ થાય છે માટે તે ઉપબૃંહણગુણવાળો છે.

આ રીતે સમ્યગ્દૃષ્ટિને આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી તેને દુર્બળતાથી જે બંધ થતો હતો તે થતો નથી, નિર્જરા જ થાય છે. જોકે જ્યાં સુધી અંતરાયનો ઉદય છે ત્યાં સુધી નિર્બળતા છે તોપણ તેના અભિપ્રાયમાં નિર્બળતા નથી, પોતાની શક્તિ અનુસાર કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.

ગાથા-૨૩૩ ઉપર પ્રવચન

जो सिद्धभत्तिजुत्तो उवगूहणगो दु सव्वधम्माणं।
सो उवगूहणकारी सम्मादिट्ठी मुणेदव्वो।।२३३।।
જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.

આમાં એક .. વચન નથી નાખ્યા આમાં શ્વેતાંબરમાં. ઓલો આગ્રાનો છે એટલે અમરચંદજી નાખ્યા છે. તુલસી અણુવ્રતનો મોટો છેને એટલે નાખ્યા અને આ વિદ્યાનંદજી તો .. એટલે નાખ્યા. અને આગ્રાનું થોડું છે ખરું બધું. પદ્મનંદી છે કેવા? ..ચંદજી. અરે..! ક્યાં વસ્તુ બાપુ! આહા..હા..! કોની સાથે સરખામણી? આહા..હા..! સત્યમાં અસત્યનો અંશ નથી. અસત્ય રાગાદિ થાય એ ભિન્ન છે. સત્ સ્વરૂપ જે શુદ્ધ ચૈતન્યઘન આનંદ એની પરિણતિમાં સત્પણું આવે. જેવો સ્વભાવ છે એવું આવે. એમાં રાગાદિ અસત્ છે એવું ક્યાં આવે કહે છે. અને છે તો એ પૃથક્ તરીકે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો, સિદ્ધભક્તિનું આવ્યુંને?

જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૩.

'ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...' દરેકમાં એ જ શબ્દ છે પહેલો. 'ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...' એ તો નિત્ય એક જ્ઞાયકભાવપણું છે એને તો દૃષ્ટિમાં.

આહા..હા..! ટંકોત્કીર્ણ એટલે નિત્ય, ધ્રુવ, શાશ્વત, એક. શાશ્વત, ધ્રુવ, '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' આહા..હા..! '**સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...**' શુદ્ધ ચૈતન્યઘનની જ્યાં અનુભવ અને અનુભૂતિ છે ત્યાં એની અનંત શક્તિઓની સમયે સમયે શુદ્ધિ વધતી જાય છે એમ કહે છે. જુઓ, સમજાણું? સવારમાં કહ્યું હતુંને? અમૃતચંદ્રાચાર્ય કહે છે કે ટીકા કરતા મારી વિશુદ્ધિ વધો. એટલે? ટીકા કરવામાં તો વિકલ્પ છે, પણ મારું વલણ સ્વતરફનું છે ઈ આશ્રયે અંદર અગ્ર થતો જ જાય છે. એમાં વલણથી મારી શુદ્ધિ થઈ જશે. આ કાળમાં એમ. વિકલ્પના, ટીકાના કાળમાં મારો આશ્રય વધે છે એનાથી શુદ્ધિ થશે. એમ કહ્યું છે. ટીકા કરતા શુદ્ધિ થશે એ તો વ્યવહારથી વાત. અને બીજે ઠેકાણે કહે કે ભાઈ જેટલો આગમમાં, શાસ્ત્રમાં બુદ્ધિ પ્રવર્તે એ વ્યભિચારણી છે. જુઓને વીતરાગ માર્ગ કઈ અપેક્ષાએ! ટીકાનો વિકલ્પ છે એ .. વ્યભિચાર છે. અને ત્યાં .. એનાથી થાય છે? એ તો નુકસાન કરનાર છે. આમ ભવનનો સમય વધતો જાય છે ઈ અહીં કહે છે લ્યો. એ ભક્તિ તરફનું વલણ વધતું જ જાય છે એને. સમયે... સમયે... સમયે... સમયે... સમયે... સમયે... છે?

આત્મશક્તિઓ '**સમસ્ત આત્મશક્તિઓ...**' લીધી છેને? જેટલા ગુણો છે સંખ્યાએ અનંત ઈ બધાને પ્રતીતમાં લીધા છે આખા દ્રવ્યને અને એની સન્મુખ વૃત્તિને લઈને, સન્મુખ પરિણતિ લઈને '**સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...**' લ્યો, આહા..હા..! એને આ વસ્તુ એવી છે કે જગતને બેસે તો એનો નિહાલ થઈ જાય એવી વાત છે. પણ વાત એવી છે કે આહા..હા..! ધર્મી તો એક શાશ્વત એક. શાશ્વત એક. નિત્ય એક, ધ્રુવ એક. એવા જ્ઞાયકભાવપણાને લીધે. .. તો આ ધ્રુવપણાને લીધે એમ કહે છે. ધ્રુવ ન લેતા જ્ઞાયકભાવ લીધો. ધ્રુવ ટંકોત્કીર્ણમાં નાખ્યું. શાશ્વત કહો, ધ્રુવ કહો, નિત્ય કહો. નિત્ય એકરૂપ રહેનાર. એવો જે જ્ઞાયકભાવ. જ્ઞાયકસ્વભાવ ધ્રુવભાવ એ જ જેની દૃષ્ટિમાં વિષય છે અને એ જ એ દૃષ્ટિ માને છે કે હું તો આ છું. તો આ સ્થિતિ વિના બધી વાતું. ધર્મની પ્રભાવના કરે, .. ભેગા થાશે. જૈન હજી કોને કહેવા એની ખબર ન મળે. એમ કે વ્યવહારે જૈન આવા વાડા રહેશે તો એમાંથી કોઈ નિશ્ચય નીકળશે એમ. એમ કહે છે. વ્યવહાર તો એવો અનંતવાર રહ્યો તો કોઈ નીકળ્યું નહિ. એમ કહે છે. સંપ્રદાય જૈન તરીકે, સંપ્રદાય તરીકે હશે સંખ્યા. ઈ સંખ્યા વધારવાનું કાઢ્યું છે બહાર, પણ સંખ્યા વધે એની સાથે સંબંધ શું છે?

આત્મા પોતે અહીં વધે છે. જુઓને એમ કીધુંને? આ આત્માની '**આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...**' સંખ્યા જૈનની વધે એના નિમિત્તે માટે એ ઉંચો છે એમ નથી. અને એને સાંભળનારાઓ ઘણા આવે માટે એની અંદર શુદ્ધિની વૃદ્ધિ છે એમ નથી. આહા..હા..! ચંદુભાઈ! બહુ ઝીણી બહુ વાતું! એવો માર્ગ છે આ. આહા..હા..! દર્શનશુદ્ધિની વાતું. આ

કર્યું ને આણે આ કર્યું અને આણે આ કર્યું. આને આ જાણપણા .. અને દુનિયાને સમજાવ્યા. ત્યાં ગયા હતા જય ધવલનું હિન્દી કર્યું હતુંને ઓલી બાઈએ? જ્ઞાનમતિ અષ્ટસહસ્ત્રીનું સંસ્કૃત ભણેલી હશે. નાની ઉંમર હતી. ૫૦ વર્ષની ઉંમર હશે. શાહુજી આવ્યા હતા અને ભાઈ પણ આવ્યો હતો ઓલો કૈલાસચંદ નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આવ્યા હતા. ઈ બેઠા હતા. .. બધી જાણપણાની વાતું કરવા માંડી. કીધું માતા! જુદી વાતું છે. આત્માના સમ્યગ્દર્શન સ્વરૂપ અને એનો વિષય શું એ વસ્તુ બહુ સૂક્ષ્મ છે. એ વળી બેઠા જાણે શું કહેશે. શાહુજી. એમ છે. આ સમયસાર હું કહીશ. ભાષા શું આવે? આહા..હા..! અને વંદેતુનો અર્થ કરતા ભાઈએ કર્યું છેને જયસેનાચાર્યે નહિ? ભાવનમસ્કારથી નિર્વિકલ્પ અને એક રચનાત્મક દ્રવ્ય નમસ્કાર. એ વ્યવહાર. એ તો જણાવ્યું હતું ઈ. વચન કરે કોણ? બોલે કોણ? પણ ઓલો વિકલ્પ ઉઠ્યો છે એથી એને વચનાત્મક વ્યવહાર. એ પુદ્ગલનો પર્યાય છે. આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ '**સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...**' એ દુનિયાને દેખાડવાનું ત્યાં નથી. કે દુનિયા દેખે અને મને માને તો મારામાં ઠીક થાય એમ છે? આહા..હા..! દુનિયા શું જોવે? આહા..હા..! '**ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે,...**' એનો અર્થ ઈ કે વસ્તુની ઉપર દૃષ્ટિ છે અને વસ્તુમાં જેટલા ગુણો છે એ બધાની પ્રતીતને કબજે લીધા છે. પ્રતીતે કબજે લીધા છે કે આ તે હું. આ અનંત શક્તિનું સત્ત્વ તે હું. એટલે એનું પરિણમન શુદ્ધની વૃદ્ધિ થતી જાય છે. આહા..હા..! અરે..! '**સમસ્ત આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...**' એમ છેને? કરતો નામ હું કરું એમ નથી ત્યાં. પણ એમ થાય છે કેમકે વસ્તુ આખી ચીજ પ્રતીતમાં, અનુભવમાં આવી છે. એથી એના કહ્યું હતુંને ..માં નહિ? ભાવશક્તિ અને કર્મશક્તિ. ભાવશક્તિ. એને અનુભવમાં આવી ગઈ છે કે ભાવશક્તિનું આખું તત્ત્વ. અને ભાવશક્તિ વડે કોઈપણ વર્તમાન અવસ્થા હોય જ. કરું તો હોય એવું છે નહિ, પણ અહીં તો વૃદ્ધિ થતી જાય છે એને વૃદ્ધિ કરતો હોવાથી એમ કહ્યું છે. પણ પરિણમન છેને એટલું એટલે. સમજાણું કાંઈ? અને તે ક્રમસરમાં છે એ વાત. વૃદ્ધિ કરતો હોવાથી એના ક્રમબદ્ધમાં એ આવે છે. અરે..!

ઓલો ઈ લખે છે ... પ્રશ્ન પૂછે છે કોક ..ના હતા. કે આ ક્રમબદ્ધનું શી રીતે .. બેસે? આપણે આ પુરુષાર્થ કરવો, રાગને તોડવો એ તો પોતે પુરુષાર્થથી કરી શકે. એમાં ક્રમબદ્ધથી ક્યાં આવે? એવું કાંઈક પૂછ્યું. એવા ઘણા .. અહીં કોણ જવાબ આપે? આહા..હા..! જેણે આત્મા અનંતગુણનો પિંડ પ્રભુ એ ભક્તિ કીધી છેને? એટલે ચિત્સ્વરૂપ પ્રભુ આત્મા એની ભક્તિ. ભગવાનની ભક્તિ તો રાગ છે, વિકલ્પ છે. આહા..હા..! એ 'સિદ્ધ સમાન

સદા પદ મેરો' એ સિદ્ધ. એની ભક્તિ '**આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...**' વધારું છું એવું તો એને હોય કે નહિ? એમ પણ ન હોય. એ તો વધતી જાય છે. આહા..હા..! વસ્તુ તરફના વલણને લઈને વસ્તુની જેટલી શક્તિઓ છે એની શુદ્ધિ ક્રમ, નિયમમાં અને ભાવ શક્તિને લઈને અને કર્મ શક્તિને લઈને જે પર્યાય તે કાળે પ્રાપ્ત છે તેને ઈ પ્રાપ્ત કરે છે. એને અહીં વૃદ્ધિ કરતો એમ કહેવામાં આવે છે. આહા..હા..! ભારે આકરું! એ કરતો હોવાથી કરે છે તો ક્રમબદ્ધ ક્યાં રહ્યું? પણ એ વૃદ્ધિ કરતો હોવાથી એ જ ક્રમમાં આવ્યું. નવરંગભાઈ! એવું ઝીણું, ભારે ઝીણું! આહા..હા..! જેના તરફનું જોર છે એની પરિણતિ શુદ્ધિ થતી જ જાય છે. એવો જ એના ક્રમ-નિયમમાં એવો ભાવ આવે છે. આહા..હા..!

'**તેથી...**' આમ હોવાથી. એમ છેને? '**ઉપબૃંહક અર્થાત્ આત્મશક્તિનો વધારનાર છે,...**' એટલે કે શક્તિ શુદ્ધની. શક્તિ તો ગુણ છે. પણ એની પર્યાયમાં શક્તિનો વધારનાર છે. આહા..! આ તો શક્તિઓનો વૃદ્ધિ કરતો હોવાથી એમ શબ્દ છે. શક્તિ તો ગુણ છે ત્રિકાળ. પણ ઈ પર્યાયમાં જે પરિણતિ શક્તિ થઈ એને વૃદ્ધિ કરતો હોવાથી. એ પરિણતિમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે. પર્યાયની વાત છે આ. '**આત્મશક્તિઓની વૃદ્ધિ કરતો હોવાથી,...**' એનો અર્થ? આત્માના ગુણો છે એમાં વૃદ્ધિ કરે છે? પણ ઈ આત્માની અનંત શક્તિઓનો પિંડ જે છે એના તરફના વલણને લઈને એ આ પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે એવો જ એમાં ક્રમ છે. ભારે!

'**આત્મશક્તિનો વધારનાર છે, તેથી તેને જીવની શક્તિની દુર્બળતાથી...**' લ્યો, જીવની પર્યાયમાં શક્તિની દુર્બળતાથી '**(અર્થાત્ મંદતાથી) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.**' ઓહો..હો..! આમાં કેટલા અપવાસ કરે તો નિર્જરા થાય? અપવાસ-બપવાસ ક્યાં હતા ત્યાં? ત્યાં તો ઉપવાસ છે અંદર. સ્વભાવની સમીપમાં પડ્યો છે એટલે એની શુદ્ધિની વૃદ્ધિ થાય છે. આહા..હા..! સહજ સ્વરૂપે વૃદ્ધિ થવું એવો એ પરિણતિનો ત્યાં સ્વભાવ છે એમ કહે છે. આહા..હા..! એથી તેને દુર્બળતાને કારણે બંધ થતો નથી. દુર્બળતાથી પણ રાગ થયો. સમજાણું? પણ એનું અધિકપણું નથી. સ્વભાવ તરફનું અધિકપણું હોવાને લઈને દુર્બળતાથી બંધ થતો નથી પણ નિર્જરી જાય છે બધું. સ્વભાવની... '**णाणसहावाधियं मुणदि आदं**' સ્વભાવને અધિકપણે અંદરમાં જાણતો, જુદો જાણતો એમ અધિક એટલે. એ રાગ ખરી જાય છે. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે એમ કહે છે. વસ્તુની સ્થિતિ જ આવી છે. જ્યાં દૃષ્ટિ અનંતપણું પ્રગટ્યું, સ્વભાવનો અનુભવ થયો એટલે એ પર્યાય શુદ્ધિ વધતી જાય અને નબળાઈને લઈને થયું એ અધિકપણે સ્વભાવનું જ્યાં સાધન છે અંદર. એને એ પર જાણીને છૂટી જાય છે. આહા..હા..! એનો સ્વામી થતો નથી, કર્તા થતો નથી, કરવા જેવું છે.. શુદ્ધ કરવા જેવું એ વિકલ્પ ક્યાં છે ત્યાં? હું વધારું એવો વિકલ્પ ક્યાં છે? આહા..હા..!

એને નિર્જરા જ છે. આહા..હા..! જુઓને દૃષ્ટિ અને દૃષ્ટિનો વિષય એનું માહાત્મ્ય, એ વિના બધું થોથેથોથાં છે.

મુમુક્ષુ :- .. પર્યાયનું માહાત્મ્ય છે...

ઉત્તર :- ઈ દૃષ્ટિનું માહાત્મ્ય કીધું હતુંને. દૃષ્ટિનું માહાત્મ્ય કીધુંને પર્યાયનો માહાત્મ્ય.. વિષય બેય કીધું હતું. દૃષ્ટિનું માહાત્મ્ય દર્શનાદિ છે નહિ. આહા..હા..! દૃષ્ટિનું માહાત્મ્ય તો ધ્રુવ ઉપર પડ્યું છે માટે દૃષ્ટિનું માહાત્મ્ય થયુંને? રાગનું માહાત્મ્ય .. ઉડી ગયું. આહા..હા..!

ભાવાર્થ. ઉપગૂહન શબ્દ પડ્યો છે ખરો. એની ગાથા છે. '**સમ્યગ્દૃષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું તે.**' એટલે રાગ થાય તેને ગોપવવું એટલે એને છોડી દેવું. આહા..હા..! એની પ્રસિદ્ધિ ન થતાં, સ્વભાવ તરફની અધિકતાની પ્રસિદ્ધિમાં રાગ ગોપવાય જાય છે એટલે કે ટળી જાય છે. આહા..હા..! '**સમ્યગ્દૃષ્ટિ ઉપગૂહનગુણ સહિત છે. ઉપગૂહન એટલે ગોપવવું તે. અહીં નિશ્ચયનયને પ્રધાન કરીને કહ્યું છે કે સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડેલો છે,...**' શુદ્ધ ચૈતન્યઘન એવો સિદ્ધ પ્રભુ આત્મા. એમાં જેનું જોડાણ છે. જ્ઞાનની પર્યાયનું એમાં જોડાણ છે.

'**અને જ્યાં ઉપયોગ સિદ્ધભક્તિમાં જોડયો...**' પોતાનું પરમાનંદ શુદ્ધ સિદ્ધ. એમાં જે ભક્તિને જોડ્યો '**ત્યાં અન્ય ધર્મો પર દૃષ્ટિ જ ન રહી...**' રાગ ઉપર, નિમિત્ત ઉપર, શુભ ઉપર તો દૃષ્ટિ રહી નહિ. '**તેથી તે સર્વ અન્ય ધર્મોનો ગોપાવનાર છે...**' એમ. એ અન્ય ધર્મોની ગણતરી ગણતો નથી. ગણતરી અહીં છે. આહા..હા..! '**તેથી તે સર્વ અન્ય ધર્મોનો ગોપાવનાર છે અને આત્મશક્તિનો વધારનાર છે.**' સમજાણું કાંઈ? શક્તિ એટલે પર્યાય. પર્યાય. વ્યક્ત પર્યાયને અહીં શક્તિ કીધી છે. આહા..હા..! '**આત્મશક્તિનો વધારનાર છે.**' આહા..હા..!

'**આ ગુણનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ છે.**' પાઠમાં ઉપગૂહન છેને? ગોપવવું એમ છે. હવે અહીં વૃદ્ધિ પામવું. ટીકામાં વૃદ્ધિ પામવું લખ્યું છે. સમજાણું? પાઠમાં ગોપવનાર છે. ટીકામાં વૃદ્ધિ થતો એમ અર્થ છેને? એટલે બેય આવી ગયું અંદર. .. શક્તિને વૃદ્ધિ કરતો ઉપબૃંહણ. શું કીધું સમજાણું? મૂળ વાતમાં ગોપવનારને, ટીકામાં વધારનાર ઉપબૃંહણ બે અર્થ છે.

મુમુક્ષુ :- બેય .. છે.

ઉત્તર :- બેય યથાર્થ છે. ... આહા..હા..!

અને જ્યાં ઉપયોગ સિદ્ધ ભક્તિમાં જોડ્યો ત્યાં અન્ય ધર્મ ઉપર દૃષ્ટિ રહેતી નથી એને અહીંયાં ગોપવનાર કહ્યું પહેલું. હવે ટીકાનો અર્થ લે છે. '**આ ગુણનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ છે.**' ઉપગૂહન પણ છે અને ઉપબૃંહણ પણ છે. '**ઉપબૃંહણ એટલે વધારવું તે.**

સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે...' આહા..હા..! આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા તેની બધી પરિણતિ ધર્મીને ધર્મની વધતી જાય છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિએ પોતાનો ઉપયોગ સિદ્ધના સ્વરૂપમાં જોડેલો હોવાથી તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે...**' શક્તિ એટલે પર્યાયની વ્યક્તતા.

'**આત્મા પુષ્ટ થાય છે...**' આહા..હા..! ચાણ્યો પાણીમાં પુષ્ટ થાય પણ એ પોલો થઈને પુષ્ટ થાય છે. ચાણ્યો હોયને ચાણ્યો કાચો? પાણીમાં પોઢો થાય, પણ ઈ તો પોલો થઈને પોઢો થાય છે. કઠણ થઈને નહિ. આ તો કઠણ થઈને પુષ્ટિ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**તેના આત્માની સર્વ શક્તિઓ વધે છે- આત્મા પુષ્ટ થાય છે...**' એટલે શુદ્ધતાની વૃદ્ધિ. આહા..હા..! '**માટે તે ઉપબૃંહણગુણવાળો છે.**' ઉપબૃંહણ ગુણવાળો છે લ્યો. ઘણી વાતું સમાડી દીધી.

'**આ રીતે સમ્યગ્દૃષ્ટિને આત્મશક્તિની વૃદ્ધિ થતી હોવાથી તેને દુર્બળતાથી જે બંધ થતો હતો તે થતો નથી,...**' એ ઉપબૃંહણની વ્યાખ્યા કરી. '**નિર્જરા જ થાય છે.**' ટીકાની વ્યાખ્યામાં. '**જોકે જ્યાં સુધી અંતરાયનો ઉદય છે...**' હવે ... '**જ્યાં સુધી અંતરાયનો ઉદય છે ત્યાં સુધી નિર્બળતા છે...**' કારણ કે સ્વભાવનું જોર છે. ત્યાં નિમિત્તમાં જોડાઈ જશે તો એનું જોર છે એમ કહેવું. '**તોપણ તેના અભિપ્રાયમાં નિર્બળતા નથી,...**' અભિપ્રાયમાં નિર્બળતા નથી. અભિપ્રાયમાં નિર્બળતા નથી એટલે પર્યાયમાં નિર્બળતા છે. દૃષ્ટિ પર્યાય ઉપર નથી. આહા..હા..! મૂળ માલ મૂકીને બધી વાતું કરે છેને માણસ. ક્યાંય મેળ ખાતો નથી. આહા..હા..! આ તો વસ્તુ જ એવી અખંડાનંદ પ્રભુ ધ્રુવ ચૈતન્યમૂર્તિ જ્યાં દૃષ્ટિમાં આવી અને દૃષ્ટિએ પરિણમન કર્યું તો એ આખા આત્માની પર્યાયની જે શક્તિની વ્યક્તતા અંશે પ્રગટી ઈ શક્તિની વ્યક્તિ પર્યાયમાં .. થતી જાય છે. આહા..હા..!

'**પોતાની શક્તિ અનુસાર કર્મના ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.**' લ્યો, એનો અર્થ કે સ્વભાવ સન્મુખની પ્રયત્નદશા વર્તે જ છે. પુરુષાર્થ નામનો એક ગુણ છે કે નહિ અંદર? એ ગુણને પણ તાબે કર્યો છેને દૃષ્ટિએ બધાને. એ પુરુષાર્થની પર્યાય અને એવા અનંતગુણની પર્યાય સાથે પ્રયત્નથી સહજ વધે જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રયત્નથી અને પાછો સહજ.

ઉત્તર :- એ પ્રયત્ન ચાલે છેને અંદર? સન્મુખતા પ્રયત્ન છેને એટલે. ... જ છે પ્રયત્ન. શ્રદ્ધા શ્રદ્ધાનું કામ કર્યા જ કરે છે, જ્ઞાન જ્ઞાનનું કામ કર્યા જ કરે છે. શ્રદ્ધા અને જ્ઞાન કામ કર્યા વિનાના પડ્યા છે. સમજાણું કાંઈ? આવી વાતું, ભાઈ! આ તો તત્ત્વદૃષ્ટિનો વિષય એવો છે. કથનની પદ્ધતિ આવે એમાંથી પણ બીજો જેને વાસ્તવિક છે એને .. જોઈએ.

એક જણો એમ કહેતો હતો કે આવી બધી માથાકુટ કરતા, સમજવાની કરતા કાંઈક કરી નાખવાનું હોયને. કાંઈક ધ્યાન પાછું. ધ્યાન કરવાનું એ બધો વિકલ્પ રાગ છે. જે વસ્તુ છે એ દૃષ્ટિમાં આવી નથી ત્યાં સુધી તેના તરફ ધ્યાન શી રીતે થશે? આહા..હા..! .. ભાઈ! ... માર્ગ તો આ છે કીધું. એમાં બીજો કોઈ ઉપાય કરવા માગે તો કાંઈ નહિ થાય. આ માર્ગે આવવું પડશે જન્મ-મરણ રહિત થવું હોય તો. બાકી બધી વાતું છે. '**ઉદયને જીતવાનો મહાન ઉદ્યમ વર્તે છે.**' એનું વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૩૪

उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।
सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो।।२३४।।
उन्मार्गं गच्छन्तं स्वकमपि मार्गे स्थापयति यश्चेतयिता।
स स्थितिकरणयुक्तः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३४।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन मार्गात्प्रच्युतस्यात्मनो मार्गे एव स्थितिकरणात् स्थितिकारी, ततोऽस्य मार्गच्यवनकृतो नास्ति बन्धः किन्तु निर्जरैव।

હવે સ્થિતિકરણ ગુણની ગાથા કહે છે :-

ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતષ્ટિ જાણવો. ૨૩૪.

ગાથાર્થ :- [यः चेतयिता] જે ચેતયિતા [उन्मार्गं गच्छन्तं] ઉન્માર્ગે જતા [स्वकम् अपि] પોતાના આત્માને પણ [मार्गे] માર્ગમાં [स्थापयति] સ્થાપે છે, [सः] તે [स्थितिकरणयुक्तः] સ્થિતિકરણયુક્ત (સ્થિતિકરણગુણ સહિત) [सम्यग्दृष्टिः] સમ્યગ્દૃષ્ટિ [ज्ञातव्यः] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દૃષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે, જો

પોતાનોઆત્મા માર્ગથી (અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગથી) ચ્યુત થાય તો તેને માર્ગમાં જ સ્થિત કરતો હોવાથી, સ્થિતિકારી છે, તેથી તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- જે, પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગથી ચ્યુત થતા પોતાના આત્માને માર્ગમાં (મોક્ષમાર્ગમાં) સ્થિત કરે તે સ્થિતિકરણગુણયુક્ત છે. તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ ઉદય આવેલાં કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.

વૈશાખ સુદ-૧૫, ગુરુવાર, તા. ૧૭-૦૫-૧૯૭૩
ગાથા-૨૩૪-૨૩૫, પ્રવચન-૩૮૦

નિર્જરા અધિકાર છે. ૨૩૪. '**હવે સ્થિતિકરણ ગુણની ગાથા કહે છે :-**' સમ્યગ્દૃષ્ટિને આ ગુણ હોય છે. સમ્યગ્દૃષ્ટિ એટલે ઈ જ આ શબ્દ પડ્યો છેને બધામાં આત્મા. ચેતયિતા એટલે પછી અર્થ ફેરવ્યો જ્ઞાયકભાવની સામે. જેની દૃષ્ટિમાં એક જ્ઞાયકભાવપણું જ વર્તે છે.

મુમુક્ષુ :- કેવું વર્તે છે?

ઉત્તર :- જ્ઞાયકભાવપણું. જ્ઞાયકભાવપણું. .. છેને? ચેતયિતા. જાણનાર-દેખનાર જ્ઞાયકભાવપણે. એમ છેને? ચેતયિતા.

उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।
सो ठिदिकरणाजुत्तो सम्मादिट्ठी मुणेदव्वो।।२३४।।

એટલો શબ્દ જરી પડ્યો છે.

ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૪.

અહીંયાં તો સમ્યગ્દર્શન વિના જે કાંઈ વ્રત, તપ, ક્લેશ બધું .. સંસાર ખાતે છે. એવી વાત સિદ્ધ કરી છે. એ સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે. એ સમ્યગ્દૃષ્ટિને આવા આઠ ગુણો હોય છે અને એ ગુણો કર્મને છેદનારા હોય છે. અશુદ્ધતાના નાશ કરનારા હોય છે.

મુમુક્ષુ :- ગુણો તો ત્રણે કાળ રહે.

ઉત્તર :- એ ગુણ એટલે? અહીં પર્યાયની વાત. ગુણ એટલે પર્યાય છે આખી. એને આઠ ગુણ કહ્યા છે. નિઃશંક આદિ પર્યાય છે. અને પર્યાયને ગુણ તરીકે, લક્ષણ તરીકે, ચિહ્ન

તરીકે, એંધાણ તરીકે કહ્યું છે. આહા..હા..! જેનો આત્મા જ્ઞાયકમાં એકલો છે એવી અંતરમાં અનુભવ થઈને દૃષ્ટિ થઈ છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહે છે. એને આ આઠ ગુણો એટલે પર્યાય છે. ગુણ છે એ પર્યાય છે.

'**કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' એટલા સાચી દૃષ્ટિવંત. જેને શુભ-અશુભ ભાવનો પણ દૃષ્ટિમાં જેને નિષેધ છે. ઈ ક્રિયાકાંડના ભાવ એ મારી ચીજ નથી. આ તો અત્યારે તો એ બધું .. પૂજા ને ભક્તિ ને વ્રતને છે. એ બધા ભાવ ધર્મ છે અને સંવર છે એમ કહે છે અજ્ઞાની. ... મોટી મૂળમાં ભૂલ છે. આઠ પાંચશેરીની ભૂલ મણમાં. આખે આખી. જ્યાં અંદર વિકલ્પ વિનાની ચીજ છે. રાગની ક્રિયા વિનાની ચીજ છે. એવી ચીજને અંતર દૃષ્ટિમાં, અનુભવમાં ન લે અને ત્યાં સુધી આ બધી ક્રિયાકાંડ બધા એના વ્યર્થ સંસારખાતે છે. ચાર ગતિમાં રખડવાના છે. એવું છે.

અહીં તો ભવનો અભાવ કરી એટલે કે મિથ્યાત્વનો છેદ કરી અને સ્વભાવની દૃષ્ટિ સમ્યક્ ચૈતન્ય અનુભવમાં થઈ છે એને અહીંયાં ધર્મની શરૂઆતવાળો સમ્યગ્દૃષ્ટિ કહે છે. એને નિત્ય '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે,...**' લ્યો, હવે આમાં એ કહ્યું ટંકોત્કીર્ણ. એક જ્ઞાયકભાવ. એ તો ચૈતન્યમૂર્તિ એકલો જાણનાર-દેખનાર જ સ્વભાવ છે. રાગને કરે કે વ્યવહારને કરે એ વસ્તુસ્વરૂપ નથી. આવી વાત છે. આહા..હા..! ભારે આકરું કામ. એકલો જ્ઞાયકભાવમયપણું. જાણનાર-દેખનારના સ્વભાવથી ભરેલો પ્રભુ અભેદ છે. સમ્યગ્દૃષ્ટિ તો એને કહીએ. આહા..હા..! ધર્મની શરૂઆતવાળો એને કહીએ. જેની દૃષ્ટિમાં એક જ્ઞાયકભાવ ચૈતન્ય અભેદ દૃષ્ટિમાં આવ્યો છે. એને લઈને '**જો પોતાનો આત્મા...**' પાઠમાં .. છે શબ્દ નથી. પોતાને પણ એમ છે. શબ્દાર્થ છેને. પાઠ છેને એ માર્ગે જતા '**स्वकमपि**' એમ છેને? એટલે ગૌણપણે જરી એ શબ્દ આવે કે બીજાને .. એક વિકલ્પ ઉઠે એ વ્યવહાર છે. બીજા ધર્મથી .. હોય. વ્યવહારના રાગથી ધર્મ થશે, રાગ કરતા-કરતા શુદ્ધોપયોગ થશે. એવી જેની દૃષ્ટિ મિથ્યાત્વ છે. એને પણ સમજાવે કે ભાઈ રાગથી તો આત્માને લાભ થાય નહિ. લાભ થાય એ રાગની અપેક્ષા છોડીને. છોડ્યા વિના બેસે એને તો મિથ્યાદૃષ્ટિ કહીએ.

રાગની અપેક્ષા છોડીને જેને આત્મા અંતર્મુખ નિજ આખો ઈ જેણે કર્યો છે નિજનો. એમાં રાગની મંદતાની અને વ્યવહારની પણ અપેક્ષા નથી. એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ કહ્યો છે. આહા..હા..! ઘણો ફેરફાર. અરે..! આ જિંદગી ભવમાં. વાસ્તવિકનો દોરો શ્રદ્ધાનો ન આવ્યો. .. જશે. કહે છે ધર્મીનું પહેલું કર્તવ્ય શુદ્ધ જ્ઞાયકભાવમયપણું તે હું એવી અંતર દૃષ્ટિમાં અનુભવ કરવો અને એ અનુભવીને આવા ગુણો આઠ પર્યાય હોય છે. પોતાનો આત્મા પણ ક્યાંક અસ્થિર થઈ જતો હોય દર્શન-જ્ઞાન-ચારિત્રમાં. એને પોતાને સ્થિર કરવો. ક્યાંય શ્રદ્ધામાં વ્યવહારથી લાભ થાય એવી જરી પ્રરૂપણા થઈ જાય તો એને છોડી દેવી. શ્રદ્ધામાં

સ્થિર થવું. જ્ઞાનમાં સ્થિર થવું કે બહારના જ્ઞાનથી આ જ્ઞાન મળે છે એવો કોઈ ભાવ એને સ્થિર કરવો. .. જ્ઞાન તો અંતર ... એમ ચારિત્રમાં પણ રાગાદિનો વિકલ્પ આવતા એને એમ થઈ જાય કે આ ચારિત્ર આ રાગાદિ શુભભાવ છે તો ત્યાં .. વ્યવહારનો આશ્રય હોય એ વિશ્રામ મળે એવું જો થઈ જાય તો એને છોડી દેવું.

'**પોતાનો આત્મા માર્ગથી...**' માર્ગ એટલે દર્શન-જ્ઞાન-ચારિત્ર. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે આત્માના આશ્રયે પરની અપેક્ષા વિના થયો હોય એ માર્ગમાં પોતાને પણ સ્થાપે. અસ્થિરતાનો પ્રસંગ આવે પોતાને એવો તો એને છોડી દે અને અંદરમાં સ્વરૂપની દૃષ્ટિ રાખીને જ્ઞાનમાં સ્થિર થાય. એ પોતાને આત્માને અંદર સ્થિર કરે. ભારે આકરું કામ આ બધું. પહેલું તો સમ્યગ્દર્શનનું કામ જ આકરું. એના પછી બધી વાતું. હવે ઈ વાત પડી રહી આખી. ભીખાભાઈ! આ લોકો શેઠિયા બધા એમાં નાખ્યા પાછા બધાય. એય..! ક્યાં ગયા રવિભાઈ? ... આહા..હા..!

વીતરાગ માર્ગ છે આ તો. આ કોઈનો કરેલો કલ્પિત છે? સર્વજ્ઞ પરમાત્માએ કહેલો તે માર્ગ વીતરાગભાવથી શરૂ થાય છે. રાગભાવથી માર્ગ શરૂ થાય તે વીતરાગમાર્ગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**પોતાનો આત્મા માર્ગથી (અર્થાત્ સમ્યગ્દર્શન...**' નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન રાગ વિનાનું અને સ્વરૂપની સ્થિરતા મહાવ્રતના વિકલ્પ વિનાની. ભારે! એ રૂપ '**મોક્ષમાર્ગથી) ચ્યુત થાય તો તેને માર્ગમાં જ...**' તો તેને માર્ગમાં જ. '**સ્થિત કરતો હોવાથી,...**' પોતે જ પોતાને સ્થિત કરતો હોવાથી એમ કહે છે. કર્મના નિમિત્તથી ચ્યુત થતો એમ નથી કહ્યું અહીંયાં. કાંઈક પુરુષાર્થની કમી લઈને ચ્યુત થતો હોય તો એને ઉગ્ર પુરુષાર્થ વડે પોતાને સ્થિર કરે. કર્મનું તો નામ પણ નથી અહીં. કર્મ કર્મને ઘરે રહ્યું.

મુમુક્ષુ :- કર્મ નિર્જરી જાય.

ઉત્તર :- એ નિર્જરા અશુદ્ધતા નિર્જરી જાય એટલે કર્મ નિર્જરી જાય એમ કહ્યું. એ તો એને કારણે નિર્જરવાનો કાળ હોય તો નિર્જરે. અહીં પુરુષાર્થ સ્વભાવ સન્મુખ હોય છે એટલે અસ્થિરતા ઉત્પન્ન થતી નથી. એ ખરી જાય એમ કહેવામાં આવે. બહુ ફેર. વાતે વાતે ફેર.

'**તેને માર્ગમાં જ...**' એમ પાછું છેને. નિશ્ચય જે સ્વનો આશ્રય છે એ એના માર્ગમાં જ સ્થિર કરે. ક્યાંય પણ પરના આશ્રયથી લાભ થાય એ વાત છોડી દે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્રણ લોકના નાથ તીર્થંકરના સમવસરણથી પણ જીવને લાભ થાય એમ ત્રણ કાળમાં બને નહિ. અને સમવસરણમાં ભગવાનની પૂજા, ભક્તિ, આરતીયું કરે. કલ્પવૃક્ષના ફૂલ, મણિરત્નના દીવા અને હીરાના થાળ. તોપણ એનાથી આત્માને લાભ નહિ થાય. કેમકે

એ પરાશ્રય છે અને પરાશ્રયમાં તો રાગ જ હોય. આહા..હા..! ભગવાનથી લાભ ન થાય, એની વાણીથી લાભ ન થાય એ વાત અંદર બેસવી.. આમ માને કે નિમિત્તથી થાય નહિ... નિમિત્તથી થાય નહિ... નિમિત્તથી લાભ થાય નહિ. ઉંડે-ઉંડે એ હોય કે આમ હોય તો થાય છે. કહો, ..ભાઈ!

મુમુક્ષુ :- થાય નહિ એ માન્યું નથી?

ઉત્તર :- માન્યું નથી. આહા..હા..! આકરું કામ. નિમિત્તથા થાય નહિ એમ માને, કહે અને ઉંડે એને રહે કે આ વાણીથી, ભગવાનથી મને કાંઈક લાભ થાય. એય..! હિંમતભાઈ! આવી વાત બહુ.

મુમુક્ષુ :- .. દામનગર મૂકીને અહીં આવે?

ઉત્તર :- એ તો કહે છેને. ભાઈએ કહ્યું નહોતું કેશવલાલે? વઢવાણના કેશવલાલ છેને. એને કોઈએ પ્રશ્ન કર્યો કે તમે કહો કે નિમિત્તથી કાંઈ લાભ ન થાય તો ત્યાં જાવ છો શું કરવા? ત્યારે જવાબ આપ્યો એણે. કેશવલાલે ...દશાશ્રીમાળી. ..વાળા. હુશિયાર માણસ છે હોં. ... એમ કે .. એ અમે નિમિત્તથી ન થાય ઈ દઢ કરવા ત્યાં જઈએ છીએ. પણ ઈ ન થાય એમાં આ છે. ન થાય એનું પાક્કું ...

મુમુક્ષુ :- એ પણ પાક્કું તો નિમિત્તથી થયું છે.

ઉત્તર :- નિમિત્તથી નહિ. અમે પાક્કુ થાય તે કાળે અમે આ રીતે સાંભળીએ છીએ. એમ કહે. એને ભાવ છે હોં બિચારાને. આહા..હા..! વીતરાગનો માર્ગ એવો છે. એમાં ક્યાંય જો મોળપ મૂકે તો એની દૃષ્ટિમાં ફેર પડી જશે. સ્વના આશ્રય સિવાય પરના આશ્રયે કાંઈ લાભ થાય એ વીતરાગ માર્ગ નહિ. આહા..હા..! આવી વાત લોકોને બેસવી. હવે ઘડ બેસે. .. જિજ્ઞાસુ જીવ છે. ... ભાઈ! ભલે સાંભળવાનો વિકલ્પ હોય, બધો હોય, હોય એ જાતનો. .. એમાં અંદરમાં આશ્રયે મારો આશ્રય છે એટલો મને લાભ થાય. મોહનભાઈ! આવી વાતું છે. આહા..હા..!

મુમુક્ષુ :- કોઈ આપી ન દે.

ઉત્તર :- કોઈ આપી તો ન દે, પણ પરને આશ્રયે થાય નહિ. આપી તો ન દે. આહા..હા..! આટલો મોટો ફેર છે. કહ્યું હતું ત્યાં. ... લાગ્યું. **'परदव्वादो दुग्गइ'** એવો પાઠ છે. ... પરદ્રવ્ય એટલે અમે પણ પરદ્રવ્ય છીએ ભગવાન કહે. અને આનાથી કાંઈ લાભ થાય. અમારા તરફ તમારું લક્ષ જાય તો તમને દુર્ગતિ છે. દુર્ગતિ એટલે ઓલો રાગ થાય એ તારો સ્વભાવ નથી એમ. એની ગતિ બીજી થઈ ગઈ. આહા..હા..! આવી વાત તો વીતરાગ કરે.

મુમુક્ષુ :- **'सदव्वा हु सुग्गइ होइ।'**

ઉત્તર :- **'सदव्वा हु सुग्गइ होइ।'** સ્વદ્રવ્ય આત્મા અખંડાનંદ પ્રભુ એને આશ્રયે

દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષમાર્ગ થાય. બાકી બધી વાતું છે. આ વ્યવહારના લાકડા ઘણા ગરી ગયા છેને. એ મિથ્યાત્વનું શલ્ય છે અંદર. ભારે આકરી વાત છે. આ તો સિંહણના દૂધ લોઢાને પાત્ર ન રહે. ફાડી નાખે લોઢું. એની ઈ જાતની યોગ્યતા તો અંદર શ્રદ્ધામાં હોવી જોઈએ. આહા..હા..!

અહીં તો કહે છે પોતાનો જે માર્ગ સ્વ આશ્રય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એમાંથી ખસતો કંઈક .. પોતાથી હોં. ..થી નહિ. એને સ્થિર કર. મારા સ્વઆશ્રયમાં જ મને લાભ છે. એનાથી .. થાય... આહા..હા..! ઈ '**સ્થિતિકારી છે,...**' એ પોતાના ભગવાન આત્માને સ્વને આશ્રયે સ્થિર કરે છે. નિર્જરા અધિકાર છેને. '**તેથી તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી...**' ચ્યુત થવાને કારણે. ચ્યુત થાય તો બંધ થાય. ચ્યુત થતો નથી એટલે ચ્યુત થવાને કારણે બંધ થતો નથી. આહા..હા..! સમજાણું? .. નહિ? આ તો રાજકોટ અને જામનગરની કાંઈક વાત .. હોય. ...

મુમુક્ષુ :- .. એમ કહે છે કે...

ઉત્તર :- .. અહીં રહેજો નહિતર પછી વરસાદ આવશે એમ કહે.

મુમુક્ષુ :- મોટરમાં જાવું હોય એને વરસાદ ક્યાં નડે?

ઉત્તર :- પણ ત્યાં વાંચન હોય ત્યાં બંધ બાંધ્યા હોય તમારા શું કહેવાય? પંડાળને. ત્યાં ક્યાં રહે? આહા..હા..! .. આજ દિલ્હી .. સવારમાં ... ..છે ત્યાં ભગવાનભાઈ બેઠા હતા કાંઈ બોલતા નથી. રાજકોટવાળા બધી ફરી ગયા છે. ઈ કાંઈ અહીં આવવાના નથી. આ જામનગરના ઈ પણ ... એમ છે? આહા..હા..! જાય ને આવે. નહિતર દિવાળી પછી. શું થાય?

કહે છે. આહા..હા..! શું પણ વાણી અને શું શાસ્ત્ર! ત્રણ લોકનો નાથ ભગવાન પરમાત્મા પોતે ઈશ્વર. એની ઈશ્વરતા પ્રગટ કરવા માટે પોતાનો જ આશ્રય છે. પરના આશ્રયે એને ધર્મ નથી. ત્રણ કાળમાં નથી. આહા..હા..! ભગવાનની વાણી એમ કહે છે. ભગવાન એમ પોતે કહે છે. આહા..હા..! ભગવાન એમ પોતે કહે છે અને એમ જાણે છે. કે અમારા તરફનું જ્યાં સુધી લક્ષ, ભક્તિ આદિ રહેશે. ત્યાં સુધી એને શુભરાગ છે. એને ધર્મ નહિ થાય. ૭૦માં આવી ગયું. ૧૭૦ ગાથા પંચાસ્તિકાય. સમ્યગ્દર્શન છે. પરને આશ્રયે લાભ નથી એવું જાણ્યું-માન્યું છે, સ્થિરતા પણ છે. પણ જ્યાં સુધી હજી અસ્થિરતામાં નવ તત્ત્વની શ્રદ્ધા, આગમની શ્રદ્ધા અને તીર્થંકર કહે છે કે મારી શ્રદ્ધા. એવો રાગ-દ્વેષ હશે ત્યાં સુધી મુક્તિ નહિ થાય. સમ્યગ્દર્શન થયા પછીની વાત છે ઈ. વીરજીભાઈ! શું છે આ બધું? આ તો નિમિત્તથી લાભ નહિ થાય તો નહિ ... આવ્યા .. નિમિત્તથી લાભ થાય એમ માનો છો. .. નથી. પણ એનો અર્થ શું?

મુમુક્ષુ :- બોલે કોણ?

ઉત્તર :- બોલે કોણ? મૌન રહે કોણ? આહા..હા..! ... વીતરાગ માર્ગની. .. કાઢીને વીતરાગ માર્ગે ચાલવું બહુ અલૌકિક વાત છે. એ અંતરમાંથી આવવું જોઈએ હોં. આહા..હા..! ઈ અહીં કહે છે.

મુમુક્ષુ :- ગુરુનો ઉપદેશ તો

ઉત્તર :- ગુરુનો ઉપદેશ નહિ. ગુરુ પોતે આત્મા, દેવ પોતે આત્મા અને ધર્મ પોતે આત્મા.

મુમુક્ષુ :- ત્રણે ..

ઉત્તર :- એ ત્રણનો સ્વામી છે બસ. એવા જીવને માર્ગ ચ્યુત થતો નથી માટે એને બંધન છે નહિ. ધર્મી છે એટલે. આહા..હા..! એની નિર્મળતા વધતી જાય છે એમ કહે છે. ઉજ્વળતા, શુદ્ધતા, શુદ્ધતા, .. વિનાની શુદ્ધતા વધતી જાય છે. આહા..હા..!

મુમુક્ષુ :- નિર્જરાનો અર્થ

ઉત્તર :- નિર્જરાનો ઈ શુદ્ધતા વધતી જાય છે. અશુદ્ધતા ખરે એ નિર્જરા, શુદ્ધતા એ નિર્જરા અને કર્મ ગળે એ ત્રણ પ્રકારની, પણ એમાં મુખ્ય વસ્તુ આ. આહા..હા..! અરે..! પરિભ્રમણના કાળ કરતા-કરતા ક્યાં આવ્યો? એક નિગોદમાં ... એક શ્વાસમાં અઢાર ભવ નિગોદના. એ બધા મિથ્યાત્વને લઈને છે. એને આ આત્મા અખંડાનંદ પ્રભુ ધ્રુવ ટંકોત્કીર્ણ કીધું છેને? ટંકોત્કીર્ણ શાશ્વત પદાર્થ પોતે. શાશ્વત તો પરમાણુ પણ છે. તો આ તો જ્ઞાયકભાવપણાનું શાશ્વત. જાણકસ્વભાવથી શાશ્વત છે. એવો જે ભગવાન આત્મા એમાંથી અસ્થિરતા આદિનો .. એ પોતે સ્થિર કરે છે. પોતે પોતાને સ્થિર કરે છે.

'**ભાવાર્થ :- જે, પોતાના સ્વરૂપરૂપી મોક્ષમાર્ગથી ચ્યુત થતા પોતાના આત્માને માર્ગમાં (મોક્ષમાર્ગમાં) સ્થિત કરે...**' પોતે પોતોને સ્થિર કરે એમ કહે છે. ગુરુ સ્થિર કરે, ... સ્થિર કરે એમ પણ નહિ લ્યો. આહા..હા..! પંચાસ્તિકાયમાં આવે છેને વ્યવહારનું? સમય સમયની .. કરતાં-કરતાં. એ તો અશુભ રાગમાં શુદ્ધ આવે છે .. એટલી વાત. આહા..હા..! અને દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે માટે. એટલા ... મિથ્યાત્વ અને અશુદ્ધતા તો પડી છે આખી. આહા..હા..! એની ઉજ્વળતા ચૈતન્ય ભગવાનની જેવી શક્તિ અને સ્વભાવરૂપ છે. એવું ભાન થતાં એની પર્યાયમાં ઉજ્વળતા આવે છે. એ ઉજ્વળતામાં ઉજ્વળતાનો વધારો થાય છે. એને સ્થિતિકરણ નામનો ગુણને .. નિર્જરાનું કારણ કહ્યું.

'**તેને માર્ગથી ચ્યુત થવાના કારણે થતો બંધ નથી પરંતુ ઉદય આવેલાં કર્મ રસ દઈને ખરી જતાં...**' .. બાંધેલું હોય, એ આવે... આહા..હા..! એને સમકિત દૃષ્ટિ કહીએ અને એની ઉજ્વળતાને આધારે અશુદ્ધતા ટળે છે અને કર્મ ખરે છે. આવો ભારે માર્ગ! ઈ ૩૪ થઈ લ્યો.

ગાથા-૨૩૫

जो कुणदि वच्छलत्तं तिण्हं साहूण मोक्खमग्गम्हि।
सो वच्छलभावजुदो सम्मादिट्ठी मुणेदव्वो।।२३५।।
यः करोति वत्सलत्वं त्रयाणां साधूनां मोक्षमार्गे।
स वत्सलभावयुतः सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३५।।

यतो हि सम्यग्दृष्टिः टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन सम्यग्दर्शनज्ञानचारित्राणां स्वस्माद-भेदबुद्धया सम्यग्दर्शनान्मार्गवत्सलः, ततोऽस्य मार्गानुपलम्भकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

હવે વાત્સલ્ય ગુણની ગાથા કહે છે :-

જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતષ્ટિ જાણવો. ૨૩૫.

ગાથાર્થ :- [यः] જે (ચેતયિતા) [मोक्षमार्गे] મોક્ષમાર્ગમાં રહેલા [त्रयाणां साधूनां] સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી ત્રણ સાધકો-સાધનો પ્રત્યે (અથવા વ્યવહારે આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ-એ ત્રણ સાધુઓ પ્રત્યે) [वत्सलत्वं करोति] વાત્સલ્ય કરે છે, [सः] તે [वत्सलभावयुतः] વત્સલભાવયુક્ત (વત્સલભાવ સહિત) [सम्यग्दृष्टिः] સમ્યગ્દષ્ટિ [ज्ञातव्यः] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્‌રૂપણે દેખતો (-અનુભવતો) હોવાથી, માર્ગવત્સલ અર્થાત્ મોક્ષમાર્ગ પ્રત્યે અતિ પ્રીતિવાળો છે, તેથી તેને માર્ગની *અનુપલબ્ધિથી થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- વત્સલપણું એટલે પ્રીતિભાવ. જે જીવ મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો-અનુરાગવાળો હોય તેને માર્ગની અપ્રાપ્તિથી થતો બંધ નથી. કર્મ રસ દઈને ખરી જતાં હોવાથી નિર્જરા જ છે.

ગાથા-૨૩૫ ઉપર પ્રવચન

૨૩૫. વાત્સલ્ય. પોતાના અનંતગુણોનું સ્વરૂપ તેમાં જેને વાત્સલ્ય-પ્રેમ વર્તે છે.

जो कुणदि वच्छलत्तं तिण्हं साहूण मोक्खमग्गम्हि।
सो वच्छलभावजुदो सम्मादिट्ठी मुणेदव्वो।।२३५।।
જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદષ્ટિ જાણવો. ૨૩૫.

શાહુજી એક ફેરી કહેતા. સાંભળીને પછી આવેને જરી. માથું ફરી જાય છે સાંભળતા. આ બધું ઓલામાં વ્યવહાર-વ્યવહાર ઓલામાં ઘુંચાઈ ગયા હોયને. વ્યવહારના ઓલામાં ઘુંચાઈ ગયો હોય. તકારર. શેની તકરાર? રસ ક્યાં છે? રસ બહારમાં પડ્યો છે. આ બધું સાંભળતા ... લાગે. રસ હોય તો માથુ ફરે શેનું? દઢ થઈ જાય અંદર. આહા..હા..! એમ કે આ તો ... કીધું ... લાખ-લાખ રૂપિયા આપે. ...બનાવેને ... ત્યાં એક લાખ ચાર જણામાં આપ્યા. આ સાહિત્ય આવું કોઈ બનાવે. વીતરાગનું ... સાહિત્ય છે. એના માટે .. રુચિ હોય તો આ હોવું જોઈએને. ઓલી રુચિ બહારની છે એમ. .. લીધું શું કહેવાય ઈ? ખાણિયા ચર્ચા. કેટલું એમાં .. બધા સામે એકલા ઉભા રહીને. આવું સાહિત્ય બહાર પડે એને માટે જરી હોય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વાત સાચી. .. પૈસા આપી દીધા... ક્યાં ભાન હતી .. સાહિત્યની ભાષામાં .. થાય. વર્ષે લાખ આપે છે. આહા..હા..! એ .. આ મેં ક્યાં કર્યું છે? મેં તો જૈનધર્મની .. મારી દઢતા છે, મારો ભાવ છે. ... એ કરતા ... નીકળ્યો છે. એવો નીકળ્યો છે. .. ક્ષયોપશમ.. નિર્મનતા પાછી. આ જ વાત સાચી છે અને આ વાતના પ્રસાર અને પ્રચાર માટે મારે જીવવું છે. આ સિવાય બીજી વાત હવે મારે કરવાની થતી જ નથી એમ કહે છે. .. શું કહેવાય? ... છે. આ માર્ગ જે છે એ માર્ગનો પ્રચાર અને પ્રસાર એ જ મારા ... બાકી બીજી કોઈ ચીજનો મારે ... કરવો. ખુશી થઈને જુઓને કેટલા રૂપિયા મોકલ્યા હતા કોકે. ખુશાલીના. આહા..હા..! આવો .. આ પુસ્તકો બાળકને માટે જ્ઞાન. ભાઈએ મૂક્યું છેને બધું? કિંમત ઘટાડીને. છોકરાને બહુ સારું છે. આવું સાહિત્ય. બાળ જીવન વિષય આખો.. આહા..હા..! .. સત્યના ધોરણમાં સત્ય આપવું જોઈએ કે બીજું અસત્ય આપવું? નાના બાળકથી કીધુંને.. નાટકમાં. વડોદરા. ૬૪ની સાલ. 'શુદ્ધોસી બુદ્ધોસી નિર્વિકલ્પોસી...' આહા..હા..! બાળકને કાને ... અવ્યક્તપણે. શંકોરામાં પાણી નાખતા-નાખતા .. પછી રહેશે

બહાર આવી જશે પાણી. કોડીયું ચુસે. દેખાય નહિ બહારથી. પછી હળવે-હળવે બહાર આવે. એમ ત્રણ લોકનો નાથ વીતરાગ મૂર્તિ સાક્ષાત્ ભગવાન છે. એને પરની કોઈ અપેક્ષા નથી. એવો શુદ્ધબુદ્ધ ઘન આનંદ .. ચૈતન્ય સત્ય એ આનંદની .. ચૈતન્યનું નૂરનું પૂર પ્રભુ છે. એને કાને નાખને પહેલો કે તું આ છો. પર્યાય પણ નહિ અને રાગ પણ નહિ. .. મારા. સમજાણું કાંઈ? એય..! ભગવાનજીભા! રાગ પણ નહિ, કર્મ પણ નહિ અને એક સમયની પર્યાય પણ નહિ તું. વ્યવહાર આત્મા, અભૂતાર્થ આત્મા. આવો ભગવાન પૂર્ણાનંદનો નાથ. આહા..હા..! એવા સમ્યગ્દષ્ટિને એવા આત્માના અનુભવની દષ્ટિ હોવાથી એને પોતાના ગુણો પ્રત્યે જ પ્રેમ છે. બીજા પ્રત્યે પ્રેમ હોતો નથી. એ કહે છે જુઓ.

'**ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ,...**' ધર્મી એને કહીએ કે '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' શાશ્વત જે આનંદરસ એવો જ્ઞાયકરસ, જ્ઞાયકભાવ એટલે જ્ઞાયકસત્ત્વ. સત્નું જ્ઞાયકભાવરૂપી સત્ત્વ એવા પણાને લીધે. જ્ઞાયકના સત્ત્વવાળું જે સત્ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એને '**લીધે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતો...**' લ્યો, આહા..હા..! એવું જ્ઞાયકભાવ જે સત્ત્વ એવું પ્રભુ એને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાથી અભેદપણે દેખે છે. એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ દ્રવ્યમાં અભેદ છે. અભેદનો અર્થ એક થઈ ગયા નથી, પણ આમ વળીને અભેદથી.. આહા..હા..! સમ્યક્પણે અનુભવતો એમ. વસ્તુનો સ્વભાવ પૂર્ણ જ્ઞાયકભાવ એની અંતરમાં નિશ્ચય પ્રતીતિનું પરિણમન, નિશ્ચય સ્વસંવેદનના જ્ઞાનનું પરિણમન અને સ્વરૂપની સ્થિરતાનું, ચારિત્રનું જે પરિણમન એ અભેદપણે એને દેખે છે. અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખે છે. આહા..હા..!

આ માર્ગ અને માર્ગ જેને આશ્રયે થયો બધું એક છે. ભેદ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? જુઓને કેવી ટીકા કરી છે! ત્રણને '**પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતો...**' આત્માથી ત્રણ અભેદ છે. એમ અભેદપણે-સમ્યક્પણે દેખતો. ફરીને. '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' જીવને. '**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને પોતાથી અભેદબુદ્ધિએ સમ્યક્પણે દેખતો...**' આહા..હા..! એનો એને પ્રેમ થયો એટલે અભેદપણે દેખે છે એમ કહે છે. આ વાત પહેલી. સમજાણું કાંઈ? આહા..હા..! પોતે જે જ્ઞાયકભાવ વસ્તુ એનું દર્શન, એનું જ્ઞાન અને એનું ચારિત્ર. એને પોતાથી એટલે સ્વથી તે પર્યાયને અભેદપણે, એકપણે સાચી રીતે દેખતો, અનુભવતો. આહા..હા..! હોવાથી. આ રીતે હોવાથી. આહા..હા..! વ્યવહારનો વિકલ્પ ચારિત્ર અને વ્યવહાર જ્ઞાન એ વાત તો ક્યાંય રહી ગઈ. આહા..હા..! એ તો હેયબુદ્ધિએ જાણે એને. એને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! એ સંબંધીનું પોતાનું જ્ઞાન અને એનું જ્ઞાન જે પરસંબંધી પોતાનું જ્ઞાન. એવી જ્ઞાનપર્યાયને, ચારિત્ર

પર્યાયને, દર્શન પર્યાયને પોતાના ત્રિકાળ દ્રવ્ય સ્વભાવથી એકરૂપ, અભેદરૂપ અનુભવતો. આ વાત્સલ્યનો અર્થ ચાલ્યો આ. આહા..હા..!

'**मार्गवत्सल अर्थात् मोक्षमार्ग प्रत्ये अति प्रीतिवाळो छे,...**' આહા..હા..! વસ્તુ જે છે ત્રિકાળ એનાથી થયેલી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એને પોતાથી એકરૂપે દેખતો. આહા..હા..! પર્યાય ભિન્ન અને દ્રવ્ય ભિન્ન એમ નહિ એમ કહે છે. આ શબ્દો સાંભળવા કઠણ પડે માણસને કે આ શું કહે છે? એટલે કે વસ્તુ જે છે ચૈતન્ય પ્રભુ. ..છેને એમાં પણ? એ પદ પણ આવી ગયું. ભલે આમાં ન હોય. શબ્દ નથી.

મુમુક્ષુ :- જો શબ્દ છેને.

ઉત્તર :- હા, જો છે એટલે સમકિતી લ્યો. આ તો ઓલું ચેદા શબ્દ આવે છેને. જો સમકિત દૃષ્ટિ એમ. '**सम्मादिट्ठी मुणेदव्वो।**' '**चेदा**' આવે છે બેય ગાથામાં. દરેકમાં આવે છે જુઓને. '**उम्मग्गं गच्छंतं सगं पि मग्गे ठवेदि जो चेदा।**' એમ. એમ કે સમુચ્ચય જોવું. એ જો કોઈ આત્મા, જો કોઈ '**चेदा**' એટલે આત્મા. ચેતયિતાનયભાવપણાને લઈને સમકિતી. પોતામાં અખંડ આનંદની સાથે, અખંડ આનંદરૂપ પ્રભુ એની સાથેની દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્રને અભેદ દેખે છે. કહો, ગીરધરભાઈ! આવું કોઈ તો ક્યાંય સાંભળ્યું નહિ હોય તમારા બાપના બાપે. લ્યો એના બાપે પણ સાંભળ્યું નથી ..ભાઈએ. આહા..હા..! આવો વીતરાગમાર્ગ. જ્યાં ઇન્દ્રોની સમક્ષ, ગણધરોની સમક્ષ કહેવાતું હશે એ કેવો માર્ગ છે! આહા..હા..!

જે પર્યાયમાં પ્રસિદ્ધ નથી આખું દ્રવ્ય. એ દ્રવ્યરૂપે પ્રસિદ્ધ છે, વ્યક્ત છે. આહા..હા..! મોજુદગી ભગવાન આત્મા, હયાતી પૂર્ણાનંદની છે. એ પૂર્ણાનંદની પોતે .. અંતર્મુખ એને જ્ઞાન અને એને ચારિત્ર એ ત્રણને પોતાથી એટલે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાથી એ પર્યાયને અભેદપણે જાણે છે. અભેદપણે અનુભવે છે. કહો, સમજાણું કાંઈ? આ તો બહુ સ્પષ્ટીકરણ જાય એટલે ધ્યેય આમ જાય છે માણસ. આહા..હા..! વ્યવહારને દેખે છે અને જાણે છે એમ પણ નથી અહીં તો. એ તો વ્યવહાર .. જ્ઞાન પોતાનું પોતે પોતાથી ... જોવું. તેની શ્રદ્ધા અને સ્થિરતા એમાં એ સંબંધીનું જ્ઞાન એ તો પોતાનું જ્ઞાન છે. એમાં એને અભેદ દેખે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

.. સાધુ એવા શબ્દ છેને? એટલે ત્રણ લીધા છે. સાધકભાવ લીધો છે ત્રણ. વ્યવહારે ત્રણ સાધુ. સાધકને જે વસ્તુના સ્વરૂપને સાધે છે એને સ્થિર કરે, એને વાત્સલ્ય કરે એ શુભભાવ છે. ... બેય. .. એ કાલે નાખ્યું હતું ત્યાં. છેને અહીં છે જુઓને. '**मोक्षमार्गमां रहेला सम्यग्दर्शन-ज्ञान-चारित्ररूपी त्रण साधको-साधनो प्रत्ये (अथवा व्यवहारे आचार्य, उपाध्याय अने मुनि-ए त्रण साधुओ प्रत्ये)...**' છેને એનો ધ્વનિ ઉઠે છે.

સાચા સમકિતી દષ્ટિ સાધુ. છેને? આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ એના પ્રત્યે પણ સમકિતીને શુભ વિકલ્પનો પ્રેમ હોય છે બસ. અજ્ઞાનીઓ પ્રત્યે એને પ્રેમ હોતો જ નથી. ઉપેક્ષા છે. આવા ધર્માત્મા પ્રત્યે વ્યવહારે વિકલ્પનો પ્રેમ છે એ કહે છે. નિર્વિકલ્પથી અભેદનો આમ પ્રેમ છે...પોતાની જે વસ્તુ એની જે પ્રતીત, જ્ઞાન અને રમણતા એને પોતાથી એકરૂપે દેખે, એકરૂપે અનુભવે છે. બે વચ્ચેનો ભેદ .. કે આ દ્રવ્ય છે અને આ પર્યાય એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**(–અનુભવતો) હોવાથી,...**' અથવા એ ટીકામાં લખ્યું છે એ અર્થમાં. કે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સાચા સમ્યગ્દષ્ટિ જે હોય સાધુ, આચાર્ય આદિ. એના પ્રત્યે પણ ધર્માત્મા સમકિતીને વ્યવહાર એટલે વિકલ્પનો પ્રેમ હોય છે. આહા..હા..! .. દેહ છૂટવા ટાણે ઓલા બેને જરી વિકલ્પ આવ્યો સાધુનો લ્યો. પાંચ પાંડવમાં ત્રણ તો મોક્ષ પધાર્યા. સહોદર હતા, સાધર્મી હતા, વડેલા હતા. સાધુપણામાં વળેલા, અંદરમાં વળેલા, ..માં વળેલા સહોદર. એક ઉદરે પાંચ આવ્યા. આનંદઘનના ભેટા. એમાં એવો વિકલ્પ આવી ગયો બે જણાને. આ પ્રેમ વ્યવહાર વિકલ્પની વાત ચાલે છે. આ વ્યવહાર વિકલ્પનું ફળ...

મુમુક્ષુ :- અહીં એકલો ...

ઉત્તર :- ઈ આ ..બંધ છે, નિશ્ચયમાં નિર્જરા છે. વ્યવહાર શુદ્ધમાં અશુભની જ રહે છે. અને શુભનું બંધ પડે છે. નિર્જરા તો અશુભ નિર્જરે છે અને નિશ્ચયમાં શુભ અને અશુભ બેય નિર્જરે છે. શું કહ્યું ઈ? શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની દષ્ટિ, જ્ઞાન અને રમણતા સ્વને આશ્રયે થયેલી એ અભેદપણે દેખતા એને શુભ અને અશુભ બેયની નિર્જરા થઈ જાય છે. અને આમાં ... એવો વિકલ્પ આવે. જુઓને આવ્યોને? મુનિને આમ કેમ હશે? આહા..હા..! ધ્યાનમાં ઉભા છે. ત્રણ તો કેવળ પામ્યા. બે જણાને વિકલ્પ નાનાને આવ્યો. અરે..! સાધુને કેમ હશે? એટલા વિકલ્પમાં બે ભવ વધ્યા. એ શુભભાવ. અશુભથી ભલે નિર્જરા થઈ પણ શુભભાવ રહ્યો એ સંસાર આવ્યો, બે ભવ આવ્યા. લે આવું સ્વરૂપ વીતરાગનું. આહા..હા..!

મુમુક્ષુ :- બંધ બહુ મોટો.

ઉત્તર :- બંધ મોટો નહિ. રાગ પોતે સંસાર છે. એથી એના ફળ તરીકે બે ભવ આવ્યા. આહા..હા..! આવી વાણી વીતરાગની.

મુમુક્ષુ :- વાત્સલ્યભાવ છે.

ઉત્તર :- વાત્સલ્ય છે. વાત્સલ્ય આવ્યો ભાવ શુભ. નિર્જરા તો .. હોય ત્યાં અશુભ ... એ શુભ આવ્યું એનું તો ફળ આવી ગયું આ બંધ. ૩૩ સાગરનું આયુષ્ય બંધાઈ ગયું સર્વાર્થસિદ્ધનું. ... રાજકુંવર અવતરશે એને. આહા..હા..! વીતરાગભાવે લાભ થાય એ રાગભાવે લાભ...

મુમુક્ષુ :- .. તો દેવમાં છે.

ઉત્તર :- અત્યારે દેવમાં છે બેય જણા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વાત્સલ્યમાં. બે. ૩૩ સાગર. ..૩૩ સાગર થઈ ગયું. .. બેયનો. ત્યાંથી એકાવતારી છે. પછી મનુષ્ય થશે. આહા..હા..! આરાધકની અપેક્ષાએ આ .. આવ્યો હતો. સમજાય છે? પણ એમાં વચ્ચે આ આવ્યું એટલે જરી દુઃખ થયું એ અપેક્ષાએ વાત છે. આહા..હા..! ભારે માર્ગ, ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ તો થવાનું જ હતુંને પણ આ તો એ પ્રકાર ભજ્યો છે આ કારણને? બે ભવ થયા એ શુભભાવ હતો તો બે ભાવ થયા. શુભભાવનું ફળ છે એ. આ કાંઈ શુભભાવમાં અહીં એકાગ્રતા વધી છે અને શાંતિ વધી એમ ફળ છે એનું? 'એવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.' સમ્યક્પણે અનુભવતો એમ સમ્યક્પણે સાધુ, આચાર્ય, ઉપાધ્યાય સમકિતી જ્ઞાની ભાવલિંગી સંત એના પ્રત્યેનો પ્રેમ એમાં અશુભ નિર્જરે છે, શુભથી બંધ છે.

'**અતિ પ્રીતિવાળો છે, તેથી તેને માર્ગની અનુપલબ્ધિથી...**' માર્ગનું પ્રત્યક્ષ ન હોવું. અજ્ઞાન અને અપરાધથી એ નથી. એનાથી બંધ નથી. નિર્જરા જ છે. આહા..હા..! શુભભાવમાં આવ્યો એમાં અશુભનો રસ કેમ જ્ઞાનીને હોય? આહા..હા..! અશુભ આવે ખરો ... કર્યું છે. આર્તધ્યાન .. જાય છે. કોઈવાર આવી જાય છે. આર્તધ્યાન છેને. રૌદ્ર ધ્યાન પછી આઠમા સુધી હોય. આહા..હા..! રૌદ્ર ધ્યાન જ્ઞાનીને હોય પાંચમે હોય. છતાં કહે છે કે સમકિતીને આસ્રવ અને બંધ નથી. આહા..હા..! કારણ કે એની દૃષ્ટિમાં અને દૃષ્ટિના વિષયમાં એ કાંઈ છે જ નહિ. બહાર રહી ગઈ વાત. .. જ્ઞાનની વાત .. પર્યાયમાં એટલી અશુદ્ધતા બાકી છે. એનો બંધ પણ પડે છે. એ ટળવા માટે આવશે. ટાળશે પછી ભવિષ્યમાં. એથી એને પરંપરા શુભભાવને કહ્યું. ત્યાં અશુભને પરંપરા મોક્ષનું કારણ કહે છેને.

'**ભાવાર્થ :- વત્સલપણું એટલે પ્રીતિભાવ.**' નિર્જરામાં આવે છેને .. ગાથામાં. .. માર્ગના .. જીવ ...પ્રીતિનો અર્થ એકાગ્રતા હોં. અહીં રતિનો રાગ કરવો એમ નથી અહીંયાં. પ્રીતિનો અર્થ રાગ કરવો એમ નથી. સ્વરૂપની એકાગ્રતા એ જ સ્વરૂપની પ્રીતિ અને રુચિ છે. આહા..હા..! વ્યવહારના પક્ષીઓને તો આ વાત એવી લાગે. આ તો બધો વ્યવહાર ઉડી જાય છે. ઉડી જાય નહિ છે જ નહિ એમાં. ઉડે શું? સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાનની રમણતામાં વ્યવહાર-ફ્યવહાર છે જ નહિ. આહા..હા..! '**વત્સલપણું એટલે પ્રીતિભાવ. જે જીવ મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો...**' મોક્ષમાર્ગરૂપી પોતાના સ્વરૂપ પ્રત્યે પ્રીતિવાળો '**અનુરાગવાળો હોય તેને માર્ગની અપ્રાપ્તિથી થતો બંધ નથી. કર્મ**

રસ દઈને ખરી જતાં હોવાથી...' રાગ જરી થયો ખરી જાય છે. કર્મ પણ ખરી જાય છે. ખરી જાય છે. આવે છેને કર્તાકર્મમાં? એને શરણ નથી. શરણમાં આવે છેને? નિમિત્ત ઉદય આવ્યોને ખરી જાય, કર્મ લઈને ખરી જાય છે. એને શરણ ક્યાં છે? રાગભાવ એ શરણ નથી. નિમિત્ત હોય ત્યાં જાય. ..માં આવે છે. આહા..હા..! ભારે પણ! .. તો હીરા પાક્યા છે.

કહે છે જેને આત્માના આનંદનો પ્રેમ છે. એટલે કે અતીન્દ્રિય આનંદની સમ્યગ્દૃષ્ટિ થઈ છે. એને દર્શન-જ્ઞાન-ચારિત્રના ભાવને પોતાથી એકપણે અનુભવે એને મોક્ષમાર્ગમાં પ્રીતિ છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! કંઈક ઉદય આવે અને ખરી જાય છે. દેખાવ. ..ને દેખાડેને ... ઉદય આવીને ખરી જાય. ... એ સાતમો બોલ થયો. સમકિતીનો સાતમો બોલ.

હવે સમકિતીનો આઠમો બોલ. જેને સમ્યગ્દર્શન આત્માનો અનુભવ ચૈતન્યમૂર્તિ આનંદઘન એવો અનુભવ થઈને પ્રતીત થઈ છે એને અહીંયાં સમકિતી અને ધર્મી શરૂઆતવાળો જીવ કહેવામાં આવે છે. આહા..હા..! આવું જેને અંતર નથી એ બધા ગમે તેટલા વ્રત ને તપ ને પૂજા, ભક્તિ કરે એ બધો સંસાર ખાતર ક્લેશ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? પ્રભાવના એમ કહે છેને અહીં? અંતર સ્વરૂપ ભગવાન પુણ્ય અને પાપના વ્યવહારથી રહિત ચિદ્‌ઘન આનંદકંદનો નાથ પરમાત્મા પોતે ઈશ્વર એની જેને અંતર સન્મુખ થઈને રાગ અને વ્યવહારથી વિમુખ થઈને અંતર જેને સ્વને આશ્રયે સમ્યગ્દર્શન અપૂર્વ જેને અનંતકાળમાં નહિ થયું એવું થયું હોય એ જીવને પ્રભાવના હોય છે. પોતાની શુદ્ધિ સમયે સમયે વધે એનું નામ પ્રભાવના. આહા..હા..!

મુમુક્ષુ :- પતાસા નહિ?

ઉત્તર :- પતાસા. એ તો શુભરાગ છે. એની સાથે કાંઈ સંબંધ નથી. ત્યાં પ્રભાવના આત્માની પ્રભાવના બહાર રહેતી હશે? ઝીણી વાતું છે, બાપુ! વીતરાગ માર્ગ એવો ઝીણો છે અને એવો મીઠો છે અને એવો ફળદાયક છે. એવો અનંતકાળમાં બીજે હોઈ શકે નહિ. આહા..હા..! એને તો મુનિવ્રત પણ અનંતવાર લીધા છે. અનંતવાર દીક્ષાઓ લીધી, નગ્ન સાધુ અનંતવાર થયો, અનંતવાર પંચ મહાવ્રત પાળ્યા પણ એ બધો રાગ હતો. વીતરાગમાર્ગ તો એ રાગથી ભિન્ન અંદર ચૈતન્ય છે. આહા..હા..! એવી અંતરદૃષ્ટિના જોરમાં શુદ્ધિની વૃદ્ધિ થતી જાય છે તેને અહીંયાં પ્રભાવના કહેવામાં આવે છે. આહા..હા..! આ પતાસાની પ્રભાવના અને પેંડાની રાખેને ત્યાં પ્રભાવના. ભાવનગરવાળાએ પ્રભાવના કરી લ્યો .. છેલ્લો દિ' હતોને ત્યાં .. ફોટા પાડ્યા ભાઈએ. હીરાલાલ-હીરાલાલ. ભાવનગરવાળા નહિ? દુકાનમાં એને કાજુ ને દ્રાક્ષ ને પીપરમેટ કેટલાય લાવ્યો. સૌને આપ્યા. છોકરા. કોઈ બહારના માણસ ખબર પડી તો એને પણ આપ્યું. ખોબે-ખોબે કાજુ અને દ્રાક્ષ. હવે એમાં શું છે? એ તો શુભભાવ

હોય તો ... એમાં ધર્મ ક્યાં આવ્યો?

મુમુક્ષુ :- પ્રભાવના કરવી..

ઉત્તર :- રુચિ તો અહીં અંદરની થાય એ રુચિ. રુચિ છે માટે આ ક્રિયા થાય એમ છે? એ રુચિ તો અરૂપી નિર્વિકલ્પ... એવી વાત છે ઝીણી બહુ ભાઈ! વીતરાગનો માર્ગ ઝીણો બહુ.

મુમુક્ષુ :- કરવું બધુંય અને કરવું કાંઈ નહિ.

ઉત્તર :- કરવું નહિ હોય છે એમ, જણાય છે એમ. આવું હોય ત્યાં છે એ જણાય છે. આહા..હા..! ભગવાન આવ્યા હોય અને કોઈ સંભળાવે એવું તો એમાં લાખો-કરોડો.. પોતાના દાગીના હોય પહેરેલા. ભગવાન અહીં પધાર્યા છે બહાર. .. આપણને ખબર નથી. એને સંભળાવ્યું હોય ... પોતા આગળ જેટલા દાગીના હોય એ ઉતારીને આપી દે. .. ભવમાં વળવું પડે નહિ .. જા. પણ ઈ બધો શુભભાવ છે. સમજાણું કાંઈ? ધર્મ નહિ. ધર્મ તો એ શુભરાગથી ભિન્ન પડીને ચૈતન્ય શુદ્ધ આનંદનો નાથ અતીન્દ્રિય સ્વરૂપ એને અનુભવે અને એનો આશ્રય કરે ત્યારે ધર્મ થાય. બાકી બધા એકડા વિનાના મીંડા છે. આહા..હા..! ભારે કામ, ભાઈ! ઈ અહીં કહે છે. પ્રભાવના ગુણ શબ્દ વાપર્યો છેને? ભાષા શું વાપરે ભાઈ! છે પર્યાય. સમકિત એ ગુણ એ પર્યાય છે. કેવળજ્ઞાન પર્યાય છે તો પછી સમકિત પર્યાય છે એ ગુણ ક્યાં... ત્રિકાળ આનંદનો નાથ અનંતગુણનો પિંડ સામાન્ય ધ્રુવ એ પોતે જ નિત્ય છે આત્મા અને એના ગુણો પણ નિત્ય છે, ધ્રુવ છે. એને અવલંબીને પ્રગટેલી દશા તેને ગુણ કહેવો એ પર્યાયને આરોપિત ગુણ કહેવાય છે. એવા પ્રભાવના ગુણની ગાથા કહેવામાં આવશે લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

ગાથા-૨૩૬

विज्जारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा।
सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेदव्वो।।२३६।।
विद्यारथमारूढः मनोरथपथेषु भ्रमति यश्चेतयिता।
स जिनज्ञानप्रभावी सम्यग्दृष्टिर्ज्ञातव्यः।।२३६।।

यतो हि सम्यग्दृष्टिः, टङ्कोत्कीर्णैकज्ञायकभावमयत्वेन ज्ञानस्य समस्तशक्तिप्रबोधेन प्रभावजननात्प्रभावनाकरः, ततोऽस्य ज्ञानप्रभावनाऽप्रकर्षकृतो नास्ति बन्धः, किन्तु निर्जरैव।

હવે પ્રભાવના ગુણની ગાથા કહે છે :-

ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવરકર સમકિતદષ્ટિ જાણવો. ૨૩૬.

ગાથાર્થ :- [यः चेतयिता] જે ચેતયિતા [विद्यारथम् आरूढः] વિદ્યારૂપી રથમાં આરૂઢ થયો થકો (-ચડયો થકો) [मनोरथपथेषु] મનરૂપી રથ-પંથમાં (અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં) [भ्रमति] ભ્રમણ કરે છે, [सः] તે [जिनज्ञानप्रभावी] જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના કરનારો [सम्यग्दृष्टिः] સમ્યગ્દષ્ટિ [ज्ञातव्यः] જાણવો.

ટીકા :- કારણ કે સમ્યગ્દષ્ટિ, ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા-વિકસાવવા-ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી, પ્રભાવના કરનાર છે, તેથી તેને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી (અર્થાત્ જ્ઞાનની પ્રભાવના નહિ વધારવાથી) થતો બંધ નથી પરંતુ નિર્જરા જ છે.

ભાવાર્થ :- પ્રભાવના એટલે પ્રગટ કરવું, ઉદ્યોત કરવો વગેરે; માટે જે પોતાના જ્ઞાનને નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે-વધારે છે, તેને પ્રભાવના અંગ હોય છે. તેને અપ્રભાવનાકૃત કર્મબંધ નથી, કર્મ રસ દઈને ખરી જાય છે તેથી નિર્જરા જ છે.

આ ગાથામાં નિશ્ચયપ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે. જેમ જિનબિંબને રથમાં સ્થાપીને નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે, તેમ જે વિદ્યારૂપી (જ્ઞાનરૂપી) રથમાં આત્માને સ્થાપી મનરૂપી (જ્ઞાનરૂપી) માર્ગમાં ભ્રમણ કરે તે જ્ઞાનની પ્રભાવનાયુક્ત

સમ્યગ્દૃષ્ટિ છે, તે નિશ્ચયપ્રભાવના કરનાર છે.

આ પ્રમાણે ઉપરની ગાથાઓમાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને નિઃશંકિત આદિ આઠ ગુણો નિર્જરાનાં કારણ કહ્યા. એવી જ રીતે અન્ય પણ સમ્યક્ત્વના ગુણો નિર્જરાનાં કારણ જાણવા.

આ ગ્રંથમાં નિશ્ચયનયપ્રધાન કથન હોવાથી નિઃશંકિત આદિ ગુણોનું નિશ્ચય સ્વરૂપ (સ્વ-આશ્રિત સ્વરૂપ) અહીં બતાવવામાં આવ્યું છે. તેનો સંક્ષેપ (સારાંશ) આ પ્રમાણે છે - જે સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક હોય, ભયના નિમિત્તે સ્વરૂપથી ડગે નહિ અથવા સંદેહયુક્ત ન થાય, તેને નિઃશંકિત ગુણ હોય છે. ૧. જે કર્મનાં ફળની વાંછા ન કરે તથા અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે, તેને નિઃકાંક્ષિત ગુણ હોય છે. ૨. જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે, તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે. ૩. જે સ્વરૂપમાં મૂઢ ન હોય, સ્વરૂપને યથાર્થ જાણે, તેને અમૂઢદૃષ્ટિ ગુણ હોય છે. ૪. જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે, આત્માની શક્તિ વધારે, અન્ય ધર્મોને ગૌણ કરે, તેને ઉપબૃંહણ અથવા ઉપગૂહન ગુણ હોય છે. ૫. જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે, તેને સ્થિતિકરણ ગુણ હોય છે. ૬. જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે, તેને વાત્સલ્ય ગુણ હોય છે. ૭. જે આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે-પ્રગટ કરે, તેને પ્રભાવના ગુણ હોય છે. ૮. આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે જે કર્મબંધ થતો હતો તેને થવા દેતા નથી. વળી આ ગુણોના સદ્‌ભાવમાં, ચારિત્રમોહના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે તોપણ તેમની (-શંકાદિની) નિર્જરા જ થઈ જાય છે, નવો બંધ થતો નથી; કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.

સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદયનિમિત્તે સમ્યગ્દૃષ્ટિને જે બંધ કહ્યો છે તે પણ નિર્જરારૂપ જ (-નિર્જરા સમાન જ) જાણવો કારણ કે સમ્યગ્દૃષ્ટિને જેમ પૂર્વે મિથ્યાત્વના ઉદય વખતે બંધાયેલું કર્મ ખરી જાય છે તેમ નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે; તેને તે કર્મના સ્વામીપણાનો અભાવ હોવાથી તે આગામી બંધરૂપ નથી, નિર્જરારૂપ જ છે. જેવી રીતે-કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે તેમાં તેને મમત્વબુદ્ધિ નથી, વર્તમાનમાં તે દ્રવ્યથી કાંઈ કાર્ય કરી લેવું હોય તે કરીને કરાર પ્રમાણે નિયત સમયે ધણીને આપી દે છે; નિયત સમય આવતાં સુધી તે દ્રવ્ય પોતાના ઘરમાં પડ્યું રહે તોપણ તે પ્રત્યે મમત્વ નહિ હોવાથી તે પુરુષને તે દ્રવ્યનું બંધન નથી, ધણીને દઈ દીધા બરાબર જ છે; તેવી જ રીતે-જ્ઞાની કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી તેને તે પ્રત્યે મમત્વ નથી માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું.

આ નિઃશંકિત આદિ આઠ ગુણો વ્યવહારનયે વ્યવહારમોક્ષમાર્ગ પર નીચે પ્રમાણે

લગાવવા :- જિનવચનમાં સંદેહ ન કરવો, ભય આવ્યે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગવું નહિ, તે નિઃશંકિતપણું છે. ૧. સંસાર-દેહ-ભોગની વાંછાથી તથા પરમતની વાંછાથી વ્યવહાર-મોક્ષમાર્ગથી ડગવું નહિ તે નિષ્કાંક્ષિતપણું છે. ૨. અપવિત્ર, દુર્ગંધવાળી-એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી તે નિર્વિચિકિત્સા છે. ૩. દેવ, ગુરુ, શાસ્ત્ર, લોકની પ્રવૃત્તિ, અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ-ઈત્યાદિમાં મૂઢતા ન રાખવી, યથાર્થ જાણી પ્રવર્તવું તે અમૂઢદૃષ્ટિ છે. ૪. ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો અને વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે. ૫. વ્યવહારમોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિત કરવો તે સ્થિતિકરણ છે. ૬. વ્યવહારમોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો તે વાત્સલ્ય. ૭. વ્યવહારમોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે ઉદ્યોત કરવો તે પ્રભાવના છે. ૮. આ પ્રમાણે આઠે ગુણોનું સ્વરૂપ વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું. અહીં નિશ્ચયપ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે. સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદૃષ્ટિમાં બન્ને પ્રધાન છે. સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.

વૈશાખ વદ-૧, શુક્રવાર, તા. ૧૮-૦૫-૧૯૭૩
ગાથા-૨૩૬, પ્રવચન-૩૮૧

विज्जारहमारूढो मणोरहपहेसु भमइ जो चेदा।
सो जिणणाणपहावी सम्मादिट्ठी मुणेदव्वो।।२३६।।

એનું હરિગીત.

ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવરકર સમકિતદૃષ્ટિ જાણવો. ૨૩૬.

એનો ગાથાર્થ લઈએ. '**જે ચેતયિતા...**' એટલે જે આત્મા. એ આત્મા એટલે આનંદ અને જ્ઞાનસ્વભાવી આત્મા. ચેતયિતા એટલે ચેતનારો, જાણનારો. જ્ઞાયકસ્વભાવે જાણનારો. એ આત્મા શરીરરૂપે નથી, કર્મરૂપે નથી, એ શુભ-અશુભના રાગના વિકલ્પરૂપે એ નથી. એ આત્મા... દરબારે તો ત્યાં સાંભળ્યું છે નહિ? દરબાર! મુંબઈમાં. .. સાંભળ્યું છે. વ્યાખ્યાનમાં આવતા હતા. રોજ આવતા. છેલ્લે દિ' તો બહુ માણસ. બહુ માણસ. ...

મુમુક્ષુ :- અમારી .. માગણી.

ઉત્તર :- હા માગણી હતી. લોકોની માગણી હતી. આ ઝીણી વાત ત્યાં હતી. સાંભળતા હતા બધા. સમજે નહિ. પણ આ સોનગઢમાં ચાલે એ કરતા ત્યાં ઝીણું હતું. આહા..હા..!

કહે છે સર્વજ્ઞ પરમાત્મા જેને ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન સ્વભાવમાં હતું એ પ્રગટ કર્યું. એ પરમાત્મા એમ કહે છે. સંત કહે છે કે પરમાત્મા કહે છે બેય એક જ છે. કે આ આત્મા. એટલે આત્મા એટલે પાછો ચેતયિતા શબ્દ છેને? આત્મા એટલે જ્ઞાન અને આનંદના સ્વભાવથી ભરેલો એ આત્મા. એ '**વિદ્યારૂપી રથમાં આરૂઢ...**' કહે છે કે અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ જ્ઞાનરૂપી રથમાં જે આરૂઢ થાય એને પુણ્ય અને પાપના વિકલ્પ નહિ. આહા..હા..! ઝીણી વાતું. એણે અનંતકાળથી પોતાની જાત જાણી નથી. એ જાત છે એ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપે છે પ્રભુ! આ તો બધી બહારની ચીજો છે. આ તો શરીર, વાણી, મન, અંદર દાન, વ્રત, ભક્તિના પરિણામ થાય એ પણ પુણ્ય અને રાગ અને વિકાર છે. એ કાંઈ આત્મા નથી. હિંસા, જૂઠું, ચોરી, વિષય, આ વાસના જગતની, આ વેપાર, ધંધાના, કામકાજના ભાવ એ બધા વિકારીભાવ, દુઃખરૂપભાવ. એ આત્મા નથી.

અહીં ચેતયિતા શબ્દ પડ્યો છેને પહેલો? એ તો જાણનારો-દેખનારો છે. એ પોતાના જ્ઞાનસ્વરૂપમાં વિદ્યમાન જે ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવ એની જ્ઞાનની દશામાં એકાકાર થઈને વિદ્યારૂપી રથમાં. એ જ્ઞાનરૂપી રથમાં આરૂઢ થઈને '**મનરૂપી રથ-પંથમાં...**' એટલે જ્ઞાનની એકાગ્રતારૂપી અંદર પંથ. આહા..હા..! ઝીણી વાતું બહુ! સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન એના જ્ઞાનમાં ચડતો અને જ્ઞાનરૂપી એકાગ્રદશા કરતો એ '**(અર્થાત્ જ્ઞાનરૂપી જે રથને ચાલવાનો માર્ગ તેમાં)...**' એ અંદર એકાગ્ર થવાનો માર્ગ. '**ભ્રમણ કરે છે,...**' અંદર આનંદસ્વરૂપમાં ચૈતન્યમૂર્તિમાં જે કોઈ એકાગ્ર થઈને પરિણમન કરે છે, '**ભ્રમણ કરે છે, તે...**' સાચો ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! આવું ધર્મનું સ્વરૂપ!

'**તે જિનેશ્વરના જ્ઞાનની પ્રભાવના...**' એટલે કે જિનેશ્વર એટલે આત્મા હોં અહીંયાં. આત્મા પોતે વીતરાગમૂર્તિ જ અંદર છે ચિદાનંદસ્વરૂપ. એવા જ્ઞાનના માર્ગને અંતર એકાગ્ર થઈને પ્ર-વિશેષ શુદ્ધિની વૃદ્ધિ કરે તેને ધર્મી કહેવામાં આવે છે. આહા..! ભારે વાતું આકરી! એણે અનંતકાળમાં એ આત્મા શું અને એમાં શું કર્તવ્ય? દૃષ્ટિમાં લીધું નથી. આ જગતની બધી હોળીયું સળગાવી.

મુમુક્ષુ :- હોળીયું સળગાવી?

ઉત્તર :- આ રાગ અને દ્વેષ. આનું આ કર્યું અને આનું આ કર્યું.

મુમુક્ષુ :- કરવું કે ન કરવું?

ઉત્તર :- કરી શકે જ છે ક્યાં? માને છે. આહા..હા..! ભજનમાં એક આવ્યું હતું. નિમિત્તાધીન

થઈને રાગનો કર્તા ઈ માને છે. ભજનમાં એક આવ્યું હતું. અહીંની બધી વાતું ગઈ છેને બહાર? ભજન છેને ઓલું? ચોપડી આવી છેને ક્યાંક. એમાં એક ઠેકાણે કોક કાંઈક. છે તો ઓલો. એમાં નાખ્યું જરી કાંઈક. નિમિત્તાધીન થઈને...

મુમુક્ષુ :- ગોહાટીવાળા ભવાનભાઈ.

ઉત્તર :- હા ઈ ગોહાટીવાળા ભવાનભાઈ નહિ? એ સાચી વાત.

મુમુક્ષુ :- છેલ્લા પાને.

ઉત્તર :- છેલ્લા પાને છે ખરું ક્યાંક. એ છે. 'દૃષ્ટિ નિમિત્તાધીન રહીને પરકર્તા ચિત્ત લાયો, જો પરિણમે સોહી કર્તા ઐસો મંત્ર બતાયો.' રાગને આધીન થઈને વિકલ્પ હો દયા, દાન, વ્રત, ભક્તિનો શુભરાગ. આ હિંસા, જૂઠું, રળવું, કમાવું ઈ ભાવ તો પાપ છે. ભગવાનજીભાઈ! આહા..હા..! પણ દયા, દાન, વ્રતાદિ વૃત્તિ ઉઠે છે એ શુભરાગ છે. એને આધીન થાય છે ત્યારે રાગનો કર્તા અજ્ઞાનીને ભાસે છે. કારણ કે એ રાગરૂપે થાય છે, પરિણમે છે. આહા..હા..! પણ ઈ એનું સ્વરૂપ નથી. એણે એવું તો અનંતવાર કર્યું, પણ જન્મ-મરણના આરા એના ન આવ્યા. ચોર્યાસીના છેડા...

કહે છે ઈ જિનજ્ઞાન પ્રભાવી. વીતરાગી જ્ઞાનનો પ્રભાવ કરનારો. આહા..હા..! શાસ્ત્રજ્ઞાન અને બહારના વિકલ્પવાળું જ્ઞાન એનાથી વૃદ્ધિ એ તો બધો શુભભાવ છે કહે છે. આહા..હા..! ચૈતન્યબિંબ પ્રભુ, પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ. એના પ્રજ્ઞામાં, જ્ઞાનમાં એકાગ્ર થઈને રમણતા કરે એ વીતરાગી જ્ઞાનની પ્રભાવના કરે છે. વીતરાગી જ્ઞાન એટલે પોતાનો સ્વભાવ. આહા..હા..!

મુમુક્ષુ :- .. સ્થિર થતાં.

ઉત્તર :- અંદરમાં.

મુમુક્ષુ :- કોઈ બહાર ગામમાં નહિ?

ઉત્તર :- બહાર ગામ ક્યાં હતો? રાગમાં નથી ત્યાં બહાર ક્યાં આવ્યો? આહા..હા..! માણસો વાતું કરે .. જઈને. બહાર ગામ એમ પૂછે ભાઈ! આ મુંબઈ જઈને કેટલા માણસ... કેટલા હતા એય..! આવ્યો છેને. છેલ્લે.

મુમુક્ષુ :- દસ હજાર.

ઉત્તર :- જુઓ, આઠમ આ રવિવારનો દિ' હતોને. બહુ માણસો. સવારના ત્યાં જ હતા ભાઈ હતાને.

મુમુક્ષુ :- હું તો આગળ બેઠો હતો.

ઉત્તર :- તમારે ક્યાં નજર ન ફરે. સવારમાં લોકો બહુ માણસ ઘણું. ભાઈ તો આવ્યા હતાને દરબાર. .. નહોતું સાંભળવાનું. બસુ ભરી ભરીને આવતી હતી.

મુમુક્ષુ :- એ વિના પહોંચાય નહિ.

ઉત્તર :- પહોંચાય નહિ છેટું છે. લોકોને મુંબઈવાળાને આ ફેરે જુદી જાતનો .. હતો. થોડા દિ'. આહા..હા..! અરે..! ભગવાન! બાપુ! આવી ચીજ. તારી પાસે. તું પોતે વીતરાગ મૂર્તિ અંદર પરમાત્મા છો. આહા..હા..! કેમ બેસે? એને ક્યાંય બહાર જોવાનું છે નહિ.

મુમુક્ષુ :- બહાર જોવાનું છે નહિ અને આખો દિ' બહાર જોય કરે છે.

ઉત્તર :- બહાર જોયા કરે એ તો વિકલ્પ છે. ભગવાનજીભાઈ! આહા..હા..!

અંતર સ્વરૂપ ભગવાન અંતરાત્મા જે પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગથી પણ રહિત એને અહીંયાં ચેતયિતા-ચેતનારો કહ્યો છે. એ ચેતયિતા પોતે પોતામા જ્ઞાનસ્વભાવી વસ્તુ એમાં એકાગ્ર થઈને, આરૂઢ થઈને એના જ્ઞાનના માર્ગે જાય, રાગ અને વિકલ્પને માર્ગે નહિ એમ કહે છે. એને અહીંયાં આત્માના પ્રભાવ કરનારો, આત્માની પ્રભાવના કરનારો કહેવામાં આવે છે. પ્રભાવના એટલે પ્રગટ કરવું, ઉદ્યોત કરવો. નીચે અર્થ છે. શક્તિરૂપ ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ છે. સર્વજ્ઞ સ્વરૂપી આત્મા છે. એને સર્વજ્ઞ શક્તિમાંથી એકાગ્ર થઈને પ્રગટ પર્યાય, આનંદની, શાંતિની સહિતની જે જ્ઞાનદશા પ્રગટ થાય એને ધર્મ કહે છે, એને શુદ્ધિની વૃદ્ધિ થઈ એટલે નિર્જરા કહે છે. એને કર્મ ગળે છે એમ કહે છે. આ એને અશુદ્ધતા મટી જાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ઓહો..! બધું કુટુંબ કહળ્યું પડ્યું હોય. આ બધા ચાલ્યા ગયા. શિવલાલજી ચાલ્યા ગયા લ્યો. આહા..હા..! ચિંતનભાઈના ભાઈ.. આપણા ચિંતનભાઈ નહિ એના ભાઈ ... શિવલાલભાઈ મરી ગયા હમણા. મુંબઈ. લ્યો, લાખો રૂપિયા, કેટલાઓ છોકરાઓ, બે ભાઈયું. બધું.. સુતા હતા. તે દિ' પહેલા ઓલા છ દિ' જ્યારે ગયાને ત્યારે ગયા હતા. આ ફેરી કોઈએ યાદ ન કર્યું. મેડી છે ખરીને. દાદરો છે એટલે ચડવામાં. રોતા હતા બિચારા. બોલી શકતા નહોતા. આ લાખો રૂપિયા કેટલા હશે. ચાર ભાઈઓએ વહેંચ્યું હશે. ધૂળમાંય નથી ત્યાં. રૂપિયા પણ નથી અને શરીર પણ એનું નથી. આહા..હા..! નિરાધાર. આમ બોલાય નહિ. આમ શું કહેવું? મનથી શું કહેવું? સાંભળવું. સાંભળવામાં શું કહ્યું? આહા..હા..! મુંગા. વાચા બંધ થઈ ગઈ. આમ ... આજે તાર આવ્યો છે. ..ભાઈ.. ચંદભાઈ ગયા લાગે છે. આહા..હા..! એ મેડી ને મકાન, શરીર ને વાણી, પૈસા ને પુત્રો બધા પડ્યા રહ્યા અહીં. હતા કે દિ' પણ એના તે રહે? આહા..હા..!

રાગનો વિકલ્પ કરે દયા, દાનનો ઈ એની ચીજ નથી. આહા..હા..! કારણ કે એ પણ બંધનું કારણ છે. એમાં ભવ મળે છે. ભવનો અભાવ એમાં નથી. આહા..હા..! અરે..! ચોર્યાસીના અવતાર. ચોર્યાસીના અવતારની માથે ડાંગ ઉભી છે. જન્મ-મરણના ફેરા કરતો-કરતો રખડતો. કહે છે કે એ રખડવું ટાળવું હોય તો. જેમાં ભવ અને ભવનો ભાવ રાગ નથી એવી ચીજ. ચેતયિતા ભગવાન જ્ઞાયકસ્વરૂપે બિરાજમાન છે. એની અંદરમાં એકાકાર થવું અને એની શોભા

શુદ્ધિની વૃદ્ધિ કરવી. આ એનું નામ જન્મ-મરણને મટાડવાનો ઉપાય છે. કહો, સમજાણું કાંઈ? કોઈ જાણે કે આપણે આ પાંચ-પચ્ચીસ લાખના દાન આપ્યા માટે આપણને થાય આ. પહેલે દિ' જામ્યું હતું. દરબારને કહ્યું હતું. પહેલે દિ' આપણે અનસોયાબહેનને ત્યાં ગયા હતા. આ નાનાલાલભાઈની દીકરી છેને? પહેલે દિ' એક દિ'. પછી બીજે દિ' તો ગુજરી ગયા. પણ એક દિ'માં એણે દસ હજાર રૂપિયા બેંકમાંથી હોં. આ બધા બીજા નંબરના નહિ. એવું સાંભળેલું ભાઈ આપણે તો. અને ..બેંકમાંથી દસ હજાર. પાંચ હજાર આપ્યા આમાં અને પાંચ હજાર તમને. ગાયુના ઘાસમાં. તે દિ' પહેલે દિ' હોં. પછી બીજે દિ'... પણ વાત એને કહીએ બાપા! જુઓ આ પાંચ હજાર અને .. ઈ કાંઈ આત્માનું સ્વરૂપ છે નહિ. એ ત્યારે બહુ પ્રેમ હતો, ઘણો પ્રેમ હતો. અરે..! અમારે ઘરે એક દિ' એક રાત રહ્યા હતા. એ તો ઘણા પૈસાની શું વાતું છે?

મુમુક્ષુ :- વાત તો પૈસાની જ કરો છો આપ.

ઉત્તર :- હા, પણ પૈસા ક્યાં એની ચીજ છે? એ દે, લઈ શકે છે કે દિ'?

મુમુક્ષુ :- વાત તો એની જ વધારે ચાલે છે.

ઉત્તર :- વાત તો જાણવા માટે બધી આવે કે આ રાગ આવ્યો, આ રાગથી આ થયું. થયું છે આત્માથી નહિ. ભગવાનજીભાઈ! આહા..હા..!

મુમુક્ષુ :- થવા કાળે થયું.

ઉત્તર :- થવા કાળે. એ તો જાણનાર-દેખનાર છે. ઈ રાગનો કર્તા પણ નથી. કારણ કે રાગ કરે તો તો આખું વિકારીસ્વરૂપ થઈ જાય છે આત્મા. આહા..હા..! શરીરને માને કે મારું. એ તો જડ સાથે તન્મય થઈ જાય છે. તન્મય થતો નથી અને છતા માને આ પૈસા દીધા, આ પૈસા આપ્યા. એમાં એને પોરો ચઢી જાય. આહા..હા..! કહે છે જ્ઞાનસ્વરૂપમાં પોરો જ કેવા? આહા..હા..! એ તો ચૈતન્ય જાત આનંદનો નાથ. અરે..! જેને જન્મ-મરણના આરા ...ના મટાડવા હોય તો એણે તો એ આત્માના જ્ઞાનસ્વભાવી વસ્તુ ત્રિકાળ એમાં એણે એકાગ્ર થવું પડશે.

મુમુક્ષુ :- પડશે એ તો બોજો થયો.

ઉત્તર :- પડશે એટલે એ જ એની ચીજ છે. કરવું પડશે. પડશેનો અર્થ કે એ જ કરવાનું છે એને એમ. પરિણમન ઈ કરવાનું જ એને છે. આહા..હા..! આ રોતા હતા તે દિ'. ... શરીર ઢીલું થઈ ગયું હતું, ખોરાક ચાલતો નહોતો. પથારીમાં પડ્યા હતા. ઓલા પહેલા છ દિ' ગયાને તે દિ'. હમણા તો ૨૧ દિ' આમ બેસીને રોવા માંડ્યા હતા. ... આહા..હા..! કોઈ ધણી નથી. શરીર ફરે, મન ફરે, વાણી ફરે. આહા..હા..! દેહના રજકણે રજકણ બદલાઈ જાય, પણ એ તો એના ઘરની વાત છે જડની. એમાં આત્માને શું આવ્યું? આહા..હા..!

અહીં તો ભગવાન એમ ફરમાવે છે. પ્રભુ, સંતો જગતને જાહેર કરે છે. બાપુ! તારી પ્રભાવના ધર્મની કરવી હોય તો આ રીત છે. બહારમાં પતાસા વહેંચવા અને લાડવા વહેંચવાને.

મુમુક્ષુ :- ઈ બંધ કરી દેવું.

ઉત્તર :- બંધ કરે કોણ? એ શુભરાગ હોય ત્યારે થવાનું હોય તો થાય. તો ઈ થવાનું હોય જ્યારે શુભરાગ હોય ત્યારે. આહા..હા..! ભારે કામ આકરી વાત! જન્મ-મરણથી છૂટવું એને. આહા..હા..! ચોર્યાસીના અવતાર અનંત કર્યા અને જ્યાં સુધી હજી રાગને પર માનશે ત્યાં સુધી સંયોગી અનંતભવ એને કરવા પડશે. રાગનો વિકલ્પ અને સંયોગી ચીજ એ મારી છે એમ માનશે ત્યાં સુધી સંયોગમાં એને અવતાર કરવો પડશે. આહા..હા..! પછી ચાહે તો દેવનો કરે, કાં રાજાનો કરે એ બધા દુઃખી બિચારા છે.

મુમુક્ષુ :- દુઃખના પ્રકારમાં તો...

ઉત્તર :- દુઃખનો કાંઈ પ્રકાર નથી. આકુળતા બધાય છે. એય..! ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દુઃખી છે એકલી આકુળતા. ત્યાં ધૂળમાંય નથી. આહા..હા..! દૃષ્ટિ વિકલ્પ ઉઠાવવો એ જ દુઃખ છે. આહા..હા..! આનંદસ્વરૂપમાં વિકલ્પની વૃત્તિની આકુળતાની ગંધ નથી. એવી ચીજ અંદર સચ્ચિદાનંદ પ્રભુ એમાં એકાગ્ર થઈને શુદ્ધિ ને શાંતિની વૃદ્ધિ કરવી એનું નામ પ્રભાવના, ધર્મની પ્રભાવના થઈ આમ કહેવાય છે. ઓલી બહારની વાતું તો જાણવા માટે છે. આહા..હા..! આદરવા માટે તો આ છે.

ટીકા. ઓલું જિનેશ્વર હતુંને એટલે કાઢ્યું જરી. એમાં અર્થમાં નથી આવતું. '**કારણ કે સમ્યગ્દૃષ્ટિ,...**' ધર્મી એને કહીએ. સમ્યક્ નામ સાચી દૃષ્ટિવંત, સત્ય સ્વરૂપ ભગવાન આત્માનું જે ચિદ્ઘન, આનંદઘન, સચ્ચિદાનંદ પ્રભુ. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનું સ્વરૂપ એનું. એને જે અંતરમાં અનુભવનારો એને માનનારો, એને જાણનારો એવો જે સમ્યગ્દૃષ્ટિ જીવ '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવમયપણાને લીધે...**' ઈ તો એક શાશ્વત એક જ્ઞાયકભાવ. શાશ્વત ત્રિકાળ રહેનારો એક જાણકભાવ એ ત્રિકાળભાવ આત્માનો છે. આહા..હા..! '**એક જ્ઞાયકભાવમયપણાને લીધે જ્ઞાનની સમસ્ત શક્તિને પ્રગટ કરવા...**' આહા..હા..! શું કહે છે? જે અંદર જ્ઞાનસ્વભાવ ભગવાન આત્માનો છે એ પૂર્ણ જ્ઞાન છે અંદર. એને વર્તમાન દશાના પૂર્ણમાંથી પ્રગટ કરવાનો જે પ્રયત્ન '**વિકસાવવા-ફેલાવવા વડે...**' આહા..હા..! ભાષા જુદી, ભાવ જુદા.

'**જ્ઞાનની સમસ્ત શક્તિને...**' પૂર્ણાનંદ પ્રભુ અંદર. એના જ્ઞાનસ્વભાવને, એના આનંદસ્વભાવને, એના શાંતિસ્વભાવને, એની પ્રભુત્વ શક્તિ સ્વભાવને પ્રગટ કરવા, શક્તિમાંથી વ્યક્ત પ્રગટ પર્યાયમાં-અવસ્થામાં કરવા '**ફેલાવવા વડે પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી,...**'

આહા..હા..! પર્યાય એટલે અવસ્થા. પર્યાય એટલે હાલત-દશા. એ દશામાં જે રાગ અને પુણ્ય-પાપના ભાવ એની પુષ્ટિ કરે એ રખડવા માટે છે. એ રાગ વિનાની ચીજ જે પોતાની શક્તિ એને દૃષ્ટિમાં લઈ અને શક્તિમાંથી જ્ઞાન અને આનંદની દશા અવસ્થામાં પ્રગટ કરે, ફેલાવે, વિકસાવે ઈ પ્રભાવ ઉત્પન્ન કરતો એ જીવ ધર્મી. આહા..હા..! '**પ્રભાવના કરનાર છે,...**' લ્યો આવો પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી પ્રભાવ કરનાર છે એમ છે. સમજાણું કાંઈ? લ્હાણી તો બહુ ત્યાં થતી ભાઈ .. હતાને? ઘાટકોપર, મલાડ અને દાદર. ત્રણે બધા આઠ-આઠ હજાર માણસ બધાને લ્હાણી આપતા. હશે કોણ આપણને ખબર નહિ. લાડવાની કળી અને એવું બધું ઘણું હતું. એ બધો શુભરાગ હોય એ ક્રિયા કરવાનો. એ શુભરાગ છે. આહા..હા..! પુણ્ય છે, ધર્મ નહિ. .. કરી ત્રણે ઠેકાણે. લ્હાણી કરી હતી. આહા..હા..!

ઘરમાં આવ્યા વિના બહારની વાતુંમાં કાંઈ માલ નથી કહે છે. એ પ્રભાવ-પ્ર-ભાવ. શુદ્ધ ચૈતન્ય પણ હજી એને સમજવામાં આવ્યો ન હોય, જાણવામાં ન આવ્યો હોય એ ચીજનું અસ્તિત્વ કેવડું, કેમ છે? એના વિશ્વાસમાં ન આવ્યો એની અહીં વાત નથી. આ તો એને વિશ્વાસમાં આવી ગયો છે. આહા..હા..! જે અંદર જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ, પ્રભુત્વસ્વભાવ, પરમેશ્વર સ્વભાવ આત્માનો. એનો અંતરમાં વિશ્વાસ એટલે પ્રતીતિ એટલે જ્ઞાન કરીને પ્રતીતિ થઈ ગઈ છે. એ જીવને ક્ષણે-ક્ષણે પ્રભાવના એકાગ્ર થઈ અને શક્તિનો વિસ્તાર પર્યાયમાં ફેલાવ થાય, એ ફેલાવ કરનાર તે પ્રભાવના કરનાર છે. છે એમાં ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- આમાં તો કાંઈ નીકળતું નહિ.

ઉત્તર :- ઓલા .. પૈસા.. માટે પ્રભાવ કરનાર છે એમ નહિ એમ કહે છે. ત્યાં નાખ્યા છેને એણે આફ્રિકામાં નહિ? શેમાં? શ્રીમદ્. કયા ગામમાં? મોમ્બાસામાં. ..માં કાંઈક પૈસા ખર્ચ્યા છે એવું સાંભળ્યું હતું શ્રીમદ્ રાજચંદ્ર.

મુમુક્ષુ :- પૈસા ગયા.

ઉત્તર :- પૈસા ક્યાં હતા એના? જાય ક્યાં? આવી વાતું જડમાં છે. પૈસો તો જડ થઈને રહ્યો છે. આત્માનો થઈને રહ્યો છે? આહા..હા..! કરોડોની કિંમતું પડી રહે અને એકલો ચાલ્યો જાય. આહા..હા..!

મુમુક્ષુ :- બધી વસ્તુના...

ઉત્તર :- ઘણા પડ્યા રહ્યા રાજા મરી ગઈ કંઈક અને રંક મરી ગયા, સુખી મરી ગયા. કહે છે. ઓલાને એમ થઈ ગયું જરી કીધુંને શાહુજીને. ચાલીસ કરોડ કહેવાય છે એના. ચાલીસ કરોડ. દિલ્હી. એના ... બધું સાંભળીને સાંભળીને એવું થઈ ગયું એને ઓય મારા આ તો કાંઈ. હવે આ શું કરવું પૈસાનું? મહારાજ તો કહે છે કે આ તો બધો રાગ છે અને દુઃખ છે.

મુમુક્ષુ :- એને તો સુખ લાગે છેને.

ઉત્તર :- માને છેને અજ્ઞાની. આહા..હા..! ઈ કહે શું કરવું? .. કહે છે રતનભાઈ શું કરવું હવે આ મહારાજ સાથે કેમ રહેવાય? આ તો કોઈની દરકાર પણ કરતા નથી. પૈસાવાળા હોય કે ધૂળવાળા હોય અને પૈસાથી ધર્મ થાય એ તો વાત કરતા નથી.

મુમુક્ષુ :- ધર્મ ન થાય એમ વાત કરો છોને.

ઉત્તર :- ધર્મ ન થાય. પૈસાથી પુણ્ય પણ ન થાય. એ તો રાગની મંદતા કરે તો પુણ્ય થાય. પૈસા દીધા માટે પુણ્ય થાય એમ કોણ કહે છે? માન માટે આપે, પોતાની બડાઈ માટે આપે.

મુમુક્ષુ :- હમણા આપે કીધું પૈસા આપી શકે છે જ ક્યાં?

ઉત્તર :- નહિ આ તો આપવાનો ભાવ. માન માટે. આ શું કહેવાય? તક્તી ચોડાવા. એનું નામ રહેવા માટે આપે એ તો બધું પાપ છે એકલું. આહા..હા..! ભગવાનજીભાઈ! આવી વાત છે આ તો ચોખ્ખી. આહા..હા..! હમણા નહિ કીધું કોક મરી ગયા બિચારા. અઢાર માણસ ગયા હતા એમાંથી બાર મરી ગયા લ્યો. આપણા વકીલ. રાજકોટના .. એના દીકરી અને જમાઈ બેય મરી ગયા. અઢાર માણસ હતું. એમાંથી બાર મરી ગયા.

મુમુક્ષુ :- હોડી ઉંધી વળી ગઈ.

ઉત્તર :- હા હોડી. એની દીકરી હતી, એનો જમાઈ હતો અને બેય બીજા તાજા પરણેલા પતી-પત્ની. બધા ગયા પાણીમાં. હાય... હાય... ક્યારે શરીરની સ્થિતિ પૂરી થશે એની ખબર નથી. આહા..હા..! એ બેઠો હોય તો બોલતો બોલતો ફૂ થઈ જાય. આહા..હા..! એની મુદ્દત થઈ ગઈ પૂરી. એ તો કહેને બીજો ..નો સાધુ હતો એક. વ્યાખ્યાન કરે. રોગ હતો કાંઈક. વ્યાખ્યાન કરે. વ્યાખ્યાન કરતા-કરતા.. મુહપતિ નીકળી ગઈ હતી. સ્થાનકવાસીના. તુલસી છેને.

મુમુક્ષુ :- એ તો ઘણા વર્ષ પહેલા

ઉત્તર :- હા ઘણા વર્ષ પહેલા. વ્યાખ્યાનમાં બેઠા-બેઠા દેહ છૂટી ગયો. વ્યાખ્યાન કરતાં-કરતાં.

મુમુક્ષુ :- કેટલા લોકો વખાણ કરે.

ઉત્તર :- ..નથી એના વખાણ શું કરે? અજ્ઞાન હતું ત્યાં. હું પ્રરૂપણા કરું છું અને પ્રરૂપણાથી મને લાભ થાય અને જગતને આનાથી લાભ થાય અને એનાથી મને પણ લાભ થાય. એવી બધી માન્યતા ખોટેખોટી. ભ્રમણા... ભ્રમણા... ભ્રમણા... આહા..હા..!

અહીં તો કહે છે કે જે અંદર ચૈતન્યનો સ્વભાવ પૂર્ણ આનંદ સ્વરૂપ. એની દૃષ્ટિ કરી છે જેણે. એવો જે ધર્મી. એ એવા જ જ્ઞાનમાં એકાગ્ર થઈને શુદ્ધિની વૃદ્ધિની ફેલાવ ને

વિકાસ ને પ્રભાવ પ્રગટ કરે એને પ્રભાવના કહેવામાં આવે છે. કહો આ લાખ, પાંચ-દસ લાખ આપે અને પ્રભાવના કરનાર ધર્મનો છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! ચૈતન્ય ભગવાનની ઋદ્ધિને જે પ્રગટ કરે એમ કહે છે અહીં તો. એની સંપદા અંદરમાં આનંદ અને જ્ઞાનની સંપદા પડી છે. એને એમાં એકાગ્ર થઈને પ્રગટ કરે, ફેલાવ કરે, વિકસાવે, પ્રભાવના પ્રગટ કરે. છેને?

'**પ્રભાવ ઉત્પન્ન કરતો હોવાથી,...**' સ્વભાવની દશાની શુદ્ધિને ઉત્પન્ન કરતો હોવાથી '**પ્રભાવના કરનાર છે,...**' આહા..હા..! ઘણી શરતું, ઘણી જવાબદાર. '**તેથી તેને જ્ઞાનની પ્રભાવનાના અપ્રકર્ષથી (અર્થાત્ જ્ઞાનની પ્રભાવના નહિ વધારવાથી) થતો બંધ નથી...**' હીણીદશામાં જે બંધ થતો એ આત્માના સ્વભાવની ઉગ્રદશાને વધારતો હીણીદશાને કારણે બંધ થતો એ એને બંધ થતો નથી. એને આવરણ આવતું નથી. આહા..હા..! '**પરંતુ નિર્જરા જ છે.**' એ એની શુદ્ધિ વધે જ છે એમ કહે. અશુદ્ધતા ઘટે છે, કર્મ ગળે છે, શુદ્ધિ વધે છે. આ તો વાત જેને ચોર્યાસીના અવતારના દુઃખ દેખાતા હોય. ક્યાં મરીને જશે? કોઈ નિર્ધાર. કોઈ આશ્રય છે ત્યાં? અશરણ... અશરણ... અશરણ... ક્યાંય દ્વીપ સમુદ્રમાં, અજાણ્યા ઘરે, અજાણ્યે ક્ષેત્રે, અજાણ્યા ફળમાં જઈને જન્મે. કાગડો થઈને, કૂતરો થઈને, કંથવો થઈને. આહા..હા..! અહીં મોટો રાજા અને માણસ હોય લ્યો. માયા અને મિથ્યાત્વ સેવ્યા હોય.

આ લખ્તરના દરબાર મરી ગયા. મોટો દરબાર. મરી ગયા એમ ન કહેવાય કહે. મહારાજ આજ પોઢી ગયા એમ કહે. દરબાર! આહા..હા..! લખ્તર દરબાર. અહીં આપણે છેને રતલામના. .. રામજીભાઈના મિત્ર ડોક્ટર આવ્યા હતાને. મોટો. ત્યાનો ડોક્ટર હતો રતલામનો. રતલામનો દરબાર હતો એને દસ લાખની ઉપજ હતી. એમાં તાવ આવ્યો શરીરને. તો તાવ આવ્યો. આપણને તાવ આવ્યો એમ ન કહેવાય. એટલા માનના પોષાયેલા.

મુમુક્ષુ :- એમ કહે શરીરને તાવ આવ્યો.

ઉત્તર :- ઈ શરીરને તો ઈ બીજી ક્યાં વાત છે એને? આ તો એમ કહે આપના દુશ્મનને તાવ આવ્યો છે તો વૈદને બોલાવશો. દરબાર! અહીં આવ્યા હતા. અહીં લાલજીભાઈ નહોતા? આ ત્રિભુવનભાઈના ભાઈ લાલજીભાઈ હતા. ઓલાના મકાનમાં નહિ? ..ના મકાનમાં ગુજરી ગયા. એના મિત્ર હતા એ ડોક્ટર. હુશિયાર હતો. પછી .. અહીં આવ્યો હતો. ઈ કહેતો હતો કે મારા દરબારને તાવ આવે તો તાવ આવ્યો એમ ન કહેવાય. શું કહેવાય? આપના દુશ્મને તાવ આવ્યો છે. પણ વાત તો એ ખરેખર છે. કે આત્મા શરીરથી જુદી ચીજ છે. એનો દુશ્મન નથી એ તો જ્ઞેય છે. કહો, ગીરધરભાઈ! એવા માનથી પોષાયેલા. આપના દુશ્મનને તાવ આવ્યો છે. બુખાર આયા હૈ તો વૈદ્ય બુલાયે. અરરર..! આ તો મારી નાખ્યા.

એમાં ગરાસિયામાં બહુ ભાઈ!

મુમુક્ષુ :- પણ હવે ઈ બધું ઘટી ગયું.

ઉત્તર :- ઓછું થતું જાય છે. એ કહેતા અહીં. ડોક્ટર આવ્યા હતા. વ્યાખ્યાન સાંભળવા આવ્યા હતા. ઈ કહેતા હતા કે અમારે તો આમ થાતું. હું દવા આપું ખરો. પણ પછી મહારાજને આમ બહુ લાગે તો હું એમ કહું કે ભાઈ આ ડોક્ટરને આપણે બોલાવીએ. આહા..હા..! .. ઠેકાણે..

અહીં તો કહે છે ભગવાન ચૈતન્ય સ્વરૂપ. જેનું સામર્થ્ય જ્ઞાન અને આનંદનું પૂર્ણ અંદર પડ્યું છે. એવા સામર્થ્યની પ્રતીતિ અને જ્ઞેયનું જ્ઞાન કરી અને પછી એમાં એકાગ્ર થવાની જે શક્તિ છે એમાં એ જ્ઞાન અને શાંતિ વધે છે એને ધર્મ કહીએ. એને નિર્જરા કહીએ, એને કર્મનો અભાવ થાય, એને કર્મ ગળે છે, અશુદ્ધતા ટળે છે, પવિત્રતા વધે છે અને જન્મ-મરણ જાય છે. આહા..હા..! આવી વાત છે. લોકોને બીજી રીતે ચડાવી દીધા છેને એટલે બિચારાને પાછળ હઠવું કઠણ પડે છે.

'**ભાવાર્થ :- પ્રભાવના એટલે પ્રગટ કરવું,...**' પ્ર-ભાવના. શક્તિમાં જેમ પૂર્ણ જ્ઞાન અને આનંદ છે. જેમ પીપરમાં ચોસઠ પહોરી તીખાશ અને લીલો રંગ પડ્યો છે એને પ્રગટ કરવો. એમ ભગવાન આત્મામાં સર્વજ્ઞ અને સર્વ આનંદ પડ્યો પૂર્ણાનંદ. પાછી ભાષા એમ છે કેવળ આનંદ અને કેવળજ્ઞાન એમ. કેવળજ્ઞાન અને કેવળ આનંદ આત્મા.

મુમુક્ષુ :- એકલો.

ઉત્તર :- હા, એકલો. .. કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળવીર્ય, કેવળ સુખ. આહા..હા..! એવો મોટો કેમ બેસે પણ? એ રાગમાં રંગાઈ જાય. આહા..હા..! એ જરી માન આપે થોડું ત્યાં. હવે જ્યાં ફુલાઈ જાય. આવો આત્મા. પૂર્ણાનંદનો નાથ તારું સ્વરૂપ છે પ્રભુ તને ખબર નથી. આહા..હા..! તારી અંતર શક્તિના સામર્થ્ય આગળ એની વર્તમાન જે અવસ્થા છે એની પણ કિંમત નથી કહે. શુદ્ધિની વૃદ્ધિ ભલે થાય પણ એ ચીજ જે છે અંદર. ઓહો..હો..! અનંત-અનંત બેહદ અનહદ જ્ઞાનાદિ અનંતગુણનો સ્વભાવ અને એક-એક ગુણનું અનંત સામર્થ્ય એવી જે વસ્તુ પોતે આત્મા છે. આહા..હા..! એવા આત્માને જ્ઞેય બનાવી જ્ઞાનમાં પ્રતીત થવી એનું નામ સમ્યગ્દષ્ટિ. અને એ સમ્યગ્દષ્ટિને અંદરમાં એકાગ્રતાની શુદ્ધતાની વૃદ્ધિ થાય એનું નામ મોક્ષનો માર્ગ, સંસારના જન્મથી છૂટવાનો પંથ આ. આહા..હા..!

'**પ્રભાવના એટલે પ્રગટ કરવું, ઉદ્યોત કરવો વગેરે; માટે જે પોતાના જ્ઞાનને નિરંતર અભ્યાસથી પ્રગટ કરે છે...**' જ્ઞાન એટલે સ્વરૂપ ત્રિકાળી ચૈતન્ય બ્રહ્મ. એની એકાગ્રતા થઈને પર્યાય અવસ્થામાં પ્રગટ કરે છે. આહા..હા..! અભ્યાસ એટલે એ અંદર એકાગ્રતા. ઓલો અભ્યાસ નહિ. એ તો નહિ. એ તો બહારની વાત છે. સમજાણું કાંઈ? '**પોતાને**

જ્ઞાનને...' એમ ભાષા વાપરી છેને? '**નિરંતર અભ્યાસ...**' જ્ઞાનસ્વભાવી વસ્તુ એમાં જે એકાગ્રતાનો અભ્યાસ એ શુદ્ધતાના વધારાનું કામ છે. એની પુંજી પર્યાયમાં વધે છે. એને આત્મલક્ષની સંપદા વર્તમાનદશામાં વધે છે. એ લક્ષ્મીવાળો થાય છે. આહા..હા..!

'**તેને પ્રભાવના અંગ હોય છે. તેને અપ્રભાવનાકૃત કર્મબંધ નથી,...**' ઈ અપ્રભાવના કરે રાગમાં એકાગ્ર થાય આદિ. હીણી દશામાં રહે. ઈ એને નથી. '**કર્મ રસ દઈને ખરી જાય છે તેથી નિર્જરા જ છે.**' તેથી તેની શુદ્ધતા વધે છે અને અશુદ્ધતા મલિનતા ગળી જાય છે. આહા..હા..! હજી તો આ વાત શું કહેવાય છે એ મગજમાં કઈ રીતે પેસે? આ તો બહારમાં ધામધુમ કરો, ભક્તિ કરો, વ્રત કરો, આ કરો, ખર્ચો. ગુરુઓની સેવા કરો, પરમેશ્વરની ભક્તિ કરો કલ્યાણ થશે. ઈ બધી વાતું ખોટી છે.

મુમુક્ષુ :- એ બધું શાસ્ત્રમાં આવે છે.

ઉત્તર :- શી રીતે આવે? ઈ તો વિકલ્પ હોય ત્યારે જણાવે છે કે આવું હોય. જણાવે નહિ? જણાવે તો બધું જણાવે. આહા..હા..! જણાવામાં તો બધું જણાવે કે આ સર્વજ્ઞ પરમાત્મા હતા. સભામાં આમ થઈ, સભામાં આટલા ધર્મ પામ્યા, વૃદ્ધિ થઈ, ફલાણું થયું એમ જણાવે. પણ ઈ તો એનામાં થયું એમ જણાવે છેને? આને લઈને થયું એમ ક્યાં છે?

મુમુક્ષુ :- ભગવાન હતા ત્યારે કેમ નથી થાતું?

ઉત્તર :- ભગવાન હતા તે વખતે તેની યોગ્યતા નહોતી એટલી. એય..! એ કાળની પર્યાય બીજી હતી, આ કાળની પર્યાય બીજી છે. આહા..હા..! ઈન્દ્રો એ તો આવે છેને શાસ્ત્રમાં? ભગવાનનો જન્મ થાય. કેવળી તો .. સમકિતી હોય છે. જન્મ થાય પછી તાંડવ નાટક કરે. ઈન્દ્ર નટ બને. સમકિતી છે લ્યો. નટ-નટ. ઘરમાં દીકરો થાય ત્યારે ખુશી મનાવે છેને? તો આ તો ત્રણ લોકના નાથ કેવળજ્ઞાન પામવાના. એને જન્મ છે દેહનો. ઈન્દ્રો ઉપરથી આવી ક્ષાયિક સમકિતી. એટલે કે જેને સમકિત એવું થયું કે કેવળજ્ઞાન લીધે છૂટકો. અને એક ભવે મોક્ષ જવાનું નક્કી થઈ ગયેલું છે ઈન્દ્રોને અત્યારે. એ ઘુઘરા બાંધીને નટ થાય. નટ જેમ નાચે. એમ બધા કુટુંબીઓ ભેગા કરી તીર્થંકરના .. નટની જેમ નાચવા આવે. આ .. આવે છેને અત્યારે બધા નાચવા નહિ? એવી વાત છે, બાપુ! કુદરતની વસ્તુ એમ છે.

મુમુક્ષુ :- લગનમાં લાવે છે.

ઉત્તર :- હા, લાવે છેને. અમારે પાલેજમાં વેશ્યાને લાવે લગનમાં. લગન કર્યા હોય વેશ્યાને નાચવા લાવે. ત્યાં વોરા બધા બહુ છેને વોરા જાત. .. બહુ પાકે. કાચુ સોનું કહે છેને? .. કાચુ સોનું. હજારો ગાડા એક દિ'માં આવે ત્યાં પાલેજ વેપાર. હજારો હોં. મોટા

પૈસાવાળા. ૫૦-૫૦ હજારની પેદાશું, ૨૫-૨૫ હજારની પેદાશું હોં. એ વોરા કહેવાય મુસલમાન ખેતી હોય ખેતી. એને લગન થાય તો વેશ્યાને લાવે. વેશ્યાને લાવે ત્યારે એના લગન સારા કહેવાય. હાય... હાય... .. એ રાખ્યું હતું હોં એણે લગન હતા...

અહીં કહે છે. આહા..હા..! તારા ચૈતન્યની લગની લાગી જેને એમ કહે છે અહીં તો. એણે જોડાણ કર્યું આત્મા સાથે. એ લગનીને અંદર નચાવે છે પરિણતિને. શુદ્ધદશાને પરિણમાવે છે એ. એવો ભગવાન જગતનો નાગરિક, નટ પોતાની શુદ્ધ પરિણતિને પરિણમાવે એને અહીંયાં ધર્મ કહેવામાં આવ્યો. આ બધું ...થોડો થયો.

મુમુક્ષુ :- અત્યારે ... ક્યાં રહી છે?

ઉત્તર :- મોટર તમારી નહોતી મૂકી એક ફેરી? .. મોટર આવી .. સુમનભાઈ. સુમનભાઈ મુકવા આવ્યા અને લેવા આવ્યા હતા. ઘરે લઈ જાયને .. અંદર. પોતે ઉંચી મોટર. છેક મુકવા આવ્યા હતા. ભાઈ હવે એમ ન ચાલે. ભાઈ તમારી મોટરમાં જાવ અને અમારી મોટરમાં... નહિ. હું મુકવા આવીશ. એય..!

મુમુક્ષુ :- મોટર ક્યાં આપ તો ના પાડો છો કોઈની હોય નહિ.

ઉત્તર :- પણ માની છેને. આઠ હજારનો પગાર માસિક. એય..! ચંદુભાઈ!

મુમુક્ષુ :- ઈ સરકાર કેટલો લઈ જાય એ ચંદુભાઈને ખબર હોય. કાંઈક એને પણ દેવા પડતા હોય. ઘરમાં કેટલા આવે?

ઉત્તર :- ભલે આંકડો કહેવાયને એક મહિને આઠ હજાર. સુમનભાઈ રામજીભાઈના દીકરા. આહા..હા..! રામજીભાઈના દીકરા પણ નહિ અને સુમનભાઈ નહિ એ તો આત્મા છે. એની મોટર પણ નથી અને પગાર નહિ. આહા..હા..! ગજબ વાતું છેને. આહા..હા..!

મુમુક્ષુ :- શરીરની વાતું...

ઉત્તર :- રાગ ક્યાં? આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન જ્ઞાનસ્વભાવ વસ્તુ જાણનાર સ્વભાવમાં રાગ કેવો? રાગ તો ચિકાશ છે, આકુળતા છે. સ્વરૂપ તો આનંદ છે. આનંદમાં આકુળતા કેવી અને આકુળતામાં ભગવાન આત્મા કેવો? આહા..હા..! આ વિષયના સુખ. શરીર સુંદર હોય ૨૫ વર્ષનું અને ૨૫-૫૦ લાખની પુંજી હોય. પછી જુઓ તમે. આહા..હા..! વિષયમાં શરીર પુષ્ટ માંસ, હાડકા સારા હોય અને એની જ્યાં કંચનવર્ણી કાયા અને એને વડે વિષય લેવા માગે તો એને એમ થઈ જાય કે બાપા હું શું કરું છું? આહા..હા..! અરે..! પ્રભુ! ત્યાં લુંટાઈ જાય છે. તારામાં આનંદ છે એ ભૂલીને પરમાં આનંદ છે એમ તને થઈ જાય છે. આત્મા એકલું વેર કરે છે. આહા..હા..!

મુમુક્ષુ :- ક્રોધ કરે છે.

ઉત્તર :- ક્રોધ કરે છે. આત્મરસ, રામરસ. જેને ચાખ્યો છે એને વિષયનો રસ કેમ

હોઈ શકે? આહા..હા..! ધર્મી જેને આનંદરસ પાક્યો છે. એને રાગરસ હો, પણ રસ ન હો. ... આહા..હા..! આવે તો ખરો રાગ છે. વીતરાગ ન થાય ત્યાં સુધી. આહા..હા..! પણ છતાં એ દુઃખરૂપ આકુળતાનું કારણ અને આકુળતારૂપ. એવી દૃષ્ટિ થયા વિના એના જન્મનો ઉદ્ધાર નથી.

'**આ ગાથામાં નિશ્ચયપ્રભાવનાનું સ્વરૂપ કહ્યું છે.**' આ ગાથા ગઈને આઠમી? '**જેમ જિનબિંબને રથમાં સ્થાપીને...**' આ વરઘોડા કાઢે છેને મોટા? વીતરાગમૂર્તિને રથમાં સ્થાપે '**નગર, વન વગેરેમાં ફેરવી...**' અહી કરે છે કે નહિ વર્ષગાંઠ હોય ત્યારે? અહીંથી લઈ જાય અને ફેરવે. મુંબઈમાં તો મોટા વરઘોડા. ઓહો..હો..! વીતરાગની મૂર્તિ મોટા રથમાં, ચાંદીના રથ મોટા હોય.

મુમુક્ષુ :- ના પાડવી જોઈએને કે આવું કરોમા.

ઉત્તર :- વિકલ્પ આવે એટલે થાય જ. એ બહાર થવાનું હોય તો થયા વિના રહે નહિ. આહા..! એવી વાત છે. ..હેયપણું થતાં થયા વિના પરનું કરી શકે છે કે કરે છે ઈ? એ ટાણે એવું હોય. આહા..હા..! આકરી વાતું ભારે!

'**જેમ જિનબિંબને રથમાં સ્થાપીને નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે,...**' જુઓ, અહીંયાં વ્યવહાર પ્રભાવના એને કીધી. ખરેખર તો ઓલો વિકલ્પ છે. પણ બહારના નિમિત્તને. એમાં નિમિત્તપણું છેને? એનાથી વાત કરી. જેમ ઓલા છ કાયને ચારિત્ર કીધું, વ્યવહાર ચારિત્ર. એમાં ... છ કાયને બંધ અધિકારમાં. છ કાય છે એ ચારિત્ર છે, વ્યવહાર ચારિત્ર છે. નવ તત્ત્વ તે સમકિત છે. એમ કહ્યું છેને. શાસ્ત્રના અક્ષરો તે જ્ઞાન છે. કારણ કે જ્ઞાનમાં નિમિત્ત છે તો એને જરી. આહા..હા..! એ જિનબિંબ અને પરમાત્માની મૂર્તિ. જિનબિંબ શબ્દ વાપર્યો છેને? કેમકે જેવા જિન હોય એવી એને પ્રતિમા હોય છે એમ. એને માથે વસ્ત્ર ને મુગટ ન હોય માટે જિનબિંબ શબ્દ વાપર્યો છે. એને '**રથમાં સ્થાપીને નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના...**' શુભભાવ હોય એટલે વ્યવહાર પ્રભાવના એનું નિમિત્ત છે કહેવામાં આવે લ્યો. '**વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે,...**' એમ કહે છે લ્યો, '**સ્થાપીને નગર, વન વગેરેમાં ફેરવી વ્યવહારપ્રભાવના કરવામાં આવે છે,...**' ભાષા શું કરવી પણ ત્યારે? સમજાવું કઈ રીતે?

'**તેમ જે વિદ્યારૂપી (જ્ઞાનરૂપી) રથમાં આત્માને સ્થાપી...**' જે રાગમાં રમતો અનાદિનો આત્મા એને આત્માના જ્ઞાનમાં રમાડવો એમ કહેશે. પર્યાયમાં. પોતાના વિદ્યા જ્ઞાનરૂપી રથ. જ્ઞાનસ્વરૂપી ભગવાન એનું જે પરિણમન છે એમાં એને રોકવો, આત્માને સ્થાપવો. '**મનરૂપી (જ્ઞાનરૂપી) માર્ગમાં ભ્રમણ કરે...**' એ જ્ઞાનાનંદ સ્વભાવની એકાગ્રતારૂપી જ્ઞાનમાં ભ્રમણ કરે. '**તે જ્ઞાનની પ્રભાવનાયુક્ત સમ્યગ્દૃષ્ટિ છે,...**' એને જ્ઞાનની શુદ્ધિ વધે છે. એથી

તે આત્માની શુદ્ધિનો પ્રભાવનો કરનારો છે. '**તે નિશ્ચયપ્રભાવના કરનાર છે.**' લ્યો, એ સાચી પ્રભાવના કરનાર છે. ઓલો વ્યવહારથી બતાવ્યો.

'**આ પ્રમાણે ઉપરની ગાથાઓમાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને નિઃશંકિત આદિ આઠ ગુણો...**' ગુણ એટલે પર્યાય છે. '**નિર્જરાનાં કારણ કહ્યા.**' કહો, સમ્યક્ આત્માની પ્રતીત અને આત્માનું ભાન છે એને સ્વભાવમાં નિઃશંકતા છે. હું અબદ્ધસ્વરૂપ છું. એવું અંદર નિઃશંક સ્વરૂપ છે. એવી નિઃશંકતાને કારણે એને કર્મનું ગળવું, ખરી જવું થાય છે. એને નિર્જરા. નિ-વિશેષે ઝરવું, ખરવું. નિર્જરાનું કારણ છે. '**એવી જ રીતે અન્ય પણ સમ્યક્ત્વના ગુણો નિર્જરાનાં કારણ જાણવા. આ ગ્રંથમાં નિશ્ચયનયપ્રધાન કથન હોવાથી...**' સ્વ આશ્રયનું કથન હોવાથી. પરની વ્યવહાર પ્રભાવનાના રાગનું કથન મુખ્ય આમાં નથી. ગૌણપણે એને જણાવ્યું છે. આવ્યું હતુંને એટલું તો. .. સ્થાપીને. વ્યવહાર.. સાધુ, પોતાના સાધુ ભાવમાં એકાગ્ર થતો જાય. આચાર્ય, ઉપાધ્યાય, સાધુમાં. વ્યવહાર સાથે વિકલ્પ હોય છે એને જણાવે છે. જણાવે તો ખરુંને. જાણવામાં શું છે? વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એમાં શું છે? કરાવેલો છે, કરેલો છે એમ છે?

મુમુક્ષુ :- જાણેલો છે.

ઉત્તર :- જાણેલો. જાણવામાં આવે. જાણવામાં ક્યાં... આહા..હા..! આ તો સંસારથી મરવું હોય એની વાત છે. આત્માથી જુદી એવી વાતું છે.

'**(સ્વ-આશ્રિત સ્વરૂપ) અહીં બતાવવામાં આવ્યું છે.**' અંતરમાં નિઃશંકાદિ સ્વગુણની પર્યાયનું વર્ણન આમાં છે. પરાશ્રય વ્યવહાર ભગવાનમાં નિઃશંકતા કે એ જે એ વાત ગૌણપણે અત્યારે કહેવામાં આવે છે. અહીં પ્રધાન-મુખ્યપણે આ કહેવામાં આવે છે. '**તેનો સંક્ષેપ (સારાંશ) આ પ્રમાણે છે - જે સમ્યગ્દૃષ્ટિ આત્મા...**' જેને આત્મસ્વભાવની શુદ્ધતા જેટલી જેવડી મોટી છે. એવડી મોટી જેની દૃષ્ટિમાં બેઠી છે. ભગવાન આત્માની મોટપ જેની દૃષ્ટિમાં બેઠી છે. એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. એને સાચી દૃષ્ટિવંત કહીએ. '**આત્મા પોતાનાં જ્ઞાન-શ્રદ્ધાનમાં નિઃશંક હોય,...**' પોતાનું જાણવું અને શ્રદ્ધવું એમાં એ નિઃશંક હોય, એને શંકા ન પડે કે મને બંધ થશે? કે બંધના ભાવો મારામાં છે? એવી એને શંકા હોય જ નહિ. આહા..હા..! મારામાં તો અબંધસ્વભાવી વસ્તુ છે. આ તો પહેલા નીચલા દરજ્જાનું સમકિત હોં! ચોથા ગુણસ્થાનનું. એની વ્યાખ્યા ચાલે છે. પાંચમાં-છઠ્ઠામાં વિકલ્પ પ્રતીત તો એવી જ હોય, સ્થિરતા વિશેષ હોય. આહા..હા..!

કહે છે '**નિઃશંક હોય,...**' પોતાનો જ્ઞાનસ્વભાવ અને શ્રદ્ધા સ્વભાવ ત્રિકાળી એની જે માન્યતા થઈ જ્ઞાન અને શ્રદ્ધાની પર્યાયમાં. એમાં એને નિઃશંકતા હોય. સંદેહ હોતો નથી કે આ મને ધર્મ પ્રગટ્યો કે નહિ? અધર્મ ગયો કે નહિ? એવી શંકા સત્યદૃષ્ટિવંતને હોતી

નથી. '**૧. જે કર્મનાં ફળની વાંછા ન કરે...**' બીજો બોલ. કર્મ પુણ્ય અને પાપના અંદરના ફળની ઇચ્છા ધર્મીને ન હોય. એને તો પોતાના આનંદની શુદ્ધિની વૃદ્ધિના ફળની ઇચ્છા હોય. કર્મના ફળની વાંછા ન હોય કે આ પુણ્ય બંધાણું, એનાથી આપણે સ્વર્ગમાં જાશું. રાગમાં ... મોટી શોભા થાશે. એવી ઇચ્છા ધર્મીને હોતી નથી. આહા..હા..! '**અન્ય વસ્તુના ધર્મોની વાંછા ન કરે,...**' વિષ્ટા કે આદિ હલકી ચીજો કે સારી ચીજો એને કોઈ ઇચ્છા હોતી નથી. ભાવના તો આત્માના આનંદમાં વધારવાની ભાવના હોય છે. '**તેને નિઃકાંક્ષિત ગુણ હોય છે.**' નિઃકાંક્ષિત ઇચ્છામાત્ર ધર્મીને હોતી નથી. આહા..હા..! ઇચ્છા થાય તો ઇચ્છાની ઇચ્છા નથી માટે ઇચ્છા નથી. ભારે આકરું ધર્મનું .. એવું.

'**૨. જે વસ્તુના ધર્મો પ્રત્યે ગ્લાનિ ન કરે,...**' ત્રીજો બોલ. શરીર દુર્ગંધ હોય, ઇયળું પડી હોય કે મીંદડીના શરીર સડી ગયેલા, મરી ગયેલા, મડદા દેખે, કૂતરાને સડી ગયેલા દેખે, ઢોરને સડી ગયેલી ઇયળું દેખે પડેલી. દુગંછા ન થાય એને. એ તો એ સ્થિતિ જડની હોય છે. એનો એને દ્વેષ ન થાય.

મુમુક્ષુ :- નાક આડા લૂગડા ભરાવતા હતા.

ઉત્તર :- એ રાખે પણ એને અંદરમાં નથી કાંઈ. ધર્મી હોય એને .. લૂગડું રાખે. ઈ રાખતો નથી, ઈ જાતની જડની ક્રિયા થઈ જાય છે. આહા..! આવું ભારે આકરું! ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- બે ધારી તલવાર છે.

ઉત્તર :- બે ધારી તલવાર છે. આહા..હા..! શરીર આંગળીની ક્રિયા જ આત્માની નથી પછી પ્રશ્ન જ ક્યાં છે? હાથ આમ ઉંચો થવો, ન થવો એ તો જડની ક્રિયા છે. આ તો માટીની. આહા..હા..! પણ .. થાય છે એમ થાય છે? અંદર ઘણા .. કરે છે. ન ચાલે. આ આંગળી .. ન ચલે. શિવલાલભાઈને જીભ જ નહોતી ચાલતી. જીભ બંધ થઈ ગઈ હતી. આ ચિંતનભાઈની વાત છે લ્યો. જીભ બંધ થઈ. ઘણા વર્ષ પહ્યા. આહા..! આમ મોઢું ફાટી રહ્યું. શું કરવું? શું કહેવું? .. શકે નહિ. એ વાણી તો જડ છે. જડનું થવું તો જડને આધીન છે. આત્માને આધીન એ વાણી નથી નીકળતી. આહા..હા..!

'**ગ્લાનિ ન કરે, તેને નિર્વિચિકિત્સા ગુણ હોય છે.**' દુગંછા ન હોય. અથવા દ્વેષ ન હોય. કોઈ સાથે એને દ્વેષ ન હોય. જ્ઞેયને જાણતા. જાણવાનું જાણવું કરે, વિરોધ ન કરે અંદર. એવો એનો ગુણ ત્રીજો છે. એવા પાંચ બોલ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ વદ-૨, શનિવાર, તા. ૧૯-૦૫-૧૯૭૩
ગાથા-૨૩૬, કળશ-૧૬૨, પ્રવચન-૩૮૨

આ નિર્જરા અધિકાર. સમયસાર. સમ્યગ્દર્શન જીવને આઠ ગુણો પ્રગટ હોય છે નિઃશંકાદિ. સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય આનંદઘન. આવ્યું હતુંને સવારે? પરમભાવ સ્વભાવવાન. સંસ્કૃત પરમભાવ સ્વભાવ.. એમ શબ્દ છેલ્લે. એની દૃષ્ટિમાં ચીજ પૂર્ણ આવી અને અનુભવ થઈને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એ જ્ઞેય બન્યું એને નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ જાય છે. રાગની એકતા તુટી જાય છે. જ્યાં સ્વભાવ પૂર્ણ છે એ બાજુ જ્યાં પર્યાય ઢળી એટલું પૂર્ણમાં ઢળતા રાગની એકતા તુટી જાય છે. એનું નામ સમ્યગ્દર્શન છે. અને એને આ આઠ ગુણો નિઃશંકાદિ હોય છે. નિશ્ચયનો છેને અત્યારે? ત્રણ બોલ આવી ગયા છે.

'**જે સ્વરૂપમાં મૂઢ ન હોય,...**' ચોથો બોલ છે. ત્રણ બોલ આવી ગયા. '**જે સ્વરૂપમાં મૂઢ ન હોય,...**' વસ્તુ છે ઈ જાણી એમાં મૂઢતા ક્યાંથી આવી? કેમ હશે? એ સંદેહ અથવા અજાણપણું તો અજ્ઞાનમાં હોય છે. વસ્તુસ્વરૂપને જાણ્યું શુદ્ધ ચૈતન્ય આનંદ, પર્યાયમાં એને પ્રગટ થવું પણ થોડું આવ્યું. ઓલું ન આવ્યું? એને નિર્જરા હોતી નથી. સ્વરૂપમાં મૂઢ ન હોય, '**સ્વરૂપને યથાર્થ જાણે, તેને અમૂઢદૃષ્ટિ ગુણ હોય છે.**' ગુણ શબ્દે પર્યાય છે. એવો સ્વભાવ હોય છે. એ ચોથા બોલ.

'**જે આત્માને શુદ્ધ સ્વરૂપમાં જોડે,...**' આત્માની શક્તિ વધારે. એક બોલ. અથવા રાગાદિ ધર્મને ગૌણ કરે. પોતાનો નિજસ્વભાવ શુદ્ધ પરમ આનંદ એની વૃદ્ધિ થાય અને રાગાદિ કોઈ હોય એને ગોપવે, એની પ્રધાનતા થાય નહિ. '**તેને ઉપબૃંહણ અથવા ઉપગૂહન ગુણ હોય છે.**' '**જે સ્વરૂપથી ચ્યુત થતા આત્માને સ્વરૂપમાં સ્થાપે,...**' પોતે પોતાને. અસ્થિરતા કાંઈ થતી હોય અથવા વિકલ્પાદિમાં કાંઈ થતું હોય અસ્થિરપણું સ્થાપે. આવો સમય છે મારો .. એને એમાં શંકા પડવા દે નહિ અને પોતાના સ્વરૂપમાં સ્થિર થાય. દુનિયામાં સાધનો બધા .. હોય તો પોતાના સાધનમાં એ સ્થિર થાય.

મુમુક્ષુ :- દુનિયાના સાધનો કાચા?

ઉત્તર :- કાચા બહારમાં અનુકૂળ ન હોય. પ્રતિકૂળતા હોય ઘણી. સાતમી નરકનો નારકી .. અહીં નિંદા આદિ હોય એથી શું? પોતાને સ્થાપે. પોતાની નબળાઈથી જરી કાંઈ થઈ જતું હોય એ સ્વરૂપમાં સ્થિર કરે. એને નિર્જરા થઈ જાય છે કહે છે. કહો, નિર્જરા. ભારે

આવો ધર્મ ભાઈ! પૂર્ણ શુદ્ધ ચૈતન્ય વિજ્ઞાનઘન. ... એના પહેલા કાંઈક શબ્દ આવ્યો હતો ક્યાંક કોઈ ઠેકાણે. પૂર્ણ સ્વરૂપ વિજ્ઞાનઘન. .. શબ્દ આવ્યો હતો ક્યાંક. એવું ચૈતન્યસ્વરૂપ જ છે. એની મોજુદગી જ એની હયાતી જ એવી છે. એવું જ્યાં અંતરમાં ભાન થયું એથી એમાં સ્થિર, પોતે જ સ્થિર થાય છે. એને કોઈ સ્થિર કરાવનાર હોય તો સ્થિર થાય છે એમ નથી.

'**જે પોતાના સ્વરૂપ પ્રત્યે વિશેષ પ્રેમ રાખે,...**' અનુરાગ એટલે. વિકલ્પ નથી, પણ એ અંદર એકાગ્રતાનો પ્રેમ રાખે. આત્માના સ્વરૂપ પ્રત્યે વિશેષ અનુરાગ રાખે '**તેને વાત્સલ્ય ગુણ હોય છે.**' સ્વરૂપનો પ્રેમ છે એ પ્રમે ક્યાંય જતો નથી.. એને એટલો એવો રાગ શુભરાગ પ્રત્યે પણ પ્રેમ આવતો નથી. એમ કહે છે. આવે છેને ... પોતાના સ્વરૂપમાં રતિ કરે, પ્રીતિ કરે, હર્ષ કરે અને સંતોષ કરે કે આજ મારું સ્વરૂપ છે એમ કલ્યાણમૂર્તિને આરાધે. આહા..હા..! આવો માર્ગ છે. એ વાત્સલ્ય. '**જે આત્માના જ્ઞાનગુણને પ્રકાશિત કરે...**' આ પ્રભાવના. પોતાનો જ્ઞાનસ્વભાવ શક્તિરૂપે સર્વજ્ઞ અને પૂર્ણ છે એને પ્રતીતમાં, અનુભવમાં લીધો છે. હવે એને શક્તિને વિશેષ પર્યાયમાં પ્રગટ કરે ઈ પ્રભાવના છે. આ નિશ્ચય સ્વઆશ્રય ગુણની વાત છે.

'**આ બધાય ગુણો તેમના પ્રતિપક્ષી દોષો વડે જે કર્મબંધ થતો હતો તેને થવા દેતા નથી. વળી આ ગુણોના સદ્‌ભાવમાં,...**' નિઃશંકાદિ પર્યાયની હયાતીમાં '**ચારિત્રમોહના ઉદયરૂપ શંકાદિ પ્રવર્તે...**' ચારિત્રમોહના ઉદયથી. '**તોપણ તેમની (-શંકાદિની) નિર્જરા જ થઈ જાય છે,...**' કારણ કે એ સ્વામીપણે થતો નથી. પોતામાં ભેળવતો નથી. અસ્થિરતા આદિનો ભાવ છે. '**નવો બંધ થતો નથી;...**' લ્યો, નિર્જરા થઈ જાય છે. '**કારણ કે બંધ તો પ્રધાનતાથી મિથ્યાત્વની હયાતીમાં જ કહ્યો છે.**' આહા..હા..! મિથ્યાભ્રાંતિની મુખ્યતામાં જ બંધનું કહ્યું છે. સમ્યગ્દર્શન થયા પછી બંધની વાત ગૌણ કરી નાખીને નથી એમ કહી દીધું. આહા..હા..! છે? બંધ તો મુખ્યથી મિથ્યાત્વની હયાતીમાં. ગૌણપણે ... એની વાત નથી.

'**સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં ચારિત્રમોહના ઉદયનિમિત્તે સમ્યગ્દૃષ્ટિને જે બંધ કહ્યો છે...**' શાસ્ત્રમાં બંધ કહ્યો છે દસમા સુધી. દસમા ગુણસ્થાન સુધી. અને અહીં તો સમ્યગ્દૃષ્ટિને બંધ નથી એમ કહેવું છે. '**તે પણ નિર્જરારૂપ જ (-નિર્જરા સમાન જ) જાણવો...**' ઈ જરી બંધ આવે એ ખરવા માટે જ આવે છે. પછી હળવે-હળવે ખરી જશે. રહેશે નહિ. આહા..હા..! જેને નિધાન સાંપડ્યું અંદરમાં. પૂર્ણ આનંદનો નાથ પરમાત્મસ્વરૂપના ભેટા દૃષ્ટિ જ્ઞેયની પર્યાય, જ્ઞાનની પર્યાય કર્યા, બસ કહે છે એને થોડું અસ્થિરતાનું કોઈ બંધન હોય, પણ એ બંધન પણ છૂટવા માટે બંધાય છે. શત્રુમાં કોઈ ભળેને

બે-ચાર છોકરા નવા. ઈ મરવા માટે ભળે છે કહે છે. સમજાણું કાંઈ? યુદ્ધ જીતનારો જુદો હોય, સામે જીતતો હોય દુશ્મન. એમાં વળી બે-ચાર આવે જુવાન, પચ્ચીસ-પચાસ જુવાન. ઈ મરવા માટે આવે. ઈ કાંઈ ટકશે નહિ. આહા..હા..! એમ જ્ઞાનસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવ, પવિત્રસ્વભાવ એની જ્યાં પ્રગટદશાની પ્રતીત અને જ્ઞાન થયું. પ્રગટમાં થયું. એને હવે આ પૂર્વની .. અસ્થિરતા હોય પણ ઈ એને કારણે બંધ ઈ બંધ ગણવામાં આવ્યો નથી. '**(-નિર્જરા સમાન જ) જાણવો કારણ કે સમ્યગ્દૃષ્ટિને જેમ પૂર્વે મિથ્યાત્વના ઉદય વખતે બંધાયેલું કર્મ ખરી જાય છે તેમ નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે;...**' પછી ખરશે, પણ ઈ ખરી જવાના મુદ્દતમાં જ છે એ બધું. ખરી જવાના કાળમાં છે એ બધું. રહેવાની મુદ્દતમાં નથી એમ કહે છે. આહા..હા..!

સમ્યગ્દર્શન અને એનું ધ્યેય. પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાયકભાવ અનુભવમાં આવ્યો એને બાદશાહ આખો ભેટો થયો. ત્યાં કહેવાણું છે લખ્યું છે નહિ કાલે ભાઈએ. મુળચંદ તલાટી. કીધું આ ગૃહસ્થો બધો ગરીબ. અજ્ઞાની બધા ગરીબ છે, નિર્ધન છે અને દુઃખી છે. એમાં લખ્યું છે. ઈ બધા શેઠિયા બધા પૈસાવાળા બહુ બેઠા હતાને. કોણ પૈસાવાળા? ધૂળેય નથી. આહા..હા..! આંખ બંધ થાય ..માં ફૂ. એની સાથે ક્યાં છે? એના સંબંધમાં ક્યાં છે? એ તો એ આત્માનો જ્યા અંદર બાદશાહપણું દૃષ્ટિમાં, જ્ઞાનમાં આવ્યું નથી. ત્યાં સુધી એ ગરીબ, ભિખારી ગરીબ છે.

મુમુક્ષુ :- ગરીબની વ્યાખ્યા નવી છે.

ઉત્તર :- ગરીબ છે. એ લખ્યું છે. .. નથી ત્યાં. સઘનપણું નિધાન ચૈતન્યની ખબર નથી અને રાગ અને પુણ્યના પરિણામને પોતાનો માને છે એ તો ગરીબ છે. દુનિયામાં બધા શેઠિયા કહેવાયને? એમ લખ્યું છે. ધોળા, રૂપાળા શરીર હોય, મોટરું લાખ-લાખની શું કહેવાય મોટી? .. શું? એવું મોટું લાવતા સામે. ભાઈને છેને .. ખરાને. પ્રાણભાઈ. ... બે-ચાર .. હશે. ... એમાં ક્યાંય રહેતું નથી. ઈ કહેતા હતા બિચારા હોં. દુઃખી પ્રાણી છે. અજ્ઞાની. જેને બીજ સંપદાની જેને પ્રાપ્તિ થઈ નથી કે મારો સ્વભાવ આવો છે એ તો નિર્ધન છે.

મુમુક્ષુ :- છતે પૈસે નિર્ધન?

ઉત્તર :- પૈસા હતા જ કે દિ' એના? ભગવાનજીભાઈ! ક્યાં અહીં છે? અહીં લાવ્યા છે પૈસા અહીં જોડે?

મુમુક્ષુ :- રૂપિયાની ભુખ.

ઉત્તર :- ભુખ છે. આહા..હા..! ઓલા કહે દસ કરોડવાળો છે અને ઓલો કહે પચ્ચીસ કરોડવાળો છે, ઢીંકણાવાળો છે. ભિખારા છે બધા. જેને નિજસંપદાની લક્ષ્મી સચ્ચિદાનંદ પ્રભુ જેની પર્યાયમાં હાજર ન થયો. આહા..હા..! જેની દશાની પર્યાયની ભૂમિકાના ફળમાં

એ પરમાત્મા ન આવ્યો એ તો નિર્ધન છે. ગરીબ, નિર્ધન છે. જેના ફળમાં અસંખ્ય પ્રદેશની પર્યાયના ફળમાં જે આખો આત્મા આમ આવ્યો. આવ્યો એટલે? એ અંદર દૃષ્ટિમાં આવ્યો કે આ છે આ. એ બાદશાહ છે. ભલે સાતમી નરકમાં પડ્યો હોય તોપણ બાદશાહ છે. અને આ બધા મહેલ, મકાનમાં પડ્યા હોય કેટલાક. ૨૨ માળના અને કેટલા માળના મકાન? ૨૨ માળમાં તો અમે ઉતર્યા હતા ત્યાં. આઠ માળ અને પાછા માથે ૧૪ માળ. આ શાંતિભાઈનું મકાન છેને. શાંતિલાલ ચીમનલાલ. પાલનપુરવાળા. આઠમે માળે ઉતારો. માથે ૧૪ માળ. .. શું કહેવાય ઈ?

મુમુક્ષુ :- લીફ્ટ.

ઉત્તર :- લીફ્ટ આવતા બગડી. હવે? કીધું અમારે આ જીવરાજજી જેવાને લાવ્યા તો કરવું શું હવે એમાં? નીચે ઉભા રહેવું પડે. જુવાન છોકરા નાના-નાના હતાને ૧૨-૧૨ વર્ષના. ... ચડાય નહિ. ઉતરવામાં .. ચડવામાં તો માણસો એટલા. છોકરાઓ નાના હતાને આવડા-આવડા. એકદમ જઈને પાટલો લઈ આવ્યા એકદમ ઝટ. વાંદરાની જેમ ચડે. આહા..હા..! આ દુનિયાનું સુખ.

મુમુક્ષુ :- દાદરા ચડવા અને ઉતરવા.

ઉત્તર :- ધૂળમાંય નથી કાંઈ. આહા..હા..!

અહીં કહે છે '**મિથ્યાત્વના ઉદય વખતે બંધાયેલું...**' પૂર્વે ભ્રાંતિ હતી કે હું તો પર્યાયમાત્ર છું, રાગમાત્ર છું અને નિમિત્તનો સંયોગ છે એ પણ મારા એમાં એટલો હું છું. આવડો મોટો આ પૈસાવાળો અને મકાનવાળો બધો. એવો જે મિથ્યા ભ્રમમાં માન્યો હતો. એ વખતે જે બંધ પડ્યો હતો તે ખરી જાય છે હવે. '**તેમ નવીન બંધાયેલું કર્મ પણ ખરી જાય છે;...**' આહા..હા..! '**તેને તે કર્મના સ્વામીપણાનો અભાવ...**' એનો અર્થ કે એકતા થતી નથી. એકતા થતી નથી એટલે એની એ ચીજ નથી. આહા..હા..! મૂળ ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનની થાય એની કિંમત નથી. આ વ્રત ને તપ ને ત્યાગને આ ત્યાગી અને આ છોડ્યું. એ વૃથા સમ્યગ્દર્શન વિના એકડા વિનાની શૂન્ય છે. એની કિંમત ટકાવે જાય છે લોકો.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન હોય તો પુણ્ય લાભદાયક થાયને.

ઉત્તર :- એ પુણ્ય છે ઈ પછી વાત. પણ એ વ્યવહારે ધર્મ કહેવાય. આ તો વ્યવહારે પણ ન કહેવાય. નિશ્ચય સ્વભાવનું ભાન થયું ત્યાં શુભભાવ આવે વ્યવહારે ધર્મનો આરોપ અપાય નિમિત્ત દેખીને. એ કાંઈ આત્માને લાભદાયક છે, વ્યવહાર સમકિતીને બંધ નથી. એ બંધનું કારણ છે. આ બંધધારા છે, આ સ્વભાવધારા, નિશ્ચયધારા. આહા..હા..! બે ચીજ ભિન્ન છે. .. ને ધર્મ બે ઓળખવો જગતને. આ બહારની આ સામાયિક કરી અને પોષા

કર્યા અને પડિક્કમણા કર્યા. થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ નથી. સામાયિક કહેવી કોને એની ખબર ન મળે. સમતાનો લાભ થાય ત્યારે. સમતા વસ્તુ શું છે? અખંડાનંદ પ્રભુ વીતરાગ સ્વભાવથી ભરેલું તત્ત્વ. એની દૃષ્ટિમાં, જ્ઞાનમાં ઈ જાતનો ત્યાં સ્વીકાર ન આવે તો વીતરાગભાવનો લાભ તો દૃષ્ટિમાં આવ્યો નહિ. એને સામાયિક ક્યાંથી આવી? પોષા કર્યા, અપવાસ કર્યા અને આંબેલું કરી. ધૂળ છે બધી. એકડા વિનાના મીંડા છે.

મુમુક્ષુ :- તોપણ પહેલા મીંડા તો મૂકી દીધા.

ઉત્તર :- મીંડા મૂકી દીધા.

મુમુક્ષુ :- પછી એકડો જ કરવો બાકી રહેને.

ઉત્તર :- મીંડા તો ભુલવી નાખશે કે આ સંખ્યા પહેલા આવશે. ઉલટું ભ્રમમાં નાખશે મીંડા. આ કાંઈક છે, આનાથી થશે. શુભભાવ કરીએ છીએને. શુભભાવથી થતાં-થતાં થશે શુદ્ધ. મિથ્યાત્વનું શલ્ય છે મોટું. મહામિથ્યાત્વનું શલ્ય. વિભાવ અધર્મ એનાથી ધર્મ થશે. વિભાવ તો અધર્મ છે શુભભાવ. આહા..હા..! વીતરાગ માર્ગ બહુ આકરો છે. સર્વજ્ઞ પરમેશ્વર. દુનિયા માનીને બેઠી ભલે ગેમે તે રીતે.

કહે છે '**નિર્જરારૂપ જ છે.**' જે જ્ઞાનીને જરી રાગનો ભાગ આદિ આવે. એ બધું ટળવા માટે આવે છે, મરવા માટે આવે છે. આહા..હા..! '**જેવી રીતે-કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે...**' આ છોકરાના લગન કરવા લઈ આવેને બે દાગીના ગૃહસ્થને ત્યાંથી. વરઘોડે ચડાવો હોયને. આ વરઘોડે ચડે. સાધારણ માણસ હોય. શેઠિયા આગળથી પૈસા ન મળે. ભગવાનભાઈ પાસે જાય કે બે દાગીના આપજો. બે-ત્રણ દિ' પછી વરઘોડો ચડાવીને આપી દઈશું. એ ધણીપતું માને કોકની ચીજનું? પોતાની પુંજીમાં ખતવે? દાગીના આપજો આ સારા મોતીના હાર લ્યો! કરે છેને આપણે? કરે છે વરઘોડે ચડાવે ત્યારે નાખે. મોતીના હાર ને આ ને આ. .. ક્યાં હતા? શેઠિયાને ત્યાંથી લઈ આવ્યા લાગે છે.

'**કોઈ પુરુષ પરાયું દ્રવ્ય ઉધાર લાવે તેમાં તેને મમત્વબુદ્ધિ નથી,...**' મમત્વ એટલે મારા પૈસા છે એમ માનતો નથી. માને ઈ? આહા..હા..! એમાં ... આહા..હા..! '**વર્તમાનમાં તે દ્રવ્યથી કાંઈ કાર્ય કરી લેવું હોય તે કરીને...**' વરઘોડે ચડાવ્યું હોય વરને વગેરે-વગેરે. '**કરાર પ્રમાણે નિયત સમયે ધણીને આપી દે છે;...**' મુદત હોય ત્યાં સુધી પહેરેશે. પછી દઈ જાય. '**નિયત સમય આવતાં સુધી તે દ્રવ્ય પોતાના ઘરમાં પડ્યું રહે તોપણ તે પ્રત્યે મમત્વ...**' એટલે મારા પૈસા છે એમ એને હોતું નથી. આ તો કોકના લાવેલા છે, બાપુ! આહા..હા..! '**તે પુરુષને તે દ્રવ્યનું બંધન નથી,...**' કોકની ચીજ એને લાવ્યો બે દિ' એથી એને મારા છે એવું થતું નથી, તેથી એને બંધનનું કારણ નથી. '**ધણીને દઈ દીધા બરાબર જ છે;...**' એ તો મુદત થાય એટલે પાછા

આપી જ દેવાના છે. રાખવાના નથી. આ સોનાની ઘડિયાળું નથી? આ વર પરણતો હોયને રૂપાની ઘડિયાળ માંડ હોય. ઓલી સોનાની ઘડિયાળ પાંચ હજારની હોય ઉંચી લ્યો. ત્યાં ગયા હતાને અમે આમાં. ભાઈના મકાનમાં નહિ તે દિ'. કેવા ભાઈ તમારા? મલુપચંદભાઈના. પુનમ-પુનમ કારખાને. મોટુ લાંબુ... લાંબુ... લાંબુ...

મુમુક્ષુ :- રોજ કેટલું સોનું જોવે

ઉત્તર :- .. કીધુંને એ કહ્યું છે. એના મામાનો દીકરો એક છે. એવા તો કેટલાય માણસ અને કેટલી બાયું મોટું.. ગૃહસ્થ માણસ ચાર કરોડ રૂપિયા. મારી સાથે ભાઈ હતા હિંમતભાઈ. પણ તું આટલું કરીને શું કરીશ? આ તને અંદર આ શું કહેવાય આ? આ દર્દ છે, ઘડીકમાં આ છે. ત્યાં જ આ મણકો ફરી ગયો હતોને. અહીંયાં. મણકો ફરી ગયો હતો ... અહીંયાં. પછી કહે કે .. .. માણસનો દીકરો ત્યાં દઈ ગયા. આ એક દીકરો મારા મામાનો એક દિ'માં છ શેર સોનું વાપરે છે ઘડિયાળ ઉપર. ઘડિયાળ હોયને? એનું ઢાંકણું હોયને? ઢાંકણા વચમાં કાચ હોય અને બાજુ થોડું થોડું હોયને ચક્ર એના ઉપર સોનું. છ શેર સોનું એક દિ'માં. એવું બાર મહિનામાં .. એવા તો કેટલાય નોકરો અને કેટલાય માણસ. ઓહો..હો..! હિંમતભાઈના કાકાએ કીધું આ શું કરવા બેઠો છો તું? આ તારા શરીરના ઠેકાણા નથી અને આ લાંબુ-લાંબુ કરે છે કોણ ધ્યાન રાખશે? મારાને પણ મમતા. રૂપિયા નાખવા ક્યા? આહા..હા..!

અહીં તો કહે છે. આહા..હા..! ઈ કોકની ચીજ લાવ્યા એ કાંઈ બંધનમાં નથી. ધણીને દઈ દીધા બરાબર છે. લ્યો. આહા..હા..! '**તેવી જ રીતે-જ્ઞાની કર્મદ્રવ્યને પરાયું જાણતો હોવાથી...**' કર્મ તો પરવસ્તુ અજીવ. મારી ચીજમાં એ છે નહિ. મારી ચીજમાં તો એની નાસ્તિરૂપ ભાવ છે. એનો અસ્તિરૂપ ભાવ મારામાં નથી. આહા..હા..! '**તેને તે પ્રત્યે મમત્વ નથી...**' કર્મને પ્રત્યે મારા છે એમ તો છે નહિ. મમ એટલે મારી ચીજ છે એમ છે નહિ. '**માટે તે મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું.**' લ્યો, આત્માનું સમ્યગ્દર્શન થતાં, સાચું દર્શન, સત્યનું દર્શન થતાં શુદ્ધ ચૈતન્યઘનની પ્રાપ્તિ પર્યાયમાં, પછી કાંઈક રાગાદિ થોડા રહે કર્મ ઈ કાંઈ એના ગણવામાં આવ્યા નથી. ઈ તો પરના છે. આહા..હા..! પારકી ચીજ છે તો છૂટી જાય છે. આહા..હા..! અજ્ઞાનીને મિથ્યાત્વમાં ગૃહસ્થાશ્રમ છોડ્યો, ત્યાગ કર્યો બહારનો તો ક્ષણે-ક્ષણે મિથ્યાત્વનું બંધ પડે છે. આહા..હા..! દીક્ષા લીધી કે આ દીક્ષા. દખ્યા છે. દીક્ષા ક્યાં હતી? ક્ષણે-ક્ષણે આ મેં ત્યાગું એનો અર્થ કે મેં ગ્રહ્યું હતું એવી તો માન્યતા પહેલી પડી છે અંદર. મિથ્યાત્વભાવ પડ્યો છે. .. છેને? ... સાંભળતી હતી .. ફરી ગઈ. મિથ્યાત્વનું પોષણ હોં ક્ષણે-ક્ષણે.

મુમુક્ષુ :- ગૃહીત મિથ્યાત્વ

ઉત્તર :- ગૃહીત મિથ્યાત્વ. એક સમયે-સમયે નવો અનંત સંસાર વધે એવો મિથ્યાત્વનો ભાવ દીક્ષા લેનારા... આહા..હા..!

અહીં કહે છે કે જ્યાં રાગ વિનાની ચીજ અરે..! એક સમયનો પર્યાય જેમાં નથી એવી ચીજનો જ્યાં અનુભવ અને દૃષ્ટિ થઈ, હવે પછી રાગાદિ થોડા અને કર્મ હોય ઈ પરમાં ગણવામાં આવે છે. મારી ચીજમાં એ નથી. એ તો જ્ઞેય છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન કીધું છેને. આહા..હા..! લ્યો, ઓલામાં આવ્યું છે લખાણ જરી. ઓહો..હો..! .. આજે અહીં આવ્યા. ૨૧ ઠાણા હતા. એના ૩૦ થયા મુંબઈમાં. ... એમના ત્યાગ-વૈરાગ્યને લઈને... હવે એવી મુંડવું હોય તો સેંકડો મુંડાવી છે તે. છે શું એમાં? મિથ્યાત્વનું પોષણ છે. આહા..હા..!

મુમુક્ષુ :- ઘણો બધો સંસાર છે.

ઉત્તર :- સંસાર મોટો વધશે. આહા..હા..! ઝઘડા અંદર છે. વનેચંદ શેઠ કહેતા હતા. એના ગામની છેને ઈ? બહેન! સાધ્વી કહીને ન બોલાવે. બહેન! ધ્યાન રાખજે. જો સત્યનો વિરોધ કરીશ નહિ. નહિતર નિગોદ તૈયાર છે. એમ કીધું હતું. વનેચંદ શેઠ ગામના ખરાને. આહા..હા..! બહારમાં ઠઠારો દેખાય, માણસો ... .. ઘણા માને. વિદ્વાન હોય, બ્રહ્મચારી .. હોય ચાલો જઈએ આપણું કલ્યાણ થાય. ધૂળેય નથી. સંસાર છે મોટો. રાગના પુણ્યનો વિકલ્પ ઉઠે એ એકતાબુદ્ધિ મોટો સંસાર. અને એનાથી એને લાભ થાય એ વ્યવહારથી માને. રાગ વિકલ્પ પોતે સંસાર છે. સંસારનું બીજ છે અને સંસાર પોતે છે. ભગવાન આત્મા સંસાર નહિ પણ મુક્તનું બીજ મોક્ષસ્વરૂપ છે. આહા..હા..! આવી જ્યાં અંતર અનુભવની દૃષ્ટિ પ્રથમ ન હોય અને પછી આ બધું કરવા માંડે તો બધું રખડવા માટે છે. આહા..હા..!

'**મોજૂદ હોવા છતાં નિર્જરી ગયા સમાન જ છે એમ જાણવું. આ નિઃશંક્તિ આદિ આઠ ગુણો વ્યવહારનયે...**' હવે વ્યવહાર લીધા. ઓલા નિશ્ચય હતા. '**વ્યવહારમોક્ષમાર્ગ પર નીચે પ્રમાણે લગાવવા :-**' નિશ્ચય જ્યાં આત્માનું સમ્યગ્દર્શનનું ભાન છે સ્વસંવેદન જ્ઞાન છે, સ્વરૂપ આચરણ સ્થિરતા પણ છે. એને આઠ પ્રકારના વ્યવહાર મોક્ષમાર્ગના આઠ વિકલ્પો ગણવામાં આવે છે. વ્યવહાર કહેવાય એને. '**જિનવચનમાં સંદેહ ન કરવો,...**' ઓલું પોતામાં નિઃશંક રહેવું એમ હતું. આ વીતરાગમાર્ગ જે સર્વજ્ઞ છે. એમાંથી ઈ વ્યવહાર પણ ઓલો નિશ્ચય હોય એને. સમજાણું કાંઈ? જેને સ્વઆશ્રય નિઃશંકતા, નિર્ભયતા. રાગથી અને પર્યાયથી અધિક ભિન્ન ચૈતન્ય છે. એવું જ્યાં અંતર અનુભવમાં વર્તે છે. એને આવો વ્યવહારનો વિકલ્પ અને વ્યવહાર મોક્ષમાર્ગનું કારણ કહેવામાં આવે છે. નથી એને મોક્ષમાર્ગ કહેવો એનું નામ વ્યવહાર.

'**જિનવચનમાં સંદેહ ન કરવો,...**' પરદ્રવ્ય છેને જિનવચન? એટલે વ્યવહાર થઈ ગયો. '**ભય આવ્યે વ્યવહાર દર્શન-જ્ઞાન-ચારિત્રથી ડગવું નહિ,...**' વ્યવહાર ઓલો

શુભરાગથી. આહા..હા..! નિઃસંદેહ. દ્રવ્ય-ગુણ-વ્યવહારના વિકલ્પ છે. '**તે નિઃશંકિતપણું છે.**' ઈ વ્યવહાર નિઃશંક કીધું. એટલે શુભ વિકલ્પ. નિર્વિકલ્પ સમ્યગ્દર્શનની ભૂમિકામાં જિનવચનમાં શંકા આદિ ન કરે એવો જે વિકલ્પ છે એને વ્યવહાર સમકિતના ગુણ કહેવામાં આવે છે. '**સંસાર-દેહ-ભોગની વાંછાથી...**' બીજો. સંસારની વાંછા નહિ, દેહ નહિ, ભોગની નહિ. પરદ્રવ્ય છેને ઈ? એની વાંછાથી '**તથા પરમતની વાંછાથી...**' વીતરાગ માર્ગ સિવાય અન્ય માર્ગો ઘણા એમાં ક્યાંક તો કાંઈક હશે કે નહિ એવી ઈચ્છા જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! ત્રણ થયું ઈ. '**પરમતની વાંછાથી વ્યવહાર-મોક્ષમાર્ગથી ડગવું નહિ...**' પરમતમાં લાખો-કરોડો માનનારા હોય. દેવ પણ આવીને એની પાસે મદદ કરતા હોય લ્યો. ઈ જાતની શ્રદ્ધાવાળા હોય દેવ. એથી કરીને વાંછા ન કરે કે એમાં કાંઈક છે. લાવો એમાં ભળીએ. કાંઈક મળશે એમાંથી. વ્યવહારની વાંછા નિશ્ચયવાળાને હોય નહિ. એ નિકાંક્ષિતગુણ છે.

'**અપવિત્ર, દુર્ગંધવાળી-એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી...**' મુનિરાજના શરીર એવા દેખાય મેલવાળા, .. ચોંટેલા, પરસેવા હોય, એમાં તણખલા ચોટ્યા હોય, દુર્ગંધ પરસેવાની હોય એમાં ગ્લાનિ ન કરવી.

મુમુક્ષુ :- પણ મુનિના શરીરમાં તો સુગંધ હોય એમ આવ્યું.

ઉત્તર :- પણ આ પરસેવાની હોય. ભલે સુગંધ પણ પરસેવો હોય અને મેલ પણ હોય. એ તો દાંત સુગંધી હોય. દાંત. શરીરમાં હોય બધું. રોગ હોય લ્યોને ખુબ. મુનિ ચક્રવર્તી સનતકુમાર. આહા..હા..! જેના ... સાધુ થયા. આંગળા ગળવા માંડ્યા, .. ગળવા માંડ્યા, ૨૦ આંગળીયું ગળવા માંડી. ... જ્ઞાની ન .. આવે છેને આ વાદીરાજનું નહિ? વાદીરાજને કોઢ હતો. કોઢ આખા શરીરે લ્યો. હવે? .. જાય. ત્યાં વંદન કરે. .. કોઈ વખતે કહેવાઈ ગયું રાજાને ક્યા જાવ છો તમે? કે એ તો મુનિ દુર્ગંધવાળા છે. ના મહારાજ દુર્ગંધવાળા નથી. ખબર હતી. ... વાત કરી ગુરુને. સાહેબ આમ થયું છે. ... કરતાં-કરતાં એ શુભ પરિણામ હતા અને ઈ જાતની પર્યાય ફરવાની હતી. કોઢ આખો મટી ગયો. ઈ આંગળામાં આટલો રાખ્યો થોડો.

મુમુક્ષુ :- રાખ્યો રહે?

ઉત્તર :- એટલો રાખ્યો એટલે ત્યાં સુધી રહ્યો એ જાતનો. મટાડ્યું મટે નહિ કાંઈ. એ તો મટ્યું એમ કીધું. મટતા શરીર. હે પ્રભુ! તું જ્યાં ઉદરમાં આવે .. જ્યાં પેટમાં એનું શરીર કેવું થઈ જાય? એમ પ્રભુ! તારા ભરોસે અમે અહીં આવ્યા. અંદરના ભરોસે આ શરીર આવું રહે? ઈ જાતનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છેને. કોઢ ફરી ગયો. જરી રાજા આવ્યો તો કહે કોઢ છેને? છે તો ખરો. ઈ વાત તો સાચી હતી. એને મટી જાય. વાદીરાજ આવે છે નહિ? ૨૫-૨૬ .. આવે છે. સ્તુતિ આવતી. ઈ પ્રકારની .. વ્યવહારની હોય છે. આહા..હા..!

એની દુગંછા ન હોય જ્ઞાનીને એમ કે વ્યવહારથી. આવા મુનિ આહા..હા..! આવો કોઢ અને આવો રોગ. ... કાયખાના માંડેલા હોય ઈ મારા નિરોગી શરીરવાળા! બોકડાના કટકા કરીને ખાય અને ટકે અને આવા મહામુનિ પવિત્ર એના શરીર આવા! એ દુગંછા એને હોય નહિ. લ્યો, શરીરની સ્થિતિ એ પ્રકાર બને એમાં શું છે? એવી દુગંછા એ ન કરે.

'**અપવિત્ર, દુર્ગંધવાળી-એવી એવી વસ્તુઓના નિમિત્તે વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિ પ્રત્યે ગ્લાનિ ન કરવી...**' દ્વેષ ન કરે. જ્ઞાતા-દ્રષ્ટા રહે. '**દેવ, ગુરુ, શાસ્ત્ર, લોકની પ્રવૃત્તિ,...**' દેવમાં મુંઝાય નહિ, ગુરુમાં મુંઝાય નહિ, શાસ્ત્રમાં મુંઝાઈ નહિ, લોકની પ્રવૃત્તિ વધી ગઈ હોય બહારની એમાં મુંઝાય નહિ. '**અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ-ઈત્યાદિમાં મૂઢતા ન રાખવી,...**' અન્યમતાદિકના તત્ત્વાર્થનું સ્વરૂપ છ દ્રવ્ય વિના કોઈ એક જ કહ્યું હોય કોઈ અન્ય.. પુદ્ગલ જ છે. આ વિજ્ઞાનવાળા. ચેતન વ્યાપક જ છે. અહીં તો અનંત આત્મા અને અનંત પરમાણુ અસ્તિરૂપે અનાદિ-અનંત છે. એને વ્યવહારમાં સમકિતીને મુંઝવણ હોય નહિ. અમૂઢદ્રષ્ટિ. ..નું આવે છે લ્યો ન્યાલભાઈ અમારે. નિગોદ. પત્રો છેને પહેલા એમાં આવે. ભગવાને અનંતા નિગોદ કીધા છે. એ સમકિતીને બુદ્ધિમાં અંદર બેસે છે વાત. એમ આવે છે. પત્રમાં છે. હમણા કાઢ્યું હતું નહિ ક્યાં? મુંબઈથી કાઢ્યું. પત્રો ત્યાં મુંબઈ .. નહોતા? કાઢ્યું હતું. પત્રો છેને પહેલા? એમાં છે. અહીં નથી રાખ્યું? એમાં છે. એ શ્રદ્ધા અમને પ્રત્યક્ષ થાઓ. એમ લખ્યું છે. ... થી અમને શ્રદ્ધા છે ... છે કે નહિ એય..! ચેતનજી! ખબર નથી? લે. વાત જ .. છેને પુસ્તક છેને. પત્રોમાં છે. આ બાજુ પાને છે ખુણે. પત્રો છેને પત્રો? હમણા ત્યાં વાત થઈ હતી મુંબઈમાં.

જેને જ્ઞાનની પર્યાયમાં અનંતા જ્ઞેયો આવા છે એની મોળાશ શ્રદ્ધામાં પણ શંકા કરે નહિ. ઓહો..! ઈ ભગવાને વર્ણવ્યું છે એમ જ છે. નથી? ત્યાં છે. ક્યાંક છે પણ કેટલાક પત્રમાં. છતાં .. એક .. એમાં અનંત જીવ, એક જીવમાં આટલી શક્તિઓ એ નિઃશંક જ્ઞાનીને .. એમાં શ્રદ્ધામાં શંકા વ્યવહારમાં પડતી નથી. વસ્તુનું સ્વરૂપ તો આવું છે. નિગોદ.. અનંતા નિગોદ કીધા છે. પત્રોમાં જ છે હોં. વ્યવહાર મોક્ષમાર્ગ. આહા..હા..! મૂઢતા ન રાખવી. યથાર્થ જાણી પ્રવર્તવું લ્યો. ચાહે તો ભગવાને અનંતા એક શરીરમાં અનંત જીવ કેટલા? સિદ્ધ કરતા અનંતગુણા. એવા-એવા ૮૬ .. ભર્યા છે. અહીંયાં મુંઝવણ એને આવતી નથી. વસ્તુની સ્થિતિ જ આવી છે. ભગવાને જે કહ્યું છે એમાં એને શંકાને સ્થાન વ્યવહારે પણ નથી. નિશ્ચયમાં તો નથી, પણ વ્યવહારમાં નથી. અમૂઢદ્રષ્ટિ.

'**ધર્માત્મામાં કર્મના ઉદયથી દોષ આવી જાય તો તેને ગૌણ કરવો...**' કોઈ એવી પ્રકૃતિ સહેજ આવી જાય કોઈવાર. એટલે આ બાજુ પાછું એમ કહે છેને જુઓ, આ બધા જીવો છે સાધુ આદિ. ગમે તેવા દોષ હોય તો એ દોષને ગૌણ કરવા. એ સાધુ જ હતો

કે દિ'? આ તો સમ્યગ્દૃષ્ટિ જીવ છે, જ્ઞાની છે, એનાથી એવો પ્રકાર બની ગયો છે. એને ગૌણ કરવો, મુખ્ય ન કરવો. સમજાણું? '**અને વ્યવહારમોક્ષમાર્ગની પ્રવૃત્તિને વધારવી તે ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે.**' શુભરાગ વધારવો એટલે ઈ જાતનો. આહા..હા..! ઠીક. શુભભાવ હોય છે.

'**ઉપગૂહન અથવા ઉપબૃંહણ છે. ૫. વ્યવહારમોક્ષમાર્ગથી ચ્યુત થતા આત્માને સ્થિત કરવો...**' વ્યવહારથી. '**તે સ્થિતિકરણ છે.**' ઓલો નિશ્ચયથી સ્વરૂપમાં. આ '**વ્યવહારમોક્ષમાર્ગમાં પ્રવર્તનાર પર વિશેષ અનુરાગ હોવો...**' ધર્માત્મા બીજા હોય સાચા એના ઉપર '**વિશેષ અનુરાગ હોવો તે વાત્સલ્ય.**' છે. ધર્મીને ધર્માત્મા પ્રત્યે પ્રેમ હોય છે. આહા..હા..! વાત્સલ્ય હોય છે. ગાયને જેમ વાછરડા ઉપર પ્રેમ છે એમ ધર્માત્માને ધર્મી પ્રત્યે પ્રેમ હોય છે. સમજાણું કાંઈ? વ્યવહાર. '**વ્યવહારમોક્ષમાર્ગનો અનેક ઉપાયો વડે ઉદ્યોત કરવો...**' એવો શુભભાવ આવે એમ. .. ઉદ્યોત બહાર મંદિરો, પ્રભાવના, વ્યાખ્યાન વગેરેથી પ્રભાવના કરવી.

'**આ પ્રમાણે આઠે ગુણોનું સ્વરૂપ વ્યવહારનયને પ્રધાન કરીને કહ્યું.**' વ્યવહારનયનું વર્તમાન વિકલ્પની મુખ્યતાથી આ થયું. '**અહીં નિશ્ચયપ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે.**' આમાં. અહીં તો નિશ્ચયની વાત છેને એટલે એની ગૌણતા છે. અભાવ નથી પણ ગૌણ કરીને નિશ્ચયની મુખ્યતાએ કથન છે. ... આમાં આમાં માથે. .. છે. એની ઉપર નહિ. આ બાજુનું તો એક જ ... '**નિશ્ચયપ્રધાન કથનમાં તે વ્યવહારસ્વરૂપની ગૌણતા છે.**' પેટામાં એ વાત છે એમ છે. '**સમ્યગ્જ્ઞાનરૂપ પ્રમાણદૃષ્ટિમાં...**' નિશ્ચય અને વ્યવહાર બે સાથે જોનાર દૃષ્ટિમાં બે એક સાથે છે. '**બન્ને પ્રધાન છે.**' પ્રધાન એટલે બંને એક સાથે છે એમ. નિશ્ચય આ આ હોય અને વિકલ્પ હોય. એક સાથે કરે. '**સ્યાદ્વાદમતમાં કાંઈ વિરોધ નથી.**' અપેક્ષાએ નિશ્ચયથી વ્યવહારને ગૌણ કરીને કહે અને વ્યવહાર અને નિશ્ચયને એક સાથે જાણે સ્યાદ્વાદમતમાં તે વિરોધનું કારણ છે નહિ.

શ્લોક-૧૬૨

(मन्दक्रान्ता)

रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गैः
प्राग्बद्धं तु क्षपमुपनयन् निर्जरोज्जृम्भणेन।
सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं।
ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।।१६२।।

इति निर्जरा निष्क्रान्ता।

इति श्रीमदमृतचन्द्रसूरिविरचितायां समयसारव्याख्यामात्मख्यातौ निर्जराप्ररूपकः षष्टोऽङ्कः।।

હવે, નિર્જરનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દૃષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છે :-

શ્લોકાર્થ :- [इति नवम् बन्धं रुन्धन्] એ પ્રમાણે નવીન બંધને રોકતો અને [निजैः अष्टाभिः अङ्गैः सङ्गतः निर्जरा-उज्जृम्भणेन प्राग्बद्धं तु क्षयम् उपनयम्] (પોતે) પોતાનાં આઠ અંગો સહિત હોવાના કારણે નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોને નાશ કરી નાખતો [सम्यग्दृष्टि] સમ્યગ્દૃષ્ટિ જીવ [स्वयम्] પોતે [अतिरसात्] અતિ રસથી (અર્થાત્ નિજરસમાં મસ્ત થયો થકો) [आदि-मध्य-अन्तमुक्तं ज्ञानं भूत्वा] આદિ-મધ્ય-અંત રહિત (સર્વવ્યાપક, એકપ્રવાહરૂપ ધારાવાહી) જ્ઞાનરૂપ થઈને [गगन-आभोग-रङ्गं विगाह्य] આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને (અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને) [नटति] નૃત્ય કરે છે.

ભાવાર્થ :- સમ્યગ્દૃષ્ટિને શંકાદિકૃત નવીન બંધ તો થતો નથી અને પોતે આઠ અંગો સહિત હોવાને લીધે નિર્જરાનો ઉદય હોવાથી તેને પૂર્વ બંધનો નાશ થાય છે. તેથી તે ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરીને, જેમ કોઈ પુરુષ મદ્ય પીને મત્ત થયો થકો નૃત્યના અખાડામાં નૃત્ય કરે તેમ, નિર્મળ આકાશરૂપી રંગભૂમિમાં નૃત્ય કરે છે.

પ્રશ્ન :- સમ્યગ્દૃષ્ટિને નિર્જરા થાય છે, બંધ થતો નથી એમ તમે કહેતા આવ્યો છો. પરંતુ સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં અવિરત સમ્યગ્દૃષ્ટિને વગેરેને બંધ કહેવામાં આવ્યો છે. વળી ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે તેથી દર્શન, જ્ઞાન,

સુખ, વીર્ય-એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે. ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે. જો મોહના ઉદયમાં પણ બંધ ન માનવામાં આવે તો તો મિથ્યાદ્રષ્ટિને મિથ્યાત્વ-અનંચાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન મનાય ?

સમાધાન :- બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય જ છે; અને સમ્યગ્દ્રષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે. ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે તથા મિથ્યાત્વ-અનંતાનુબંધી સિવાય અને તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ તેમ જ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે, તોપણ જેવો મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત થાય છે તેવો નથી થતો. અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે; તેમનો અભાવ થયા પછી તેમનો બંધ થતો નથી; અને જ્યાં આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે ? વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી ? માટે આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે. જ્ઞાની થયા પછી જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં. નીચેના દ્રષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું સમજવું. કોઈ પુરુષ દરિદ્ર હોવાથી ઝૂંપડીમાં રહેતો હતો. તેને ભાગ્યના ઉદયથી ધન સહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ તેથી તે મહેલમાં રહેવા ગયો. જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો, સંપદાવાન થઈ ગયો. હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે. જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જ્વળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે. આવી જ રીતે જ્ઞાનીનું જાણવું. ૧૬૨.

ટીકા :- આ પ્રમાણે નિર્જરા (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગઈ.

ભાવાર્થ :- એ રીતે, નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ.

સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,
કર્મ નવીન બંધૈ ન તબૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;
પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,
યોં શિવમારગ સાધિ નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.

આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં નિર્જરાનો પ્રરૂપક છઠ્ઠો અંક સમાપ્ત થયો.

કળશ-૧૬૨ ઉપર પ્રવચન

'હવે, નિર્જરાનું યથાર્થ સ્વરૂપ જાણનાર અને કર્મના નવીન બંધને રોકી નિર્જરા કરનાર જે સમ્યગ્દૃષ્ટિ તેનો મહિમા કરી નિર્જરા અધિકાર પૂર્ણ કરે છે :-'

(मन्दक्रान्ता)

रुन्धन् बन्धं नवमिति निजैः सङ्गतोऽष्टाभिरङ्गैः
प्राग्बद्धं तु क्षपमुपनयन् निर्जरोज्जृम्भणेन।
सम्यग्दृष्टिः स्वयमतिरसादादिमध्यान्तमुक्तं।
ज्ञानं भूत्वा नटति गगनाभोगरङ्गं विगाह्य।।१६२।।

'इति नवम् बन्धं रुन्धन्' 'એ પ્રમાણે નવીન બંધને રોકતો...' જુઓને ઉપદેશ તો એમ જ આવેને. સ્વરૂપના અંતરની દૃષ્ટિને લઈને નવીન બંધ એને થતો નથી. અબંધ સ્વરૂપ ભગવાન આત્મા પરના સંબંધ વિનાનો, અસંબંધ એટલે બંધ નહિ એવો જે અબંધ સ્વભાવ ભગવાન આત્મા એની દૃષ્ટિમાં **'નવીન બંધને રોકતો...'** એટલે નવીન બંધ થતો નથી. એને રોકતો એમ કહેવામાં આવે છે. **'निजैः अष्टाभिः अङगैः सङगतः निर्जरा-उज्जृम्भणेन प्राग्बद्धं तु क्षयम् उपनयम्' '(પોતે) પોતાનાં આઠ અંગો સહિત હોવાના કારણે...'** સમ્યગ્દૃષ્ટિમાં નિઃશકાંદિ આઠ અંગો. એ અંગીના અંગો છે ઈ. આહા..હા..! એવા **'સહિત હોવાના કારણે નિર્જરા પ્રગટવાથી પૂર્વબદ્ધ કર્મોને નાશ કરી નાખતો...'** પૂર્વના કર્મ આદિ આવે એને જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણતો તેનો નાશ થઈ જાય છે. ભારે માર્ગ, ભાઈ! એ તો જાણનાર-દેખનાર સ્વરૂપ છે. એવું જાણવા-દેખવાના ભાવમાં રહેતો, પૂર્વના કર્મનો ઉદય આવે ખરી જાય છે.

'सम्यग्दृष्टि जीव...' 'स्वयम्' 'પોતે...' 'अतिरसात्' આત્માના આનંદના રસમાં .. થઈ ગયો છે કહે છે. ધર્મીને રાગનો રસ છૂટી ગયો છે. **'પોતે અતિ રસથી (અર્થાત્ નિજરસમાં મસ્ત થયો થકો)...'** અનુભૂતિ આત્માની. આત્માના આનંદરસનું વેદન જ્યાં છે. ઈ પોતાના રસમાં મસ્ત છે. **'आदि-मध्य-अन्तमुक्तं ज्ञानं भूत्वा' 'આદિ-મધ્ય-અંત રહિત (સર્વવ્યાપક, એકપ્રવાહરૂપ ધારાવાહી)...'** સર્વવ્યાપક એટલે બધાને જાણનારું જ્ઞાન. **'आदि-मध्य-अन्तमुक्तं ज्ञानं'** એને આદિ ને મધ્ય ત્રિકાળ એકરૂપ રસ. એવું જ્ઞાનરૂપ થઈને. એવા જ્ઞાનભાવરૂપે થઈને. **'गगन-आभोग-रङगं विगाह्य' 'આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને...'** એટલે આત્મામાં અવગાહન કરીને. **'(અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને)...'** એટલે બધાને જાણીને. જાણતો જાણવું... જાણવું...

જાણવું... જાણવું... બસ. રાગ હોય તો જાણે, દ્વેષ હોય તો જાણે, શરીરની ક્રિયા હોય તો જાણે. ઈ જાણવાના અવગાહનમાં પડ્યો થકો એમ કહે છે. ગગનમંડળમાં '**નૃત્ય કરે છે.**' ..પણે પરિણમે છે.

ક્ષણે ને પળે ધારાવાહી જાણવા-દેખવાના ભાવવાળો સમકિતી, જાણવા-દેખવાના ભાવની ધારાવાહી પરિણતિથી પરિણમી રહ્યો છે. આહા..હા..! છેને? આત્મારૂપ જ્ઞાન થઈને એટલે આત્મારૂપ થઈને. '**આકાશના વિસ્તારરૂપી રંગભૂમિમાં અવગાહન કરીને...**' એટલે જ્ઞાનમાં અવગાહન કરીને '**(અર્થાત્ જ્ઞાન વડે સમસ્ત ગગનમંડળમાં વ્યાપીને) નૃત્ય કરે છે.**' આહા..હા..! જગતનો, લોકનો નાગરિક નટ સમકિતી. આવ્યું? જુઓ આવ્યું. ૩૬-૩૬ સાચી વાત હોં કહ્યું હતું હોં ૩૬.

'એક નિગોદ શરીરમેં એકસે જીવ વખાણ તીન કાલકે તીન સમ એક અંશ પરિમાણ. તોપીન નિગોદ અનંત રાશ .. જીવરૂપ અનંતા અનંત ભાસ. ભર રહે લોકમેં .. સભી જો ઘડા.. જીવ કેવળીગમ્ય યહ અનંતતા સાધક કે અનુમાનગમ્ય જ્ઞાનમેં પ્રત્યક્ષવત છે.' ૩૬મો પત્ર છે. ..ની વ્યાખ્યા છે. .. ઈ પત્ર છે. 'કેવળીગમ્ય યહ અનંતતા અનંતતા સાધકકે અનુમાનગમ્ય જ્ઞાનમેં.' પ્રત્યક્ષવત્ છે. એમાં કાંઈ સંદેહને સ્થાન નથી. અનુમાનગમ્ય કે આ .. હોય અને છે એવા અનુમાનથી એને .. એવું જ છે.

મુમુક્ષુ :- સાધક છેને?

ઉત્તર :- હા, સાધક સમકિતી. 'અનુમાનગમ્ય જ્ઞાનમેં પ્રત્યક્ષ...' મતિશ્રુત જ્ઞાન દ્વારા છેને? પણ છે પ્રત્યક્ષવત્. આહા..હા..! 'નિષ્કંપ ગંભીર ધ્રુવસ્વભાવ આશ્રયે...' નિષ્કંપ ગંભીર અને ધ્રુવસ્વભાવ આશ્રયે 'સહજ ઉંડે ઉંડે ઉતરતે ઉતરતે...' જુઓ આવ્યું 'સહજ ઉંડે ઉંડે ઉતરતે યહ જ્ઞાન હમ સબકો પ્રત્યક્ષ હો.' જે પરોક્ષ છે અનુમાનગમ્ય છે તે પ્રત્યક્ષ જેવું માન્યતા. સમજાણું કાંઈ? જુઓને કેવી શૈલી ધારા આવે છે! લોકો માની શકતા નથી. ... આ ચીજ શું છે? 'કેવળીગમ્ય યહ અનંતતા સાધકકે અનુમાનગમ્ય જ્ઞાનમાં અનંતતા પ્રત્યક્ષવત્ છે. નિષ્કંપ ગંભીર ધ્રુવ સ્વભાવ આશ્રયે સહજ ઉંડે ઉંડે ઉતરતા યહ જ્ઞાન હમ સબકો પ્રત્યક્ષ હો યહ ભાવના. ધર્મસ્નેહી ...ભાઈ' અમને પ્રત્યક્ષ થઈ જાઓ. પ્રત્યક્ષવત્ અનુમાનથી છે. એ પ્રત્યક્ષ થઈ જાઓ બસ. એટલે અમને કેવળજ્ઞાન થાય. આહા..હા..! ૩૬ એ. કાઢ્યો ખરો. ભુપતભાઈ... કહો, સમજાણું આમાં?

સ્વરૂપની જ્યાં અનંતતા જ્ઞાનગુણની, દર્શનની, શ્રદ્ધા, શાંતિની એવી અનંતતા બેહદ એક-એક શક્તિની એવું અનંત શક્તિનું સત્ત્વ આખું. જ્ઞાનમાં જ્ઞેય થઈને પ્રતીતરૂપ થયું એને અનંતા-અનંતા નિગોદના જીવો કે એથી અનંતમા ભાગે અનંતા સિદ્ધો. ... પ્રત્યક્ષવત્ એટલે એને અનુમાન છે કે આમ હશે કે નહિ? બરાબર એમ જ છે. આહા..હા..! નિગોદનું શરીર હવે

ક્યાં? એ વસ્તુની સ્થિતિ જ એવી છે. સ્થળ થોડું અને સંખ્યા જીવની ઘણી. એટલે ક્ષેત્રની મહિમા નથી એના ભાવની છે. અહીં તો આ ક્ષેત્ર નાના અને ભાવ અનંત. સ્વભાવ એમ આ ક્ષેત્ર નાનું અસંખ્ય ગુણ .. પણ એમાં અનંત-અનંત એક અંગુલના અસંખ્ય ભાગમાં અનંત અને ભાવવાળા અનંત જીવો અને અનંત પરમાણુઓ પડ્યા જ છે. એવી વસ્તુની મર્યાદા જ છે. સમજાણું કાંઈ? એટલે વ્યવહારમાં પણ એને એવી જાતની કોઈ શંકા .. આગળ હોતી નથી. આહા..હા..! કાંઈક આમાં .. આવડું મોટું? એ આવડું મોટું નહિ એ એવડો મોટો આ છેને. ચૈતન્ય ચમત્કાર માત્ર આટલા ક્ષેત્રમાં રહેલો આવા ભાવના સ્વભાવવાળું જેને ભાન થયું એને થોડા ક્ષેત્રમાં પણ અનંતા જીવો રહેલા છે. એની પ્રતીતમાં ખામી ન હોય. આહા..હા..! સમજાણું કાંઈ? એને કહે છે પૂર્વનો કોઈ ઉદય આવીને અસ્થિરતા થાય ખરી જાય છે. આહા..હા..! કહો, ચીમનભાઈ! આવો ધર્મ છે. ઓલું તો દયા પાળો અને વ્રત કરો એવો ધર્મ. આવો ધર્મ કેવો હશે? તારી દયા પાળ. આવડો મોટો એને કબુલ કર. નાનો કબુલ તો દયા નથી તારી. આહા..હા..!

અનંત અનંત પ્રભુ એક એક ગુણની અનંતી સમર્થતા એટલી અનંતી પર્યાય એવા મહાપ્રભુને સ્વીકાર... સ્વીકાર... એને આવા ભાવને જેમ સ્વીકાર્યો એને અનંતા ભાવવાળા પદાર્થનો સ્વીકાર એમાં આવી જાય છે. એમાં કોઈ સ્થાન સંદેહને રહેતું નથી. આહા..હા..! આવી અસ્થિરતાનો કોઈ .. ખરી જાય, નિર્જરા થઈ જાય. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

વૈશાખ વદ-૩, રવિવાર, તા. ૨૦-૦૫-૧૯૭૩
કળશ-૧૬૨-૧૬૩, પ્રવચન-૩૮૩

૨૭૪ પાનું છે. કળશ છેલ્લો છેને એનો ભાવાર્થ. નિર્જરાનો અધિકાર આ. '**સમ્યગ્દૃષ્ટિને શંકાદિકૃત નવીન બંધ તો થતો નથી...**' વસ્તુનો સ્વભાવ જે છે શુદ્ધ ચૈતન્ય પૂર્ણ સ્વરૂપ એને પર્યાય એનો સ્વીકાર કરીને અનુભવ થયો એને શંકા આદિ હોતી નથી. એથી શંકાદિકૃત. શંકાએ કરાવેલો નવો બંધ પણ ધર્મીને હોતો નથી. '**અને પોતે આઠ અંગો સહિત હોવાને લીધે...**' ક્યાંય સુખબુદ્ધિ નથી. કાંક્ષામાં આવે છેને ઈ? ધર્મીને ક્યાંય સુખબુદ્ધિ

હોતી નથી. આહા..હા..! કોઈ બીજા અન્ય ધર્મની એને વાંછા હોતી નથી. એથી સ્વરૂપનું ભાન જ્યાં અંતર વર્તે છે એને શંકાદિકૃત બંધ થતો નથી '**પોતે આઠ અંગો સહિત હોવાને લીધે નિર્જરાનો ઉદય હોવાથી...**' નિર્જરા ઉદય એટલે ...યોગ. એને અશુદ્ધતા ટળતી જાય છે.

'**તેને પૂર્વ બંધનો નાશ થાય છે. તેથી તે ધારાવાહી જ્ઞાનરૂપી રસનું પાન કરીને,...**' આહા..હા..! ચૈતન્ય આનંદરસ આત્મા અતીન્દ્રિય આનંદ રસ છે. તેનો અનુભવ અને દૃષ્ટિ હોવાથી ચૈતન્યના રસનું, જ્ઞાનરૂપી રસનું પાન. નિર્વિકલ્પ આનંદને એ ધર્મી સેવે છે. આહા..હા..! એ રાગ ને દ્વેષને અનાદિથી વેદતો હતો. પુણ્ય-પાપના વિકારને વેદતો હતો. એની દૃષ્ટિ જ્યાં દ્રવ્ય ઉપર ગઈ એટલે નિજરસને વેદે છે. ... થઈ વસ્તુની બુદ્ધિ. એ વસ્તુની બુદ્ધિ એમ. રાગ અને પુણ્યબુદ્ધિ હતી એ અવસ્તુની બુદ્ધિ, મિથ્યાબુદ્ધિ હતી. એને વસ્તુની બુદ્ધિ પરમાર્થ ભગવાન પૂર્ણ આનંદઆદિ રસથી ભરેલો એવી અંતર દૃષ્ટિ થતાં ધર્મીને જ્ઞાનરૂપી રસનું પાન છે. રાગનું પાન નથી એમ કહે છે. આહા..હા..! કહો, સમજાણું આમાં? મહા ચૈતન્યરસથી ભરેલો પ્રભુ એવા આત્માને જેણે અંતરદૃષ્ટિ વડે અનુભવ્યો એને તો ચૈતન્યરસનું જ પાન છે કહે છે. આહા..હા..! એનો બંધ .. છે.

'**જેમ કોઈ પુરુષ મદ્ય પીને મત્ત થયો થકો નૃત્યના અખાડામાં નૃત્ય કરે...**' નાચવાના સ્થાનમાં એ નાચે '**તેમ, નિર્મળ આકાશરૂપી રંગભૂમિમાં નૃત્ય કરે છે.**' ગગન.. શબ્દ હતોને? ગગન શબ્દે તો ચૈતન્યસ્વરૂપ છે અહીં તો. આકાશ જેમ નિર્મળ એમ ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ છે. એમાં અવગાહન કરીને નાચે છે. આહા..હા..! લ્યો, ઠીક. '**આકાશરૂપી રંગભૂમિમાં નૃત્ય કરે છે.**' '**પ્રશ્ન :- સમ્યગ્દૃષ્ટિને નિર્જરા થાય છે, બંધ થતો નથી એમ તમે કહેતા આવ્યો છો.**' અબંધ સ્વરૂપી ભગવાન આત્મા એનો જ્યાં દૃષ્ટિમાં અનુભવ થયો તો કહે છે કે એને શુભબંધ જ નથી, આશ્રય જ નથી કાંઈ. કારણ કે વસ્તુ પોતે અબંધ છે. ચૈતન્યવસ્તુ અંદર રાગથી ભિન્ન અને પોતાના પૂર્ણ શુદ્ધસ્વભાવથી અભિન્ન એવો જે આત્મા એને અંતર દૃષ્ટિ થતાં એને બંધ અને આસ્રવ છે નહિ એમ આપ કહેતા આવ્યા છો.

'**પરંતુ સિદ્ધાંતમાં ગુણસ્થાનોની પરિપાટીમાં અવિરત સમ્યગ્દૃષ્ટિને વગેરેને બંધ કહેવામાં આવ્યો છે.**' શાસ્ત્રમાં તો છે ચોથે બંધ થાય, પાંચમે થાય, છઠ્ઠે થાય, દસમે થાય લ્યો. '**વળી ઘાતિકર્મોનું કાર્ય આત્માના ગુણોનો ઘાત કરવાનું છે...**' હજી કાંઈ એના બધા ગુણો ખીલ્યા નથી. ઘાતિકર્મ નિમિત્તરૂપે પડ્યું છે. તો એના નિમિત્તમાં એની જ્ઞાન, દર્શન, આનંદ આદિની પર્યાયો હણાય છે. બે વાત. '**તેથી દર્શન, જ્ઞાન, સુખ, વીર્ય-એ ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે.**' પર્યાયમાં ધર્મીને પણ આસ્રવ-બંધ થયો

એમ તમે કહ્યું. તો અમારી દલીલ છે કે શાસ્ત્રમાં તો કહ્યું છે કે બંધ છે. ચોથે, પાંચમે, છઠ્ઠે આદિ બંધ છે અને એની પર્યાયણાં હીણપ છે. .. કેવળજ્ઞાન અને કેવળદર્શન હોવું જોઈએ. તો એની પર્યાયમાં ઘાતિના નિમિત્તથી ... હણાય છે. દર્શન, જ્ઞાન, સુખ અને પુરુષાર્થ. એ પર્યાયનો ઘાત પણ ... છે. કહો, બરાબર છે? ત્યાં અમારે નેમિચંદભાઈ હતાને ઈ બરાબર છે... બરાબર છે... એમ બહુ કહેતા. ... આમ કર્યું તો બરાબર છે? આમ હોય તો બરાબર છે? કીધું હા બરાબર. નેમિચંદભાઈ છેને .. એના એ શબ્દોમાં વાંધો ન આવે ગુજરાતીમાં ઈ શબ્દો વાપરતા હતા. પુરુષાર્થ ઘણો એનો. એક-એક .. છે. હજારો છોકરાઓના જુવાનિયા હોં આમ. બે દિ' ઓછા પડ્યા પછી ગયા પછી થોડીવાર... છેને? પણ છે... આપણને ખબર નહિ. બે દિ' ઘટ્યા એવું લાગ્યું. માણસો લોકોને... હજારો માણસો. જુવાનિયા હતા. માર્ગ આ છે સાંભળો. આહા..હા..!

કહે છે '**ગુણોનો ઘાત પણ વિદ્યમાન છે. ચારિત્રમોહનો ઉદય નવીન બંધ પણ કરે છે.**' લ્યો પાછું .. સમ્યગ્દર્શન થયું છતાં હજી ચારિત્રદોષ તો છે. અસ્થિરતા થોડી. એને લઈને નવો બંધ પણ થાય છે. '**જો મોહના ઉદયમાં પણ બંધ ન માનવામાં આવે તો તો મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય હોવા છતાં બંધ નથી એમ પણ કેમ ન મનાય?**' તમે બંધ નથી એમ જો કહો તો તો પછી મિથ્યાદૃષ્ટિ અને મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ક્યાંય બંધ નથી એમ કહેવો. અરે..! ત્યાં જ વાંધા છે.

'**સમાધાન :- બંધ થવામાં મુખ્ય કારણ મિથ્યાત્વ-અનંતાનુબંધીનો ઉદય જ છે;...**' ઈ જ વસ્તુ બંધનું કારણ છે. અબંધ સ્વરૂપી ભગવાન વસ્તુ પોતે પરમાનંદનું ધામ આખું ચક્ષુ. સ્વભાવ અનંતા સ્વભાવનો રસ ભરેલો પ્રભુ એ તો અબદ્ધ છે. એની વિપરીત દૃષ્ટિ જે છે કે પર્યાય જેટલો હું, રાગ હું, નિમિત્તમાં હું, નિમિત્તથી મને નુકસાન થાય. એવો જે મિથ્યાત્વભાવ અને એની સાથે અનંતા મિથ્યાત્વરૂપી અનંત સંસાર એને અનુબંધી છે સાથે. એનો જે ઉદય એ જ બંધનું કારણ છે. કહો, આ કહેવાની વાત. કેમકે પર્યાયબુદ્ધિ છે એ બંધનું કારણ છે એમ કહેવું છે. દ્રવ્યબુદ્ધિ છે એ તો અબંધ છે. આહા..હા..!

'**અને સમ્યગ્દૃષ્ટિને તો તેમના ઉદયનો અભાવ છે.**' ધર્મી જીવને ભ્રાંતિનો અને અનંતાનુબંધીનો તો છે નહિ ભાવ. સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણની સ્થિરતા છે. અરે..! આવું. '**ચારિત્રમોહના ઉદયથી જોકે સુખગુણનો ઘાત છે...**' છેને? કહ્યું હતુંને અંદર? ચારિત્રમોહનો ઉદય ..બંધ પણ કરે છે અને જ્ઞાન, દર્શન, સુખને હણે છે. છે. સુખનો ઘાત છે. '**મિથ્યાત્વ-અનંતાનુબંધી સિવાય અને તેમની સાથે રહેનારી અન્ય પ્રકૃતિઓ સિવાય બાકીની ઘાતિકર્મોની પ્રકૃતિઓનો અલ્પ સ્થિતિ-અનુભાગવાળો બંધ...**' છે. '**તેમ જ બાકીની અઘાતિકર્મોની પ્રકૃતિઓનો બંધ થાય છે,...**' આહા..હા..! '**તોપણ જેવો મિથ્યાત્વ-**

અનંતાનુબંધી સહિત થાય...' આહા..હા..! '**તેવો નથી થતો.**' મિથ્યાત્વ એ જ સંસાર અને મિથ્યાત્વ એ જ બંધનું કારણ. સમ્યગ્દર્શન એ જ મોક્ષનું કારણ અને અબંધસ્વરૂપ છે. આહા..હા..! વસ્તુ અબદ્ધ છે પરમાર્થે એવી દૃષ્ટિ થઈ તે પરિણામ અબદ્ધ થઈ ગયા હવે. એને બંધ પરિણામ રહ્યા નહિ. થોડા રહ્યા એની અહીં ગણતરી ગણવામાં આવતી નથી એમ કહે છે. અલ્પસ્થિતિ આદિ બંધાય.

'**જેવો મિથ્યાત્વ-અનંતાનુબંધી સહિત થાય છે તેવો નથી થતો. અનંત સંસારનું કારણ તો મિથ્યાત્વ-અનંતાનુબંધી જ છે;...**' આહા..હા..! ચાર ગતિમાં અનંત સંસારમાં પરિભ્રમણ કરવું એનું કારણ તો આ એક જ મિથ્યાત્વ છે. કમજોરી નાખ્યું છે ... એમ કે સમકિતદૃષ્ટિ તો અસંખ્યવાર .. માટે એની કાંઈ બહુ કિંમત નહિ. અસંખ્યવાર આવે છેને? આવે હો ચારિત્ર તો ..વાર જ આવે. અને આ એમ કે અસંખ્યવાર .. તો શું પણ ... એથી કરીને .. ગઈ? અનંત સંસારના કારણનો જ્યાં છેદ થઈ ગયો. આનંદસ્વરૂપને જ્યાં સ્વાદ્યો. આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ એના રસનો સ્વાદ જ્યાં આવ્યો ખલાસ થઈ ગયું. મિથ્યાત્વ અને અનંત સંસાર એને હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, આની પહેલા આવી ગયું છે. ટળવા માટે આવે ઈ આવી ગયું. કાલે આવ્યું હતું. સમજાણું કાંઈ? વ્યવહાર છે ઈ વ્યવહાર અભૂતાર્થ છે જાઓ. અલ્પસ્થિતિ વખતે એ વ્યવહાર છે .. જ છે. વસ્તુની દૃષ્ટિ છે નહિ કાંઈ. બહુ કિંમત છે. સમ્યગ્દૃષ્ટિની તો વાત .. તેમ સમ્યગ્દૃષ્ટિના આખા આત્માને પૂર્ણ સ્વીકાર્યો છે. એમાં અલ્પપણાનો સ્વીકાર પણ નથી. જ્ઞાન જાણે, પણ દૃષ્ટિમાં તો અલ્પપણાનો પણ સ્વીકાર નથી. આહા..હા..!

'**તેમનો અભાવ થયા પછી...**' વિપરીત શ્રદ્ધા અને અનંત સંસારનું કારણ અનંતાનુબંધી એનો અભાવ '**તેમનો બંધ થતો નથી; અને જ્યાં આત્મા જ્ઞાની થયો ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે?**' આહા..હા..! અલ્પદોષ છે રાગનો અને દ્વેષનો એ હોય, સ્વરૂપબંધ પણ એથી એની ગણતરી શું? અનંત સંસારનું કારણ જે મિથ્યાત્વ હતું અનંતાનુબંધી એનો તો નાશ થઈ ગયો છે. સમકિતને બહુ ... ચારિત્રની ક્રિયા એટલે આ બહારની ક્રિયા કરે છે. એને ... કહેતા હોય. આહા..હા..! જ્યાં આત્મા ધર્મી થયો એટલે વસ્તુનો જાણનાર, અનુભવનાર થયો '**ત્યાં અન્ય બંધની કોણ ગણતરી કરે? વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી?**' આંબલીનું ઝાડ હોય મોટું. પણ જેનું જડ કપાણી જડ-મૂળ ઈ પાંદડા કેટલો કાળ રહે? પાંદડા સુકાઈ જવાના. આહા..હા..! '**વૃક્ષની જડ કપાયા પછી લીલાં પાંદડાં રહેવાની અવધિ કેટલી?**'

'**જ્ઞાની થયા પછી જે કાંઈ કર્મ રહ્યાં હોય તે સહજ જ મટતાં જવાનાં. નીચેના**

દૃષ્ટાંત પ્રમાણે જ્ઞાનીનું સમજવું. કોઈ પુરુષ દરિદ્ર હોવાથી ઝૂંપડીમાં રહેતો હતો.' દાખલો આપ્યો છે. **'તેને ભાગ્યના ઉદયથી ધન સહિત મોટા મહેલની પ્રાપ્તિ થઈ...'** ધન સહિત મોટો બંગલો મળ્યો. **'તેથી તે મહેલમાં રહેવા ગયો. જોકે તે મહેલમાં ઘણા દિવસનો કચરો ભર્યો હતો તોપણ જે દિવસે તેણે આવીને મહેલમાં પ્રવેશ કર્યો તે દિવસથી જ તે મહેલનો ધણી બની ગયો, સંપદાવાન થઈ ગયો.'** પૈસા થઈ ગયા અને મહેનો ધણી બેય થઈ ગયો. **'હવે કચરો ઝાડવાનો છે તે અનુક્રમે પોતાના બળ અનુસાર ઝાડે છે.'** અંદર સ્વરૂપની સ્થિરતા દ્વારા અશુદ્ધતા ટાળે છે એમ કરીને. આહા..હા..! **'જ્યારે બધો કચરો ઝડાઈ જશે અને મહેલ ઉજ્જ્વળ બની જશે ત્યારે તે પરમાનંદ ભોગવશે. આવી જ રીતે જ્ઞાનીનું જાણવું.'** લ્યો, એ પર્યાયમાં બુદ્ધિમાં ગરીબ હતો. પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિએ ગરીબ અને રાંકો હતો. ઈ વસ્તુબુદ્ધિ જ્યાં થઈ મહેલ મળ્યો અને લક્ષ્મી મળી, બધું મળ્યું. રહેવાનું સ્થાન મળ્યું અને આખી સંપદા દૃષ્ટિમાં આવી. હવે થોડી અશુદ્ધતા છે એ ક્રમે-ક્રમે ટળશે. .. નથી.

'માટે આ અધ્યાત્મશાસ્ત્રમાં સામાન્યપણે જ્ઞાની-અજ્ઞાની હોવા વિષે જ પ્રધાન કથન છે.' આહા..હા..! ઓલા કહે જ્ઞાની તો નિર્વિકલ્પ સમાધિ હોય તો જ્ઞાની કહેવાય. નહિતર અજ્ઞાની કહેવાય. એય..! ચેતનજી! એવું આવે છે આ રતનચંદજી. ઓલું જ્ઞાનસાગર .. સાધુ નહિ કોક? સમયસાર... ... બ્રહ્મચર્ય. હવે શિષ્ય... સંથારો કર્યો. ઈ આવ્યું છાપામાં. શેના સંથારા? વસ્તુના ભાન ન મળે ત્યાં. આહા..હા..! જેમાં જવું છે, ઠરવું છે ઈ ચીજ શું છે ઈ તો અનુભવમાં આવી નથી.

મુમુક્ષુ :- એ તો દીક્ષા દે

ઉત્તર :- આવ્યા દીક્ષા દખ્યા. દખ્યા છે ઈ. અનંતવાર દીક્ષા લીધી ત્યાં બે માણસે લીધી મુંબઈમાં. વ્યાખ્યાનમાં કીધું દખ્યા છે કીધું ભાઈ આ દીક્ષા નથી. દુઃખને વળગ્યું છે. સ્થાનકવાસીમાં હતી બે. સાંભળતા હતા. વસ્તુનું સ્વરૂપ આવું છે. કોઈ વ્યક્તિગત વાત નથી. જ્યાં ચૈતન્યમૂર્તિ એની પ્રતીત અને એનો અનુભવ કઈ સ્થિતિએ હોય એની હિસાબે નથી. એની દીક્ષા કેવી? મિથ્યાત્વની દીક્ષા લીધી કે હવે મિથ્યાત્વ પોષવું છે.

મુમુક્ષુ :- એની દીક્ષાની શું જરૂર હોય?

ઉત્તર :- ક્ષણે-ક્ષણે મિથ્યાત્વ પોષવું. રાગની ક્રિયા મારી, આ હું કરું છું, એમાં સંવર-નિર્જરા છે અને મિથ્યાત્વ કંઈક કંઈક મિથ્યાત્વ છે. મેં આટલો ત્યાગ કર્યો એ મિથ્યાત્વ છે. ત્યાગ કોણ કરે? પરવસ્તુનો ત્યાગ એ કરે. આહા..હા..!

'ભાગ્યના ઉદયથી...' આવી ગયુંને બધું? **'જ્ઞાનીનું જાણવું.'** લ્યો, **'આ પ્રમાણે નિર્જરા (રંગભૂમિમાંથી) બહાર નીકળી ગઈ.'** એટલે નિર્જરાનું સ્વરૂપ જણાઈ ગયું છે.

'એ રીતે, નિર્જરા કે જેણે રંગભૂમિમાં પ્રવેશ કર્યો હતો તે પોતાનું સ્વરૂપ પ્રગટ બતાવીને બહાર નીકળી ગઈ.' એનો શ્લોક કર્યો છે.

સમ્યકવંત મહંત સદા સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,
કર્મ નવીન બંધૈ ન તબૈ અર પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;
પૂરણ અંગ સુદર્શનરૂપ ધરૈ નિત જ્ઞાન બઢૈ નિજ પાયે,
યોં શિવમારગ સાધિ નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.

'**સમ્યકવંત મહંત...**' આહા..! એને મહંત કહ્યો છે. મહાત્મા થયો એ. મોટો મહાપ્રભુને સ્વીકાર્યો ઈ મહાત્મા થયો. આહા..હા..! એક સમયમાં પૂર્ણાનંદનો નાથ આત્મા એનો જ્યાં સન્મુખ થઈને સ્વીકાર થયો, મહંત થયો ઈ. પામર હતો જે પર્યાયમાં એ મહંત થયો હવે. આહા..હા..! '**સદા સમભાવ રહૈ...**' જ્ઞાતા-દષ્ટા રહે એમ કહે છે. અનુકૂળ-પ્રતિકૂળ સંયોગ આવે એને જાણે, પણ અનુકૂળમાં પ્રેમ અને પ્રતિકૂળતામાં દ્વેષ સમકિતીને હોતો નથી. અનુકૂળ-પ્રતિકૂળ કોઈ ચીજ જ નથી. એ તો જ્ઞેય છે. આહા..હા..! '**સમભાવ રહૈ દુઃખ સંકટ આયે,...**' પ્રતિકૂળતામાં સંયોગ હોય અને સંકટ બહાર બહુ ઘેરાણો હોય છતાં ધર્મી તો સમભાવ રાખે. જ્ઞાતા-દષ્ટા રહે છે.

'**કર્મ નવીન બંધૈ ન તબૈ...**' નવું કર્મ ત્યારે એને બંધાતું નથી. '**પૂરવ બંધ ઝડૈ વિન ભાયે;**' પૂર્વનો બંધ જરી જાય એટલે જિન ભાયે. એની મેળે જરી જાય છે એમ કહે છે. આહા..હા..! '**પૂરણ અંગ સુદર્શનરૂપ...**' સમ્યગ્દર્શનના આઠેય અંગથી પૂર્ણ છે જે. નિઃશંક આદિથી. આહા..હા..! '**ધરૈ નિત જ્ઞાન બઢૈ...**' આઠ અંગને જરે અને નિત્ય આત્માની જ્ઞાનની શક્તિ વધી જાય. પર્યાયની શુદ્ધતા વધે એમ કહે છે. નિર્જરા છેને નિર્જરા? જ્ઞાનની શુદ્ધતા વધે. '**નિજ પાયે,...**' અને પોતાની પર્યાયને નિર્મળતા પમાડે છે. આહા..હા..! નિજ પામે. આત્માનું સ્વરૂપ પામે છે અંદર.

'**યોં શિવમારગ સાધિ...**' આ તો બીજી દુનિયાની વાતું છે. એવો ભગવાન આત્મા ધ્રુવ અને શુદ્ધ. કાયમી અને પવિત્ર. એવા તત્ત્વને સ્પર્શતા, માનતા, અનુભવતા કહે છે કે શિવમાર્ગ સાધે છે એ. એ નિર્વિકલ્પ શાંતિને સાધે છે. સેવના નિરૂપદ્રવ્ય એવો મોક્ષનો માર્ગ એને એ અંતર સાધે છે. આહા..હા..! '**નિરંતર આનંદરૂપ નિજાતમ થાયે.**' નિરંતર આનંદરૂપ થાય છે. આનંદની શુદ્ધિ વધતી જાય છે. એને નિર્જરા અને મોક્ષમાર્ગી કહેવામાં આવે છે. બહુ સારુ ભર્યું છે અંદર. જે જે ગાથામાં જ્યાં જોઈએ એવું સારું ભર્યું છે અંદર.

'**આમ શ્રી સમયસારની (શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની) શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં નિર્જરાનો પ્રરૂપક છઠ્ઠો અંક સમાપ્ત થયો.**'

૭
બંધ અધિકાર

શ્લોક-૧૬૩

અથ પ્રવિશતિ બન્ધઃ।

(शार्दूलविक्रीडित)

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाटोन बन्धं ध्नत्।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटाद्
धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं सम्न्मज्जति।।१६३।।

રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,
તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.

પ્રથમ ટીકાકાર કહે છે 'હવે બંધ પ્રવેશ કરે છે.' જેમ નૃત્યના અખાડામાં સ્વાંગ પ્રવેશ કરે તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.

ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂરકરતું પ્રગટ થાય છે એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે :

શ્લોકાર્થ :- [राग-उद्गार-महारसेन सकलं जगत् प्रमत्तं कृत्वा] જે (બંધ) રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (-મતવાલું, ગાફેલ) કરીને, [रस-भाव-निर्भर-महा-नाट्येन क्रीडन्तं बन्धं] રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી) ભરેલા મોટા નૃત્યવડે ખેલી (નાચી) રહ્યો છે એવા બંધને [धुनत्] ઉડાડી દેતું - દૂર કરતું, [ज्ञानं] જ્ઞાન [समुन्मज्जति] ઉદય પામે છે. કેવું છે જ્ઞાન ? [आनन्द-अमृत-नित्य-भोजि] આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે, [सहज-अवस्थां स्फुटं नाटयत्] પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે, [धीर-उदारम्] ધીર છે,ઉદાર

(અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, [अनाकुलं] અનાકુળ (અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું) છે. [निरुपधि] નિરુપધિ (અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે.

ભાવાર્થ : બંધતત્ત્વે રંગભૂમિમાં પ્રવેશ કર્યો છે, તેને ઉડાવી દઈને જે જ્ઞાન પોતે પ્રગટ થઈ નૃત્ય કરશે તે જ્ઞાનનો મહિમા આ કાવ્યમાં પ્રગટ કર્યો છે. એવા અનંત જ્ઞાનસ્વરૂપ જે આત્મા તે સદા પ્રગટ રહો. ૧૬૩.

કળશ-૧૬૩ ઉપર પ્રવચન

હવે બંધ. સાતમો બંધ અધિકાર. '**अथ प्रविशति**' એમ છેને? બંધ તત્ત્વનો પ્રવેશ થાય છે. '**પ્રથમ ટીકાકાર કહે છે 'હવે બંધ પ્રવેશ કરે છે.' જેમ નૃત્યના અખાડામાં....**' નાટકનો અખાડો હોયને? .. એમાં જેમ '**સ્વાંગ પ્રવેશ કરે...**' વેશ લઈને. '**તેમ રંગભૂમિમાં બંધતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.**' કોઈ રાજાનો વેશ, કોઈ રાણીનો વેશ, કોઈ રાજકુમારનો વેશ એમ આવે છેને? એમ આ આત્મામાં હવે કહે છે કે બંધ પ્રવેશ કરે છે. બંધનો પ્રવેશ થાય છે. એને જ્ઞાન જાણી લે છે. ૧૬૩.

(शार्दूलविक्रीडित)

रागोद्गारमहारसेन सकलं कृत्वा प्रमत्तं जगत्
क्रीडन्तं रसभावनिर्भरमहानाटोन बन्धं ध्नत्।
आनन्दामृतनित्यभोजि सहजावस्थां स्फुटं नाटाद्
धीरोदारमनाकुलं निरुपधि ज्ञानं सम्न्मज्जति।।१६३।।

રાગાદિકથી કર્મનો, બંધ જાણી મુનિરાય,
તજે તેહ સમભાવથી, નમું સદા તસુ પાય.

દોહો હતો. રાગાદિથી કર્મનો બંધ જાણીને મુનિરાજ છૂટે છે, છોડી દે છે. રાગાદિના વિકલ્પને છોડી દે છે અને સ્વરૂપની સ્થિરતાને ગ્રહે છે. તે સમભાવથી. '**નમું સદા તસુ પાય.**' એના ચરણકમળને હું નમું છું કહે. '**ત્યાં પ્રથમ જ, સર્વ તત્ત્વોને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તે બંધને દૂરકરતું પ્રગટ થાય છે એવા અર્થનું મંગળરૂપ કાવ્ય કહે છે :-**' '**राग-उद्गार-महारसेन सकलं जगत् प्रमत्तं कृत्वा**' '**રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે સમસ્ત જગતને પ્રમત્ત (-મતવાલું, ગાફેલ) કરીને,...**' આહા..હા..!

એવું અજ્ઞાન. ઘેલછાઈ પ્રગટ થઈ છે. આહા..હા..! એવો બંધ. કહે છે કે વસ્તુ ભગવાન આત્મા નિર્બંધ-અબંધ સ્વરૂપ એમાં વિકલ્પનો ભાવ એ મને બંધ છે. એવી ઘેલછાઈ જેને પ્રગટી છે. આહા..હા..!

મુમુક્ષુ :- કોને..

ઉત્તર :- આખા જગતને. એકેન્દ્રિયથી માંડીને. નવમી ગ્રૈવેયક દિગંબર સાધુ ગયો.

'**જે (બંધ) રાગના ઉદયરૂપી મહા રસ (દારૂ) વડે...**' રસ વડે. કહે છે કે ચૈતન્યના રસનો જ્યાં અભાવ છે અને ત્યાં રાગના રસનું પ્રગટપણું છે. એ વડે સમસ્ત જગતને ઘેલું બનાવી દીધું છે. ગાંડુ બનાવ્યું પાગલ. આહા..હા..! અજ્ઞાનીની જ્યાં જ્યાં નજર પડે ત્યાં પાગલ જેવું છે એને. પૈસામાં સુખ દેખાય, બાયડીમાં સુખ દેખાય, આબરૂમાં સુખ દેખે. પુણ્યભાવ થાય એમાં સાધન દેખે ધર્મનું. આહા..હા..! '**समस्त जगतने प्रमत्त...**' પ્ર-વિશેષ મત્ત-મતવાલું ગાફેલ કરી નાખ્યું છે. આહા..હા..! એને બંધે. સ્વરૂપ અબંધ હોવા છતાં રાગથી હું બંધાયેલો છું એવી જે દૃષ્ટિ એને પાગલ બનાવી દીધો છે. સાચી વસ્તુ એની દૃષ્ટિમાં આવતી નથી. આહા..હા..!

'**राग-उद्गार**' એમ છેને શબ્દ? ..નો જ્યાં ઉદય છે, સ્વભાવનો જ્યાં અનાદર છે. ભગવાન અબંધ સ્વરૂપી પ્રભુ એનો જ્યાં અનાદર છે ત્યાં રાગના ઉદયનો આદર છે. એ રાગના ઉદયરૂપી મહારસ છેને? '**महारसेन सकलं जगत्**' આખી દુનિયા '**प्रमत्तं कृत्वा**' ગાફેલ કરી નાખી છે. આહા..હા..! કર્મે ગાફેલ કરી છે એમ નહિ. રાગનો ઉદય છે તેના રસમાં એકાકાર છે એ બધો પાગલ છે કહે. ભગવાન રાગરહિત શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ એનો અનાદર કરી એ છતી ચીજને અછતી કરીને જે એમાં નથી એવા રાગરસને ઉત્પન્ન કરીને, રસમાં ગાફેલ થઈ ગયો. આહા..હા..! સાધુ નામ ધરાવે તોપણ કહે છે કે એ રાગના રસમાં પડ્યો પાગલ થઈ ગયો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, ભગવાનજીભાઈ! આ પૈસાવાળાને એમ થાતું હશે? પૈસાવાળા એમ લખ્યું છે હોં. કંચન.. પુણ્યથી પૈસો મળે, પૈસાથી મદ ચડે. એમ. મદથી બુદ્ધિ ભ્રષ્ટ થાય, મતિભ્રષ્ટથી દુર્ગતિ જાય.

મુમુક્ષુ :- ..માં જાય એવું લખ્યું.

ઉત્તર :- અહીં દુર્ગતિ લખ્યું છે. પરમાત્મપ્રકાશ. બીજા ભાગની છે ગાથા ક્યાંક. લક્ષ્મી મળે આત્માની. આહા..હા..! તો કહે છે કે નિર્માની થાય, મતિ .. થઈ જાય, ..ને મોક્ષ જાય. આહા..હા..! અને આ બહારની લક્ષ્મી ધૂળની મળે ત્યાં હોદ્દા મળે મોટા ફલાણા. મદ ચડે .. આખું ઓડે જાય એમ નથી કહેતા? આમ ન જોવે કે શું છે... એમ કહે છે કે નહિ? આખું ઓડે ગઈ. એટલે જેવું જેવી રીતે છે એમ જોવું નથી એને. ઉંધી રીતે જ બધી વાતું આમ. ઓડે જાતી હશે? ... આંખ એટલે દૃષ્ટિ બધી ઉંધી થઈ ગઈ એમ

કહે છે. આહા..હા..! ધર્માત્મા હોય અને પુણ્ય ઓછા હોય તો એને ઘણો ... આમ થયું. મહિને ૨૫ રૂપિયા જોતા હોય તો એ રળવાની શક્તિ નથી કહે અમે ધર્મી છીએ.

મુમુક્ષુ :- રૂપિયા કમાવાની શક્તિ જ

ઉત્તર :- ઈ માને છેને. આમ જુઓ .. નીકળે. ઓલા લક્ષ્મીચંદભાઈ નહોતા? લક્ષ્મીચંદ.. બેઠા હતાને આપણે ૯૦ની સાલમાં. રાજકોટ બેઠા હતા વ્યાખ્યાનમાં. .. ગયા હું જાવ છું. .. સટોડિયા બધા. જાવ. આમ કરજો. એમ ... કીધું હશે ... એમ ઈ વખતે વાત કરી હતી ત્યાં બોટાદમાં વ્યાખ્યાનમાં બેઠા હતા. મગનભાઈ.. હું જાઉં છું. .. એમ કરીને .. ૯૦ની સાલની વાત છે. આ મગન... આ નહિ ..વાળા. મારે કીધું ફાટેલા ખ્યાલા છે બધા. જાણે કે બસ મેં કીધું માટે આમ થઈ ગયું. એય..! ગીરધરભાઈ!

મુમુક્ષુ :- આંખુ ઓડે જતી રહી.

ઉત્તર :- આંખુ ઓડે જતી રહી. એટલે અવળી આંખે જોવું એમ દૃષ્ટિ અવળી થઈ ગઈ. આહા..હા..! એની સેવા... અમે ધર્મી છીએ... ધર્મી છીએ... પૈસા મેળવવાની શક્તિ ન મળે અને આ હું છું. અહીં તો આમ નાખીએ ત્યાં નીકળે ફડાક. સમય બદલાય ત્યારે બદલાય જાતું હશે એમ ક્યાં .. ઈ? આહા..હા..!

મુમુક્ષુ :- બધું બદલાય.

ઉત્તર :- બધું બદલાય. આવે છે જયધવલમાં. પાળિયાદમાં ... ..માં ચોમાસું હતુંને ત્યાં પાળિયાદ ... 'સમય બદલાય છે જ્યારે બધું બદલાય.' છોકરા માને નહિ, બાયડી માને નહિ, મિત્રો મિત્રપણું રાખે નહિ. આહા..હા..! એમ કોક કહે આપણે એની જોડે બેસશું તો લાગશે. પૈસા ગયા હોય અને નિર્ધન થઈ ગયો હોય તો .. લાગે. પૈસા-બૈસા હોય તો પણ સાળાનો સાળો એનો હોય તો કહે આ મારા સાળાનો સાળો છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. કાઢે, ઘરનું કાઢે. આ ..ની બધી .. છે કહે છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..!

'**(-મતવાલું, ગાફેલ)...**' ઈ શું કહ્યું છે? કે સ્વરૂપનું ભાન થાય ત્યાં ડાહ્યો ને સમજ્યો ને જ્ઞાની થઈ જાય છે. અને સ્વરૂપના ભાન વિના રાગના રસમાં, રાગની એકતામાં પડ્યો છે ગાફેલ થઈ ગયો ઈ. .. થઈ ગયું. દૃષ્ટિમાં વિપરીતતા આવી દારૂ ચડ્યો મોહનો એને. આહા..હા..! ધર્મીની એને કિંમત ન હોય અને પાપીની એને કિંમત આવે. જોડે હોય અનંત સંસારી .. રળતો હોય પૈસા. એની કિંમત થાય. એની .. વાગે છે. શેની સાખ? એ તો પુણ્યને લઈને બધું દેખાય. ધૂળેય નથી ત્યાં. આહા..હા..!

અહીં તો એવી વાત કરી છે. બંધનો અધિકાર છેને? એટલે વસ્તુસ્વરૂપ તો અબંધ છે.

પણ એમાં અજ્ઞાની અનાદિથી રાગની એકતાબુદ્ધિમાં પડ્યો છે એ ગાફેલ થઈ ગયો છે. વિવેક રહ્યો નથી. અવિવેકનું નાટક હવે શરૂ થઈ ગયું. આહા..હા..! સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિકલ્પ છે એમાં ઉપર રસને લઈને એકત્વબુદ્ધિ છે કહે છે કે એ બંધનો સ્વામી જે થાય છે એ ગાફેલ છે. આહા..હા..! અંદરનો હોં ... અબંધ સ્વભાવી ભગવાન એને રાગનો કણ ઉઠીને પણ .. લીધો છેને? ઉદય થાય છે. જેમ ઉદય એટલે નહોતું અને અંદર પ્રગટે છે અને પ્રગટીને એને પોતાનું માને છે. દૃષ્ટિ ત્યાં પડી છે. આહા..હા..! રાગના રસે રોળાઈ ગયો ઈ ત્યાં. ચૈતન્યના રસનો લૂંટારો થઈ ગયો. આહા..હા..!

'**रस-भाव-निर्भर-महा-नाट्येन क्रीडन्तं बन्धं**' આ બંધની વ્યાખ્યા કરી છે. '**રસના ભાવથી (અર્થાત્ રાગરૂપી ઘેલછાથી)...**' આહા..હા..! ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ અનાકુળ આનંદનો નાથ અનંતસ્વરૂપી એને ન માનતા રાગના ઉદયને પોતાનું સ્વરૂપ જેણે માન્યું એ રાગની ઘેલછાથી '**ભરેલા મોટા નૃત્ય...**' એનું પરિણમન મિથ્યાત્વનું અને રાગનું આખું પરિણમન છે કહે છે. આહા..હા..! એ સાધુ થાય, ત્યાગી થાય બહારમાં, પણ અંદરમાં રાગના વિકલ્પથી ઘેલછા ઉત્પન્ન થઈ છે કહે. આહા..હા..! ક્ષણે ક્ષણે એ મિથ્યાત્વને જ પોષે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**એવા બંધને...**' આ તો હજી બંધની વ્યાખ્યા કરી. રાગનો વિકલ્પ જે છે શુભરાગ હોં. એની જેને પ્રીતિ છે અને એમાં જેની એકત્વબુદ્ધિ છે એ બંધ. એ બંધથી ઘેલછા ઉત્પન્ન થઈ છે કહે. આહા..હા..! સત્યને અસત્ય માને, અસત્યને સત્ય માને મોટપ જે આત્માની એને હલકો માને, હલકી ચીજને મોટી માને આખી વાતું બધી ફરી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દારૂ પીધા જેવું છે.

ઉત્તર :- દારૂ પીધો. અને કેટલા માણસને .. છીએ કહે લ્યો. એક જણાએ પૂછ્યું હતું કે હવે પણ તમે આટલા પૈસા થયા. હવે ન રળો તો? બહુ પૈસા અબજો. અબજો રૂપિયા. તો એના બનેવીએ કહ્યું એને પણ હવે ન રળો તો? કે શું અમે અમારા માટે રળીએ છીએ? આ માણસોને પોષવા માટે, માણસને નભાવવા અમે વ્યાપાર કરીએ. ઓહો..હો..! મારા પાવર ફાટી ગયો છેને. એના બનેવીએ વાત કરી એને. પણ હવે તમારી પાસે અબજો રૂપિયા છે. હવે રળીને શું કામ છે ધંધો કરીને? કહે ધંધો ધંધા માટે અમે કરીએ છીએ? માણસને નભાવવા માટે આ ધંધો ચાલે છે. બહુ સારી વાત છે. આહા..હા..! ભગવાનજીભાઈ! આહા..હા..! અમે ધંધા ખાતર ધંધો નથી હવે અમારે. પૈસા તો ઘણા છે, પણ લોકોનો નભાવ થાય, હજારો માણસોનો નભાવ, પાંચ-પાંચ હજાર માણસનો નભાવ થાય. એના માટે આ ધંધો મારો છે. આ મીલ-માલિકી શું બધા કરે ઈ?

મુમુક્ષુ :- જે નફો આવે ઈ લોકોને ...

ઉત્તર :- એ નફો એને નભે છેને? એને નભાવ ઉપર વધારે મળે ઈનો માલ આવે.

મુમુક્ષુ :- પણ એ પછી પોતાને...

ઉત્તર :- ઈ બધા માણસ નભે છેને. પાંચ-પાંચ રૂપિયા એક-એકના. .. નભે છેને? હવે તો વધારે મળતું હશે નહિ? વધારે. નવ-નવ રૂપિયા.

મુમુક્ષુ :- ઓછામાં ઓછું કેટલું?

ઉત્તર :- આહા..હા..! એવું છે. અહીં તો કહે બધા છોકરાઓ નભે, એનું નભે, એનું પુણ્ય થાય કે નહિ અમારે? એય..! નથી કરતો? તો આ રળે છે શું કરવા? છોકરા માટે? આહા..હા..! અજ્ઞાનીને બંધથી મોટા નૃત્યમાં ખેલી રહ્યો છે. આહા..હા..! એની બધી ભાષાઓ અને એનો બધો રાગનો ભાવ પાગલ જેવું હોય છે કહે. અજ્ઞાની બંધનો સ્વામી થાય છે અને બંધના રસે આવી ગયો છે એથી પાગલ થઈ ગયો છે. .. કહે છે. આહા..હા..! ભગવાન આત્મા અબંધ સ્વરૂપી પ્રભુ આત્મા. અનાકુળ શાંતિ અને આનંદનો સાગર એને આ બંધ શા? આહા..હા..!

કહે છે કે એ બંધના ભાવને સ્વીકારનાર. બંધના રસથી ભરેલા નાટકને પરિણમાવીને '**ભરેલા મોટા નૃત્ય વડે ખેલી (નાચી) રહ્યો છે...**' ઈ વાત એટલે કરી હવે. હવે એને જાણનાર જ્ઞાન કહે છે. '**એવા બંધને ઉડાડી દેતું...**' આહા..હા..! હું એક ચૈતન્યસ્વરૂપી ભગવાન જ્ઞાન બંધાય છે આ. દરિયાને કોઈ બાંધે? એમ દરિયો ચૈતન્યસ્વરૂપી ભગવાન જ્ઞાન. એવું અંતરમાં ભાન થતાં કહે છે કે ઉડાવી દીધું બધને. રાગની એકતાવાળામાં નથી. મારામાં તો સ્વભાવની એકતા છે. આહા..હા..! આત્માને સ્વભાવની એકતા છે. રાગની એકતા મારે નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..!

એવું '**જ્ઞાન ઉદય પામે છે...**' અબંધ સ્વરૂપી ભગવાનને સ્વીકારતું જ્ઞાન બંધને ઉડાડી દે છે કહે. આહા..હા..! જ્ઞાન ગુણ તો સ્વભાવ તો ત્રિકાળ છે, પણ ત્રિકાળ સ્વભાવને અંતર્મુખ થઈને જ્યાં અનુભવ થયો, જાણ્યો તો એ જ્ઞાનની દશા એ બંધની એકતાની દશા એણે તોડી નાખી છે. રાગની એકતાની દશા એણે તોડી અને સમ્યગ્જ્ઞાનની પર્યાયને એણે ઉત્પન્ન કરી છે. આહા..હા..! ભારે ભાઈ આવું! એ '**જ્ઞાન ઉદય પામે છે...**' ઓલામાં ઉદય હતોને એટલે. '**રાગ-ઉદ્ગાર**' રાગનો ઉદય હતો અહીં હવે ભગવાનનો પોતાનો ઉદય થાય છે. હું રાગ નહિ એમ નહિ, પણ હું તો આનંદસ્વરૂપ અને આ સ્વરૂપ છું. એવું જે જ્ઞાન પ્રગટ્યું એણે એકતાને તોડી નાખી બંધ રાગને. આહા..હા..! '**જ્ઞાન ઉદય પામે છે...**' એમ કહે છે. .. ઉદય થાય ચારિત્રનો નથી આવતું? એમાં આવશે શ્રીમદ્માં. એ ઉદય પ્રગટે છે. શ્રીમદ્માં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, ઉદય થાય ચારિત્રનો. પ્રગટે છે. આહા..હા..! દિશા પલટી ત્યાં દશા પલટી ગઈ. સ્વભાવનો જ્યાં સ્વીકાર થયો ત્યાં દશા બંધને ઉડાડી દીધી. આહા..હા..! બંધ તત્ત્વ દૂર થઈ ગયું. એકપણે માન્યું હતું એ દૂર થઈ ગયું. એવું જ્ઞાન સ્વપર વળ્યું એણે બેને જુદા કરી નાખ્યા. આહા..હા..!

'**કેવું છે જ્ઞાન?**' '**आनन्द-अमृत-नित्य-भोजि**' ઓલું ઘેલછામાં, રાગમાં દુઃખી થતું હતું. રાગના બંધના સ્વીકારી જીવ. આહા..હા..! સ્વરૂપનો સ્વીકારી અને રાગનો શિકારી આ સ્વરૂપનો સ્વીકારી અને રાગનો .. રાગની એકતા તુટી ગઈ અહીં. આહા..હા..! જેણે જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળી અબંધ સ્વરૂપમાં જ્યાં જ્ઞાનની દશાને વાળી એણે જ્ઞાનની સાથે, પર્યાયની સાથે હતુંને રાગની ..? ..ગુણ સાથે તો નહોતું. આહા..હા..! એક સમયની વર્તમાન જ્ઞાનની દશા એની સાથે રાગનો સંબંધ હતો. ખરેખર તો એને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો. છતાં એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધમાં માનતા. મારે ને એને સંબંધ જ છે. એમ જે જ્ઞાન માનતું એ મિથ્યાત્વનું જ્ઞાન, અજ્ઞાનીનું જ્ઞાન. આહા..હા..! એને ઉડાવતું. એટલે કે ચૈતન્યમૂર્તિ પરમાનંદનો નાથ એવો ભગવાન આત્મા એણે જ્ઞાને જ્યાં સ્વીકાર્યો ત્યાં રાગની એકતા તુટી ગઈ. એને બંધન જુદું પડી ગયું. જુઓ, આ મંગળિક બંધના અધિકારની શરૂઆતમાં કરે છે. અને ઈ જ્ઞાન એવું એકલું થયું નહિ કહે છે. કારણ કે અનંતાગુણનો પિંડ એવો દ્રવ્યનો જ્યાં અંતર સ્વીકાર થયો. તો એ જ્ઞાન પ્રગટ્યું પણ આનંદને લેતું. આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે. આહા..હા..! એ જ્ઞાનની દશા સ્વભાવતરફ વળી ત્યારે એ જ્ઞાનદશા નિત્ય આનંદના ભોજનવાળું એ જ્ઞાન છે. એને આનંદનું ભોજન છે. આહા..હા..! અજ્ઞાનીમાં રાગનો રસ હતો અજ્ઞાનમાં. ઈ એનું ભોજન હતું. અજ્ઞાનીને રાગનો ખોરાક હતો.

મુમુક્ષુ :- અહિંસા કરતો હતો.

ઉત્તર :- અહિંસા. આહા..હા..! અરે..! આવી વાત પણ ગોપવાઈ ગઈ, વાત રહી ગઈ પાછળ. બહારની ક્રિયાકાંડમાં બધું માન્યું. વાસ્તવિક તત્ત્વ શું છે. ઈ ઓલામાં નાખ્યું છે નહિ? એ પુસ્તક નથી આ. .. છપાવ્યું છે આ લોકોએ કે આવી-આવી વાતું કરશે મહારાજ ... ત્યાં. ક્યાં? કલકત્તે? કલકત્તા. સારું છાપ્યું છે. આ .. કોક છે માસિક. બે ઠેકાણે છે હોં આમાં. એક ઠેકાણે નથી. બે ઠેકાણે છે. ... એ લોકોને ઉત્સાહ ઘણો હતોને. એણે નાખ્યું છે ... માટે. કલકત્તા મહાનગરીમાં મંગલમય કલ્યાણમૂર્તિ આધ્યાત્મિક યુગપ્રવર્ત... નાખ્યું છે. પહેલા નાખ્યું છે. પછી બધા બોલ નાખ્યા છે. શું કહેશે? દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ. નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ, વિશ્વનું ..પણું અને વગેરે વગેરે બોલ નાખ્યા છે ૨૫. ૨૫ બોલ નાખ્યા છે. કલકત્તાવાળાને તો ભાવ... ... આવું સ્વરૂપ કહેશે, ક્રમબદ્ધ થાય એમ કહેશે, ફલાણું એવું બધું નાખ્યું. આહા..હા..!

કહે છે કે જ્યાં જ્ઞાન એટલે વસ્તુનું સ્વરૂપ જે છે ચૈતન્યનું એનું જે અંતર્મુખ થઈને જ્ઞાનની પર્યાય પરિણમી એ તો આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન. નિત્ય ભોજન. એ આનંદની સાથે જ્ઞાનનો અનુભવ હોય છે. જ્ઞાનનો અનુભવ આનંદની સાથે હોય છે. એકલો જ્ઞાનનો અનુભવ એમ નહિ. આહા..હા..! જેમ અજ્ઞાનીને રાગની સાથે દુઃખનું વેદન હોય છે ઈ રાગ પોતે દુઃખ છે, એમ આ જ્ઞાન પોતે સુખ છે. છ ઢાળામાં નથી આવતું? જ્ઞાન સમાન શું આવે છે? .. સુખ.. છ ઢાળામાં આવે છે. છ ઢાળામાં આવે છે છ ઢાળામાં.

મુમુક્ષુ :- જ્ઞાન સમાન મહાન

ઉત્તર :- મહાન સુખનું કારણ. હા એ .. આવે છે. છ ઢાળામાં આવે છે. વસ્તુ પણ. **'આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,...'** આ જ્ઞાન. એ જ્ઞાનને તો આનંદનો ખોરાક છે કહે છે. આહા..હા..! જ્ઞાન એને કહીએ કે જેને આનંદ લેતું આવે. આહા..હા..!

મુમુક્ષુ :- આનંદ..

ઉત્તર :- આનંદ મોટી દીકરી ... સાથે કલ્યાણ ... પાંચ-પચ્ચીસ લાખનું દહેજ લેતી આવે. એય..! ભગવાનજીભાઈ! ગૃહસ્થની દીકરી કોને કહે અબજોપતિની? .. આપતા હશે એને? પાંચ-પચ્ચીસ લાખ રૂપિયા આપે ભેગા, સોનું આપે, ફલાણું આપે, ઢીંકણું આપે.

મુમુક્ષુ :- મોટર આપે.

ઉત્તર :- મોટર ઉંચી આપે, બધું આપે. એમાં શું? એમ આત્મા પોતાના શુદ્ધ સ્વભાવને આરૂઢે ગયો, ચડ્યો. આહા..હા..! રાગને આરૂઢે હતો એમ કહે છે. ઈ હવે ચૈતન્યના સ્વભાવને આરૂઢે ચડ્યો. આહા..હા..! એટલે જેટલા ગુણો આત્મામાં છે એ બધા જ્ઞાનની સાથે પરિણમન થયા.

'આનંદરૂપી અમૃતનું નિત્ય ભોજન કરનારું છે,...' છેને પાઠ? **'આનન્દ-અમૃત-નિત્ય-ભોજિ'** આહા..હા..! મંગળિકમાં પડદો નાખ્યો છે. ઓલો પડદો ઉડાડી દીધો.. હવે આવું આવ્યું છે નાટક. એ આનંદનું પરિણમન કરે ઈ નાટક આત્માનું છે. આહા..હા..! કેવું છે? ધીર છે. ધીરું છે. અથવા કાયમ રહેનારું છે ઈ. આહા..હા..! ઉદાર છે, મોટા વિસ્તારવાળું છે. ઉદાર-ઉદાર. એ જ્ઞાનની પર્યાયમાં આનંદની ઉદારતા છે. આહા..હા..! જેટલો અંદર એકાગ્ર થાય એટલો આનંદ અંદર વધે છે. આહા..હા..! જુઓને કળશ મૂક્યો છે કેવો!

'પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે,...' એ શબ્દ પડ્યો રહ્યો. **'પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે,...'** જ્ઞાન. જાણવાની ક્રિયા એ ક્રિયા અને રાગની ક્રિયા તે તો બંધની ક્રિયા થઈ. આહા..હા..! **'પોતાની જાણનક્રિયારૂપ સહજ અવસ્થાને પ્રગટ નચાવી રહ્યું છે,...'** પ્રગટ. પર્યાયની વાત છેને? **'ધીર છે, ઉદાર (અર્થાત્ મોટા વિસ્તારવાળું, નિશ્ચળ) છે, અનાકુળ**

(અર્થાત્ જેમાં કાંઈ આકુળતાનું કારણ નથી એવું) છે.' આહા..હા..! એવું ચૈતન્ય ભગવાનનું જ્ઞાન થતાં આવી અવસ્થામાં આવું પરિણમન હોય છે એમ કહે છે. જેમાં કોઈ આકુળતાનું... વળી '**નિરુપધિ (અર્થાત્ પરિગ્રહ રહિત, જેમાં કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણત્યાગ નથી એવું) છે.**' પરદ્રવ્ય સંબંધી ગ્રહણ-ત્યાગ જેને નથી. એ તો જાણનારું છે એમાં ગ્રહણ-ત્યાગ કેવો પરનો? આહા..હા..! એમ કહે છે. જે સમ્યગ્જ્ઞાન અબંધસ્વભાવને આશ્રયે પ્રગટ્યું એમાં ગ્રહણ-ત્યાગ કાંઈ છે નહિ. આહા..હા..! જ્ઞાનને પકડવું અને રાગને છોડવું કે એક રાગને પકડવો અને બીજા રાગને છોડવો. એક શરીરાદિના રાગને પકડવો અને આને છોડવું ઈ એનામાં નથી. આહા..હા..!

'**નિરુપધિ...**' કાંઈ પરદ્રવ્ય સંબંધી ગ્રહણ-ત્યાગનો અભાવ એવું જે સમ્યગ્જ્ઞાન રાગની એકતા તોડતું, સ્વભાવની એકતાને પ્રગટ કરતું આનંદના અનુભવસહિત, પરના ત્યાગ-ગ્રહણ રહિત એવું જ્ઞાન પ્રગટ થાય છે. એ મંગળિક કર્યું. બંધ અધિકાર વર્ણવતા આ મંગળિક કર્યું. કહેશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)